૪૦૭૯

ઇંડીઅન લા રીપોર્ટ ઉપરથી

મદ્રાસ હાઇકોર્ટના ફોજ દારી ફેંસલાનો

સંગ્રહ*

સને ૧૮૭૫ થી સને ૧૮૮૮ સુધી

વાલ્યુમ ૧ થી વાલ્યુમ ૧૧ સુધીના

ફેંસલાનું ભાષાંતર.

કરનાર.

મી૦ ગોવીંદલાલ બાલાજી.

અમદાવાદની સ્મોલકાઝ કોરટના વકીલ.

તે.

અમદાવાદ "સમશેર બાહાદુર" છાપખાનામાં

સવાઇભાઈ રાયચંદે છાપી પ્રસીદ્ધ કર્યો.

કિંમત રૂ. ૫-૦-૦

સને ૧૮૮૯ ઇસ્વી.

वाल्युमनी अनुक्रमणिका.

મદ્રાસ ઇલાકાની હાઇ કોરટના ફોજદારી ફેંસલા*

अनुक्रमणिका.

વાલ્યુમ ૧ લું

વાલ્યુમ ૨ જું

વાલ્યુમ ૪ થુ

——⊰∘⊱——

વાલ્યુમ ૫ મું

માહારાણી વીરૂધ સીદાપ.

સને ૧૮૭૮ ના હથીઆર આકટ—પરવાના વગર કામમાં ન આવે એવા છોડવાના હથીઆરનો કબજો એ ગુનો નથી. ૧૪૭

માનીકામ મુદલી વીગરે વીરૂધ માહારાણી.

જામીન—તે બાબત અરજી—જ્યુડીશીઅલ પ્રોસીડીંગ—ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૯૦, ૧૯૪, ૩૮૫—સોગન ઉપર આપેલી જુબાનીના આધાર વીનાનું કામ પાછું મોકલવાનો હુકમ વ્યાજબી હોય તો બસ છે. ૧૪૮

પેરુંસામીચેતી વીગરે વીરૂધ માહારાણી

ફો. કા ચ. ની રીતનો કાયદો—જામીન—કેદમાં પાછું મોકવું-જામીન લેવાની ના પાડતાં પહેલાં પુરાવો લેવાની જરૂર ૧૫૫

માહારાણી વીરૂધ વીલેયુદામ પીલેઇ

સને ૧૮૭૨ ના ફો કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૬૭—તાલુકાના શેકંડ કલાસ માજીસ્ત્રેટે પોલીસને ખોટી ખબર આપ્યાને વખતે કામ ચલાવવાની મંજુરીનો હુકમ જે કરેલો તે ગેરકાયદે છે. ૧૫૭

માહારાણી વીરૂધ મતુ રેદી વીગરે

સને ૧૮૫૮ ના મદ્રાસ આકટ ૧ લાની કલમ ૨ જી પ્રમાણે મેહેનત કરવાની જરૂર પાડવી—મજુરી વગરના લોકો. ૧૫૮

ચાર્લસ રનેલ અને અલેકઝંડર સેકન્સ વીરૂધ

માહારણી સાહેબ.

રેલવે આકટની કલમ ૨૬—નું ઉલંઘન—અચાનક બનાવ—જવાબદારી. ૧૬૦

સુદ્રામાચેતી વીગરે માહારાણી સાહેબ તથા પોનુંસામી ચેતી વીગરે વીરૂધ માહારાણી સાહેબ.

સાર્વજનીક બંદગી—સાર્વજનીક મોહોલામાં વરઘોડો—એક બીજા વીરધ હકો—સુલેહના ભંગની ધાસ્તી રહે ત્યારે માજીસ્તરેટની ફરજ. ૧૬૨

અપાવું નાયક વીગરે વીરૂધ માહારાણી સાહેબ.

પ્રવેશ—બખેડો કરવો—કબજાનો હક. ૧૮૯

માહારાણી વીરૂધ રામચંદ આપા વીગરે.

સને ૧૮૧૬ ના કાયદા ૪ ની કલમ ૧૫. ૧૬—પીનલકોડની કલમ ૧૭૪—સમન પ્રમાણે ચાલવું નહી—એક સરખી હકુમત. ૧૯૨

વાલ્યુમ ૯ મું

વાલ્યુમ ૧૦ મુ

મદ્રાસ હાઈકોરટના ફોજદારી ફેંસલા *

વાલ્યુમ ૧ લુ.

ફરી તપાસની કોરટની હકુમત.

તા૦ ૧૨ ફેબરૂઆરી સને ૧૮૭૬ ના રોજનું

હાયકોર્ટનું પ્રોસીડીંગ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૦—અપીલ કોરટે શીક્ષા વધારવી.

આખરની શીક્ષાના હુકમ બાબત જે વીશેશ ઠરાવ છે તે સાથે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૦ પ્રમાણે જે શીક્ષા કરવામાં આવેલી હોય તે વધારવાને અપીલકોરટને અખત્યાર છે.

જે સીક્ષા તાબાના માજીસ્ટ્રેટ કરી શકે તે શીક્ષા પેહેલા વર્ગના માજીસ્ટ્રેટને અપીલકોર્ટ તરીકે કરવાને અખત્યાર છે.

પાનું ૫૪. તાનજોરના બીજા વરગના માજીસ્ટ્રેટની ફાઈલ ઉપર સને ૧૮૭૫ ના નંબર ૫૭૨ નો મુકરદમો કયાલેંડરમાં અપીલ ઉપરથી ફરી તપાસતાં તા૦ ૯ ડીસેમ્બર સને ૧૮૭૫ ના રોજ તાનજોર ડીવીઝનના પેહેલા વર્ગના માજીસ્ટ્રેટે જે પ્રોસીડીંગ ચલાવેલું એ વાંચ્યું.

આ કામમાં સબોરડીનેંટ માજીસ્તરેટે કરેલી શીક્ષાના હુકમ ઉપર કરેલી અપીલનો નીકાલ કરતાં પહેલા વર્ગના માજીસ્ટ્રેટે વધારાની કેદની શીક્ષા તેમણે કરેલા દંડની શીક્ષાની સાથે કરવી છોડી દીધેલી છે એવા કારણથી કે તેમના અભીપ્રાય પ્રમાણે અસલ જે શીક્ષા કરવામાં આવેલી હોય અને જે ઉપર અપીલ કરવામાં આવેલી હોય તેથી જુદા પ્રકારની શીક્ષા કરવાને કાયદા પ્રમાણે તેમને અખત્યાર નથી.

પેહેલા વરગના માજીસ્ટરેટે કાયદાનો આ જે વિચાર કરેલો છે તે બરોબર નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૦ પ્રમાણે સીક્ષાના આખરના હુકમ બાબત જે વીશેશ ઠરાવ છે તે ઠરાવની સાથે કોઈ પણ શીક્ષા કરવામાં આવેલી હોય તે શીક્ષામાં વધારો કરવાને અપીલ કોર્ટને અખત્યાર છે. શીક્ષાનો મતલબ કોઇ પ્રકારનું દુંક-

શાન અગર અગવડ કરવામાં આવે તેવો નથી. પરંતુ તે શીક્ષાનો જથ્થો છે. (બેનથમ) તે જથામાં વધારો એક સરખી રીતે થાય છે. પછી કાયદેસર રીતે બીજી શીક્ષા કરવામાં આવી હોય તે વધારવા લાયક હોય અગર જે શીક્ષા કરવામાં આવેલી છે તેમાં કેટલેક દરજ્જે વધારો કરેલો હોય તેની ચીંતા નહીં. .

શીક્ષાના પ્રકારમાં તદન ફેરફાર કરવા સબંધી તે શબ્દ વીશે ગમે તેવો શક ઉતપન્ન થતો હોય તો પણ તેઉ કેદની શીક્ષા વધારે કરી શકતા હતા એ વાશે કાંઇ અંદેસો નથી. સબારડીનેંટ માજીસ્રેટ જે શીક્ષા કરી શકે તેવી કોઇ પણ શીક્ષા પહેલા વરગના માજીસ્રેટને અપીલ કોર્ટ તરીકે કરવાનો અખત્યાર છે.

—— —— ——

ફરી તપાસની કોરટ તરીકે હકુમત.

તા૦ ૨૨ ફેબરવારી સને ૧૮૭૬ ના રોજ

હાયકોરટનું પ્રોશીડીંગ.

એક મંદીરના ટ્રસ્ટીએ સાપરાધ વીસવાસઘાત કરેલો—સામાન્ય ફોજદારી કોરટની હકુમત.

સને ૧૮૧૭ ના કાયદા ૭ આથી અગર સને ૧૮૬૩ ના આક્ટ ૨૦ થી સામાન્ય ફોજદારી કાયદો બાતલ કરવામાં આવેલો નથી.

પાનું ૫૫ શ્રીપાપોલીયરના પટલેસ્વરના તાબાની અમુક મીલકત સબંધી સાપરાધ વીસવાસઘાત કરયાના કામમાં તા૦ ૮ જાનેવારી સને ૧૮૭૬ ના રોજનું દક્ષણ આરકટના જીલા માજીસ્રેટનું પ્રોસીડીંગ વાંચ્યું.

એક હીંદુના મંદિરના તાબાની અમુક મિલકત સબંધી સાપરાધ વીશવાસઘાત કરયાની ફરીઆદ તે મંદિરના ટ્રસ્ટી અને વહીવટદારના ઉપર કરવામાં આવી હતી.

જીલ્લા માજીસ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે તે ફરીઆદ સાંભળવાને અમને હકુમત નથી. માટે તેમણે તે ફરીયાદ કાહાડી નાંખી.

જીલ્લા માજીસ્રેટે પોતાના ઠરાવનાં કારણો એવાં બતાવેલાં છે કે સને ૧૮૧૭ ના કાયદા ૭ ની કલમ ૧૬ પ્રમાણે હીંદુ મંદિરના ટ્રસ્ટીઓ તથા વહીવટદાર ઉપર વીસવાસઘાત કરયા બાબતનું કામ જેમ સને ૧૮૨૨ ના ૯ મા કાયદા પ્રમાણે જમીનનું મેહેસુલ વસુલ કરવામાં સરકારી નોકરો હોય છે. તેમની તરફથી કપટ તથા ઉચાપત કરયા બાબત શીક્ષા કરવાને જેવી રીતી ઠરાવવામાં આવી છે તે પ્રમાણે એટલે જીલ્લા-

ના કલેકટરની કોરટમાં તે કામ ચાલવું જોઇએ. અને સને ૧૮૬૩ ના આક્ટ ૨૦ થી સરકારથી નીમેલી કમેટીઓને જે અખત્યાર પ્રથમ કલેકટર તથા બોર્ડ ઓફ રેવન્યુ વાપરતા હતા તે આપવામાં આવેલો છે. અને મંદિરની થાપણ ખાઈ ગયા બાબત સને ૧૮૬૩ ના આક્ટ ૨૦ થતાં પહેલાં કલેકટરની અગર બોર્ડ ઓફ રેવન્યુની મંજુરી શિવાય કાંઇ ફરીઆદ ચાલી શકતી નહીં હતી. માટે તે આક્ટ પ્રમાણે નીમેલી કમીટીની અરજ અગર કબુલત શીવાય આવી ફરીઆદ હાલ ચાલી શકતી નથી.

જીલ્લા માજીસ્તરેટે કાયદાનો જે વિચાર બતાવેલો છે તે સાથે હાયકોરટ મળતા આવતા નથી. સને ૧૮૧૭ ના કાયદા ૭ અથવા સને ૧૮૬૩ ના આક્ટ ૨૦ થી સામાન્ય ફોજદારી કાયદો બાતલ કરવામાં આવ્યો નથી. (કલમ ૧૦ જુઓ.) ખાસ આકટો જે કામ ચલાવવાની રીતી ઠરાવેલી છે તેજ બાબત ફકત બોર્ડ ઓફ રેવન્યુની અગર તે કમીટીઓની પરવાનગીની જરૂર છે, અને આ ખાસ ઠરાવો તે આકટોમાંથી કાહાડી ફોજદારી કાયદાના સામાન્ય અમલની મરીયાદા બાંધવામાં આવે તે પ્રમાણે લાગુ કરી શકતા નથી. માટે જીલ્લા માજીસ્તરેટ તે ફરીઆદ ફરીથી પોતાની ફાઇલ ઉપર લેવી અને તેના ગુણ દોશ ઊપર તેનો નીકાલ કરવો.

ફરી તપાસની કોરટ તરીકે હકુમત.

ફોજદારી.

તા૦ ૧૫ અપ્રેલ સને ૧૮૭૫ ના રોજનું હાયકોરટનું .

પ્રોસીડીંગ.

સને ૧૮૬૪ ના આક્ટ ૬ ફટકા બાબતનો છે તેની કલમ ૭— ફટકાની શીક્ષાનો હુકુમ કાયદા વીરૂદ્ધ કરેલો અગર એક અગર બીજી બારે શીક્ષા એક સખસને કરવામાં આવેલી હોય તે સખસ ઉપર તે હુકમનો અમલ કરવો.

એક સખસને મોતની અગર સમુદ્રપારની અથવા પાંચ વરસ કરતાં વધારે કેદની શીક્ષા કરવામાં આવેલી તેને ફટકાની શીક્ષાનો હુકમ કરયો તે કાયદા વિરૂદ્ધ છે. જો ફટકાની શિક્ષા પાછળથી કરવાને બદલે પેહેલી કરવામાં આવેલી હોય તો પાછળથી કરેલી શીક્ષાથી ફટકા મારવા એ કાયદા વીરૂદ્ધ છે.

બેલારીની શેશન કોરટની ફાઇલ ઉપર સને ૧૮૭૫ ના નંબર ૯૦ અને ૯૨ ના કામોનું ક્યાલંડર વાંચ્યું.

પાનું ૫૬ આ બે કામોમાં કેદીને રાત્રે ઘર ફોડી તથા મકાનમાંથી ચોરી કરયા બાબતનો ગુન્હો બે જુદી જુદી વખતે કરેલો તે વીશે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે.

નંબર ૯૧ ના કામમાં શેશન જડજે તે કેદીને સાત વરશ સમુદ્રપારની શીક્ષા કરેલી છે. નંબર ૯૦ ના કામમાં સને ૧૮૬૪ ના આકટ ૬ પ્રમાણે અમુક પ્રસંદ કરેલા ફટકાથી એકસો ફટકા મારવા એવી કેદીને શીક્ષા કરવામાં આવેલી છે. આ પાછલા કામમાં શીક્ષા કરતાં શેશન જડજે કહેલું છે કે "નંબર ૯૧ ના કામમાં તે કેદીને સાત વરસ સમુદરપારની શીક્ષા કરવામાં આવેલી છે, માટે વધારાની ફટકાની શીક્ષા કરવી એ બસ છે એમ અમારા વિચારમાં આવેલું છે."

હાયકોરટના અભીપ્રાયમાં આવ્યું કે નંબર ૯૧ ના કામમાં ફટકાની શીક્ષાનો હુકમ કરવામાં આવેલો છે તે કાયદાની વીરૂધ છે.

સને ૧૮૬૪ ના આકટ ૬ ની કલમ ૭ નીચે પ્રમાણે છેઃ—"કોઇ સ્ત્રીને ફટકાની શીક્ષા કરવામાં આવસે નહીં તેમ કોઇ સખશને મોત અગર સમુદરપાર અથવા પાંચ વરસ કરતાં વધારે કેદ અથવા પીનલ સરવીટયુરની શીક્ષા કરવામાં આવેલી હોય તો તેને ફટકાની શીક્ષા કરવામાં આવસે નહીં." આ શબદો સંપુરણ રીતે સાધારણ રીતના છે. તે શીક્ષાના હુકમના કાયદેસર પણાને લગતા નથી. પરંતુ શીક્ષાના કાયદેસર પણાને લગતા છે તેથી સ્પસ્ટ ઠરાવવામાં આવ્યું છે કે સ્ત્રીઓને ફટકાની શીક્ષા કરવામાં આવસે નહીં અથવા જે સખશોને અમૂક પ્રકારની શીક્ષા કરવામાં આવેલી હોય તેમને ફટકાની શીક્ષા કરવામાં આવસે નહીં તે કલમમાં ઇંગરેજીમાં હોય એ શબદને માટે જે શબદો છે તે વીશે જે ઇંગરેજી શબ્દ છે તેના કરતાં વધારે અરથ ભરેલા નથી એ ખુલું છે. તોપણ હોય એ શબદોને માટે જે શબ્દો છે તેનો શબદારથ કરતાં શીક્ષાના હુકમના કાયદેસર પણા વીરૂધની તકરાર મજબુત થાયછે. કારણકે શબદ પ્રમાણે અરથ કરતાં એવું નીકળે છે કે જે શીક્ષાના હુકમથી ફટકાની શીક્ષા ગેર કાયદે થાય તે હવે પછી કરવાની છે.

જો તે શબદોનો અરથ 'હશે' એમ કરવામાં આવે અગર શીક્ષાના હુકમના ગેરકાયદે પણાનો આધાર તે શીક્ષા પેહેલેથી અગર પ્રથમથી કરવામાં આવેલી છે. તેના ઉપર આધાર હોય તો સમુદરપારની શીક્ષા થાયછે. શેશનજડજે જે શબદો વાપરેલા છે કે તેને "નંબર ૯૧ ના કામમાં સાત વરસ સમુદરપારની શીક્ષા કરેલી છે તેથી વધારાની ફટકાની શીક્ષા કરવી એ બશ છે, એમ અમારા વીચારમાં આવે છે" તેથી જોઇતી રીતે ખુલું જણાયછેકે સમુદરપારની શીક્ષા કરયા પછી

ફટકાની શીક્ષા કરવામાં આવેલી છે. જો ફટકાની શીક્ષા સમુદ્રપારની શી ક્ષા પહેલાં કરવામાં આવી હોત તો તે શીક્ષાનો હુકમ કાયદેસર થાત, પરંતુ પાછળથી સમુદરપારની શીક્ષાનો હુકમ કરવામાં આવે તો તેથી તે શીક્ષા કરવી તે કાયદેશર થાય નહીં.

ફટકાના આકટની કલમ ૭ માં કાયદાનો જે ઠરાવ છે તેનો અરથ ફક્ત એવો છે કે સ્ત્રીની સ્થીતી હોવાથી તથા જે સખશોને અમુક શીક્ષા કરવામાં આવેલી હોય તો તેથી તેને ફટકાની શીક્ષા કરવામાં આવેલી હોય તો તે કાયદા વીરૂધ છે.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફરી તપાસની કોર્ટ તરીકે હકુમત.

તા૦ ૧૬ અકટોબર સને ૧૮૭૬

મી૦ જસ્ટીશ હાલોવે અને મી૦ જસ્ટીશ ઇન્સ સાહેબોની

રૂબરૂ.

માહારાણી વીરૂધ અંબીગારાકુલાગુ વીગરે

પુરાવ—સહ કેદીની કબુલત—સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૦.

ફકત સહ કેદીની જુબાની ઉપરથી ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવો તે કાયદા પ્રમાણે બરોબર નથી.

પાનું ૧૬૩ સને ૧૮૭૬ ના નંબર ૧૫૮ અને ૧૫૯ ના કામમાં કંપલીના બીજા વર્ગના માજીસ્ટ્રેડના પ્રોશીડીંગ બાબત બેલારીના માજીસ્તરેટે તે પ્રોસીડીંગો કાયદા વીરૂધછે તેથી રેફરંસ કરેલું છે તેમાં હાયકોરટે નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે.

ઠરાવ—આ બે કામોમાં કેદીઓને ચોરીના ગુન્હાના ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે તેમાં પહેલા કામમાં દરેકને ચાર માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે અને બીજા કામમાં બે માસ શખત મજુરી શાથે કેદની શીક્ષા કરેલી છે.

બીજા કેદીની વીરૂધ ફકત પુરાવમાં પેહેલા કેદીની કબુલત છે. વળી બીજા કેદીએ પોલીસ કોન્સટેબલની રૂબરૂ જે હકીકત કહેલી તે વીશે પુરાવ આપવામાં આવેલો છે. પરંતુ તે હકીકત પુરાવમાં દાખલ કરવી જોઈતી નહીં હતી.

હાયકોરટે ઠરાવ કરેલો છે (તા ૨૪ જાનેવારી સને ૧૮૩૩ નું હાયકોરટનું પ્રોશીડીંગ) કે ફકત સહકેદીની જુબાની ઉપરથી ગુન્હાની સા

ખેતીના ઠરાવો તે કાયદા પ્રમાણે બરોબર નથી.

સબબ બીજા કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે તે ઠરાવ રદ કરવામાં આવેછે. તેથી માજીસ્તરેટે તે બીજા કેદીને કેદમાંથી તરત છોડી દેવો.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૧૮ જુલાઈ સને ૧૮૭૬

સરકબલ્યુ મોગન ચીફ જસ્ટીશ અને મો૦ જસ્ટીશ ઈન્સ સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ અરૂણાચેલમ તથા બીજા બે સખસો (હીં૦ ફો૦ કા૦ ની કલમ ૩૭૨.)

હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૩૭૨ પ્રમાણે ગુન્હો થવાને સગીર સખસનો કબજો અગર તેના ઉપરનો દાબ બીજાને આપવામાં આવેલો હોય એવી વ્યવસ્થા થવાની જરૂર નથી.

પાનું ૧૬૪ સને ૧૮૭૬ ના નંબર ૨૬ ના કયાલેડરમાં મદુરાની સેશન કોર્ટે જે શીક્ષાના હુકમો કરેલા છે તે હુકમો ઉપર આ અપીલ કરવામાં આવેલી છે. પેહેલા કેદી અરૂણાચેલમ ઉપર હીં૦ ફો૦ કા૦ ની કલમ ૩૭૨ પ્રમાણે પોતાની સોળ વરસની અંદરની દીકરીને કસબણના ધંધામાં ઉપીયોગમાં લેવામાં આવંશે એમ સંભવ છે એવું જાણવા છતાં તેણે તેને વેચી એવો આરોપ રાખવામાં આવેલો છે. અને બીજા અને ત્રીજા કેદી ઉપર સદરહુ ગુન્હો કરવામાં મદદ કરયાનો આરોપ રાખવામાં આવેલો છે. આસેસરોએ તોહોમતવાળા ગુન્હાના તે કેદીઓને ગુન્હેગાર ઠરાવેલા છે. અને સેશન જડજે તે આશેશરો સાથે મળતા આવી ૭ કલાક આસાન કેદ અને રૂ. ૫૧ દંડ એવી પેહેલા કેદીને શીક્ષા કરેલી છે. અને બીજા અને ૩ જા કેદીને તેટલીજ કેદ અને એકના રૂ. ૫ અને બીજાનો રૂ. ૧ એ પ્રમાણે દંડ કરેલો છે

સેશન જડજ વી૦ પી૦ હંચીન્શના કાલેંડરમાં નીચે પ્રમાણે હકીકત તથા કરેલી શીક્ષાના હુકમોનાં કારણો બતાવેલાં છેઃ—

"મદુરાના મોહોટા પાગોડામાં નાચનું કામ કરવાને સારૂ પેહેલા કેદીએ પોતાની દીકરીને દાખલ કરવાને એક અરજી આપેલી છે. તેણે કહયું છે કે તેણીની ઉમર ૧૩ વરશની છે. અને તે આખરી રતે અવલ સુધી

૧૬ વરસની અંદરની છે એમ કબુલ કરવામાં આવેલું છે. તેણીને સંશરહ્ પ્રમાણે દાખલ કરયા પછી તે એક અગર બે માસમાં સ્રીના ચીન્હમાં આવેલી છે. તેણીનો બાપ બીજી કેદીયણુ કે જે પાંચ વરશથી તે સગીરને નાચ શીખવે છે તેણીનો નોકર છે. તેણીનો બાપ તથા તે પોતે બીજી કેદીઅણુના ઘરમાં રેહેતા હતા. અને તે ક્રીયા કરયા પછી તે પાછા ત્યાં ગએલાં છે પુરાવા ઉપરથી જણાય છે કે તે છોકરીને બીજી કેદીઅણુ તે પાગોડામાં લાવી હતી. ઘણું કરીને તેણીને પોશાક પણ પેહેરાવેલો હતો. પણ તે કબુલ કરવામાં આવ્યું નથી. માટે ફકત કબુલ કરેલી હકીકત કહેવાને અમે મરજી રાખીએ છીએ કે જે વખત બોતુને બાંધી અને અરપણ કરયાની બીજી ક્રીયાઓ કરવામાં આવી તે વખત પેહેલો કેદી તથા બીજી કેદીઅણુ હાજર હતાં. અને ત્રીજો કેદી તે મંદીરનો બાતર છે. તેણે તે બોતુને ખરી રીતે બાંધી હતી તેથી સાધારણ લગન નાતાલી સરખું છે અને તેથી એમ માલમ પડે છે કે તે દાશીને દેવ સાથે પરણાવેલી છે. વળી નાચનારી છોકરીઓ ક્રીસબણનો ધંધો કરી રહે છે એવો હમેશાંનો પુરાવ છે. પછી તેનો તે સખસ પ્રસંગે એક વરશ અગર વધારે મુદત તેમને રાખે છે પરંતુ તે હકીકત કબુલ કરવામાં આવી છે માટે આ બાબત વધારે શાક્ષીઓની જરૂર નથી.

હમે આસેસરોનો ખાસ ઠરાવ કરાવ્યો. તે નીચે પ્રમાણે છેઃ—

"અમારા અભીપ્રાયમાં આવે છે કે ક્રીશ્નામાલ ૧૬ વરસની અંદરની છે. અને ૧ લો કેદી જે તેણીનો બાપ થાય છે તેણે તે બોતુને બંધાવી દાશી કરેલી છે. અને દાશીઓ હમેશાં ક્રીસબણનો ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવે છે. અને તેણીના બાપને તે ક્રીસબણના ધંધામાં જશે એવો સંભવ છે એવી ખબર હતી અને ૧૬ વરશની ઉમર થતાં પેહેલાં તે ક્રીસબણ થાય એવો સંભવ હતો અને તેણીનો બાપ તે જાણતો હતો."

"વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે શદરહુ કૃત્યો કરવામાં બીજી કેદીઅણે મદદ કરી છે. અને ત્રીજા કેદીએ પણ તેમાં મદદ કરીછે"

આ ઠરાવ સાથે અમે તદન મળતા છીએ.

કાયદાની બાબતમાં પ્રથમના કામમાં અમે ઠરાવયું છે કે આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સગીરનો કબજો અગર તેણીના ઉપરનો દાબ બીજાને મળેલો હોય એમ તેણીની વ્યવસ્થા થએલી હોવી જોઇએ. પરંતુ મુંબાઇની હાયકોરટે તે વીરૂધ ઠરાવેલું છે અને તેઓનો જે ઠરાવ કાયદાના કોઈ અરથ બાબત હોય અને જે મદરાસ હાયકોરટના ઠરાવ વીરૂધ ના હોય તેથી અમે બંધાએલા છીએ એમ અમારી નજરમાં

આવેછે. માટે અમે તે ગુન્હો સાબેત ઠરાવેલો છે, પરંતુ અમારો પ્રથમ નો ફેંસલો કાયદાનો ઠરાવ કરયા બાબત આ લોકોએ બેશક કબુલ કરેલો છે તેથી તેઓના કૃત્ય નીરઅપરાધી છે એમ તેમણે માનેલું છે માટે ફકત નામની શીક્ષા કરવાની જરૂર છે. ”

તે કેદીઓએ હાયકોરટમાં અપીલ કરી—એવા કારણથી કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ છે.

આ અપીલ તારીખ ૧૮ જુલાઇ સને ૧૮૭૬ ના રોજ સુનાવણી ઉપર આવી તે વખતે તે કેદીઓ તરફથી મી૦ તારંટે હાજર થઇ તકરાર કરી કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી કારણ કે કલમ ૩૭૨ પ્રમાણે ગુન્હો થવાને સગીરનો કબજો અગર દાબ બીજાને મળેલો છે એમ વ્યવસ્થા કરવામાં આવી છે એવું બતાવવું જોઇએ.

હાયકોરટે તે ગુન્હાની સાબેતીના ઠરાવો બહાલ રાખ્યા.

ફરી તપાસની કોર્ટ તરીકે હકુમત.

તા૦ ૫ ડીસેમ્બર સને ૧૮૭૬.

સર ડબલ્યુ મોરગન ચીફ જસ્ટીશ અને મી. જસ્ટીશ ધંન્સ

સાહેબોની રૂબરૂ

મહારાણી વીરૂધ સાગીયા કુંદન.

હીં. ફો. કા. ની કલમ ૩૬૩ અને ૧૧૬—મનુસ્ય નયણના ગુન્હામાં મદદ કરી.

એક સગીરનું મનુસ્ય નયણ કરયામાં તોહોમતવાળાએ મદદ કરી એમ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે, તોહોમતવાળાના જાણવામાં હતું કે તે સગીરે પોતાના માબાપની કબુલત લીધા વીના ઘર છોડેલું છે અને ખરી રીતે મનુસ્ય નયણ કરનાર એક કામેરનની ઉસ્કેરણી ઉપરથી તેને તે સગીરને સીલોનમાં કયાનડી લેઇ જઇને માથે રાખેલું હતું. અને ત્યાં તે રસ્તામાં પકડાયો. શેશનજડજે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ ફેરવ્યો. એવા કારણથી કે કામારને તે મનુસ્ય નયણ કરયું ત્યાર પહેલાં તેની તથા તોહોમતવાળાની વચમાં કાંઇ મસલત થએલી નહીં હતી.

હાયકોરટે ઠરાવ્યું કે જયાં સુધી સગીરને તેના કાયદેસર વાલીના કબજામાંથી લેઇ જવાનું કામ જયારી હોય ત્યાં સુધી મનુષ નયણના ગુન્હાને મદદ થઇ શકે છે. અને આ કામમાં ગુન્હાની સાબેતીનો ઠરાવ પીનલકોડની કલમ ૩૬૩ અને ૧૧૬ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હા વીશે કરવો જોઇએ. "

પાનું ૧૭૩ નંબર ૧૪ ની અપીલના સાલેમની શેશન કોર્ટ ૩૭૩ની અપીલના કાગળો વાંચતાં હાયકોર્ટે નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે અને તેમાં કાંન્શલ હાજર નથી.

ઠરાવ—આ કામમાં ડીપોટી માજીસ્ત્રેટે ૧૧ અગર ૧૨ વરશનો છોકરો કાયદેસર વાલીના કબજામાંથી લેઇ ગયા બાબતમાં તોહોમતવાળાને મદદ કરયા બાબત ગુન્હેગાર ઠરાવી તેને હીં૦ ફો૦ કા૦ ની કલમ ૩૬૩ અને ૧૦૯ પ્રમાણે નવ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

તોહોમતવાળાના સાળા છયા બનેવી એક કોમારને મનુષ્યનયણનો ગુન્હો કરેલો છે એમ કહેવામાં આવેલું છે.

તોહોમતવાળો જાણતો હતો કે તે છોકરાએ પોતાના મા બાપની કબુલત વીના પોતાનું ઘર છોડેલું છે. અને તે કોમારનની ઉસકેરણી ઉપરથી તે છોકરાને તથા એક બીજા છોકરાને સીલોનમાં કયાન્ડી લેઇ જવાને માંથે રાખ્યું હતું અને ટ્રીચીનોપોલી સુધી જતામાં તેને પકડવામાં આવેલો છે.

અપીલમાં શેશન જડજે મનુષ્યનયણના ગુન્હામાં મદદ કરયા બાબતના ગુન્હાનો સાબેતીનો ઠરાવ ફેરબ્યો છે એવા કારણથી કે કોમારને તે મનુષ્યનયણ કરયું તે પેહેલાં તેની તથા તોહોમતવાળાની વચમાં કાંઇ મસલત થએલી નથી.

હાયકોર્ટના અભીપ્રાયમાં આવ્યું છે કે જ્યાં સુધી સગીરને પોતાના કાયદેસર વાલીના કબજામાંથી લેઇ જવાનું કામ જ્યારી હોય ત્યાંસુધી મનુષ્યનયણના ગુન્હાને મદદ થઇ શકે છે.

તોપણ પુરાવ ઉપરથી જણાય છે કે જે મનુષ્યનયણ કરવાને કોશીસ કરવામાં આવી છે તે હીંદુસ્તાનના ઇંગરેજી રાજ્યની અંદરથી કરવામાં આવેલી છે, અને તે કોશીશ નીશફળ ગએલી છે. માટે કલમ ૨૬૩ અને ૧૧૬ (કલમ ૧૦૯ નહીં) પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવો જોઇએ.

શેશન જડજનો હુકમ જે તે ઠરાવ ફેરાવ્યા બાબતનો છે તે રદ કરવામાં આવે છે. તોહોમતવાળા સામીયા કુદનને પીનલકોડની કલમ ૩૬૩ અને ૧૧૬ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી તેને ૭ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવે છે.

ફેરી તપાસની કોર્ટ તરીકે હકુમત.

તા૦ ૨૮ ડીસંબર સને ૧૮૭૬

ચીફ જસ્ટીશ સર ડબલ્યુ મોરગન, મી૦ જસ્ટીશ હોલોવે મી૦ જસ્ટીશ ઇનીઝ અને મી૦ જસ્ટીશ કીંડરસ્લે સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ મુથાવન અને ચાર બીજા.

ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૮૮—સાપરાધ ઈરાદાથી તથા સાપરાધ વીશ્વાસઘાતથી કોઇ પરણેલી સ્ત્રીને લલચાવીને લેઇ જવાના ગુન્હાનું સમાધાન કાયદેશર રીતે થઇ શકતું નથી.

પાનું ૧૯૧ તુતીકોરીનના સેકન કલાસ માજીસ્તરેટનું સને ૧૮૭૬ ના નંબર ૨૭૫ અને ૨૭૭ ના કામનું પ્રોસીડીંગ,

તીનેવેલીના જીલ્લા માજીસ્તરેટે પ્રોસીડીંગ બાબત હાઇકોર્ટને રેફરંસ કરયું અને તે વખતે કાઉનસેલ હાજર નહીં થવાથી હાઈકોર્ટે નીચે પ્રમાણે ઠરાવ કરયો. જે કામોનો રીપોર્ટ કરવામાં આવ્યો છે તેમાં સેકન કલાસ માજીસ્તરેટે, એક પરણેલી સ્ત્રીની સાથે અઘટીત વ્યવહાર ચલાવવાના ઇરાદાથી તેને લલચાવ્યાના, અને સાપરાધ વીશ્વાસઘાતના ગુનાઓની ફરીઆદ ફોજદારી કામ ચલાવાના કાયદાની કલમ ૧૮૮ પ્રમાણે પાછી ખેંચી લેવા દીધી છે.

જીલ્લા માજીસ્ટ્રેટનું કેહેવું એ છે કે આ જે ગુનાઓ છે તેનું કાયદેસર રીતે સમાધાન થઇ શકે નહીં. હાઇકોરટ માન્ય કરે છે કે સાપરાધ ઈરાદાથી એક પરણેલી સ્ત્રીને લલચાવ્યાનો ગુનો અને સાપરાધ વીસવાસઘાતનો ગુનોહ એકઠો કાયદેસર રીતે સમાધાન થઇ શકતો નથી. એમ છતાં પણ આ કામોની હકીકત એવી છે કે હાઇકોરટને બરોબર રીતે હાથ ઘાલવાને જરૂર રહેતી નથી.

ફરી તપાસની કોરટ તરીકેની હકુમત.

તા૦ ૨૨ ડીસેમ્બર સને ૧૮૭૬.

મી૦ જસ્ટીશ ઇનીઝ અને મી૦ જસ્ટીશ કરનલ.

કેસરેહીંદ વીરૂધ કંદાકોર.

માજીસ્ટરેટની હકુમત—સને ૧૮૭૪ ના આકટ ૧૬—સને ૧૮૭૪ ના ૧૬ મા આકટથી સને ૧૮૬૫ નો ૩ જો. મદ્રાસ આકટ ૨૬ થયાથી મદ્રાસ ઇલાકામાં જે ગુન્હાઓ માજીસ્ટ્રેટોને ખાસ અને સ્થાનીક કા-

વદો કરી આપેલા છે તેમાંથી થાય તેવા ગુનાઓમાં તેમની હકુમત જ-તી નથી.

પાનું ૨૨૪ નીલેશ્વરના સેકંડ ક્લાસ માજીસ્રેટે કરેલી અમુક તપાસ દક્ષીણ કાનેરાના જીલ્લા માજીસ્ટરેટે બેર કાયદે છે એમ ગણીને તેનું ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૨૫૬ પ્રમાણે હાઇ કોરટને રેફરંસ કરયું અને તેમાં કાઉન્શીલ હાજર ન-થીં, અને હાઇકોરટે નીચે પ્રમાણે ઠરાવ કરયો.

આ કાગમાં બીજા વરગના માજીસ્રેટે તોહોમતવાળા ઉપર મીઠાના કાયદા વીરૂધ ગુન્હો કરવાની તપાસ ચલાવી અને સને ૧૮૦૫ ના કાયદા ૧ લાની કલમ ૧૮, અને સને ૧૮૪૦ ના ૧૭ મા આકટ પ્રમાણે ૨૦-દહાડાની સખત મજુરી સાથે કેદની શીક્ષાનો હુકમ કરયો છે.

જીલ્લા માજીસ્રેટનું કેહેવું એમ છે કે તે શીક્ષાનો હુકમ બેરકાયદે છે. કારણ કે સને ૧૮૦૫ ના ૧ લા કાયદાથી ફકત દંડની શીક્ષાના હુકમની સત્તા છે અને ૧૮૪૦ ના ૧૭ મા આકટથી મીઠા સબંધી કા—યદા વીરૂધ થતા ગુન્હા (જે તે વખત સુધી ફકત ફોજદારી કોરટો તપાસ કરી શકતા હતા.) એ સાંભળવાને માજીસ્તરેટોને અખત્યાર છે અને નવો અગર બીજો અખત્યાર આપે તો તે કાયદાથી મળતા નથી.

હાયકોરટનો અભીપ્રાય એવો છે કે સેકંડ કલાસ માજીસ્રેટનો સીક્ષા-નો હુકમ કાયદેસર છે.

સને ૧૮૪૦ ના ૧૭ મા આકટથી જીલ્લા માજીસ્રેટને ૩૦ દહાડા કરતાં વધારે નહીં એવી મુદતનો ગમે તે પ્રકારની કેદની શીક્ષાનો હુકમ કરવાને અખત્યાર છે.

સને ૧૮૬૫ ના મદ્રાસના ૩ જા આકટથી હાલમાં કોઇ ખાસ અગર સ્થાનીક કાયદાઓ જે ચાલુ છે તે વીરૂધ કાંઇ ગુન્હો પોતાની હ-કુમતમાં બને તો તે ગુન્હાની સુનાવણી કરવાને દરેક માજીસ્ટરેટને જો કે હાલના કોઇ પણ આકટ અગર કાયદામાં એથી ઉલટું કહેલું હોય તો પણ અખત્યાર છે.

સને ૧૮૬૫ નો મદ્રાસનો ૩ જો આકટ જો કે રદ કરેલો છે તો પ-ણ હજી ચાલુ માનવામાં આવે છે એટલેજ સુધી કે તે આકટે ગુન્હાઓ-ની બાબતમાં હકુમત રાખવામાં આવેલી છે.

આ શીક્ષાનો હુકમ સેકન્ડ કલાસ માજીસ્રેટ તેમની સાધારણ હકુમ-ત પ્રમાણે જે કરી શકે તેના કરતાં વધારે નથી.

——

ફરી તપાસની કોરટ તરીકે હકુમત.

તા૦ ૧૯ જાનેવારી સને ૧૮૭૭.

મી૦ જસ્ટીશ હોલોવ અને મી૦ જસ્ટીશ ઇન્સ સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂધ આચારજી.

પીનલકોડની કલમ ૩૦૪. અ.

નહીં જેવી તકરારની દરમ્યાનમાં મરનારને તોહોમતવાળાએ તેની પીઠ ઉપર એવો સખત ધક્કો મારયો કે જેથી તે નીચે રસ્તામાં ૨।। ધનફુટ દુર પડયો. તે મરનારને નુંકશાન થવાથી પરીણામે ધનુર થયું, અને તેથી તે દીવસ પછી પાંચમે દીવસે તે મરણ પામ્યો. આ હકીકત ઉપરથી ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૦૪ અ માં બતાવેલા ગુન્હાનો તે તોહોમતવાળો ગુનેહગાર નથી. તેમ તે શીક્ષણીય મનુષ્ય વધના ગુન્હાનો પણ ગુન્હેગાર નથી કારણ કે શુ પરીણામ થવાનો છે તેનું કાંઈ સંભવીતપણું નહીં હતું, તેમ તે કરવાને અલબત કાંઇ ઇરાદો રાખવામાં આવેલો નહીં હતો.

પાનું ૨૨૪ ગનજામના પેહેલા વર્ગના આસીસ્ટંટ માજીસ્ટ્રેટના કયાલેન્ડર ઉપરથી સને ૧૮૭૬ ના નંબર ૮૬ ના ફોજદારી કામના કાગળો વાંચતાં તોહોમતવાળાને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૪ અ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે અને તે કામમાં કાઉનસલ હાજર નથી.

હાયકોરટે નીચે પ્રમાણે ઠરાવ કરયો.

ઠરાવ—આ કામમાં આશીસ્ટંટ માજીસ્ટ્રેટે તોહોમતવાળાને કસુરનું કૃત્ય કરીને શીક્ષણુય મનુષવધ કરવાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવેલો છે. અને ૭ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલીછે.

હકીકત એવી છે કે મરનારે તોહોમતવાળાને ઘેહેર કેટલીક પાડી આપી ને તેનું ભાડું માગ્યું તે ભાડાની રકમ બાબત તકરાર ઉતપન થઇ. તેથી તોહોમતવાળાએ તે તકરારની દરમીઆનમાં મરનારની પીઠ ઉપર એક ધકો મારયો કે જેથી તોહોમતવાળાના પગથીઆની ટોચ ઉપરથી નીચે રસ્તામાં ૨।। ધનફુટને છેટે પડયો. તે પડવાથી મરનારનો મોહોટો અંગુઠો ભાગી ગયો અને તે પડયા પછી પાંચમે દીવસે તે ભાગી જવાથી તે મરનારને ધનુર થાયું અને તે મરણ પામ્યો.

હાયકોરટના અભીપ્રાયમાં આવ્યું કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે બરોબર નથી તે કામ શીક્ષણીય મનુસ્યવધનું નથી. કારણકે જે પરીણામ થએલું છે તેનું કાંઇ સંભવીતપણું નહીં હતું અને અલ-

બત તે કરવાને કાંઇ ઇરાદો રાખેલો નહીં હતો તોપણ જે કામો મનુ સ્યવધના બને છે અગર કાંઈ નહીં તેમાંનું આ એક કામ છે. નક્કી એવું કૃત્ય છે કે જેથી પ્રતક્ષ રીતે મોત થાય જો આસપાસ બરોબર રીતે વીચાર કરવામાં આવ્યો હોત કે જેથી તે કરનારને એમ માલમ પડે કે માહરા કૃત્યથી મોત થશે તો તે ગુન્હો થાય તેવો મનુસ્યવધ છે.

આ કામ મનુષ્યવધના કરયા કરતાં કસુરથી મોત કરયા બાબતનું વધારે છે એમ નથી તે તો ફકત ફો. કાયદામાં વાખ્યા કરવામાં આવી છે તે પ્રમાણે ફકત સાપરાધ બળ વાપરયા બાબતનું છે. પરંતુ ઇંગ્લાંડના કાયદા પ્રમાણે તે કૃત્ય મનુસ્યવધનું ગણાય માટે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવેછે તે તોહોમતવાળાને તરત છોડી મુકવો.

—— ——

ફોજદારી અપીલ.

તા૦ ૭ મારચ સને ૧૮૯૭.

મી૦ જસટીશ ર્ઇન્સ અને મી૦ જસ્ટીસ કુરનાન સા

હેબોની રૂબરૂ.

રામાનીનાયર અરજદારના કામમાં.

ગામનો હીસાબ રાખનાર—ગામના મુનસફનો શીપાઇ—હીંદુસ્તાનના ફો. કા ની કલમ ૨૧૭—કાયદાનો ઠરાવ—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૯૦.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૯૦ માં કરેલો ઠરાવ નહી માનવા બાબત એક ગામના હીસાબીને તથા ગામના મુનસફના સીપાઈને ફોજદારી કાયદાની કલમ ૨૧૭ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો હતો.

ઠરાવવામાં આવ્યું કે તેઓને ખોટી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે. કારણ કે પાછલી કલમ પ્રમાણે બંધન થાય તેવી તેમની ચાલ નથી.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૭ માં જે ઠરાવ છે તેનો હેતુ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૮૯ અને ૯૦ માં જેવો કે કાયદાનો નકકી ઠરાવ છે તેવો છે અને વધારે સાધરણ રીતે દરેક બાબતથી ફોજદારી આરોપ રહે નહીં તેને લાગુ થતો નથી.

પાનું ૨૬૬ અરજદાર તરફથી મી. સપર્ડ.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે.

ફેંસલો—મેહેલા કેદીએ અરજ કરેલી છે. પરંતુ હવે જે કારણો ક-

હેવાનાંછે તે ઉપરથી તે બેઉ કેદીઓને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૭ પ્રમાણે ખોટી રીતે ગુન્હેગાર ઠરાવેલા છે તે કલમ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ જે એવું કહેવાગાં આવ્યુંછે કે ચોરીનો ગુન્હો છુપાવવામાં આવ્યો તેથી કાયદાના ઠરાવ પ્રમાણે તે કેદીઓ ચાલેલા નથી. તેના ઉપર આધાર રાખવામાં આવેલો છે. પેહેલો કેદી ગામનો હીસાબી છે. અને બીજો કેદી અંધીકારી અગર ગામના મુનસફનો શીપાઈ છે.

કાયદાનો જે ઠરાવ તેઓએ માન્ય કરેલો નથી એમ ધારવામાં આવેલું છે તે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૯૦ મીમાં છે. પરંતુ તે કલમમાં સમાસ થવાને તે કલમ પ્રમાણે જે બંધન ઉતપન થાય તેવી તેઓની ચાલ હોવી જોઇએ. પેહેલો કેદી ગામનો હીસાબી છે તેથી તે ગામનો આગેવાન નથી તેમ સરકારી મેહેસુલ વસુલ કરવામાં રહેલો સખસ નથી તેમ બીજા પ્રકારના જે સખસો ઉપર તે કલમથી બંધન રાખવામાં આવેલું છે. તેમાં તેનો સમાશ થાય છે એવું બતાવવાનો કોઇ પુરાવ નથી. ગામના સીપાઇ ઉપર આવું કાંઈ બંધન થાય તેવો તે કલમનો ઇરાદો રાખવામાં આવ્યો નથી.

હી૦ ફો૦ કાયદાની કા૦ ૨૧૭ મીમાં જે ઠરાવ છે તેનો અર્થ અમારા અભીપ્રાય પ્રમાણે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૮૯ મી તથા કલમ ૯૦ પ્રમાણે નકી ઠરાવ નથી, અને તેથી ફોજદારી આરોપ કોઇ રઈયતે ધીકારેલો નહીં એવા બંધનને વધારે લાગુ થઇ શકતી નથી. અસલ કોર્ટમાં માજીસ્તરેટે અને અપીલમાં જે કારણથો ચાલવામાં આવેલું છે તે કારણો શીવાય બીજા કારણોથી હીં૦ ફો૦ કાયદાની કલમ ૨૧૭ પ્રમાણે ગુન્હાની સાબેતીના ઠરાવો જેમ બાહાલ રાખી શકાય છે તેમ આ ગુન્હાની સાબેતીનો ઠરાવ બાહાલ રાખી શકાય તેવો કાંઇ પુરાવ નથી. જો કે તે કેદીઓ બીજી રીતે ફોજદારી રાહે અથવા ખાતાના ઉપરીઓ તરફથી જવાબદાર ઠરાવી શકાય તો પણ આ કલમ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ ચાલી શકતો નથી. માટે અમે તે રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે દંડ જો વસુલ કરવામાં આવેલો હોય તો તે પાછો આપવો. ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફુલબેંચ.

તા૦ ૪ સપટેમ્બર સને ૧૮૭૭.

કામ ચલાઉ ચીફ જષ્ટીશ (મી૦ જષ્ટીશ ઇન્સ) મી૦ જસ્ટીશ કીંડસલી મી૦ જષ્ટીશ બસ્તીડ અને મી૦ જષ્ટીશ પારેંટ સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂધ મહમદ સાહેબ વીગરે.

હીં૦ ફો૦ કા૦ ની કલમ ૧૯૦—શીક્ષાના હુકમનું, કાયદેસરપણું—ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૩૦૯.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૬૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો કરયા બાબત કેદીઓને ગુનેહગાર ઠરાવવામાં આવેલા તેથી તે દરેકના રૂ. ૨૫) દંડ અગર તે આપવામાં કસૂર કરે તો ૩૦ દીવશ તે કલમ પ્રમાણે કેદની ભર સીક્ષા છે તે સખત મજુરી સાથે ભોગવવી એવો હુકમ કરવામાં આવેલો છે.

ઠરાવવામાં આવ્યું કે હાયકોરટના ઘણા મતથી (જસ્ટીસ કીંડશ્લી વીરૂધ પડયા) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૦૯ ના ઠરાવ ઉપર લક્ષ રાખતાં તે શીક્ષાનો હુકમ કાયદેસર છે એમ ઠરાવ કરવામાં આવેલો છે.

પાનું ૨૭૭ કયાનાનોરના કેન્ટોમેંટ માજીસ્ટ્રેટે સને ૧૮૭૭ ના નંબર ૨૦૧ ના કામમાં પ્રોસીડીંગ ચલાવેલું તે વીશે ઉત્તર મલબારના શેશન જડજે આ રેફરંસ કરેલું છે. તેમાં કોઉનસલ હાજર નથી અને હાયકોરટે નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે.

ઠરાવઃ—આ કામમાં કેન્ટોમેન્ટ માજીસ્તરેટે પીનલકોડની કલમ ૧૬૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક હુલડનો ગુન્હો બે સખસોએ કરયો, એવો ઠરાવ કરી દરેકના રૂ. ૨૫) દંડ અગર તે આપવામાં કસુર કરવામાં આવે તો ૩૦ દીવસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવી એવો હુકમ કરેલો છે. પીનલકોડની કલમ ૧૬૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાની બાબતમાં એક માસ કેદ અને રૂ. ૧૦૦) સુધી દંડ અગર તે બેઉ સીક્ષા કરવાનો ઠરાવ છે. માટે શેશન જડજ કહે છે કે દંડ આપવાને કસુર કરવામાં આવે તો એક માસના ચોથા હીસ્સા કરતાં વધારે કેદની શીક્ષા કરવાનો તે માજીસ્ટ્રેટને અખત્યાર નહીં હતો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૯ ના ઠરાવનો સંભાળ ભરેલો વીચાર કરતાં હાયકોરટના અભીપ્રાયમાં આવ્યું કે કેન્ટોનમેન્ટ માજીસ્ટ્રેટે જે સીક્ષાનો હુકમ કરેલોછે તે કાયદા વિરૂદ્ધ નથી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૯ ની ૧ લી રકમમાં ઠરાવ્યું છે કે જે કામમાં એક સખસનો ફકત દંડ કરવામાં આવે તો માજીસ્ટ્રેટ તે દંડ કાયદામાં ઠરાવેલી રકમનો કરી શકે છે. પરંતુ તે આકટ પ્રમાણે માજીસ્તરેટને જે દંડ કરવાનો અખત્યાર છે તે કરતાં વધારે કરવો નહીં જોઇએ.

હાયકોરટની નજરમાં એમ આવે છે કે આ રકમનો અર્થ નીચે

પ્રમાણે કરવો એ બરોબર છે, એટલે કેદ અને દંડ અને વળી દંડ વસુલ આપવામાં કસુર કરવામાં આવે તો બીજી કેદ એવી શીક્ષા કરવામાં આવે તો કેદની શીક્ષા તે ગુન્હા બાબત માજીસ્ત્રેટ કરવાને મુખત્યાર હોય તેના ૪ થા હીસ્સા કરતાં માજીસ્ત્રેટ વધારે કરી શકતા નથી પરંતુ જો તે શીક્ષા ફકત દંડની હોય તો તે દંડ બદલ માજીસ્ત્રેટને જે કેદની શીક્ષા કરવાનો અખત્યાર છે તે તમામ મુદતની કેદની સીક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે. કાયદાના આ ભાગનો અર્થ અને હેતુ આવો પસંદ કરતાં તે ખુલ્લો અને સમજી શકાય તેવો થાય છે. અને આ ઠરાવ પ્રથમના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા (સને ૧૮૬૧ના આકટ ૨૫) માં નહીં હતો માટે કોન્ટોનમેંટ માજીસ્ત્રેટનો હુકમ કાયદેસર છે તેથી તે કાયમ રાખવામાં આવ્યો છે.

તા૦ ૨૭ સપટેમ્બર સને ૧૮૭૭.

કામ ચલાઉ ચીફ જસ્ટીશ મી૦ ઇન્સ અને મી૦ જસ્ટીશ

બસ્તીર સાહેબોની રૂબરૂ.

સુબા આઈતાલા વિગેરેના કામમાં.

ફોજદારી અપીલ—તે આપવી.

ફોજદારી અપીલની અરજી અપીલવાળા તરફની અખત્યાર પામેલો કોઇ પણ સખસ અપીલ કોરટમાં રજુ કરી શકે છે.

પાનું ૩૦૪ સને ૧૮૭૬ ના નંબર ૩૨ ની ફોજદારી અપીલમાં દક્ષણ કયાનેરાના જીલ્લાના આકટીંગ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટના પ્રોસીડીંગ બાબત રેફરંસનો કાગળ ત્યાંના શેશન જડજે લખેલો તે વાંચતાં કાંઉનસલ હાજર નહીં હતા અને હાયકોરટે નીચે પ્રમાણે ઠરાવ કરયો.

ઠરાવઃ—આ કામમાં ત્રીજા વરગના માજીસ્તરેટે કરેલી શીક્ષાના હુકમ ઉપર કરેલી અપીલ હેડ આશીસ્ટંટ માજીસ્ટરેટે રદ કરેલી છે એવા કારણથી કે મુદતના આકટ (સને ૧૮૭૧ નો ૯)ના પ્રસીરટ ૨ ની આરટીકલ ૧૫૨ માં ઠરાવેલી મુદત વીત્યા પછી આપવામાં આવેલી છે.

તે ત્રીજા વર્ગના માજીસ્તરેટનો ફેંસલો તા૦ ૧૧ જુલાઇ સને ૧૮૭૬ના રોજનો છે. તેજ તારીખે નકલ મળવાને માટે અરજી કરવામાં આવેલી હતી અને તે નકલ તા૦ ૨૪ મી જુલાઇને રોજ આપવામાં આવેલી છે. તેથી નકલ આપતાં જે દેર થએલી તે મુદત કાપતાં પણ તા૦ ૨૩ અગસ્ટના રોજ અપીલ કરવાની મુદત પુરી થાય છે.

તા૦ ૨૬ અકટોબર સને ૧૮૭૬ ના રોજનો તે હેડ આસીસ્ટંટ માજીસ્તરેટનો હુકમ છે તે ઉપરથી એમ જણાય છે કે તા૦ ૧૪ અગસ્ટ ના રોજ અગર તે અરસામાં પ્રથમ તે અપીલની અરજી આપવામાં આવેલી તેથી મુદતને હરકત છે એમ ઠરાવી તે અપીલ આખરે ના મંજુર કરેલો છે. પરંતુ તે વખતે તે અરજી લેવાને હેડ આસીસ્ટંટ માજીસ્તરેટે એવા કારણથી ના કહી હતી કે તે રજુ કરનાર સખસ કોઇ કોટનો અખત્યાર પામેલો સખસ નથી.

તે અપીલની અરજી તા૦ ૧૪ અગસ્ટના રોજ આપવામાં આવી તે વખતે તે મુદતની અંદર હતી. અને તે રજુ કરનાર અખત્યાર પામેલો વકીલ નથી. તે કારણથી તે લેવાને હેડ આસીસ્ટંટ માજીસ્તરેટ વ્યાજબી રાહે ના પાડી શકતા નહીં હતા. ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા પ્રમાણે અપીલવાળાએ જે કોઈ સખસને અખત્યાર આપેલો હોય તે સખસ અપીલ આપી શકતો નથી. એવો અભીપ્રાય બાંધવાને કાંઇ આધાર નથી.

માટે હેડ આસીસ્ટંટ માજીસ્તરેટે તે અપીલ નામંજુર કરયાનો હુકમ કરેલો છે તે રદ કરવામાં આવે છે.

તા૦ ૨ અકટોબર સન ૧૮૭૭.

કામ ચલાઉ ચીફ જસ્ટીસ (મી. જસ્ટીશ ઇંન્સ) મી. જસ્ટીસ બસ્તીડ સાહેબોની રૂબરૂ.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૭૩—અરથ.

ફો. કા. ચ. રી. ના કાયદા (સને ૧૮૭૨ નો આકટ ૧૦) કલમ ૪૭૩ માં જે મનાઇ છે તે જાતીકી મનાઇ છે.

પાનું ૩૦૫ ઓરીસ્સા જીલ્લાના માજીસ્તરેટે કાગળ લખેલો તેમાં એવી વીનતી કરેલીછે કે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા (સને ૧૮૭૨ નાઆંકટ ૧૦) ની કલમ ૪૭૩ માં " કોર્ટ " એ શબ્દનો અરથ કરો છે. તે વીશે હુકમ થવો જોઇએ. તે કાગળ વાંચતાં કાંઉન્શલ હાજર નહીં હતા, અને હાયકોર્ટે નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે

ઠરાવ:—એક અરકની દુકાન રાખનારે પોલીશ ઇનસ્પેકટર ઉપર સાપરાધ બળ વાપરયાનું તોહોમત આ કામમાં રાખેલું છે. હેડ આસીસ્ટંટ માજીસ્ત્રેટ મી૦ શીવલે તે કામની તપાસ કરી તે તોહોમત જુઠું છે એમ કરી કાહાડી નાંખ્યું.

પોલીશ ઇનસપેકટરે અરજ કરવા ઉપરથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હા બાબાત તે દુકાન

દાર ઉપર ફરીઆદ ચલાવવાને તે પોલીશ ઇનસપેકટરને મી૦ શીવીલે પર વાનગી આપી. આ ઉપરથી હેડ આસીસ્ટંટ માજીસ્ત્રેટની કોરટમાં કામ ચલાવવામાં આવ્યું તેથી મી૦ સીવલે તે કામની તપાસ સરૂ કરી પરંતુ તે તપાસ પુરી થતાં પેહેલાં તેમણે તે જગ્યા છોડી. મી૦ સીવલની જગ્યાએ મી૦ મુર આવ્યા તેમણે તે તપાસ ચલાવીને ઠરાવ્યું કે આ કામ એવું નથી કે જે શેશન કોરટમાં કમીટ કરવું જોઇએ. પરંતુ પેહેલા વર્ગના માજીસ્ત્રેટને તપાસવા લાયક છે તેથી તેમણે તે પ્રોસીડીંગ જીલ્લા માજીસ્ત્રેટ તરફ હુકમ થવા સારૂં મોકલ્યું. એવા કારણથી કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૭૩ ના ઠરાવ પ્રમાણે માહારી પોતાની કોરટના અધીકારનો તીરસ્કાર કરયા બાબતના ગુન્હાની તપાસ કરવાને મને અટકાવ છે. તે કામનો નીકાલ જોઇન્ટ માજીસતરેટ તરફ મોકલી નીકાલ કરવામાં આવ્યો. પરતુ જીલ્લા માજીસ્ત્રેટ એવી અરજ કરે છે કે કલમ ૪૭૩ માં "કોર્ટ" શબ્દ છે તેનો અર્થ એવો કરવો જોઇએ કે તે કલમ ૪૭૩ માં બતાવેલા વર્ગનો ગુન્હો જે માજીસ્ત્રેટ અગર જડજની રૂબરૂ કરવામાં આવેલો હોય તેના કામને અગર તેમની જાતે તે લાગુ થાય છે એ વીશે મને ખબર આપવી જોઇએ કે તે પ્રમાણે હવે પછી ચાલવામાં આવે.

હાયકોરટના અભીપ્રાયમાં આવે છે કે કલમ ૪૭૩ માં જે મનાઇ છે તે જાતીકી મનાઇ છે અને પ્રથમથી જે સખસે ન્યાય કરેલો હોય તે સખસે તે કામનો ફેંસલો કરવો નહીં જોઈએ. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪ માં "ફોજદારી કોરટ" એ શબ્દોની વ્યાખ્યા છે તેથી આ અર્થ કબુલ કરવામાં આવેલો છે.

ફોજદારી અપીલ

તા૦ ૧૫ મારચ સને ૧૮૭૮:

સર ડબલ્યુ મારગન ચીફ જસ્ટીશ તથા મી૦ જસ્ટીશ કીંડરલી સાહેબોની રૂબરૂ.

માહારાણી વી૦ રામાસાની પાધ્યામી વીગરે (૧૩ મો તથા ૧૪ મો કેદી) અપીલવાળો.

હીંદુસ્થાનનો પુરાવ આક્ટ—સોબતી.

પુરાવ આકટ (સને ૧૮૭૨ ના ૧ લા) ની કા. ૧૩૩ મીમાં જુબાની વીનાના શબ્દો છે તેમાં ઠરાવવામાં આવેલું છે કે સોબતીની પ્રત્યંતરી પુરાવ વીનાની જુબાની ઉપરથી ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આ-

વેલો હોય તો, તે કાયદા વીરૂધ નથી, માટે પ્રત્યંતરી પુરાવથી જરૂર છે. એવું ઠરાવવાથી આ ઠરાવનો અમલ કરવાની નાપાડી થાય છે.

ઈંગ્લાંડમાં જે નીયમ પ્રમાણે ચાલવામાં આવે છે તે હીંદુસ્થાનના પુરાવ આકટની કલમ ૧૧૪ મીના જેવો છે અને તે એવો છે કે સોબતીની સાહેદી જો કે સંભાળથી તપાસી સાવધગીરી સાથે લેવી જોઇએ. અને તે માનવા લાયક નથી. એમ ગણી શકાય તોપણ જો કોર્ટ અથવા જ્યુરી તે પુરાવમાં તેનો તે ઉપરથી ગુન્હાની સાબેતીનો કરેલો ઠરાવ કાયદા વીરૂધ નથી.

પાનું ૩૫૪ સને ૧૮૭૭ ના કેલેંડરના નંબર ૫૧ માના કામમાં તાંજોરના શેશન જડજ સાહેબે કરેલા શીક્ષાના હુકમ ઉપર અપીલ કરવામાં આવી છે. કેદીઓના ઉપર બીજાની સાથે ડાકાઇટી કરયાના ગુનાનું તોહોમત મુકવામાં આવ્યું હતું.

અરજદાર તરફથી એ. રામાચંદ્રાયાર.

ગુનાહની શાબેતીના ઠરાવને ટેકો આપવામાં સરકારી વકીલ.
(મી० હેન્ડલી.)

કોરટે કામના કાગળો ધ્યાનમાં લઇને નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

અમે આ કામના કાગળો મંગાવ્યા છે કારણ કે શેશન જડજે ગુનામાં સામેલ હોવ.નો પુસ્ટી શીવાયનો પુરાવો લેઇ શકાય નહી એમ જાણીને ગરભીતરીતે સુચના કરી છે.

ગુનાનો જે ભાગ બતાવવામાં આવેલો છે તે નીચે પ્રમાણે છે.

"નંબર ૧૩ અને ૧૪ ના કેદીઓના ઉપરના તોહમતના સબંધમાં માફી આપેલા નંબર ૭ ના સાહેદીનો પુરાવો છે. મુંબાઇની હાય કોરટનો એવો ઠરાવ છે કે આવા પુરાવાની પુસ્ટીમાં મેળાપીની (જેમ આ કામમાં નંબર ૬ ઠાના કેદીની સાહેદી છે) હોય તે બરોબર નથી તેના ઉપર બહુ આધાર રાખવામાં આવ્યો છે. તમે વીચારો કે હાલ જે પુરાવો છે તેથી ગુનાહની સાબેતીનો ઠરાવ વ્યાજબી થાય છે કે નહી પણ જો તમે આ પુરાવાને માનોતો તમારાથી આ કેદીઓના ઉપર ગુનાહની સાબેતીનો ઠરાવ થઇ શકે છે કારણ કે ગુનોહ કરવામાં આવ્યો છે એ બાબતમાં બીલકુલ શક રહેતો નથી. અને ગુનાહની સાબેતીના ઠરાવ વાસ્તે આટલી પુષ્ટી બસ છે."

અમારી ધ્યાનમાં એવું આવે છે કે તે કાયદામાંજ (હીંદુસ્તાનના પુરાવાના આકટની કલમ ૧૩૩) ખુલી રીતે કહેલું છે કે કોઇ ગુનાહની સાબેતીનો ઠરાવ ગુનોહ કરવામાં સામેલ હોય એવા માણસનો પુષ્ટી વગરના પુરાવા ઉપરથી કરેલો હોય તે કાયદા વીરૂધ નથી. અને પુષ્ટીની

જરૂર છે એવો ઠરાવ કરવાથી આ ઠરાવનો અમલ કરવાને સાફ રીતે ના પાડી થાય છે. જે કામોની જુરીની રૂબરૂ તપાસ ચાલી છે તેમાં જુરી, અને આસેશરની રૂબરૂ જે કામની તપાસ ચાલી છે તેમાં કોરટ બેશક ગુનોહ કરવામાં સામેલ માણસના પુરાવાને પુષ્ટી મળ્યા શીવાય (કલમ ૧૧૪ ઉદાહરણ ન) તે પુરાવો માનવા લાયક નથી એમ અનુંમાન કરે, પણ એવું અનુંમાન કરતાં પહેલાં કલમ ૧૧૪ અને તેના ઉદાહરણના પાછલા ભાગથી કોરટને અગર જુરીને, કહેવામાં આવેલી વાતના સંભવીતપણાની ખાતરી કરવાને અમુક હકીકતો ધ્યાનમાં લેવાની જરૂરછે આ કલમનો ઠરાવ આ પ્રમાણે ઇંગ્લાંડમાં ઠરાવ છે કે જો ગુનોહ કરવામાં સામેલ માણસનો માઠી અશર કરે એવો પુરાવો બારીકીથી તપાસવો જોઇએ અને સાવચેતપણાથી લેવો જોઇએ તોપણ જો જુરી એક કામમાં અથવા કોરટ બીજા કામમાં તે પુરાવાને માન્ય કરે છે તો, તેના ઉપરથી કરેલો ઠરાવ ગેરકાયદે નથી.

મુંબાઇની હાઇ કોરટનો ઠરાવ ડીસ્ટ્રીકટકોરટે બતાવેલો છે જે ઘણું કરીને કેશરેહીદ વીરૂધ બુધુનાનકના કામમાં કરેલો છે તેમાં ગુનોહ કરવામાં સામેલ માણસના પુરાવને પુષ્ટી ન હોય તો તે પુરાવ લેવાય નહી એવું ખુલ્લી રીતે કહેવાનો ઇરાદો હોયતો અમે તે ઠરાવ કબુલ કરતા નથી.

જુરીએ આ કામમાં ગુનાહની સાબેતીનો ઠરાવ કરેલો છે પણ સેશન જડજ સાહેબનું મુકેલું તોહોમત જોકે આ બાબતમાં ભુલ ભરેલું હોવાથી કેદીઓને નુંકશાન કરવા કરતાં તેમને લાભ કરે છે તોપણ આ તપાસ ચલાવાની રીતીમાં ભુલ હોવાથી તે ઠરાવમાં હાથ ઘાલતા નથીઅને નંબર ૧૩ અને ૧૪ ના કેદીઓની અપીલ રદ કરીએ છીએ.

અપીલો રદ કરી.

વાલ્યુમ ૨ જુ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ સપટેંબર સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ ઇનીઝ અને મી૦ જસ્ટીસ ફાર્બસ

કેશરેહીંદ વી૦ રામાનજીયા (કેદી) અરજદાર

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૨૨—કબુલત—માજીસ્તરેટ—પુરાવ—સને ૧૮૬૮ ના આકટ ૧ લાની કલમ ૧ માં શબ્દ "સમાવેશ કરવો" છે તે ગણત્રી કરનાર છે.

જેમાં માજીસ્તરેટ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૨૨ પ્રમાણે કેદીની કબુલત લેતી વખતે તે લખે નહી તો તેથી તે કાયદાની કલમ ૩૪૬ માં જે બતાવેલું છે તેમ આ કબુલત પુરાવમાં સંપુરણ રીતે નહી લેવાય એવી નથી. કેદીએ જે હકીકત કહેલી છે તે વખત યોગ્યસર લખી લેવામાં આવી છે એવું બતાવવાને પુરાવ આપી શકાય છે.

કેશરેહીંદ વીરૂધ શીવયા વીગરેના કામમાં કરેલા ઠરાવથી જુદા પડવામાં આવ્યું.

સને ૧૮૭૨ ના હીંદુસ્તાનના પુરાવાના આકટની કલમ ૨૬ મીના અરથ પ્રમાણે મદ્રાસ ઇલાકામાં ગામનો મુનસફ "માજીસ્તરેટ" છે.

સને ૧૮૬૮ ના ૧ લા આકટની કલમ ૧ લીની ૧૩ મી અને બીજી રકમોમાં શબ્દ સમાવેશ કરવો તે ગણત્રીના ઇરાદાનો છે પણ નહી કહેવાના ઈરાદાનો નથી.

પાનુ ૫ આ કામમાં કેદીના ઉપર ચોરીની મીલકત રાખ્યાનું પીનલકોડની કલમ ૪૧૧ પ્રમાણે તોહોમત મુકવામાં આવેલું છે તપાસમાં ગામના મુનશફે કહયું કે તે કેદીએ ચોરીની મીલકત છે એમ જાણીને તેણે (કેદીએ) રાખી હતી એવું કબુલ કરેલું છે કેદીએ જાહેર કરયું કે તે મીલકત (રણી) મારી છે પણ તે વીશે કાંઇ વધારે કહયુ નથી. બધી કબુલત પુરાવમાં દાખલ કરવામાં આવેલી હતી. પણ શેશન જડજે તે દાખલ કરવામાં ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૨૨ અને ૩૪૬ ની સરતો પ્રમાણે જેમ કરવાની જરૂર છે તેમ થતુ નથી. એ કારણોથી તે નામંજુર કરી. એમ છતાં પણ એક જુદી કબુલત ગામના માજીસ્તરેટે સાબેત કરી હતી. શેશન કારટે આસેસરોના અભીપ્રાયથી જુદા પડીને કેદીના ઉપર ગુનાહની સાબેતીનો ઠરાવ કરયો.

કેદીએ અપીલ કરી.

અરજદાર તરફથી મી૦ વેહરબનં.

ગુનાહની સાબેતીના ઠરાવની પુષ્ટીમાં (મી૦ હેંડ) સરકારી વકીલ.

કોરટે નીચે પ્રમાણે ઠરાવ કરયો:—એવી તકરાર કરવામાં આવી હતી કે કેદીની ગામના મુનશફની રૂબરૂ જે કબુલત તે પુરાવમાં દાખલ કરી શકાય એવી નથી. કારણ કે જો ગામનો મુનસફ માજીસ્તરેટ છે તો તો હોમતવાળાને તપાસતાં ફો. કા. ચ. ની રીતના કાયદાની ક. ૩૪૯માં જે રીતો કહેલી છે તે કલમ ૧૨૨ ના ઠરાવ પ્રમાણે કબુલત લેવામાં ચાલવાનુ છે પણ તે પ્રમાણે ચાલવામાં આવ્યું નથી. અને પૂરાવમાં દાખલ કરાવવાને જરૂરની છે અને જો તેમને બરોબર રીતે માજીસ્તરેટ ગણી ન શકાય તો તે કબુલતમાં દાખલ કરી શકાતી નથી. કારણ કે જે વખતે આ કબુલત કરવામાં આવી તે વખતે તોહોમતવાળો પોલીસના પેહેરામાં હતો અને આવી રીતે કરેલી કબુલત માજીસ્તરેટની રૂબરૂમાં કરવામાં આવી હોય તે શીવાય દાખલ કરી શકાય નહી.

ફો. કા. ચ. ની રીતના કાયદાના અરથ પ્રમાણે જો ગામના મુનસફને માજીસ્તરેટ તરીકે ધારવામાં આવે તો કલમ ૩૪૯ માં બતાવેલી રીતી પ્રમાણે તે કબુલત લેતી વખતે તે લખાવી બાકી રાખવું તે ગેરશીરસ્તે છે. આ કબુલત સંપૂરણ રીતે દાખલ કરી ન શકાય એવી છે. એમ જે કહેવું તે કાયદાના યોગ્ય અર્થથી જે હોવું જોઇએ તેથી વધારે થાય છે એમ અમારો અભીપ્રાય છે. જો આવો કોઇ પણ ગેરશીરસ્તે પણે કમીટીંગ માજીસ્તરેટની રૂબરૂ તોહોમતવાળાની તપાસમાં ચાલવામાં આવ્યું હોય તો કલમ ૩૪૯ ની છેલી રકમ પ્રમાણે તે કેદીએ લખેલી હકીકત બરોબર વખતે લખેલી છે એવો પુરાવો લેવાને શેસન કોરટને ચાલવું એવો ઠરાવ કરવામાં આવેલો છે. એવા વીશેશ ઠરાવની સાથે કે જો તે ભુલથી કેદીને કાંઇ નુકશાન નહી થતું હોય તો આવી લખી લીધેલી હકીકતને દાખલ કરવાથી કાંઇ હરકત થસે એમ ધરાય નહી એટલે કે જો તે ભુલથી કેદીને હરકત થાય નહી તો તે હકીકત જો કે કહેલી રીતીઓ અમલમાં લાવવામાં આવેલી ના હોય તો પણ તે હકીકત દાખલ કરાય એવી છે. અમને કલમ ૧૨૨ ની ભાશા પ્રમાણે કબુલતો ઠરાવેલી રીતીઓ પ્રમાણે નહી લેવાથી દાખલ કરવા લાયક નથી. એવું અનુંમાન થઇ શકે એમાંનું કશુ માલમ પડતું નથી. અમારા અભીપ્રાયમાં એમ આવે છે કે તેમ ઠરાવવાથી જે નીયમો ઉપરથી કાયદો થાય છે તે નીયમો વીરૂધ તદન થાય અને જે તેમાં અવલથી તે આખર સુધી ફકત નામનીજ જે રરીતીઓની દરકાર નહી રાખેલી એ ખુલું બતાવેલું છે. જો કે માજીસ્તરેટની તપાસ ચલાવવાની રીતી ગેરશીરસ્તે છે. તોપણ અમારો અભીપ્રાય એવો છે કે જો જરૂર હોય તો આવી કબુલત વખતસર લખી લેવા

માં આવી હતી એવો પુરાવો લેવો જોઇએ.

કેશરેહીંદ વી૦ સીવયા વીગરેના કામમાં મુંબાઇની હાયકોરટે કરેલો ઠરાવ આ નીશ્ચય કરતાં પહેલાં અમારે જોવો રહી ગએલો નથી.

જે એવી તકરાર કરવામાં આવી છે કે ગામનો મુનશફ ફોજદારી કામ ચલાવવાના હેતુ પ્રમાણે જો માજીસ્તરેટ ના હોય તો તેમને એક ખાનગી સખસ તરીકે ગણુવા જોઇએ અને તેથી કેદી પેરામાં હતો તે દરમીયાનમાં તેમની રૂબરૂ આપેલી કબુલત દાખલ કરવા લાયક નથી. તે વીશે અમારા અભીપ્રાયમાં આવે છે કે સને ૧૮૬૮ ના આકટ ૧ લા ની રકમ ૧૩ તથા બીજી રકમોમાં સમાવેશ કરવો એવો શબ્દ છે તેનો ઇરાદો ગણુતરી કરયા જેવો છે અને તદન પુરૂં કરયા બરોબર નથી. રકમ ૩ માં સખશ શબ્દ છે તે સબંધી દેખીની રીતે આ પ્રમાણેછે.

સમજાવ્યું એ શબ્દનો અર્થ પુરેપુરો બતાવવાને અર્થ થાય છે એવા શબ્દ વાપરવામાં આવ્યા છે.

માટે આ આકટમાં માજીસ્તરેટ એ શબ્દની મરીયાદા તે આકટની તારીખે જે ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો અમલમાં હતો તે કાયદાના હેતુ પ્રમાણેના માજીસ્તરેટ છે એવું કાંઇ નથી. કાયદા કરનારાઓએ આ ઇલાકામાં ગામના મુનશફને માજીસ્તરેટનો અખત્યાર આપેલો છે ને તેમને ગામના મુનસફ ઠરાવેલા છે. અને હાલનો ફો. કા. ચ. ની રીતીનો કાયદો અમલમાં આવતાં પહેલાં આ કોરટે કેટલીક વખત ઠરાવ્યુ છે કે તેઓ ગામના માજીસ્તરેટ છે. તે કાયદામાં માજીસ્તરેટ શબ્દ વાંપરેલો છે તેનો અર્થ અમુક વરગના માજીસ્તરેટો એવો થાય છે. પરંતુ તે કાયદાથી ગામના આગેવાનોની હકીકત સ્પષ્ટ રીતે બતાવવામાં આવી છે .(કલમ ૧૪૧) અને પુરાવ આકટના ઠરાવથી (કલમ ૨૬) માજીસ્તરેટ એ શબ્દના અર્થની મરીયાદા ફો. કા. ચ. ની રીતીના કાયદાના હેતુ પ્રમાણેના માજીસ્તરેટ એવી રાખવામાં આવી નથી.

આ કોરટે (તા૦ ૭ જુલાઈ સને ૧૮૭૩ અને તા૦ ૧૩ મે સને ૧૮૭૪ ના હાયકોરટના પ્રોશીડીંગે) સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે આ પ્રમાણે આપેલી કબુલતો પૂરાવમાં દાખલ કરવા લાયક છે.

તોપણ પુરાવનો આ ભાગ દાખલ કરવા ઉપર ગુનહાની સાબેતીના ઠરાવની યોગ્યતાનો ફકત આધાર છે એમ નથી. ફરીઆદ તરફથી જે સાબેત કરવાનું હતું તે એવું હતું કે એક પુલાયાના ઘરમાંથી ચોરી થએલી છે. અને કેટલાક ચોરેલા માલનો પતો તે કેદી પાસેથી મળેલો છે. અને તે માલ ચોરેલો છે એમ જાણ્યા છતાં બદદાનતથી તેણે તે

માલ પોતાના કબજામાં રાખ્યો એવો પુરાવ છે. આ બાબતમાં અમારા અભીપ્રાયમાં આવે છે કે કાંઇ ચોરી થયા બાબતનો કાંઇ પણ પુરાવ નથી. ચોરી થઇ એમ સેશન જડજે બીજી તપાસના પુરાવા ઉપરથી ધારેલું જણાય છે.

પુલાયાના ઘરમાંથી ચોરી થયાનો પુરાવ હોત તો તે માલ પુલાયાનો છે. એમ તે કેદીની પાસેથી ઓળખીને મળેલો એ વીશેનો પુરાવ ઘણો કમ ભરૂસો રાખવા લાયક છે. અને તે કેદીને તે માલ ધનતામ રંગાયા કે જે સેશનની તપાસ ઉપરથી એક ચોર હતો અગર બીજા ચોરોની સાથે એક ચોર હતો એમ અનુમાન થઇ શકેછે તેની પાસેથી તે માલ તેણે રાખેલો તે વીશેનો શેશન કોરટની રૂબરૂમાં તપાસમાં પુરાવ ઘણોજ ઓછોછે ગામના માજીસ્તરેટ રૂબરૂ જે કબુલત આપવામાં આવી છે તે ઉપરથી કામની મુખ્ય ખામીઓ પુરી પડતી નથી. અને તેથી જો તે પુરી પડતી હોય તો આવા રૂપની કબુલત જે લખી લેવામાં આવેલી નહી તે જો કે કાયદા પ્રમાણે દાખલ કરવા લાયક છે તોપણ તેના આધારથી કાંઇક કરવું એ નીરભય નથી.

માટે અમે તે કેદીને નીરદોશ ઠરાવીએ છીએ. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૬ પ્રમાણે જો કે ઠરાવેલી રીતી પ્રમાણે ચાલવામાં આવ્યું નથી તોપણ કમીટ કરનાર માજીસ્તરેટની રૂબરૂ તે કેદીએ કહેલી હકીકતની ખાતરી કરવા સારૂ શેશન જડજ શા વાસ્તે ચાલેલા નથી. તે અમે સમજી શકતા નથી.

ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ સપટેમ્બર સને ૧૮૭૮

મી૦ જષ્ટીશ ઇંન્સ અને મી૦ જષ્ટીશ મતુશામીઆયર સાહેબોની રૂબરૂ.

જોયારામ દવે વીગરે (કેદીઓ) અપીલવાળા.

પ્રેસીડેન્શી માજીસ્તરેટ આકટ—બજાવણી કરનાર લેણદાર.

પ્રેશીડેન્શી માજીસ્તરેટ આકટ (સને ૧૮૭૭ નો ૪ થો) ની કલમ ૧૬૭ માં "૭ માસથી વધારે નહી એવી કેદ અથવા રૂ ૧૦૦) થી વધારે નહી એવો દંડ" એવા શબ્દો છે તે ફકત મુખ્ય શીક્ષાઓને લાગુ થાય છે. અને દંડ આપવામાં કસુર કરવામાં આવે તો કેદની શીક્ષા કરવામાં આવે તેનો તેમાં સમાસ થાય એમ તે લાગુ થઇ શકતા નથી.

કારણ કે જો દંડ વસુલ આપવામાં ના આવે તોજ તેનો અમલ કરવાનો છે.

તોહોમતવાળા સખસો બજાવણી કરનાર લેહેણદારો છે તેઓએ અખત્યારવાળા બેલીફની સાથે મીલકત જપ્ત કરવાના ઇરાદાથી સુર્ય ઉદય થતાં પહેલાં ફરીઆદીના ઘરનું બારણું તોડયું. તેથી તેમને રાતરે ઘર પ્રવેશ કરયો અગર ઘર ફોડયું એ તોહોમતના ગુનેહગાર ઠરાવેલા છે. ઠરાવવામાં આવ્યું કે તેઓ શાપ્રાધપ્રવેશના ગુનહાના ગુનેહગાર નથી. કારણ કે તે ગુનહો બનવાને આવો કાંઇ ઇરાદો હતો એ વીશે કાંઇ ઠરાવ કરવામાં આવેલો નથીઃ અને જે ગુનહા બાબત તેઓના ઉપર આરોપ રાખવામાં આવેલો છે તેમાંના દરેક ગુનહા બાબત સાપરાધપ્રવેશની જરૂર છે. માટે તે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ થવો જોઇએ.

પાનુ ૩૦ સને ૧૮૭૮ ના નંબર ૨૧૫૭૪ ના કામમાં કયાલંડરમાં બતાવેલી શીક્ષાના હુકમો પ્રેશીડેન્શી માજીસ્તરેટની કોરટમાં કરવામાં આવેલા છે. તે ઉપર આ અપીલ કરવામાં આવી છે. એવા કારણોથી કે તે હુકમો રદ થવા જોઈએ. અને તે અપીલનો નીકાલ થતાની દરમીયાનમાં સદરહુ શીક્ષાઓનો અમલ બંધ રાખવો જોઇએ. અને અપીલવાળાઓને જામાન ઉપર છોડવા જોઇએ.

અપીલવાળા તરફથી મી૦ જોહાનસ્ટન.

ફરીઆદ તરફથી મી૦ તારન્ટ

નીચેના ફેંસલાઓ ઉપરથી ક.મની હકીકત અને તકરારો પુકત રીતે જણાય છેઃ—

જસ્ટીશ ઇંન્સ સાહેબઃ—આ કામ આશલ એક અપીલ ઉપરથી અમારી રૂબરૂ આવેલું છે. તોહોમતવાળાને હીં૦ ફો૦ કા૦ ની કલમ ૪૫૬ પ્રમાણે રાતરે એક ઘરમાં પ્રવેશ કરયા બાબત અગર રાતરે એક ઘર ફોડયા બાબતના તોહોમત ઉપરથી પ્રેસીડેનશી માજીસ્તરેટ મી૦ મતુસામીચેનીએ ગુનેહગાર ઠરાવી ૭ માસ આસાન કેદ તથા રૂ ૨૦૦] દંડ અગર તે આપવામાં કશુર કરવામાં આવે તો બીજી બે માસ આસાન કેદ વધારે ભોગવવાનો હુકમ કરેલો છે. નીચેના કારણેથી આ અપીલ કરવામાં આવેલી છેઃ—પુરાવ ઉપરથી જે ગુનહા બાબત ગુનહાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે તે ગુનહો થયો માલમ પડતુ નથી. અને તે ગુનહાની સાબેતીનો ઠરાવ પુરાવના વજન વીરૂધ તથા કાયદા વીરૂધ કરવામાં આવેલો છે. કાંઇ સાપરાધ ઇરાદા બાબત કાંઇ પુરાવ નથી. અને કામની તમામ હકીકત જોતાં તે નહી હતો એમ માલમ પડે છે.

સરકારના પ્રોસીકયુટરે આ અપીલની સુનાવણી વખતે એવી તક

૨૨ કરેલી છે કે આવા કામમાં અપીલ ચાલી શકતી નથી અને આ બાબત તકરાર સાંભળ્યા પછી અમારો એવો નીસ્ચય થયો છે કે તે કાયદાની સ્પષ્ટ ભાશા ઉપરથી કાયદા કરનારનો ઇરાદો ખુલ્લો જણાય છે કે આવા કામમાં કાંઇ અપીલ થવી જોઇએ નહી કારણ કે તે કેદીઓને કેદની શીક્ષા છ માસ કરતાં વધારે કરવામાં આવી નથી અને દંડ પણ રૂપીઆ ૨૦૦ કરતાં વધારે કરવામાં આવ્યો નથી.

ફો. કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૪ ની પાછલી રકમથી જે શીક્ષાના હુકમથી બે કરતાં વધારે સજાઓ જેમકે કેદ અને દંડની એકઠી કરવામાં આવેલી હોય તે ઉપર અપીલ કરવાનો અખત્યાર આપવામાં આવેલો છે એવો ઠરાવ પ્રેસીડેનસી માજીસ્તરેટના આ કટમાં નથી.

માટે માજીસ્તરેટે તે કેદીને છ માસ કરતાં વધારે કેદ અગર રૂપીઆ ૨૦૦ કરતાં વધારે દંડની શીક્ષા કરેલી છે કે નહી તે અમારે બધામાં જોવાનું છે. જો તેમ કરેલું ના હોયતો અપીલ ચાલતી નથી.

દંડની બાબતમાં અલબત કાંઇ અંદેશો નથી. એવી સુચના કરવામાં આવી છે કે દંડ વસુલ આપવામાં કસુર કરવામાં આવે તો જે કેદ ભોગવવાની છે તે મુખ્ય છ માસની કેદમાં અપીલના કારણસર વધારી શકાય છે. પરંતુ અમારી નજરમાં આવે છે કે છ માસની કેદ અગર રૂ. ૨૦૦) સુધીનો દંડ એ શબ્દોનો અર્થ ફકત મુખ્ય શીક્ષાઓ સબંધી છે. અને દંડ વસુલ આપવામાં ના આવે તો જે કેદ ઠરાવવામાં આવી હોય તેમાં તેનો સમાસ થઇ શકતો નથી. કારણ કે દંડ વસુલ આપવામાં ના આવે તો તેનો અમલ કરવાનો છે. આ વીચાર કલમ ૧૧ થી સાબેત થતો જણાય છે કારણ કે તે કલમમાં માજીસ્તરેટને પોતાની હકુમત પ્રમાણે ફકત બે વરસની કેદ કરવાનો જે અખત્યાર છે તે ફકત મુખ્ય શીક્ષા બાબત છે. અને દંડ વસુલ આપવામાં કસુર કરવામાં આવે તે વીશે જે કેદનો હુકમ કરવામાં આવે તે શીવાયનું તે તદન છે. આ કારણોથી અમે તે અપીલ ના મંજુર કરી હતી. પરંતુ એવી તકરાર કરવામાં આવી છે કે સને ૧૮૭૫ ના આક્ટ ૧૦ હાય કોરટની ફો. કા. ચ. ની રીતી બાબતનો છે તેની કલમ ૧૪૭ પ્રમાણે આ કામની ચોકશી અમે કરીશકીએ છીએ. સરકારના પ્રોસીક્યુટરે એવી હરકત લીધીછે કે તે કલમ પ્રમાણે અમે ચાલી શકીએ તેવી કાંઇ અરજી અમારી રૂબરૂ નથી. અને જે કાયદો ઉદ્દેશમાં બતાવ્યા પ્રમાણે હાય કોરટની અસલ ફોજદારી હકુમતમાં કેવી રીતે કામ ચલાવવું તે બાબત છે. તે કાયદા પ્રમાણે અપીલ કોરટ તરીકે અમે બેશી ચાલી શકતા નથી હાય કોરટનું એક ડીવીઝન

બેંચ અપીલનું કામ કરતા હોય તેથી પોતાની અશલ સ્થાનીક હકુમતની અંદરજે કામો ઉતપન થાય પછી તે દીવાની હોય કે ફોજદારીહોય પણ તેમાં પોતાની હકુમત વાપરવાને તે નાલાયક થતા નથી. કલમ ૧૪૭ મા માણે જે અખત્યારનો અમલ કરવાનો છે તે અશલ અમુક અખત્યાર વાપરવામાં આવનો હતો તેવોજ બરોબર નહી તોપણ તે સાથે ઘણો મળતો છે. અને તે ફો. કા. ચ. ની રીતના કાયદા પ્રમાણે ફરી તપાસનો અખત્યાર છે તે બાબતનો છે. માટે કોરટની અમુક શાખાસબંધી તેનો અમલ કરવાનો છે એમ નથી. જ્યારે કોરટને એમ જણાય કે પોતાની સ્થાનીક હકુમતની અંદરની અપીલ કોરટમાં કામ પોતાની કોરટમાંથી મંગાવવાનો હુકમ કરવાથી ન્યાયનો હેતુ પાર પડશે ત્યારે તે કલમ પ્રમાણે હુકમ કરવાને કોરટને જરૂર છે. અને અમારી હકુમત વાપરવાની જે સરત છે તે સરત ઉતપન થએલી છે એમ અમને જણાય છે. અને કામના કાગળો અમારી રૂબરૂ આવેલા છે તેથી તે કલમ પ્રમાણે કામ ટરાનસફર કરવામાં આવેલું હોય એવી રીતે તેની સુનાવણી કરવાને અમે ઠરાવ કરેલો હતો. તકરારની દરમીઆનમાં કટલાક અગતના સવાલો ઉતપન થએલા તેથી આજ સુધી અમે અમારો ફેંસલો આપવો બંધ રાખેલો હતો.

તોહોમતવાળાના ઉપર ઘરપ્રવેશ અગર ઘર ફોડયાનો આરોપ રાખવામાં આવેલો અને તેમને તે ગુનહાના ગુનહેગાર ઠરાવેલા છે. તે અગત્યનું નથી પણ તે ઠરાવ કરતી વખતે તે તોહોમત એક નહીંતો બીજું ધારવામાં આવ્યા શીવાય તેમાં આ બે જુદા ગુનાહમાંથી કયો ગુનો કરયાનું તોહમત તોહોમતવાળા ઉપર મુકવામાં આવ્યું છે તે સંપુરણ રીતે બતાવવું જોઇએ એવું અવલોકન અમે કરીએ છીએ.

ઠરાવના છેલા પેરેગ્રાફમાં ગુનાની સાબીતીનો ઠરાવ ઘર ફોડયાને વાસ્તે છે તેમ માલમ પડે છે અને માજીસ્તરેટ જયારે જે ગુનાનુ તોહમત મુકવામાં આવ્યુંછે તે બાબત તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવેછે ત્યારેજે તોહોમત મુકવા ધારેલુંછે તેફકત ઘર ફોડયાનું છે એમ માલમ પડેછે અને ઠરાવના પેંહેલા પેરેગ્રાફ ઉપરથી પણ આ જણાયછે. એમ છતાં પણ આ બે ગુનાહમાંના એકનો જરૂરનો ભાગ સાપ્રાધ ઘર પ્રવેશ બાબત છે. અને તે કામ, કલમ (૪૪૧) માં જે ઇરાદાઓ બતાવેલા છે તેમાંના એકથી જો કરવામાં આવ્યો હોય તે શીવાય સાપ્રાધ પ્રવેશ નથી. તે કલમ ૪૪૧ માં એમ કહેલું છે કે કોઇ ગુનોહ કરવાનો અથવા કોઇને તે ગુનોહ કરવાને ઉસ્કેરવાનો, અને કોઇ માણુસની પાસે પઇશા હોય કે જેના સબંધી સાપ્રાધ પ્રવેશ કહેવામાં આવેલો છે તે માણુસને અપમાન કરવાનો અથવાતો ધુજા કરવાનો, ઇરાદો અગર ધમકી આપવી એ ગુનો ઠરાવેલોછે. અમારે

ધ્યાનમાં લેવાનો સવાલ એ છે કે તે કેદીઓએ કરેલું કૃત્ય આ ઇરાદા- માંના એક ઇરાદાથી કરેલું છે એવું બતાવવાને કંઇ દફતરમાં છે કે નહી હકીકત જે માલમ પડી છે તે નીચે પ્રમાણે છે.

તે કેદીઓ ફરીઆદીના ઉપર હુકમનામું બજાવનાર લેણદાર છે તેમણે સ્માલકોઝ કોરટનો બે‍ફ જેને વારંટ સોંપવામાં આવ્યું હતું તે માં ફરીઆદીના ઘરમાં અમુક સામાન છે તે જપ્ત કરવાને હુકમ કરેલો હતો તેની સાથે આ કેદીઓએ જે દહાડો જણાવેલો છે તે દહાડે સુ- ર્યોદય પેહેલાં વાસેલાં બારણાં જોર જુલમથી ઉઘાડયાં અને ફરીઆદીના ઘરમાં પેઠા તે ઠરાવમાં બતાવેલું છે. અને અમને બીલકુલ શક નથી કે ઘણીજ હુશીઆરીથી કે સપુર્ણ રીતે કાયદેસર ઇરાદાથી તે હુકમનામું બજાવવાનો છેવટનો એવી રીતે ઘરની અંદર પેસવાનો ઇરાદો તે કેદી ઓનો હતો. એમ છતાં પણ એ છેવટનો હેતુ તેમનો હતો તેમ નકી થતું નથી. તે હેતુ જારી રાખવાથી ગુનોહ બની શકે અને કાયદેસર મુખ્ય હેતુ જારી રાખવાથી આવો ગુનોહ કરવાના ઇરાદાથી તે મીલકતમાં હાથ ઘાલવાથી સાપરાધ ઘર પ્રવેશનો ગુનોહ થાય એવીજ રીતે મુખ્ય હેતુની પાછળ લાગ્યાને લાગ્યા રહેવાના ઇરાદાથી જે વરતણુકથી વરતવામાં આ વે તેથી પછીથી ઉશકેરવાનો અપમાન અથવા ઇજા કરવાનો ઇરાદો થાય. અમે હાયકોરટના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની ક- લમ ૧૫૭ ના ઠરાવ પ્રમાણે હાથ ઘાલી શકીએ અને જો અમને કામના કાગળીઆમાં એમ માલમ પડે કે હકીકત જે હકીકત ઉપર માં જીસ્તરેટે ભરૂસો રાખેલો છે તે હકીકત કાંઇ બીજો ઇરાદો જેથી માજી- સ્તરેટના ઠરાવને ટેકો અપાય એવો ઇરાદો જણાય છે તો અમે તે કાય મ રાખવાને બધાએલા છીએ. દરેક માણુસનો પોતાના કર્યોનો સ્વભાવીક પરીણામનો ઇરાદો હોવો જોઇએ. અને બારણું તોડયાનો સ્વભાવીક પરી ણામ એ ફરીઆદીને ઇજા કરવાનો હતો અને તે માટે કેદીઓનો ઇજા ક- રવાનો ઇરાદો હશે એમ કહેવામાં આવેલું છે. જયારે એમ બતાવવામાં આવે કે કૃત્ય ઉપરથી પરીણામ થએલો છે ત્યારે આ નીયમ લાગુ કરવા ને કોરટ સંપુરણ રીતે મુખ્તીઆર છે. જેમકે બુધી પુરવક કૃત્ય કરી કો ઇને માર મારવાથી મોત પ્રસક્ષ રીતે થાય તો એમ અનુમાન થઇ શકેછે કે જયાં સુધી તે વીસે કાંઇ ખુલાસો આપવામાં આવ્યો નથી ત્યાં સુધી મારી નાખવાનો ઇરાદો હતો. પરંતુ તે વખતે પણ અનુંમાન કાયદાની બાબત નથી. તોહોમતવાળા સખશના મનમાં આવો ઇરાદો હતો એવી હકીકત ઉપરથી કોરટે અથવા જુરીને ખાત્રી થએલી હોવી જોઇએ. આ કામમાં હરકત કરવામાં આવી હતી એવુ માલુમ પડેલું નથી તોપણ સ

રજાંટની કહેલી હકીકત ઉપરથી મી૦ ડડલેએ તેમને પોતાના બારણા બાળ્યા બાબત ફરીઆદ કરી હતી એવો કાંઇક પુરાવ છે. આ ઉપરથી જો માજીસ્તરેટે ઠરાવ્યું હોત કે હરકત કરવામાં આવેલી હતી, અને તે હરકત કરવાને તે કેદીઓએ ઇરાદો રાખ્યો હતો, તે ઉપરથી જે નીશ્ચય કરવામાં આવે તેની સાથે અમે મળતા આવીએ નહી તોપણ તે ઠરાવ અમારે કબુલ કરવોજ જોઇએ. પરંતુ આ પ્રમાણે તેમણે ઠરાવ્યું નથી. મી૦ ડડલેને ધમકી આપવાને અથવા તેમનું અપમાન કરવાને કાંઇ ઇરાદો હતો એવો કાંઇ પુરાવ નથી. ગુનહો કરવાને ઇરાદો હતો તે બાબતમાં એમ સુચના કરવામાં આવી છે કે બારણાં તોડવામાં આવ્યાં તે નુકશાન છે, અને આ ગુનહો કરવાનો ઇરાદો હતો. તે કલમમાં તે કલમનો સમાશ કરવાને તે ઘરમાં પેઠયા પછી કાંઇક કરવાને ઇરાદો હોવો જોઇએ અને તે પેસવાની સાથે કરવામાં હોવો નહી જોઇએ એ શક ભરેલું હોય, પરંતુ આ બાબત નીરણય કરવાની અગત્ય નથી, કારણ કે જો કે માજીસ્તરેટે એવું ઠરાવ્યું છે કે બારણાં તોડવામાં આવ્યાં હતાં, તોપણ તે બારણાની કીમત અથવા તેનો ઉપીયોગ સમજી શકાય તેવી રીતે કમી થએલો છે અગર તેને ભારે હરકત થએલી છે એમ માજીસ્તરેટના અભીપ્રાયમાં આવેલું છે એવું બતાવવાને તે બસ નથી. અને આવી મતલબનો ઠરાવ કરયા વીના માજીસ્તરેટે જે નુકશાન ઠરાવેલું છે તે કરયાનો ગુનહો કરયો છે એમ અમે ઠરાવી શકતા નથી.

તાબાની કોરટના પ્રોસીડીંગની ફરી તપાસ કરવામાં કોરટની જે રથીતી છે તે પ્રમાણે કાંઇ હરકત થએલી છે, અગર બારણાં તોડવામાં આવેલાં છે તે બાબતમાં ઇરાદો હતો એવો ઠરાવ કરવામાં આવેલો નથી તેમ છતાં તેવો ઇરાદો હતો એમ ઠરાવી શકતા નથી. એક કામમાં બીગાડનો ગુનોહ કરવામાં આવ્યો હતો અગર બીજા કામમાં હરકત કરવામાં આવી હતી. અને તે કેદીઓમાંના દરેકના મનમાં તે બેમાંથી એક કૃત્ય કરવાનો ઇરાદો હતો એમ અમે કહી શકતા નથી. ખરી રીતે અમારી નજરમાં આવે છે કે હકીકત ઉપરથી ખુલ્લું જણાયછે કે તેઓના મનમાં ફકત એટલો ઇરાદો હતો કે અમારે અમારૂ હુકમનામુ બજાવવું.

માજીસ્તરેટનો ફકત એવો ઠરાવ છે કે બારણું તોડવામાં આવ્યું હતું અને તે તોડી શકતા નહી હતા. બેશક એ પ્રમાણે હતું પરંતુ દરેક છુટ્ટા કારકકૃત્ય ફોજદારી રાહે શીક્ષા કરવા લાયક નથી. અને ફકત બારણું તોડીને ઉઘાડવું તે પણ નકી, તે પ્રમાણે નથી,

હીં. ફો. કા. ની કલમ ૪૪૧ માં જે હીંદુસ્થાનનો કાયદો બતાવવામાં આવેલો છે તે પ્રમાણે અમુક ખાસ કામો શીવાય પ્રવેશ બાબત ફો.

જદારી તપાસ ચાલી શકે છે અને જે કૃત્યો કરેલાં માલમ પડેલાં છે તેથી તે કલમમાં બતાવેલી વ્યાખ્યા પ્રમાણે થએલું નથી માટે સાપરાધ પ્રવેશ થએલો નથી. સબબ રાત્રે ઘર ફોડવામાં આવ્યું નથી.

માટે ગુનાહની સાબેતી તથા શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ અને કેદીઓને છોડવાને ફરમાવીએ છીએ.

જષ્ટીસ મતુસામીઆયર—આ અપીલમાં ત્રણ સવાલોનો નીરણ્ય કરવાનો છે.

૧ અપીલ ચાલી શકે છે કે નહી.

૨ ફરી તપાસની કોરટ તરીકે અમે હાથ ધરી શકીએ છીએ કે નહીં.

૩ કામના ગુણદોશ પ્રમાણે તે ગુનાની સાબેતીનો ઠરાવ બરોબર નથી કે કેમ.

પેહેલા બે સવાલોનો નીકાલ થોડા શબ્દોથી અમે કરી શકીએ છીએ. જે કલમથી અપીલ સાંભળવાને અમને હકુમત મળેલી છે તેમાં ૭ માસ સુધીની કેદ અગર રૂ. ૨૦૦) સુધીના દંડની શીક્ષાના હુકમનો ઠરાવ છે. તેમા કેદ અગર દંડ અગર દંડ વસુલ આપવામાં ના આવે તો કેદના હુકમ વીશે કાંઇ નથી. તકરાર એવી છે કે મુખ્ય શીક્ષામાં દંડ બદલ કેદની શીક્ષા વધારવી જોઇએ. અને તે શીક્ષા ૭ માસને બદલે આઠ માસની કરવામાં આવેલી હોય એમ અમારે ગણવી જોઇએ. આવો અરથ તે કલમના શબ્દો વીરૂધ છે. કેદ અગર દંડ એવા શબ્દો છે તેની સાથે વધારે શબ્દો હોવા શીવાય સાધારણ રીતે જે કેદની અગર દંડની મુખ્ય શીક્ષા કરવામાં આવેલી હોય એવો અરથ થાય છે અને તે આકટની બીજી કલમોમાં તેથી જુદો ઇરાદો હોય, એમ કાંઇ છે નહીં.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે શીક્ષાના આ હુકમ ઉપર અપીલ ચાલી શકતી નથી.

બીજા સવાલની બાબતમાં જો શીક્ષાનો હુકમ કાયદેસર ના હોય તો તેની ફરી તપાસ અમે કરી શકીએ છીએ તે વીશે કાંઇ શક નથી. જો કે અશલ બાજુમાં અમે બેશી શીક્ષાના હુકમની ફરી તપાસ કરી શકીએ તોપણ અપીલબાજુમાં બેશી તે હુકમની ફરી તપાસ કરવાને અમે મુખત્યાર નથી એવી જે હરકત લેવામાં આવી છે તે વીશે અમારો જવાબ એ છે કે અમે જ્યાં બેશીએ ત્યાં હાય કોરટનુ એક ડીવીઝનબેંચ થાય છે. અને પ્રસીડેન્સી માજીસ્તરેટના ઠરાવની વ્યવસ્થા કરીએ છીએ. અને જ્યારે જરૂર પડે ત્યારે શીક્ષાના હુકમની ફરી તપાસ કરવાને અમે મૂખત્યાર છીએ.

ત્રીજા સવાલની બાબતમાં અમારી નજરમાં એમ નથી આવતું કે ગુનાની શાબેતીનો ઠરાવ બાહાલ રહી શકે કારણ કે જે હકીકત માલમ પડેલી છે તેથી તોહોમતવાળો ગુનહો બનતો નથી. માજીસ્તરેટે ઠરાવ્યું છે કે સવારમાં પાંચ વાગે પ્રોસીકયુટરના ઘરના બારણા જબરાઇથી ઉઘાડવા માં આવ્યાં હતાં. તેથી હી. ફો. કા. ની કલમ ૪૫૬ પ્રમાણે શીક્ષા કરવા લાયક ઘર ફોહેલું છે. ખુલ્લું છે કે ઘરમાં પેઠા પછી એક હુકમનામાની બજાવણીમાં અમુક મીલકત જપત કરવાની હતી અને તે કરવાને કેદીઓનો કાયદેસર હક હતો. માટે તે ઉપરથી સાપ્રાધ પ્રવેશ થવાને જે ઇરાદાની જરૂર છે તે ઇરાદાનું અનુંમાન થઇ શકતુ નથી. જપ્ત કરવાને જબરાઇથી બારણાં ઉઘાડવા ઉપરથી વ્યાજબી રાહે જે અશલ ઈરાદાનો અનુંમાન થાય છે તે ઇરાદો એવો છે કે પ્રોસીકયુટરનો પોતાના ઘરમાંથી અંજાણ્યા સખસોને બાતલ કરવાનો હક છે તે તોડવો ઘર તોડી પેસવામાં આવે તેથી આ હક તુટે છે એ નકી છે અને તેથી દાવો કરવા લાયક એક અપકત્ય થાય છે. પરંતુ તે ફોજદારી રાહે ગુનોહ કેવી રીતે થાય તે અમારા સમજવામાં આવતું નથી. એમ કહેવામાં આવેલું છે કે ગેરકાયદે હરકત કરવાથી ફોજદારી ગુનો બને છે જો તેમ હોય તો દરેક દીવાની રાહાનો પ્રવેશ તે પ્રમાણે ગુનાહ થાય. દીવાની હક તોડવામાં આવે અને તેથી એક રીતે હરકત કરી એમ ગણી શકાય આ કોરટે વારંવાર ઠરાવ્યું છે કે દરેક દીવાની પ્રવેશ તે સાપ્રાધ પ્રવેશ નથી. કલમ ૪૪૧ નો હેતુ એવો જણાય છે કે એક સખસના કબજાની મીલકતમાં બીજો સખસ અમુક કૃત્ય કરવાના સાધન તરીકે પેસે તો જે ઇરાદાથી પેસવામાં આવેલું હોય તે કૃત્ય સબંધીનો ઇરાદો ગણાય છે. આ કામમાં બજાવણીમાં મીલકત ફક્ત જપ્ત કરવાના સાધાન તરીકે પેસવામાં આવેલું છે અને તે સંપુરણ રીતે કાયદેસર હતું એવાં કામ હોય છે કે જેમાં છેવટનો હેતુ કાયદેસર હોય પણ તે હેતુ મેળવવાને જે સાધન વાપરવામાં આવે તે ફોજદારી રાહનાં થાય. પરંતુ આ કામમાં બજાવણીમાં અમુક મીલકત જપ્ત કરવા શારૂ તે ઘરમાં જબરાઇથી પેસવામાં આવ્યું તેની સાથે કાંઇ કૃત્ય કરવામાં આવ્યું એવો કાંઇ ઠરાવ નથી.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે ફકત તે પેસવાની રીતી ઉપરથી સાપ્રાધ ઇરાદા વીશે માજીસ્તરેટે અનુંમાન કરેલું છે તે બરોબર નથી.

એવી તકરાર કરવામાં આવી છે કે અમારી રૂબરૂ જે પુરાવ છે તે ઉપરથી પેસવાથી બીગાડ થએલો છે એમ થાય છે. પરંતુ કાંઇ બીગાડ થએલો હોય એવો ઠરાવ કરવામાં આવેલો નથી. તે ગુનાહનો આરોપ

પણ રાખવામાં આવેલો નથી અગર તે વીસે તપાસ કરવામાં આવી નથી.

આ કારણોથી પણ અમારા અભીપ્રાયમાં આવે છે કે તે શીક્ષાનો હુકમ રદ કરવો જોઇએ.

ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૫ અકટોંબર સને ૧૮૭૮

મી૦ જસ્ટીસ ઇન્સ (કામ ચલાઉ ચીફ જસ્ટીસ) મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

આરોફીયમ અરજદારના કામમાં.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૭—હાયકોરટ–ફરી તપાશ.

એક ભારે બખેડો થતાની દરમીઆનમાં' એક બંદુકની ગોળીથી ઘાને મારી નાંખવામાં આવ્યો. પેહેલા તથા બીજા કેદીઓ ઉપર ખુનનો આરોપ રાખવામાં આવ્યો હતો. પેહેલા કેદીની કહેલી હકીકત તથા તેના સાક્ષીઓ ઉપર ભરૂંસો રાખી સેશન જડજે માન્યુ કે તેણે પોતાના બચાવમાં તે બંદુક છોડી હતી તેથી તેને નીરદોશ ઠરાવ્યો. મરનારની વીધવાએ એવી અરજી કરી કે કોરટે પોતાનો ફરી તપાશનો અખત્યાર વાપરવો જોઇએ.

ઠરાવ્યું કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૭ ના ઠરાવ પ્રમાણે હરકોઇ રીતે બાતમી મળવા ઉપરથી હાયકોરટ પોતાનો ફરી તપાસનો અખત્યાર વાપરી શકેછે.

બીજુ' એવું ઠરાવવામાં આવ્યું કે કાયદા કરનારનો એવો ઇરાદો નથી કે કલમ ૨૯૭ ની પેહેલી રકમ પ્રમાણે જે અખત્યાર આપવામાં આવેલો છે તે અખત્યાર અમુક ભુલોના કામમાં વાપરવો જોઇએ. અને તે રકમની નીચેની રકમોમાં ઠરાવેલી રીતી પ્રમાણે વાપરવો જોઇએ કે જે રીતી ફકત તે ભુલના કામોમાં એવી રીતે ચાલવું તે બતાવવાને ઇરાદો રાખે છે.

ત્રીજુ એવું ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ તરફથી જે પુરાવ શેશન જડજની રૂબરૂ રજુ થઇ શકતો હતો તે રજુ કરવામાં આવ્યો નથી. તે હાયકોરટને ફરી તપાસ કરવાનુ કારણુ થતુ નથી.

ચોથું એવું ઠરાવવામાં આવ્યું કે "અગત્યની ભુલ" એવા શબ્દો તે કલમમાં છે તેનો અરથ પૂરાવની બુજ કરવામાં ભુલ કરેલી છે એમ થઇ સકતો નથી.

પાંચમું એવુ ઠરાવવામાં આવ્યું કે કલમ ૨૯૭ ની ૧ ી રકમ

પ્રમાણે ગુનહાની સાબેતીના ઠરાવ ઉપર અપીલ થયા શીવાય હકીકતી શવાલ હાયકોરટ રદ કરી શકતો નથી.

પાનું ૩૮ આ અરજી ફો. કા. ચ. ની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આ૦ ૧૦) ની કલમ ૨૯૭ પ્રમાણે કરવામાં આવી હતી તેમાં, સને ૧૮૭૮ ના કેલંડરમાં નંબર ૯૧ ના કામમાં દક્ષણ તાનજોરની શેશન્ કોરટનો ઠરાવ અને શીક્ષાના હુકમ બાબત ફરી તપાસ કરવાને હાયકોરટને અરજ કરેલી છે.

અરજદાર તરફથી મી૦ વેડરબર્ન.

ગુનહાની સાબેતીના ઠરાવના આધારમાં સરકારી વકીલ. (મી૦ હેડલી)

કોરટે નીચેના ઠરાવ કરયા:—

ચીફ જષ્ટીશ ઇનીસ—એક ભારે બખેડામાં એક શીનાપાગેલ નામના સખશને બંદુકની ગોળીથી મારી નાંખવામાં આવ્યો હતો. નંબર ૧ લાના કેદી અને બીજાઓના ઉપર બીજા તોહોમતોની સાથે ખુનનું તોહોમત મુકવામાં આવ્યું હતું તે શેશન જડજ સાહેબે ખુનના તોહોમતમાંથી નીરદોશ ઠરાવવામાં પુરાવો એક બીજા વીરૂધ હતો. પણ જયારે ખુલ્લા મેહેલ્લાની અંદર નંબર ૧ લાનો કેદી હતો ત્યારે નંબર ૨ જાના કેદીની ઉશકેરણીથી તે માણુસના સામી સંપુરણ ઇરાદાથી બંદુક ફોડી અને તેને મારી નાંખ્યો. એવો પુષ્કળ પુરાવો હતો. બીજો પુરાવો એવો હતો કે તે બંદુક નંબર ૨ ના કેદીના ઘરમાંથી ફોડવામાં આવી હતી. નંબર ૧ ના કેદીએ માજીસ્તરેટની રૂબરૂ બંદુક ફોડયાની વાત ઈનકાર કરી. પછીથી તે ફોડયાની વાત કબુલ કરી પણ કહયું કે જે પક્ષની તરફ એ હતો તેમણે નંબર ૨ ના કેદીના ઘરમાં આશરો લીધો હતો. માટે જાતીકા બચાવ સારૂ ફોડવામાં આવી હતી અને જયારે બીજા પક્ષના માણુસોએ તે ઘરને સળગાવવાની ધમકી આપી અને એ ધમકીનો જો અમલ કરવામાં આવે તો તેણે ધારયું કે તે બચી શકશે નહી ત્યારે ફોડવામાં આવી હતી શેશન જડજ સાહેબે કેદીની તે હકીકત માની અને તેને મુકત કરયો. મરનાર માણુસની વીધવાએ આ અરજી કરેલી છે તેમાં તે બાઇએ તે કામના કાગળો મંગાવવાને અને વ્યાજબી હુકમ લાગે તે પ્રમાણે તે કરવાને અરજ કરેલી છે એટલે અમારી ફરી તપાસની હકુમતનો અમલ કરવાને અરજ કરેલી છે.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૭ ની ભાશા ઉપરથી ખુલું જણાય છે કે હાયકોરટની રૂબરૂ હકીકત ગમે તે રીતે રજુ થાય

૫

પણ હાયકોરટ પોતાનો ફરી તપાસનો અખત્યાર વાપરી શકેછે. માટે આ કામમાં જેમ ખાનગી સ્થીતીનો માણુશ ફરીઆદી છે તેણે અરજ કરી ફરી તપાસ કરાવવાને માગેલું છે તે બાબત થોડી મુદત ઉપર અલ્હાબાદ હાયકોરટે વીચાર કરેલો છે. પરંતુ તે વીશે કોઇ પણ કામમાં આ કોરટમાં શક લેવામા આવેલો હોય એમ અમે જાણુતા નથી.

અમુક હકીકત હોય ત્યારે હાથ ઘાલવાનું કાંઇ કારણ છે કે નહી અને જો હોય તો ફરી તપાસ કરીને એમને હાથ ઘાલવાનો અખત્યાર છે કે નહી એ ઘણો અગત્યનો શવાલ છે.

ખુનના તોહોમત બાબત કમીટીંગ માજીસ્તરેટે કમીટ કરયાનાં કહેલાં કારણો જોવાથી એમ માલમ પડે છે કે પડદાની જે સ્થીતી અને જે જગ્યાએ હતો તેમાંથી કેદીએ બંદુક છોડી હતી એ જે કહ્યું તે નંબર ૧ લાના કેદીએ જે હકીકત બની હતી તે વીશેનું તેનું કેહેવું જુઠું ઠરાવવાને સમજાવવામાં આવ્યો હતો. પણ જે હકીકત ઉપરથી કમીટીંગ માજીસ્તરેટને આવી અશર થઇ તે વીશે સેશન્શ કોરટની રૂબરૂ કાંઇ પુરાવો આપ્યો હોય એમ જણાતું નથી.

અલ્હાબાદનો જે ઠરાવ બતાવવામા આવેલો છે તેમાં જષ્ટીશ ઓલ્ડફીલ્ડ સાહેબે જે એવો અભીપ્રાય બતાવેલો છે કે કલમ ૨૯૭ ની રકમ ૧ લી પ્રમાણે આપેલો અખત્યાર ભુલના અમુક કામોમાં 'સદરહુ રકમની નીચેની રકમોમાં બતાવેલી અમુક રીતીએ વાપરવો જોઇએ એવો કાયદા કરનારનો ઇરાદો નથી. કારણ કે તે રકમોનો ફક્ત ઇરાદો એવું બતાવવાનો છે કે ભુલના તે અમુક કામોમાં અમુક રીતીએ ચાલી શકાય છે.

માટે આ કામમાં જો એવી કાંઇ અગત્યની ભુલ થઇ હોય કે જેથી ફરી તપાસનો અખત્યાર વાપરવાને યોગ્ય રીતે જરૂર પડે તો અમે રકમ એક ઉપર લક્ષ રાખી (બાજી રકમો લાગુ થતી નથી) તે પ્રમાણે ચાલી શકીએ છીએ.

કમીટ કરનાર માજીસ્તરેટે તે મકાનની સાથે સબંધ રાખનાર અમૂક હકીકત છે તે તેમના અભીપ્રાય પ્રમાણે પેહેલા કેદીની કહેલી હકીકત ખોટી છે એમ બતાવી આપે છે તે હકીકત જોએલી છે. અને તે અમારા જોવામાં આવેલું છે. આ હકીકત શેશન કોરટની રૂબરૂ પુરાવમાં નહીં હતી જો તે છોડી દેવામાં આવી હોય તો ન્યાયની રૂઇના કામમાં અગત્યની રીતે ભુલ છે એમ શું કહી શકાય.

જે હકીકત અગત્યની ગણુવામાં આવે તે તમામ પૂરાવમાં આપવાને ફરીઆદી તરફથી કુલ અખત્યારમાં હતું એમાં કાંઇ શક નથી. અ

ને જે બાબત ઘણું કરીને કોરટના જાણવામાં નહીં હતી તે બાબત પુરાવ નહી લેવાથી કોરટ ભુલ ભરેલી રીતે ચાલેલી છે એમ કહી શકા તું નથી.

નીરદોશનો ઠરાવ કરયા પછી જો મને અભીપ્રાય બતાવવાને અખ્તીયાર છે એમ જો અમને લાગ્યું હોય તો વખતે સીનાપાયેલનુ મોત થવામાં કેવી હકીકત હતી. તે વીશેનો પુરાવ શેશન જડજે યોગ્ય રીતે વીચારમાં લીધો છે કે નહી તે વીશે શક રાખવાને અમારૂ વળણ થવું જોઇએ. જે ગોળીથી મોત થયું તે ગોળી મારતી વખતે બીજી ટોળીના જુસાને સંબંધે નંબર ૧ થી કે ૧૩ સુધીના કેદીઓ બીજા કેદીના ઘરમાં પોતાનો બચાવ કરવાને રહયા હતા એમ હોય. પરંતુ તે જડજે તે પુરાવનુ વજન કરતાં પેહેલાં કેદીને તથા તેના સાક્ષીઓને માનેલા છે અને જે સખસોએ તે માણસને ગોળી મારી તે વીચાર પૂરવક મારવામાં આવેલી હતી. એમ કહેલું છે. તે સખસોના ઉપર તેમણે ભરૂસો રાખ્યો નથી. પુરાવનુ વજન કરવામાં જે ભુલ થએલી હોય તે ભુલનો અગલની જુગામાં સમારા થાય છે એવો ઇરાદો રાખી શકાય છે. એમ અમારી નજરમાં આવતું નથી. કલમ ૨૯૭ થી જુના કાયદાની કલમ ૪૦૪ અને ૪૦૫ નો ફેલાવો કરવામાં આવેલો છે. અને મદ્રાસ હાયકોરટે સને ૧૮૬૭ ની શાલમાં ઠરાવ્યું છે કે જયારે જે કોરટને અમુક તોહોમતવાળાએ ગુનહો કરયોછે કે નહી તે વીશેનો નીરણય કરવાનો હોય ત્યારે તે કોરટે જે પુરાવનો વીચાર કરી વજન કરવાનું છે તેમાં પુરાવનું વજન અને હેતુ સંભવીત રીતે એવો છે એમાં જે ભુલ થાય તે હકીકતની ભુલ છે અને જો ગુનહાની સાબેતીનો ઠરાવ જો કરવામાં આવેલો હોય તો તે ઉપર અપીલ થયા શીવાય તે દુરસ્ત થઇ શકતી નથી.

માટે આ વીચાર એક સરખી રીતે કલમ ૨૯૭ ની ૧ લી રકમને લાગુ થાય છે અને ગુનાહની શાબેતીના ઠરાવ ઉપર અપીલ થયા શીવાય તે ઠરાવ કેવો થવો જોઇએ એ વીશેના અમારા વીચાર તે ઠરાવને બદલે કાયમ રાખી તે ઠરાવ રદ કરવાને તે રકમ પ્રમાણે અમને અખત્યાર નથી એ વીશે અમને કાંઇ શક નથી.

પહેલા અને બીજા કેદીને ખુનના ગુનેહગાર ઠરાવવા જોઇતા હતા તે મતલબનો ઠરાવ કરવો જોઇતો હતો માટે તેવો ઠરાવ કરવાનો અમને અખત્યાર છે એમ અમે કહી શકતા નથી.

પછી અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે ગમે તેવી હકીકત હોય પણ હકીકત માલમ પડી છે તે પ્રમાણે કાયદો તે હકીકતને ખોટી રીતે લાગુ કરવામાં આવ્યો છે અને તે ઠરાવ પ્રમાણે તે કેદીઓ

શીક્ષણીય મનુષ્યવધના ગુનહેગાર ઠરાવવા જોઇતા હતા. જો તે હકીક તને કાયદો ખોટી રીતે લાગુ કરવામાં આવેલો હોય તો કાયદા પ્રમાણે બેશક તે એવી ભુલ થાય છે કે જેથી ફરી તપાસનો અખત્યાર વાપરવાની અમને જરૂર પડે, જેમ કે જો તે જડજે એમ ઠરાવ્યું હોત કે તે કેદીએ વીચાર પુરવક અને ઇરાદાથી કાંઇ પણ કારણ સીવાય તે માણસને મારી નાંખ્યો. અને એવો અભીપ્રાય બાંધ્યા છતાં તે કેદીને નીરદોશ ઠરાવેલો હોય તો હાય કોરટ તે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ કરી શકે છે. પરંતુ આ કામમાં જે હકીકત માલમ પડી છે તે એવી છે કે એક જુસ્સાવાળા ટોળાએ એક મકાન ઉપર હુમલો કરયો તેથી એવી હકીકત બની હતી કે તે મકાનની અંદર જે સખસો હતા તેમને મોત અથવા મહાવ્યથાની ધાસ્તી રહે એવું વ્યાજબી રાહે થઈ શકેછે. માટે ખાનગી બચાવનો હક મોત કરવાની બાબતમાં લાગુ થાય છે. તો જે સખસોને તે બખેડા સાથે નીશબત ના હોય તેઓ એની વધારે શાંત સમજ પ્રમાણે એક તરફ તેઓને એવી ખાતરી હોય કે બચાવના કારણસર તે ગોળી મારવાથી જે નાશવંત અશર થાય તેથી કાંઇ કારણસરે નહી પણ તેની સાથે તે હક તેમને કાંઇ ઓછો લાગુ થાય છે એમ નથી.

માટે અમે ફરી તપાસનો અખત્યાર વાપવાને આ કામમાં ના કહીએ છીએ.

જસ્ટીસ મતુસામીઆયર સાહેબ—અમે મળતા આવીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ જાનેવારી સને ૧૮૭૯

મી૦ જસ્ટીસ ઇન્સ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

કેશરેહીંદ વીરૂધ ખોગાઇ (પેહેલો કેદી)અપીલંવાળો.

હીં. ફો. કા. ની કલમ ૩૦૦—ગુસ્સો થવાની જરૂર—ગુનહેગારના મનની સ્થીતી બાબતનો પુરાવ દાખલ કરવા લાયક છે.

હીં. ફો. કા. ની કલમ ૩૦૦ ના હેતુ પ્રમાણે ગુનહેગાર પોતાના ઉપરના પોતાના દાબમાંથી પોતે બાતલ થાય તેવો ગુસ્સો હોવો જોઇએ માટે તેવો ગુસ્સો હતો કે નહી તે વીશેનો નીરણય કરવાને તે ગુસ્સાની વખતે ગુનહેગારના મનની સ્થીતી લક્ષમાં રાખી એ કબુલ કરવા લાયક છે.

પાનુ ૧૨૨ અપીલવાળાના ઉપર (૧ લો કેદી) એક સરાડીના ખુનનો આરોપ અને બીજા તોહોમતવાળા (બુદી)ના ઉપર ખુનમાં મદદ કરયા બાબત આરોપ રાખવામાં આવેલો છે.

એ કેદીઓ પોતાના ખેતરમાં હતા અને બધને મજબુત કરતા હતા. તાતા તથા એક બીજો સખસ (ભરવાડો) પોતાનાં ગેટાનું ટોળુ લેઇને તે ખેતર પાસે થઇને જતા હતા તે ટોળામાંનાં કેટલાંક ઘેટાં તે બંધ ઉપર ગયાં અને તે બંધને નુંકશાન થવાથી તેઓને ઇજા થઇ તેથી તેમણે એ ભરવાડોને ગાળો દઇ માર મારયો આ વખતે તાતાનો બાપ (મરનાર) તથા એક બીજો સખસ આવ્યા મરનારે પોતાના છોકરાને પકડયો. અને તેને પુછયું કે તે કેદીઓએ તને શા વાસ્તે મારયો અને તેમણે ગાળો દીધી. પેહેલા કેદીએ તે ઉપરથી પોતાના હાથમાં એક ભારે લાકડી હતી તે મરનારના માંથા ઉપર એક બાજુએ મારી અને તેને મારી નાખ્યો.

શેશન જડજે પેહેલા કેદીને (અપીલવાળો) ખુનનો ગુનહેગાર ઠરાવ્યો અને હયાતી સુધી સમુદ્રપારની શીક્ષા કરી બીજા કેદીને નીરદોશ ઠરાવવામાં આવ્યો.

પેહેલા કેદીએ અપીલ કરી પરંતુ તેની તરફથી કોઈ કાંઉશલ હાજર નહી હતો તેથી ગુનહાની સાબેતીના ઠરાવની પૂષ્ટીમાં "સરકારી વકીલની તકરાર સાંભળી અને હાય કોરટે નીચે પ્રમાણે ઠરાવ કરયો.

ઠરાવ—સરકારી વકીલ ગુનહાની સાબેતીના ઠરાવની પુસ્ટીમાં હાજર થએલા છે તેમણે એવી તકરાર કરી છે કે ગુસ્સો જે ઉતપન કરવામાં આવેલો હતો તેથી કેદીએ કરેલું કૃત્ય કરવાને કેદી લલચાયો હતો તે ગુસ્સો કેવી રીતનો હતો તેનો નીરણય કરવામાં મરનાર તે જગોએ આવ્યો તે પહેલાંની થએલી તમામ હકીકત ધ્યાંનમાં લેવી નહી જોઇએ કારણ કે તે પ્રવેશ કરવામાં તથા હુમલો કરવામાં તેણે કાંઇ ભાગ લીધો હોય અને તેના છોકરાની વરતણુંક ઉશકેરે તેવી હોય એવું બતાવવાને કાંઇ પણ નથી. કલમ ૩૦૦ ના હેતુ પ્રમાણે જે સખસના મોતની તપાસ ચાલે છે તે સખસે પોતાના કૃત્યથી અગર બીજાઓના કૃત્યથી કે જે કૃત્યને તે મરનારે ઉશકેરેલા હોય અગર બીજી રીતે મદદ કરી હોય તેથી ઉતપન થાય તેવો ગુસ્સો હોવો જોઇએ એવો કાયદો છે એમ ધારીએ અને તેથી આ કામમાં મરનારે જે ગાળો દીધેલી તેથીજ તે ગુસ્સો ઉતપન થયો હતો તો અમારી નજરમાં આવે છે કે તે કલમના હેતુ પ્રમાણે તે ભારે અને એકાએક ગુસ્સો થએલો હતો.

તે ગુસ્સો એવો હોવો જોઇએ કે જેથી ગુનહેગારને પોતાના ઉપરનો

પોતાનો દાબ રહે નહી તે ગુસ્સો તેવો હતો કે નહી તેનો નીરણય કરવા માં ગુસ્સાની વખતે ગુનહેગારના મનની સ્થીતી કેવી હતી તે ધ્યાનમાં લેવા લાયક છે. આ કામમાં જે સખસને મરનારના દીકરાની વરતણુંક ઉપરથી વ્યાજબી રાહે ગુસ્સો થએલો હતો તે સખસને ઘણીજ ખરાબ પ્રકારની ગાળો દેવામાં આવી હતી. આવી હકીકત છતાં અમારી નજર માં આવે છે કે તેનો પોતાનો મનનો દાબ રહી શકે નહી તેવો તે ગુસ્સો પુરતરીને હતો માટે ખુનના ગુનહાની સાબેતીનો ઠરાવ અમે રદ કરીએ છીએ અને શીક્ષાણીય મનુંષ્યવધનો ગુનહો તેને બદલે ઠરાવી તે કેદીને સાત વરસ સખત મજુરી સાથે કેદની સજા કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૩ મે સને ૧૮૮૦

સર ચાર્લસ એ. ટરનર નાઈટ ચીફ જષ્ટીસ અને મી૦ જષ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

લીનગામ રામાના તથા બીજા બે સખસો (અરજદારો)અપીલવાળા.

મદદ—ખોરાક પુરો પાડવો.—

એકાદો સખસ ગુનહો કરવાનો હોય તેને ખોરાક પુરો પાડવાથી તે ગુનાહ કરવામાં મદદ કરી એમ અવસ્યે કરીને થતુ નથી. પરંતુ જો તે ગુનહેગારે ગુનહો કરવાની જગે એ જવાનો ઇરાદો રાખેલો હોય તે જ ગોએ જવાને મુસાફરી તે કરી શકે અગર ગુનહો કરવાનો લાગ મળવા ને તે છુંપો રહી શકે તે કારણસર જો તેને ખોરાક પુરો પાડવામાં આવ્યો હોય તો તે ગુનહો કરવામાં સેહેલાઈ કરી એમ થાય છે અને તે સેહેલાઇથી થઇ શકે છે.

પાનું ૧૩૭ ગોદાવરી ડીવીઝનના સેશન જડજે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૩ પ્રમાણે આ કામ મોકલેલું છે.

આ કામનો વીચાર કરતાં કેદીઓ તરફથી કોઇ હાજર નથી અને કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો

ફેંસલો:—કેદી લીનગામ રામાના, મેરીઆ લાબા લાદુ અને વાલાલા બોલેઆના ઉપર પ્રથમ એવો આરોપ રાખવામાં આવેલો કે તા૦ ૧૮ નવેંબર સને ૧૮૭૯ ના રોજ ડાકાઇટી કરવાનાં મદદ કરી અને તે મદદથી ડાકાઇટી થએલી છે અને બીજો એવો આરોપ રાખવામાં આવ્યો કે તેજ તારીખે જે ડાકાઇટી તે મદદ કરવાથી થએલી નથી તેવી ડાકાઇટી માં મદદ કરેલી છે. તપાસ વખતે જે પુરાવ આપવામાં આવેલો છે તે

નીચે પ્રમાણે છે. તા૦ ૧૮ નવેંબરની રાત્રે બીજા અને ૩ જા કેદીને ચાર બળદની પોઠોમાં ઘઉ, પાડી અને ચોલામ ભરીને મારી પોલીયમ લઇ જતાં જોવામાં આવેલા હતા. અને તેથી તેઓને બોલાવવામાં આ-વ્યા અને તે પાછા આવતાં તેમની પછવાડે કેદી રામાના આવ્યો તે રામાનાને લશકરી અમલદારે પુછતાં તે રામાનાએ કહયું કે "કારંમતામાનદોરા બે વખતે અમારે ગામ આવ્યો હતો" અને તેણે ખોરાક આપવાની અમને ફરજ પાડી હતી. ... ... જે દાણા હું લેઇ જાઉ છું તે માહારા ફકત ઉપયોગને સારૂ છે" કેદી બાલાદૃએ કહ્યું છે કે "લીગામરામાના (એટલે પેહેલો કેદી) અને બીજાઓ કેટલી મુદતથી કારંમતામાનદોરા અને તેના માણસોને પુરૂ પાડે છે. રામાનાએ મને તથા બુલેયાને પાડી ખરીદ કરવા સારૂ છ રૂપીઆ આપી મોકલ્યા હતા. અમે કોટાપાલે ગયા અને તે ખરીદ કરી અને તે લઇને ગઇ રાતરે મારી પોલીયમ પાછા ગયા હતા. ત્યાર પછી કોટાપાલેથી લોકો આવ્યા અને અમને તથા દાણાને પાછા અહીંઆં લાવ્યા. તે પાડી રામાનાએ આણેલી તે તામાનદોરાને માટે હતી એવો ઇરાદો રાખવામાં આવ્યો હતો. વળી તામાનદોરાને માટે અમારી મારફતે મીઠું મોકલ્યું હતું." તે કેદી બુલેયાએ કહયું છે કે "લીગામરામાના તે તામાનદોરાને તથા તેના ટોળાને પુરૂ પાડે છે. થોડી મુદત ઉપર મને તથા બાલાદૃને કોટાપાલેથી બીજી પાડી લેવા મોકલ્યા હતા. અમે ગઇ રાતરે તે મારીપાલીયમ લઇ ગયા અને પાછી આજ સવારમાં અહીંયાં આણી" શેશન કોરટમાં કેદી રામાનાએ કહયું છે કે મારા બે બળદો તથા એક ગંગાયાની બે બળદોની સાથે મારા પોતાના ઉપયોગને સારૂ દાણા ખરીદ કરવાને બીજા બે કેદીઓને મે મોકલ્યા હતા. કેદી બાલાદુએ કહયું છે કે રામાનાએ મને પોતાના ઉપયોગ સારૂ દાણા ખરીદ કરવાનું મોકલ્યો હતો અને તે પ્રમાણે મેં કરેલું છે. અને કેદી બુલેયા કહેછે કે ગંગાયાએ દાણા ખરીદ કરી મારીપોલીયમ મુકી આવવાને મને મોકલ્યો હતો અને તેના વીચારમાં રાતની વખતે તે લઈ જવાં તે વધારે નીરભય છે એવું આવવાથી હું તે દાણા રાતરે લેઇ ગયો.

જુરીએ તે કેદીઓને નીરદોશ ઠરાવ્યા.

જડજના વીચારમાં આવ્યું છે કે તે કેદીઓએ ડાકાઇટી કરનારાઓને મદદ કરેલી છે માટે તેમને ગુનેહગાર ઠરાવવા જોઇએ. પરંતુ બે આરોપમાંથી કીયા આરોપ બાબત ગુનેહગાર ઠરાવવા તે તેમણે કહેલું નથી.

કારમતા માનદોરાએ ડાકાઇટી કરવાનો ઇરાદો રાખ્યો હતો અને

જો કે પેહેલો કેદી, તે કરવામાં મસલત કરવામાં નહીં હતો તોપણ તે વાત તે જાણતો હતો તેમ છતાં કારામતામાનદોરાને ખોરાક આપીને તે ડાકાઈટી કરવાને સેહેલાઇ થાય એવો પેહેલા કેદીએ ઇરાદો રાખ્યો હતો. અને તે વીશે સેહેલાઇ થઇ હતી એમ ધારીએ તો પણ આ તોહોમતવા-ળાએ દાણા પુરા પાડયા સબંધી તે કેદીઓમાંના કોઈને તે ડાકાઇટીમાં મદદ કરવાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવવાને કાંઈ પુકત કાર-ણ નથી. આથી કાંઇ વધારે બતાવવામાં આવ્યું નથી એટલે કે બીજો અને ત્રીજો કેદી પેહેલાં કેદીને ઘેર જતા હતા, અને તે દાણા મળ્યા એ હલે પેહેલા કેદીએ પોતાનો ઇરાદો બદલ્યો હોય અથવા પેહેલા અને બીજા કેદીએ કારામતામાનદોરાને દાણા આપવા જવાને ના કહી હોય. જ્યાંસુધી તે ગુનહો કરવાને ખરી રીતે કાંઇ ઇલાજ કરવામાં આવ્યો નથી ત્યાંસુધી કોશીશના ગુન્હેગાર તેઓને ઠરાવી શકાતા નથી. જે ખરી રીતનો વેહેવાર છે તે જો પુરો થયો હોત તો તેથી મદદ થાત માટે કારાગતા માનદોરાને ખોરાક મોકલવો સરૂં કરેલો હોય એમ બતાવવામાં આવેલું નથી. જે બતાવવામાં આવેલું છે તે એછે કે પેહેલો કે-દી કારામતા માનદોરાને પુરૂ પાડવાના ઇરાદાથી તે મંગાવતો હતો.

વળી કારામતા માનદોરા ડાકાઇટી કરવાનો હતો એવું બતાવવાને કાંઈ પુરાવ ગુજારવામાં આવ્યો નથી. અને જો તે શાબેત થયું હોય તો તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવાને એમ વધારે બતાવવું જોઇએ કે તે ગુન્હો કરવાને સેહેલાઇ મળવા સારૂં તે ખોરાક પુરો પાડવામાં આવ્યો હતો અને તે પુરો પાડવાથી તે ગુન્હો કરવાને સેહેલાઇ મળત.

જે સખસ ગુન્હો કરવાનો હોય તેને ખોરાક પૂરો પાડવાથી તે ગુ-ન્હાની મદદ અવસ્ય કરીને થાય છે એમ નથી. મદદ થવાને ઉસ્કેરણી અગર મસલત અને પછી તે પ્રમાણે કાંઇ કૃત્ય અગર કાયદા વીરૂધ રી તે કાંઇ નહીં કરવું અગર કાંઇ ચીજ કરવાને ઇરાદા પુરવક મદદ કરવી એવું હોવું જોઇએ. માટે અમુક કૃત્ય કરતાં પહેલાં અગર તે વખતે તે કૃત્ય કરવાને સેહેલાઇ મળે અને તેથી સેહેલાઇ થાવ એવું કાંઇ કૃત્ય કરે તો તે કરનાર સખસે મદદ કરી એમ કહી શકાય છે.—હીંદુસ્થાનના. ફો-જદારી કાયદાની કલમ ૧૦૭ દ્રષ્ટાંત ૨ જે સખસ ગુન્હો કરવામાં મચે-લો હોય એમ જાણ્યા છતાં તેને જરૂરીઆત ખોરાક આપવામાં આવે તે ગુન્હો નથી. પરંતુ જો ખોરાક જે જગોએ ગુન્હો થાય અગર ગુન્હો ક રવાનો લાગ મળવાને થોભે તે જગોએ જવાને ગુન્હેગાર મુસાફરી કરે તે સારૂ જો ખોરાક પુરો પાડવામાં આવે તો તે ગુન્હો કરવામાં સેહેલાઈ થા-ય એમ થાય છે. અને તે સેહેલાઇ થઇ શકે છે.

અમે ઠરાવીએ છીએ કે બે આરોપોમાંના એક આરોપ વીશે તે કેદીઓને ગુન્હેગાર ઠરાવવાને કામમાં જોઇતો પુરાવ નથી માટે તેમને અમે નીરદોશ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૪ ફેબરવારી સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ ઈનીસ અને મી૦ જસ્ટીશ કરનન સાહેબોની રૂબરૂ.

અનંથચારી અને બીજા ત્રણ અરજદાર વીરૂધ અનંથચારી અને બીજો એક સામો અરજદાર.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૦૨ અને ૨૯૪—હુકમ—અપીલ—માજીસ્તરેટ.

ફ્સ્ટકલાસ ડીપોટી માજીસ્તરેટે ઠરાવ્યું છે કે સુલેહ રાખવાનો ઠરાવ તુટેલો છે અને ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૦૨ પ્રમાણે માજીસ્તરેટે તપાસ ચલાવીને શીક્ષા કરી. દક્ષિણ આરકટના શેશન જડજે આ હુકમ ઉપર કરેલી અપીલ દાખલ કરી અને તે હુકમ ફેરવવામાં આવ્યો ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૯૪ પ્રમાણે એક અરજી કરવામાં આવી હતી અને તેમાં શેશન જડજનો કરેલો હુકમ ફેરવવાને હાયકોર્ટને અરજ કરેલી છે. ઠરાવવામાં આવ્યું કે ફ્સ્ટકલાસ માજીસ્તરેટનો હુકમ અરજી પ્રમાણે નથી.

કલમ ૫૦૨ ની આખરની શીક્ષા કરવાના ઠરાવની રકમનો અમલ ધ્યાનમાં લેવામાં આવેલો છે.

પાનું ૧૬૯ આ અરજી ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૯૪ પ્રમાણે કરવામાં આવી હતી તેમાં તા૦ ૧૮ સપટેંબર સને ૧૮૮૦ ના રોજનું દક્ષણ આર્કટની શેશન કોર્ટનું પ્રોશીડીંગ ફેરવવાને અને તા૦ ૨૦ જુલાઇ સને ૧૮૮૦ ના રોજનો દક્ષણ આર્કટના થોડી મુદતના ડેપ્યુટી માજીસ્તરેટનો ઉપર કહેલા કાયદાની કલમ ૫૦૨ પ્રમાણે કરેલા હુકમથી સામી અરજી કરનારાએ કબુલ કરેલા મુચરકા પ્રમાણે તે ચાલ્યો નહીં માટે તેની ગુન્હેગારી આપવી જોઈએ. એ હુકમ પાછો કાયમ રાખવાને અરજ કરેલી છે. એવા કારણથી કે તે ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું નથી.

બધા અરજદારો તરફથી મી૦ હેડલી
પેહેલા અરજદાર તરફથી એસગોપાલચારી
સામા અરજદારો તરફથી વી૦ ભાસ્યમ અયંગાર

કોર્ટે (મી૦ જસ્ટીશ ઇનીસ અને મી૦ જસ્ટીશ કર્નન) નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

દક્ષણ આર્કટના ડેપ્યુટી માજીસ્તરેટે ઠરાવ્યું કે સુલેહનો ભંગ ન કરવાના ખતની સરતો તોડવામાં આવેલી છે. અને કલમ ૫૦૨ પ્રમાણે તપાસ કરીને શીક્ષા કરી. આ હુકમ ઉપર કરેલી અપીલ શેશન જડજે દાખલ કરી હતી અને હુકમ ફેરવવામાં આવ્યો હતો.

અમારી રૂબરૂ શવાલ એવો છે કે કહેલા હુકમના જેવા હુકમ ઉપર અપીલ થાય કે નહીં. ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદામાં અગર બીજા ચાલતા કાયદામાં આવી અપીલો ઠરાવેલી છે કે નહીં તે ઉપર આધાર રાખે છે. (કલમ ૨૮૬)

આવા કામમાં કોઇ બીજા કાયદામાં અપીલ વિશે ઠરાવ નથી. માટે તે સવાલનો નીરણય કરવો. એ તે કાયદામાં અપીલ ચલી શકે એવું ઠરાવેલું છે કે નહીં એના ઉપર આધાર રાખે છે. કલમ ૨૬૯ પ્રમાણે જે કામોમાં જીલ્લાના માજીસ્તરેટ અગર બીજા પેહેલા વર્ગના માજીસ્તરેટ તપાસ ચલાવી જે સખસને ગુન્હેગાર ઠરાવેલો હોય તેવા તમામ કામોમાં અપીલ ચાલી શકે છે. માટે ખરી રીતે શવાલ એવો છે કે જે સખસને ગુન્હેગારીને માટે જવાબદાર ઠરાવવામાં આવેલો છે તે કાયદાના હેતુ પ્રમાણે પેહેલા વર્ગના ડેપ્યુટી માજીસ્તરેટે ગુન્હેગાર ઠરાવેલો હોય તેવો છે કે નહીં.

કલમ ૪ ઉપરથી દેખીતું છે કે તપાસ તોહોમતના પેહેલા અને પછી થાય છે અને તેમાં ગુન્હેગારની શીક્ષાનો સમાસ થાય છે.

કલમ ૫૦૨ પ્રમાણેના કામમાં કાંઇ તોહોમત લખવાની જરૂર નથી. પરંતુ ખતની સરત તોડયા બાબતના પુરાવથી માજીસ્તરેટને ખાતરી થાય એટલે જે સખસ તે ખતની ગુન્હેગારી આપવાને જવાબદાર હોય તેની પાસે તેઉ એકદમ માગી શકે છે અગર તે શા વાસ્તે નહીં આપવી જાઇએ તેનું કારણ પુછી શકે છે.

માટે તે કામ તે કાયદાના હેતુ પ્રમાણે તપાસનું છે એમ ઠરાવી શકાતું નથી. જો તેવા હેતુ પ્રમાણે તે તપાસ હોત તો કલમ ૪૯૭ પ્રમાણે ખત લખી આપવાની જરૂરછે. એ શમજવું ભાગ્યેજ શક ભરેલુંછે. માટે તે તપાસ પણ નથી અને ગુન્હાની સાબેતીનો ઠરાવ પણ નથી. જો તે પ્રમાણે હોય તો ખત લખી આપવાના હુકમ ઉપર અપીલ ચાલી શકે છે. પરંતુ કલમ ૨૮૬ ના દ્રસ્ટાંત સી૦ ઉપરથી ખુલ્લું જણાય છે કે તે ઉપર અપીલ ચાલી શકતી નથી. અને આ પ્રમાણે છતાં તે હુકમ પ્રમાણે ચાલવામાં ના આવે તો એક વરસ કેદની શીક્ષા થઇ શકે છે. તેવીજ મુ-

શકેલી કલમ ૫૦૬ પ્રમાણે ઉતપન થાય છે. કારણ કે તે કલમ પ્રમાણે કલમ ૨૮૯ ના ડ. દ્રસ્ટાંત મુજબનો હુકમ અપીલ કરવા લાયક નથી.

એવી તકરાર કરવામાં આવી છે કે જે કે સારી ચાલના જામીન સુલેહ રાખવાને માટે તે બાબતનું ખત લખી આપવું તે બાબતના હુકમમાં અપીલ ચાલી શકતી નથી તોપણ ગુન્હેગારી વસુલ કરવાના હુકમ ઉપર અપીલ ચાલી શકે એવો કાયદો કરનારાઓએ વીચાર કરેલો હોય અને આવો વીચાર બાબ ૩૫ પ્રમાણે ચાલેલા તમામ કામોમાં લાગુ થાય છે. એમ સી. દ્રસ્ટાંત સાથે ઇ. દ્રસ્ટાંતનો મુકાબલો કરતાં પુષ્ટી થાય છે. તેની સાથે દ્રસ્ટાંત સી. અને ડ. સુલેહ રાખવાને માટે તથા સારી ચાલ રાખવાને માટે છે. અને તે ખત લખી આપવાને હુકમ કરી આપવાની બાબતમાંજ છે અને તે બાબતમાં એવો આગ્રહ કરવામાં આવેલો છે કે એ બાબ પ્રમાણે તે હુકમો બીજા કામમાં અપીલ કરવા લાયક નથી. એમ ગરભીત રીતે નીકળે છે. તોપણ આ દ્રસ્ટાંતો તદન બધી રીતે જોઇએ તેવાં નથી. અને જે ગરભીત અર્થ બાબત તકરાર કરવામાં આવી છે. તે વીશે કલમ ૪૯૭ અને ૫૦૬ કે જે કલમ ૫૦૨ કરતાં લોકોની સ્વતંત્રતામાં વધારે હરકત કરી શકે છે. તેનો વીચાર કરતાં તે અપીલ કરવા લાયક નથી એમ અમારી નજરમાં આવતું નથી.

માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે તે શેશન જડજે તે અપીલ હુકુમત વિના સાંભળેલી છે. અને તેથી કરીને તેમનું પ્રોશીડીંગ તથા હુકમ રદ થવા જોઇએ. તોપણ ડેપ્યુટી માજીસ્ટ્રેટનો હુકમ ફરી કાયમ રાખવાને જોઇતું કારણ છે કે નહીં ! તેનો નીરણય કરવાને કામના ગુણદોશ ઉપર વીચાર કરવો જોઇએ એમ અમારી પાસે માગવામાં આવ્યું છે. આ બાબત તકરાર સાંભળવી એ બરોબર છે એમ અમારી નજરમાં આવ્યું અને અમારી ખાતરી થાય છે કે ડેપુટી માજીસ્ત્રેટનો હુકમ સારા પાયા સાથેનો છે માટે. તે કાયમ રાખવો જોઇએ. જે સાડાગોપામ કહેવામાં આવે છે તે સંબંધી સુલેહ રાખવાને સારૂ મુચરકો લખી આપવામાં આવ્યો હતો.. તે મુચરકો લખી આપવાને જે અમુક કામ ઉપરથી હુકમ કરવામાં આવ્યો હતો. તે પુજારીઓને મળતી આબરૂ સબંધી તકરાર ઉતપંન થએલી તે ઉપરથી ચાલેલું હતું પરંતુ તે પુજારીઓને જે સાડાગોપામ આપવામાં આવે છે. તે સબંધી સુલેહ રાખવાને માત્ર બંધન છે. એવી તે મુચરકામાં મરીઆદા રાખવામાં આવી નથી. પરંતુ તે સામાન્ય રીતે સાડાગોપામને લાગુ થાય છે. ડેપુટી માજીસ્તરેટે અટકાવ કરવાનો હુકમ કરવા ઉપરથી ધર્મ કરતા કે જેમાંના બે ત્રીજો અને ચોથો તોહોમતવાળો છે. તેમણે આ આબરૂની નોકરી તદન બંધ કરવાને ફરમા

વવા સારૂ ઠરાવ કરેલો છે. આ ઠરાવો પાછળથી દુરસ્ત કરવામાં આવ્યા. અને આલવારોની સાડાગોપામ અગર આબરૂની નોકરી બધાની કબુલાત થી પાછી દાખલ કરવામાં આવી. જે વખતે પ્રબંધ અને વેદના ઉચ્ચાર કરવામાં આવે તે વખતે તે પ્રમાણે ચાલવું એવું તેમને ફરમાવવામાં આવ્યું હતું. પરંતુ તે બે તફા કે જેમાંનો એક પ્રતીવાદીઓનો છે તેઓની ઈરશાતે લીધે પ્રબંધમની વખતે તે આબરૂ આપવી; એવું તે પ્રતીવાદીઓએ પોતાની મરજી બતાવી હતી. અને બીજો તફો ફરીઆદીઓનો છે તેમણે વેદ બોલતી વખતે તે આબરૂ આપવી એવી આબરૂ બતાવી. તે ઉપરથી ગયા ડીસંબર મહીનામાં એક તેહેવારને દીવસે તકરાર ઉતપન થઇ તેથી ફરીઆદી સુધાંત પાંચ ધર્મ કરતાઓએ (જગાની ખતના બંધનના હેતુ પ્રમાણે) પેહેલા પ્રતીવાદી મોબીગર ઉપર એવો હુકમ કરયો કે તમારે સાવધ રેહેવું. અને તેથી તેમને ખબર આપવામાં આવે છે. કે જો કાંઇ સુલેહનો ભંગ થશે તે વીશે તમો જવાબદાર થશો. વળી થાણુદારાડે પોલીઆલવારને સાડાગોપામની આબરૂ આપતી વખતે તે બે તફાની વચગાં તંકરાર ઉતપન થઇ; અને તોફાન થયું.

તે ફરીઆદીઓને એવી ધાસ્તી લાગી કે તા ૨૯ જાનેવારીના રોજ થરમાલાશીઆલવારનો તેહેવાર છે તે વખતે તોફાન થશે તે ઉપરથી દીવાની કોરટનો હુકમ થતાં સુધી અગર બે પક્ષકારોની વચમાં સમાધાન થતાં સુધી તે આબરૂ આપવી બંધ રાખવી એવો મનસામનો પેહેલાં પ્રા. ઉપર હુકમ કરવામાં આવ્યો. આ હુકમ હકીકત પ્રમાણે બરોબર છે કે નહીં અગર તે હુકમ કરવાને ફરીઆદીઓને અધીકાર છે કે નહીં તે વીશેનું નીરણય કરવાની જરૂર નથી. જે હકીકત ઉપરથી ધાસ્તી હતપન થએલી તે હકીકત ઊપરથી ફકત માલમ પડે છે કે ત્રીજો અને ચોથો પ્રા. ડીસબરમાં તથા તા ૯ જાનેવારીના રોજ જે તોફાનો થયાં હતાં તેથી અંજાણ્યા નહી હતા અને આ પ્રસંગોએ જે લોકો ઉશકેરાયા હતા તે ઉપરથી તેમને ખુલું જણાએલું હોવું જોઇએ કે આ આબરૂની નોકરીથી આવતા તેહેવારે તોફાન થવાને સંભવ છે. તોપણ તેઓએ પેહેલા અને બીજા પ્રા ઓને ગયા ત્રીશ વરસના રીવાજ પ્રમાણે તે આબરૂની નોકરી કરે જવી એવા હુકમ કરેલા હતા.

પરીણામે ખરી રીતે સુલેહનો ભંગ થયો અને માજીસ્તરેટના ઠરાવ્યા પ્રમાણે તોફાન ઘણું ભારે થતાં પોલીસ વચમાં પડયા તેથી ફકત તે અટકેલું છે.

પરંતુ મી. ભાશીયમ આયરંગાએ તકરાર કરી છે કે તે ગુન્હેગારી આપવાને સારૂ સુલેહનો ભંગ થવાને સંભવ થાય એવું કૃત્ય કરેલું જો-

ઇએ. અગર સુલેહનો ભંગ થએલો જોઇએ એમ બસ નથી, પરંતુ કાંઇ ગુન્હો બનેલો હોવો જોઇએ કાયદાનો આ વીચાર કલમ ૫૦૨ ની છેવટની ગુન્હા બાબતની રકમ છે. તે ઉપરથી તેમણે અનુમાન કરેલોછે.

જમાની ખતમાં એવું ઠરાવવામાં આવેલું છે કે તેથી જે સખસ બંધાએલો હોય તે જો સુલેહનો ભંગ કરે અગર સુલેહનો ભંગ ઘણું કરીને થાય એવું કાંઇ કૃત્ય કરે તો તે ગુન્હેગારી આપવાને જવાબદાર છે.

જો આ પ્રમાણેજ ફકત હોય તો અમારા વીચાર પ્રમાણે ત્રીજા અને ચોથા પ્રતીવાદીઓએ આલવારોની સાડાગોપામની નોકરી ઉપર જવાને પહેલા અને બીજા પ્રા. ને ફરજ પાડી તેથી સુલેહનો ભંગ થવાનો સંભવ થાય તેવું કૃત્ય કરેલું છે અને તેથી તેઓ ગુન્હેગારીના જવાબદાર થએલા છે પરંતુ કલમ ૫૦૨ ની છેવટની શીક્ષા બાબતની રકમ છે તેમાં કહેલું છે કે " કાંઇ પણ ગુન્હો ગમે તે રીતનો ગમે તે ઠેકાણે કરવામાં આવે અગર તે કરવાને કોશીસ કરવામાં આવે અગર તેમાં મદદ કરવામાં આવે તો તે ખત વીરૂધ કરયું થાયછે."

આ ઘણી ઓહોળા ભાશાના શબ્દો ગમે તેટલા દરજે લાગુ થઇ શકે તો પણ અમારી ખાતરી થાયછે કે કોઇક રીતે સુલેહનો ભગ થઇ શકે તેવો દાખલો ફકત બતાવવાને ઇરાદો રાખી તે વાપરવામાં આવેલાંછે. અને તે ખતની ગુન્હેગારીની જવાબદારી એવી રીતે ઉત્પન થાય કે જેથી કાંઇ સીક્ષા કરવા લાયક ગુન્હો ખરી રીતે તે જે પ્રસંગે કરવામાં આવેલો હોય અગર તે ગુન્હેગારી શા વાસ્તે લેવી નહીં જોઇએ. તેનું કારણ બતાવવાને પ્રતીવાદી ઉપર હુકમ કરવા સારૂ ગુન્હો ખરી રીતે બનેલો છે એમ સાબેત કરવાની ફરજ ફરીઆદ તરફથી પાડવામાં આવે તેવી રીતીના કરત્યોની વાખ્યા પ્રમાણે તે શબ્દ વાંચવાના નથી. બધામાં સાબેત કરવાની જરૂર ફકત એટલીજછે કે અમુક ફત્ય કે જેથી સુલેહનો ભંગ થાય તેવો સંભવ છે એવું ફત્ય બનેલું છે અને જે સખશ બંધાએલો હોય તેણે પોતપોતાના હાથથી કરેલું હોય અગર તે કરાવવાને આ કામમાં જેમ બીજા સખસોને ઉપયોગમાં લીધા છે તેમ બીજા સખસોને ઉપયોગમાં લીધા હોય તેનો વીચાર કરવાની જરૂર નથી.

સબબ સેશન કોરટે અપીલમાં ચલાવેલું કામ તથા હુકમ અમારે રદ કરવો જોઈએ અને ડેપ્યુટી માજીસ્ટ્રેટનો હુકમ ચાલવાને પુકત પુરાવ છે એમ અમને જણાય છે. માટે તે હુકમ પાછો કાયમ રાખવો જોઇએ.

વાલ્યુમ ૩ જું.

ફોજદારી અપીલ

તા૦ ૮ મારચ સને ૧૮૮૧.

સર ચાર્લેશ એટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ કીંડરસ્લી સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂદ્ધ પાદલ વેંકટ શામી વીગરે.

ઇરાદો રાખેલા જુઠા દસ્તાવેજની નકલ કરવી—જુઠો દસ્તાવેજ—તે કરવાની કોશીશ—તેમાં મદદ કરવી.

ઇરાદો રાખેલા જુઠા દસ્તાવેજની એક નકલ બીજાઓની સાથે તૈયાર કરવી તથા તેવો જુઠો દસ્તાવેજ લખવાના કારણસર સ્ટાંપનો કાગળ ખરીદ કરવો અને તે જુઠા દસ્તાવેજમાં દાખલ કરવાની હકીકત વીશે બાતમી માગવી તે પીનલકોડ પ્રમાણે જુઠો દસ્તાવેજ થતો નથી. તેમ જુઠો દસ્તાવેજ કરવાને કોશીશ કરી થતી નથી. પરંતુ જુઠા દસ્તાવેજમાં મદદ કરયાના ગુન્હાની શાબેતીની પુષ્ટીમાં તે હકીકત છે. કારણ કે તે ગુન્હો કરવાને સેહેલ પડે તે કારણસર તે કૃત્યો કરવામાં આવેલાં છે.

પાનું ૪.   આ કામમાં વીજાગાપટ્ટમની શેશન કોરટનું ક્યાલ ડર તપાસતાં હાયકોરટે નીચે પ્રમાણે હુકમ કરેલો છે તે ઉપરથી આ કામની હકીકત સંપૂર્ણ રીતે જણાઇ આવે છે.

તે કેદીઓએ અપીલ કરી નથી.

હુકમ—આ કામમાં બે તોહોમતવાળા ઉપર પ્રથમ એવો આરોપ રાખવામાં આવેલો છે કે તેમણે કીમતી દસ્તાવેજ જુઠો બનાવ્યો અને બીજો એવો આરોપ રાખવામાં આવેલો છે કે તેમાં મદદ કરી અને તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૬૭ અને ૧૦૯ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હા કરેલા છે. પેહેલા તોહોમતવાળાને શેશન જડજે ગુન્હેગાર ઠરાવી બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ઠરાવેલી છે અને બીજા તોહોમતવાળાને છોડી દીધેલો છે.

હાયકોરટના જોવામાં આવે છે કે પેહેલા તોહોમતવાળાએ જુઠો દસ્તાવેજ તૈયાર કરાવવાનો ઇરાદો રાખી એક નકલ તઇયાર કરેલી હતી. અને તે દસ્તાવેજ લખવાને સારૂં એક સ્ટાંપનો કાગળ લીધેલો હતો અને ઇંગરેજી તારીખની સાથે મળતી તે લગ્ન તારીખ જાણવાને

એક શાક્ષીને અરજ કરી હતી. એવું અનુમાન થઇ શકે છે કે જે દસ્તાવેજ લખવાને તેણે ઈરાદો રાખ્યો હતો તેમાં તે દાખલ કરવાની હતી. તે શાક્ષીએ તે કાગળો યોગ્ય રીતે મેળવ્યા. અને સબારડીનેન્ટ માજીસ્ટ્રેટ પાસે લેઇ ગયો.

શેશન જડજે તે નકલ જુઠા દસ્તાવેજનો ભાગ છે એમ ઠરાવી જુઠો દસ્તાવેજ બનાવ્યા બાબત તે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો.

હાયકોરટના અભીપ્રાયમાં આવ્યું છે કે ગુન્હાની શાબેતીનો ઠરાવ જેવો છે તે પ્રમાણે ચાલી શકતો નથી. જો કે તે નકલ જુઠો દસ્તાવેજ છે તો પણ જુઠો દસ્તાવેજ થવાને શારૂં જે જરૂરીઆત ઇરાદા છે તે ઇરાદાથી વાપરવાનો તે કેદીનો હેતુ નહીં હતો. માટે જે જુઠો દસ્તાવેજ બનાવવાને તે કેદીએ ઇરાદો રાખેલો તે દસ્તાવેજનો તે નકલ ભાગ છે એમ ગણી શકાતું નથી. તેમ કોરટના અભીપ્રાય પ્રમાણે તે કેદીને જુઠો દસ્તાવેજ કરવાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. કારણ કે જો કે તે કરવાને તેનો ઇરાદો હતો, અને તૈયારી કરી હતી તો પણ તેણે તે ગુનહો કરવા તરફ કાંઇ કૃત્ય કરયું હોય એવું તેણે કરયું નથી.

મી૦ મેન સાહેબની ટીકામાં સ્પષ્ટ રીતે કાયદો બતાવેલો છે તેમાં અમેરીકાના એક ઠરાવના શબ્દો બતાવેલા છે:—

"પરંતુ કોશીશની તઇયારીમાં અને કોસીશમાં ભારે તફાવત છે. તઇયારીથી તે ગુન્હો કરવાને જરૂરીઆત સાધન અને ઈલાજ શોધવાના અગર ગોઠવવાના છે. કોશીસમાં તઈયારી કરયા પછી ગુન્હો કરવા તરફ પ્રત્યક્ષ રીતે જે હીલચાલ થાય તે છે." અને મી૦ મેને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૭ ના દ્રષ્ટાંત ક અને ઙ બતાવેલા છે.

કાયદા પ્રમાણે તઇયારી ઉપરાંત કાંઈ કરવામાં આવે ત્યાં સુધીનું કામ કરવાને પરવાનગી આપેલી છે અને તે સખસે કોશીશ કરી એમ થતું નથી.

કામમાં જે પુરાવ છે તે ઉપરથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૧૬ પ્રમાણે જુઠો દસ્તાવેજ કરવામાં મદદ કરયાના ગુન્હાની શાબેતીના ઠરાવને પુષ્ટી થાય છે. તોહોમતવાળો કબુલ કરે છે કે એક કીમતી દસ્તાવેજ જુઠો થશે એમ હું જાણતો હતો. અને તેવો દસ્તાવેજ તૈયાર કરવાને સારૂં મેં બીજા સખસો શાથે મસલત કરી હતી. માટે તેણે એમ જાણેલું હોવુંજ જોઇએ કે કપટના કારણસર તે વાપરવાનો છે. અને તેવા હેતુથી એક મુસદો તેણે તઇયાર કરયો હતો. અ-

ને જોઈતી પેહેલાની તારીખના મેળવેલા સ્ટાંપ ઉપર તે મુસદ્દાની નકલ કરવાનો હતો અને તે દસ્તાવેજ પુરો કરવાને ઇગરેજી તારીખને મળતી તે લગુ તારીખ મળવાને એક શાક્ષીને પુછેલું હતું અને તે તારીખ તે જુઠા દસ્તાવેજમાં નાંખવાને ઇરાદો રાખવામાં આવ્યો હતો.

આ હકીકત ઉપરથી એમ ઠરાવી શકાય છે કે તે ગુન્હો કરવાને તેણે મસલત કરી હતી, અને તે ગુન્હો કરવામાં સેહેલાઇ મળે તેવું કૃત્ય કરેલું હતું અને તેથી સેહેલાઇ થએલી છે. કીમતી જુઠા દસ્તાવેજમાં મદદ કરયા બાબત તોહોમતવાળો જે શીક્ષાને પાત્ર થાય તે કરતાં શીક્ષા વધારે કરવામાં આવી નથી. માટે ગુન્હાની સાબેતીનો ઠરાવ કાયમ રાખવામાં આવ્યો છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ એપ્રીલ સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ ઇન્સ અને મી૦ જસ્ટીશ મત્તુસામીઆયર સાહેબોની રૂબરૂ.

ઓયામનુ ગાડુ (અરજદાર) અપીલવાળો વીરૂધ માહારાણી.

ખુન—શીક્ષણીય મનુષવધ—ભારે એકાએક ગુસ્સો.

અમુક સાંજે મ એક મજુર છે તેણે એક ન ને પોતાની ઓરત સાથે વ્યભીચાર કરતાં જોયા. તેથી બીજે રોજ સવારમાં તેઓની બદચાલથી થએલા ગુસ્સાથી ઉસકેરાએલો હતો તેથી જે વખતે તેઓ એકઠાં ખાતાં હતાં તે વખતે તેમના ઉપર આવી પોહોચ્યો અને તેની ઓરતે તેને ખોરાક પુરો પાડવાને કસુર કરી હતી. મ એ એક આંકડાવાળી લાકડી લીધી, અને ન ને તેજ જગોએ મારી નાંખ્યો.

ઠરાવવામાં આવ્યું કે ન અને મ ની ઓરતની પાછળની વર્તણુંકને તેઓની આગલા દીવસની સાંજની બદચાલને લીધે સબંધ રાખી મ એ તેઓનો સાપરાધ સબંધ હતો એમ ગરભીત રીતે માનેલું અને તે હકીકતને લીધે તેણે તે કરેલું હોય કારણ કે તે ગુસ્સો જોઇએ તેટલો ભારે અને એકાએક એવી રીતનો થએલો કે જેથી તે પોતે પોતાની મેળે દાબ રાખી શકે નહીં. માટે ખુનના ગુન્હામાંથી કમી કરી તેને શીક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો કરયાનો ગુન્હેગાર ઠરાવવામાં આવે છે.

પાનું ૬૩ આ કામમાં સને ૧૯૮૯ ના અકટોબર માસમાં એક કાવાલીનારાસી મુદુનું ખુન કરવા બાબત કેદીને ગુનેહેગાર ઠરાવવામાં આવેલો છે. અને તેથી તેને હયાતી સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવી છે. અને તે કોરટના અભીપ્રાયમાં આવે છે કે તે કેદીને ગુસો ઉતપન થવાથી હલકી બીના થાય તેવી આ કામમાં હકીકત છે. પરંતુ તે ગુસો એવી રીતનો જોઇએ તેટલો નથી. કે જેથી શીક્ષણીય મનુંષ્યવધનો ગુનહો થાય.

તે કેદીએ કમીટ કરનાર માજીસ્તરેટની રૂબરૂ સંપૂરણ રીતે કબુલત કરેલી છે. અને શેશન જડજે તે હકીકતના શાચા હેવાલ તરીકે માનેલી છે તે મરનાર, આ કેદી, અને તેની ઓરત પાંચ વરસથી એક ઘરમાં એકઠાં રહેતાં હતાં. તે કબુલત નીચે પ્રમાણે છે:—"હું હકીકત ખરેખરી કહીશ કારણ કે પરમેશ્વરે તે પ્રમાણે કહેવાને મને લલચાવેલો છે. કાવાલી નારાશી મુદુ મારા ઘરમાં હતો. તેણે મારી ગેરઆબરૂ કરી તે મારો કટો દુશમન હતો. તેને મારી ઓરત સાથે એકલા ઘરમાં ધાટી દોસ્તી હતી. જે વખતે તેઓ સંભોગ કરતા હતા તે વખતે તેમને હરકત નહી કરતાં મેં જોયા હતા. હું તે ઘરમાં રહયો. તે રાતરે મેં ખાધું નહી અને ભુખ્યો રહયો. રઇયત પાસેથી હું મારો મુશારો લેવા ગયો. મારી ઓરતે સંકતી તઇયાર કરેલી હતી તેથી તે અને નારાશી મુદુ તે ખાતા હતા. પેહેલી રાતરે અજાયબ બનાવ બન્યો હતો. તે મેં જોયો હતો અને હું તદન ભુખ્યો હતો અને વીસેશે કરીને જયારે મેં તેમને એકઠાં ખાતાં જોયાં ત્યારે હું ઘણો ગુસ્સે થયો. તેથી બેઉને મારી નાંખવાના ઇરાદાથી એક ખીંટીએ આંકડાવાળી લાકડી લટકતી હતી. તે મેં પકડી લીધી. તે વખતે તેઓ ખાતા હતા મારી ઓરતે મારી પાસે તે આંકડાવાળી લાકડી જોઇ તેથી તે નાસી ગઇ. પરંતુ નારાશી મુદુ મહારા સામો હાજર હતો. મેં તેને એક વખત તે લાકડીથી મારયો. જયારે મેં બે અગર તરણ ધા મારયા ત્યારે તો હું દીવાનો થયો. કેટલા ધા મારયા અને શરીરના કીયા ભાગમાં મારયા તે કહેવાને હું તદન બેભાંન હતો જેવો તે હેઠળ પડયો તેવો હું ગયો. બધામાં સાહેબ આ હું જાણુંછું કોઇએ મને ધાસ્તી આપી નથી. રાજી ખુશીથી હું આ હકીકત કહુછું. તે કહેવાને મને કોઇએ શીખવ્યું નથી. મે નારાશી મુદુનું ખુન કરયું છે એ સાચી વાત છે. બીજો ધા મેં માંથા ઉપર મારયો હતો."

વઇદકી પુરાવા ઉપરથી જણાય છે કે તે મોત એકાએક કરેલું છે. તપાસ વખતે તે કેદીએ કરેલી કબુલત પાછી ખેંચી લીધી. અને

હાયકોરટમાં પાછળથી અપીલ કરી પરંતુ તેની તરફથી કોઈ કાંઉશીલ હાજર નહી હતો.

તે ગુનાની સાબેતીના ઠરાવની પુષ્ટીમાં સરકારી વકીલ મીડલીની તકરાર સાંભળવામાં આવી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

ગુનહાની સાબેતીના ઠરાવનો આધાર મુખ્યત્વે કરીને કેદીની કરેલી કબુલત ઉપરથી જે હકીકત માલમ પડેલી છે તે ઉપર છે. અને શેશન જડજે તે કેદીના જે કૃત્ય બાબત તેના ઉપર આરોપ રાખવામાં આવેલો છે તેના હેતુ વીશે કેદીની કહેલી હકીકત માનેલી છે. નરશી ગુદુનું મોત થયું ત્યારથી તે કેદીની ઓરત ગુમ થએલી છે. તેથી નરશી ગુદુને મારી નાંખવાને જે હકીકતથી તે લલચાયો હતો તે વીસેની કેદીની કહેલી હકીકતને પુષ્ટી થાય છે અને અમારી નજરમાં આવે છે કે તેની કહેલી હકીકતના આ ભાગ ઉપર તે જડજે વજન આપેલું છે તે સારા પાયા સાથે છે. માટે એમ થાય છે કે જે કૃત્ય બાબત આરોપ રાખવામાં આવેલો છે તેના પેહેલા દીવશની સાંજરે તે કેદીએ પોતાની ઓરતને મરનાર સાથે સંભોગ કરાવતાં જોયા હતી. અને તેથી તે ભારે ઉશકેરાએલો હતો તોપણ તેણે હરકત કરેલી નહી હતી. પરંતુ તેણે જે કહેલું છે તે ઉપરથી એવું અનુમાન થવું નહી જોઇએ કે કાંઇ બેદરકારી રાખવાથી ધુસાના પેહેલા ઉભરાને કાંઇ અટકાવ થાય.

સવારમાં તેણે પોતાની ઓરતને મરનારની સાથે ખાતાં તથા મરનારને પીરસતાં જોઇ. અને તેણીએ પોતાના ધણીને ખોરાક આપ્યા વીના રાખ્યો હતો. આગલી સાંજે કે જે હકીકત બનેલી તે જો તેણે જોઇ ના હોત તો આ વરતણુંક મરનાર અને તે ઓરતની વચમાં યોગ્ય રીતનો સબંધ હતો એવું માલમ પડે તેવી ખાસ રીતે અગત્યની થાત, અને વ્યભીચારનુ કૃત્ય જોવા પછી તેણે તે વાત પાછળની વરતણુક સાથે જોડી હોય કારણ કે તેને તે કૃત્ય સાથે જોડયા વીના ચાલી શકે નહી તો તે વરતણુંક તેને ભારે ગુસ્સા ભરેલી થાય અને તે ઉપરથી એવુ ગરબીત થવું જોઇએજ, અને થાય છે કે તેમનો સાપ્રાધ સબંધ છુપાવી તથા તેના લાગવાપણાની સમજ તમાંમ રીતે લક્ષમાં રાખવાની બાબત છોડી દેઇ તેઓએ તેના મકાનમાંજ બદ ચલાવેલી છે. આથી અમારી નજરમાં આવે છે કે તેનો પોતાના ઉપરથી પોતાનો દાબ રહે નહી તે પ્રમાણે ભારે એકાએક પુકત રીતે ગુસ્સો થાય તેવું થાય છે, અને ખુનના ગુનહાથી શીક્ષણીય મનુંષ્યવધનો ગુનહો થાય છે.

અમે ખુનના ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરી તે કેદીને શીક્ષા-

ઉત્ મનુષ્યવધના ગુનહાનો ગુનેહગાર ઠરાવીએ છીએ.

કલમ ૩૦૪ ના પેહેલા ભાગ પ્રમાણે શીક્ષાનો નીરણ્ય કરવો જોઇએ, માટે ૬ા વરશ સમુદ્રપારની સીક્ષા તે કેદીને અમે કરીએ છીએ.

—————

ફોજદારી અપીલ.

તા૦ ૨ મે સને ૧૮૮૧

મી૦ જષ્ટીસ ઇન્સ અને મી૦ જષ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

રાંમીરેદી અને શેશુરેદી અરજદારો.

ગુનહાની સાબેતીનો ઠરાવ—અખત્યાર વીનાની કોરટે કરેલો નીરદાશ—ફરી તપાસ કરવાને પાછળથી કરેલો હુકમ—ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૮૪, ૪૬૪—તુટી પડે તેવી તપાસથી અશર થયા વીનાના જુઠા સોગન બાબત ફરીઆદ ચલાવવાને મંજુરી—જુઠો આરોપ મુકયા બાબત ફરીઆદીની પાછળથી તપાસ કરી તેમાં વીશ્વાસ ઘાતની તપાસના સાક્ષીઓની સાહેદી પુરાવમાં દાખલ કરી, તે તેજ કામમાં જુઠા સોગનની તપાસમાં સાક્ષીના વીરૂધ ખોટી રીતે દાખલ કરવામાં આવી છે—પુરાવ આકટની કલમ ૩૩

જે કામમાં માજીસ્તરેટની હકુમતની ખાંમીના કારણથી અપીલમાં શેસન જડજ ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરે અને તે વખતે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૮૪ મી પ્રમાણે ફરી તપાસ કરવાનો હુકમ કરવો તે છોડી દે તેથી પાછળથી તેવો હુકમ કરવાને કલમ ૪૬૪ પ્રમાણે હરકત થતી નથી.

આવા કામમાં ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવાનો હુકમ તે નીરદોશનો ઠરાવ થતો નથી. જે કામમાં જુઠા સોગન બાબત કામ ચલાવવાને મંજુરી આપવામાં આવી હોય અને તે કામ અખ્તીઆર વીનાની કોરટે તપાસવાથી અપીલમાં ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો હોય તો જે કોરટે રદ કરયો હોય તે કોરટના હુકમ શીંવાય તેની તેજ મંજુરી ઉપરથી મુખત્યાર કોરટ તે કેદીની ફરી તપાસ કરી શકે છે. અખ્તીઆર વીનાની કોરટે કામ ચલાવેલું એવું ઠરાવવામાં આવેલું હોય તો તેમાં લીધેલા સાક્ષીની જુબાની તે સાક્ષી મરણ પામવાના કારણથી મુખત્યાર કોરટની રૂબરૂ ફરી તપાસ ચાલે તેમાં હીંદુસ્થાનના પુરાવ આકટની કલમ ૩૩ પ્રમાણે પુરાવમાં વાપરી શકાતી નથી.

ર એ બ ઉપર વીસ્વાસઘાત કરયાનો આરોપ રાખ્યો, અને તે આરોપની પુષ્ટીમાં શ એ શાહેદી આપી, બ ને નીરદોશ ઠરાવવામાં આવ્યો. તેથી ર ની ઉપર જુઠું તોહોમત મુકવા બાબતની તથા સ નો જુઠા સોગન બાબત તપાસ ચલાવવામાં આવી.

ઠરાવવામાં આવ્યું કે (૧) પેહેલા કામમાં સાક્ષીઓએ આપેલી જુબાનીઓ બીજા કામમાં ર વીરૂધ ઉપર પુરાવમાં ઉપયોગમાં લઈ શકાય છે, પરંતુ પુરાવ આકટની કલમ ૨૩ પ્રમાણે સ ના ઉપરના જુઠા સ. નના કામમાં ઉપયોગમાં લઇ શકાતી નથી.

(૨) કલમ ૩૩ માં "સવાલો" શબ્દ છે તેનો અરથ તમામ સવાલો એવો થતો નથી, જો કે બીજી તપાસમાં વધારાના પ્રસ્નુઓ રહેલા છે તોપણ પરંતુ જે પુરાવ બેઉ તપાસોમાં એક સરખો હોય તે ર વીરૂધ બીજી તપાસમાં યોગ્ય રીતે દાખલ કરવામાં આવ્યો છે.

પાનું ૪૮ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે આ અરજીઓ કરવામાં આવી છે.

કોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત તથા તકરારો પુકત રીતે જણાય છે.

અરદારો તરફથી મી૦ એચ. એ. પ્રથાસરાદી આયનગર.

નેલોરના જીલા માજીસ્ટ્રેટ તરફથી સરકારી વકીલ મી૦ હેંડલી.

ફેંસલો:—જીલા માજીસ્તરેટના ફાઇલ ઉપર સને ૧૮૭૯ ના નંબર ૭ અને ૮ ના કામોમાં તા૦ ૭ અને તા૦ ૧૩ અકટોંબર સને ૧૮૮૦ ના રોજ બે અરજદારોને તે જીલા માજીસ્તરેટે ગુનેહગાર ઠરાવી શીક્ષા કરેલી તે ગુનાહની સાબેતીના ઠરાવો તથા શીક્ષાના હુકમો રદ કરવા સારૂ કોરટે તેમાં હાથ ઘાલવાને આ ફોજદારી અરજીઓમાં અરજ કરવામાં આવી છે.

સેશન કોરટમાં અપીલો કરવામાં આવી હતી, પરંતુ તે કાહાડી નાખવામાં આવી છે.

તે કામની હકીકત જોડાએલી છે તે સારાંશમાં નીચે પ્રમાણે છે:—

નંબર ૬૯ ની અરજીથી અરજદાર એક રાંમીરેડીએ તા૦ ૫ જુન સને ૧૮૭૭ ના રોજ એક અબાઇચેતીના ઉપર વીસ્વાસઘાતનો આરોપ રાખેલો છે.

તા૦ ૫ નવેંબર સને ૧૮૭૭ ના રોજ તે કામ મી૦ આટકીસન તરફ મોકલવામાં આવેલું તેથી તેઉએ તા૦ ૮ ફેબરવારી સને ૧૮૭૮ ના રોજ અબાઇ ચેતીને નીરદોશ ઠરાવ્યો હતો.

તેજ વરસની તા૦ ૧૬ મી જુનના રોજ મી૦ મુરે બેઉ અરજદા

રો ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપી—એમ રાંમીરેડીના ઉપર જુઠો આરોપ રાખ્યા બાબતની અને તે તોહોમતના કામમાં તોહોમતવાળા વીરૂધ જુઠી શાહેદી આપ્યા બાબત શેસુરેડીના ઉપર ફરીઆદ ચલાવવાની પરવાનગી આપેલી હતી. મી૦ મુરે તે કામોની તપાસ કરી બેઉ અરજદારોને ગુનેહગાર ઠરાવ્યા. તેઓએ અપીલ કરી. તેથી તા૦ ૧૪ મારચ સને ૧૮૭૯ ના રોજ શેશન જડજે તે ગુનાહની શાબેતીનો ઠરાવ રદ કર્યો, એવા કારણથી કે તે માજીસ્તરેટે તે ફરીઆદ ચલાવવાની મંજુરી આપેલી, માટે તે કામની તપાસ કરવાને તેમને હકુમત નહી હતી.

તે અપીલની બ્યવસ્થા કરવાના હુકમમાં મુખત્યાર કોરટની રૂબરૂ નવી તપાસ કરવાનો હુકમ શેશન જડજે કરેલો નહી હતો. પરંતુ તેમ કરવાને અરજ કરવા ઉપરથી પાછળથી પોતાના હુકમમાં આ મતલબનો ઠરાવ વધારેલો છે.

તોહોમતવાળાઓ ગુમ થવાથી ઘણી મુદત ગયા પછી જીલા માજીસ્તરેટે સને ૧૮૭૯ ના એપ્રીલ માસમાં તે તપાસ ફરીથી શરૂ કરી. અબાઇ સને ૧૮૭૫ ના ડીસંબર માસમાં મરણ પામેલો હતો. કેટલાક સાક્ષીઓ પણ ગુજરી ગયા હતા, અને બીજાઓ તપાસની જગાથી ઘણા દુર હતા, માટે તેઓને સહેલાઇથી હાજર કરાવી શકાય તેવું નહી હતુ. આવી હકીકત ઉપરથી તે જીલા માજીસ્તરેટે પ્રથમના કામમાં તામબાયા ચેટી, મથુસાંમી ચેટી, આદીનારાયણ અને અબાઇ એ સાહેદીઓએ આપેલી તે તોહોમતવાળાની વીરૂધ ઉપયોગમાં લીધી.

પહેલા ત્રણ નામના સાક્ષીઓ વીસ્વાસઘાતના કામમાં લેવામાં આવેલા હતા. અબાઇની સાક્ષી મી૦ મુરની રૂબરૂ આ અરજદારોની તપાસ આ આરોપો બાબત થએલી તેમાં લેવામાં આવી હતી. જીલા માજીસ્તરેટે એમ. રામીરેડીને અઢાર માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલીછે અને રૂ. ૧૦૦ દંડ કરેલો છે અગર તે આપવામાં કસુર કરવામાં આવે તો, બીજી ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવાનો તથા સેશુરેડીને અરાઢ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલીછે:—

અમારી રૂબરૂ એવી તકરાર કરવામાં આવી છે કે:—

(૧) તે કામ ચલાવવાની જીલા માજીસ્તરેટને હકુમત નહી હતી. આ તકરારના આધારમાં એવું કહેવામાં આવ્યું છે કે પ્રથમનુ પ્રોશીડીંગ રદ કરવાનો જડજે હુકમ કરેલો હતો માટે પાછળથી ફરી તપાસ કરવાનો હુકમ વધારી તેમાં તેઉ ફેરફાર કરી શકતા નથી.

(૨) તે શાક્ષીઓ હાજર કરી શકાય તેવા નથી, એવો કાંઇ પુરા

વ નથી. માટે તેઓની વીસ્વાસઘાતના કામમાં જે જુબાની લેવામાં આવી છે તે હાલની તપાસના કામમાં પુરાવામાં દાખલ થઇ શકતી નથી.

(૩) તે બે પ્રોસીડીંગના પક્ષકારો એકના એક નથી. અને છસ્યુના સવાલો વાસ્તવીકરીતે તેના તેજ નથી.

(૪) વીસ્વાસઘાતના કામમાં સેશુરેડી ફક્ત સાક્ષી હતો. અને પક્ષકાર નહી હતો. માટે આ પ્રમાણે દાખલ કરેલો પુરાવ તેના વીરૂધ થઇ શકતો નથી.

(૫) શેશન જડજે નીરદોશનો ઠરાવ કરેલો હતો અને તે ઠરાવ ચાલુ હતો. માટે તે ઠરાવની દરમીઆનમાં શેશન જડજે કાયદા પ્રમાણે હુકમ કરયા શીવાય તે દાગ ફરી તપાસ કરવાને તે માજીસ્તરેટ લેઇ શકતા નહી હતા. માટે જો તે ઠરાવ બળવાન ના હોય તો જીલા માજીસ્તરેટનું પ્રોસીડીંગ ચાલી શકે તેવું નથી.

તે અરજદારોના વકીલોએ ઘણી હુશીઆરીથી તકરાર કરી છે.

વળી ગુનાહની સાબેતીના ઠરાવની પુરટીમાં મી૦ હડલેને સાંભળવાને અમને લાભ મળેલો છે.

પ્રથમ એમ માલમ પડી શકે છે કે શેશન જડજના હુકમથી નીરદોશનો ઠરાવ થઇ શકતો નથી. તેમા ફક્ત એટલું કહેવામાં આવેલું છે કે હેડ આસીસ્ટંટ માજીસ્તરેટે તે કામ હકુમત વીના ચલાવેલું છે. તપાસ થએલી નથી. તેથી નીરદોશનો ઠરાવ થઇ શકતો નથી. બેશક તે પ્રોસીડીંગ રદ કરવાનો હુકમ એક ફેંસલા અગર આખરના હુકમ પ્રમાણે છે કારણ કે ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૪૬૪ પ્રમાણે તે ઉપર એક વખત તારીખ નાંખી સહી કરી એટલે તેની ફરી તપાસ થઈ શકતી નથી. પરંતુ આ વીસેશ ઠરાવ અપીલની કેવી રીતે વ્યવસ્થા કરવી તે વીશે છે અને છેવટના પ્રોસીડીંગો સબંધીના ઠરાવો બાબત નથી. અને જોકે કલમ ૨૮૪ નો શબ્દ પ્રમાણે અરથ કરતાં તેનો હેતુ છેવટનું પ્રોસીડીંગ જે હુકમથી ફરમાવવામાં આવે તે હુકમની સાથે તે પ્રોસીડીંગ રદ કરવાનો હુકમ કરવો જોઇએ એવો હેતુ જણાય છે તોપણ અમારી નજરમાં આવતું નથી કે એકાદા જડજે તે પ્રમાણે કરવાને છોડી દીધેલું હોય તો કલમ ૪૬૪ ના ઠરાવ પ્રમાણે પાછળથી તે હુકમ કરવાને અટકાવ થાય છે. વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે જે મંજુરી ઉપરથી કાયદેસર કામ ચલાવવામાં આવેલું નથી તે મંજુરી હજુ કાયમ છે. માટેજો તેવો હુકમ બીલકુલ કરવામાં આવેલો ના હોય તોપણ મુખત્યાર કોરટ તે

મંજુરી ઉપરથી તે કામની ફરી તપાસ કરી શકતા હતા. કોરટની રૂબરૂ જે શાક્ષીઓ હાજર કરવા જોઇએ તે હાજર કરાવવાને કસુર કરવામાં આવી હોય તેથી તેમની પ્રથમની જુબાનીઓ પૂરાવમાં દાખલ કરવાને ભ્યા જબી કરેલું છે. એવો કોરટની રૂબરૂ કાંઇ પણ પુરાવ નથી એવું કહેવામાં તે વકીલે ચુક કરી છે. જીલા માજીસ્તરેટે આ બાબત પુરાવ લીધોછે અને જે કાયદેસર સરતોથી તે સાક્ષીઓને જાને હાજર થવાને ફરજ પાડવામાં ના આવે તેવી શરતો વીશે તેમણે પોતાની ખાતરી કરી છે.

પુરાવ આકટની કલમ ૩૩ ના ખુલાસા પ્રમાણે વીસ્વાસ ઘાતના કામમાં તથા રામીરેડી ઉપરના કામમાં પક્ષકારો તેનાતેજ છે. શેશુરેડી ફકત એક સાહેદી છે. અને વીસ્વાસઘાતના કામમાં પક્ષકાર નથી. માટે તે પ્રમાણે દાખલ કરેલો પૂરાવ તેના વીરૂધ દાખલ કરવા લાયક નથી.

અબાઇની સાહેદી એક કામમાં લેવામાં આવી હતી અને તે કામ હકુમત વીના ચલાવેલું એમ ઠરાવવામાં આવેલું છે માટે તે સાહેદીની તે જુબાની રામીરેડી અગર સેશુરેડીના વીરૂધ દાખલ કરવા લાયક નથી.

વધારે એવી તકરાર કરવામાં આવે છે કે ઇસ્યુના સવાલો એક કામમાં જેવા છે તેવાજ બીજા કામમાં વાસ્તવીકરીતે નથી. તે વીસે અમારા અભીપ્રાયમાં એમ આવતું નથી કે અબાઇની સાહેદી સીવાયનો પુરાવ રામીરેડીના વીરૂધ બાતલ કરવો જોઇએ. વીસ્વાસઘાતના કામમાં ફકત એવો સવાલ હતો કે રામીરેડીએ કહેલો વીસ્વાસઘાત અબાઇએ કરેલો છે કે નહી.

રામીરેડીના વીરૂધ જે કામ છે તેમાં વળી બીજો એક સવાલ છે કે તે આરોપ જુઠો છે એમ તે જાણતો હતો અગર એમ માનવાને કારણ હતું કે નહી અને સેશુરેડીના કામમાં તે આરોપ જુઠો છે એમ જાણ્યા છતાં તેણે તે આરોપને પુષ્ટી કરેલી છે કે નહી.

જો કે તે આકટમાં સવાલો શબ્દ બહુ વચનમાં વાપરવામાં આવેલો છે તોપણુ તે ઉપરથી ગરભીત રીતે એમ નીકળે છે કે તે પુરાવ દાખલ કરવા લાયક થવાને બેઉ કામોમાં તમામ સવાલો એકનાએકજ હોવા જોઇએ એવો કાયદાનો ઇરાદો નથી.

ઇસ્યુવાળી બાબત એકની એકજ હોવી જોઇએ તે નીયમ એટલા કારણુસર છે કે પાછળના કામમાં જે બાબુત પક્ષકારોને પુરાવ ગુજારવામાં આવે તે બાબત તપાસવાને તથા ઉલટ તપાસ કરવાને પ્રથમના કામમાં પક્ષકારોને લાગ મળ્યા વીના રહે નહી અને જો કે જે ઇસ્યુ બેઉ કામમાં એક સરખો હોય અને જુદા જુદાં કામ ચલાવવામાં આવેલાં

હોય તોપણુ તે સરખાં ઇસ્યુ વીસેનો પુરાવ જે પ્રથમના કામમાં આપવામાં આવેલો હોય તે કલમ ૩૩ પ્રમાણેની સરતો ઉતપન થવા ઉપરથી પાછળના કાંમમાં આપી શકાય છે. સબબ જે "જમીન સબંધી એકાદી તકરારમાં કોઇ હકીકત પ્રતક્ષ રીતે કોઇ હકીકત ઇસ્યુમાં આવતી હોય તો તે હકીકત બબત આપેલો પુરાવ તેના તેજ પક્ષકારો અગર તેમની તરફથી દાવો રાખનાર પક્ષકારોની વચેના બીજા દાવામાં પુરાવમાં દાખલ કરવા લાયક છે. પછી તે બીજો દાવો બીજી જમીન સબંધી હોય તેની ચીંતા નહી"—ટેલર કૃત પ્રમાણુ શાસ્ત્રની ૪ થી આવૃતીની કલમ ૪૩૫.

માટે આ સાક્ષીઓ પ્રથમના કામમાં જે હકીકત બોલેલા છે તે વીસેનો પુરાવ રામીરેડીના વીરૂધ પાછળની તપાસમાં દાખલ કરવા લાયક છે.

ત્યારે રામીરેડીના વીરૂધ અબાઇનો પુરાવ બાતલ કરતાં તથા સેશુરેડીની વીરૂધ તંબાયાચેતી, મથુશામી ચેની; અને આદી નારાયણુ ચેતી, નો પુરાવ બાતલ કરતાં બીજો કાંઇ પુરાવ છે કે જે માજીસ્તરેટે માનેલો હોય અને તે ઉપરથી કેદીઓને ગુનેહગાર તેહ ઠરાવી શકે કે શીરીતે.

સેશુરેડીના કામમાં જે બાબત બાતલ કરેલો પુરાવ છે તેજ બાબત નારાયણુસામી ચેતીનો તથા ફ નીશાનના દસ્તાવેજનો પુરાવ છે. તે માજીસ્તરેટે કહ્યું છે કે નારાયણુસામી ચેતી સુધાંતના તમામ સાક્ષીઓ સંપુરણુ રીતે હીત વીનાના છે અને તેમના ફેંસલા ઉપરથી જણુાય છે તે પ્રમાણે તા૦ ૪ જાનેવારીના રોજ નેલોરથી અબાઇ ગેરહાજર હતો. એ વાશે ફ નીશાનના દસ્તાવેજથી પુષ્ટી મલે છે.

રામીરેડીના કામમાં ફકત અબાઇની સાક્ષી બાતલ કરવામાં આવી છે અને તે સાહેદીની જગો નારાયણુસામી ચેતી, તંબાયલ, મથુસાંમી ચેતી અને આદી નારાયણુસામી ચેતીથી પૂરી પડેલી છે.

બેશક અબાઇ ચેતીએ કમરપટો પોહોચ્યાનો ઇનકાર કરયા બાબતની શાહેદી આપેલી છે તે બંધ કરવામાં આવેલી છે પરંતુ અમારી નજરમાં આવે છે કે માજીસ્તરેટની નજરમાં જેમ આવેલું છે. કે તે પુરાવ દાખલ કરવા લાયક નથી તે પુરાવ બાતલ કરતાં પણુ જે પુરાવ છે તે ઉપરથી તા૦ ૪ જાનેવારીના રોજ અબાઇ નેલોરમાં નહી હતો એમ વાસ્તવીક અને શંતોષકારક રીતે થાય છે અને તે તારીખે નાણું આપ્યાનો પુરાવ જુઠો છે અને તે આપ્યાનું ઘણું સંભવીતપણુ બતાવવાને તે દસ્તાવેજી પુરાવ જુઠો બનાવવામાં આવેલો છે માટે જો આવી રીતે માજીસ્તરેટની મરજીમાં આવ્યું હોય તો અબાઇ ઉપરનો આરોપ તદન જુઠો છે એ

મ તેઉ ઠરાવી શકયા વીના રહે નહી.

માટે અમારી નજરમાં આવે છે કે આ અરજીઓ કાહાડી નાખવી જોઇએ.

——ཀ༄——

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ ફેબરવારી સને ૧૮૮૧

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ કીંડરશલી સાહેબોની રૂબરૂ.

તારાદા બાલાદુ વીરૂધ્ધ માહારાણી.

ફો. કા. ચ. ની રીતીના કાયદા શને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૩૨૮—નવી તપાસ,

ફો. કા. ચ. ની રીતીના કાયદા પ્રમાણે જે પુરાવ થોડોક પોતાના પુર્વાધીકારીએ લીધો હોય અને થોડોક પોતે લીધો હોય તે ઉપરથી માજીસ્તરેટ ફેંસલો આપી શકે છે. એવો અખ્તીઆર.આપવામાં આવેલો છે. પરંતુ તે સેશન જડજને લાગુ થતો નથી.

પાનું ૧૧૨ આ કામમાં તપાસ કરવાને કામ મોકલેલું તેમાં કેદીએ અપીલ કરેલી છે. અપીલની સુનાવણી વખત તેની તરફથી કોઇ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

કામ ચલાઉ એજંટ મી૦ હાપેલની રૂબરૂ-આ કામની તપાસ સરૂ થઈ અને એક સાક્ષી શીવાય તમામ સાક્ષીઓની જુબાનીઓ લેવામાં આવી. તે કામ મુલતવી રાખવામાં આવ્યું અને તોહોમતવાળાઓએ જે સાક્ષીઓના નામ આપેલાં તેમને હાજર કરવાને પ્રયત્ન કરવામાં આવ્યો. તે કામ બંધ રહયાની દરમીઆનમાં મી૦ ગારસ્ટીન પાછો પોતાની નોકરી ઉપર આવ્યો અને એક નવા સાક્ષીને તપાશીને તપાસ પુરી કરી.

આ કામ રદ બાતલ છે. એમ ઠરાવવાને અમને ફરજ પડે છે. માજીસ્તરેટની જગામાં જરૂરે કરીને વારંવાર ફેરફાર થાય છે તેવો ફકત વીચાર કરવાથી ફો. કા. ચ. ની રીતીના કાયદામાં ખાસ ઠરાવ કરવામાં આવ્યો છે કે માજીસ્તરેટ પોતાના પુરવાધીકારીએ થોડોક પુરાવ લીધો હોય અને થોડો પોતે લીધો હોય તે ઉપરથી ફેંસલો આપી શકેછે. પણ આવો ઠરાવ શેશન જડજોની બાબતમાં નથી.

માટે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવે છે અને નવી તપાસ કરવાને ફરમાવવામાં આવે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ એપ્રીલ સને ૧૮૮૧.

સર ચાર્લસ એ. ટરનર નાઈટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ હચીન્સ સાહેબોની રૂબરૂ.

ખાજા મહમદ હમીનખાંન વીગરેની અરજીની બાબતમાં.

સહમાલેકે સાપરાધ પ્રવેશ કરેલો—હીંદુસ્થાનના ફોજદારી કાયદા શને ૧૮૬૦ ના આકટ ૪૫ ની કલમ ૨૯૭.

अ, ब, क, અને ड, એક જમીનના સહ માલેકો છે. અને તેમાં તેઓને મડદાં દાટવાનો રીવાજ છે. ड ના સગાઓની કબરો નજીક अ તથા ब એ એક ખાડો ખોડયો, પરંતુ તે કબરોમાંની કોઈ કબરને હરકત કરી નથી.

ઠરાવવામાં આવ્યું કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે તેઓને ખોટી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા છે.

પાનું ૧૭૮. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૪ અને ૨૯૭ પ્રમાણે આ અરજી કરવામાં આવી છે.

અરજદારો તરફથી મી૦ જાહાન્સટન.

કોર્ટે નિચે પ્રમાણે ફેંસલો આપેલો છે તે ઉપરથી કામની હકીકત તથા તકરારો જણાશે.

ફેંસલો:—જે હકીકત માલમ પડેલી છે તે ઉપરથી ગુન્હો શાબેત થએલો છે એમ અમારી નજરમાં આવતું નથી.

અમારા સમજવામાં આવે છે કે ફરીઆદી તોહોમતવાળો છે. અને શાહેદીમાંનો એક શાહેદી એક જમીનના સહમાલેકોમાંનો એક સહમાલેક છે અને તે માલેકોએ થોડી મુદત ઉપર તેમાંની થોડી જમીન અંજાર કરવાને માટે વેચેલી છે. અને જે ભાગ વેચેલો નથી તેમાં તેઓ પોતાનાં મડદાં દાટે છે, અને ફરીઆદીએ સામી હરકત લીધા છતાં તોહોમતવાળાએ થોડી મુદત ઉપર તે જમીનના ભાગ ઉપર થોડા વારની અંદર ફરીઆદીનાં સગાં દાટવામાં આવેલાં છે. ત્યાં એક ખાડો ખોદેલો છે.

આ હકીકત ઉપરથી માજીસ્તરેટે તોહોમતવાળાને એવી રીતે ગુન્હેગાર ઠરાવેલો છે કે એક કબરસ્થાન અગર જગો જે મડદાં દફન કરવાને માટે રાખેલી તે જગો ઉપર પ્રવેશ કરવાથી ફરીઆદીના ધર્મની સમજ પ્રમાણે તેના મનને લાગશે એમ જાણ્યા છતાં તે તોહોમતવાળાએ તે જગો ઉપર પ્રવેશ કરયો અને તેથી દરેકના રૂ. ૫૦) દંડ કરેલા છે.

માજીસ્ટેટના વિચારમાં કોઇ પણ કબરને તોહોમતવાળાએ હરકત કરી એમ શાબેત થએલું આવેલું નથી. જે બાબતો વિશે શકક ભરેલું છે તે નીચે પ્રમાણે છેઃ—જે જગો ઉપર ખાડો ખોદવામાં આવેલોછે. તે જગો દફન કરવાને માટે રાખેલી છે કે કેમ, અને તોહોમતવાળાને સહ માલેકો તરીકે પ્રવેશ કરયાના ગુન્હેગાર ઠરાવી શકાય છે કે કેમ.

તોહોમતવાળાએ સહ માલેકો તરીકે કબજો કરેલો છે અને ફરીઆદી પાસેથી જ્યાં સુધી કબજો લીધો એમ કહેવામાં આવ્યું નથી. અગર જેમ કયુબીટ વીરૂદ્ધ પોર્ટરના કામમાં સહીઆરી દિવાલ પાડી નાંખવામાં આવી હતી તે પ્રમાણે તે મીલકત સહીઆરી તરીકે પાડી નાંખવામાં આવેલી છે, અગર સહીયારી મિલકત ખોદીને અગર બીજી રીતે ખરાબ કરીને નુકશાન કરેલું છે એમ થાય નહીં ત્યાં સુધી તેઓએ પ્રવેશ કરેલો છે એમ ઠરાવી શકાતું નથી.

જો કે તે જમીન અસલ સહીઆરી કબજામાં હતી તો પણ દરેક સહમાલેકે પોતાના સગાની કબરને માટે ઉપયોગમાં લીધી હોય તેટલી વાપરેલી છે એમ તે દરેક સહમાલેકે કબુલ કરયું છે એમ વખતે અનુમાન કરી શકાય. અને જો આ પ્રમાણે કબરને હરકત કરવામાં આવી હોય તો પ્રવેસ શાબેત થયો એમ ઠરાવી શકાય. પરંતુ તોહોમતવાળાએ ખરી રીતે કબરને હરકત કરી છે એમ બતાવવામાં આવેલું નથી. તેમ તે જમીનનો કાંઇ ભાગ કબરસ્થાનને માટે રાખેલો હતો એમ પણ બતાવવામાં આવેલું નથી. માટે અમે ફરમાવીએ છીએ કે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો છે.

ફોજદારી અપીલ

તા૦ ૧૫ મી જુલાઇ સને ૧૮૮૧

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જષ્ટીશ મુતુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

પેદાશીવા રેડી. વિગેરેની અરજીની બાબતમાં.

ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે હુકમ—સાધારણ ચાલ બાબત જોઇતો પૂરાવ.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે જે અખત્યાર વાપરવાનો છે તે જે સખસો વિરૂધ આરોપ રાખવામાં આવ્યો હોય તે સખસોના ગુન્હાની બાબતમાં નક્કી પુરાવનેજ લાગુ થાય છે એમ નથી.

પાનું ૨૩૮ પુલીવેંડાલા તાલુકાના ડીપ્યુટી માજીસ્ત્રેટની રૂબરૂ પોલીસે આ કામના અરજદારોને બીજા દશ સખસો સાથે તેમના ઉપર એવો આરોપ રાખી રજુ કરવા કે તેઓ ફો૦ કા૦ ચ૦ રી૦ ના૦ કાયદાની કા૦ ૫૦૫ અને ૫૦૬ પ્રમાણે જાણીતા ચોર, ઘર ફોડનારા, ગંઠીઆ અને ભયંકર વરતણુંકના છે. આ તોહોમતવાળાઓ એક ગામના છે અને તેમની એકઠી તપાસ કરવામાં આવી છે.

બાર શાક્ષીઓ લેવામાં આવ્યા છે, અને ડીપુટી માજીસ્ત્રેટે ઠરાવ્યું છે કે તે તોહોમતવાળાઓ બધા જાણીતા ચોર, ગઠીઆ અને ભયંકર ચાલના છે, અને આ તોહોમતવાળાઓની ભય ભરેલી ચાલને લીધે ગામના કેટલાક નાણા ધીરનારાઓ તે ગામ છોડી ગયા છે, અને ગયા દશ વરશમાં ખુન, અપહરણ, ઘર ફોડવા, અને ચોરી મળી ૬૦ કરતાં વધારે ગુન્હાઓ તે ગામમાં થએલા છે, અને તેમાંના કેટલાકનો તો ગામના માજી માજીસ્તરેટના દીકરાઓ અરજદારોની જાતીકી સત્તાને લીધે પત્તો લાગી શકયો નથી. તે દીકરાઓ તે વેળાના આગેવાનો છે. ગામના લોકોએ અરજદારો મારી નાંખે એવી ધાસ્તીથી તે વેળામાંના કોઈ સખસ ઉપર ફરીઆદ કરવાને હીમત ધરી નથી. અરજદારો ઉપર બે વખત ખુનનો આરોપ રાખવામાં આવ્યો હતો, પરંતુ તેઓની સત્તાને લીધે તેઓ ગુન્હેગાર ઠરી શકયા નથી. અરજદારો શીવાયના તમામ તોહોમતવાળાઓ પ્રથમ ઘર ફોડયાના તથા ચોરીના ગુન્હેગાર ઠરી ચુકેલા છે, માટે તમામ તોહોમતવાળાના લોકોની નીરભયતાને સારૂ જામીનની જરૂર છે. તેથી દરેક અરજદારને રૂ ૧૦૦૦ નો મુચરકો લખી આપવા તથા રૂ ૧૦૦૦ ના બે જામીન આપવાની ફરજ પાડવામાં આવી છે. તેથી જો તે આપવાને કસુર કરવામાં આવશે તો તે જામીન આપતાં સુધી સખત મજુરી શાથે કેદ ભોગવવી એવો તેમને હુકમ કરવામાં આવ્યો છે.

આ હુકમ ઉપર અરજદારોએ કલડાપાના જીલ્લા માજીસ્તરેટને અપીલ કરી, પરંતુ તેમાં તેઓ ફતેહ પામ્યા નહીં. તેથી ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૯૪-૨૯૭ પ્રમાણે આખરે તે હુકમની ફરી તપાસ કરાવવાને સારૂ આ અરજી હાયકોર્ટને કરેલી છે.

તે અરજદારો તરફથી ગુરૂ મુરતીએ તકરાર કરી કે તે પુરાવ તદન કરણાપકરણી છે અને અરજદારો વીરૂધ્ધ કરેલા હુકમને પુષ્ટી કરવાને બસ નથી.

કોર્ટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

સાધારણ ચાલની બાબતમાં પુરાવ છે તે ઉપરથી તે અરજદાર જાણીતી રીતે ભયંકર ચાલના છે એમ માજીસ્ત્રેટ ઠરાવવાને મુખ્ત

હતા. જયારે સાધારણ ચાલ બાબત શાક્ષીઓ તપાસવામાં આવે છે ત્યારે તેઓ પોતાના અભીપ્રાયની પુષ્ટીમાં તે શક રાખેલા સખશોની બાબતમાં ખોટી ચાલના દાખલાઓ બતાવે નહીં ત્યાંહ સુધી તે શકવાળા સખશની ચાલ અને ટેવ બાબત તેઓની શાક્ષી જો કે ઘણી કીમતી નથી, તોપણ જયારે ફકત તેઓની આબરૂની બાબતનો ફક્ત સવાલ જયારે હોય ત્યારે તે શાક્ષીઓની શાહેદીને ભરૂસો રાખવા લાયક હોય તો તે કીમત વીનાની નથી, પછી તે સકવાળા સખસોનો સબંધ ખરી રીતે કરેલા ગુન્હા સાથે તેઓ બતાવી શકતા ના હોય તેની ચીંતા નહીં.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૦૫ પ્રમાણે જે અખત્યાર આપવામાં આવેલો છે તેનો માજીસ્તરેટે બારીક શહપણથી હમેશાં અમલ કરવાનો છે. પરંતુ જે સખશોના વીરૂધ કાયદાનો અમલ કરવાને માગવામાં આવેલું હોય તે સખશોના વીરૂધ ગુન્હો કરયાનો નકકી પુરાવ જે કામોમાં હોય તે કામોમાંજ તે વાપરવાનો છે, એમ નથી તે અખત્યાર અટકાવ કરતા છે અને શીક્ષાના રૂપનો [illegible] તે માજીસ્તરેટના હુકમમાં હાથ ઘાલવાની જરૂર પડે તેવું તે કામ [illegible] કાંઇ ગેર કાયદે થએલું નથી.

અરજી કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૮ અગસ્ટ સને ૧૮૮૧.

સરચારલસ એ. ટરનર નાંઈટ ચીફ જસ્ટીશ સાહેબની રૂબરૂ.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૭૩—જુઠા સમનનો આરોપ—એક બીજા વીરૂદ્ધ કરેલી હકીકતો—જે શેશન કોરટની રૂબરૂ તેમાંની એક હકીકત કહેવામાં આવેલી તેમની રૂબરૂની તપાસ—ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

એક માજીસ્તરેટની રૂબરૂ અરજદારે સોગન ઉપર એક બીજા વીરૂદ્ધ હકીકતો કરેલી, અને એક નહી તો બીજી એટલે કે માજીસ્તરેટ આગર શેશનકોરટની રૂબરૂની હકીકત કહી જુઠી શાહેદીના આરોપ બાબત તેજ શેશનકોરટે તે અરજદારને ગુન્હેગાર ઠરાવ્યો.

ઠરાવવામાં આવ્યું કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૭૩ પ્રમાણે તે કોરટને તે આરોપ બાબત તપાસ કરવાને અટકાવ કરવામાં આવેલો છે.

પાનું ૨૫૪ નીચે પ્રમાણેના કોરટના ફેંસલાઉપરથી આ

કામની હકીકત જણાય છે.

તે કેદી તરફથી કોઈ હાજર નથી.

ચીફ જસ્ટીશ ટરનર સાહેબઃ—બીજા વર્ગના માજીસ્ત્રેટ અથવા શેશન કોર્ટની રૂબરૂ જુઠી શાહેદી આપી એ તોહોમતનો અપીલવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે. આ દરેક પ્રસંગે જે શાક્ષી આપવામાં આવી છે તેમાં જુઠા સોગન એક બીજા વિરૂધ પ્રત્યક્ષ રીતે ખાવામાં આવેલા છે એમ કહેવામાં આવેલું છે.

જો કે તે જડજે અભીપ્રાય બતાવેલો છે તે ઘણું કરીને સારા કારણોથી બતાવેલું છે. એવી રીતે કે કમીટ કરનાર માજીસ્ત્રેટની રૂબરૂ જે હકીકત કહેવામાં આવેલી છે તે આ બે હકીકતોમાંની જુઠી છે. અસલ જે આરોપ રાખવામાં આવેલો તે દુરસ્ત કરવામાં આવ્યો નથી, અને અપીલવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે. અપીલમાં શરૂઆતમાં એવી તકરાર કરવામાં આવી છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની [illegible]મ ૪૭૩ ના ઠરાવ પ્રમાણે તે આરોપની તપાસ કરવાને શેશન કોર્ટને [illegible]ટકાવ કરવામાં આવેલો છે.

આ તકરારનું બળવાનપણું અમારે મંજુર રાખવું જોઇએ. માટે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા કમીટ કરવાનો હુકમ રદ કરી અમે હુકમ કરીએ છીએ કે પેહેલા વરગના અખત્યારવાળા માજીસ્ત્રેટે તે અપીલવાળાની તપાસ ચલાવવી. જો તેને ફરીથી ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરવામાં આવે તો તેણે ભોગવેલી શીક્ષા માજીસ્ત્રેટે ધ્યાનમાં લેવી જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨ સપટેમ્બર સને ૧૮૮૧.

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જષ્ટીશ મતુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

સુબરામાનીઆગના પાટી કેદી વિરૂધ માહારાણી.

પંચની રૂબરૂ રજુ કરેલો દસ્તાવેજ છુપાવવો—અપ્રમાણીક ઈરાદો—ઘણો દુરનો હેતુ.

એક દાવો કબુલત ઉપરથી પંચ તરફ મોકલવામાં આવેલો તેમાં વાદીએ એક ખત ઉપરનો શેરો એક શાક્ષી જોતાં અટકે તે હેતુથી (જે ઉપરથી એમ જણાય છે કે વસૂલ જેટલું બતાવવામાં આવેલું છે તેના કરતાં પ્રતીવાદીએ વધારે આપેલું છે.) તે ખત પંચની પાસે પડયું હતું તે ખેંચી લીધું, અને દોડી ગયો, અને તે રજુ કરવાની ના કહી.

ઠરાવવામાં આવ્યું કે આ ગુન્હો ચોરીનો નથી. પરંતુ ફોજદારી કાયદાની કલમ ૨૦૪ પ્રમાણે દસ્તાવેજ છુપાવ્યા બાબતનો છે.

પાનું ૨૧૧. આ કામમાં દક્ષણ તાનજોરની શેસન કોરટમાં જ્યુરીએ કેદીના ઉપર રહેવાના ઘરમાં કીમતી દસ્તાવેજની ચોરી કરી તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૮૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો કરયો. તે બાબતની તપાસ કરેલી છે.

જ્યુરીના અભીપ્રાયમાં આવ્યું કે તે કેદી ગુન્હેગાર છે, અને તે હકીકત જુઠી છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩ પ્રમાણે શેશન જડજે આ કામના કાગળો હાયકોરટમાં મોકલ્યા એવા અભીપ્રાયથી કે તે ઠરાવ ઘણોજ નીશ્ચેકારક અને પુશ્કળ પુરાવના વિરૂધ છે અને તે કેદી બ્રાહ્મણ અને એક ગણુપતી છે. (વેદમાં વીદવાન) તેથી તેને ગુન્હેગાર ઠરાવવાને જ્યુરી નાખુશ હતી.

જીલ્લા મુનસફની કોર્ટમાં એક ખતની રૂઇએ નાણાં લેવાને દાવો કરવામાં આવેલો તેમાં તે કેદી વાદી હતો. પક્ષકારોની કબુલત ઉપરથી તે કોર્ટના એક વકીલને પંચ નીમી તેની તરફ તે દાવો મોકલવામાં આવ્યો તેથી તે વકીલે વાદીની લેહેણી રકમ નકકી કરવાને પોતાના ઘરમાં શાક્ષીઓ તપાસ્યા. તે શાક્ષીઓમાંના એક શાક્ષીએ કહ્યું છે કે તે ખત ઉપર અમુક રકમ વસૂલ આવ્યાનો શેરો હતો. તેથી તે પંચે પોતાના મેહેતાને તે ખત લાવવાનું કહ્યું. તે ખત તે પંચની એક બાજુએ જમીન ઉપર પડેલું હતું. જે રકમ વસૂલ આપેલી કહેવામાં આવેલી તે ખત ઉપર નોંધાવામાં આવેલી છે એ વિશે તે કેદિ તકરાર કરતો હતો તેથી તે શાક્ષીને તે ખત બતાવવાને તેણે હરકત લીધી. પંચે તે હરકત નામંજુર કરી. આ ઉપરથી તે કેદી તે ખત એકાએક લેઇ એક શબ્દ બોલ્યા વિના તે ઘરમાંથી દોડી ગયો, તે મેહેતો તે કેદીની પાછળ ગયો, અને તેને ઉભો રાખ્યો. પંચ પણ પાછળ ગયા અને તે ખત પાછું આપવાને કહ્યું. પરંતુ કેદીએ તે પાછું આપવાની ના કહી અને તે આલતો થયા.

શેશન જડજે જ્યુરીને કામની હકીકત બતાવતાં કહેલું છે કે:—

" તમારે જે બાબતોનો વિચાર કરવાનો છે તે એ છે કે.—

"(૧) પંચના કબજામાંથી આ દસ્તાવેજ તે કેદીએ લીધેલો છે કે નહીં.

"(૨) જો તેણે લીધેલો હોય તો તે કામમાં પોતાને ફા-

ફાયદો મેળવવાને અગર પ્રા૦ ને નુંકશાન કરવાના અપ્રમાણીક ઇરાદાથી તેણે તેમ કરેલુંછે કે નહીં."

કેદીની તરફ એ. રામચંદ્રાયર.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીશ ટરનર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.—

જે દસ્તાવેજ ચોરવામાં આવેલો કહેવામાં આવેલો છે તે શાક્ષીઓએ કહેલી રીતે તે લેઇ ગયેલો છે એમ પૂષ્કળ પુરાવથી તે શાબેત થાય છે. સવાલ એવો ઉત્પન્ન થાય છે કે તેના તે કૃત્યથી ચોરી થાય છે કે નહીં. તે દસ્તાવેજ રજુ કરવાને તોહોમતવાળાએ કાંઇ હરકત લીધી નથી એમ જણાય છે. તે ત્રાહીત સખશે રજુ કરેલો છે અને તે ફાઇલ કરી પુરાવમાં ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. સામા પક્ષકારે એક શાક્ષીને બોલાવેલો છે તેણે કહયું છે કે તે ખત પેટે રૂ. ૫૧૬) વસુલ આપવામાં આવેલાં છે. અને તે વસુલ તે ખત ઉપર નોંધેલું છે. તે ખત ઉપર રૂ. ૫૪૦ (નું વસુલ નોંધેલું છે એમ કહેવામાં આવેલુંછે. અને તે શાક્ષીની યાદદારત તાજી કરવાંને તે તોહોમતવાળાના સામાવાળાઓએ તે શાક્ષીને ખત બતાવવું જોઇએ એવી અરજ કરી હતી. આ પ્રમાણે કરવાને તોહોમતવાળાઓએ ખરી રીતે હરકત કરી, અને પંચે તેના વિરૂધ જ્યારે કહયું ત્યારે તે દસ્તાવેજ લેઇ તે ઘરમાંથી નાશી ગયો અને પાછળથી તે રજુ કરવાને ના કહી. માટે આ હકીકત ઉપરથી કાંઇ ખોટી રીતે નુંકશાન અગર ખોટી રીતે ફાયદો મેળવવાની કાંઇ મરજીથી એ કૃત્ય કરવાને તોહોમતવાળો ઉશકેરાએલો હતો એવું ભાગ્યેજ અનુમાન થઇ શકે. માજીસ્ત્રેટે જે નુકશાન અગર નફા બાબત સુચના કરેલી છે તે ઘણું દુરનું છે. અને અમારા અભીપ્રાય પ્રમાણે તોહોમતવાળાના મનમાં તે નહીં હતું, અને તેથી તેની ચાલને અસર થયો નથી. તે હકીકત ઉપરથી દેખીતુ અનુંમાન એવું થાય છે કે પોતાની વિરૂધ તે બાબત ઠરાવ થવાથી તે ઘણો નારાજી થએલો તેથી તે ઠરાવનો અમલ કરતાં અટકાવવાને તેણે નીશ્ચે કરયો, અને તે ઇરાદાથી તે દસ્તાવેજ ખસેડયો, અને તે રજુ કરવાને પાછળથી ના કહી.

સરકારી નોકરની રૂબરૂ જે દસ્તાવેજ કાયદેસર રીતે રજુ કરવાને ફરજ પાડી શકાય તે દસ્તાવેજ છુપાવ્યાનો તે ગુન્હેગાર છે માટે હીંદુષ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૦૪ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો કરેલો છે.

સબબ અમે ફરમાવીએ છીએ કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ

ફુરવો અને તેને રોકવામાં આવેલો હતો તે લક્ષમાં લેતાં રૂ. ૫૦) દંડ અને તે આપવાને કસુર કરે તો એક માસ આસાન કેદની શીક્ષા અમે કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૩ અગષ્ટ સને ૧૮૮૧.

સુર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જષ્ટીશ ઇન્સ સાહેબોની રૂબરૂ.

મુતીકલ કોવીલાથ્રાથા રામચર મારાજા (કેદી) અપીલવાળો વિરૂદ્ધ માહારાણી.

શેશનની તપાસ—જુદા ગુન્હાનો આરોપ વધારવામાં આવેલો તેના આધારમાં પુરાવ હોવા શીવાય માજીસ્ટ્રેટની રૂબરૂ ગુન્હાની શાબેતીનો ઠરાવ થએલો તે રદ કરવામાં આવ્યો.

પીનલકોડની કલમ ૨૦૨ પ્રમાણે ર એ એક ખુન બાબત જે બાતમી કાયદેસર આપવાને તે બંધાએલો હતો તે આપવાને ઇરાદેથી છોડી દીધા. તે આરોપ બાબત માજીસ્તરેટે ર ને સેશન કોરટમાં તપાસ થવા સારૂ કમીટ કરયો. તેમાં જે આરોપ બાબત તેને કમીટ કરવામાં આવ્યો હતો તે આરોપવાળો ગુનહો તપાસમાં તેણે કબુલ કરયો.

પબલીક પ્રોશીકયુટરની અરજી ઉપરથી કેદીની સામી તકરાર છતાં શેશન જડજે પીનલકોડની કલમ ૧૦૯ અને ૨૦૧ પ્રમાણે એક એવો આરોપ વધારયો કે તે કેદીએ મરનાર સખરાની લાશ દાટવામાં સહકેદી અણુ ક ને તેણે મદદ કરી તેથી તે આરોપનો જવાબ ર પાસે માગ્યો. અને ક ને માફી આપી સાક્ષી તરીકે તપાશીને ર ને ગુનેહગાર ઠરાવી બે વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

ઠરાવવામાં આવ્યું કે શેશન જડજે ર ના ઉપર જે આરોપ રાખેલો છે તેના આધારમાં માજીસ્તરેટની રૂબરૂ કાંઇ પુરાવ નહી હતો. માટે તે જડજનું કરેલુ કામ કાયદેસર નથી. તેથી તે વધારેલા આરોપ ઉપરથી જે ગુનહાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે તે કાયદા વીરૂધ છે.

વળી ઠરાવવામાં આવ્યું કે શેશન જડજના વીચારમાં ક કરતાં ર વધારે ગુનેહગાર છે એવું આવેલું માટે તે તપાસ બંધ રાખી માજીસ્ટ્રેટ તરફ તે કામના કાગળો મોકલી ર ઉપર વધારે ભારે ગુનહાનો આરોપ રાખવાને કાંઇ કારણ છે કે નહી તેની તપાસ કરવાને સુચના કરી

એ યોગ્ય રસતો હતો.

પાનું ૩૫૧ કોરટના નીચે પ્રમાણે ફેંસલા ઉપરથી કામની હકીક ત તથા તકરારો જણાય છે.

અપીલવાળા તરફથી એલગોડન.

ફેંસલોઃ—તા૦ ૧૨ જાનેવારી સન ૧૮૮૧ વા રોજ મંદાકારા દેશ માં એક ખુન કરવામાં આવેલું છે. પોલીસે તપાસ કરતાંની દરમીઆનમાં એવું માલમ પડેલું છે કે એક ઓરત નામે ચીરૂથાઇએ લાશ દાટ વામાં મદદ કરી અને અપીલવાળો તે ગુનહો કરવામાં આવેલો તે જાણ તો હતો. તેમ છતાં તે બાબત તેણે બાતમી આપી નહી. માજીસ્ટ્રેટે ત પાસ કરીને કલમ ૨૦૦ પ્રમાણે આરોપ રાખી તપાસ થવા સારૂ ચીરૂ થાઇને અને હીં. ફો. કા. ની કલમ ૨૦૨ પ્રમાણે ખુનની બાતમી ઇરાદા પુરવક આપી નહીં. એવો આરોપ અપીલવાળા ઉપર રાખી અપીલવા-ળાને તપાસ થવા સારૂ સેશન કોરટમાં કમીટ કરેલા છે.

સેસન કોરટમાં આ તપાસ સરૂ થઇ તે વખતે અપીલવાળાને જે આરોપ બાબત કમીટ કરવામાં આવ્યો હતો તે આરોપવાળો ગુનહો તેણે કબુલ કરયો. જડજે તે ખુનનો એક તોહોમતવાળાને તપાસ કરી ગુનેહ ગાર ઠરાવેલો હતો. અને તે તપાસની દરમીઆનમાં કલમ ૧૦૯ અને ૨૦૧ પ્રમાણે અપીલવાળાની તપાશ થવી જોઇએ એવી હકીકત તેમને માલમ પડી અને ચીરૂથાઇએ જે ગુનહો કરેલો છે તેના કરતાં તેણે ભારે વધારે ગુનહો કરેલો છે એમ તેમની નજરમાં આવ્યું માટે હી. ફો. કા. ની કલમ ૧૦૯ અને ૨૦૧ પ્રમાણે આરોપ વધારવાને પબલીક પ્રોશી-કયુટરે અરજી કરી તે ઉપરથી અપીલવાળાની સામી તકરાર છતાં અપી લવાળા ઉપર આરોપ રાખ્યો. અને તે બાબત તેનો જવાબ માગ્યો. પછી તેઓએ ચીરૂથાઇને માફી આપી અને તેણીને સાક્ષી તરીકે તપાશી અને અપીલવાળાને તે વધારેલા આરોપ બાબત ગુનેહગાર ઠરાવ્યો. અને અપી લવાળાએ જે ગુનહો કબુલ કરયો હતો તે બાબત પણ તેને ગુનેહગાર ઠરાવ્યો. અને બે વરશ શખત મજુરી સાથે કેદની શીક્ષા કરી. તેમણે દરેક આરોપ બાબત શીક્ષાનો હુકમ જુદો લખ્યો નથી. હી. ફો. કા. ની કલમ ૧૦૯ અને ૨૦૧ પ્રમાણે અપીલવાળા ઉપર જે આરોપ રાખ વામાં આવેલો છે તેને પૂષ્ટી થાય. તેવો માજીસ્તરેટની રૂબરૂ કાંઇ પુ-રાવ નહી હતો. અપીલમાં એવી તકરાર કરવામાં આવીછે કે હીં. ફો. કા. ની કલમ ૧૦૯ અને ૨૦૧ પ્રમાણે આરોપ વધારવાને તે જડજને અખ ત્યાર નહી હતો. સેશન કોરટની રૂબરૂ અમુક ગુનહા અને અગર પોતાને તપાસવા લાયક હોય (ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૫—

૪૭૨—૪૭૪) તે શીવાય તોહોમતવાળાને માજીસ્તરેટ વીગેરેએ કમીટ કરેલો ના હોય તો સેશન કોરટ કોઇ ગુનહાની તપાસ કરી સકતા નથી.

આ મરીઆદા રાખવાનો હેતુ અનુમાન કરતાં એવો છે કે જે સખશના ઉપર ભારે ગુનહાનો આરોપ રાખવામાં આવે તે બાબત આરંભની તજવીજ થવી જોઇએ કે જેથી તે ગુનહાની બાબત વીસે માહીત થઇ પોતાનો બચાવ કરી શકે તેવો તેને લાગ મળે. જે તોહોમત બાબત તોહોમતવાળાને કમીટ કરવામાં આવ્યો હોય તે વીસે જુરી ઠરાવ કરે અગર આસેસરો અભીપ્રાય આપે તે પેહેલાં હરકોઇ વખતે સેશન કોરટ તે તોહોમત દુરસ્ત કરી શકેછે અગર તેમાં ફેરફાર કરી સકે છે,

વળી જયારે તોહોમતવાળાને કાંઇ પણ આરોપ વીના કમીટ કરવામાં આવલો હોય અગર કમીટ કરનાર માજીસ્તરેટની રૂબરૂ ચાલેલું પ્રોશીડીંગ જોતાં જે તોહોમત રાખવામાં આવેલું હોય તે બરોબર નથી. એવું તેમના વીચારમાં આવે તો કમીટ કરનાર માજીસ્તરેટની રૂબરૂ લીધેલા પુરાવ ઉપરથી જે કોઇ ગુનહો સાબેત થતો તેમની નજરમાં આવે તે ગુનહાનો આરોપ રાખવાને તે મુખત્યાર છે. આ અપીલવાળા કામમાં તોહોમતવાળાને જે આરોપ બાબત કમીટ કરવામાં આવ્યો છે તે આરોપ માજીસ્તરેટ રૂબરૂનું પ્રોશીડીંગ જોતાં બરોબર નથી. એમ તે જડજે ઠરાવ્યું નથી. આરોપમાં કાંઇ ફેરફાર અગર દુરસ્ત કરયા શીવાય તે જડજે અપીલવાળાને ગુનેહગાર ઠરાવેલો છે તે જડજે અશલ આરોપ દુરસ્ત કરયો નથી. અગર તેમાં ફેરફાર કરયો નથી. તેમ માજીસ્તરેટની રૂબરૂ લેવાએલા પુરાવ ઉપરથી સાબેત થવા લાયક આરોપ રાખ્યો નથી. તેમને તો જે ગુનહો તેની તેજ હકીકત ઉપરથી તોહોમતવાળાને જે ગુનહા બાબત તપાસ કરવાને કમીટ કરવામાં આવેલો છે તેથી જુદો ઉતપન થએલો છે. અને તે ગુનહા બાબત વધારેનો આરોપ રાખેલો છે. અને તે આરોપના આધારમાં માજીસ્તરેટની રૂબરૂ લેવાએલો કાંઇ પુરાવ થઇ શકતો નથી અને એક સાક્ષી પણ માજીસ્તરેટની રૂબરૂ તપાસવામાં આવ્યો નથી. અને તે સાક્ષીને શેશન કોરટમાં પેહેલ વેહેલી જ તપાસવામાં આવેલી છે અને તેણીની ફકત સાહેદી ઉપરથી જડજે વધારેલા આરોપ બાબત અપીલવાળાને ગુનેહગાર ઠરાવેલો છે.

તે આરોપ વધારવામાં જડજે કાયદા વીરૂધ કરેલું છે એમ ઠરાવવું જોઇએ, અને આ ભુલ ફકત કાંઇ કામ ચલાવવાની રીતીની નથી. પરંતુ હકુમતની ખોટી રીતે ધારણા કરેલી છે. માટે તે વધારેલા આરોપ ઉપરથી જે ગુનહાની સાબેતીનો ઠરાવ કરેલો છે તે રદ થવો જોઇએ, અને શીક્ષા કમી કરી છ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં

આવે છે.

કાંઇપણ યોગ્ય કરવા સીવાય તે જડજે જે વીચાર કરેલો છે તે પ્રમાણે તેમણે અપીલવાળાની તપાસ બંધ રાખી ખુનની તપાસના કાગળો કમીટ કરનારા અમલદાર તરફ મોકલી તેમને એવી સુચના કરવી જોઇએ કે અપીલવાળાના ઉપર વધારે ભારે ગુનહાનો આરોપ રાખવાને કારણ છે કે નહીં તે બાબતની તપાસ કરવી. અને તે રીતી પ્રમાણે જ ડજ ચાલી શકતા હતા.

ફોજદારી અપીલ

તા૦ ૪ અગસ્ટ સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ ઇન્સ અને મી૦ જસ્ટીશ મતુશામીઆયર સાહેબોની રૂબરૂ.

એલાવારીશુ વનામામાળી રામાનું જાજીઆર સ્વામી.

અરજદાર વીરૂધ વનામા માળી રામાનુજાજીઆર (સાંમો અરજદાર)

ફો. કા. ચ. ની રીતીનો બાબ ૩૯ અને ૪૦—તકરારી કબજો-બખેડાની ધાસ્તી—અમુક કૃત્ય છોડી દેવું.

જે કામમાં જમીન અને ઇમારતના કબજાના હક વીસે તકરાર ઉતપન થાય. અને માજીસ્તરેટની નજરમાં જો એમ જણાય કે પક્ષકારોની વચમાં તકરાર થાય એવું છે અને તેથી સુલેહનો ભારે ભંગ થસે. તો માજીસ્તરેટ ફો. કા. ચ. ની રીતીના કાયદાના બાબ ૪૦ ને બદલે બાબ ૦૩૯ પ્રમાણે યોગ્ય રીતે કામ ચલાવી શકે છે.

જો માજીસ્તરેટને હકુમત હોય તો તે પ્રોસીડીંગ ન્યાયની રૂઇનુ નથી. માટે હાયકોરટ તેની ફરી તપાસ કરી શકતા નથી.

એકાદા મંદીર અને તેની મીલકતમાં હાથ ધાલવો નહી એવો હુકમ કરવામાં આવે તો તે હુકમ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૧૮ ના અરથ પ્રમાણે અમુક "કૃત્ય" છોડી દેવા બાબતનો થાય છે.

પાહે ૩૫૪ તા૦ ૨૬ અકટોબર સને ૧૮૮૦ ના રોજ તીનેવેલીના આકટીંગ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે માજીસ્તરેટના કેટલાક હુકમો, પોલીસના રીપોટો અને આ પ્રોસીડીંગ સાથે સબંધ રાખનારા પક્ષકારોએ કરેલી તથા તેમના ઉપર થએલી ફરીઆદોનો વીચાર કરીને નીચે પ્રમાણે હુકમ કરેલો છે:—

"આ જીલામાં અધીકારી તરફથી કાંઇ ઇલાજ એકદમ લેવામાં ના

આવે તો નાગુનેરીમાં ભારે બખેડો થશે. એમ અમને જણાય છે. આક્ટીંગ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટ ખાનગી સખસોના હક અને હીતમાં હાથ ઘાલવાની ફરજ સમજવામાં આવે છે તેથી તેમને ઘણી દીલગીરી થાય છે તોપણ કેટલાક પ્રસંગો હોય છે કે જે વખતે માજીસ્તરેટને હાથ ઘાલવાને પોતાની ફરજ થાય છે તેમાંની આ એક ફરજ થાય છે એમ અમે માનીએ છીએ.

"૨ સને ૧૮૭૮ ની સાલમાં નાગુનેરી માતમના મોટા જીઅરનો તે નાગુનેરીમાં તથા બીજા તાલુકામાં ઘણી જાગીર છે તે ઉપર અખત્યાર હતો તે મોટો જીઅર ઘણો માંદો થઇ મરવાની તઇયારીમાં હતો એમ જાનવામાં આવેલું જણાય છે. તેથી તેણે એક ગોપાળ આયનગરને પોતાનો વારસ નીમ્યો. અને તે હાલ નાના જીઅર તરીકે ઓળખાયછે.

"૩ નાનો જીઅર કહેછે કે તમામ મીલકત મને આપવામાં આવી હતી અને નેપાગોડાનો તથા ધરમાદાનો વહીવટ મને સોંપવામાં આવ્યો હતો. તે કબુલ કરે છે તે પ્રમાણે તે વહીવટ તેની પાસે નથી.

"૪ કેટલાક વરસથી મને દર વરસે રૂ. ૭૦૦) મળે છે.

"૫ આ વરસમાં અગષ્ટ મહીનામાં આંબા શામુદ્રમ તાલુકામાં એક ગામમાં તે રહેતો હતો ત્યાંથી એક મારવાડીના ટોળાની સાથે નાનુગેરી જવા નીકળ્યો. એવા નકી હેતુથી કે તે મંદીર અને ધરમાદાનો કબજો પોતાની પાસે લેઇ વહીવટ કરવો.

"૬ પોલીસને એવી ધાસ્તી લાગી કે સુલેહનો ભંગ થશે. એ મજબુત ટોળીઓ બંધાએલી હતી એમાં કાંઇ શક રહી શકતો નથી.

"૭ મુખ્ય ભય અકટોંબર અને નંવેંબર માસમાં કાર સાંથ વસુલ કરવાની છે તે વખત થસે.

"૮ દરેક ટોળી સામાવાળા પાસથી સાંથ વસુલ કરવાને કોસીશ કરશે અને તેથી પરીણામે નકી બખેડો થશે.

"૯ હકીકત પ્રમાણે અમારી નજરમાં આવે છે કે નાના જીયારનું કરવું બરોબર નથી. માટે તેણે દીવાની કોરટમાં જવું જોઇએ.

"૧૦ હાલ અમારા વીચારમાં આવે છે કે યોગ્ય કોરટથી તેના લાભમાં ઠરાવ થતાં સુધી નાના જીયારે તે વહીવટમાં, પુજામાં તથા નાગુનેરી માતમ અને તેને લગતી જાગીરોમાં તેણે હાથ ઘાલવો નહી જોઇએ એવો તેને હુકમ કરવો. માટે તે પ્રમાણે તેણે નહી કરવું એવો હુકમ આ લેખથી હું કરૂછું.

"૧૧ આ હુકમ જીલ્લા માજીસ્તરેટને ખબર થવા સારૂ મોકલવામાં આવશે.

"૧૨ અમારા અભીપ્રાયમાં કલમ ૫૧૮ ના શબ્દો પ્રમાણે ખુલી રીતે આવે છે કે જે સખસના ઉપર આ હુકમ કરવામાં આવેલો છે તે સખસને જે હરકત થાય તેના કરતાં કલમ ૫૨૧ અને તે નીચેની કલમો પ્રમાણે કામ ચલાવવાથી વધારે હરકત થશે. અને ફો. કા. ચલાવવા ની રીતીના બાબ ૩૯ નો ઠરાવ પાર પડસે નહીં."

આ ઉપરથી નાનાજીયરે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે તે હુકમ કાયદા વીરૂધ છે માટે તે રદ કરવો જોઇએ એવી હ.ય કોરટમાં અરજ કરી.

અરજદાર તરફથી મી૦ નોરટન અને સાડાગોપાચારી.

તા૦ ૧૦ અકટોંબરના રોજ સુલેહ રાખવા સારૂ અરજદારે ખત શા વાસ્તે લખી આપવુ નહી તેનું કારણ બતાવવાને નોટીશ તે અરજદાર ઉપર બજાવવામાં આવી. તે કામ તા૦ ૨૮ મી સુધી બંધ રાખવામાં આવ્યું. અને તા૦ ૨૬ મીના રોજ તે માજીસ્રેટ મઠમાં ગયા અને અરજદારની જુબાની લીધી. અને ફોજદારી કામ ચલાવવાની રીત ના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણેનો હુકમ કરયો કલમ ૫૧૮ માં તદન જુદી બાબતની બ્યવસ્થા કરવામાં આવેલી છે અને તે કલમ પ્રમાણે તેને નોટીશ બજાવવામાં આવેલી નથી.

તે પ્રોસીડીગ કલમ ૫૧૮ મી પ્રમાણેનું ચલાવવામાં આવેલું તેવું છે, પરંતુ મતલબે તે હુકમ કલમ ૫૩૦ મી પ્રમાણેનો છે, તે હુકમ કલમ ૫૧૮ મી પ્રમાણેનો જો હોયતો, ૨૪ અને ૨૫ વીકના ચારટર આકટની કલમ ૧૫ મી પ્રમાણે કોરટ તેમાં હાથ ઘાલી શકે છે. (જસ્ટીસ ક્ન્સ સાહેબ:—અમે હમેશાં તે કલમ કારોબારી પ્રોસીડીંગ સબંધી છે એમ સમજેલા છીએ.) ચારટર આકટ પ્રમાણે હાથ ઘાલવાની જરૂર હકીકત ઉપરથી જો માલુમ પડતી હોય તો કોરટને હાથ ઘાલવાને ચંદ્રનાથસેનના કામમાં પુલબેંચનો જે ઠરાવ છે તે આધાર છે. કલમ ૫૧૮ મી પ્રમાણે કામ ચલાવવાને કાંઈ જરૂર નહીં હતી. કારણ વીના ફકત બખેડાની ધારણા કરવી તે બસ નથી. જો આ હુકમ કલમ ૫૩૦ મી પ્રમાણે મતલબ માં હોય અને તે પ્રમાણે છે એમ જણાય છે, કારણ કે મંદીરની મીલકતના કબજા સબંધીનો સવાલછે, અને અપકૃત્ય બાબત નથી તો, કાંઇ લખેલી હકીકત પક્ષકારો પાસેથી લેવામાં આવી. કબજાની બાબતનો પુરાવ તે૦ કલમ પ્રમાણે જોઇએ તે પ્રમાણે કામમાં દાખલ કરવામા આવ્યો નથી. કલમ ૫૧૮ મી અમુક કૃત્ય કરવાથી અલગ રહેવા સબંધીછે.

સામા અરજદાર તરફથી મી૦ વેડરબરન તથા તેરૂનારણચારી.—

કલમ ૫૨૦ મીમાં તે પ્રોસીડીંગ ન્યાયની રૂઇનુ નથી એવું ઠરાવવા–

માં આવેલું છે, તેથી કલમ ૫૧૮ મી પ્રમાણેના હુકમમાં હાથ ઘાલી શ
કાતો નથી કે શું. પોલીસ રીપોરટો (જે હકીકત ઉપરથી તેમને ખાત્રી
થએલી—કલમ ૫૧૮ મીનો ખુલાસો ૨ જો જુઓ.) માજીસ્તરેટે તે માસ
માં અને ચાર પછીના માસમાં જયારે "કાર" સાંથ વસુલ કરવામાં આ
વસે તે વખતે ભારે બખેડો થશે એવી ધાસ્તી રાખેલી છે. આ પ્રમાણે
છે તો તે હુકમ હકુમત વીના કરવામાં આવેલો છે એમ કહી શકાતું નં
થી. માટે ચંદ્રનાથસેનના કામનો ફુલબેંચનો ઠરાવ લાગુ થાય છે. તે હુકમ
ગોપી માલીક વી૦ તારામોની ચોધરાયણના કામ પ્રમાણે કાયદા વીરૂધ
નથી. કારણ કે થોડી મુદત તેનો ફકત અમલ કરવાનો છે, અને જે
કૃત્ય અરજદારે કરવાનું નથી તેની મરીયાદા બાંધવામાં આવી છે.

જસ્ટીસ હન્સ સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

ફો. કા. ચ. ની રીતના કાયદાના બાબ ૩૯ પ્રમાણે આવા કામમાં
તે કરવાને માજીસ્તરેટને અખત્યાર હતો કે નહી એવો પ્રથમ તકરાર ઉ
પરથી કેટલોક શક ઉતપન થએલો હતો, કારણ કે આવું કામ કે જેમાં
બાબ ૪૦ માં ઠરાવેલી કામ ચલાવવાની રીતી વધારે યોગ્ય રીતે પસંદ
થઇ શકત. પરંતુ વીચાર કરતાં અમારી નજરમાં આવે છે કે માજીસ્તરે
ટને જેવું એમ માલુમ પડયું કે તે અરજદારનો ડોળ બેઉ ટોળીઓની વચ્ચે
સામસામી તકરાર થાય અને તેથી સુલેહનો ભંગ ભારે પ્રકારનો થાય તે
વી ધાસ્તી છે તેવીજ જમીન તથા મકાનના કબજાના હક સબંધીની ત
કરારના રૂપથી તે માજીસ્તરેટને કાંઇ અટકાવ થતો નથી. આવા હુકમો
ન્યાયની રૂઇના પ્રોસીડીંગમાં કરવામાં આવેલા નથી એવો સ્પષ્ટ ઠરાવ ક
રવામાં આવેલો છે, માટે તે હુકમોનીજ ફો. કા. ચ. ની રીતના કાયદા
ની કલમ ૨૯૭ મી પ્રમાણે ફરી તપાસ થઇ શકે છે, માટે જે હુકમો
આ બાબત કરવામાં આવેલા હોય તેની યોગ્ય રીતે ફરી તપાસ થઇ શક
તી નથી, અને ફરી તપાસમાંથી આવા હુકમોને છુટા રાખવાને કાયદા ક
રનારાઓનો ઇરાદો આ પ્રમાણે બતાવવામાં આવેલો છે, માટે ચારટર
આકટની કલમ ૧૫ પ્રમાણે કોરટને હાથ ઘાલવાનો કેવી રીતનો અખત્યાર
છે તે સમજવું મુસકેલ છે.

હાય કોરટને જે કરવાનું છે તે એટલુંજ છે કે કલમ ૫૧૮ મી પ્ર
માણે હુકમ કરવાને માજીસ્તરેટને હકુમત હતી કીંવા નહી. તે હાઇ કોર
ટ જોઇ શકે. જો તે હકુમત હોયતો, હાથ ઘાલવાનો અખત્યાર નથી.
એવી તકરાર કરવામાં આવી છે કે કલમ ૫૧૮ મી પ્રમાણે હુકમ કરવા
ની જરૂર પડે તેવી અવસ્યકતા નહી હતી, અને એક કૃત્યની મનાઇ કર
વામાં આવેલી નહી પણ કેટલીક બાબતમાં તે હુકમ કરવામાં આવેલો તે

થી તે હુકમ બરોબર નથી. તે હુકમની કલમ ૫, ૬, ૭ અને ૮ મી ઉપરથી એવું પુકતરીતે જણાય છે કે માજીસ્તરેટની રૂબરૂ જે હકીકત હતી તે ઉપરથી તેમણે શુધ દીલથી એમ માનેલું હતું કે અરજદાર ના કૃત્ય ઉપરથી તોફાન થવાની ધાસ્તી હતી. જે હકીકત ઉપરથી તેઉ વરતેલા છે તે કામના કાગળોમાં દાખલ થએલી હોવી જોઇએ એવી જ રૂર નથી. આ કલમ પ્રમાણે જે હકીકતથી માજીસ્તરેટને વરતવાની જરૂર છે તે વારંવાર એવી હોય છે કે મુખજુબાનીથી બાતમી મળે એટલે તર ત ઇલાજ કરવો જોઇએ અને તા૦ ૧૮ મી સપટેંબર સુધીની હકીકત કામના કાગળોમાં છે તેથી જો જરૂર હોય તો અમારી ખાત્રી થાય છે કે તા૦ ૨૬ મી અકટોબરના રોજ જયારે માજીસ્તરેટે તે હુકમ કરયો ત્યારે માજીસ્તરેટ જેમ કહે છે કે પોલીસ તથા ફોજદારી અધીકારીઓ તરફ થી તેમને ખબર મળી હતી કે સુલેહના ભંગની ધાસ્તી છે તેવી ધાસ્તી તે વખતે પણ હસે. અમારી નજરમાં આવતુ નથી. કે આ હુકમ ઘણોજ વધારે છે. તે હુકમ મતલબે તે મઠમાં તથા તેના તાબાની મીલકતમાં તે અરજદારે હરકત કરવી નહી તેવો છે એટલે તે કલમના અરથ પ્રમાણે "અમુક કૃત્ય" છોડી દેવાં બાબતનો તે હુકમ છે.

તે હુકમ કલમ ૫૧૮ મી પ્રમાણે યોગ્ય રીતે કરવામાં આવ્યોછે, માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે તે ફરી તપાસ કરવા લાયક નથી સબબ અમે તે અરજી કાહાડી નાંખીએ છીએ.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ જુલાઇ સને ૧૮૮૧

મીં૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ ટારંટ

સાહેબોની રૂબરૂ.

ધયાદ્રાવીરાના વીગરે વી૦ માહારાણી સાહેબ.

ફો. કા. ચ. રીતના કાયદાની કલમ ૪૬૯—દીવાની દાવામાં જુઠા દસ્તાવેજ બાબત સાક્ષીઓ ઉપર ફરીઆદ ચલાવવી—મંજુરીની જરૂર નથી—પક્ષકારમાં સાક્ષીનો સમાસ થતો નથી.

દીવાની દાવામાં પુરાવ આપેલો દસ્તાવેજ જુઠો બનાવવા બાબત તે દાવાના પક્ષકાર ઉપર ફરીઆદ ચલાવતાં પહેલાં જેવી મંજુરીની જરૂર ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૯ મી પ્રમાણે છે તેવી જરૂર જે સખસો પક્ષકારો ના હોય પણ સાક્ષીઓ હોય અને જેમ

ના ઉપરના દાવા પક્ષકારો સાથે દસ્તાવેજ જુઠો બનાવ્યા બાબત આરોપ રાખવામાં આવ્યો હોય તેમની બાબતમાં નથી.

પાનુ ૪૦૦ આ કામમાં નંબર ૧—૨-૪—૫ ના અપીલવાળાઓ જે કેદીઓ છે તેમને એક ખત જુઠું બનાવ્યા બાબત ગુનેહગાર ઠરાવેલા છે.

પેહેલા કેદીએ અંગોલમાં જીલા મુનશફની કોરટમાં એક ખતની રૂએ દાવો કરયો. તે દાવો મુનશફે કહાડી નાંખ્યો. અને તે ઠરાવ જીલા જડજે અપીલમાં બાહાલ રાખ્યો અને તેઉએ અપીલના પ્રતીવાદી (પ્રાસી ક્યુટર)ની અરજ ઉપરથી પેહેલા કેદી ઉપર જુઠો દસ્તાવેજ બનાવ્યા બાબત ફરીઆદ કરવાની પરવાનગી આપી.

બીજો, ચોથો અને પાંચમો કેદી તે ખત ઉપર શાક્ષી કરનારાઓછે. અને વળી ચોથો અને પાંચમો કેદી તે દાવામાં સાક્ષીઓ છે.

હાય કોરટમાં અપીલ કરતાં કેદી ૨, ૪ અને ૫ ને ગુનેહગાર ઠરાવ્યા બાબત હરકત લેવામાં આવી એવા કારણુથી કે તેમના ઉપર ફરીઆદ ચલાવવાને જીલા કોરટથી કાંઈ મંજુરી આપવામાં આવી નથી. અપીલવાળાઓ તરફથી મી૦ ગ્રાંટ અને ટી. રામરાવ.

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ (મી૦ પાવલ.)

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

શેશન જડજે તથા આસેસરોએ પુરાવ ઉપરથી જે નીસ્ચય કરેલો છે તે બરોબર નથી એમ કહેવાને પૂકત કારણ બતાવવામાં આવેલું હોય તેમ જણાતુ નથી. ફરીઆદ તરફના પુરાવમાં જે નબળી બાબતો હતી. તે સેશન જડજે બતાવી તેનું સંભાળથી વજન કરેલું છે એમ જણાયછે જે દસ્તાવેજ જુઠો બનાવેલો કહેવામાં આવેલો છે તે દસ્તાવેજના લખનારને દીવાની દાવામાં તપાસવાને પહેલા કેદીએ રજુ કરયો નથી તેથી તથા તેની સાધારણ વંરતણુંકથી તેમજ તે દસ્તાવેજનો અંદેશા ભરેલો દેખાવ અને તાજા હરફ આ તમામ ઉપરથી ફરીઆદ તરફના સાક્ષીઓ જે એમ કહે છે કે એક જુઠા દસ્તાવેજ ઉપર અમારી પાસે સાક્ષીઓ કરાવવાને અમારી પાસે કોસીસ કરી હતી તેમને કેટલેક દરજે પુંષ્ટી થાય છે. બચાવ તરફના શાક્ષીઓનો પુરાવ જડજે અને આસેસરોએ માનેલો નથી. તે કાંઇ ઘણો વજનદારછે એમ અમને જણાતુ નથી. તે કામની તમામ હકીકત વીચારમાં લેતાં શેશન કોરટના ઠરાવમાં હાથ ઘાલવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી.

મંજુરી આ બાબતમાં નથી તે વીશે પહેલા કેદીની બાબતમાં તો

મંજુરી છે એ કબુલ થએલું છે બીજાની બાબતમાં તે દીવાની દાવામાં સાક્ષી નહી હતો. માટે કાંઇ મંજુરી હોવાની જરૂર થઇ શકતી નથી. ચોથા અને પાંચમા કેદીની બાબતમાં તેઓ ફક્ત દીવાની દાવામાં સાક્ષીઓ હતા. અને ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૬૯ માં "કામના પક્ષકારો" એ શબ્દોના હેતુમાં તેઓનો સમાસ થાય છે : એમ અમારા વીચારમાં આવતું નથી.

આ ઉપરથી ફક્ત શીક્ષાના હુકમોનો વીચાર કરવાનો રહે છે. સેશન જડજે દરેક કેદીની ફોજદારી જવાબદારી કેટલી રહેલીછે તેનો વીચાર કરી તે પ્રમાણે તેમને શીક્ષા કરેલી છે માટે તેમણે કરેલા વીચારથી જુદા પડવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી. માટે અપીલ કાહાડી નાંખવામાં આવી.

વાલ્યુમ ૪ થું

ફોજદારી અપીલ

તા૦ ૩ ઑગષ્ટ સને ૧૮૮૧

સર. ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી જસ્ટીસ ઇન્સ સાહેબોની રૂબરૂ.

આર ફ્રેડ્રીક લીંડસે (અરજદાર) ની બાબતમાં.

રસ્તાનો હક—હરકત—ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે કામ ચલાવવાની રીતી.

ઠરાવવામાં આવ્યું કે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે દીવાની કોરટમાં જઇ પોતાનો હક સ્વતંત્ર કબજો રાખવાને હક ઠરાવી લેવો તથા તેની સાથે હરકત દુર કરવાને ઠરાવ કરાવે ત્યાં સુધી કબજાવાળા સખસે તે જમીનનો કબજો રાખવો નહી. એવો એક તરફી હુકમ કરવામાં આવેલો હોય તો તે કાયદા પ્રમાણે બરોબર નથી.

પાનું ૧૨૧ આ કામમાં કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે તેથી કામની હકીકત તથા તકરારો જણાય છે.

અરજદાર તરફથી મી૦ ડબલ્યુ મોર્ગન.

તે હુકમની પુશ્ટીમાં આકટીંગ સરકારી વકીલ (મી૦ પાવલ) હાજર થયા.

ફેંસલોઃ—નીલગીરી જીલ્લાના લોકલફંડ ઇજીનીયર મી૦ જેમ્સ ઓ સાઉનીશીએ તા૦ ૭ જુલાઈના રોજ જોઇંટ માજીસ્ટ્રેટ કરનલ કમેમંડસન ને એવી ફરીઆદ કરી છે કે ચીંગાલની મીલકતથી કુનુર સુધી અરજ દારે જાહેરાંત રસ્તાને હરકત કરેલી છે. અને તે અરજદાર મી૦ મુલેના એજંટ અને ભાગીયો છે એમ બતાવવામાં આવેલું છે. મી૦ ઓસાઉની સીને સોગન ઉપર તપાસવામાં આવેલો છે અને તેણે જુબાનીમાં કહયું છે કે તે રસ્તો સરકારની રાખેલી જમીન ઉપર છે અને તેને અશલ હર કત ફેબ્રુવારી મહીનામાં કરવામાં આવી હતી. પરંતુ મી૦ લીંડસેની પર૰ વાનગીથી તા૦ ૧૪ જુનના રોજ મેં તે હરકત દુર કરી હતી. પરંતુ ચા ર અગર પાંચ દીવસ તે રસ્તાનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યાર પછી બે જણોએ તારની વાડ નાંખી ખાઇ ખોદી અને એક દીવાલ બાંધીને તે હરકત કરી. મી. લીંડસે ફરીથી કરેલી છે. મી૦ ઓશાંઉનીસીએ એવી અરજ કરી છે કે તે હરકત દુર કરવાને હુકમ થવો જોઇએ. તે અરજીની પુષ્ટી માં જે રસ્તો કહેવામાં આવેલો છે તેની નજીકની મીલકતના આમેક મા

પટન/રીડને તપાસવામાં આવેલો છે અને તેમણે મી૦ ઓસાઉનીસીની ક હેલી હકીકતો કાયમ રાખી છે. વળી તે હરકત દુર કરવાને જે કબુલત કરવામાં આવેલી છે તેની સાબેતીમાં મી૦ લીડસે તરફનો એક કાગળ દા ખલ કરવામાં આવેલો છે. તે કાગળ નીચે પ્રમાણે લખેલોછે.

"ઇબેકસલોજ અને ચેંગાલ તરફના રસ્તાની જમણી તકરારી બાજુ બાબત આજ રોજ આપણે વાતચીત થએલી તે સબંધી કહેવાને હું દીલગીરછુ કે તે વીશે બાંજગડ કરવાને મને કાંઇ અખત્યાર નથી. બધા માં હું એટલું કહી શકુછું કે જો તમને મી૦ મુલે તે બાબત જે કામ ચલાવવાને દુરસ્ત ધારે તેવું કાંઇ કાયદેસર અગર બીજુ કામ ચાલી પરીણામ થતાની દરમીઆનમાં જો તે હરકત હાલ દુર કરવાની જરૂર અગર દુરસ્ત તમને લાગતી હોય તો તમે અગર તમારા એજંટો હાલ તે હરકત દુર કરશો તેમાં હું કાંઇ સામી હરકત કરીશ નહી."

મી૦ લીંડસે એજંટ તરીકે છે અને મી૦ મુલેનો ભાગીયો નથી. એમ તેણે બતાવેલું છે તેથી તેણે તે હરકત દુર કરવાને આ કાગળમાં કાંઇ કબુલત આપેલી છે એમ કહી શકાતું નથી. પરંતુ તેથી વીરૂધ તે બાબત બાંજગડ કરવાને કાંઇ અખત્યાર તેને નથી એમ તેણે બતાવેલું છે. અને તે ઇનજીનીયર તે હરકત દુર કરે તેમાં હું શામેલ થઇશ નહી એમ કહેવાથી તેણે ખુલી રીતે કહેલું છે કે તે કરવાથી મી૦ મુલે ઇલાજ કરવાને માગી શકે અને ઘણું કરીને માગશે એમ તેણે માનેલું એવું ખુલી રીતે છે.

મી૦ ઓસાઉનીસી અને કયાપટર રીડની જુબાની ઉપરથી તથા શ દરહુ કહેલો મત રજુ કરવા ઉપરથી ફરીઆદ બાબતની કાંઇ ખબર અગર તે અરજીના વીરૂધ હાજર થઇ સામી તકરારનો લાગ આપ્યા શીવાય જોઇંટ માજીસ્તરેટે નીચે પ્રમાણે હુકમ કરેલો છે:—

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે.

આલફ્રેડ લીંડસે ઈશકવાયર.

કુનોરની પાસે ઇબેકસલોજ.

" ઇબેકસલોજથી કુનોર સુધીની અમુક જમીન ધોરી રસ્તાની છે અને નંબર ૨૮ના જમીનના રજીષ્ટરમાં ૧૮મા પટામાંહે અને તે જાહેરાત રસ્તો તે જગાઓની વચમાં માહારી હકુમતની અંદરછે અને તે રસ્તાના ઉપયોગ સબંધી તકરાર ઉતપન થએલીછે કારણકે તે જમીન ઉપર એક આલફ્રેડ લીંડસેએ કબજાનો સ્વતંત્ર દાવો રાખેલોછે અને અમારી નજરમાં યોગ્ય તપાસ ઉપરથી આવે છેકે તે જમીન લોકોના ઉપયોગ સારૂ બોલવરો કરવા લાયકછે અને તે તપાસ કરવામાં આવી ત્યારથી ત્રણ માસ-

ની અંદર સાધારણ રીતે ઉપયોગ કરી ભોગવટો કરવામાં આવેલો છે

"હું હુકમ કરૂછુ કે આલફ્રેડ લીંડસે યોગ્ય કોરટથી પોતાનો સ્વતંત્ર રીતે કબજો રાખવાનો હક છે. એવું હુકમનામુ અગર હુકમ મેળવે ત્યાં સુધી તે આલફ્રેડ લીંડસે અગર તેની તરફથી કોઇ હક રાખનારે લોકો ના ઉપયોગનો ભોગવટો બાતલ થાય તે પ્રમાણે તે જમીનનો કબજો પોતાની પાસે રાખવો નહી અને કેટલીક તારની વાડો ખાડાઓ, દીવાલો તે રસ્તાઓ ઉપર બાંધી તથા ખોદીને તે આલફ્રેડ લીંડસેએ સ્વતંત્ર કબજો કરેલો છે. માટે આ લેખથી તે આલફ્રેડ લીંડશને હુકમ કરવામાં આવે છે કે તા૦ ૧૨ જુલાઇ સને ૧૮૮૧ ના રોજ બપોરના બાર વાગતાં પહેલાં તે હરકત દુર કરવી."

મી૦ લીંડસેએ પોતાના આફીડેવીટમાં કહ્યું છે કે આ હુકમ પ્રથમ પોહોંચ્યો ત્યારે મારા ઉપર કામ ચલાવવા બાબતની મને ખબર મળી તેણે આ કોરટને તે હુકમ રદ કરવાને અરજ કરેલી છે કારણ કે તે કાયદા પ્રમાણે બરોબર નથી અને યોગ્ય તપાસ વીના કરેલો છે. તેઉ કહે છે કે તે જમીન મી૦ મુલેની મીલકત છે અને લોકોનો તે જમીન ઉપર થઇને જવા આવવાનો હક નથી અને તપાસ શરૂ કરતાની તારીખ પહેલાં ત્રણ માસની અંદર તે રસ્તો વાપરવાના હકનો સાધારણ રીતે અમલ કરેલો નથી.

માજીસ્તરેટના તે પ્રોસીડીંગ અને હુકમ વીરૂધ હરકતોનું બળવાનપણું કબુલ કરવાને અમને ફરજ પડેલી છે.

જે ફરીઆદ માજીસ્ટ્રેટને કરવામાં આવેલી તેની વ્યવસ્થા ફો૦ કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે કરવી જોઈતી નહી હતી. ફરીઆદીએ મી૦ મુલેની જમીન ઉપર જવા આવવાના હક બાબત ફકત લોકોને માટે દાવો કરયો નથી. તેમણે એવી ફરીઆદ કરી છે કે જે જમીન ઉપર થઇને તે રસ્તો જાય છે તે જમીન સરકારે અલગ રાખી હતી. અને જાહેરાત રસ્તા તરીકે તે આપેલી છે અને તેમણે કહ્યું છે કે તે રસ્તાને હરકત કરવામાં આવી છે.

જો માજીસ્તરેટના વીચારમાં હકીકત ઉપરથી એવું આવ્યું હોય કે તે કામ ચલાવવાને કાંઇ કારણ હતું તો તેમણે કલમ ૫૨૧ પ્રમાણે તે કામ ચલાવવું જોઇતું હતું.

કલમ ૫૩૨ થી તકરારી બાબત સાર્વજનીક ઉપયોગને સારૂ હોય ત્યારે માજીસ્તરેટ હકુમતનો અમલ કરે તેવી હકુમત આપેલી છે. કાયદા કરનારે માજીસ્ટ્રેટને તકરારી દીવાની હક થોડી મુદતને માટે ઠરાવવાને સારૂ વચમાં હાથ ઘાલવાને અખત્યાર આપેલો છે પરંતુ કામ ચાલતી વખ

તે જે સ્થીતી હોય તે સાચવી રાખે એવું ફરમાવવાને સંભાળ રાખી છે કે જે તે હકુમત વાપરવાની સાથે તકરારી બાબત ખુલ્લી રહે છે એવી કાય દા કરનારે સરત રાખી આ કલમ પ્રમાણે માજીસ્તરેટ હુકમ કરવાને મુખત્યાર છે. એવું કાયદા કરનારે ઠરાવતાં તે હરકત દુર કરવાનો ઠરાવ કરવાને તેગણે માજીસ્તરેટને અખત્યાર આપેલો નથી.

કોરટની રૂબરૂના કામમાં ફરીઆદ જોતાં એમ જણાય છે કે તકરારી જમીન લોકોને વાપરવાની નડી હતી અને ફરીઆદીએ તે હરકત દુર કરવાને અરજ કરેલી છે.

માટે કલમ ૫૩૨ લાગુ થતી નથી. અને જો તે લાગુ થતી હોયતો તે હુકમના જે ભાગો તે હરકત દુર કરવાને ફરમાવેલું છે તે કાયદેસર નહી હોવાથી રદ થવોજ જોઇતો હતો.

માજીસ્તરેટે જે રીતીએ કામ ચલાવેલું છે તેથી તે હુકમની બાબત માં એક બીજી વાસ્તવીક હરકત ઉત્પન થાય છે.

જો તેમણે કલમ ૫૨૧ પ્રમાણે હુકમ કરેલો હોતતો એક તરફી પુરાવ ઉપરથી અગર ખરેખાત ફક્ત એક રીપોટ ઉપરથી તેઉ પોતે હુકમ કરી શકત. પરંતુ જે સખસના ઉપર તે હુકમ કરવામાં આવેલો હોય તેણે તે વીરૂધ હાજર થઇ કારણ બતાવવાને તે લાયક થાત. અને હકના સવાલ વીશે ઠરાવ થવાને જુરી તરફ તે કામ મોકલવું એવું તે માગી શકત. કલમ ૫૩૨ પ્રમાણેના કામોમાં કામ ચલાવવાની રીતી જુદી બતાવવામાં આવેલી છે. અહીંયાં હુકમ થતાં પહેલાં તપાસ થવાની જરૂર છે. અને તપાસ ઉપરથી એવું અનુમાન થાય છે કે એક પક્ષકાર ફક્ત નહીપરંતુ બેઉ પક્ષકારોને હાજર થઈ તમામ બાબતનો પુરાવ આપવાનો લાગ આપવો જોઇએ.

આવી તપાસ કાંઇ માજીસ્તરેટે કરી નથી અને તે શીવાય તેમના તે હુકમને પૂરટી થઇ શકતી નથી,

કલમ ૫૩૨ પ્રમાણે માજીસ્તરેટને હકુમત મળે તેવી કાંઇ હકીકત નથી અને માજીસ્તરેટનો હુકમ હરકત દુર કરવા સબંધી કરવામાં આવેલો છે તે જે રીતીએ કામ ચલાવેલુંછે તે પ્રમાણે બરોબર નથી. અનેતે ઘટતી તપાસ વીના કરવામાં આવેલોછે એવું ઠરાવતાં અમે કહીએ છીએ કે તે હુકમ કાયદા પ્રમાણે નથી. માટે તે રદ કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૬ અગસ્ટ સને ૧૮૮૧

સર ચારલસ-એ. ટરનર નાઇટ ચીફ જષ્ટીસ અને મી૦ જષ્ટીસ તારંટ સાહેબોની રૂબરૂ.

તાલુરી વેંકાયા વીરૂધ માહારાણી સાહેબ.

વારંટના કામની તપાસ—ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવવા ને તોહોમતવાળાનો હક.

વારંટના કામોની તપાસના કામોમાં તોહોમત ફરમાવીને બચાવ તરફના સાક્ષીઓ લીધા પછી ફરીઆદ તરફના સાક્ષીઓની ઉલટ તપાસ કરવાને તે સાક્ષીઓને પાછા બોલાવવાને તોહોમતવાળો મુખત્યાર છે.

પાનું ૧૩૦ વારંટના કામની તપાસમાં ફરીઆદીની હકીકત સાંભળી તોહોમત ફરમાવીને તોહોમતવાળાના સાક્ષીઓ લીધા પછી તોહોમતવાળાના વકીલે ફરીઆદ તરફના સાક્ષીઓની ઉલટ તપાસ કરવા સારૂ તેમને પાછા બોલાવવાનો મારો હક છે એવો દાવો રાખ્યો. માજીસ્તરેટે આ પ્રમાણે કરવા દેવાની ના કહી અને શેશન જડજે અપીલમાં તોહોમતવાળાની અપીલ નામંજુર કરી નીચે પ્રમાણે કહેલું છે.

"તોહોમતવાળાઓનો જયારે બચાવ પુછયો તે વખતે તે સાક્ષીઓને પાછા બોલાવવાને પોતાનો હક છે એવો તેમણે દાવો રાખ્યો નથી. અને તેમની તરફથી આ અરજી થવાનું કારણ તેઓએ પોતાનો વકીલ બદલ્યો છે તે છે. તોહોમતવાળો જેટલી વખત પોતાનો વકીલ બદલે તેટલી દરેક વખતે નવી તપાસ કરવાનું સલાહકારક ધારે તે પ્રમાણે ખરી રીતે નવી તપાસ સરૂ કરવાને તોહોમતવાળાને હક મળવો જોઇએ એવો કાયદા કરનારનો ઇરાદો હોય શકે નહી."

તેથી તોહોમતવાળાએ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે હાય કોરટમાં આ અરજી કરેલી છે.

સુનાવણી વખતે કોઈ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

ફો. કા. ચ. ની રીતના બાબ ૧૭ મા પ્રમાણેના કામોની તપાસમાં ફરીઆદીના સાહેદીઓને તપાસવામાં આવે ત્યાં સુધી તોહોમત રાખવામાં આવતું નથી. માટે તોહોમત રાખ્યા પછી તોહોમતવાળો પોતાના સાક્ષીઓ રજુ કરે એટલુંજ નહી પણ ફરીઆદ તરફના સાક્ષીઓને ફરીથી બોલાવી તેમની ઉલટ તપાસ કરે એવી પરવાનગી તેને આપવી જોઇએ. એવો ઠરાવ જે કાયદામાં કરવામાં આવેલો છે તે ગેર વાજબી

નથી. માહારાણી વીરૂધ લાલમહમદ અને ઠાકુર દયાલ સેનના ઠરાવો જુઓ. આ હકમાંથી અરજદારને બાતલ કરવામાં આવેલો છે જો તેણે આ હક પ્રથમથી સ્પષ્ટ રીતે છોડી દીધો ના હોય તો પોતાના સાક્ષીઓની તપાસ બંધ થાય એટલે તે જો આ હક બાબત દાવો રાખે તો તે વખત સર છે. તેને હરકત થઇ નથી એમ કહેવું અશકય છે સબબ ગુનાહની સાબેતીનો ઠરાવ અમારે રદ કરવો જોઇએ અને અરજદારને અથવા તેના વકીલને ફરીઆદ તરફના જેટલા સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની મર જી હોય તેટલા સાક્ષીઓને ફરીથી સમન કરી ઉલટ તપાસ કરવા દેવી અને પછી ઠરાવ કરવો.

ફોજદારી અપીલ.

તા૦ ૯ સપટેંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ કીંડરસલી અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

વીરાસામી મુદાલી વીરૂધ માહારાણી સાહેબ.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૭—"કાયદેસર બંધાએલા" એ શબ્દોનો અર્થ.

સરકારી નોકરે રાખેલી ડાયરીમાં જુઠું લખાણ કરી ખાતાના હુકમ પ્રમાણે પોતાના ઉપરી તરફ તે ડાયરી મોકલવામાં આવે તો તે હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૧૭૭ પ્રમાણે ગુનોહ છે.

પાનું ૧૪૪ આ કામમાં નીમકની ઉપજ ખાતાના એક અમલદારે પોતાની ડાયરીમાં જુઠું લખાણ કરી પોતાના ઉપરી અમલદાર તરફ તે ડાયરી મેકલી દીધી તે એવી મતલબની હતી કે અમુક તારીખે અમુક જગોએ હું નોકરી ઉપર હતો. પરંતુ ખરી રીતે તે ત્યાંહાં નહી હતો. સવાલ એ છે કે પીનલકોડની કલમ ૧૭૭ મીના અરથ પ્રમાણે આ બાબતમાં ખબર આપવાને તે કાયદેસર રીતે બંધાએલો હતો કે નહી. કોઇ કાયદાના ઠરાવથી તેને તેમ કરવાની જરૂર હતી એમ જણાતું નથી પરંતુ તે ડાયરી તે ખાતામાં થએલો હુકમ જે માન વાને તોહોમતવાળો માન્ય કરવાને બંધાએલો હતો તે પ્રમાણે રાખવામાં આવેલી અને પોતાના ઉપરીને મોકલવામાં આવેલી હતી.

તા૦ ૨૦ નવંબર સને ૧૮૬૨ અને તા૦ ૨૧ નવેંબર સને ૧૮૭૧ ના રોજના આ કોરટના પ્રોસીડીંગો પ્રમાણે ચાલતાં અમે ઠરાવીએ છીએ કે જે બાબત જુઠી હકીકત મોકલવામાં આવેલી છે તે બાબત ખરી

ક્ત પોતાના ઉપરી અમલદારને મોકલવાને કાયદેસર રીતે તોહોમતવાળ બંધાએલો હતો. માટે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૭ પ્રમાણે શીક્ષા થવા લાયક ગુનહો થએલો છે.

માટે આ અરજી કાહાડી નાંખવામાં આવે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૭—૧૯ અકટોંબર સને ૧૮૮૧

સર સારલસ એ ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ કર્નન સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ ચીનાવેદગીરી ચેતી.

સાક્ષીઓ તપાસ્યા શીવાય સેશન કમીટ કરવાનો હુકમ કરેલો તે રદ્દ કરવામાં આવ્યો.

ફરીઆદ તરફના સાક્ષીઓ તપાસ્યા શીવાય પોતાની રૂબરૂની તપાસમાં જુઠા સોગનના આરોપ બાબત માજીસ્તરેટે એક સખસને શેશન કમીટ કરયો.

ઠરાવવામાં આવ્યું કે તે કમીટ કરવાનો હુકમ કાયદા વીરૂધ છે.

પાનું ૨૨૭ સાલમના આકટીંગ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે પોતાની રૂબરૂ ચાલેલી તપાસમાં લીધેલા અમુક સાક્ષીઓની જુબાનીઓ વાંચી એક વેદગીરીચેતીના ઉપર જુઠા સોગનનો આરોપ રાખ્યો. અને તેની હકીકત લઇ બીજી શેશનમાં તપાસ થવા સારૂ તેને કમીટ કરયો અને અમુક સાક્ષીઓએ તે તપાસમાં હાજર થઇ સાહેદી આપવી એવા તેઓના મુચરકા લીધા.

ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે સાલમના શેશન જડજે આ કામ હાય કોરટમાં હુકમ થવા સારૂ મોકલ્યું એવા કારણથી કે માજીસ્તરેટે કરેલો તે હુકમ કાયદા વીરૂધ છે.

તે સુનાવણી વખત કોઇ હાજર થયું નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

જો કોરટ એકાદાં સખસને પોતાની કોરટમાં કમીટ કરવાને પસંદ કરે તો તેમણે પુરાવો લેવો જોઇએ અને બીજી બાબતમાં શેશન કોરટમાં તપાસ ચાલતાની દરમીઆનમાં કેદમાં ક્યાજબી રાહે મોકલવા સારૂ તેમણે કાયદામાં ઠરાવેલી રીતી પ્રમાણે ચાલવું જોઇએ એમ અમને જણાયછે.

જો કોરટ આ અખત્યાર વાપરવાને નકી ઠરાવ કરે તો આવી આરંભની તજવીજ થવાને જરૂર છે.

કાયદાનો એવો હેતુ છે કે ભારે કામોની તપાસ શેસન કોરટ કરી શકે છે માટે તોહોમતવાળાને જે હકીકત બાબત જવાબ આપવાનો હોય તે હકીકતની તેને ખબર મળવી જોઇએ. સબબ અમે કમીટ કરવાનો હુકમ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે તપાસ ફરીથી કરવી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ અકટોબર સને ૧૮૮૧

સર. ચારલસ એ. ટરનર નાંઇટ ચીફ જસ્ટીસ તથા મી૦ જસ્ટીસ કર્નન સાહેબોની રૂબરૂ.

૬. માહારાણી વીરૂધ તામાધંટાયા વીગરે.

ચોરી—કબજો—પેરામાં રાખેલી ભેજવાળી જગામાં પોતાની મેળે થએલું મીઠું.

સરકારની માલીકીની એક ભેજવાળી જગો હતી. તેમાંથી મીઠું ખશેડતાં અટકાવવાને સરકારે તેની આસપાસ પોલીસનો પેરો રાખેલો હતો.

ઠરાવવામાં આવ્યું કે સરકારની મરજી વીરૂધ તથા ગેરકાયદે મીઠાનો નફો મેળવવાથી કે જે મીઠું તે ભેજવાળી જગોમાં પોતાની મેળે થએલું તે મીઠું લઇ જવામાં આવેલું તે ચોરી છે.

પાનું ૨૨૮ રેપલ તાલુકાના બીજા વરગના માજીસ્ટ્રેટે ત્રણ સખસોને પોલીસના પેરાની ભેજવાળી જગોમાં પોતાની મેળે થએલું મીઠું લઇ જવા બાબત ચોરીના ગુનેહગાર ઠરાવી ફટકા માર્યા હતા, જીલા માજીસ્ટ્રેટે આ કામના કાગળો હાય કોરટમાં હુકમ થવા સારૂ મોકલ્યા એવા અભીપ્રાય સાથે કે તે પ્રમાણે સાચવેલું મીઠું લઇ જવાથી ચોરી થતી નથી. કારણ કે તે ભેજવાળી જગોમાં પોતાની મેળે થએલું મીઠું તે સરકારના કબજાનું નથી.

સુનાવણી વખતે કોઇ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

"ભેજવાળી જગો ઉપર પેરો મુકવાથી સરકારે તે મીઠાનો કબજો લીધો થાય છે. માટે તે જગોએથી સરકારની મરજી વીરૂધ કાયદા વીરૂધ ફાયદો મેળવવાના ઇરાદાથી તે ખસેડવામાં આવેતો તે ચોરી થાય છે. મીઠું એ ખરી રીતે જમીનનો ભાગ છે અને ઝાડો નથી એમ હોવા શીવાય રાખેલા જંગલમાંનાં લાકડા એ ચોરી કરવામાં આવે તેમાં અને આ કામમાં અમે કાંઈ તફાવત કરી શકતા નથી પછી સ્થાવર ચીજો જુદી

ખાડમાંથી જંગમ થાય છે અને તે વાત જમીનના જુદા કરેલા ભાગો,(જેમકે પથર ફાડીને કાહાડેલા, ક્ષણીજપદાર્થો સોહું અથવા એકઠું કરેલું મ-ટું તેમજ જે ઝાટ ઉગેલા હોય અગર જમીન ઉપર ઇમારતો કરેલી હોય તેને લાગુ થાય છે.

માટે તે ભેજવાળી જગો સરકારી મીલકતછે એમ અમારા સમજવા પ્રમાણે બરોબર ઠરાવેલું છે. સબબ ઠરાવવું જોઇએ કે તે ગુનોહ કરવા-માં આવેલો છે.

—— ——

ફોજદારી અપીલ.

તા. ૨૧ અકટોબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ ઇન્સ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર
સાહેબોની રૂબરૂ.

મહારાણી વીટીચોકન વીગરે.

ફી. ફો. કા. ની કલમ ૨૭૭—સાર્વજનીક ઝરો, નદીનું પાણી.

નદીના તળીયામાં પાણીનો જાથુ વેહેતા વેહેળાનો સમાસ ફી. ફો. કા. ની કલમ ૨૭૭ પ્રમાણે સાર્વજનીક ઝરો એ શબ્દમાં થતો નથી.

પાનુ ૨૨૯ એક વીટી ચોકનને વરાગા નદીનું પાણી તે જગોએ પી-વાનુ હતું. તેમાં બળદો નવરાવીને તે મેલું કરયું તેથી પોલીસ આકટ (સને ૧૮૫૯ નો આકટ ૨૪)ની કલમ ૪૮ ની કલમ ૭ પ્રમાણે ગુનેહગાર ઠરાવી પીરીઆ કોલમના બીજા વરગના માજીસ્તરેટે દં-ડ કરયો. અને વળી તેઓ સાહેબે ફોજદારી કાયદાની કલમ ૨૭૭ પ્રમાણે તે વરાગા નદીમાં માંછલાં પકડવાને સારૂ આડો બંધ બાંધીને નાહાવા ત-થા પીવાના કારણસર તે વરાગા નદીના પાણીનો ઝરો નાલાયક કરયો. એ-મ બીજા ચાર સખસોને ગુનેહગાર ઠરાવી દંડ કરેલો છે તેથી મદુરાના જીલા માજીસ્તરેટે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે તે કામો હાય કોરટમાં હુકમ થવા સારૂ મોકલેલાં છે.

સુનાવણી વખતે કોઈ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફંસલો આપ્યો.

અમારી નજરમાં આવે છે કે નદીના તળીઆમાં ચાલતા પાણીના જાથુ વેહેળામાં ફી. ફો. કા. ની કલમ ૨૭૭ પ્રમાણે સાર્વજનીક ઝરામાં સમાસ થતો નથી માટે ગુનાહની સાબેતીના બેઉ ઠરાવો બરોબર નથી તેથી તે રદ થવા જોઇએ.

—— ——

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ અકટોંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ કીંડસલી અને મી૦ જસ્ટીસ મતુસામીઆયૂર સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ કારીપપાયામાં.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૬—૫૩૮.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૮ નો ઠરાવ છતાં કલમ ૫૩૬ પ્રમાણે ખોરાકી પોશાકીનો જે હુકમ માજીસ્તરેટે કરેલો હોય તે માજીસ્તરેટની હકુમતની બાહાર જ્યારે ધણી હોય ત્યારે તે ચડેલી ખોરાકી પોશાકી વસુલ કરવાને તે માજીસ્તરેટ વારંટ કાહાડી શકે છે.

પાનું ૨૩૦ ગંજામના શેશન જડજે હાય કોરટનો હુકમ થવા સારૂ આ કામમાં નીચે પ્રમાણે રેફ્રરંસ કરયું છેઃ—

"વીજાગાપટમ જીલામાં અનાકપાલીમાં હાલ રહેનાર એક કારી રામા નુજાનાઇદુની ઓરત અરજદાર છે. તેણીએ બેહેરામપુરના સીનીઅર આશીસ્ટંટ માજીસ્તરેટની કોરટમાં ખોરાકી પોશાકીનો હુકમ કરાવ્યો.

"તેણીએ તે માજીસ્તરેટને ચઢેલી ખોરાકી પોસાકી વસુલ કરવાને સારૂ વારંટ કડાવવા અરજી કરી પરંતુ તે માજીસ્તરેટે ના મંજુર કરી. એવા કારણથી કે જે જગોએ તેણીનો ધણી રહે છે તે જગોની હકુમત વાળા માજીસ્ત્રેટને તે અરજી કરવાને બંધાએલી છે."

"કલમ ૫૩૮ માં કહયું છે કે તે હુકમ અમલ કરવા લાયક છે.

"અરજદાર એવી અરજ કરે છે કે આ કલમ પ્રમાણે તે અમલ કરવા લાયક છે. માટે કલમ ૫૩૬ અને ૩૦૭ માં ઠરાવ્યા પ્રમાણે ચડેલી ખોરાકી પોશાકી વસુલ કરવાને માજીસ્તરેટે તે વારંટ કહાડવું જોઇતું હતું.

"આ સવાલ શક વીનાનો નથી."

સુનાવણી વખતે કોઇ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

અમારા અભીપ્રાયમાં આવે છે કે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૩૬ પ્રમાણે જે માજીસ્ત્રેટને હકુમત મળેલી હોય તેમણે ખોરાકી પોશાકીનો હુકમ કરયો હોય તો તે હકુમતથી તે માજીસ્તરેટ તે કાયદાની કલમ ૫૩૮ પ્રમાણે બાતલ થતા નથી. જ્યારે પ્રતીવાદી પોતાની હકુમતની બાહાર હોય ત્યારે પોતાની નજરમાં આવે તો પ્રતીવાદી જે જગોએ માલમ પડે તે જગોએ તે હકુમત વાપરવાને અગર તે અરજી

તે જગોની હકુમતવાળા માજીસ્તરેટ તરફ મોકલવાને તે મુખત્યાર છે.

માટે આ કામમાં જે હુકમ કરવામાં આવેલો છે તેમાં હાથ ઘાલવાને અમે તઈયાર થયા નથી.

——————

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ અકટોબર સને ૧૮૮૧

મી. જષ્ટીશ કીંડરલી અને મી. જષ્ટીશ મતુસામીઆયર

સાહેબોની રૂબરૂ.

મહારાણી વીરૂદ્ધ વેલાયુદમ.

ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૬—ઉપરી દરજ્જાના માજીસ્તરેટની ફરજ.

જે ગાજીસ્તરેટ તરફ ફો. કા. ચ.ની રીતના કાયદાની કલમ ૪૬પ્રમાણે વધારે શીક્ષા થવા સારૂ કામ મોકલેલું તે માજીસ્તરેટને તે કામની તપાસથવા સારૂ તે કામ બીજા માજીસ્તરેટ તરફ મોકલવાને અખત્યાર નથી.

પાનું ૨૩૩ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૯૬ ના ઠરાવ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ મદુરાના જીલ્લા માજીસ્રેટે આ કામ મોકલેલું છે.

તીરૂસુલીના બીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ ઢોર લેઈ જવા બાબત આરોપ રાખવામાં આવેલો તેથી તેને વધારે શીક્ષા થવા સારૂ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૬ પ્રમાણે હેડઆશીસ્ટંટ માજીસ્રેટ તરફ તેને મોકલવામાં આવ્યો તેમાં તેમણે પ્રથમ સ્વતંત્ર ફેસલો કરતાં પેહેલાં અમૂક બાબતો વીશે વધારે તપાસ કરવા સારૂ મઠ કલાટરના બીજા વરગના માજીસ્તરેટને ફરમાવ્યું.

તે માજીસ્રેટે બીજો પુંરાવ લીધો પરંતુ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે "તેમની ફાઇલ ઉપર કામ મોકલવું" એવા શબ્દો વાપરેલા છે તેનો વીચાર કરી કેદીને નીરદોશ ઠરાવી તે કામોનો નીકાલ કરયો.

સુનાવણી વખતે કોઇ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

તારીખ ૮ નવંબર સને ૧૮૭૦ના રોજનું આ કોરટનું પ્રોશીડીંગ છે તે પ્રમાણે ચાલતાં અમે ઠરાવીએ છીએ કે જે આકટીંગ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટ તરફ તોહોમતવાળાને વધારે શીક્ષા કરવા સારૂ મોકલેલો તે માજીસ્તરેટને તપાસ કરવા સારૂ બીજા માજીસ્રેટ તરફ તે કામ મોકલવાનો અખત્યાર નહીં હતો આ કારણથી તથા મઠ કલાટરના બી-

જા વરમના માજીસ્તરેટને તે કામ છેવટ નીકાલ કરવાને મોકલેલું નહી હતું પરંતુ ફકત તજવીજ કરવા સારૂ મોકલેલું હતું માટે તોહોમતવાળાને નીરદોશ કરવાનો ઠરાવ કરેલો છે તે કાયદા વીરૂધ છે. સબબ તે રદ કરવામાં આવે છે.

સબબ આકટીંગ હેડ આશીસ્ટંટ માજીસ્ટ્રેટે તે કામની તપાસ હરે ચલાવવી.

—❧—

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ તથા તા ૩૧ અકટોંબર સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ કીંડસલી અને મી૦ જસ્ટીશ મતુ સાંમીઆયર સાહેબોની રૂબરૂ.

પોલાર્ડ વિરૂધ મોથીયલ વિગેરે.

સને ૧૮૫૯ નોં આકટ ૧૩—કારીગરોએ તોડેલો કરાર—તપાસ—કામ ચલાવવાની રીતી.

સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે જે તપાસ કરવાની છે તે એકાદા ગુન્હાની સંક્ષેપ રીતે તપાસ થઇ શકે એવા ગુન્હાની તપાસ નથી.

પાનું ૨૩૪. આ કામમાં પલાવરમના કયાનટોનમેન્ટ માજીસ્ટ્રેટ ની રૂબરૂ સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૧ લી પ્રમાણે તોહોમતવાળા ઉપર કરાર તોડયા બાબત કયાપટન પોલાર્ડે આરોપ રાખેલો છે. તે માજીસ્ટ્રેટે તે કામોની તપાસ સંક્ષેપ રીતે કરી એક કામમાં તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યો, અને બીજા કામમાં તેને ગુન્હેગાર ઠરાવી સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે તેને પોતાનો કરાર પુરો કરવાને હુકમ કરયો.

ચીંગલપટના જીલ્લા માજીસ્ટ્રેટે આ કામો હાયકોરટનો હુકમ થવા સારૂં મોકલ્યાં. એવા કારણથી કે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૨૨ પ્રમાણે તે ગુન્હો સંક્ષેપ રીતે તપાસવા લાયક નથી. માટે તે ચલાવેલું કામ કાયદા વિરૂદ્ધ છે.

સુનાવણી વખત કોઇ હાજર નથી.

કોર્ટનો ફેંસલો નીચે પ્રમાણે છેઃ—

સને ૧૮૫૯ ના આકટ ૧૩ પ્રમાણે એક કારીગર ઉપર ફરીઆદ કરવામાં આવી છે તેમાં તેને અગાઉથી નાણાં આપવામાં આવેલાં હતાં

વેમ છતાં તેણે વ્યાજબી કારણ સિવાય પોતાનો કરાર પૂરો કરવાને કસુર કરી. તે વાત લક્ષમાં લેતાં તે આકટની ૨ ૭ કલમના પેહેલા ભાગ પ્રમાણે જે તપાસ કરવામાં આવેલી છે તે જે ગુન્હાની સંક્ષેપ રીતે તપાસ થઇ શકે તેવા ગુન્હાની તપાસ નથી, તે ખાસ પ્રકારની તપાસ છે કે જે કેટલાંક કામોમાં ઘણી સંભાળ અને ધૈર્યતાથી ચલાવવાની જરૂર થાય છે.

માટે હાલ જે કામો જોવામાં આવેલાં છે તેમાં કાંઇ બીજો હુકમ થવાની જરૂર નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૩૧ અકટોબર તથા તા૦ ૭ નવેમ્બર સને ૧૮૮૧.

મી૦ જષ્ટીશ ઇન્સ અને મી૦ જસ્ટીસ મત્રુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂધ ખાદર મોઇદીન.

પીનલકોડની કલમ ૨૮૩—મદ્રાસ પોલીસ આકટની કલમ ૪૮ ની રકમ ૩—રસ્તાની બાજુની અંદર નહીં તે પ્રગાણે માંછલાં પકડવાની જાળ પાથરેલી.

એક સેહેરમાં ધોરી રસ્તાની બાજુ ઉપર માંછલાં પકડવાની જાળ પાથરેલી તેથી સને ૧૮૫૯ ના આકટ ૨૪ ની કલમ ૪૮ ની રકમ ૩ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો હોતો નથી. તેમ હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૮૩ પ્રગાણે કોઇ અમુક સખસને અગર સખસોના વરગને હરકત થયાના પુરાવ શીવાય કાંઇ ગુન્હો થતો નથી.

પાનું ૨૩૫. આ કામમાં ફરીઆદી (એક પોલીસવાળો) એ જુબાની આપી છે કે પેહેલા તોહોમતવાળાના ઘરની બાજુએ રસ્તા ઉપર સુકાએલી ખરાબ ગંધ આવે એવી એક જાળ મેં જોઇ હતી કે જેથી ત્યાં થઈ જતા આવતા સખસોને હરકત થાય.

બીજા તોહોમતવાળાએ કબુલ કરયું છે કે તે જાળ માહારી હતી અને મેં ત્યાં પાથરેલી હતી.

માજીસ્ટ્રેટે બીજા તોહોમતવાળાને મદ્રાસ પોલીસ આકટ (સને ૧૮૫૯ નો આકટ ૨૪)ની કલમ ૪૮ની રકમ ૩ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી તેનો રૂ. ૧) દંડ કરેલો છે.

મદુરાના જીલ્લા માજીસ્ટ્રેટે આ કામ હાયકોરટનો હુકમ થવા સારૂં મોકલ્યું. એવા કારણથી કે મેહેલ્લાની અંદર તોહોમતવાળીએ જાળ શુકવવા મુકેલી તેથી સને ૧૮૫૯ ના આકટ ૨૪ ની કલમ ૪૮ ની રકમ ૩ ના હેતુ પ્રમાણે હરકત થાય છે એમ તેમના અભીપ્રાયમાં આવતું નથી.

સુનાવણી વખત કોઇ હાજર નથી.

કોર્ટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

પોલીશ આકટ (શને ૧૮૫૯ નો આકટ ૨૪) ની કલમ ૪૮ ની રકમ ૩ પ્રમાણે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે. પરંતુ તેમાં બતાવેલી હકીકત પ્રમાણે જાનવર અગર વાહણોથી રસ્તામાં અગર મેહેલ્લામાં જે હરકત થાય તે સબંધી છે. માટે તોહોમતવાળાએ રસ્તાની બાજુ ઉપર માંછલાં પકડવાની જાળ પાથરયાથી, તે આકટની કલમ ૪૮ ની આ રકમ પ્રમાણે શીક્ષા કરવા લાયક થતું નથી.

વળી પીનલકોડની કલમ ૨૮૩ પ્રમાણે આ ગુન્હાની શાબેતીનો ઠરાવ અમારા અભીપ્રાય પ્રમાણે ચાલી શકતો નથી. કારણ કે પુરાવમાં મોઘમ શબ્દો કહેવામાં આવેલા છે કે હરકત કરેલી છે. પરંતુ કોઈક અમુક સખસ અગર સખસોને કરવામાં આવેલી હોય એમ જણાતું નથી. સબબ તે ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવે છે તેથી તોહેમતવાળા પાસેથી વસુલ કરેલો દંડ પાછો આપવો જોઇએ.

ફોજદારી અપીલ

તા૦ ૧૪ અને તા૦ ૧૮ નવેમ્બર સને ૧૮૮૧.

મી૦ જસ્ટીશ ઈન્સ અને મી૦ જસ્ટીશ મત્તુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂધ પીરીઆનંન અને માહારાણી વિરૂધ નારાયણ.

વાણીયમબાડીના બીજા વર્ગના માજીસ્ટ્રેટની કોરટમાં નંબર ૧૨૮ અને ૧૨૫ ના કયાલંડરના કામો.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ પ્રમાણે સરકારી નોકરને ખોટી ખબર આપવામાં આવી હોય તે ઉપરથી ચાલવાને તે મુખત્યાર હોય અને તે ઉપરથી તે ચાલે તો તેને લાગુ થતી નથી. માટે

તેમને જે અખત્યાર વાપરવાનો છે તે જે સખસના વિરૂદ્ધ બાતમી આપવામાં આવી હોય તે સખસને પ્રત્યક્ષ રીતે અગર । તરત હરકત થાય તે રીતે તે અખત્યાર વાપરવાનો નથી.

પાનું ૨૪૧. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટના હુકમો થવા સારૂં આ કામોમાં સાલમના જીલ્લા માજીસ્ત્રેટે જે હકીકત લખી મોકલેલી છે તે એવા કારણથી કે તેમાં ચાલેલું પ્રોશીડીંગ કાયદા વિરૂધ છે. તે હકીકત આ રીપોર્ટના કારણુસંર પુકતરીતે કોરટના ફેંસલામાં બતાવવામાં આવી છે.

કોનસલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલો—આ કામમાં અગત્યની હકીકત નીચે પ્રમાણે છેઃ—

ગામના માજીસ્ત્રેટને એવી ફરીઆદ કરવામાં આવી છે કે અમુક સખસોને મારવામાં આવેલા છે, અને જે સખસોને મારવામાં આવેલા તેમની પાસેથી રૂ. ૧૦) કરતાં વધારે કીમતના દાગીના લેઇ લેવામાં આવેલા છે.

ગામના માજીસ્ત્રેટે તે બાબત પોલીશના થાણામાં રીપોર્ટ કરયો, અને તે થાણાના અમલદારે તપાસ કરીને વાનીયમબાડીના સબ માજીસ્ત્રેટને તે કામ જુઠાં છે એમ કરી તે કામો મોકલ્યાં. તેમ કરવાથી પીનલકોડની કલમ ૧૮૨ મી પ્રમાણે ફરીઆદીઓ ઉપર એક સખસને ઇજા થાય તે પ્રમાણે સરકારી નોકર પોતાનો કાયદેસર અખત્યાર વાપરે તે ઇરાદાથી તે સરકારી નોકરને જુઠી હકીકત કહ્યા બાબત કામ ચલાવવા સારૂ મંજુરી મળવાને માગવામાં આવેલું છે.

સબ માજીસ્તરેટે તે મંજુરી આપી, ને પછી તે કામની તપાસ પોતે કરીને તોહોમતવાળાને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ મી પ્રમાણેના ગુન્હાના ગુન્હેગાર ઠરાવી તેમને શીક્ષા કરી.

જીલ્લા માજીસ્તરેટ કહે છે. નીચેના કારણોથી તે પ્રોશીડીંગ કાયદા વિરૂધ છે.—

૧ લું.—ગામના જે માજીસ્ત્રેટને બાતમી આપવામાં આવી હતી તેમને તે કામમાં અખત્યાર નહીં હતો.

૨ જુ.—સબ માજીસ્ત્રેટને તે મંજુરી આપવાનો અખત્યાર નહીં હતો. કારણ કે જેને બાતમી આપવામાં આવેલી તે સરકારી નોકર નહીં હતો.

જીલ્લા માજીસ્ત્રેટના અભીપ્રાય સાથે અમે મળી શકતા

નથી. કામની હકીકત ઉપરથી બે સવાલો ઉત્પન્ન થતા જણાય છે. પેહેલો કે તે હકીકતોને કલમ ૧૮૨ મી લાગુ થવા લાયક છે કે નહીં, અને બીજો કે તે ફરીયાદ કાયદેસર થવાને જે કરવામાં આવેલું છે તે-થી કાંઇ વધારે થવાની જરૂર હતી કીંવા નહીં. અમારી નજરમાં આવે છે કે કલમ ૧૮૨ મીમાં "પોતાનો કાયદેસર અખત્યાર વાપરવાને" એ-વા શબ્દો છે તે જે અમલદારને તે ખોટી બાતમી આપવામાં આવી હોય તે અમલદારને કાંઇ અખત્યાર વાપરવાનો હોય અને તેથી જે સ-ખસના વિરૂદ્ધ તે બાતમી આપેલી હોય તેને પ્રત્યક્ષ અગર તરત હરકત થાય તે સબંધી છે. પરંતુ આ કામમાં જે અમલદારને ખોટી બાતમી આપવામાં આવેલી તે અમલદારે તે બાતમીજ આપવાની હતી તેવા ત-મામ કામોમાં જેને ખોટી બાતમી આપવામાં આવેલી હોય તે કાંઇ દરમીયાન ઇલાજ કાંઇ અમુક નીરપરાધી રીતે તરત કરે તેથી પરીણામ માં છેવટ જે હરકત થાય તેને તે લાગુ થાયછે એમ અમારી નજરમાં આવતું નથી.

બીજા સવાલની બાબતમાં અમારી નજરમાં આવે છે કે જે કરવા ની જરૂર હતી તે તમામ કરવામાં આવેલું છે. તે સરકારી નોકરે પો-તેજ ફરીઆદ કરી છે તેથી તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા-ની કલમ ૪૬૭ પ્રમાણે ચાલવાને માટે બસ છે, અને જો એમ ના હોય તો ગામના માજીસ્તરેટને બીજા વરગના માજીસ્તરેટના તાબાના કહી શકાય છે, માટે બીજા વર્ગના માજીસ્ત્રેટે આપેલી મંજુરી બસ થાય છે. સબબ અમે હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા. ૨૨ નંવેબર સને ૧૮૮૧.

મી. જસ્ટીસ કરનન તથા મી. જસ્ટીસ ઇન્સ

સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ મારીમુતુ.

સાપ્રાધ પ્રવેશ, તે બાબતનો આરોપ, એક હીંદુએ પોતાની ન્યાત બહાર મુકેલી ઓરત ઉપર રાખ્યો.

એકાદી સ્ત્રીને ન્યાત બહાર મુકવામાં આવી હોય તેથી તેણીનો પો-તાના ધણીના ઘરમાં એકઠા રહેવાનો હક છે તે એવી રીતે જતો નથી કે જો તે પોતાની ખોરાકી પોસાકી લેવાને ઘરમાં આવે તેથી તે પ્રવે-શ કરનાર થાય.

પાનું ૨૪૩ આ કામના કાગળો હાયકોરટે મંગાવેલા છે, અને તેની હકીકત આ રીપોર્ટના કારણુસર પુકલ રીતે કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

કોનસલ રાખવામાં આવેલા નથી.

જસ્ટીસ ઇન્સ સાહેબ—એક ઓરત પોતાના ધણીના ઘરમાં ખોરાકી પોસાકી લેવાને પેઠી તેથી તેંણીને ઉદુમાલા પેટાના બીજા વર્ગના માજીસ્ત્રેટે ઘરમાં પ્રવેશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવેલી છે. ખોટી ચાલ કહેવામાં આવીછે તે બાબત તે ઓરતને ન્યાત બાહાર મુકવામાં આવીછે.

અપીલમાં હેડ આસીસ્ટંટ માજીસ્ત્રેટે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ બાહાલ રાખેલો છે.

તોપણ ન્યાત બહાર તે ઓરતને કાહાડવાથી તેંણીની સંસારીક સ્થીતી એવી રીતે જાય કે જેથી તે પોતાના ધણીની માલેકીનું ઘર મજીયારે ભોગવવાનો હક તેંણીનો છે તેમાંથી બાતલ થાય એમ કાયદાથી કબુલ કરેલું નથી. તે ઓરત ન્યાત બહાર થએલી અને પોતાના ધણીથી જુદી રહે છે એમ ઠરાવવામાં આવેલું છે. પરંતુ કોઇ ખોટી ચાલ કાયદેસરરીતે સાબેત થએલીનથી તેથી તેંણીને તેંણીના ધણીએ તે ઘરમાંથી કાહાડી મુકેલી એમ જણાતું નથી. આવી હકીકત છે, માટે તે ઓરતનો ધણીઆંણી તરીકેનો તે મકાંનમાં જવાનો હક હતો અને તે ચએલી છે, અને મજીયારા ભોગવટામાંથી કોઇ દીવશ બાતલ કરવામાં આવી નથી, તેથી દીવાંની અથવા ફોજદારી રાહે તે પ્રવેસ કરનાર છે, એમ માંની શકાતું નથી.

સબબ અમે ગુન્હાની શાબેતી અને સીક્ષાનો હુકમ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે દંડ પાછો આપવો.

જસ્ટીસ કરનાન સાહેબ—અમે મળતા આવીએ છીએ.

ફોજદારી અપીલ.

તા. ૫ ડીસેંબર સને ૧૮૮૧.

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીશ મતુ સામીઆનર સાહેબોની રૂબરૂ.

મહારાણી વીરૂધ આદાપા વેંકાના.

ફોજદારી કામ ચલાવવાની રીતીનાં કાયદાની કલમ ૪૫.

ઘર ફોડવાના આરોપમાં તજવીજ ચાલતાંની દરમીઆનમાં ૫ ડીવીઝનના બીજા વરગના માજીસ્તરેટની ૫ ડીવઝનમાં બદલી થઈ. તેથી

જીલ્લા માજીસ્ટ્રેટે તે કામ બ ડીવીઝનમાં મોકલ્યું. તે કામની તપાસ ચાલતાંની દરમીઆનમાં બીજા વર્ગના માજીસ્તરેટને એવું માલમ પડયું કે જે ગુન્હો કરવામાં આવેલો છે તે અપહરણનો છે. માટે અમારે તપાસવા લાયક નથી. તે ઉપરથી કામ બંધ રાખવામાં આવ્યું અને ડીવીઝનના માજીસ્તરેટ તરફ મોકલ્યું.

તે ડીવીઝનના માજીસ્તરેટના વીચારમાં આવ્યું કે અમારી ડીવીઝનમાં આ ગુન્હો થયો નથી માટે અમારી હકુમત નથી. તેથી તેમણે જીલ્લા માજીસ્તરેટ તરફ તે કામ મોકલ્યું.

જીલ્લા માજીસ્ટ્રેટે હુકમ કરયો કે તપાસ થવી જોઇએ. અને જો જોઇતો પુરાવ હોય તો બીજા વર્ગના માજીસ્તરેટે તે કામ શેશન કમીટ કરવું જોઇએ.

તે ઉપરથી બીજા વરગના માજીસ્ટ્રેટે તે કામ શેશન કમીટ કરયું.
ઠરાવવામાં આવ્યું કે જીલા માજીસ્તરેટનો હુકમ કાયદા વીરૂધ છે.
પાનું ૩૨૭ કોરટે ફેંસલો આપ્યો છે તેમાં આ કામની હકીકત બતાવવામાં આવી છે.

કૉંનસલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલો—બીમલીપાટમના બીજા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ કેદી ઉપર પોલીસે આરોપ રાખેલો એમ જણાય છે. પરંતુ તે તજવીજ ચાલતાંની દરમીઆનમાં તે માજીસ્ટ્રેટની અંકાપાલે બદલી થઈ તે ઉપરથી અંકાપાલેના બીજા વરગના માજીસ્તરેટની ફાઇલ ઉપર તે કામ જીલા માજીસ્તરેટે મોકલ્યું.

પછી બીજા વરગના માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું કે તે ગુનોહ અપહરણનો છે. માટે તે તપાસવાને અમે મુખત્યાર નથી. તેથી તે કામ બંધ રાખી પોતાની ડીવીઝનના માજીસ્તરેટ જે મુખ્ય આશીસ્ટંટ માજીસ્તરેટ હતા તેમની તરફ તે કામ મોકલ્યું. તેમના વીચારમાં આવ્યું કે તે ગુનહો બીમલીપાટમમાં બનેલો છે અને તે અમારી હકુમતની બાહાર છે માટે અમને હકુમત નથી તેથી તેમણે તે કામ જીલા માજીસ્તરેટ તરફ મોકલ્યું.

જીલા માજીસ્તરેટે તપાસ કરી જો ગુનોહ સાબેત થયાનું માલમ પડે તો તે શેશન કોરટમાં કમીટ કરવાનું ફરમાવ્યું.

આ ઉપરથી અંકાપાલેના બીજા વરગના માજીસ્તરેટે તોહોમતવાળાને શેશન કોરટમાં કમીટ કરયો.

શેશન જડજ કહે છે કે જે વખતે બીજા વરગના માજીસ્તરેટે કલમ ૪૫ પ્રમાણે તે કામ બંધ રાખ્યું તે વખતે તોહોમતવાળાને શેશન

કોરટમાં કમીટ કરવાનો તે માજીસ્તરેટને અખત્યાર નહી હતો.

કમીટ કરવાના હુકમનો બળવાનપણાનો આધાર બે વીચારો ઉપર છે. એટલે કે શબારડીનેટ માજીસ્તરેટે બાંધેલા અભીપ્રાય ઉપરથી જે હુકમ કરવામાં આવેલો હોય તે રદ કરવાને જીલા માજીસ્તરેટ લાયક છે કે નહી. અને જીલા માજીસ્તરેટે શબારડીનેટ માજીસ્તરેટ તરફ કામ મોકલેલું હોય તેથી જે કામો બાબત સાધારણ રીતે તપાસ કરવાને અખત્યારછે. તે કામોની બાબત કલમ ૪૫ પ્રમાણે ડીવીઝનના ઇનચારજ માજીસ્તરેટ ને હકુમત મળે છે કે નહી.

જીલા માજીસ્તરેટે તાલુકાના માજીસ્તરેટ તરફ તે કામ મોકલ્યું તેથી તાલુકાના માજીસ્તરેટની નજરમાં જયારે એમ આવ્યું કે તે તપાસવાને અમને હકુમત નથી. ત્યારે તેમણે તે હકીકત બાબત જીલા માજીસ્તરેટ ને પૂછવું જોઇતું હતું અને તે કામ જીલા માજીસ્તરેટને અગર જીલા માજીસ્તરેટ ફરમાવે તેવા બીજા હકુમતવાળા માજીસ્તરેટને મોકલવુ જોઇતું હતું. ડીવીઝનના માજીસ્તરેટને હકુમત છે એમ જણાતું નથી.

માટે જીલા માજીસ્તરેટનો હુકમ કમીટ કરવા સબંધી છે તે કાયદા પ્રમાણે નથી. સબબ જે ડીવીઝનમાં જે કામ ઉતપન થયું તે ડીવીઝનના માજીસ્તરેટને જો પેહેલા વરગનો અખત્યાર હોય તો તે માજીસ્તરેટ તરફ તે કામ સદરહુ હુકમો રદ કરીને તપાસ થવા મોકલવાને અમે ફરમાવીએ છીએ. જો તેમને તે અખત્યાર ના હોય તો જીલા માજીસ્તરેટે તેની તપાસ કરવી.

ફોજદારી અપીલ.

તા૦ ૬ ડીસંબર સને ૧૮૮૧

સર ચાર્લસ એ ટરનર. નાઇટ ચીફ જસ્ટીસ મી૦ જષ્ટીસ ઇન્સ અને મી૦ જસ્ટીસ કીંડસલી સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ પરસુરામ નાયકર.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૧૫, ૩૬૨—ફરીઆદ તરફના તમામ સાક્ષીઓ તપાસ્યા સીવાય છોડી દેવાનો હુકમ કરવો એ કાયદેસર નથી.

ફરીઆદ તરફના સમન્સ કરેલા સાક્ષીઓને છોડી દેવાને ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૩૬૨ પ્રમાણે માજીસ્તરેટને કુલ અખત્યાર નથી.

ફરીઆદ તરફના તમામ સાક્ષીઓ તપાસતાં પહેલાં ફોજદારી કા

મ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે છોડી દેવાનો હુકમ કરવામાં આવેલો હોય તો તે કાયદેસર નથી.

પાનું ૩૨૫ સને ૧૮૮૧ ના ક્યાલેંડર નંબર ૧૫ ના કામમાં દક્ષણ આર્કટના હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે હુકમ કરેલો તેની ફરી તપાસ કરતાં હાય કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે.

ફેંસલોઃ—આ કામમાં ફરીઆદીએ ચાર સાક્ષીઓનાં નામ દીધેલાં તેમાંથી ફક્ત બે તપાસીને પીનલકોડની કલમ ૫૦૪ પ્રમાણેના ગુનાહની ફરીઆદ ફો. કા. ચ. ની. રીતના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે કાહાડી નાંખેલી છે. માજીસ્તરેટે જે ચાર સાક્ષીઓનાં નામ દીધેલાં તેમના ઉપર સમન્સ કાહાડેલા છે. પરંતુ ફક્ત બે હાજર હતા. તેથી માજીસ્તરેટ કહે છે કે અમે કલમ ૩૬૨ પ્રમાણે અમારો કુલ અખત્યાર વાપરી બીજા સાક્ષીઓને હાજર કરાવવાને ના કહીએ છીયે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે તોહોમતદારને છોડી દેવાનો હુકમ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે કરેલો છે તે કાયદેસર નથી. સબબ તે રદ થવો જોઇએ.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૧૫ (ખુલાસો ૩) પ્રમાણે જે સાક્ષીઓના નામ ફરીઆદ તરફથી દેવામાં આવેલાં હોય તે તમામને તપાસવાની જરૂર છે તે ખુલું છે.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૯૫ મી શેશન કોરટને તપાશવા લાયક કામોની તપાસ સબંધી છે. તેમાં જેવો ઠરાવ હાલ કલમ ૨૧૫ ના ૩ જા ખુલાસામાં છે તેવો અશલ ઠરાવ ખુલાસા ૩ જામાં હતો એ ટાંકી રાખવા લાયક છે.

કાયદા કરનારાએ સને ૧૮૭૪ માં દુરસ્ત કરવાનો આક્ટ (સને ૧૮૭૪ નો ૧૧ મો) કરી કલમ ૧૯૫ માં જે ખુલાસો છે તેમાં સામાન્ય રીતે તપાસ કરવો નહીં.” એવા વીશેશ શબ્દો તેમાં દાખલ કરી વીચાર સાથે ફેરફાર કરેલો છે. માટે ખુલ્લું જણાય છે કે શેશન કોરટને તપાસવા લાયક કામોની તપાસમાં ફરીઆદ તરફથી બતાવેલા સાક્ષીઓને માજીસ્તરેટે સાધારણ રીતે તપાસવા જોઇએ. માટે બાબ ૧૭ પ્રમાણે તપાસવા લાયક કામોમાં તેમણે તેમ કરવું જોઇએ.

હાય કોરટના અભીપ્રાયમાં આવે છે કે માજીસ્તરેટે જે એવો વીચાર કરયો છે કે જે દરજજે તપાસ ચાલી છે તે વખતે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૩૬૨ પ્રમાણે તેઉ અખત્યાર વાપરી શકે છે તે પણ ભુલ ભરેલો છે. તે કલમ સમન્સ કાહાડતાં પહેલાં જે રીતે ચાલવામાં આવ્યું હોય તેને લાગુ થાય છે. અને સમન્સ કાહાડયા પછીની બા

બતને લાગુ થતી નથી. હેડ આસીષ્ટંટ માજીસ્તરેટે ચાર સાક્ષીઓને હાજર થવાને સમન કાહાડયા હતા તેમાંથી બે ગેરહાજર રહયા હતા. માટે તેમને હાજર કરવા સારૂ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૩૫૫ માં ઠરાવેલી રીતી પ્રમાણે ચાલવું એ યોગ્ય રસ્તો હતો.

માટે હેડ આશીસ્ટંટ માજીસ્ત્રેટે તે કામ પાછું પોતાની ફાયલ ઉપર લેવું. અને ફરીઆદીએ બતાવેલા તમામ સાક્ષીઓને તપાસીને તે કામનો કાયદા પ્રમાણે નીકાલ કરવો.

ફોજદારી અપીલ

તા૦ ૧૯ ડીસંબર સને ૧૮૮૧

મી૦ જસ્ટીસ ઇન્સ અને મી૦ જષ્ટીસ ટીંડસલી

સાહેબોની રૂબરૂ.

મહારાણી વીરૂધ અમીરતામ.

નીમના કાયદા તોડવા—સને ૧૮૪૦ ના આકટ ૧૭—શીક્ષા—દંડ વસુલ આપવામાં કસુર કરવામાં આવેતો કેદની શીક્ષા ગેરકાયદેસરછે.

સને ૧૮૪૦ ના આકટ ૧૭ ના ઠરાવ પ્રમાણે દંડ વસુલ આપવાને કસુર કરવામાં આવેતો કેદની શીક્ષા કાયદેસર નથી.

પાનુ ૩૩૫ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે આ તથા બીજા તેવાજ આઠ કામો દક્ષણ આર્કટના જીલા માજીસ્તરેટે હાય કોરટનો હુકમ થવા સારૂ મોકલેલાં એવા કારણથી કે તેમાં કરેલી શીક્ષાનો હુકમ કાયદેસર નથી. કોરટના ફેંસલા ઉપરથી હકીકત જણાય છે કેઃ—

કાંનસલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલો—સને ૧૮૪૦ ના આકટ ૧૭ પ્રમાણે ત્રીજા વર્ગના માજીસ્તરેટે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી દંડ અને તે આપવાને કસુર કરે તો કેદની શીક્ષા કરેલી છે.

સને ૧૮૪૦ ના૦ આકટ ૧૭ તથા મદ્રાસના સને ૧૮૭૮ ના આકટ ૨ પ્રમાણે તોહોમતવાળાએ ગુન્હો કરયો ઠરાવવામાં આવ્યું છે પરંતુ તે કાયદા પ્રમાણે દંડ આપવાને કસુર કરવામાં આવે તો કેદની શીક્ષા થઇ શકતી નથી.

સને ૧૮૪૦ ના આકટ ૧૭ પ્રમાણે દંડ અગર કેદ મુખ્ય શીક્ષા તરીકે થઇ શકે છે. અને તે પ્રમાણે તા. ૧૫ ડીસેંબર સને ૧૮૭૯ ના રોજ ફુલબેંચે ઠરાવ કરેલો છે.

આ પ્રમાણે કેદીની શીક્ષા તે આકટ પ્રમાણે કરવી તે કાયદેસર નથી. માટે શીક્ષાનો હુકમ તે બાબતમાં દુરસ્ત કરવો જોઇએ.

તારીખ ૧૫ ડીસેંબર સને ૧૮૭૫ ના રોજના ઠરાવમાં તથા તા૦ ૨૬ અગસ્ટ સને ૧૮૮૧ ના રોજના ઠરાવમાં કાંઇ વીરૂધ પણું છે એવું માજીસ્તરેટે ધારેલું છે તે ભુલ ભરેલું છે. સને ૧૮૪૦ ના આકટ ૧૭ પ્રમાણે દંડ વસુલ આપવામાં કસુર કરવામાં આવે તો કેદની શીક્ષા થઈ શકે છે કે નહીં એ સવાલનો વીચાર તારીખ ૧૫ મી ડીસેંબર સને ૧૮૭૫ ના રોજ ફુલબેંચના ઠરાવમાં કરવામાં આવ્યો નથી.

ફુલબેંચના ઠરાવની છેલ્લી કલમમાં દંડ આપવાને કસુર કરવામાં આવે તો હાયકોરટે કેદની શીક્ષા કરેલી છે તે સને ૧૮૫૨ ના આકટ ૭ પ્રમાણે કાયદેસર છે આ કામમાં સને ૧૮૪૦ ના આકટ ૧૭ પ્રમાણે આરોપ છે. માટે સને ૧૮૫૨ ના મદ્રાસ આકટ ૭ થી આપેલા અખત્યાર ઉપરાંત દંડછે. સબબ સને ૧૮૫૨ના આકટ ૭ પ્રમાણે કરેલી કાયદેસર શીક્ષા છે માટે અમે તે બાહાલ રાખી શકતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦, ૨૨ ડીસેંબર સને ૧૮૮૧.

સર ચારલસ એ ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી. જસ્ટીસ મતુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

માહાપુરીશ્રી નીવાસા આયનગર અરજદાર નંબર ૫૫૩ ના કામમાં.

ગંટર દેશી કાચાર્યાર અરજદાર નંબર ૫૫૪ ના કાંમમાં.

બાશકર નારીસીમ માચાયર અરજદાર નંબર ૫૬૮ અને ૫૬૯ અને ૫૭૦ નાં કામોમાં.

તીરૂમાલાઇ કસ્તુરી આયનગર અરજદાર નંબર ૫૮૪ ના કાંમમાં.

આગારાંમ આલાગાસીંગા આયનગર નંબર ૫૮૯ ના કાંમમાં.

વીરૂધ.

માહારાણી સાહેબ.

સને ૧૮૬૯ ના મદ્રાસ આકટ ૩—ખાતા તરફની તજવીજ—હિં. ફો. કા. ની કલમ ૧૭૨—પુરાવનો બોજો-સાબેત કરવાની હકીકત.

સરકારને ખબર થવા સારૂ એક રીપોટ તઇયાર કરવાને કલેકટર એક તેશીલદારે પોતાનું કામ કરતાં બલાતકારથી નાણાં કડાવ્યા બાબત ખાતા તરફની તપાસ કરે તેમાં કલેકટરને જે સાક્ષીઓ હાજર રાખવાની જરૂર જણાય તે સાક્ષીઓ ઉપર મદ્રાસના સને ૧૮૬૫ ના આકટ ૩ પ્ર

ભાણે સમન્સ કરવાને મુખત્યાર છે.

ક્રી. ફો. કાયદાની કલમ ૧૭૨ મી પ્રમાણે ગુનહો થએલો સાબેત કર વાને પ્રોસીક્યુટરે એમ બતાવવું જોઇએ કે સમન્સ, નોટીશ અથવા હુકમ કાહાડવામાં આવેલો હતો અને તે કાહાડવામાં આવ્યાની બાબંત તોહોમત વાલો જાણુતો હતો અથવા તે માનવાને તેને કારણ હતું.

જે હુકમ કાહાડવામાં આવેલો ના હોય તે હુકમ બજાવાય નહી તે સારૂ નાશી જવામાં આવેતો, ક્રી. ફો. કાયદાની કલમ ૧૭૨ મી પ્રમાણે તે ગુનહો નથી. નાશી જવું તે ઉપરથી અવશ્યે કરીને જગો બદલવી એમ થતુ નથી, પરંતુ તે છુંપા રહેવામાં આવે તો પણ થાય છે. હુકમ નીકળતાં પહેલાં જો એકાદો સખસ છુપો રહે, અને તે નીકળ્યા પછી પોતાનું છુપુ રહેવું જારી રાખે તો, તે નાસતો ફરે છે એમ થાય છે.

પાનું ૪૯૩ ક્રો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૪ અને ૨૯૭ પ્રમાણે ચીંગલપટના ડીપુટી માજીસ્ત્રેટે કરેલી શીક્ષાના હુકમ ઉપર હાય કોરટમાં આ સાને અરજદારોએ અરજો કરેલી છે.

આ રીપોટના કારણુસર આ કામની હકીકત તથા તકરારો કોરટના ફેંસલા ઉપરથી પુકતરીતે જણાયછે. અને તે ફેંસલો ચીફ જસ્ટીસ ટરનર સાહેબે આપેલો છે.

નંબર ૫૫૩, ૫૫૪ અને ૫૮૪ ના કામના અરજદારો તરફથી ભાશા યામ આયનગર.

નંબર ૫૬૮, ૫૬૯ અને ૫૭૦ ના કામના અરજદારો તરફથી રામચંદ્ર આયર.

નંબર ૫૮૯ ના અરજદાર તરફથી ગોપાળા ચારાયર.

ગુનાહની સાબેતીના ઠરાવના આધારમાં સરકારી વકીલ (મી૦ શેપહર્ડ) હાજર થએલા છે.

ચીફ જસ્ટીસ ટરનર સાહેબઃ—સરકારમાં એક એવી ફરીઆદ કરેવામાં આવેલી હતી કે એક તેશીલદાર સરકારી મેહેસુલ વસુલ કરતો હતો તેમાં રઈયત પાસેથી પોતાના ખાનગી ફાયદા સારૂ કાયદા વીરૂધ કર લીધો અને તે પોતાનું કામ બજાવવામાં બીજી બદચાલ ચલાવ્યાનો ગુનેહગાર થએલો છે. તેથી સરકારે જે કલેકટરના તાબામાં તે તેશીલદાર હતો, તેમનો રીપોટ માગ્યો તેથી તે કલેકટરે સબ કલેકટરને તે તપાસ કરવા નીમ્યા.

તે તપાસને લાગતી બાતમી મેળવવાને સારૂ મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ પ્રમાણે અરજદારો ઉપર સમન્સો કાહાડવામાં આવેલા હતા. તે સમન્સ બજાવનાર જે ગામમાં તે અરજદારો રહેતા હતા તે ગામમાં તે સમન્સ બજાવવામાં આવ્યો ત્યારે તે અરજદારો માલુમ પડી શકયા ન

શી, અને એવું સાબેત થએલું છે કે તેઓએ પોતાનું ગામ છોડેલું છે, કારણ કે તેઓને ધાસ્તી લાગેલી હતી કે અમારા ઉપર સમન્સ નીકળશે. તેથી તેઓના ઉપર સમન્સ નહી મળવાને નાસતા ફરયા બાબત આરોપ રાખી તેમને હીં. ફો. કાયદાની કલમ ૧૭૨ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનાહના ગુનેહગાર ઠરાવ્યા છે.

આ ગુનાહની સાબેતીના ઠરાવોની બાબતમાં એવી હરકત લેવામાં આવી છે કે તે સબ કલેકટર તે સમન્સ કાહાડવાને મુખત્યાર નહી હતા. કારણ કે સને ૧૮૬૯ ના મદ્રાસના આકટ ૩ માં જે શબ્દો વાપરવામાં આવ્યા છે તેના હેતુ પ્રમાણે તેમને જે તપાસ કરવાનો અખત્યાર છે તેવું તે કામ નહી હતું, અને સબ કલેકટરને તે સમન્સ કાહાડવાનો અખત્યાર હતો એમ ધારીએ તોપણ તે સમન્સ નીકળતાં પહેલાં અરજદારોએ પોતાનાં રહેવાનાં મકાન છોડયાં તેથી ગુનહો કરેલો નથી પછી તેઓને એવી ધાસ્તી લાગી હોય કે અમારા ઉપર સમન્સો નીકળશે તેથી તે પ્રમાણે કરવાને લલચાયા હોય તેની ચીંતા નહીં.

સને ૧૮૬૯ ના મદ્રાસના આકટ ૩ માં દેશના રેવન્યુ કારોબારનો મચકુર પાછળ રાખવામાં આવ્યો છે એમ બતાવેલું છે કારણ કે કાયદાના સ્પષ્ટ ઠરાવથી રેવન્યુ અધીકારીઓને અમુક કામોમાં તજવીજ કરવાની પોતાની ફરજ થાય છે. તે કામોમાં સખસો હાજર થવાને સમન્સ કાહાડવાને તે અધીકારીઓ મુખત્યાર નથી. તેમાં ઠરાવેલું છે કે કલેકટરો, સબ કલેકટરો વીગેરેને જે કોઇ કામોમાં તપાસ કરવાનો અખત્યાર આપવામાં આવેલો છે તેમાં જે સખસો પોતાના જીલાની અંદરના રહેવાશીઓ હોય તેમની સાક્ષી લેવી જરૂર છે એમ તેમને જણાયતો તેઓ સમન્સ તે તમામ સાક્ષીઓ ઉપર કાહાડવાને મુખત્યાર છે. એવી તકરાર કરવામાં આવી છે કે જે સખસોના ઉપર રેવન્યુ અધીકારીઓને સમન્સ કરવાનો અખત્યાર છે તે સખશો લગતો પુરાવ આપવાને લાયક છે એવું તે અધીકારીઓ માનતા હોય તે છે. માટે તે ઉપરથી એમ નીકળેછે કે તે આકટ પ્રમાણે જે તપાસ કરવાનો હેતુ છે તે તપાસ કરીને નીરણય કરવાનો છે.

એવી સુચના કરવામાં આવી છે કે "તપાસ કરવાને અખત્યાર પામેલા" એ શબ્દો રીતીસર જોતાં તે ઉપરથી એમ નીકળે છે કે કોઇ કાયદાના સ્પષ્ટ ઠરાવથી અખત્યાર પામેલા એમ થાય છે. અને છેવટે સરકારની કબુલત શીવાય તાબાના જે રેવન્યું અધીકારીઓને પોતાની નોકરી ઉપરથી ખસેડી શકાતા નથી. તેઓની વરતણુંકની તપાસ કરવામાં પુરાવ મેળવવાને સારૂ કાયદાના સ્પષ્ટ ઠરાવથી અખત્યાર ઉતપન

કરવામાં આવેલો છે. માટે એક તેસીલદારની વરતણુંક બાબત ફક્ત ખાતા તરફથી તજવીજ શેહુલી થવાને સારૂ સને ૧૮૬૫ ના મદ્રાસ આકટથી જે મોઘમ અખત્યાર આપવામાં આવેલો છે તેનો ઉપીયોગ કરવાને સબ કલેકટર મુખ્તીઆર નથી.

એકાદા આકટથી અખત્યાર આપવામાં આવેલો હોય તો તે આકટનો અરથ કરવાનો જ્યાં સુધી તે આકટના મજકુરમાં એવા કાંઇ શબ્દો વાપરેલા માલમ ના પડે કે સાધારણ રીતે તે આકટથી આપેલા અખત્યારનો અર્થ કરવાનો નથી અને બારીકી રીતે અર્થ કરવાનો ઇરાદો રાખવામાં આવેલો છે ત્યાં સુધી તે અખત્યાર આપવાના જે શબ્દો વાપરવામાં આવેલા છે તે તેના સાધારણ હેતુ પ્રમાણે વાપરવામાં આવેલા છે એમ ધારવાને અમે બંધાએલા છીએ.

"પુરાવ" એ શબ્દનો સાધારણ હેતુ તકરારી બાબતનું સાચાપણું ખુલ્લું થાય તે છે. ન્યાયની કોરટોની રૂબરૂ જે સાબેતી આવે છે તેને તે બેશક વારંવાર લાગુ કરવામાં આવે છે. પરંતુ અવશ્ય કરીને તેનો આ હેતુ છે એમ નથી. કોઇ સખશ કોઇ તકરારી બાબતની તપાસ કરવાને માંથે રાખે તે સખસે મેળવેલી હકીકત એક સરખા ખરાપણા સાથે બતાવવાને તે વાપરવામાં આવે છે.

"અખત્યાર પામેલો" એ શબ્દ જે કામોમાં સ્પષ્ટ અગર ગરભીત રીતે અખ્તીઆર આપવામાં આવેલો હોય તે તમામ કામોને લાગુ થાય છે. કેટલાક કામોમાં રેવન્યુ અધીકારીને કાયદાના સ્પષ્ટ ઠરાવથી તપાસ કરવાને અખત્યાર આપવામાં આવેલો હોય છે અને કેટલાકમાં ગરભીત રીતે તેવો અખત્યાર આપવામાં આવેલો હોયછે અને આ તપાસમાંની કેટલીક તપાસના પરીણામે નીરણય કરવામાં આવે છે. બીજામાં રેવન્યુ કારોબારને અશર થાય તેવી બાબતેજ થોડી અગત્યની હોય છે. કારણ કે તેમાં નીર્ણય કરવાનો હેતુ નથી હોતો.

કાયદા કરનારાઓએ આ ભેદ જોએલો નથી, એમ ધારવાને અમારો હક્ક થતો નથી. અને જ્યારે અમને એમ માલમ પડે છે કે જે કોઇ કામોમાં રેવન્યુ અધીકારીઓને તપાસ કરવાનો અખત્યાર આપવામાં આવેલો હોય છે તેમાં તેમને અમુક અખત્યાર આપેલો છે ત્યારે અમુક વરગના કામોમાંજ તે અખત્યાર વાપરવાનો છે એમ ઠરાવવાને અમે બંધાએલા નથી. જો આવો ઇરાદો રાખવામાં આવ્યો હોત તો અમે ધારી શકીએ છીએ કે તે ઇરાદો યોગ્ય શબ્દોથી બતાવવામાં આવ્યો હોત અને મોઘમ શબ્દો વાપરવામાં આવ્યા નહીં હોત.

આ ઇલાકામાં કાયદા તથા આકટોમાં "રેવન્યું કારોબાર" એ

શબ્દો જે હેતુથી વાપરવામાં આવેલા છે તે હેતુ "અમુક કામોમાં કલેક્ટરોએ જે વર્તણુંક પ્રમાણે બતાવવાનું તથા નીરણ્ય કરવાનું છે." તે વીશેનો સને ૧૮૦૩ નો કાયદો ૨ જો છે તે ઉપરથી સમજવાનો છે. તે કાયદામાં કલેકટરને આપેલા અખત્યારની વાખ્યા બાંધવાના કારણસર મંજકુર લખીને કલમ ૯ મીમાં ઠરાવવામાં આવ્યું છે કે બોર્ડઓફ રેવન્યુના હુકમ પ્રમાણે કલેકટરોને જે સખસો સરકારી મેહેસુલના કારોબારમાં નોકર હોય તે તમામ સખસો ઉપર નીઘેબાનીને દાબ રાખવાનો છે.

જ્યાં એક સરકારી નોકરને બીજા સરકારી નોકરો ઉપર નીઘેબાની અને દાબ રાખવાની ફરજ છે. ત્યાં તે સરકારી નોકરો પોતનું કામ કરવાની દરમ્યાનમાં જે બદચાલ ચલાવે તે વિશે તપાસ કરવાને તેમને અખત્યાર છે એમ ગરભીત રીતે થાય છે.

રેવન્યુ અધીકારીઓએ કરેલા ગુન્હાની સંક્ષેપ રીતે શીક્ષા કરવાને કલેકટરોને અખત્યાર આપવાથી આ સામાન્ય અધીકાર લેઈ લેવામાં આવ્યો નથી—સને ૧૮૨૨ નો મદ્રાસનો કાયદો ૯—તેમ સને ૧૮૫૦ ના આકટ ૩૭ પ્રમાણે અમુક વર્ગના સરકારી નોકરોને પોતાના કામ ઉપરથી ખસેડવાના હેતુથી મુકેલા આરોપોની રીતશર તપાસ કરવાને ઠરાવ કરવામાં આવેલો છે.

તેશીલદાર મેહેસુલ વસુલ કરતાં જે વરતણુંક ચલાવે તે વીશે અમારા સમજવા પ્રમાણે સને ૧૮૫૯ ના આકટ ૩ માં સમાસ થાય તેવી તપાસ કરવાને કલેકટરને તે કાયદા પ્રમાણે તપાસ કરવાનો જે અખત્યાર આપવામાં આવેલો છે તે મુજબ તે કરી શકે છે.

જો કલેકટરને તપાસ કરવાનો અખત્યાર હોય તો તપાસ કરવાને સબ કલેકટરને નેમી શકે એ વીશે કાંઇ અંદેશો રાખવામાં આવ્યો નથી.

માટે સબ કલેકટરને સમન્સ કાહાડવાનો અખત્યાર હતો. એમ ઠરાવતાં અમારે બીજો વીચાર એવો કરવાનો છે કે હીં૦ ફો૦ કા૦ ની કલમ ૧૭૨ પ્રમાણે ગુન્હો સાબેત કરવાને શી હકીકત સાબેત થવી જોઇએ. તે કલમનો હેતુ એવો છે કે ગુન્હેગારની વરતણુંક ઉપરથી જે અધીકારીના હુકમને તે ગણગારતો નથી. એવું માલમ પડે તે અધીકારીનો તીરસ્કાર કરયા બાબત શીક્ષા કરવાનો છે.

અરજદારોના વકીલે જે, એવી તકરાર કીછે કે આ ગુન્હો સાબેત થવાને સમન્સ, નોટીશ, અગર હુકમ કાહાડવામાં આવેલો હતો એમ બતાવવું જોઇએ. તે તકરારે અમે મંજુર કરીએ છીએ. જે હુકમ કરવામાં આવેલો નથી તે હુકમ નહીં ગણગારયો એમ થઇ શકતું નથી

અધીકારનો તીરસ્કાર થઇ શકે તે પેહેલાં કોર્ટ અગર હુકમ કાહાડેલા અખત્યાર પામેલા અમલદારે અખત્યાર વાપરેલો જોઇએ.

છેવટ જે ઠરાવ છે કે "કોઇ સખસે જાતે અગર પોતાના એજંટની મારફતે હાજર થવું અગર ન્યાયની કોરટમાં દસ્તાવેજ રજુ કરવો એવો સમન્સ, નોટીશ અગર હુકમ હોય તો" તે ગુન્હા બાબત શીક્ષા વધારે થઇ શકે છે માટે તે ઠરાવો ઉપરથી પણ જણાય છે કે તે ગુન્હો બનવાને સમન્સ નોટીશ અગર હુકમ હોવાની જરૂર છે. માટે હુકમ કાહાડવામાં આવશે એવી ધાસ્તી રાખવાથી 'એક સખસ નાશતો ફરે છે એવું બતાવવાથી બસ થતું નથી પોતાની ગેરહાજરીથી કોર્ટ અગર અમલદાર હુકમ કાહાડતા અટકશે એવી ઉમેદથી તે પ્રમાણે તે કરે પરંતુ તેથી હીં૦ ફો૦ કા૦ ની કલમ ૧૭૨ ના હેતુ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર થતો નથી.

પરંતુ "નાશતા ફરવું" એ શબ્દો એવી રીતે શમજવાના નથી કે જેથી અવશ્ય કરીને એક સખસ જે જગોએ હોય તે જગો તેણે છોડવી જોઇએ. તેનો શબ્દાર્થ અને તેનો સમાન્ય હેતુ પોતે છુપાતો ફરે તેવો છે. પછી જો તે છુપાતો ફરતો હોય તો તે એક જગાએથી જાય કે ત્યાંનો ત્યાં રહે તેની ચીંતા નહીં. તેમ તે છુંપાતા ફરવાની ફકત શરૂઆતને તે શબ્દ લાગુ થતો નથી. હુકમ નીકળતાં પેહેલાં તે છુપાએલો હોય અને તે હુકમ નીકળ્યા પછી તે છુપાતો જ્યારી રહે તો તે નાશંતો ફરે છે એમ થાય છે.

એટલો વીચાર કરવાનો રહે છે કે ગુનાહની સાબેતીના ઠરાવને પુસ્ટી કરવાને હુકમ કહાડવામાં આવ્યો હતો એવું તોહોમતવાળા જાણતા હતા, એમ બતાવવું જોઇએ કે નહી. તે કલમમાં ઠરાવ્યું છે કે બજાવણીને નહી મળવા સારૂ જો તે નાસતો ફરતો હોય તો તે શીક્ષાને પાત્ર છે. તે નાસતા ફરવાનો કાંઇ હેતુ હોવો જોઇએ. અમારા સમજવા પ્રમાણે હુકમ કાહાડવામાં આવ્યો હતો. એમ તે નાસતો ફરનાર જાણતો હતો. અગર ઓછામાં ઓછું તેમ માનવાને તેને કારણ હતું. એમ ગરભીત રીતે થાય છે. અમે શુચનાં કરેલી છે એ પ્રમાણે હુકમ નીકળતો બંધ રહે તે સારૂ તે નાસતો ફરે પણ તેથી હીં. ફો. કા. ની કલમ ૧૭૨ પ્રમાણે સીક્ષા કરવા લાયક ગુનહો થતો નથી. જ્યારે તે જાણતો હોત અગર તેને માનવાનું કારણ હોય કે જે તે કાહાડવામાં આવેલો છે તો કોરટ અગર અમલદાર જેમણે તે કાહાડેલો હોય તેમનો તીરસ્કાર કરવાને તે નાખુશ થાય. અને તે પ્રમાણે તે ચાલે કે જેથી બજાવણી થઇ શકે. પરંતુ તે

અખત્યાર વાપરવામાં આવેલો છે. એવું જાણતો ના હોય અગર તેવું મા નવાને તેને કારણ ના હોય તો તેણે અધીકારીનો તીરસ્કાર કરયો તે બાબત તે ગુનેહગાર છે એમ ભાગ્યેજ કહી શકાય છે તેમ તે કાહાડવામાં આવેલોછે એમજાણતો ના હોય અગર એમ માનવાનું કારણ ના હોય તો તે હુકમની બજાવણી ન થાય તે સારૂ તે નાસતો ફરેછે એમ થઈ શકતું નથી.

માટે આ નીયમો અમારી રૂબરૂ કેટલાંક કામો છે તેને અમે હાલ લાગુ કરીએ છીએ.

નંબર ૫૫૩—૫૫૪ અને ૫૮૪ (સંક્ષેપ તપાસ નંબર ૧૮, ૧૭ અને ૨૧) ની અરજીઓમાં માજીસ્ટ્રેટે તોહોમતવાળાને એવી ફરજ પાડી છે કે શમન્સ કાહાડવામાં આવેલા છે એમ તેઓ જાણતા નહી હતા તે તેમણે સાબેત કરવું જોઇએ. ક્રી. ફો. કા. ની કલમ ૧૭૨ ના ઠરાવનો જે વીચાર અમે કરેલો છે તે પ્રમાણે તે જાણતા હતા. એમ સાબેત કરવાનો બોજો પ્રોસીક્યુટરના ઉપર છે. અને તે નહી જાણતા હતા એમ સાબેત કરવાનો બોજો તોહોમતવાળા ઉપર નથી. આ પ્રમાણે જાણતા હતા એમ સાબેત કરવાને વગી પુક્ત પુરાવ નથી. માટે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવે છે અને જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો

નંબર ૫૬૮ (સંક્ષેપ તપાસના ૨૬) ની અરજીમાં અરજદારને તારીખ ૨૪ અકટોબરના રોજ હાજર થવાનો સમન્સ કરવામાં આવેલો તે વીશે ગુનાહની સાબેતીનો જે ઠરાવ કરવામાં આવેલો છે તે ચાલી શકતો નથી, કારણ કે કઇ જગાએ અરજદાર હાજર થવાને બંધાએલોછે તે બતાવેલું નથી માટે ગુનહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરવામાં આવે છે.

નંબર ૫૬૯ અને ૫૭૧ (સંક્ષેપ તપાસ નંબર ૨૫ અને ક્યાલંડર નંબર ૩૧) ની અરજીઓમાં અમે ઠરાવ્યું છે કે રામ કલેક્ટરને સમન્સ કાહાડવાનો અખત્યાર હતો, માટે તા૦ ૧૦ અગસ્ટ અને તા૦ ૧ લી સપટેંબરના રોજ અરજદારને હાજર થવાને સમન્સો કાહાડવામાં આવેલા તે માન્ય નહી કરવા સારૂ ગુનાહની સાબેતીના ઠરાવ કરેલા છે તે અમારે બાહાલ રાખવા જોઇએ. સબબ તે ગુનાહની સાબેતીના ઠરાવો તથા શીક્ષા ના હુકમો આ કામોમાં બાહાલ રાખવામાં આવે છે.

નંબર ૫૮૫ ની અરજી સંક્ષેપ તપાસ નંબર ૨૦ બાબતની છે તેમાં કાયદાની કાંઇ ખામી સારૂ ગુનાહની સાબેતીના ઠરાવમાં અમે હાથ

ખાલી શકતા નથી. અમે ઠરાવેલું છે કે સબ કલેકટરને સમન કાહાડવાનો અખત્યાર હતો. અને તે ઉપરથી એમ નીકળે છે કે જયારે તે સાક્ષીઓ હાજર થયા ત્યારે જે બાબતમાં તેમને તપાસવામાં આવ્યા. તે વખતે બીજી બાબત સારૂ તેમની શાહેદી લેવાને ઉભા રહેવાને ફરમાવવાને તેમને અખત્યાર હતો. શખ્સ ગુનાહની શાબેતીનો ઠરાવ બાહાલ રાખવામાં આવ્યું છે અને તે અરજી કાહાડી નાંખવામાં આવે છે.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

વાલ્યુમ ૫ મું.

ફોજદારી અપીલ.

તા૦ ૨ ફેબરવારી સને ૧૮૮૨.
મી૦ જષ્ટીશ ઇન્સ અને મી૦ જષ્ટીશ કરનન
સાહેબોની રૂબરૂ.

માક્ષન વીરૂધ માહારાણી સાહેબ;

ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૨૭૮—આવા કામોમાં તારીખ નીમવાની કોરટની ફરજ.

અપીલ જે તારીખે આપવામાં આવી ત્યાર પછી કોર્ટના પેહેલા દીવશે તે દાખલ કરવાને સારૂં ફક્ત અપીલો સાંભળવામાં આવશે એવી જેનરલ નોટીસ શેશન કોરટના મકાન ઉપર ચોડવામાં આવી હતી. તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૮ પ્રમાણે અપીલવાળાને (તેના કાંનસલને અગર એજંટને હાજર થઇ અપીલની પુષ્ટીમાં તકરાર થવાને યોગ્ય મુદત ઠરાવવી એમ કરવું થતું નથી.

પાનું ૧૧. *સને ૧૮૮૧ ના નંબર ૫૫ ના કયાલંડરના કામમાં જોઇન્ટ માજીસ્ટ્રેટે શીક્ષાનો હુકમ કરેલો તે ઉપર દક્ષણ આર્કટના શેશન જડજને અપીલ આપવામાં આવેલી તેથી તે શેશન જડજે તા૦ ૧૪ ડીસેમ્બરના રોજ (જે તારીખે અપીલ દાખલ કરવામાં આવી હતી) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૮ માં ઠરાવ્યા પ્રમાણે અપીલ સાંભળવાની તારીખ ઠરાવ્યા શીવાય તે અપીલ કાહાડી નાંખી.

આ પ્રમાણે કરવા વિશેનો ખુલાસો હાયકોરટે ફરી તપાસની કોર્ટ તરીકે માગ્યો. તે ઉપરથી શેશન જડજે (મી૦ નેલશન) રીપોર્ટ ક—

રયા કે ગુન્હેગાર સખસોના ફાયદાને સારૂં ફોજદારી અપીલો આપવામાં આવે છે. તેને બીજે દીવસે દરેક અપીલ દાખલ કરવાને લેવાનો આ કોરટનો હમેશાંનો રીવાજ છે. અને આ રીવાજ કોર્ટના વકીલોને સારી પેઠે જાણીતો છે અને અનુમાન કરતાં લોકો પણ જાણે છે. કારણ કે કોરટના મકાનની પ્રખ્યાત જગો ઉપર નોટીશ ચોડવામાં આવે છે અને આ કામમાં જેલના સુપરીટેનડેન્ટની મારફતે અરજી કરવામાં આવેલી છે અને તે અપીલની પુષ્ટી કરવાને અગર ના મંજુરીનો હુકમ ફેરાવી નવો હુકમ કરવાને કોઇ વકીલ અગર એજંટ હાજર થયો નથી.

કાંનસલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

તા૦ ૧૬ જાનેવારી સને ૧૮૮૨ ના રોજ નંબર ૩૬ નું આ કોરટનું પ્રોસીડીંગ છે તેના જવાબમાં શેશન જડજ રીપોર્ટ કરે છે કે કલમ ૨૭૮ માં ઠરાવ્યા પ્રમાણે મુદત અમે ઠરાવી નથી; અને કેદી જેલમાં હતો

આવાજ કામને સારૂં પક્ષકારના એજંટને હાજર થવાનો હક્ક છે માટે એક દીવશ ઠરાવવો જોઇએ.

તે જડજે કહ્યું છે કે અપીલો આપવામાં આવે છે તેના કોરટના બીજે દીવશે અપીલો દાખલ કરવાને સાંભળવામાં આવશે એવી અ- મારી કોરટમાં નોટીશ ચોડવામાં આવશે. આ રીવાજ તે આકટ પ્ર- માણે નથી.

નીચા વર્ગના લોકો જે વાંચી શકતા નથી. તેઓ આ રીવાજ જાણે છે એમ અનુમાન થતું નથી. દરેક કામમાં કાયદા પ્રમાણે મુદત ઠરાવવી જોઇએ.

માટે જે હુકમ કરવામાં આવેલો છે તે રદ કરવામાં આવે છે. શે- શન જડજને ફરમાવવામાં આવે છે કે મુદત ઠરાવવી તે અપીલની ફરી સુનાવણી કરવી.

ફોજદારી અપીલ.

સા૦ ૨૪ ફેબરવારી સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ ઇન્સ અને મી૦ જષ્ટીશ મત્તુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

પુલી સાંકીરેડી વીગરે વિરૂધ માહારાણી સાહેબ.

ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો—હીંદુસ્તાનના ફોજદારી

કાયદાની કલમ ૨૯૦ અને ૨૯૧ પ્રમાણે જુદા જુદા ગુન્હા બાબત આરોપ રાખેલા ચઉદ શખસોની એકઠી તપાસ કરી ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવામાં આવેલો તે રદ કરવામાં આવ્યો.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ અને ૨૯૧ પ્રમાણે જુદા જુદા ગુનહા (સારવજનીક અપકૃત્ય કરયા બાબતના) ચઉદ સખસો ઉપર આરોપ રાખી એકઠી તપાસ કરવામાં આવેલી છે.

ઠરાવવામાં આવ્યું કે આ રીતે ગેર શીરસ્તે થવાથી તોહોમતવાળાઓને હરકત થએલી જણાય છે. સબબ ગુન્હાની સાબેતીના ઠરાવો રદ કરવામાં આવે છે.

પાનું ૨૦ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે કડાપાના જીલા માજીસ્તરેટે આ કામ મોકલેલું છે. એવા કારણથી કે તોહોમતવાળાઓને ગુન્હેગાર ઠરાવેલા છે તે કાયદા પ્રમાણે નથી.

બાડેવલ તાલુકાના બીજા વરગના માજીસ્ત્રેટે (તેશીલદાર) પંદર સખસો ઉપર આરોપ રાખ્યો અને તેમાં ચઉદ સખશની તપાસ કરી તેમાં નવની હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે અને પાંચની તે કાયદાની કલમ ૨૯૧ પ્રમાણે એવી રીતની તપાસ કરી કે તે દરેકે સાર્વજનીક અપકૃત્ય કરયું છે. અગર તે જારી નહી રાખવું એવો તાકીદ હુકમ આપ્યા છતાં તે કરે ગયા છે.

પોલીસે તે માજીસ્તરેટને એવી મતલબનો રીપોટ મોકલ્યો છે કે માજીસ્ત્રેટ (તેશીલદાર) પ્રથમ તે ગામ ગયા હતા. અને તેમની તરફથી ઉકરડા ખસેડવાને તોહોમતવાળાને એક નોટીશ મળેલી છે.

તોહોમતવાળાઓમાંના પાંચ તોહોમતવાળાઓએ કબુલ કરયું છે કે ગામની નજીક અમારી પાછળના વાડામાં એક ગાડુ ખાતર અમે રાખેલું હતું તેથી તેમને ગુન્હેગાર ઠરાવી રૂ ૫] અગર તેથી ઓછા દંડ કરેલા છે. અને તે આપવાને કસૂર કરે તો પાંચ દીવસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

બીજા નવ સખસોને કલમ ૨૯૦ પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલા છે તે માંનો એક (અગીઆરમો તોહોમતવાળો) નદીના કીનારા ઉપર અમુક મેલ ધોયો તેથી તેના રૂ ૨) દંડ કરવામાં આવ્યો છે. અને એક બીજાએ ખાતરની ખાઈમાં પોતાની મોરી ખોલી રાખી તેથી તેના રૂ ૨) દંડ કરવામાં આવેલા છે અને બાકીનાઓએ તે ગામમાં અગર ગામની નજીક ખાતર રાખી કબુલ કરયું તેથી તેમની તેટલીજ રકમ દંડ કરવામાં આવી છે.

જીલા માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું છે કે તેસીલદારના હુકમ ની નોટીસ શાબેત થએલી નથી, અને પંદર સખશોની તપાસ એકઠી કરવામાં આવીછે તે ગેરશારસ્તે છે અને સારવજનીક અપકૃત્યનો અથવા ૧૧ મા તોહોમતવાળાના કૃત્યથી કોઇને હરકત કરવામાં આવી છે એવો પુરાવ નથી, અને તેના પડોશીઓ તેવું કરેછે એમ સંભવીતપણું છે.

કાનસલને રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાંણે ફેંસલો આપ્યો:—

બીજા વરગના માજીસ્ટ્રેટે ૧૪ સખશોની એકઠી તપાસ કરેલી છે; અને નંબર ૧, ૪, ૭, ૯ અને ૧૩ ની હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૧ પ્રમાંણે અને બાકીનાઓની કલમ ૨૯૦ પ્રમાંણે એકઠી તપાસ કરેલી છે.

જીલા માજીસ્ટ્રેટ કહે છે કે ૧૪ સખસો તોહોમતવાળાની એક વખતે તપાસ કરવાથી તે માજીસ્ટ્રેટે એવું ગેરશીરસ્તે કરેલું છે કે જેથી તોહોમતવાળાઓને હરકત કરી થાય.

અમારા અભીપ્રાયમાં આવે છે કે કેટલાક આરોપોનો એકઠો નીકાલ કરવાથી તોહોમતવાળાઓને બેશક હરકત થએલી હોવીજ જોઇએ. માટે અમે ફરમાવીએ છીએ કે તે ગુન્હાની શાબેતીના ઠરાવ રદ કરવામાં આવે છે, અને જે દંડ વસુલ કરવામાં આવેલો હોય તે જુદા જુદા સખસોને પાછો આપવો.

માટે તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ ફેબરવારી સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ ઇન્સ અને મી૦ જસ્ટીસ મત્તુ સાંમીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂધ બોજીગન.

કાયદેસર પહેરામાંથી નાશી જવું—હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૨૪—ગામના અમલદારોંનો પહેરો.

ગામના ચોકીવાળાએ ચોરીના આરોપ બાબત શક પડવાથી એક શખસને પકડેલો અને તેને ચોકીવાળાએ પહેરામાં રાખેલો ત્યાંથી તે નાશી ગયો તેથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૨૪ પ્રમાણે કાંઇ ગુન્હો થતો નથી.

પાનું ૨૨. આ કામમાં કેદીને ચોરીનો તથા કાયદેસર પહેરામાંથી નાશી ગયાનો ગુન્હેગાર (હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૨૪) ઠરાવી પાછલા ગુનહા બાબત બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવેલી છે.

અરજદારે એક ગાય અને વાછડાને ચોરયો છે. તેથી પોલીશ સ્ટેશનના અમલદારને ફરીવાદ કરવામાં આવી;

ગાંમના તાલ્યારી [ચોકીવાળો) એ કેદી માલુમ પડતો નથી તેવું સાંભળ્યું હતું તેથી ગામના "તોટી" (ગામના નોકર] ની મદદથી તેને પકડીને પહેરામાં રાખ્યો. તે કેદી ત્યાંથી નાશી ગયો, અને પછી પોલીસે તેને પકડયો હતો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ મી પ્રમાણે જીલ્લા માજીસ્ત્રેટે આ કામ હાયકોરટનો હુકમ થવા સારૂં મોકલેલું છે, એવા કારણથી કે બીજા આરોપની બાબતમાં તે કેદીને ગુન્હેગાર ઠરાવેલો છે તે ઠરાવ ચાલી શકે તેવો નથી. માહારાણી વિરૂધ સીતા ફપદીયાચી.

કોંનશલને રાખવામાં આવ્યો નથી.

કોર્ટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

બીજાં વર્ગના માજીસ્ત્રેટે તોહોમતવાળાને ચોરી તથા કાયદેશર પહેરામાંથી નાશી ગયાનો ગુન્હેગાર ઠરાવેલો છે.

પાછલા ગુન્હાની બાબતમાં બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી છે તે રદ થવી જોઇએજ.

પાંચમો અને છઠો શાક્ષી તાલયારી તથા એક તોટી હતો તેમના કબજામાંથી તે કેદી નાશી ગયો કહેવામાં આવેલું છે; પરંતુ તે કાયદેસર પહેરો નહીં હતો, કારણ કે તે બેમાંના એકકની રૂબરૂ ચોરીનો ગુન્હો કરવામાં આવેલો નથી. (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૦૫] અને તેઓ પોલીસ અમલદારો નથી. માહારાણી વિ૦ એમ. સીનાકુ પાડીઆચી.

માટે તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૬ ફેબરૂઆરી સને ૧૮૮૨.

મી૦ જષ્ટીશ ઇન્સ અને મી૦ જષ્ટીશ મતુ સાંગીઆયર સાહેબોની રૂબરૂ.

બાપુ પાલડી વિરૂધ માહારાણી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદ—હકુમત—જે માલ ઇંગરેજ સરકારના હીંદુસ્તાનના બંદરથી લેઇ તેવાજ બંદરે આપવા સોંપેલાનો તેનો પરરાજ્યના બંદરમાં જુદો ઉપયોગ કરવો.

મ (એક ઇંગરેજ સરકારનું હિંદુસ્થાનનું બંદર છે] માં **વ** એ કેટલાક ચોખા એક બાજુ ઇંગ્રેજ સરકારનું હિંદુસ્થાનમાં બંદર છે ત્યાં લેઇ જવા **क** ને સોંપ્યા. પછી તે પરરાજ્યના **ग** બંદર લેઇ ગયો અને ત્યાંહાં તે વેચ્યા. તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૦૭ પ્રમાણે તેને **મ** માં હુંડા ભાડાવાળા તરીકે સાપરાધ વીશ્વાસઘાત કરયા બાબત ગુન્હેગાર ઠરાવ્યો.

ઠરાવવામાં આવ્યું કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે તે ગુન્હાની તપાસ કરવાને **મ** માં સેશન કોરટને હકુમત નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે ૧૨ અને ૧૩ વીક બાબ ૯૬ મો ૨૩ અને ૨૪ વીક બાબ ૮૮ માથી લાગુ કરવામાં આવેલો છે તે પ્રમાણે ભરદરીયામાં કરેલા ગુન્હા બાબત આ કોર્ટને હકુમત મળે તેવો કાંઇ ગુન્હો કરવામાં આવ્યો નથી.

પાનું ૨૩. આ કામની હકીકત આ રીપોર્ટના કારણસર કોર્ટના ફેંસલા ઉપરથી પુખ્ત રીતે જણાય છે.

કોંનસલ રાખવામાં આવ્યો નથી.

ફેંસલો—આ કામમાં કેદીને હી૦ ફો૦ કાયદાની કલમ ૪૦૭ પ્રમાણે હુંડાભાડા વાલા તરીકે સાપરાધ વિશ્વાસઘાત કરયા વીશે તપાસ કરી ગુન્હેગાર ઠરાવી તેને ૪ વરશને છ માસ સખત મજુરી સાથે કેદ અને રૂ ૫૦૦ દંડ અથવા તે આપવામાં કસુર કરવામાં આવે તો બીજી પંદર માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા ભોગવવાનો હુકમ કરેલો છે. અસલ આ ગુન્હા બાબત તે કેદીની તપાસ સને ૧૮૬૯ માં કરવામાં આવી હતી. પરંતુ હાયકોર્ટે તા૦ ૧૦ જાન્યુએરી સને ૧૮૭૦ ના રોજ ફરી તપાસ કરવાનો હુકમ કરેલો છે. પરંતુ કયાનોર જેલમાંથી તે કેદીને પાછો લાવતાં તે નાશી ગયો હતો, તે થોડી મુદત ઉપર પકડાએલો છે.

ફરીયાદ તરફના પુરાવ ઉપરથી એવું જણાય છે કે અમુક " પાટીમાર " નો કેદી ટંડેલ હતો. તેથી મંગલોરમાં તેને અમુક ચોખા કાલીકટમાં કે સાવાનાશીક લેઇ જવા સોપ્યા હતા. તે કેદી દરીયામાં આવ્યો ત્યાર પછી તે "પાટીમાર" ને કાલીકટ લેઇ જવાને બદલે તે ગોએ લેઇ ગયો અને ત્યાંહાં તે ચોખા વેચ્યા. + × + + × × × +

સને ૧૮૬૯ ના પ્રથમના કામમાં આ કોર્ટે ઠરાવ્યું છે તે પ્રમાણે

તે ગુન્હો કરવાનો ઇરાદો અને જયાંહાં જવાનું હતું ત્યાંથી જુદી જગાએ જવાનો ઇરાદો રાખી તે લઈ જવાનું કામ ભર દરીઆમાં કરવામાં આવ્યું હોય પરંતુ ગોએ પહોચતાં સુધી તે માલનો બીજી રીતે ઉપીયોગ કરેલો ના હોય તો, ભર દરીયામાં એવો કાંઇ ગુન્હો થયો નથી કે જેથી ૧૨ અને ૧૩ વીક બાબ ૯૬ મો ૨૩ અને ૨૪ વીક બાબ ૮૮ માથી લાગુ કરવામાં આવ્યો છે તે પ્રમાણે કોર્ટને હકુમત મળે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે હકીકત પ્રમાણે આ કામ તપાસવાને તે જડજને હકુમત નહીં હતી, માટે તે તપાસ મંજુર રાખી શકાતી નથી. તેથી ગુન્હાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ તથા પ્રોશીડીંગ રદ કરવું જોઇએ. સને ૧૮૭૯ ના આ. ૨૧ પ્રમાણે કામ ચલાવવાને માજીસ્ટ્રેટને કોરટ ફરમાવી શકે છે. માટે તે કેદીને કેદમાંથી છોડવો જોઇએ.

માટે તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ ફેબરવારી સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ કનાન અને મી૦ જસ્ટીશ હીંડસલી

સાહેબોની રૂબરૂ.

મહારાણી વીરૂધ બમાયાચેતી વીગેરે.

હીંદુસ્થાનના હથીઆર બાબતના સને ૧૮૭૮ ના આકટની કલમ ૨૫—જીલ્લા માજીસ્ટ્રેટની મંજુરીની પ્રથમ કયારે જરૂર છે—જે સખસની પાસે જંગલી જાનવરો મારવાનો પરવાનો હોય તે જો રમત દાખલ જાનવર મારે તો તેને પરવાનો લેવાનું બધન નથી.

એક જીલ્લામાં ઉભા વાવેતરને નુકશાન કરે તેવાં પ્રખ્યાત અમુક જાનવર હતાં. અને હીંદુસ્થાનના હથીઆરના સને ૧૮૭૮ ના આકટ ૧૬ ના નીયમના અગીઆરમાં નમુના પ્રમાણે એક પરવાનો હતો. (જંગલી જાનવરો વાવેતરને નુકશાન કરે તેને મારવાનો હતો) માટે તેજ નીયમના તેરમા ધારાના આઠમા નમુના પ્રમાણે રમત સારૂ પરવાનો લીધા શીવાય સદરહુ જાનવરને ગોળીથી મારવાને વ્યાજબી રાહે તે સખસને હરકત નથી.

પ.તું ૨૬ સને ૧૮૮૧ ના કેયાલંડર નંબર ૩૫ ના કામમાં બીજા. ત્રીજા, ચોથા અને છઠા તોહોમતવાળાને સને ૧૮૭૮ ના હીંદુસ્થાનના હથીઆરના આકટની કલમ ૧૯ (૨) પ્રમાણે ગુન્હેગાર ઠરાવી દક્ષણ કાનેરાના હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે

દંડ કરેલો છે તેમાં પેહેલા ત્રણુને એટલા માટે કે જંગલી જાનવરોનો નાશ કરવાસારૂ હથીઆર રાખવાનો પરવાનો હતો પરંતુ રમતના કારણુસર હથીઆર રાખવાનો નહીં હતો. અને છેલા તોહોમતવાળાને પરવાના શીવાય તેના કબજામાં બંદુક હતી. તે કારણુસર તેને ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરેલી છે.

બીજા, ત્રીજા, અને ચોથા તોહોમતવાળાએ કબુલ કરયું છે કે તે આકટની કલમ ૧૭ (તા૦ ૮ મારચ સને ૧૮૭૯ ના રોજનું હીંદુસ્થાન ગેઝીટ જુઓ) પ્રમાણે ગવરનર જનરલ ઇનકાઉન્સલે જે ધારા કરેલા છે તેના તેરમાં રૂલના નમુના આઠ પ્રમાણે અમારી પાસે પરવાનો નથી. અને અમે રમતના કારણુસર આ પ્રસગે જાનવર મારવાને હથીઆર લેઈ ગયા હતા.

છઠા તોહોમતવાળાએ કબુલ કરયું છે કે મારી પાસે પરવાનો નથી ને હું અંજાણો છું.

જીલા માજીસ્તરેટે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ કાયદેસર નથી એવું વીચારી નીચેના લખાણુ સાથે તે કામમાં હાયકોરટનો હુકમ માગ્યો.

" તે ગુન્હેગાર સખસો પાસે જે પરવાના છે તેના શબ્દ ઉપરથી ખુલ્લું જણાય છે કે જંગલમાં જઈ અમુક જાનવરો મારવાને તેઓને સંપુરણુ અખત્યાર છે. અને આ બાબતજ તેમના વીરૂધ સાબેત થએલીછે. અમુક જાતના જાનવરો વાવેતરને નુકસાન કરે છે એવી તેમની ટેવ જાણીતી છે. પરંતુ તેમની પછાડે તોહોમતવાળાઓ રમત સારૂ ગયા હતા તેથી તેમના પરવાનાના શબ્દો પ્રમાણે જે કૃત્ય કાયદેસર હતું. તે ગેર કાયદે થતું નથી એમ અમારી નજરમાં આવે છે. "

" બીજા તોહોમતવાળાઓને તેમના કબજામાં સને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૧૪ વીરૂધ બે બંદુકો હતી તેથી તે આકટની કલમ ૧૯ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાના ગુન્હેગાર ઠરાવેલા છે તે વાસે તેવી હરકત લેઇ શકાય છે કે તે આકટની કલમ ૨૯ ના પાછલાં ભાગ પ્રમાણે જે મંજુરીની જરૂર છે તે મંજુરી શીવાય ફરીઆદ ચલાવવામાં આવી છે. "

કાંનસલ રાખવામાં આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

બીજા, ત્રીજા, અને ચોથા તોહોમતવાળાને શને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૧૩ વીરૂધ હથીઆર સાથે જવાથી તે આકટની કલમ ૧૯ પ્રમાણે હેડ આસીસ્ટંટ માજીસ્તરેટે ગુન્હેગાર ઠરાવેલા છે તે એવી રીતે કે તેઓના પાસે જંગલી જાનવર મારવાનો પરવાનો હતો પરંતુ તેઓ

રતમના કારણુસર હથીઆર લેઇ ગયા હતા. અને છઠા તોહોમતવાળાને તેજ કલમ પ્રમાણે સને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૧૪ વીરૂદ્ધ હથીઆર રાખ્યા બાબત ગુનહેગાર ઠરાવેલો છે.

જીલા માજીસ્રેટ કહે છે કે બીજા, ત્રીજા, અને ચોથા તોહોમતવાળાને અમુક જાનવર જંગલમાં મારવાનો અખત્યાર આપવામાં આવેલો છે કારણુ કે વાવેતરને હરકત કરે તેવી પ્રખ્યાત ટેવવાળાં તે જાનવરો છે. અને તે વાવેતરનું રક્ષણ કરવાને હથીઆર રાખવા સારૂ તે પરવાનો આપવામાં આવેલો છે. પરંતુ છઠા તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે તે કાયદા વીરૂધ છે. કારણ કે સને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૨૯ પ્રમાણે તે ફરીઆદ ચલાવવાને કલેકટરની મંજુરી મેળવેલી નથી.

હાયકોરટે જીલા માજીસ્તરેટ સાથે મળતા આવી બીજા, ત્રીજા, અને ચોથા તોહોમતવાળા ઉપર ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરયો અને ફરમાવ્યું છે કે જો દંડ વસુલ આપવામાં આવ્યો હોય તો તે પાછો આપવો. છઠા તોહોમતવાળાની બાબતમાં પણ હાયકોરટ જીલા માજીસ્તરેટ સાથે મળતા આવે છે અને ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરે છે અને ફરમાવે છે કે જો દંડ વસુલ લેવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૮ ફેબરવારી સને ૧૮૮૨.

મી૦ જષ્ટીશ ઇન્સ અને મી૦ જષ્ટીશ મત્તુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

કનકુસા વિરૂધ માહારાણી સાહેબ.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૯—દંડ વસુલ આપવામાં કસુર કરવામાં આવે તો સમુદ્રપારની શીક્ષા કરવી તે કાયદા વિરૂધ છે.

દંડ વસુલ આપવાને કસુર કરવામાં આવે તો કોર્ટ ગુન્હેગારને કેદની શીક્ષા કરી શકે છે. પરતુ કેદને બદલે સમુદ્રપારની શીક્ષા કરવાને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૯ થી અખત્યાર આપવામાં આવેલો નથી.

પાનું ૨૮. આ કામમાં ઉત્તર મલબારના શેશન જડજે અપીલવાળાને.—

(૧) હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૭ પ્રમાણે ચોરી કરવાના ઇરાદાથી રાતરે ઘર ફોડયા બાબત.

(૨) રેહેવાના ઘરમાં ચોરી કરયા બાબત—કલમ ૩૮૦.

(૩) ડાકાઇટી—કલમ ૨૯૫.

એ રીતે ગુન્હેગાર ઠરાવેલો છે. પરંતુ તે પેહેલાં ચોરી કરવાના ઇરાદાથી રાતરે ઘર ફોડયા બાબત તેને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો હતો. (હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૭૫ અને ફટકાના આ-કટની કલમ ૩) તેથી તેને નવ વરશ સમુદ્રપાર તથા રૂ. ૩૦૦] દંડ અને તે દંડ આપવામાં કસુર કરે તો બીજા ત્રણ વરશ સમુદ્રપારની શી-ક્ષા કરેલી છે.

હાયકોરટમાં અપીલમાં સરકારી વકીલ (મી૦ શેપર્ડ) ગુન્હાની શા બેતીના ઠરાવમાં હાજર થયા છે, ,

કેદી તરફથી કાંનસલ નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.—

અપીલવાળાને જે સખસોએ અપહરણ કરવામાં ભાગ લીધેલો તેમાં તે હતો. એમ ફરીઆદ તરફના પેહેલા ત્રણ સાક્ષીઓએ ઓળખેલો છે અને તેની આંગળી ઉપર જખમ થએલો છે તેથી તેઓની સાહેદીઓને પુષ્ટી મળે છે. તે પુરાવ ઉપરથી જણાય છે કે તે અપહરણમાં પાંચ ક-રતાં વધારે માણસો હતાં. શીક્ષાના હુકમની બાબતમાં તે હુકમ બરોબર છે એમ અમારી નજરમાં આવતું નથી કારણ કે દંડ વસુલ આપવામાં કસુર કરવામાં આવે તો ત્રણ વરસ સમુદ્રપારની સીક્ષા કરેલી છે. કલ-મ ૫૯ માં ફકત એટલું ઠરાવેલું છે કે જે ગુન્હાઓની બાબતમાં ખાસ રીતે સમુદ્રપારની શીક્ષા ઠરાવેલી ના હોય અને જે સાત વરસ અગર વ-ધારે કેદની શીક્ષા કરવા લાયક હોય તેમાં મુખ્ય શીક્ષા કેદને બદલે સ-મુદ્રપારની કરવાને જડજ મુખત્યાર છે એમ અમારી નજરમાં આવે છે.

સબબ અમારી નજરમાં આવે છે કે તે શીક્ષાના હુકમની ફરી ત-પાસ કરવાની જરૂર છે માટે અમે ફરમાવીએ છીએ કે દંડ વસુલ આ-પવામાં કસુર કરવામાં આવે તો સેશન જડજે તે શીક્ષા બાબતનો હુકમ દુરસ્ત કરવો જોઇએ બીજી બાબતમાં અમે અપીલ કાહાડી નાંખીએ છીએ.

ફોજદારી અપીલ

તા૦ ૨૪ ફેબરવારી સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ ઇંન્સ અને મી૦ જસ્ટીશ મતુસામીઆયર

સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂદ્ધ રામાયા.

આબકારી આકટની કલમ ૨૧, ૨૨—પરવાનાની મુદત પુરી થયા પછી પરવાનાથી વેચનારના કબજામાં દારૂ માલમ પડેલો એ ગુન્હો નથી.

આબકારી આકટ (મદ્રાસ) ની કલમ ૨૧ ના ઠરાવથી પરવાનાવાળા વેચનારની પરવાનાની મુદત પુરી થયા પછી તેના કબજામાં વેચવા સારૂં દારૂ રાખેલો માલમ પડે તે બાબતમાં તે વેચનારની જવાબદારીની મરીયાદા રાખવામાં આવી છે તે કલમ ૨૨ ના સાધારણ ઠરાવના અપવાદ તરીકે વાંચવી જોઇએ.

પાનું ૧૩૧. આ કામમાં મદ્રાસ આબકારી આકટ (સને ૧૮૬૪ ના આકટ ૩) ની કલમ ૨૧ પ્રમાણે વેચવાના ઈરાદાથી તોહોમતવાળાએ પોતાના કબજામાં રાખેલો એવો તેના ઉપર આરોપ રાખવામાં આવ્યો છે.

રીપાલી તાલુકાના બીજા વરગના માજીસ્ત્રેટે તેને નીરદોશ ઠરાવ્યો એવા કારણથી કે અરક ફકત કબજામાં રાખવાથી ગુન્હો થતો નથી.

કીસ્ટનાના જીલ્લા માજીસ્ત્રેટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂં આ કામ મોકલેલું છે, એવા કારણથી કે એક "ઇંપીરીયલ કવાર્ટ" કરતાં વધારે કબજો હોવાથી તોહોમતવાળો આબકારી આકટની કલમ ૧૪ અને ૨૨ પ્રમાણે ગુન્હેગાર થવાને પાત્ર થાય છે.

કોનસલ રાખવામાં આવ્યો નથી.

કોર્ટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે આબકારી આકટની કલમ ૨૨ (ब) તે કલમ ૨૧ (अ) સાથે વાંચવી જોઇએ.

જો આ પાછલી કલમ ફકત એકલી હોત તો જે કામમાં કાયદેસર પરવાના વિના દારૂ જેટલો રાખવાને પરવાનગી છે તે કરતાં વધારે જથો કબજામાં માલમ પડે તો તેવા દરેક કામમાં દંડની જવાબદારી ઉત્પન્ન થાય છે એમાં કાંઇ શક નથી. માટે જે જથો રાખવાની પરવાનગી છે તે કરતાં વધારે જલદ દારૂ પરવાનાવાળા વેચનારનો પરવાનો પુરો થયા પછી તેની પાસે માલમ પડે તો તેનો તેમાં સમાસ થાય. પરંતુ આવા કામોને કલમ ૨૨ થી લાગુ કરવાનો ઇરાદો રાખવામાં આવેલો હોય તો કલમ ૨૧ થી પરવાનાવાળી વેચનારનો પરવાનો પુરો થએલો હોય અને તેણે પોતાના કબજામાં વેચવાને સારૂં દારૂ રાખેલો હોય તેની બાબતમાંજ જવાબદારી ઠરાવવાને કલમ ૨૧ નો ઠરાવ કરવામાં આવત નહીં.

મારે અમારી નજરમાં આવે છે કે આ ઠરાવ તે કલમ ૨૨ ના સાધારણ ઠરાવના અપવાદ તરીકે વાંચવો જોઇએ.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે બીજા વર્ગના માજીસ્ટ્રેટનો ઠરાવ ચાલી સકેછે તેથી તેમાં અમારે હાથ ઘાલવાને કાંઇ કારણ નથી.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૩ મારચ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીસ ઇન્સ અને મી૦ જસ્ટીસ મત્તુસામીઆયર
સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂધ સકીઆ.

મદ્રાસ આબકારી આકટની કલમ ૧૭, ૨૬ **અ**, ૨૬ **બ**—કલેકટરે જપ્ત કરેલી મીલકતનું જે ઉપજે તે કલમ ૨૬ **બ** પ્રમાણે વેંહેંચણ કરવા લાયક છે.

મદ્રાસ આબકારી આકટની કલમ ૨૩ **અ** પ્રમાણે જો કે કલેકટર જાનવરો જપ્ત કરે નહીં તો પણ કલમ ૧૭ પ્રમાણે જે કાંઇ કલેકટરે જપ્તી કરેલું હોય અને તેમાં જાનવર હોય તો પણ કલમ ૨૬ **બ** માં ઠરાવેલી રીતીએ તેની ઉપજની વેંહેંચણી થઇ શકે છે.

પાનું ૧૩૭. બેલારીના જીલ્લા માજીસ્તરેટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂં આ કામ મોકલેલું છે.

કોર્ટના ફેંસલા ઉપરથી આ કામની હકીકત જણાય છે.

કાનસલ રાખવામાં આવ્યો નથી.

ફેંસલો—બીજા વરગના માજીસ્ટ્રેટે તોહોમ્તવાળાને મદ્રાસ સને ૧૮૬૪ ના આકટ ૩ની કલમ ૨૨ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી રૂ.૭) દંડ કરેલો છે પરંતુ જે દંડ વસુલ કરવામાં આવે તે તથા કલમ ૧૭ પ્રમાણે કલેકટરે જપ્ત કરેલી ચીજો એટલે બે ગધેડાં, એક જીન અને ચાર ગુણા કે જેમાં ખોટી રીતે દારૂ લેઇ જવામાં આવ્યો હતો. તે પકડનાર તથા બાતમી આપનારને સરખે હીસ્સે વેહેચી આપવાનો ઠરાવ કલમ ૨૬ **બ** પ્રમાણે તેમણે કરેલો નથી. જીલા માજીસ્તરેટ કહે છે કે કલમ ૨૬ **બ** પ્રમાણે હુકમ કરવો છોડી દેવામાં આવે તો તે કાયદા વીરૂધ છે અને પુછે છે કે કલમ ૧૭ પ્રમાણે કલેકટરે જે ચીજો જપત કરેલી હોય તેની કીમત જે માજીસ્તરેટની કોરટમાં ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવામાં આવેલો

હોય તે માજીસ્ટ્રેટને હુકમ કલમ ૨૬ ब પ્રમાણે વેંહેચવાને થવો જોઈએ કે કેમ.

જીલા માજીસ્તરેટ કહે છે તે પ્રમાણે આબકારી આકટની કલમ ૨૬ ब પ્રમાણે સબારડીનેટ માજીસ્તરેટે હુકમ કરવો જોઇએ.

જીલા માજીસ્તરેટ જે શવાલ વીશે અંદેશો બતાવે છે તે વીશે અમારી નજરમાં આવે છે કે અમુક હકીકત હોય તો કલમ ૨૩ अ પ્રમાણે દારૂ, વાસણો, પડીકાં અને ઢાંકણો જપત કરવાને માજીસ્તરેટને અખત્યાર આપેલો છે.

કલમ ૨૬ થી દારૂ, વાસણ, પડીકાં, ઢાંકણો અને તે લેઇ જવાને જાનવરો હોય તે પકડવાને પોલીસ અમલદારને અખત્યાર આપવામાં આવેલો છે. પછી તેમણે તે માજીસ્તરેટની રૂબરૂ લેઇ જવાનું છે.

કલમ ૨૬ ब પ્રમાણે વસૂલ કરેલા દંડનો નીમે ભાગ જે અમલદારોએ ગુન્હેગારને પકડયો હોય અગર ચીજો પકડી હોય તે અમલદારોને પકડવાનો અખત્યાર આપવામાં આવેલો છે. અને વળી દારૂ, વાશણ, પડીકાં, વાહનો વીગરે આ આકટ પ્રમાણે જપ્તી કરવામાં આવેલું હોય તેનું જે ઉપજે તેનો નીમે ભાગ આપવામાં આવે છે.

કલમ ૧૭ પ્રમાણે જાનવરને કલેકટર જપ્તી કરી શકે છે. અને જે કામોમાં માજીસ્તરેટની રૂબરૂ ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો હોય અને જેમાં કલેકટરના હુકમથી કાંઇ મીલકત જપ્ત કરવામાં આવી હોય તો તે મીલકત કલમ ૨૬ ब ના હેતુ પ્રમાણે તે કાયદા મુજબ જપત કરેલી થાય છે.

કલમ ૨૬ ब ની ભાશા ઉપર લક્ષ રાખતાં જાનવરની જપ્તી કરવાને માજીસ્તરેટને અખત્યાર નથી. પરંતુ તે કલમ પ્રમાણેના તમામ ફોજદારી કામોમાં જાનવરો સુધાંતની જે મીલકત કલેકટરે જપ્તી કરેલી હોય તેની ઉપજ તેમાં બતાવેલી રીત પ્રમાણે વેહેચણ કરવા લાયક છે.

સબબ કલમ ૨૬ ब પ્રમાણે ઠરાવ કરી સને ૧૮૬૪ ના મદ્રાસ આકટની કલમ ૧૭ પ્રમાણે મીલકત જપત કરવામાં આવેલી હોય તેની કીમત તેમાં ગણવી એમ બીજા વરગના માજીસ્તરેટને ફરમાવવામાં આવે છે.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ ફેબરવારી તથા તા૦ ૧૪ મારચ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીસ ઇન્સ તથા જષ્ટીસ મતુસામીઆયર

સાહેબોની રૂબરૂ.

માહારાણી સાહેબ વીરૂધ એલામાંદુ.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦—અપકૃત્ય—શીક્ષા.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે અપકૃત્યના ગુન્હા બાબત જે દંડ કરવામાં આવે તે આપવાને કસૂર કરવા બદલ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવે તો તે કાયદેસર છે.

પાનું ૧૫૭ આ કામમાં શવાલ એવો છે કે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક અપકૃત્યના ગુન્હા વાસ્તે દંડ કરવામાં આવેલો હોય તો તે દંડ આપવાને કસુર કરવામાં આવે તો સખત મજુરી સાથે કેદની શીક્ષાનો હુકમ કાયદેસર છે કે નહીં. કીસનાના બીજા વરગના માજીસ્ટ્રેટે આ કામમાં રેફરંસ કરેલું છે. અને તેમણે મુંબાઇ હાયકોરટનો માહારાણી વીરૂધ શાંતુ બીન લખાપાકોરના કામનો ઠરાવ બતાવવામાં આવેલો છે એવી રીતે કે તે શીક્ષાનો હુકમ કાયદેસર પણા વીશે તેમને શક છે તે તેથી કાયમ રહે છે.

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે આ કામમાં તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી દંડની શીક્ષા કરવામાં આવેલી છે અને તે આપવાને કસુર કરવામાં આવે તો સખત મજુરી સાથે કેદ ટુંકી મુદત ભોગવવી એવો હુકમ કરેલો છે.

દંડ વસુલ આપવામાં આવેલો છે પરંતુ જીલ્લા માજીસ્તરેટ કહે છે કે અપકૃત્યનો ગુન્હો ફકત દંડની શીક્ષા થવા લાયક છે. માટે તે દંડ આપવામાં કસુર કરવામાં આવે તો સખત મજુરી સાથે કેદની શીક્ષાના હુકમ વીશે અંદેશો રહે છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૯ ની રીકમ ૩ માં કાયદા પ્રમાણે જે કેદ બતાવેલી છે તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે આ કામમાં કેદ થાય છે માટે પીનલકોડની તે કલમ પ્રમાણે કેદનો જે હુકમ થઈ શકે છે તે ફકત આશાન કેદ બાબત નથી. સબબ અમારી નજરમાં આવે છે કે સખત મજુરી સાથે કેદની શીક્ષાનો હુકમ કરવામાં આવેલો છે તે કાયદા વિરૂદ્ધ નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ માર્ચ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ ઇન્સ સાહેબોની રૂબરૂ.

બેદીઆ વિરૂદ્ધ માહારાણી સાહેબ.

સને ૧૮૭૨ ના ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૪૩૫—
તોહોમત—ફટકાની જવાબદારી—ફેંસલો.

સને ૧૮૬૪ ના ફટકાના આકટ પ્રમાણે તોહોમતવાળો જ્યારે શીક્ષાને પાત્ર હોય ત્યારે તોહોમતનામામાં તે જવાબદારી બતાવવી જોઇએ. અને ફેંસલામાં જ્યારે તે શીક્ષા કરવામાં આવે ત્યારે તેનાં કારણો બતાવવાં જોઇએ.

પાનું ૧૫૮. બેલારીની કોરટમાં સને ૧૮૮૨ ના સેશનના નંબર ૪ના કામમાં કેદીએ અપીલ કરેલી તે ઉપર હાયકોર્ટે નીચે પ્રમાણે ઠરાવ કરેલો છે.

કોનસલ રાખવામાં આવ્યો નથી.

ફેંસલો—ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર છે અને શીક્ષાનો હુકમ યોગ નથી. પરંતુ ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે થોડી મુદત ઉપર હાયકોરટે ઠરાવ કરેલો છે કે તોહોમતવાળો જયારે ફટકાના આકટ પ્રમાણેની શીક્ષાને પાત્ર હોય ત્યારે તોહોમતનામામાં તે જવાબદારી બતાવવી જોઇએ (તા૦ ૨૦ ડીસેંબર સને ૧૮૮૧ ના રોજનો સરક્યુલર નંબર ૨૬૮૬.)

વળી વારંમવાર એવું ફરમાવવાને આવેલું છે કે જયારે ફટકાંના આકટ પ્રમાણે ફટકાની શીક્ષા કરવામાં આવે ત્યારે તેનાં કારણો ફેંસલામાં બતાવવાં જોઇએ.

હાયકોરટના તે હુકમો પોતાના લક્ષની બાહાર રાખવી જોઈતા નહીં હતા.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ ફેબરવારી તથા તા૦ ૧૬ મારચ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીસ ઈન્સ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર
સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ સુપી વીગરે.

હીંદુસ્થાનના સને ૧૮૭૮ ના હથીઆરના આકટની કલમ ૪, ૫, અને ૯—છોડવાને સારૂ તથા હવાઇઓ છોડવાનેહોય તે હથીઆર નથી.

પરવાના વીના દારૂખાનું હવાઇઓ સુધાંત બનાવવું અગર કબજામાં રાખવું તે વીશેની મનાઇ હીંદુસ્થાનના સને ૧૮૭૮ ના આકટની કલમ ૫ થી કરવામાં આવેલી નથી.

કલમ ૪ માં જે હવાઇઓ બતાવેલી છે તે લડાઇની હવાઇઓ છે.—

પાનું ૧૫૫ તોહોમતવાળાને આ કામમાં તેની પાસે હવાઇ ઓ તથા છોડવાનો દારૂ તથા દારૂખાનું બનાવવાની બીજી ચીજો પરવાના વિના માલમ પડેલી તેથી તેને દક્ષણ કાનેરાના હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે સને ૧૮૭૮ ના હીંદુસ્થાનના હથીઆર આકટની કલમ ૧૯ પ્રમાણે દરેકે રૂ ૨૦) દંડ અને તે આપવાને કસુર કરે તો પંદર દીવશ સખત મજુરી સાથે કેદ રહેવાની શીક્ષા કરેલીછે.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૯૬ પ્રમાણે આ કામ હાય કોરટનો હુકમ થવા સારૂ શેશનજડજે મોકલેલું છે. એવા કારણથી કે સને ૧૮૭૮ ના હીંદુસ્તાનના હથીયાર આકટની કલમ ૪ માં હવા ઇઓ તથા ભડાકા થાય તથા ધાસ્તી આપે એવી ચીજોને હથીઆર ના વરણનમાં બતાવેલી છે તેમાં દારૂખાનાની બાબતમાં જે ચીજો વાપ રવામાં આવે છે તેનો સમાસ થતો નથી. માટે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવધામાં આવેલો છે તે બરોબર નથી.

કાંનસલ રાખવામાં આવ્યા નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

પેહેલો તોહોમતવાળો પરવાનાવાળા વેચાણ કરનારનો નોકર છે. હથીઆર આકટ પ્રમાણે બે તોહોમતવાળામાંથી એકે પણ જવાબદાર થતો નથી. કારણ કે દારૂખાનું બનાવવું અગર કબજામાં રાખવું તે પરવાનો નહી હોવાથી શદરહુ આકટ વીરૂધ નથી. દારૂખાનું બનાવવું અગર કબજામાં રાખવું તે હવાઇઓ સુધાંત ફક્ત દારૂખાનું છે. અને તેનો હથીઆર આકટની કલમ ૫ માં કરેલી મનાઇમાં સમાસ થતો નથી.

હથીઆરની વાખ્યામાં હવાઇઓ બતાવેલી છે તે લડાઈની હવાઇઓ છે.

માટે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવે છે. અને દંડ પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ મારચ સને ૧૮૮૨.

સર ચારલસ એ ટરનર નાઈટ ચીફ જસ્ટીસ અને મી. જસ્ટીસ કનાંન સાહેબોની રૂબરૂ.

ફારા પુલું વિરૂધ મોનાપા વિગરે.

ફો. કા. ચ. રી. ના કા. ની કલમ ૨૦૫—૩૬૧.

જે કામમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૬૧ પ્રમાણે શાક્ષીઓના શમનની ફી ફરીઆદીને આપવાની હોય અને તે ફરીઆદી ભરવાને ચુકે તો માજીસ્ટ્રેટે પોતાની રૂબરૂ જે પુરાવો હોય તે ઉપરથી કામની વ્યવસ્થા કરવી જોઇએ. અને તે કાયદાની કલમ ૨૦૫ પ્રમાણે ફરીઆદ તે વ્યાજબી રાહે કાહાડી નાંખી શકતા નથી.

પાનું ૧૬૦. કરકલના બીજા વર્ગના માજીસ્ટ્રેટની રૂબરૂ હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૫૨ માં ઠરાવ્યા પ્રમાણે હુમલો કરયા બાબત એક ફરીઆદ કરવામાં આવેલી હતી. તેમાં ફરીઆદીને તપાસીને તેના ઉપર એવો સમન્સ કરવામાં આવેલો કે તમારે હાજર થઇ શાક્ષીઓ ઉપર સમન્સ કરવાને ફી ભરવી. પરંતુ તે હાજર થયો નહીં તેથી ફે૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૨૦૫ પ્રમાણે ફરીયાદ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂં આ કામ જીલ્લા માજીસ્ટ્રેટે મોકલેલું છે.

કાંનસલ રાખવામાં આવ્યા નથી.

કોર્ટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.—

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૦૫ નો ઠરાવ રેફરંસ કરનાર અમલદારે બતાવ્યું છે તે પ્રમાણે લાગુ થતો નથી. જ્યારે ફરીઆદીને કલમ ૩૬૧ પ્રમાણે શાક્ષી ઉપર સમન્સ કરવાની ફી ભરવાની હોય અને તે ભરવાને ચુકે તો માજીસ્તરેટે પોતાની રૂબરૂ જે પુરાવ હોય તે ઉપરથી કામનો નીકાલ કરવો જોઇએ. સબબ કલમ ૨૦૫ પ્રમાણેનો હુકમ અમે રદ કરીએ છીએ. માટે ફરમાવીએ છીએ કે માજીસ્ટ્રેટે એક તારીખ ઠરાવી તે પ્રમાણે કામનો નીકાલ કરવો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૮ એપ્રીલ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ કર્નાલ અને મી૦ જસ્ટીશ કીંડસલી સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂધ પુનામાલ ઇનદન વીગરે.

હી૦ ફે૦ કા૦ ની કલમ ૧૫૪—૧૭૩.

સમન્સ લેવાને ના કેહેવી તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૩ પ્રમાણે ગુન્હો નથી.

પાનું ૧૫૫. તીનેવેલીના જીલ્લા માજીસ્ત્રેટે હાયકોરટનો હુકમ થવા સારૂં આ કામ મોકલેલું છે એવા કારણ થી કે શીક્ષાનો હુકમ કાયદેસર નથી.

કોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત જણાય છે.

કોંનસલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલોઃ—હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૩ પ્રમાણે તોહોમતવાળાઓને ગામના મુનસફે કાહાડેલા સમન્સ લેવાની ના કહેવાથી ગુનહેગાર ઠરાવી દરેકના રૂ. ૨) દંડ અને તે આપવામાં કસુર કરવામાં આવે તો પાંચ દીવશ આશાન કેદની શીક્ષા કરેલી છે. રેફરંસ કરનાર અમલદાર કહે છે કે તોહોમતવાળાના કૃત્યથી એવો ગુન્હો થઇ શકતો નથી કે તેમણે ઇરાદા પુરવક સમન્સની બજાવણી અટકાવવાને કરેલું હોય અને તેઉએ આ કોર્ટના સને ૧૮૮૧ ના નંબર ૧૫૫ નો ફરી તપાસનો ઠરાવ બતાવેલો છે.

તે બજાવણી સમન્સ આપીને તથા જેના ઉપર કરવામાં આવેલો હોય તેની પાસે મુકીને હમેશાં થાય છે. તો પણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૫૪ પ્રમાણે તે બતાવવામાં આવ્યો તે બસ છે. અમારી નજરમાં આવે છે કે સમન્સ લેવાને ના કહેવાથી કલમ ૧૭૩ પ્રમાણે ગુન્હો થઇ શકતો નથી, "કોઇ રીતેથી બજાવણી અટકાવવી." એ શબ્દો જ્યારે સમન્સ બતાવવામાં આવેલો હોય અને તે લેવાને ના કહેવામાં આવે તો તે બરોબર બજાવણી થાય છે. માટે તેને લાગુ થતા નથી.

સબબ અમે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ. અને જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૯ ડીસંબર સને ૧૮૮૧. તથા તા૦ ૪ મે સને ૧૮૮૨ સરચાલરસ એ. ટરનર નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ ઇન્સ સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ પકેલા કીસ્નામા વીગેરે.

ગામના માજીસ્ત્રેટ—હકુમત—સમન્સ કાહાડવાનો અખત્યાર.

ગામના મુનસફને જે કામોમાં તપાસ કરવાનો અખત્યાર છે તે કા-

મોમાં જે સખસોને હાજર થવાની જરૂર હોય તે સખસો ઉપર જો તેઓ પોતાની સ્થાનીક હકુમતની અંદર હોય તો તેમના ઉપર શમન કાહાડવાને તેમને અખત્યાર છે. પણ જો તે હકુમતની બાહાર હોય તો તે અખત્યાર નથી.

પાનું ૨૩૦ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૫૬ પ્રમાણે ગંજામના જીલ્લા માજીસ્ત્રેટે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે એવા કારણથી કે ગુન્હાની સાબેતીનો ઠરાવ કાયદેશર નથી. તોહોમતવાળા પાટીસુનાપર ગામના રેહેવાશી છે. તેમના ઉપર બરજપાંડુના ગામના માંજીસ્ત્રેટે એવો આરોપ રાખેલો કે તેમની રૂબરૂ એક એવી ફરીઆદ થએલી કે તેઓએ એક બરજપાંડુના રહેનાર સખસે પકડીને માર મારયો. અને ચાર આનાની કીમતની એક લાકડી લેઈ લીધી તેથી તે ફરીઆદનો જવાબ દેવા સારૂ હાજર થવાનો લેખી હુકમ તેઓના ગામમાં તેમના ઉપર બજાવવામાં આવેલો તે હુકમનું અપમાનકરેલું છે. તોહોમતવાળાને હીં. ફો૦ કા. ની કલમ ૧૭૬ પ્રમાણે ગુન્હેગારઠરાવી ઇછાપુરના બીજા વરગના માજીસ્ત્રેટે કેદ તથા દંડની શીક્ષા કરી છે.

કોનસલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

ફરીઆદ ઉપરથી જે ગુનહા માલમ પડેલા છે તે જો ભારે ના હોય તો ગામના માજીસ્તરેટને તેની વ્યવસ્થા કરવાને હકુમત છે. તે ગુનહા વ્યથા કરીને ચેરી કરવા બાબતના છે. એમ કહેવામાં આવ્યું નથી કે વ્યથા અને ચોરી એવા એકઠા હતા કે જેથી ચોરીનો ગુનહો અપહરણ થાય. માજીસ્તરેટ તે કામની તપાસ કરે ત્યાં સુધી તે ગુનહા હલકા છે કે નહી તે વીશે નીરણય કરી શકે નહી અને ફરીઆદીએ જે કોરટ પસંદ કરેલી છે તે ઉપરથી એમ ધારી શકાય છે કે જ્યાં સુધી વીરૂધ સાબેત થાય નહી ત્યાં સુધી તે ગુનહા ભારે નથી.

જે કારણ શુઝાવવામાં આવેલું છે તે કારણથી શમન્સ નહી માનવા બાબત ગુનહાની સાબેતીનો ઠરાવ રદ થઇ શકતો નથી. ગામના માજીસ્તરેટને સમન્સ કાહાડવાનો અખત્યાર છે કે નહી એ વધારે મુશકેલી ભરેલો સવાલ છે. જે કાયદાથી ગામના મુનશફને ફો. કામોમાં હકુમત આપેલી છે. તે કામોમાં સમન્સ કાહાડવાનો અખત્યાર તેને સ્પષ્ટ રીતે આપેલો નથી. તોપણ જે કામોમાં તેમને તપાસ કરવાનો અખત્યાર છે તે કામોમાં જે સખસોને હાજર થવાની જરૂર હોય તે સખસો પોતાની સ્થાનીક હકુમતની અંદર તે હોય તો લેખી અને મુખજુબાનીનો.

સમન્સ કાહાડવાનો પોતાની હકુમત સાથે અખત્યાર છે. પરંતુ તેની સાથે અમે એમ ઠરાવી શકતા નથી કે જે સખસો તેમની સ્થાનીક હકુમતની બાહાર હોય તેમના ઉપર સમન કાહાડવાને તેમને અખત્યાર છે. માટે આ કારણથી તે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. એમ અમે ઠરાવીએ છીએ. સબબ તે રદ કરવામાં આવે છે. અને જો દંડ વસુલ કરવામાં આવેલો હોય તો તે પાછો આપવો.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨ જી તથા તા૦ ૫ મી અગસ્ટ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મતુસામીયાર અને મી૦ જસ્ટીસ ટારેંટ

સાહેબોની રૂબરૂ.

શ્રીનીવાસ મુદાલી વીરૂધ પોનમ બાલમ વીગરે.

સાપરાધ રીતે કરાર તોડવો—સને ૧૮૫૯ નો આકટ ૧૩—કામ ચલાવવાની રીતી.

સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે મજુરીનો કરાર પુરો કરવાને માજીસ્તરેટે હુકમ કરેલો તે પ્રમાણે ચાલવામાં ના આવે તો કેદની શીક્ષા ફરીઆદ કરયા શીવાય તથા તોહોમતવાળાની હકીકત લીધા શીવાય કરવામાં આવેલી છે તે કાયદેસર નથી પછી તોહોમતવાળાએ તે હુકમ કરતાં પહેલાં ઠરાવ પ્રમાણે કામ કરવાને હું શકતીવાન નથી એમ તોહોમતવાળાએ કહેલું હોય તેની ચીંતા નહી.

પાનુ ૩૭૬ તોહોમતવાળાને અમુક કામ કરવાને સારૂ અગાઉથી નાણાં આપવામાં આવેલાં, પરંતુ તે કામ કરવાને ના કહેછે એવી ફરીઆદ કરવા ઉપરથી તીરૂવાલરના તાલુકા માજીસ્તરેટે સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે તે કામ કરવું જોઇએ, એવો હુકમ કરવામાં આવેલો છે. જે છેલ્લે દીવસ તે કરારનો અમલ થઇ શકે તે દીવસે તે હુકમ કરવામાં આવેલો છે. તોહોમતવાળાઓ પોતાના જવાબમાં કહે છે કે અમે તે કામ કરવાને શકતીવાન નથી તેથી માજીસ્તરેટના હુકમનું અપમાન કરવામાં આવેલું છે, એવી ફરીયાદ થયા શીવાય તથા માજીસ્તરેટની હકીકત લીધા શીવાય માજીસ્તરેટે તેજ દીવસે તેઓને દસ દીવસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે.

ચીંગલપટના જીલા માજીસ્તરેટે આ કામમાં હાય કોરટમાં રેફરંસ કરેલું છે, એવા કારણથી કે શીક્ષાનો હુકમ કાયદેસર નથી.

કોનશલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

તોહોમતવાળા અને ફરીયાદીની વચમાં એવો કરાર થએલો છે કે તા૦ ૩૧ મેથી તા૦ ૫ જુન સને ૧૮૮૨ સુધી અમુક ટાંણું છે તે દીવશોમાં નગારાં તોહોમતવાળાએ વગાડવાં, પરંતુ તે કરારનો અમલ કરવા તેણે કસૂર કરી. તે ટાંણાને છેલ્લે દીવસે એટલે તા૦ ૫ જુનના રોજ તેશીલદાર માજીસ્તરેટે સને ૧૮૫૯ ના આકટ ૧૩ પ્રમાણે એવો હુકમ કરયો કે તોહોમતવાળાઓએ જે કામ ફરીયાદીને માટે કરવાને કબુલ કરેલું છે તે તેઓએ કરવું જોઇએ, પરંતુ કેટલી મુદતમાં અગર કેઇ વખતે તે કરવાનુ છે તે બતાવવામાં આવેલું નથી. તે હુકમ કરયા પછી તેજ તારીખે તેશીલદાર માજીસ્તરેટે તેઓને તે હુકમ પ્રમાણે નહી ચાલ્યા બાબત દસ દીવસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. તે તોહોમતવાળાઓનો અસલ બચાવ એવો હતો કે અમારી પાસે નગારાં નથી, માટે જે કામ કરવાને અમને હુકમ કરવામાં આવ્યો છે તે અમે કરી શકતા નથી અને તે ઉપરથી માજીસ્તરેટે સદરહુ શીક્ષા કરેલી છે.

તેમના હુકમ પ્રમાણે ચાલવામાં આવેલું નથી એવી ફરીયાદ કરવામાં આવી નથી, અને તોહોમતવાળાઓની હકીકત લેવામાં આવી નથી. જો તે હુકમમાં વાજબી મુદત આપી હોત તો તે હુકમ પ્રમાણે તોહોમતવાળાઓ ચાલત. માટે તે માજીસ્ત્રેટની કામ ચલાવવાની રીતી ગેરશીરસ્તે અને કાયદા વીરૂધ છે. સબબ ગુનહાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાના હુકમો રદ કરવામાં આવે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨, ૫ અગષ્ટ સને ૧૮૮૨

મી૦ જષ્ટીશ મતુસાંમીઆયર અને મી૦ જષ્ટીશ ટારંટ સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ વાનમ સુખસંમાન્યમ વીગરે.

સને ૧૮૫૯ ના મદ્રાસ આકટ ૩—પીનલકોડની કલમ ૧૭૪

વસ્તી પત્રક, જમાબંદી અને "દોલે" ના હીસાબ તઇયાર કરવાને હકીકત આપવા સારૂ હાજર થવાને એક ગામના કરનામ ઉપર એક તેશીલદારે સમન્સ કાહાડેલો તે મદ્રાસના સને ૧૮૫૯ ના આ૦ ૩ ના હેતુ પ્રમાણે નથી. માટે આવા સમન્સનું અપમાન કરવામાં આવે તો તે હિ. ફો. કાયદાની કલમ ૧૭૪ મી પ્રમાણે ગુનહો થતો નથી.

પાનુ ૩૭૭ આ કામોમાં શ્વોતીયમ ગાંમોના તોહોમતવાળાઓ કરનાંમો છે તેમના ઉપર તેશીલદારે પોતાની રૂબરૂ

હાજર થઇ જમાબંદી વસ્તી પત્રક અને "દોલે" તઇયાર કરવાને હકીકત આપવાને સને ૧૮૫૯ ના મદ્રાસ આક્ટ ૩ પ્રમાણે બીજા હીસાબ તઇયાર કરવાને હકીકત આપવા સારૂ સમન્સ કરવામાં આવેલા હતા. તે સમન્સો પ્રમાણે હાજર થવાને તેઓએ કસુર કરી તેથી તેઓનો દંડ અને દંડ આપવામાં કશુર કરવામાં આવે તો પીનલકોડની કલમ ૧૭૪ મી પ્રમાણે કેદની શીક્ષા કરેલી છે.

ફો. કા. ચ. નો રીo ના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે નેલોરના જીલા માજીસ્તરેટે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામો મોકલેલાં છે. એવા કારણુથી કે ગુનહાની સાબેતીના ઠરાવો કાયદા વીરૂધ છે, કારણુ કે તેસીલદારને જે બાબત કાયદા પ્રમાણે તપાસ કરવાને અખત્યાર હોય તેવી બાબતની તજવીજ તે તેશીલદાર કરતા નહી હતા.

કોનસલ રાખવામાં આવ્યા નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે.

તોહોમતવાળાઓના ઉપર સને ૧૮૫૯ ના મદ્રાસના આક્ટ ૩ પ્રમાણે વસ્તી પત્રક, જમાબંદી, અને દોલેનો હીસાબ તઇયાર કરવા સારૂ તાલુકા કચેરીમાં હાજર થવાને સ્થાનીક તેસીલદારે સમન્સ કરેલા તે સમન્સોનુ તેઓએ અપમાન્ય કરયાના તેઓને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા છે, તેઓને દરેકને રૂ ૫) દંડ અગર તે આપવાને કશુર કરવામાં આવે તો, પાંચ દીવશ આસાન કેદની શીક્ષા કરેલી છે.

તેશીલદારને જે બાબતમાં કાયદેસર તપાસ કરવાનો અખત્યાર હોય તેવા કામોની તપાસને લાગતી સાહેદી આપવાને અગર કાંઇ દસ્તાવેજ રજુ કરવાને તોહોમતવાળા ઉપર સમન્સ કરવામાં આવ્યા નથી અને તેવા સમન્સનુ અપમાન કરવામાં આવેલું નથી, માટે મદ્રાશના સને ૧૮૫૯ ના આo ૩ ના હેતુ પ્રમાણે તે નથી.

શબબ ગુનહાની શાબેતીનો ઠરાવ બરોબર નથી. માટે જો દંડ વશુલ કરવામાં આવ્યો હોય તો, તે પાછો આપવો જોઇએ.

ફોજદારી અપીલ

તાo ૨, ૫ અગષ્ટ શને ૧૮૮૨

મીo જષ્ટીશ મતુશાંમીઆયર અને મીo જષ્ટીશ ટારંટ સાહેબોની રૂબરૂ.

સંબાશીવાના વીo ભોગાપા વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૦—પીનલકો

ઙની, કલમ ૩૫૨, ૩૨૩—વ્યથા—જબરાઇથી બળ વાપરવું.

ફરીઆદીએ કહેલું છે કે મને ત્રણ સખસોએ હાથ અને પગથી પકડી જમીન ઉપર પાડી નાંખી મુકા તથા લાતો મારી અને મારી છાતીમાં જોડા મારયા અને તેમાંના એકે બીજાને છરી આપીને કહયું કે તે ફરીઆદીને કતલ કર.

ઠરાવવામાં આવ્યું કે તે ફરીઆદ ઉપરથી વ્યથાની હકીકત થાય છે, અને સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૧૦ પ્રમાણે માજીસ્તરેટે વ્યાજબી રાહે ફરીઆદીને ફરીઆદ ખેંચી લેવાની પરવાનગી આપી નથી.

પાનું ૩૭૮ સને ૧૮૮૨ ના મે માસમાં એક સંબા શીવામાએ શીરૂગાપાના બીજા વરગના માજીસ્તરેટને એવી ફરીઆદ કરી કે ત્રણ સખસોએ મારા હાથ પગથી પકડી મને જમીન ઉપર નાંખી દેઇ, મુકા તથા લાતો મારી અને મારી છાતીમાં જોડા મારયા અને તેમાના એકે બીજાને છરી આપી મને કતલ કરવાને કહયું પણ તે પ્રમાણે કરવામાં આવ્યું નથી.

તપાસની તારીખે ફરીઆદીએ કહયું કે આ બાબત સમાધાન થએલું છે, તેથી તેણે ફરીઆદ ખેંચી લેવાની પરવાનગી માગી.

તે માજીસ્તરેટે તે ફરીઆદ પીનલકોડની કલમ ૩૫૨ પ્રમાણે સાપ્રાધ બળ વાપરયાની ગણી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૦ પ્રમાણે ફરીયાદ ખેંચી લેવાની પરવાનગી આપી.

બેલારીના જીલા માજીસ્તરેટે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલ્યું છે; એવા કારણથી કે ફરીઆદ ઉપરથી પીનલકોડની કલમ ૩૨૩ મી પ્રમાણે વ્યથાનો આરોપ માલુમ પડે છે.

કોનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

ફરીઆદીએ જે હકીકત કહેલી છે તે લક્ષમાં રાખતાં અમારી નજરમાં આવે છે કે તે ફરીઆદ બુધીપુરવક વ્યથા કરવાની ગણવી જોઇતી હતી. માટે બીજા વરગના માજીસ્તરેટે સાપ્રાધ બળ વાપરયાની ગણીને ખેંચી લેવાની પરવાનગી આપી તે તેમની ચુક છે.

તોપણ ફરીઆદીએ પોતાને જે માર મારેલો તેને શાપ્રાધ બળ વાપરયા તરીકે ગણેલો છે, અને તે ફરીઆદ ખેંચી લીધે સુમારે ત્રણ માસ થઇ ગયા છે. માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે તે કામમાં આગળ પ્રોસીડીંગ ચલાવવાની જરૂર નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૨, ૫ અગસ્ટ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ ટારંટ
સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ કાદરખાન.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૫૧ નો ખુલાસો ૧ લો.

બચાવ તરફના એક સાક્ષીએ એક બખેડાના કામમાં કબુલ કરેલું છે કે હું બખેડો થયો ત્યાંહાં હતો, પરંતુ તોહોમતવાળાએ તેમાં ભાગ લીધાની ઇનકારીયત કરી, પરંતુ માજીસ્તરેટે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવી વધારે પ્રોસીડીંગ ચલાવ્યા વીના તોહોમતવાળાના તથા તેના સાહેદી પાસે એક વરસ સુધી સુલેહ રાખવાના મુચલકા લખી આપવાને માગ્યું.

ઠરાવ્યું કે તે સાક્ષી સબંધી આ કામ ચલાવવાની રીતી કાયદા વીરૂધ છે.

પાનું ૩૮૦ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે ઉતર આર્કટના શેશન જડજે આ કામ હાય કોરટનો હુકમ થવા સારૂ મોકલેલું છે. એવા કારણથી કે માજીસ્તરેટે જે રીતીએ કામ ચલાવેલું છે તે કાયદા વીરૂધ છે.

કોરટના ફેંસલા ઉપરથી હકીકત જણાય છે.

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલોઃ—એક શેખહેદરની બખેડા બાબત તપાસ ચાલતી હતી. તેમાં તેના બચાવ તરફથી કાદરખાન સાક્ષી હતો. તેથી તે તપાસ પુરી થએ એક વરસ સુધી સુલેહ રાખવાને તે માજીસ્તરેટે કાદરખાનના જામીન માગ્યા. માજીસ્તરેટે આ હુકમ કરવાને જે કારણ બતાવેલું છે તે એવું છે કે કાદરખાને જે સાહેદી આપેલી છે તે ઉપરથી તે વખતે જે બખેડો કરનારાઓની જે તપાસ ચાલતી હતી તેમાં એ કાદરખાંન પણ હતો. તે વીસે તેમના મનમાં કાંઇ શક રહેતો નથી. અને હવે પછી કોઇક વખતે સુલેહના ભંગને હેઉ ઉતેજન કરે એવો સંભવ છે.

તોપણ શેશન જડજે બતાવ્યું છે કે કાદરખાંને તે તપાસમાં જે સાહેદી આપેલી છે તે લખી લેવામાં આવી છે. તે ઉપરથી તે સુલેહનો ભંગ કરે એવો સંભવ છે અગર સુલેહનો ભંગ થાય તેવું કાંઇ કૃત્ય કરે એવી કાંઇ હકીકત મળ્યા જેવું થતું નથી અને. વળી તેમાં તેવી હકીકત છે એમ અનુંમાન કરીએ તોપણ તેનીજ સાહેદી ફકત તે કામમાં

છે. અને તે એવા પ્રકારની નથી કે જેથી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૯૧ ના પેહેલા ખુલાસા પ્રમાણે તે જાઇંટ માજીસ્ટ્રેટ ઠરાવ કરી શકે.

શેશન જડજે જે કારણો બતાવેલાં છે તે સાથે અમે મળતા છીએ માટે અમે તે હુકમ રદ કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨ જી તથા તા૦ ૯ અગષ્ટ સને ૧૮૮૨

મી૦ જષ્ટીશ મતુસામીઆયર અને મી૦ ટારંટ સાહેબોની રૂબરૂ.

નંબર વીરૂધ આંબુ વીગરે.

સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૦૯ ચીડાવવા લાયક ફરીઆદ—નીરદોશનો ઠરાવ—ફરીઆદ.

તોહોમતવાળાને તપાશીને તેને નીરદોશ ઠરાંવવામાં આવ્યો હોય તેથી સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૦૯ પ્રમાણે કંપન શેશન અપાવવાને હરકત થતી નથી.

પાનું ૩૮૧ આ કામની હકીકત ફેંસલા ઉપરથી જણાય છે.

મલબારના જીલા જડજે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલ્યું છે એવા કારણથી કે કલમ ૨૦૯ પ્રમાણે કંપન શેશનનો હુકમ કાયદેસર નથી કારણ કે કલમ ૨૧૧ પ્રમાણે તોહોમતવાળાની તપાસ કરી તેને નીરદોશ ઠરાવવામાં આવ્યો ત્યાં સુધી તે ફરીઆદ નહીં જેવી ચીડાવવા લાયક છે એમ કરી તે કાહાડી નાંખેલી નહી હતી. અને વળી તા૦ ૨૨ નવેંબર સને ૧૮૭૯ ના રોજનો હાયકોરટનો ઠરાવ છે તે વીરૂધ તે હુકમ છે.

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છેઃ—આ કામની હકીકત એવી છે કે ગયા ફેબરવારી માસની તા૦ ૨૭ મીના રોજ પેહેલા તોહોમતવાળા ઉપર સને ૧૮૭૧ ના જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૪ પ્રમાણે ફરીઆદી એક ગાયને ડબામાં પુરવા લેઇ જતો હતો તેના કબજામાંથી તે ગાય લીધી એવો આરોપ રાખવામાં આવેલો છે. અને વળી તેજ વખતે બીજા અને ત્રીજા તોહોમતવાળા સાથે ફરીઆદીના ઉપર સાપરાધ બળ વાપરયું (હીં. ફો. કા. ની કલમ કલમ ૩૫૨) એવો આરોપ રાખેલો છે.

સબ માજીસ્તરેટે પેહેલા તોહોમતવાળાને બેઉ તોહોમતો બાબત ગુ

નેહગાર ઠરાવી રૂ ૫) દંડ અને તે આપવામાં કશુર કરે તો પાંચ દીવસ સખત મજુરી સાથે કેદ તથા ફરીઆદીના ખરચના રૂ ૦—૧૨—૦ આપવાની સીક્ષા કરેલી છે. બીજા અને ત્રીજા તોહોમતવાળાને ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે નીરદોશ ઠરાવેલા છે અને તે કાયદાની કલમ ૨૦૯ પ્રમાણે ત્રીજા તોહોમતવાળાને કંપન શેશન તરીકે રૂ ૩) ફરીઆદીએ આપવા એવો હુકમ કરેલો છે.

જીલ્લા માજીસ્તરેટ કહે છે કે તા૦ ૨૨ નવેંબર સને ૧૮૭૯ ના રોજના નંબર ૨૦૬૮ નો હાયકોરટનો ઠરાવ છે તે પ્રમાણે આ કામ એવી રીતનું ગણી શકાતુ નથી કે તે નહી જેવું ચીડાવવા લાયક હતુ કે જેથી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૦૯ લાગુ થાય.

જે પ્રોશીડીંગ ઉપર રેફરંસ કરનાર અમલદારે આધાર રાખેલો છે તે તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૮૦ ના રોજના પ્રોશીડીંગથી હાયકોરટે રદ કરેલું છે. અને તેમાં ઠરાવેલું છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે તોહોમતવાળાને નીરદોશ ઠરાવવામાં આવેલો હોય તોપણ કંપન શેશન અપાવી શકાય છે.

કેટલાક તોહોમતવાળાઓની બાબતમાં એક ફરીઆદ સારા પાયાવાળી હોય તોપણ બીજાઓની બાબતમાં ચીડવા લાયક અને નહીં જેવી પણ હોય છે.

માટે અમે તેમાં હાથ ઘાલવાનો ના કહીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨ તથા તા૦ ૯ અગસ્ટ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ ટારંટ સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ્ધ વરથપાનાયકણ.

પીનલકોડની કલમ ૪૬૧—લોકલફંડ મારકીટનો કર આપવો નહી તે ગુનોહ નથી.

મારકીટનું લેહેણું નહી આપવાના ઇરાદાથી તે લોકલફંડ મારકીટમાં પેસવામાં આવે તો તે સાપ્રાધ પ્રવેશ નથી.

પાનું ૩૮૨ ઉતર આર્કટના જીલ્લા માજીસ્તરેટે આ કામ હાયકોરટનો હુકમ થવા સારૂ મોકલ્યું છે એવા કારણથી કે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદેસર નથી.

કામની હકીકત કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

કાંનશલ રાખવામા આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

અમે જીલ્લા માજીસ્તરેટ સાથે મળતા છીએ. તોહોમતવાળો આંખ રમાં દોરડાં વેચવાની ગાંસડી સાથે મારકીટમાંવાંસની વાડમાં થઇને ગયો. અને તે ગાંસડી વેચવાનો તેનો ઇરાદો હતો. બીજા વરગના માજીસ્તરેટના વીચારમાં આવ્યું છે કે બજારના કરના કંટરાકટરને ખોટી રીતે નુંકશાન કરવાના ઇરાદાથી તે કર આપવો નહી એવા ઈરાદાથી તેણે તે પ્રમાણે કરેલું છે, કારણ કે દરવાજો કે જયાં કંટરાકટર તે કર લેવાને ઉભો રહેછે ત્યાં થઇને તે પેઠો હોત તો તેને તે કર આપવો પડત. તેથી તેને સાપ્રાધ પ્રવેશ બાબત ગુનેહગાર ઠરાવી તેના રૂ. ૨) દંડ કરેલા છે.

કર નહીં આપવાને પ્રયત્ન કરવું એ બરોબર નહી હોય પરંતુ એટલા ઉપરથી ગુનેહ થતો નથી. એવું ઠરાવવામાં આવ્યું નથી કે હીં. ફો. કા. ની કલમ ૪૪૧ માં બતાવેલા કોઇ પણ ઇરાદા સાથે તે પેસવામાં આવ્યું હતું. માટે ગુનાહની સાબેતી અને શીક્ષાનો ઠરાવ રદ કરવામાં આવે છે તેથી તે દંડ પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૨ તથા ૫ અગષ્ટ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ ટારંટ સાહેબોની રૂબરૂ.

માહારાણી વી૦ રેવું પોથાડુ.

ચોરી—કબજો—એક નાની ખાડીમાં માંછલાં.

એક નાની ખાડીમાંથી ખોટી રીતે માંછલાં લેવાં તે ચોરી નથી.

પાંનું ૩૯૦ સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે કીસ્નાના જીલ્લા માજીસ્ટ્રેટે આ રેફરંસ કરેલું છે.

કામની હકીકત ફેંસલા ઉપરથી જણાય છે.

કાંનશલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

હીં. ફો. કા. ની કલમ ૩૭૯ પ્રમાણે ચોરીનો તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવેલો છે અને તેના જુદી જુદી રકમે દંડ કરેલા છે ને તે દંડ વસુલ આપવામાં આવેલો છે જે કૃત્ય બાબત તેઓને ગુનેહગાર ઠરાવેલા છે તે લક્ષ્મીપુરમમાં એક નાની ખાડીમાં માંછલાં પકડયાની બાબત છે. અને તે ખાડીમાં તે માછલાં પકડવાનો હક સરકારે ઇજારે આપેલો હતો.

તા૦ ૨૩ અક્ટોબર સને ૧૮૭૮ ના રોજનું આ કોરટનું પરોસીડીંગ છે તે પ્રમાણે ચાલતાં અમે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તોહોમતવાળા પાસેથી જે દંડ લેવામાં આવે લો છે તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ જુલાઇ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ કર્નાન અને મી૦ જસ્ટીશ મતુસામીઆયર

સાહેબોની રૂબરૂ.

મહારાણી વિરૂધ વ્યાપુરી.

પીનલકોડની કલમ ૪૨૬—નુકશાન—અનીતીનો દસ્તાવેજ નાશ કરવો.

અનીતિના કારણથી રદ થાય તેવો દસ્તાવેજ રદ કરવામાં આવેતો ફો. ફો. કાયદાની કલમ ૪૨૬ ના હેતુ પ્રમાણે બીગાડનો ગુનોહ થાય છે.

પાનું ૪૦૧ સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતીના કાયદાનો કલમ ૨૯૬ પ્રમાણે ઉતરઆર્કટ જીલાના માજીસ્તરેટે આ કાંમ મોકલેલું છે.

કામની હકીકત ફેંસલા ઉપરથી જણાય છે.

કાંનશલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

પી. ફો. કાયદાની કલમ ૪૨૬ પ્રમાણે તોહોમતવાળાને બીગાડ કરયા બાબત ગુનેહગાર ઠરાવી તેના રૂ ૧૦) દંડ અને તે આપવામાં કસુર કરવામાં આવે તો ચાર દીવશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે તે ગુનહો એવી રીતનોછે કે ફરીઆદીએ પોતાની ઓરતને તોહોમત વાળાની સાથે વ્યભીચારથી રેહેવા દેવી. અને તેના અવેજમાં તેણીએ પોતાની ખોરાકી પોશાકીનો દાવો છોડી દેવો. એવી તેણે પરવાનગી આપેલી તે બાબતના અનીતીના કરારના બે દસ્તાવેજો તેણે નાશ કરેલા છે, તે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. એવાં કારણથી કે તે કરારોનો અવેજ કાયદેસર નથી. માટે તે દસ્તાવેજોની કાંઇ કાયદેશર કીંમત નથી. તેથી તે નાશ કરવાથી બીગાડ થતો નથી. માટે આ કોરટને તે ઠરાવ મોકલેલો છે.

તે બે દસ્તાવેજોના મુશદા કામમાં છે તે એવી મતલબના છે કે ફરીઆદી અને તેની ઓરતની વચમાં લગ્ન રદ કરવું. અને પોતાનાં

લગ્ન શબધી બંધનોમાંથી છુટાં થવું. પક્ષકારો હીદુઓ છે માટે તેમની વચે થએલું લગ્ન અરસપરસ કબુલતથી રદ થવા લાયક નથી માટે જે હેતુ પાર પાડવાનો ઇરાદો રાખવામાં આવેલો છે તે હેતુને માટે તે દસ્તાવેજો કાંઇ કામના નથી.

પરંતુ તે કારણથી તે દસ્તાવેજો કાંઇ પણ કારણસર ઉપીયોગના નથી એમ ઠરાવવાને અમે તઇયાર નથી. તે ફરીઆદીને પોતાની ઓરત અને છોકરાંને ખોરાકી પોશાકી દાખલ દર માસે રૂ ૨—૮—૦ આપવાનો હુકમ થએલો જણાય છે તે દસ્તાવેજો ઓરત તરફથી વ્યભીચાર કરવામાં આવે છે તથા ધણી તરફથી તેણીને ખોરાકી પોશાકી આપવાની જવાબદારી બંધ થયા બાબતના પુરાવ તરીકે વાપરી શકાય છે, આ હેતુ પ્રમાણે તેમાંના એક દસ્તાવેજમાં તે ઓરતે કબુલત આપેલી છે, કે માહારી ખોરાકી પોશાકી ફરીઆદી પાસેથી લેવાને માહારો હક નથી, સબબ અમે તેમાં હાથ ઘાલવાને ના પાડીએ છીએ,

વાલ્યુમ ૬ ઠું.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ અગષ્ટ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીસ ઇન્સ ઓફીશીએટીંગ ચીફ જસ્ટીશ તથા જસ્ટીશ મત્તુંસાંમીઆયર સહેબોની રૂબરૂ.

માહારાણી વિ૦ વેંગુ વાયનગર

ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૨૧૫, ૧૪૨, ૪૪.

જે માજીસ્ટ્રેટને હકુમત એકાદા કામની તપાસ કરવાને હોય તે માજીસ્ટ્રેટે તે કામમાં તોહોમતવાળાને અઘટીત રીતે છોડી દીધેલો હોય તો સને ૧૮૭૨ ના ફો૦ કા૦ ચ૦ રીતના કાયદા પ્રમાણે ફરીયાદ તાજી કરવાને જીલ્લા માજીસ્ટ્રેટને અખત્યાર નથી.

પાનું ૨૫.   સને ૧૮૭૨ ના ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે આ કામમાં માદુરાના જીલ્લા માજીસ્ટ્રેટે રેફરંસ કરેલું છે.

જીલ્લા માજીસ્તરેટે રેફરંસનો કાગળ લખેલો છે તેમાં એવો સવાલ ઉત્પન્ન કરેલો છે કે જ્યારે તોહોમતવાળાને અઘટીત રીતે છોડી દેવામાં આવ્યો હોય ત્યારે તેમને તે કામની ફરીયાદનું કામ તાજુ કરવાને અખત્યાર છે કે નહીં.

કોંનસલને રાખવામાં આવ્યો નથી.

કોર્ટે નીચે પ્રમાણે ફેસલો આપ્યો:—

ફેંસલો:—તોહોગતવાળો નામતગાર (હેડ મેન) એક ગામનો આગેવાન છે. તેના ઉપર મેહેસુલ વસુલ કરવાનું કામ તેને સોંપેલું તેમાંથી કેટલુક તે ઉચાપત કરી ગયો તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૦૫ પ્રમાણે તેના ઉપર શાપરાધ વીશ્વાસઘાતનો આરોપ રાખેલો હતો. તેને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે છોડી દેવામાં આવેલો છે. તેનાં કારણો જોઇન્ટ માજીસ્તરેટે બતાવેલાં છે તે એ છે કે જે એકંદર રકમ બાબત તેના ઉપર તોહોમત રાખવામાં આવેલું છે તેનો તેને તેઉ ગુન્હેગાર ઠરાવી શકતા નથી.

તો પણ જો માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં તે રકમના અમુક ભાગ બાબત તોહોમત શાબેત થએલું આવેલું હોય તો તે ભાગ બાબત તેને તેમણે ગુન્હેગાર ઠરાવવો જોઇતો હતો.

આંક મ અને ન ના કાગળોમાં બતાવેલી રકમો વીશે તેમા કે

વો અભીપ્રાય છે તે અંદેશા ભરેલો જણાય છે. માટે તેમણે છોડી દેવાનો હુકમ કરેલો છે તે રદ કરવો જોઈએ. અને તેમને ફરમાવવું જોઈએ કે આ રકમોની બાબતમાં તે કેદી ગુન્હેગાર છે કે નીરપરાધી છે તે વીશે તેમણે ઠરાવ કરવો જોઈએ. જો તેમના અભીપ્રાયમાં તે ગુન્હેગાર આવે તો, તેમણે તેને કાયદેસર શીક્ષા કરવી જોઈએ.

આ કામના સબધમાં જીલ્લા માજીસ્તરેટે એવો સવાલ ઉઠાવેલો છે કે જે કામમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે તોહોમતવાળાને અઘટીત રીતે છોડી દેવામાં આવેલો હોય તે કામમાં ફરીઆદનું કામ તાજુ કરવાને ખરી રીતે જીલ્લા માજીસ્ટ્રેટ કાયદેસર રીતે મુખત્યાર છે કે નહીં. અને તેવાં કામ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૨ મી પ્રમાણે તે કામ લેવામાં આવે એ યોગ્ય રસ્તો છે કે નહીં, અને જરૂર પડે તો, ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ મો પ્રમાણે હાયકોરટનો હુકમ થવા કામ મોકલવાને બદલે બીજા માજીસ્ટ્રેટ તરફ તપાસ સારૂ કલમ ૪૪ પ્રમાણે તે કામ મોકલી શકાય કે નહીં.

જીલ્લા માજીસ્તરેટને ખબર આપવી જોઇએ કે તા૦ ૨૨ અકટોબર સને ૧૮૭૭ અને તા૦ ૧૬ જાન્યુએરી સને ૧૮૭૮ ના રોજના કોરટના ઠરાવો પ્રમાણે કોર્ટ ચાલે છે. (તે કામોમાં એવું ઠરાવવામાં આવેલું છે કે જીલ્લા માજીસ્ટ્રેટને પોતાની મેળે ફરીયાદ તાજી કરવાની હકુમત નથી. જો તોહોમતવાળાને અઘટીત રીતે છોડી દેવામાં આવ્યો હોય તો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ ની રકમ ૨ પ્રમાણે જે અખત્યાર આપવામાં આવ્યોછે તે વાપરવાને હાયકોરટમાં અરજ કરવી જોઇએ. પરંતુ તે અખત્યાર હાયકોર્ટની કુલ મરજી ઉપરનો છે.)

ફોજદારી અપીલ.

તા૦ ૩૦ અગસ્ટ સને ૧૮૮૨.

મી૦ જસ્ટીસ ઈન્સ, કામ ચલાઉ ચીફ્ જસ્ટીશ, અને મી૦ જસ્ટીશ કરનાન સાહેબોની રૂબરૂ.

સાંગીલીવીરા પંડયા વીના તમબીયર શીવગીરીનો જમીનદાર

વિરૂધ માહારાણી.

ફરીયાદ કરવાની મંજુરી—સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૮—મંજુરી આપવાની હકુમત—કામના કાગળો ઉપરથી કારણો જણાવવાં જોઇએ.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૮ પ્રમાણે ફરીઆદ કરવાને મંજુરી મળવા અરજી કરવા ઉપરથી જ્યારે કામના કાગળો ઉપરથી મંજુરી આપવાનું કારણ માલુમ પડતુ ના હોય તો, તે આપવી જોઇએ કે નહીં તેનો નીરણય કરવાને તે કામના કાગળો ઉપરાંત જવું નહીં જોઇએ.

કાસીચંદ્ર મોઝુમદાર ઇ. લા. રી. ૪૪૦ મંજુર રાખવામાં આવ્યો.

પાનું ૨૯. સને ૧૮૮૨ ના અસલ મુકરદમા નંબર ૧ ના કામમાં પ્રતીવાદીને તીનેવેલીની જીલ્લા કોરટે વાદીના ઉપર જુઠો પુરાવ બનાવ્યા બાબત તથા જુઠો છે એમ જાણીને તે સાચા તરીકે વાપરવાને કોશીશ કરયા વીશે તથા વળી જુઠો દસ્તાવેજ કપટથી વાપરયા બાબત (હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩, ૧૯૬, ૪૭૧) ફરીઆદ ચલાવવાને હુકમ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૮, ૪૬૯ પ્રમાણે કરેલો તે હુકમ રદ કરવાને તે કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે આ અરજી કરવામાં આવી છે.

વાદી શીવગીરીનો એક જમીનદાર છે તેણે મદ્રાસના સીમાડાના આકટની કલમ ૨૫ પ્રમાણે ખુંટ નકકી કરનાર અમલદારનો હુકમ રદ કરવાને તથા અમુક ડુંગર તથા જંગલોનો કબજો લેવાને શેક્રેટરી ઓફ સ્ટેટ ઉપર દાવો કરયો હતો, અને તે દાવાની અરજીની પુષ્ટીમાં વાદીએ કલેકટરની ઓફીસમાથી લીધેલા "આપકા" હીસાબની નકલો ફાઇલ કરેલી છે.

તા૦ ૧૫ માર્ચ સને ૧૮૮૨ ના રોજ જ્યારે આ મુકરદમો સુનાવણી ઉપર આવ્યો ત્યારે કલેકટરની ઓફીસનો એક કલાર્ક સમન્સમાં ફરમાવ્યા પ્રમાણે અસલ હીસાબ લેઇ કોરટમાં આવ્યો હતો, પરંતુ તેને તે [illegible] કરવાને બોલાવવામાં આવ્યો નહીં હતો.

[illegible]ના વકીલે થોડાક શાક્ષીઓ તપાસ્યા ત્યાર પછી તે કામમાં તે [illegible] ન કામમાંથી ગયો, તેથી વાદીએ તે કામ બંધ રાખવાને અરજ કરી, પરંતુ [illegible] અરજ નામંજુર કરવામાં આવી તેથી તે કામ કાહડી નખવામાં આવ્યું.

તા૦ ૨૭ માર્ચ ના રોજ પ્રતીવાદીના કોનસલે વાદીના ઉપર તેણે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૭૧ મી પ્રમાણે જુઠો દસ્તાવેજ વા[illegible] બાબત તથા જુઠા દસ્તાવેજ તથા જુઠો પુરાવ બનાવ્યા બાબત ફરીઆદ ચલાવવાની મંજુરી મળવાની અરજ કરી. વાદીને નોટીશ મોકલવામાં આવી, પરંતુ તે હાજર થયો નહીં તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ અને ૧૯૬ અને ૪૭૧ પ્રમાણે ફરીયાદ ચ-

લાવવાની મંજુરી આપવામાં આવી.

અરજદાર તરફથી મી૦ જાહાનસ્ટનઃ—તે દસ્તાવેજો કોરટની રૂબરૂ હોવા જોઈએ. તે જડજે તેના સાચા અગર જુઠાપણા બાબત તપાસ કરેલી નથી. કામનો ફેંસલો તેના ગુણ દોશ ઉપર કરવામાં આવ્યો નથી, અને તે દસ્તાવેજની બાબતમાં કાંઈ પુરાવ લેવામાં આવ્યો નથી. કલેકટર કહે છે કે તે જુઠો છે. અને વાદીએ તેમને તે રજુ કરવાને અરજ કરી છે. માટે વાદીએ એક જુઠો દસ્તાવેજ વાપરવાને કોશીશ કરેલી છે. માટે જુઠા દસ્તાવેજનો ઉપયોગ કરવાને વાદીએ કોશીશ કરેલી છે. તે દસ્તાવેજ જુઠો છે એમ કોરટને બતાવવું જોઇએ. કાશીચંદ્ર મોજુમદારનો ઠરાવ જુઓ.

બરક તુલ્લાખાંન વી૦ રેતીના કામમાં ફુલએંચનો ઠરાવ છે અને રામપ્રસાદ હરડના કામમાં ઠરાવ છે તે કાશીચદર મોજુમદારના કામમાં બતાવવામાં આવેલો છે તે ઉપરથી જણાય છે કે તે મંજુરી આપવાનાં કારણો તે કામમાં બતાવવાં જોઈએ.

સરકાર તરફથી સરકારી વકીલ (મી૦ શેપર્ડ) જડજે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૭૧ મી માં જે ઠરાવેલું છે તે કરેલું છે. તપાશ કરવામાં આવેલી છે, અને પાછળની તપાસથી એમ ખુલ્લું જો થયું હોય કે કપટ કરવામાં આવેલું છે તો તે મંજુરી રદ થઇ શકતી નથી. શીમાડો નકી કરનાર અમલદારે કરેલો હુકમ રદ કરવાને આ દાવો કરેલો છે. તે અમલદારની રૂબરૂ તે દસ્તાવેજ રજુ કરવામાં આવેલો છે, અને શીમાડાના અમલદારે તે દસ્તાવેજ જુઠો બનાવટનો ગણેલો છે અને તે પ્રમાણે ચાલવાને ના પાડી છે, એવી વાદીને ખબર હતી. સવાલ એ છે કે તે તપાસ કરવાને જડજને પુકત કારણ હતું કે નહીં. સારા કારણો સાથે તે જુઠો દસ્તાવેજ છે એવો અંદેશો રાખવામાં આવેલો હતો. અને તે કાયદામાં કહેલું છે કે તપાસ કરવાની છે. કાયદામાં એમ કહેલું નથી કે જે કામમાં પુકત કારણ તપાશ કરવાને હોય તે કામમાં માજીસ્ત્રેટની રૂબરૂ તપાશ થવાની છે. તે કલમ પ્રમાણે આરંભની તપાશ કરવાની જરૂર છે, માટે કામ બાહારથી જોઈતાં કારણો મેળવી શકાય છે.

(જસ્ટીશ ઇન્સ સાહેબઃ—કોઇ ફરીયાદ જો કોરટોને લક્ષમાં રાખવાની હોત તો ઘણી અઘવડ થાય.) જો કામ બાહારનો પુરાવ લેવાનો ના હોય તો, આરંભની તપાશનો શો હેતુ છે?

(જસ્ટીશ કરનાન સાહેબઃ—જડજ ખાતરી કરી શકે અને કારણ બતાવવાને પુછે) જોઈએ એટલાં સાધનો હતાં પણ આ કામમાં નથી.

કાશીચંદર મજમુજદારના કામમાં આરંભની તપાશ કરેલી નથી.

મી૦ જાહાનરટનઃ—ના મંજુર કરેલી પહોંચ જડજ સાહેબની રૂબરૂ રજુ કરવામાં આવી હતી.

કોરટે (કામ ચલાઉ ચીફ જસ્ટીશ ઇન્સ અને જસ્ટીશ કરનાન) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

સવાલ આ કામમાં એવો છે કે જડજ સાહેબે કાયદેશર દાવાના વાદીના ઉપર જુદી જુદી જાતનાં તોહોમતો બતાવેલાં છે તેના ઉપર ફોજદારી ફરીઆદ ચલાવવાને મંજુરી આપી શકાય કે નહીં.

અમને માલમ પડે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૮ નો હેતું એવો છે કે જડજ સાહેબની રૂબરૂ દાવામાં અગર ફોજદારી તપાશમાં તોહોમત બતાવવાને જે સાધનો જોઇએ તેટલાં હોવાં જોઈએ.

જે જાતનાં કોરટની રૂબરૂ તોહોમત મુકવામાં આવ્યાં છે તેવાં તોહોમતનો જરા પણ શક ઉત્પન કરે તેવો કાંઇપણ પુરાવ કામમાં હોવા શીવાય દાવાનો ફેંસલો કરવામાં આવ્યો હતો તે તોહોમતોના આધાર કામના કાગળો ઉપરથી કાંઇ જણાતો નથી માટે મંજુરી અપાય કે ના અપાય તેનો નીરણય કરવાને બરોબર નથી.

અમુક આધાર રાખેલા દસ્તાવેજોની નકલો ફાઇલ કરયાની વાત અને કામ ચાલતી વખતે વાદીએ જે અસલ કાગળીઆ બનાવટના છે. એમ જે કહેવામાં આવેલું છે તે કલેકટરને એકદમ રજુ કરવાને કોરટને અરજ કરી એ અમે ભુલી ગયા નથી. પણ કોરટની રૂબરૂ ગુન્હો કરયાને વાસ્તે વાદીના ઉપર ફોજદારી તપાશ ચલાવવાની મંજુરી મેળવવાને વાસ્તે અરજી કરવી પડે એવું કાંઇ કારણ નથી એમ અમારી નજરમાં આવે છે. કારણ તે કોરટને જે દસ્તાવેજોની નકલો ફાઈલ કરવામાં આવી હતી તે બનાવટની હતી કે નહીં, અગર તે વાદી તે એવી છે એમ જાણતો હતો કે નહી તેનો ઠરાવ કરવાને બીલકુલ હક નથી. અને તે કામમાં કોરટની રૂબરૂ આ બાબત ઉપર કાંઇપણ પુરાવ (અને આવો પૂરાવ બીલકુલ નહોતો) શીવાય ફોજદારી તપાશને વાસ્તે મંજુરીનો હુકમ મેળવવાને વાસ્તે કરેલી અરજી બરોબર રીતે મંજુર કરાય નહીં.

આ વીચારમાં અમે એમ ધારીએ છીએ કે કાશીચંદર મજમુદારના કામમાં ચીફ જસ્ટીશ સર રીચર્ડ ગાર્થના કરેલા ઠરાવથી અમને ટેકો મળે છે. અમારી નજરમાં આવે છે કે મંજુરીનો હુકમ કરવામાં શેશન જડજે પોતાનો અભીપ્રાય કાયદેસર કરેલો નથી. અને મંજુરીનો હુકમ રદ કરવો જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૬ સપટેંબર સને ૧૮૮૨.

મી૦ જસ્ટીશ ઇન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ કરનાન સાહેબોની રૂબરૂ.

સીતાપર્થીને ઉદુ વીરૂધ માહારાણી.

સ્ટાટયુટ, તેનો અર્થ —ગરભીત રીતે રદ કરવું—લેટરસપટંટ, સને ૧૮૬૫, કલમ ૨૯. ફોજદારી કામ ચલાવાની રીતના કાયદા સને ૧૮૭૨ ના આ૦ ૧૦ ની કલમ ૬૪.

નવો ઠરાવ અને પેહેલાંનો સ્ટાટયુટ વચે વીરૂધતા ખુલી અને દુર ના થાય એવી હોય તે શીવાય સ્ટાટયુટો ગરભીત રીતે રદ કરાય નહીં.

સને ૧૮૬૫ ના લેટરસ પેટંટની કલમ ૨૯ થી જીલા માજીસ્ત્રેટના શીક્ષાના હુકમથી હાયકોરટની રૂબરૂ કરેલી અપીલ શેશન કોર્ટને તપાસ કરવાને મોકલવાને હાયકોર્ટને અખત્યાર છે. અને જે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદા સને ૧૮૭૨ના આ૦ ૧૦ની કલમ ૬૪ થી હાયકોરટને ફોજદારી હકુમતવાળી એક ઉતરતા દરજ્જાવાળી કોરટમાંથી બીજી કોરટમાં અપીલ મોકલવાને અખત્યાર છે. તેથી અખત્યાર જતો નથી.

પાનું ૨૨ જીલ્લા માજીસ્ત્રેટના શીક્ષાના હુકમ ઉપર આર્કટ ના શેશન જડજને કરેલી અપીલની તપાસ હાય કોરટની રૂબરૂ કરાવવાને અરજ કરી છે.

અરજદાર તરફથી મી૦ ગોલ્ડ અને મી૦ ગ્રેંટ.

સરકાર તરફથી સરકારી વકીલ (મી૦ શેપર્ડ.)

ફેંસલામાંથી હકીકત અને તકરાર માલમ પડે છે.

શવાલ એવો ઉતપન થએલો છે કે કોરટને અપીલનો ફેરફાર કરવા નો તે કોરટને અખત્યાર છે કે નહીં.

કોર્ટે (મી૦ઇન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ કરનાન) નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

આ અરજીમાં અમને એક સીતાપર્થીને ઉદુની અપીલ ઉત્તર આર્કટના શેશન જડજ સાહેબની કોર્ટમાંથી હાયકોર્ટમાં ટરાન્સફર કરવાને અરજ કરે લીછે. અને અરજ કરનાર મી૦ ગોલ્ડને અને અગને આ ટાન્સફર કરવાના અખત્યારના શવાલ ઉપર સરકારી વકીલ મી૦ શપર્ડની સુનાવણી કરી છે. અને સરકારી વકીલે એવી સુચના કરી કે જો કોરટને અખત્યાર હોય તો તે અખત્યારની હકુમતના સામા થવાને અમને સુચના મળેલી નથી. પણ તે સાહેબે એવી તકરાર કરી કે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કા-

યદા અગર લેટરશપેટંટ એ બેમાંના એકેથી એ અખત્યાર મળતો નથી.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૬૪ પ્રમાણે હાયકોરટને ફોજદારી કામ અગર અપીલ જે તેનાથી ઉતરતી કોર્ટમાં હોય તે આવી બીજી કોર્ટમાં (એટલે કે ઉતરતા દરજ્જાવાળી કોરટ) જેને સરખી અગર વધારે હકુમત છે તેમાં મોકલવાને અખત્યાર છે. પણ મી૦ શેપરડની તકરાર ઉપરથી એતો ખુલ્લું છે કે આવું તપાસવાને વાસ્તે ટરાન્ફર ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદામાં શબ્દ " તપાસ " એટલે કે સલ તપાસ પણ અપીલની સુનાવણી નહીં તેની વાખ્યામાં આવતા મોમાંજ થઇ શકે છે. અધે અનવય આ ખુલું કરે છે. તેથી એમ માન્ય રાખવું જોઇએ કે ચાલુ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૬૪ પ્રમાણે અમને અખત્યાર નથી.

ત્યારે અમને શને ૧૮૬૫ ના લેટર્સપેટંટ પ્રમાણે અખત્યાર છે!.

કલમ ૨૯ આ પ્રમાણે છેઃ—"અને અમે વધારે ઠરાવ કરીએ છીએ કે એક કોરટમાંથી કોઇ બીજી સરખી અગર વધારે હકુમતવાળી કોરટમાં કોઇ ફોજદારી કામ અગર અપીલનો ટ્રાન્સફર કરવાનો હુકમ કરવાને ઉપર કહેલી હાયકોરટને અખત્યાર છે, અને વળી કોઇ ફોજદારી કામની કોઇ ઓફીસર અગર એથી નીચી કોરટે જે તેમાં તપાસ ચલાવવાને અથવા તો તપાસ કરવાને લાયક છે એનાથી આરંભની તપાસ કરવાને અથવા તપાસ ચલાવવાનો હુકમ કરવાને જો કે આવું કામ સાધારણ રીતે કોઇ બીજો ઓફીસર અગર કોરટની હકુમતમાં છે તોપણ અખત્યાર છે"

" તે ભાશા બહુ ગ્રાહી છે અને સને ૧૮૭૨ નો ચાલતો ફો. કા. ચ. ની રીતીના કાયદાથી અપીલોનુ ઉતરતા દરજ્જાવાળી કોરટમાંથી હાયકોરટમાંજ ટ્રાન્સફર થઇ શકે છે. તેમાં જેમ ખુલો અટકાવ માલમ પડે છે તેમ આમાં માલમ પડતો નથી.

સને ૧૮૬૧ નો ફો. કા. ચ. ની રીતીનો કાયદો જે સને ૧૮૬૨ ના લેટર્શપેટંટ પેહેલો જે તારીખે થયો તે તારીખે અમલમાં હતો તે કાયદાની કલમ ૭૫ મીમાં સદર કોરટને કોઇ કોરટથી ઉતરતા દરજ્જાવાળી કોરટમાંથી કોઇ બીજી આવી સરખા અગર વધારે હકુમતવાળી ફોજદારી કોરટમાં કોઇ ફોજદારી કામ અગર અપીલનું ટ્રાન્સફર કરવાનો હુકમ અથવા તો કોઈ ગુનહો જે જીલામાં બનેલો હોય તેના કરતાં કોઇ બીજા જીલામાં અગર તો બીજા જીલાના ભાગમાં તપાસ ચલાવવાનો અને નકી કરવાનો હુકમ કરવાને અખત્યાર આપે છે. ત્યારે ૨૪ અને ૨૫ વીકટોરીયા બાબ ૧૦૪ ની કલમ ૯ પ્રમાણે હાયકોરટને, હવે પછી આ

જતા લેટર્સપેટંટમાં ભારે હકુમતવાળી અને સદર કોરટોની જે સતાઓ રદ કરેલી તે સતાઓ પાછી આપવાને હાયકોરટને અધીકાર છે અને તેટલામાં આ સતાઓ સને ૧૮૬૧ ના ફો. કા. ચ. ની રીતીના કાયદા ની કલમ ૩૫ પ્રમાણે છે.

ઉપર બતાવેલી ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૩૫મી જે ખુલી રીતે ઉતરતા દરજ્જાવાળી કોર્સ્ટમાંથી સદર કોરટમાં ટરાનસફરને અટકાવ કરે છે તે શીવાય તે કલમ સને ૧૮૬૨ ના લેટર્સપેટંટની કલમ ૨૮ (અથવા સને ૧૮૬૫ નાની કલમ ૨૯) ના જેવીજ ખરી રીતે છે. અને લેટર્સપેટંટની કલમનો અર્થ ઘણો ભારે થાય છે. અને જો એમ ધારવામાં આવ્યું હોત કે કલમ ૩૫ મીથી જે અધીકાર હાય કોરટને મળે છે તે કરતાં હાય કોરટે વધારે વાપરવો નહી તો જ્યારે આકટ ૨૪ ૨૫ વીક્ટોરીઆ ચાપટર ૧૦૪ ની કલમ ૯ થી નવી થએલી હાય કોરટને જે અધીકાર સદર કોરટને લાગુ હતો તે અધીકાર આપે છે ત્યારે લેટર્સપેટંટની જુદી કલમમાં આ કહેવાનો શો હેતુ હશે, એમ તકરાર કરી શકાય કે હાય કોરટની હકુમતનો આજ ખરેખરો ભાગ હોવો જોઇએ. અને આજ જારી રાખવો જોઈએ એ ઇરાદો ખુલ્લો કરવાનો હેતુ છે. પણ જ્યારે તે આકટની કલમ ૯ ગવરનર જનરલ ઇનકાંઉનશીલથી થતા કાયદા સબંધી ફેરફાર પ્રમાણે હાય કોરટની આકટ અને ચારટર પ્રમાણેના અધીકારો આપે છે તો ફો. કા. ચ. ની રીતના કાયદા પ્રમાણે જે અધીકાર હયાત હોય તેવું લેટર્શપેટંટમાં ફરીથી વીવેચન કરવામાં થોડોજ હેતુ હશે અને જે નવો કાયદો થાય તે વખતે રદ થઇ જાય.

સદર કોરટે અત્યાર સુધી અમલમાં આણેલી જે શતાઓ તેના કરતાં નવો અને વધારે અધીકાર આપવાના ઇરાદાના જેવીજ આ કલમની હયાતી છે.

નવા લેટર્સપેટંટની કલમ ૨૯ માં જુના લેટર્સપેટંટની કલમ ૨૮માં જે ઠરાવ કરેલો તે ફરીથી કહેલો છે. કેસરેહીંદ વીરૂધ અમીરખાંના કામમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે હાય કોરટને પોતાની રૂબરૂ કોઇ ફોજદારી કામમાં તપાસ ચલાવવાને ટરાન્સફર કરવાને લેટર્સપેટંટ પ્રમાણે અખત્યાર છે. સને ૧૮૬૧ નો ફોજદાદી કામ ચલાવવાની રીતીનો કાયદો અમલમાં હતો તે વખતે આ કામનો ફેંસલો આપવામાં આવ્યો હતો. જો એ ઠરાવ વ્યાજબી હોય (અને એ સબંધી સવાલ ઉતપન થએલો હોય એમ અમારી જાણમાં નથી. અને તેની કાયદા સબંધી માન્યતા થઇ છે તેની હમણાં સુચના કરીએ છીએ). તો તેનો હેતુ અપીલના રેફરંસની

સાથે કાયમ રહે છે. અને અમે ધારીએ છીએ કે તે વખતે ચાલતા કાય દાની ખરેખરી સમજુત એ ફેંસલામાં છે એવો ઠરાવ કરવાને અમે બં. ધાએલા છીએ.

એમ છતાં પણુ એમ તકરાર કરવામાં આવેલી હતી કે આ અ. ધીકાર લેટર્સપેટંટ આપે છે એવું ધારીએ તો તે લેટર્શપેટંટ તે અધીકાર આપે છે એવું ઠરાવવામાં આવ્યું હતું અને પછીથી થતા કાયદાએ એટ લે કે સને ૧૮૭૨ નો ફો. કા. ચ. ની રીતીનો કાયદો કરવામાં આવ્યો તેથી તે અખત્યારને અપીલોના ટ્રાનસફર કરવાને સતા આપીને અને એક ઉતરતા દરજાવાળી કોરટમાંથી બીજી કોરટમાં ટ્રાનસફર કરવાને અ ધીકાર આપેલો છે. અમે જેમ ઉપર કહેલું છે તે પ્રમાણે કે તે કાયદાની ૬૪ મી કલમથી મળતો અધીકારની શીમા એ છે કે એમાં બીલકુલ શ ક નથી. પણુ સવાલ એ છે કે લેટર્સપેટંટ પ્રમાણેનો ઘણો અધીકાર તે કલમના ઠરાવથી અમલમાં આવે છે કે નહીં. આપણે ધારીએ કે એ કલમો એવી રીતે સાથે વંચાય છે કે નહી. જેવો ઘણો અધીકાર લેટર્શપે ટંટ પ્રમાણે રહે. સને ૧૮૭૨ ના કાયદા બાંધનારાઓ કેશરેહીંદ વીરૂધ અમીરખાંના કામમાં થએલા ઠરાવના જાણીતા નહી હોય એમ બન્યું નહીં હોય. અને તેમજ તે કામથી હાયકોરટને ખુલી રીતે અને અનુંમા નથી જે અધીકાર મળ્યો હતો તેની પણુ માહેતી નહીં હોય એમ બને નહી જો તે અખત્યાર લેઇ લેવાનું નવો કાયદો બાંધીને ધારવામાં આવ્યું હોત તો નકારના શબ્દો જેથી ખુલી રીતે એમ કહેવાય કે હાયકોરટે આ વા અખત્યારનો અમલ કરવો જારી રાખવો એ ધારવામાં આવેલું ન થી તેવા વાપરયા હોત. પણુ અધીકાર જે હાયકોરટને તે કામથી મળનો હતો તે થોડો કરવાને બદલે કાયદા બાંધનારાઓએ એવો ઠરાવ કરયો કે હાયકોરટ કોઇ ફોજદારી કામની તપાસ પોતે ચલાવવાને ટ્રાન્સફર કરી શકે છે અને તે સને ૧૮૭૨ ના પ્રોશીજરકોડમાં દાખલ કરયો અને જો તેઓએ આમ ઠરાવ્યું તે અમુક કામમાં ખુલી રીતે કરેલા ઠરાવ ઉપરાંત એમ છતાં પણુ જતું નથી. અને મી૦ શેપર્ડ સાહેબે તકરાર કરી છે કે હાયકોરટે એ અપીલોમાં તે અખત્યાર જારી રાખવો એ કા યદા બાંધનારાઓનો ઈરાદો હતો એમ બતાવવાને ઘણું મુશકેલ છે કાર ણુ કે જે અપીલો બાબત કલમમાં કહેલું છે તે અપીલોની અશલ તપાસ ગેરબીત રીતે બાતલ કરવાને કહેવામાં આવેલું છે. જો નકાર શબ્દ વાપ રવામાં આવ્યા હોત તો આમ થાત. દાખલા તરીકે જાણે કલમનો બાં ધો નીચે પ્રમાણે છે. ફોજદારી અપીલ કોઇ ફોજદારી કોરટમાંથી કોઇ બીજી ઉતરતી પાયરીવાળી સરખી અથવા વધારે હકુમતવાળી કો

૨૮માં ટ્રાન્સફર થઇ શકે પણ બીજી રીતે નહી આવું હોય ત્યારે લેટર્સપેટંટથી મળેલો અધીકાર રદ થયો એમ શીધ થાય કારણ કે તે કાયદાના બે ઠરાવ સાથે રહી શકતા નથી. લેટર્શપેટંટ અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૬૪ વાંચવાથી જે હાયકોરટને પોતાની કોરટમાં અપીલ ટરાન્સફર કરવાનો અખતીઆર છે તે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૬૪ નુ બીલકુલ ઉલંઘન થયા શીવાય, એક વધારેના ઠરાવ તરીકે રહી શકે છે.

લેટર્સપેટંટ થયા પછી તે સંપાદન કરવાને પારલામેંટના આકટનો ભાગ થયો છે અને તેમાંનો કાંઇ ભાગ રદ થયો છે કે નહી એ નકી કરવામાં જે રૂલો પારલામેંટના આકટનો કાંઇ ભાગ રદ થયો છે કે નહી એ સવાલ ઉપર લગાડવામાં આવે તે લગાડવા જોઇએ.

અમે જે ફોસ્ટરના કામમાં અને પછીથી બીજા ઘણા કામોમાં ઠરાવ કરયો તે પ્રમાણે નવો ઠરાવ અને આગળના સ્ટેટયુટની વચ્ચે ખુલી અને દુર ન કરી શકાય એવી વીરોધતા હોય તે શીવાય ગરભીત રીતે સ્ટેટયુટો રદ થએલો છે એમ ગણાય નહી. અમારી નજરમાં આવે છે કે જે અખતીઆરનો અમલ કરવાને અમને પુછેલું છે તે અખ્તીઆર હાયકોરટને છે.

અમારે એ અખ્તીઆરનો અમલ કરવો કે ન કરવો એ સવાલમાં નીચેના વીચારો કરવાના છે. જે માણસને ગુનેહગાર ઠરાવેલો છે તેને વીશે લોકો કેટલાક મહીનાથી નીયમ વીરૂધ ઉશકેરાયેલી સ્થીતીમાં છે. સારવજનીક વર્તમાન પત્રોમાં વખતે વખતે છપાએલા રીપોર્ટ ઉપરથી જેવી રીતે ખુલી રીતે માલમ પડે છે તેમ જુદા જુદા અમલદારોએ, તેની ચાલ અને રીતભાતના ઘણાજ ઉલટ વીચારો કરેલા છે. તે સરકારી નોકર ઘણા વખતનો છે અને તે કોઇ મોટી જગ્યાએ છે આવી હકીકતથી તે કામ હાયકોરટને ટરાન્સફર કરવું જોઇએ એ ઉતકૃષ્ટ છે જયાં તે કામ એક ઉતરતી પાયરીવાળા જડજ સાહેબ જેનો ફેંસલો અપીલ કોરટના જડજ તરીકે હાયકોરટના જડજના ફેંસલાના જેટલા વજનવાળો ધરાય નહી, તે સાહેબથી સુનાવણી થાય તેને બદલે ઉત્તમ કોરટના બે જડજથી સુનાવણીનો ફાયદો મળે છે. એ અમારી નજરમાં આવે છે કે આ ટરાન્સફર થવાથી પબલીક લોકોના મનને શાંતી થવાનો સંભવ છે અને એ બાબત અને બીજી બાબતમાં ન્યાયને ઘણું અનુકુળ પડસે, અમારા વીદવાન ભાઇબંધો આ ટરાન્સફરની યુકતી માન્ય કરેછે અને તેટલા માટે અમે તે અપીલ હાઇકોરટમાં ટરાન્સ કરવાનો હુકમ

કરવાને અને બે જડજોની રૂબરૂ સુનાવણી થવાને હુકમ કરવાને અમારું કહેવું છે,

જસ્ટીશ કર્નાન—લેટર્શપેટંટની કલમ ૨૫ મીથી મળતા હાઇકોર્ટને અપીલ ટરાન્સફ્રર કરવાનો જે અખ્તીઆર તે એવોછે કે લાયક કામમાં ઘણા ફાયદાને વાસ્તે તેનો અમલ કરી શકાય છે, આ અખ્તીઆર સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાથી લઇ લીધો નથી અને તે વીશે ખુલી રીતે સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૨૬ માં ઠરાવ કરવામાં આવ્યો છે.

ફુલબેંચ

તા૦ ૬ સપટેંબર અને તા૦ ૩ અકટોબર સને ૧૮૮૨
મી૦ જષ્ટીશ ઇન્સ મી૦ જષ્ટીશ કર્નાન અને મી૦ જષ્ટીશ
મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

ગોવીંદ રાજુલુ વીરૂધ લક્ષમણ.

રસ્તાનો કર (લોકલફંડ મદ્રાસ આકટ—સને ૧૮૭૧ નો ૪ થો) જે દરવાજે લેવાનો હોય તેજ દરવાજે લેવાય. સારવજનીક રસ્તો કે જયાં રસ્તાનો કર લેવાનો જગ્યો બાંધેલી નથી. ત્યાં થઇને જતાં ગાંડા તે કર આપવાને બંધાએનાં નથી.

લોકલફંડ આકટ (સને ૧૮૭૧ નો મદ્રાસનો ૪ થો) પ્રમાણે રસ્તાનો કર જે દરવાજે લેવાતો હોય તેજ દરવાજે લેવાય છે અને જે ગાડાં જે સાર્વજનીક રસ્તામાં તે કર લેવાની જગ્યો નથી હોતી. તે રસ્તે થઈને જાય તો તે ગાડીઓ ઉપર વેરો લેવાય નહી.

પાનુ ૩૭ સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે આ કામ જે હાયકોરટના હુકમ વાસ્તે સાલેમના જીલા માજીસ્તરેટે મોકલેલું તેની હકીકત ફેંસલામાંથી માલમ પડે છે.

વાપર વેરાના કંટરાટી તરફથી સરકારી વકીલ (મી૦ શેપર્ડ.)
ગાડાવાળા તરફથી કોઇ હાજર નથી.

સરકારી વકીલઃ—ગાડાવાળા પાસે જે દરવાજે રસ્તાનો કર લેવાયછે તેનાથી એક માઇલ દુર પૈસાની માગણી કરવામાં આવેલી હતી અને તેના બળદને પકડવામાં આવ્યો હતો અને તેના બળદને જોર જુલમથી લઇ ગયાનુ તોહોમત તેના ઉપર મુકવામાં આવ્યું છે તે સવાલનો આધાર લોકલફંડ આકટની કલમ ૬૨ અને ૬૩ ઉપર છે, જે ગાડાં રસ્તાનાં

ચક્કરમાં થઇને જાય તેના ઉપર રસ્તાનો કર લાગે કે નહી. સગવડલાનેજ વાસ્તે દરવાજા જ્યાં રસ્તાનો કર લેવાય છે ત્યાં કરેલા છે. પરતુ અમુક જગોએ તે જવાબદારી થાય છે કે નહી તે નકી કરવાને વાસ્તે અને કાંઇ હરકત થાય નહી વાસ્તે એક દહાડામાં એક ગાડીની ઉપર રસ્તાનો કર લેવાય.

(જસ્ટીસ ઇન્સ—રસ્તાના કર બાબત કોરટકને વાસ્તે કલમ ૬૮ માં ઠરાવેલું છે.)

અમલ કરવા લાયક કલમ ૬૩ માં કયાં આગાડી વેરો લેવો તે જગ્યા બતાવેલી નથી. કલેકટરને રસ્તાનો કર લેવાને વાસ્તે દરવાજા કરવાની સતા આપેલી છે અને પેહેલી તે સતા તેમને હતી નહી. જો કલેકટરે વાપરવેરાને વાસ્તે દરવાજા ન કરયા હોય તોપણ આ કલમ શીવાય રસ્તાનો કર એકઠો કરાય મદ્રાસના મ્યુનશીપલ આકટમાં તે વેરો ઝાંપા અગાઠી લેવાય છે અને સીમાની અંદર કાંઇ લાગતો નથી.

(જષ્ટીસ મતુસામીઆયર—જો ગાડી લોકલફંડ આકટ પ્રમાણે ગામમાં હોય તો શું જવાબદારી છે. હા—જો શબ્દને તેમના અશલ અર્થમાં વાંચીએતો દરવાજાની અંદર થઇને જવું એ શરત નથી.

(જષ્ટીશ મતુસામીઆયર—રસ્તાના કરને માટે કાંઇ સમાધાન કરવાને માટે ઠરાવ છે કે કેમ?)

કલમ ૬૬ ઇંગરેજી આકટમાં ખાસ ઠરાવ છે. રસ્તાનો કર દરવાજા અગાડી લેવાય—૩ જોર્જ ૪ બાબ ૧૨૬ (જનરલ ટર્નપાઇક આકટ) હાર્ડીંગ વી૦ હેડીંગટનના કામમાં કરેલો ઠરાવ જુઓ.

(જષ્ટીશ ઇન્સ—૬૮ મી કલમનો કેવી રીતે અમલ કરવો)

તે ફકત ફરમાવે છે. જો બધા રસ્તા ઉપર રસ્તાનો કર લેવાને દરવાજા કરવામાં આવે તો ઘણોખરચ થાય, જો કલમ ૬૩ આક્ષાર્થ હોય તો દરેક રસ્તે દરવાજા કરવા જોઇએ, આ રસ્તાનો કર રસ્તાની રૂઢી ઉપર લેવાય છે પણ એક અમુક રસ્તા ઉપર લેવાતો નથી. એક દહાડામાં એક વખતે પઇશા ફક્ત ભરાવાને ઠરાવે તે આવી રીતે છે.

ફુલબેંચે (મી૦ જુષ્ટીશ ઇન્સ, મી૦ જષ્ટીશ કર્નાન અને મી૦ જષ્ટીશ મતુસામીઆયર)નીચેપ્રમાણેફેંસલા આપ્યાઃ—હકીકત નીચે પ્રમાણેછેઃ—ગઇ તા૦ ૧૫એપ્રીલના રોજ કેટલાક ગાડીવાનોએ ધરમપુરથી મોરપુર જતાં ઘણુંકરીને હમેસનો રસ્તો જયાં રસ્તાનો કર લેવાનો દરવાજો કરેલોછે જો તે તે રસ્તે થઇને ગયા હોત તો તેઓને રસ્તાનો કર આપવો પડે તે દુર કરવાના ઇરાદાથી એક જુના રસ્તે તેઓએ ગાડાં હાકયાં. રસ્તાના કરના કલેકટરે આ માણુસોને રસ્તાના કરના દરવાજાથી એક માઇલ દુરને છેટે

પાડયા. અને કર માગ્યો પણ તેમણે વેરો આપવાની ના કહી હતી. તે હલા માટે તેમને દરેક ગાડાના એક બળદ ઉપર જપ્તી બેસાડી પણ તે ગાડાવાળાઓએ બળદોને છોડાવ્યા અને હાંકી ગયા. તે ઉપરથી રસ્તાના કરના કંટરાકટરે ધરમપુરના શેકન કલાસ માજીસ્તરેટની રૂબરૂ તે ગાડાવાળાઓના ઉપર જે પ્રાણીઓના ઉપર જપ્તી બેસાડેલી હતી તે લેઇ ગયાનું તોહોમત મુકીને ફરીઆદ કરી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે સેકન કલાસ માજીસ્તરેટે તે ફરીઆદ રદ કરી કારણ કે રસ્તાના કરના દરવાજામાં થઇને ગાડાં ગયાં નથી. અને ગાડાવાળાઓને તેમની મરજીમાં આવે તે રસ્તે થઇને જવાને છુટ હતી. અને તે દરવાજેથી એક માઇલ દુર જઇને કંટરાકટરે રસ્તાના કરની માગણી કરી અને વેરો આપવાની ના પાડવાથી તે પ્રાણીઓને જપ્ત કરવા એ કાયદેસર કરયું નથી.

એમ છતાં પણ એકટીંગ જોઇંટ માજીસ્તરેટે આ રદ કરવું ગેરકાયદે ગણ્યું એવા કારણથી કે લોકલફંડ આકટની કલમ ૬૩ મી કોઇ રસ્તામાં અમુક જગ્યામાં અથવા દરવાજામાં થઇને જતા વેહેપારને રસ્તાનો કર લાગે છે એમ નથી. પરંતુ જે રસ્તો હોય તે રસ્તામાં થઇને જતા માલ ઉપર તે વેરો લાગે છે. માટે જો માલ અમુક રસ્તે થઇને જાય અને તે રસ્તાનો કર અમુક દરવાજે લેવાનો ઇરાદો રાખેલો હોય તો તે દરવાજાના કંટરાકટરનો તે માલ ઉપર કર લેવાનો હક છે. પછી તે દરવાજે થઇને તે માલ જાય કે નહીં તેની ચીંતા નહી.

અમારી નજરમાં એમ આવે છે કે આ આકટના હેતુના બે વીચારો રાખી શકાય છે.—એકતો એકે રસ્તાના કરના દરવાજા આગાડીજ લેઇ શકાયછે કે બીજો એ લોકલફંડ ચકકરના ઉપર જ્યાં જ્યાં અને ગાડાં અગર ગાડીઓ રસ્તા વાપરતાં માલમ પડે ત્યાં રસ્તાના કરના કલેકટર વેરો લેઇ શકે.

આ પાછલા વીચાર પ્રમાણે તે લોકોને દાહાડે અગર રાત્રે આવા રસ્તાનો ભાગ ઉપર અટકાવી શકે છે. અને તેમની પાસેથી જે રકમ માગવામાં આવી તે વ્યાજબી છે કે નહી તે નકી કરવાની અને માણુસ અગર માણુસો તે રસ્તાનો કર વસુલ કરવાને હકદાર છે કે નહીં. એ નકી કરવાને લાગ આપ્યા શીવાય તે વસુલ કરી શકે છે.

રસ્તાના કર થયાથી તે રસ્તાનો કર વસૂલ કરી શકે છે અમે ધારતા નથી કે આ રીતે લોકલફંડના ઘેરાના સઘળા ભાગમાં ફરવું એ લુટફાટ કરવાનો સ્વભાવ બતાવે છે અને એમ પણ ધારી શકાય છે. આવા રીતે

જથી પબલીકને ઘણીજ ઇજા થાય છે અને કપટ અને સતા વગરના મા ણુસોને તેમની મેળે કંટરાકટ ધરાવીને પૈસા કઢાવવાથી ભારે જોખમ થાય.

અમારી મરજી એવું ધારવાની થાય છે કે કલમ ૬૩, ૬૪, ૬૮ માં એવું ઠરાવવાનો ઇરાદો હતો કે રીવાજ અને જગીઆ જ્યાં રસ્તાનો કર માગી વસુલ થઇ શકે તે ઠરાવવી (કલમ ૬૬ માં ઠરાવ્યા પ્રમાણે સમાધાન જ્યારે કર્યું હોય તે શીવાય) અને તે નકી કરેલી જગીઆએ રસ્તાના કરનું સ્ટેશન અગર દરવાજો છે.

આ વીચાર પ્રમાણે એમ પણ હોય કે રસ્તાના કરનું ઉડાવવું અટ કાવવામાં ઘણી હરકત પડે પણ જો એ હરકતો રહેતો રસ્તાના કરના દરવા જા વધારીને તે હરકતો દુર કરવી જોઇએ. અને રસ્તાનો કર ઉડાવાના કા રણસર રસ્તો છોડી દેવાને વાસ્તે શીક્ષા થાય. એવો ધારામાં જેવી રીતે આકટ ૩ જોર્જ ૪ થો ચાપટર ૧૨૬ કલમ ૪૧ ની પેઠે કાયદો ક રીને દુર કરવી જોઇએ.

આપણે ફકત આકટનો અરથ કહાડવાનો છે અને બરોબર વીચા. ર કરયા પછી અમારો અભીપ્રાય એવો થાય છે કે સેકનકલાસ માજીસ્ટ્રેટ નો હુકમ બરોબર છે અને તેમાં અમારે હાથ ઘાલવાની જરૂર નથી.

જષ્ટીસ કર્નાનઃ—જે વેરો છે તે ગાડી ઉપરનો કર છે અને જે આ કટમાં ઠરાવવામાં આવેલું છે તેમ ગાડીઓ ઉપરથી ઉઘરાવી શકાય ર. સ્તાના કરના દરવાજા કર વસુલ કરવાને સુગમ રસ્તો થાય તેને વાસ્તે વપરાય છે. જ્યારે ગાડીઓ દરવાજાની અંદર નહી લેઇ જવાથી ધોરીના રસ્તા ઉપર રસ્તાનો કર ઉડાવવાના ઇરાદાથી હાકવામાં આવે છે તો આ વો અર્થ તેનો ઇરાદો પાર નહી પાડવાને કાયદાનો કરવો જોઇએ કે નહી એ બાબતમાં અમને ઘણોજ શક રહે છે. દરવાજા શીવાય બીજે ઠેકાણે વસુલ કરવાની અગવડતા મી૦ જષ્ટીશ ઇંન્સ જેટલી ધારે છે તેટલી બ ધી થશે એમ અમારી નજરમાં આવતું નથી.

મી૦ જષ્ટીસ મતુસામીઆયરઃ—અમારા અભીપ્રાયમાં એમ આવેછે કે ધોરી રસ્તાના કરના દરવાજા અગર સ્ટેશન અગાડીજ વસુલ કરી શ કાય. કલમ ૬૮ મી જેમાં એમ કહેલું છે કે રસ્તાના કરનું કોષ્ટક બ. તાવવું જોઇએ. તે તેમને રસ્તાના કર દરવાજા અગર સ્ટેશન સબંધીછે જો વેહેપારનું સ્ટેશન હોય કે ના હોય ત્યાં લોકલફંડના ચકરમાં રસ્ના ઉપર કોઇ પણ ઠેકાણે વેહેપાર વેરાની વસુલાત થાય તો આવી રીતે કર વું તે તે કલમ પ્રમાણે નથી. જો કે દરેક ગાડુ જે લોકલફંડ ચકરની અં દરના રસ્તાનો ઉપયોગ કરે છે તે કર આપવાને જવાબદાર થાય તો તે જવાબદારી તે કલમ ૬૩ થી તે ૬૮ સુધીમાં કહેલી રીત પ્રમાણે ચા

લવા ઉપરથી થાય છે. એમ તકરાર કરવામાં આવી છે કે કલમ ૬૭માં એમ કહ્યું છે કે ગવરનર ઇનકાંઉનશીલ જે જગીઆ મંજુર કરે તેવી જગ્યાએ કલેકટરોએ એવા રસ્તાના કરના દરવાજા અને દરવાજાનાં સ્ટેશનો કરવાં જોઇએ. અને રસ્તાના કરના દરવાજાઓ અગર સ્ટેશનો ફકત સ ગવડતાને વાસ્તે કરાય છે. એવું ઠરાવવામાં આવેલું છે. અને જો તે ભા ગોમાં વેહેપાર સબંધી રસ્તાના ભાગોમાં રસ્તાના કરની વસુલ કરવાની સતા કઇ હદમાં રાખવાને ધારવામાં આવ્યું ના હોતતો સરકારની મં જુરી શા માટે જરૂરની છે એમ કહેવામાં આવ્યું છે તે સમજવું મુશ કેલ છે. દાખલા તરીકે ધારો કે લોકલફંડ ચકરમાં એક રસ્તો છે જે ત્ર ણુ अ ब क નામનાં ગામ જે કેટલાક માઇલ એક બીજાથી દુર છે તે માં થઇને જાય છે. અને રસ્તાના કરનું સ્ટેશન (શી)નામના ગામ અગાડી છે અને ધારો કે ગાડાં अ અને ब નામના ગામ વચે થઇને આવ જાવ કરે છે. જો તકરાર વ્યાજબી હોતતો કલમ ૬૪ મી પ્રમાણે રસ્તાના કર- ના કંટરાકટરને अ અથવા ब નામના ગામોમાં ગમેતે ગાડાં પકડવા ને અખત્યાર છે કારણ કે તે પેહેલાં કોઇ વખતે ચકરમાં જે રસ્તો તેનો ઉપયોગ એ ગાડાંએ કરયો તેણે અને રસ્તાનો કર આપવો જોઇએ. આ વા અખત્યારથી ભારે કાયદાનો ભંગ થાય છે અને તેના ખરા અમલથી ઇજા અને વેહેપારને હરકત થાય જે રસ્તાના કરનું સ્ટેશન કરવાના હુકમ થી તેને અટકાવવાને ઘણું કરીને ધારવામાં આવેલું છે તેથી તે સ્ટેશન અગાડીજ રસ્તાનો કર વસુલ થાય અને એવી જરૂર પડાય કે વાપરવેરા- નું કોષ્ટક કહેલા કરના કરતાં વધારે નહી લેવાય તેના વાસ્તે મુકવુ જો- ઇએ. અમારી નજરમાં એમ આવે છે કે રસ્તાના કરના દરવાજા અગર સ્ટેશન કરવાં એ વ્યાજબી અરથ છે તેજ રસ્તા ઉપર જે ગવરનર ઇ ન કાંઉનશીલ રસ્તાના કરને વસુલ કરવાને ઉત્તમ ધારે ને રસ્તાના ભાગ બતાવવાને તે સ્ટેશન એ પ્રમાણે કરવાની કહેલી રીતના ભાગ તરીકે ચાલવાનું છે. કોઇ બીજા વીચારથી કલમ ૬૮ મીનો અમલ થતો નથી. જ્યારે ગાડુ રસ્તાના કરના સ્ટેશન તરફ આવે છે અને વેરો આપવો ઉ ડાવવાને જે રસ્તાનો પબ્લીક ફાયદો લે છે તે રસ્તા છોડાય બીજે રસ્તે થઇ જાય છે. અને રસ્તાના કરના કંટરાકટરની નજર ના પોહોચે એટલે બધે સ્ટેશનથી દુર એક ઠેકાણે ચકરમાં રસ્તો હોય ત્યાં જાયતો અમારે સમજવાની ઇચ્છા નથી. પણ કલમ ૬૪ પ્રમાણે ગાડુ પકડાય નહી અ મારી ફરજ એ કામ નથી પણ અમે ધારીએ છીએ કે રસ્તો ગમેતો જુનો કે નવો હોય અને તેના ઉપર રસ્તાના કરનું સ્ટેશન ના હોય તે- વા રસ્તાનો ગાડુ ઉપયોગ કરે છે અને ચકરમાં જે રસ્તો તેમાં આવે છે

તો જે જગ્માએથી તે ગાડુ રસ્તા ઉપર આવે છે ત્યાં જો રસ્તાનું સ્ટેશન ના હોય તો રસ્તાનો કર વસુલ કરવાને અખત્યાર નથી અને ગાડુ પક ડાવું નથી.

આ કારણોથી અમે હાથ ઘાલવાને ના કહીએ છીએ.

ફોજદારી અપીલ—ફુલબેંચ

તા૦ ૨૧ આગષ્ટ સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ ઈન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીસ, મી૦ જસ્ટીસ ગતુ સામીઆયર અને મી૦ જસ્ટીસ ટેરંટ સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ સીદાપા.

સને ૧૮૭૮ ના હથીઆર આકટ—પરવાના વગર કામમાં ન આવે એવા છોડવાના હથીઆરનો કબજો એ ગુનો નથી.

સને ૧૮૭૮ ના હીંદુસ્થાનના હથીઆર આકટની કલમ ૪ થીમાં જે "હથીઆરો"ની વાખ્યા આપેલી છે તેમાં જે બંદુકને ઘોડો ન હોય અને તેથી નકામી થઇ ગઇ હોય એવી બંદુકના કબજાનો સમાવેશ થતો નથી.

પરવાના વગર આવું હથીઆર રાખવામાં આવે તે ગુનોહ નથી.

પાનુ ૫૦ સને ૧૮૭૨ ના ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે બેલારી જીલ્લાના માજીસ્રેટે આ કામ મોકલેલું છે.

ફેંસલામાંથી હકીકત માલમ પડે છે.

કાંનશલ રાખવામાં આવ્યો નથી.

ફુલબેંચે (મી૦ જસ્ટીસ ઇન્સ અને જસ્ટીસ મતુસામીઆયર અને જસ્ટીસ ટારેંટ) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.—

તોહોમતવાળા ઉપર આ કામમાં પરવાના વગર બંદુક રાખ્યાને વાસ્તે સને ૧૮૭૮ ના હીંદુસ્થાનના ૧૧ મા હથીઆર આકટની કલમ ૧૯ ની રકમ (એફ) પ્રમાણે તપાસ ચલાવવામાં આવી છે તેને ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે છોડી દેવામાં આવ્યો હતો, એવા કારણવા કે બંદુકને ઘોડો નહી હોવાથી તે કામમાં આવે એવી નથી.

જીલ્લા માજીસ્તરેટ કહયું છે કે જો હથીઆર આકટની કલમ ૪ થીમાં એવું ઠરાવેલું છે કે શબ્દ "હથીઆર" જેમાં હથીઆરના ભાગનો સમાવેશ થાય છે. તો તે કલમના ઠરાવમાં ઘોડા વગરની બંદુકનો પણ સમાવેશ થાય છે. અને તેથી છોડી દેવાનો હુકમ કરવામાં આવ્યો છે તે બરોબર નથી.

આ કામમાં પુરાવ ઉપરથી માલમ પડે છે કે તે બંદુક બીલકુલ નકમી હતી. અને વપરાવવાને ના લાયક હતી. ખરી રીતે જીલ્લા માજીસ્તરેટને એમ માલમ પડે છે કે તે છોડવાનું હથીઆર નથી. જો કે આવી સ્થીતીનું છોડવાનુ હથીઆર દુરસ્ત અને કામમાં લેવાય એવું કરાવાય તો પણ અમારી નજરમાં એવું આવે છે કે એવા હથીઆરને વાસ્તે પરવાનો લેવાની જરૂર નથી. હથીઆરના અર્થમાં હથીઆરના ભાગનો સમાવેશ કરવામાં કાયદા બાંધનારાઓએ અમારા અભીપ્રાય પ્રમાણે હથીઆરોના કડકા દેસની અંદર લાવવા અને ગમેતે વખતે એકઠા કરી શકાય અને છોડવાના હથીઆર તરીકે વપરાય તે તેમને રાખવાની વીરૂધ ઠરાવ કરવાને ધારેલું છે, આગના હથીઆર જેમાં ખોડ છે અને કોઈ બીજી રીતે કામમાં લેવાય એવું નથી. તે તે આકટના અર્થમાં આવતું નથી. એવું અમો ધારીએ છીએ.

કોઇ અગ્ન્યસ્ત્ર પરવાના વીના રાખેલું હોય તે કામમાં લેવાય કે ન લેવાય. એમ સવાલ પણ હોઇ શકે પણ આ કામમાં એવો સવાલ છે એમ અમને માલમ પડે છે. તેથી અમારી નજરમાં એમ આવે છે કે તોહોમતવાળાને વ્યાજબી રીતે છોડી દીધેલો છે. અને તેમાં અમે હાથ ઘાલી શકતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૮ સપટેંબર સને ૧૮૮૨

મી૦ જસ્ટીસ ઇન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને જસ્ટીસ કર્નાન સાહેબોની રૂબરૂ.

માનીકામ મુદલી વીગરે વીરૂધ માહારાણી

જામીન—તે બાબત અરજી—જુડીશીઅલ. પ્રોસીડીંગ—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૫૦. ૧૫૪, ૩૮૫—સોગન ઉપર આપેલી જુબાનીના આધાર વીનાનું કામ પાછું મોકલવાનો હુકમ વ્યાજબી હોંપતો બસ છે.

જે પ્રોસીડીંગમાં એમ નકી કરવાનું છે કે માજીસ્તરેટે તોહોમતવાળાને જામીન ઉપર છોડવો કે નહી તે જુડીશીઅલ પરોશીડીંગ છે. અને તેવા પ્રોસીડીંગનો સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે હાઇ કોરટ સુનાવણી કરી શકે છે.

સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૫૪ મી તેજ કાયદાની કલમ ૧૫૦ મીના વીશેશ ઠરાવ તરીકે વાંચવી જોઇએ.

અને માજીસ્તરેટને તોહોમતવાળાને તેના કોઇ પણ સાક્ષીની જુબાની લીધા શીવાય જેલમાં પાછો મોકલવાને પુકત કારણને વાસ્તે અખીતાર આપેલો છે.

જે કામમાં પુરાવ મળી શકે એવું હોય પણ વધારે પુરાવ મેળવવાને સાક્ષીઓ તપાસવા બંધ રાખવાની માજીસ્રેટને જરૂર જણાએલી એવા કારણથી તપાસ સાથે ચાલે.

ઠરાવવામાં આવ્યું કે આવું માજીસ્તરેટનું લખીત કારણની બાબતમાં સોગન ખાવામાં આવ્યા નથી તોપણ તે ઉપરથી પાંચ દહાડા સુધી કામ પાછુ મોકલવું અને પછીથી ચાર દહાડા સુધી પાછું મોકવું બાજબીછે.

તોહોમતવાળાને તેની વીરૂધ જેમ બને તેમ વેહેલાં પુરાવ લખાવવાનો હક છે અને તેની વીરૂધ આવતો પુરાવો ઘણો છે અગર હોય તે અસાધારણ વખત સુધી રોકયાનું કારણ નથી.

જસ્ટીસ કર્નાન—જયારે માજીસ્તરેટ સાક્ષીની જુબાની લેવા બંધ રાખે અને તપાસ મુલતવી રાખે અને સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૫૪ પ્રમાણે તે કેદીને પાછો કેદમાં મોકલે છે તો જે કારણને લીધે આ પ્રમાણે કરવું જરૂરનું હતુ અથવા તો દુરસ્ત માલમ પડયુ તે સ્પષ્ટ લખવાને બંધાએલા છે.

પાનુ ૬૩ તા૦ ૧૬ અગસ્ટ સને ૧૮૮૨ ને રોજનો સાલીમના હુલડના સબંધમાં કેટલાક માણસોને ખુનમાં મદદ વીગરે ગુના કરવાના તોહોમત ઉપરથી પકડવામાં આવ્યા હતા તેમને જામીન ઉપર છોડવાને અરજી કરવામાં આવી છે.

અરજદાર તરફથી મી૦ ગ્રેટ.

સરકાર તરફથી સરકારી વકીલ (મી૦ શેપર્ડ.)

હકીકત અને તકરાર કોરટ (જસ્ટીસ ઇન્સ કામ ચલાઉ ચીફજષ્ટીશ અને મી૦ જસ્ટીસ કરનાન સાહેબો)ના ફેંસલામાંથી માલમ પડશે.

ચીફ જસ્ટીસ ઇન્સ સાહેબઃ—કેટલાક માણસોને ગયા અગસ્ટ માસની તા૦ ૧૫ અને ૧૬ ના સલીમના હુલડના સબંધમાં ગુનાના બારે તોહોમત ઉપરથી પકડવામાં આવ્યાછે અને સાલીમની સેંટ્રલ જેલમાં કેદમાં રાખેલા છે તેમને જામીન ઉપર છોડવાની અને વળી બીજા જીલ્લામાં તે કામની તપાસથવા ટ્રાન્સફર કરવાને હાઇ કોરટને અરજીઓ કરેલીછે.

તોહોમતવાળા સખસો તરફથી મી૦ ગ્રેન્ટને સાંભળવામાં આવ્યાછે અને સરકાર તરફથી સરકારી વકીલ (મી૦ શેપર્ડ) જેમણે સરકારના પક્ષમાં આ અરજીની સામે તકરાર કરીછે તેમને પણ સાંભળવામાં આવ્યાછે.

મી૦ શેપર્ડે એવી તકરાર કરી હતી કે આ જુડીસીઅલ પ્રોસીડીંગ

નથી તેથી આ અરજીની સુનાવણી કરવાને અમને અખ્તીઆર નથી પણ અમે ધારીએ છીએ કે જો માજીસ્તરેટનું પ્રોશીડીંગ ગેરકાયદે છે એમ ઠરે તો જે અખ્તીઆરને વાસ્તે અરજ કરેલી છે. તેને વાસ્તે કંઇ પણ તકરાર થઇ શકે નહી અને આ અખ્તીઆર કેટલાક કીસાકામાં ઘ. ણા કામમાં હાઇકોરટે વાપરેલો છે. જે પ્રોશીડીંગમાં એમ નકી કરવાનું છે કે જામીન લેવો કે ના લેવો તે જુડીશીઅલ પ્રોસીડીંગની વાખ્યામાં આવી જાય છે અને બાજી હાયકોરટમાં તે અખ્તીઆરનો અમલ કર. વાની સતા વીશે કાંઈ સવાલ થતો નથી. તોહોમતવાળાએ જે ખબર મળવાને માજીસ્તરેટને અરજ કરેલી તે ખબર આપવામાં ઢીલ કરવાની અથવા તો તેમ કરવા ના પાડી તેથી માજીસ્તરેટની કામ ચલાવવાની રીત, અને જેલમાં જે સગવડના અને હકો મળવાને તોહોમતવાળાઓને હક છે જે એવું તેઓ ધારેછે તે જેલના ઓફીસરોએ ના પાડી એ જે કહેવામાં આવ્યું છે એ જો ખરૂં ધારીએ તો, એ બરોબર વીચારથી ગેરશીરસ્તે અને વળી ગેરકાયદે પણ થએલું હોય હમણાં આપણે જોવાનું કામ છે તે એજ કે આ માણુસોને જામીન ઉપર છોડવા એ ગેર કાયદે છે કે નહી અથવા તો હાયકોરટ તેમને જામીન ઉપર છોડવાનો હુકમ કરી શકે કે નહીં.

તા૦ ૩૦ અગષ્ટને રોજ આઠ માણુસને પકડવામાં આવ્યા હતા અને એકને ૩૧ મી તારીખે પકડવામાં આવ્યો હતો અને ચીના કઇલાસ ગોઉન્ડને તા૦ ૩ જી સપટેબરે, માજીસ્તરેટના તા૦ ૩૦ અગષ્ટના અને તા૦ ૧ લી સપટેંબરના પ્રોશીડીંગમાં જે પોતાના હાથ દસ્તકતથી એમ કહે છે કે ગએ તા૦ ૧૬ માને રોજના હુલડમાં તેઓ હતા એવો વેહેમ લાવવાને પુખ્ત કારણ છે. એ ખબર ઉપરથી પકડવામાં આવ્યો હતો. તેથી તે ખબર લખેલા પ્રોશીડીંગને લીધે મળવાથી ફોજદારી કામ ચ. લાવવાની રીતીના કાયદાની કલમ ૧૪૨ પ્રમાણે પકડવાને કાઢેલું વારંટ બાજબી ઠરેછે.

સવાલ એવો છે કે તે તોહોમતવાળાઓને પછીથી અને હાલમાં જે કબજે રાખેલા છે તે કાયદેસર છે કે નહીં.

આ વીશે આગારે જોવું જોઇએ છીએ કે કાયદાથી કામ ચલાવ વાની રીતી કેવી ઠરાવવામાં આવેલી છે.

કલમ ૧૯૦ મા એમ ઠરાવેલું છે કે જયારે તોહોમતવાળો માજી. સ્તરેટની રૂબરૂ રજુ થાય અગર રજુ કરવામાં આવે ત્યારે માજીસ્તરેટે ફરીઆદીનો પુરાવો અને માણુસો જે હકીકત તોહોમતનામામાં કહેલી હોય તે અને તેની સાથેની હકીકતની કાંઇ માહીતી હોય તેવા માણુસનો

પુરાવો લેવો જોઇએ. અને મીં૦ ગ્રેન્ટે એમ તકરાર કરી છે કે આ પ્રોશીડીંગ મંજુર નહી થયાથી અને લખીત પૂરાવો નહી હોવાથી કેદમાં ફરી મોકલવાનો હુકમ ગેરકાયદે છે.

અમારી રૂબરૂ તા૦ ૩૦ અને ૩૧ અગષ્ટ, અને, તા૦ ૫ સપટેંબરનો કેદમાં પાછો મોકલવાના હુકમો છે. આ (બધા સરખી જાતના હુકમમાં એમ કહેવામાં આવ્યું છે કે વધારે પૂરાવો મેળવવાંને વાસ્તે સાક્ષીઓની જુબાની મુલતવી રાખવી જરૂરની છે.

કલમ ૧૯૪ માં ઠરાવવામાં આવ્યું છે કે જો સાહેદીની ગેરહાજરીથી અગર તો કાંઇ બીજા વ્યાજબી કારણથી તપાસ મુલતવી રાખવી અથવા તો સાક્ષીઓની જુબાની લેવી મોકુફ રાખવી એ જરૂરીઆત અને દુરસ્ત લાગે તો માજીસ્તરેટ વખતે વખતે લખેલા હુકમથી તે તપાસને મુલતવી રાખે અને તોહોમતવાળાને જે વખત વ્યાજબી લાગે ત્યાં સુધી કેદમાં પાછો મોકલવો હોય તો મોકલી શકે, પરંતુ એક વખતે પંદર દહાડા કરતાં વધારે હોવો જોઇએ નહી. ઉપર કહેલી આ કલમ ૧૯૦ મી ઉપર ઠરાવ બતાવવામાં આવેલો છે તેના વીશેશ ઠરાવ પ્રમાણે વાંચવી જોઈએ, તે તપાસની શરૂઆત અગર વધારે તપાસની સરૂઆત જો કરી હોય તો તે સાક્ષીની ગેરહાજરીથી અથવા બીજા કાંઇ વ્યાજબી કારણથી મુલતવી રાખી શકાય એ જરૂરીઆત અને દુરસ્ત છે અને તે કામમાં માજીસ્તરેટ કલમ ૧૯૦ માં ઠરવ્યા પ્રમાણે લાગલીજ ફરીઆદી અને સાક્ષીઓની જુબાની લેવાને બદલે તોહોમતવાળાને કેદમાં પાછો મોકલે એટલોજ તે કલમથી આ છેવટની કહેલી કલમ કરતાં અખ્તીઆર આપવામાં આવેલો છે અમને ઘણા કામમાં કરેલા ઠરાવ બતાવામાં આવ્યા છે અને અમારી રૂબરૂ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૦, ૧૯૪, અને ૩૮૯ ના અર્થ ઉપર તકરાર કરવામાં આવેલી છે એવું બતાવવાને કેદમાં પાછો મોકલવાનો હુકમ બરોબર રતે કરવામાં આવે તે પેહેલાં કેટલોક પુરાવો લેવો જોઇએ. એમ કાયદો બાંધનારનો ઇરાદો છે. તોહોમતવાળાના ગુનાહનુ પાકું અનુમાન થાય એવો પુરાવો હોય તે શીવાય તેને જામીન ઉપર છોડવો જોઇએ અને કેદમાં પાછો મોકલાય નહી એવું જે મી૦ ગ્રેન્ટનું કહેવું છે તે કલમ ૩૮૯ થી વ્યાજબી ઠરતું નથી. તે કલમમાં એમ ધારેલું છે કે પુરાવો લીધેલો છે અને જો આવી રીતે લીધેલો પુરાવો એવો ના હોય કે જેથી તોહોમતવાળાના ગુનાનું પાકું અનુંમાન થાય તો તે તોહોમતવાળાને જામીન ઉપર છોડવાને ઠરાવેલું છે પણ કલમનો એવો અર્થ નથી કે પુરાવો લેવો મુલતવી રાખી ન શકાય. કલમ ૧૯૪ ની સાથે લગાડેલું જે છે તે ખુ

લાસો છે. એ ખુલાસો, જે કલમ ૧૯૪ ની રકમ ૧ લીથી તપાસ શરૂ થયા પછી તેનુ મુલતવી રાખવું વ્યાજબી ઠરાવવાને જે પુખ્ત કારણ જોઇએ છે તેનું ઉદાહરણ આપે છે એટલે કે જો એવો પુરાવો મળે કે જેથી તોહોમતવાળાએ ગુનોહ કરયો હશે એવો શક ઉતપન કરવાને બસ થાય તો, અને એવું માલમ પડે કે કેદમાં પાછો મોકલ્યાથી વધારે પુરાવો મળી શકે ત્યારે પાછો મોકલવાને વાસ્તે એ વ્યાજબી કારણ છે, પણ આમાં તપાસ શરૂ થયા પછી કેદમાં પાછો મોકલવાને વાસ્તે વ્યાજબી કીયું કારણ છે તેનો દાખલો આપેલો છે અને જેમકે કલમ ૧૯૪ માં કે જે કામમાં હાજર પુરાવો હોય ને મુલતવી રાખવો જરૂરનો હોય તે કામને વાસ્તે સ્પષ્ટ રીતે ઠરાવ કરેલો છે. અને કેદમાં પાછો મોકલવાને સતા આપે છે એવા કારણથી કે આ રીતે કરવું જરૂરનું દુરસ્ત અને કેટલાક વ્યાજબી કારણોને લીધે છે તે કેદમાં પાછો મોકલવાને વાસ્તે પૂરાવ લેવો જોઇએ એમ અલબત તેનો અરથ થતો નથી.

જે કામોના ઠરાવ અમને બતાવેલા છે તે મુનશી સઇઆદ અબદુલ કાદીરખાનના કામમાં કરેલા ઠરાવ કરતાં વધારે તેમાં કહેલું નથી. "કેદીને તરતજ માજીસ્તરેટની રૂબરૂ રજુ કરવો જોઇએ અને પછી માજીસ્તરેટને વધારે વાર પહેરામાં તેને રાખવાની સતા નથી અથવા તો તેમની રૂબરૂ સોગન ઉપર આપેલી સાક્ષીના રૂપમાં અથવા તો બીજા લખા લેવાય એવા અગર બીજા કોઇ રૂપમાં એક આકારમાં કાંઇ કરણ તેને, ખુલી રીતે કહયા શીવાય કેદમાં ફરીથી મોકલવાને અખતીઆર નથી".

અમે આ વીચાર સાથે મળતા છીએ અને આ કામમાં જે કામના કાગળો છે તેમાં સોગન ઉપર આપેલી જુબાની જણાતી નથી. તે કબજે રાખવાને વાસ્તે કાંઇ વ્યાજબી કારણ બતાવે છે કે નહી એવો બીજો સવાલ છે.

ફરીથી કેદમાં મોકલવાનો હુકમ તે કેદમાં પાછો મોકલવાને વાસ્તે કારણ તરીકે એમ બતાવે છે કે વધારે પુરાવો મેળવવાને વાસ્તે સાક્ષીઓની જુબાની લેવી મુલતવી રાખવી એ જરૂર છે.

આથી ખુલ્લું માલમ પડે છે કે જુબાની આપવાને વાસ્તે સાક્ષીઓ તઇઆર છે. પણ માજીસ્તરેટના અભીપ્રાયમાં તપાસ શરૂ કરયા પેહેલાં વધારે પુરાવાની રાહ જોવી એ દુરસ્ત છે. માહેશચંદર બાનરજીનું કામ જેમાં પુરાવ નહોતો પણ માજીસ્તરેટે પૂરાવો નીકળી આવવાની આશામાં કેદીઓને ફરીથી કેદમાં મોકલ્યા તેમાં જે રીવાજ નામંજુર કરેલો છે તે પ્રમાણે આ નથી.

—

એ ખુલ્લું છે કે જે પુરાવો કેદમાં પાછો મોકલવાના હુકમમાં અનુમાનથી દેખાડેલો છે તે મળી શકે એવો છે તોપણ લીધેલો નથી તેના વધારામાં જે પુરાવો હાજર હોય તો કેટલા કારણથી થોડા વખત ને વાસ્તે તે તપાસ મુલતવી રાખવી એ ચાહાવા લાયક છે. અને (બીજા કારણોમાં) જ્યારથી શરૂ થાય ત્યારથી જારી રહે. અને સાહેદીઓની જુબાની એવી રીતે લેવી જોઇએ કે જેથી પૂરાવામાં આપવાની હકીકત નીકળે અને આ જો કે કહેવામાં આવેલું નથી તોપણ આ કામમાં કારણ હોવું જોઇએ. એમ માલમ પડે છે. અમે ધારીએ છીએ કે જો મુલતવી રાખવાનાં કારણો શોગન ઉપર હોતતો તે બ્યાજબી અને કાયદેસર રીતે થયું હોત તોપણ અમારે માજીસ્તરેટની કેદમાં પાછો મોકલ્યાના કારણોની હકીકત સ્વીકારવી જોઇએ. અને એવું ઠરાવવું જોઇએ કે તે હકીકત પાછો મોકલ્યાના હુકમને બ્યાજબી ઠરાવવાને વાસ્તે છે. અને તોહોમતવાળને જામીન ઉપર. છોડવાની અરજી મંજુર કરવાને અમે અશકતીવાન છીએ.

એમ છતાં પણ તોહોમતવાળાને તેમની વીરૂધ પુરાવો જે હોય તે જેમ બને તેમ જલદી લખી લેવડાવવાને હક છે અને તેમની વીરૂધ ઘણો પુરાવો હાજર છે અગર હોય તે હકીકત અસાધારણ વખત સુધી રોકવાને કારણ નથી અને સરકારી વકીલે અમારી રૂબરૂ કહયું છે કે ફરીઆદી તે કામ ચલાવવાને તઇયાર છે તેથી અમે આશા રાખીએ છીએ કે તે પ્રોસીડીંગ શરૂ કરવામાં કાંઇ વાર લાગસે નહીં.

જેમ પુરાવો લેવાય તેમ તોહોમતવાળાઓને જામીન ઉપર છોડી દેવાને અરજી કરવી એ માલમ પડશે અને અમને શક નથી કે જો તે હકીકત તેને બ્યાજબી ઠરાવે તો આ અરજીને બરોબર ધ્યાન આપવામાં આવશે.

ટ્રાન્સફરને વાસ્તે કરેલી અરજીના સબંધમાં હમણાં અમારે હાથ ઘાલવો એવી જરૂર લાગતી નથી. બખેડાના સબંધમાં કેટલાક તોહોમતવાળાઓ જે સ્થીતીમાં હતા તેજ સ્થીતીના બતાવેલા પુરાવાની જરૂરી બાત ઉપરથી આધાર રહે અને આથી તેજ જગ્યાએ તપાસ ચલાવવી જોઇએ એ જરૂરતું છે.

બીજા જીલ્લામાં ટ્રાન્સફર કરવાથી બીજા કામોનો છુટકારો કરવો પડે. કારણ કે લાયકઇની બાબતમાં કાંઇ ફેરફાર કરી શકાય નહીં અને આથી સાક્ષીઓને ઘણી અગવડતા પડે વળી ઘણા પોલીસો જેના પૂરાવાની બીજા કામોમાં ઘણું કરીને જરૂર પડશે તેમને જે જગ્યાએ આ તપાસનું ટ્રાન્સફર કરીએ ત્યાં હાજર રહેવું પડશે, અને અનીશ્ચીત વખત

સુધી આવી તપાસો લંબાવવાથી પરીણામ તરીકે ઘણીજ અગવડતા થ‍ઈ સે. અમારી નજરમાં એમ આવે છે કે તપાસની ટરાન્સફર કરવાથી જે બને એવી અગવડતા તે સાલીમમાં તપાસ ચાલવાથી જે અગવડતા થાય તેના કરતાં વધારેછે. અમે અરજદારની અરજ મંજુર કરતા નથી અમારી રૂબરૂ જમીનદાર કઇલાસ ગવુડનના વીરૂધ કામનું રેકડ નથી. અને તેના સબંધી અરજીનો ફેંસલો કરવાને શકતીવાન થવાને રેકડ અમારે મંગાવવો જોઇએ.

જસ્ટીસ કર્નાનઃ—અમે એટલું કહેવા માગીએ છીએ કે માજીસ્તરેટ શાક્ષીઓની જુબાની મુલતવી રાખીને અને તપાસ મોકુફ કરીને અને કેદીઓને ફરીથી કેદમાં મોકલીને ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૯૪ પ્રમાણે વરત્યા છે તેથી જે "વ્યાજબી કારણ"ને લીધે આમ કરવાની જરૂર પડી અથવા દુરસ્ત લાગ્યું તે રેકડ ઉપર ખુલી રીતે જણાવવાને બંધાએલા છે. વ્યાજબી કારણ છે એ બસ નથી. (મારા ફેંસલામાં અને અમારે વાસ્તે કહીએ તો) પણ આવું કારણ કહેવું જોઇએ કે દીઓને આવું શું કારણ છે તે જાણવાને હક છે. અને રેકડમાં કહયા શીવાય જે કારણથી માજીસ્તરેટને અશર થઇ તે વ્યાજબીછે કે નહી તેને વીશે અપીલ કોરટ અભીપ્રાય બાંધી શકે નહી. મી૦ ગ્રાંન્ટે જે કામોના ઠરાવ બતાવ્યા તેના હેતુઓ અમે સંપુરણ રીતે માન્ય કરીએ છીએ. કેટલાક વખત સુધી અમને શક હતો કે આવું વ્યાજબી કારણ માજીસ્તરેટે કહેલું છે કે નહી.

સેરો એવો છે કે વધારે પુરાવો મેળવવાને વાસ્તે સાક્ષીઓની જુબાનીઓ લેવામાં ઢીલ રાખવી એ જરૂરીઆત જણાય છે. જો કાંઇ પણ પુરાવો રજુ કરવામાં આવ્યો હોત જેથી અમે. એમ સમજીએ છીએ કે લખેલો પુરાવો રેકડ ઉપર જે હોય તે ત્યારે તો શેરો કરવો એ સારૂ થાત. પણ ખરી રીતે કાંઇ પુરાવો રજુ કરવામાં આવ્યો નથી. અથવા તો તપાસ કરવી શરૂ કરી નથી. એમ છતાં પણ માજીસ્તરેટે અમને ખબર આપી છે કે પેહેલો અને બીજો કેદમાં પાછો મોકલવાનો હુકમ કરવામાં આવ્યો હતો તે પેહેલાં કેદીઓના ગુનાહનો વ્યાજબી વેહેમ ઉતપન કરવાને જે પુરાવો જોઇએ તે હાજર હતો પણ ખબર આપી છે કે માજીસ્તરેટને બધો પુરાવો એકદમ રજુ થવો જોઈએ. એ દુરસ્ત લાગ્યું અને આ જો રેકડ ઉપર લખવામાં આવ્યું હોતતો થોડા વખત સુધી તપાસ મોકુફ રાખવાને અને કેદમાં પાછો મોકલવાને વાસ્તે વ્યાજબી કારણ થયું હોત તેથી અમે એમ કહેવાને તઇયાર નથી કે તે સેરો જો કે

નામનો છે તોપણ વ્યાજબી કારણ બતાવતો નથી. આમ હોવાથી કેદીઓ ને પેરામાં રાખ્યા છે તે કાયદેસર છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ સપટેંબર સને ૧૮૮૨

સર ચાર્લસ એ ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને જસ્ટીસ કરનાન સાહેબોની રૂબરૂ.

પોતુંસામી ચેતી વીગરે વીરૂધ માહારાણી.

ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો—જામીન—કેદમાં પાછું મોકલવું—જામીન લેવાની ના પાડતાં પહેલાં પુરાવો લેવાની જરૂર.

જયારે કોઇ તોહેમતવાળાને માજીસ્તરેટની રૂબરૂ પહેલો રજુ કરવામાં આવે અને ફરીઆદીને તેને કેદમાં પાછો મોકલવાના હુકમની જરૂર પડે તો પોલીશ ઓફીસરના પુરાવાથી એમ બતાવવામાં આવે કે પોલીસને ભરૂસો રાખવા લાયક ખબર કે તોહોમતવાળાએ ગુનહો કરેલો છે એમ મળેલી છે તે બસ છે પણ જયારે તોહોમતવાળાને ફરીથી કેદમાં મોકલ્યા પછી રજુ કરવામાં આવે અને બીજી વખતે કેદમાં પાછો મોકલાના હુકમની જરૂર પડે તો તોહોમતવાળાના ગુનહાનો શીધો પુરાવો માજીસ્તરેટને તેને આપેલા જામીન નહી લેવામાં વ્યાજબી ઠરાવવાને જોઇએ છીએ. અને દરેક આવા હુકમની સાથે ગુનહાના પુરાવાની રજુવાતની જરૂર ઘણી મજબુત થતી જાય છે.

પ.નું ૬૯ તા૦ ૧૬ આગસ્ટના રોજ સાલીમના બખેડાની અંદર ખુન અહલાહ અને બીજા ગુનહાઓની ઉશકેરણી કરયાનુ અરજદારો ઉપર તોહોમત મુકીને વારંટથી પકડીને જીલા માજીસ્તરેટની રૂબરૂ તા૦ ૩૧ મી અગષ્ટ અને તા૦ ૮ અને તા૦ ૧૩ મી સપટેમ્બરના રોજ રજુ કરવામાં આવ્યા હતા, અને દરેક વખતે માજીસ્તરેટે કાંઇ પુરાવો લીધા શીવાય તોહોમતવાળાએને પાછા કેદમાં મોકલ્યા અને તેમને જામીન ઉપર છોડવાનો ના કહી માજીસ્તરેટે તોહોમતવાળાઓને કેદમાં પાછા મોકલ્યાને વાસ્તે જે કારણો લખેલાં છે તે નીચે પ્રમાણે છે.

(૧) વધારે પુરાવો રજુ થાય તેને વાસ્તે સાક્ષીઓની જુબાની લેવી બંધ રાખવી એ અગતનું માલમ પડે છે.

(૨) વધારે પુરાવો કેદમાં પાછા મોકલ્યાથી મળસે એમ ઘણું કરને લાગે છે.

તા૦ ૨૨ મી સપટેમબરના રોજ મી૦ ગ્રાંટે હાયકોરટને (ચીફ જષ્ટીશ ટરનર અને જષ્ટીશ કરનાંન) અરજદારોને છુટા કરવાને અરજ કરી.

સરકાર તરફથી મી૦ વેડરબર્ન.

ચીફ જષ્ટીશ ટરનર સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

અમને દીલગીરી થાય છે કે પ્રોશીડીંગમાં ગેર કાયદાપણું ધ્યાનમાં લેવાને જરૂર પડી છે. જ્યારે તોહોમતવાળાઓએ પકડયા પછી જામીનને વાસ્તે અરજી કરી. ત્યારે કાંઇ પણ પુરાવો માજીસ્તરેટે લેવો જોઇએ. જે ઉપરથી માજીસ્તરેટ પોતાનુ ડાહાપણુ વાપરીને ન્યાયને વાસ્તે તોહોમતવાળાઓને પેરામાં રાખવે. કે નહી એ જરૂરનું છે તે નકી કરી શકે. અમે ધારીએ છીએ કે પેહેલીજ વખતે જ્યારે તોહોમતવાળાઓને રજુ કરવામાં આવ્યા છે ત્યારે તેમનું તોહોમતનામું બારીકાઇથી જોવું એ જરૂરનું નથી. સાધારણ રીતે પોલીશ ઓફીસરનો પુરાવો કે એ ગુનહો કરવામાં આવ્યો છે એવી જે ખબર પોલીસને મળી છે અને જે તેઓ ભરૂંસો રાખવા લાયક માનેછે તે બતાવવું બસ છે. જ્યારે કેદમાં મોકલ્યા પછી પાછા તોહોમતવાળાઓને રજુ કરવામાં આવે ત્યારે જે ગુનહાનું તેમના ઉપર તોહોમત મુકવામાં આવ્યું છે તે સબંધી કેટલોક લગતો પુરાવો માજીસ્તરેટે જામીન લેવાની ના પાડી એ વ્યાજબી ઠરાવવાને જોઈએ છીએ. અને દરેક પાછા મોકલવાના હુકમની સાથે અટકળની શાબેતીની રજુવાત ઘણીજ મજબુત થતી જાય છે.

તોહોમતવાળાઓને તા૦ ૩૧ મી અગષ્ટના રોજ પકડવામાં આવ્યા હતા. અને જો કે તે દીવસે તા૦ ૮ સપટેબરે અને તા૦ ૧૩ મી સપટેબરે તેમને માજીસ્તરેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યા હતા તોપણ તેમની વીરૂધ પુરાવો આપવામાં આવ્યો નથી પણ કેદમાં પાછા મોકલવાનો હુકમ માગેલો તે મંજુર કરેલો અને જામીન લેવાની ના પાડેલી એમ છતાં પણ તે કામ જુદુજ થઇ જાય છે. તે કામ માજીસ્તરેટની હાથથી સ્પેસીઅલ માજીસ્તરેટની ફાઇલ ઉપર ગએલું છે. અને તપાસ ઘણીજ હુસીઆરીથી જારી રાખવામાં આવેલી છે અને પુરાવો લેવાયછે.

આ હકીકતથી અમારી નજરમાં આવે છે કે આ કોરટે, જે પુરાવો હમણાં અપાય છે તે પુરેપૂરો લેવાય ત્યાં સૂધી હાથ ઘાલવો નહી અને સ્પેશીઅલ માજીસ્તરેટને બધા તોહોમતવાળાઓને અથવા એક તોહોમતવાળાને જામીન ઉપર પોતાનુ ડહાપણુ વાપરીને કાયદેસર છોડી મુકવા કે નહી તેનો વીચાર કરવાને જોઇતો લાગ હતો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ અગસ્ટ સને ૧૮૮૨

મી૦ જષ્ટીશ મતુસામીઆયર અને મી૦ જષ્ટીશ ટારંટ.

મહારાણી વી૦ વીલેયુદામ પીલેઇ

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૬૭—તાલુકાના સેકંડ કલાસ માજીસ્તરેટે પોલીસને ખોટી ખબર આપ્યાને વાસ્તે કામ ચલાવવાની મંજુરીનો હુકમ જે કરેલો તે ગેરકાયદે છે.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૬૭ ના અર્થ પ્રમાણે પોલીસ સ્ટેશનના તાલુકાનો સેકંડ કલાસ માજીસ્તરેટ ઉપરી અમલદાર નહી હોવાથી હીંદુસતાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ પ્રમાણે જમાદારને ખોટી ખબર આપ્યાને વાસ્તે ફરીઆદ ચલાવવાને મંજુરીનો હુકમ કરી શકે નહી.

પાનુ ૧૪૬ તા૦ ૨૭ જાનેવારી સને ૧૮૮૧ ને રોજ શેલામાદેવીનીપેર માઇએ પોલીસને એવી ફરીઆદ કરી કે યગાપીલાઇ વીગરે તેના ઘરમાં પેઠા અને તેની પાડી લેઇ ગયા. એજ રીતનો વીલેયુદમ પીલે જે ગામના મુનસફનો બાપ થાય તેણે પોતાના છોકરાની ગેરહાજરીમાં પોલીસને રીપોટ કરેલો હતો. તપાસ કરીને જમાદારે આ કામ જુઠું છે એવો રીપોટ કરયો અને ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૧૭ પ્રમાણે તાલુકા માજીસ્તરેટને બતાવેલું તોહોમત નામું મોકલ્યું અને આ કામ ફાઇલમાંથી કાહાડી નાંખવું જોઇએ એવો તે માજીસ્તરેટે હુકમ કરયો તે દરમીયાનમાં પેરમાઇની છોકરીએ લાગલીજ તા૦ ૧ ફેબરવારી સને ૧૮૮૧ ના રોજ એજ તરેની ફરીઆદ તાલુકાના માજીસ્તરેટને કરી આ ફરીઆદની અરજી પોલીશના રીપોટઉપર આધાર રાખીને કાહાડી નાંખવામાં આવી હતી આગાપીલેઇએ પછીથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ મી પ્રમાણે એલેઇએ અને વીલેયુદમ પીલેઇએ ગુનહો કરયાને વાસ્તે તેમના ઉપર ફરીઆદ ચલાવવાને તાલુકા માજીસ્તરેટને અરજી કરી. અને મંજુરીનો હુકમ મેળવ્યો.

આ કામ ફેંસલો કરવાને માટે સેદુરના સબ માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવ્યું હતુ તે માજીસ્ત્રેટ સાહેબે એલેઇના ઉપર ગુનાહની સાબેતીનો ઠરાવ કરયો પણ વીલેયુદમ પીલેઇને છોડી મુકયો એવા કારણથી કે જે રીપોટ તેણે મોકલ્યો હતો અને જે ખોટો છે એમ બતાવવામાં આવેલું છે તે પોલીસને મોકલવામાં આવ્યો અને માજીસ્તરેટને મોકલવામાં આવ્યો નથી અને તેના ઉપર કામ ચલાવવાની મંજુરીનો હુકમ તાલુકા

માજીસ્તરેટે કરેલો છે અને જેવી રીતે ફોજદારી કામ ચલાવવાની રીત ના કાયદાની કલમ ૪૬૭ પ્રમાણે પોલીસ ખાતામાં જમાદારના ઉપરી અમલદારે કરવો જોઇએ એમ થએલું નથી.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે ટ્રચીનાપોલીના જીલ્લા માજીસ્ત્રેટે આ કામ હુકમ થવા સારૂ હાઇ કોરટમાં મોકલેલું છે એવા કારણથી કે વીલેઇદમને છોડી મુકયો એ ગેરકાયદે છે.

કાઉનશીલર રાખવામાં આવ્યા નથી.

કોરટે (મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ ટેરંટ) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૨ પ્રમાણે પોલીસને જાહેર કરેલી હકીકતને વાસ્તે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૧૭ પ્રમાણે બતાવેલું તોહોમત જે તેમણે હાવાં માજીસ્ત્રેટને મોકલેલું તેમાં આ હકીકતનો સમાસ કરેલો તેને વાસ્તે ફરીઆદ ચલાવવાનો તાલુકા માજીસ્ત્રેટનો મંજુરીનો હુકમ બસ છે કે નહી અથવા તો તે ફરીઆદ ચલાવવાનો મંજુરીનો હુકમ પોલીસ ખાતાના અમલદારે કરવો જોઈએ કે નહી એ સવાલ આ કામમાં છે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૭ ના અરથ પ્રમાણે જમાદારનો ઉપરી અમલદાર તાલુકા માજીસ્તરેટ છે એમ અમને લાગતુ નથી. તેથી નીરદોશ ઠરાવ્યાનો હુકમ વ્યાજબી છે માટે અમારે તેમાં હાથ ઘાલવાને ના કહેવી જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૯ ફેબ્રવારી સને ૧૮૮૩

સર ચારલસ અ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ કીંડસલી સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ મતુ રેદી વીગરે.

સને ૧૮૫૮ ના મદ્રાસ આકટ ૧ લાની કલમ ૨ જી પ્રમાણે મેહેનત કરવાની જરૂર પાડવી—મજુરી વગરના લોકો.

જે માણસો હાથની મેહેનત કરવામાં હમેશ કામ લાગે છે જો તેવો તેજ વખતે બીજાને મેહેનતમાં લગાડનાર માણસો હોય તોપણ શું (૧૮૫૮ ના આકટ ૧ લા મદ્રાસ)ના કલમ ૨ જીમાં જે વર્ગ મજુરનો કહેલો છે તેમાં તેનો સમાવેશ થાય છે.

પાનું ૧૯૯   સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના

કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે તા૦ ૨૫ અકટોબર સને ૧૮૮૨ ના રોજ હઇ કોરટે આ કામના કાગળ મંગાવ્યા.

કેદીઓના ઉપર સને ૧૮૫૮ ના આકટ ૧ (મદ્રાસ)ની કલમ ૨જી પ્રમાણે મંગલગીરીના સેકન કલાસ માજીસ્તરેટે કીસના નદીમાં રેલ આવવાથી તે નદીના કીનારાગાં જે બાકાં પડી ગએલાં તે પુરાવાનું કામ કરવાને ના પાડવાથી અને એક રેવન્યુ ખાતાના સીપાઇને મારવાને વાસ્તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૨૩ પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ કરયો. અને પંદર દહાડાની આસાન કેદનો હુકમ કરવામાં આવ્યોછે નંબર ૧ ના કેદીના રૂ. ૧૦—૦—૦ દંડ કરવાગાં આવ્યા છે.

અપીલમાં જોઇટ માજીસ્તરેટે આ શીક્ષના હુકમો મંજુર રાખ્યા.

નીચલી કોરટને જે હકીકત માલમ પડી તે એ છે કે તા૦ ૮ અગસ્ટને રોજ સેકન કલાસ માજીસ્તરેટે દીપોટી તેશીલદાર તરીકે આ કેદીઓ અને બીજા ૩૭ માણસો જેમને રેવન્યુ ખાતાના સીપાઇઓએ એકઠા કરયા હતા તેમને અને પોલીસને તેમના ગામથી સીતાગરામમાં રેલથી કીસના નદીના કીનારામાં જે બાકાં પડી ગએલાં તેમાં કામ કરવાને જરૂર પાડી ત્યારે આ કેદીઓએ તેમ જવાની ના પાડી ને એક સીપાઇના ઉપર હુમલો કરયો અને તે ટોળું નાસી ગયું. અપીલમાં કેદીઓએ એવી તકરાર કરી કે સને ૧૮૫૮ ના પેહેલા આકટની કલમ ૨ ના અરથ પ્રમાણે અમે મજુર વરગના માણસો નથી. પેહેલા કેદીએ રૂ. ૧૦૦ આપ્યા અને નંબર ૨ ના કેદીએ રૂ. ૪૦ હપતાગાં આપ્યા અને પેહેલાએ કેટલાક નોકરોને કામે લગાડેલા છે. રીદી જાતના બંને ખેડુતો છે.

જોઇંટ માજીસ્તરેટે ઠરાવ્યું કે બંને મજુર વરગોના છે.

સરકારી વકીલ (મી૦ શેપર્ડ) ગુનાની સાબેતીના ઠરાવને આધાર આપવાને હાજર થયા. કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.—

સને ૧૮૫૮ ના પેહેલા આકટમા કહેલા "મજુર વર્ગો"થી અમે જે માણસો પોતાનું કામ મુજુરી લઇ ભાડે કરે છે તે માણસો એકલાજ ન પણ જે માણસો હમેશાં હાથની મેહેનત કરે છે જો કે તે માણસો ને કામે લગાડતા હોય તોપણ મજુર વરગનાછે એમ સમજીયે છીયે.

જેવી રાતે હમે એ શબ્દોનો અરથ કરેલો છે તેવી રીતે નોહોગત ળામાંનો એક મજુર વર્ગનો મેંબર તરીકે ધારી શકાય કે નહી એ નક્કી કરવાને અમારી રૂબરૂ જોઇતી હકીકત જે મદદ પબ્લીક ઓફીસરોને લેવાનો હક છે તે મદદ મેળવવાને કાંઈ પણ ઇલાજ કરવામાં આવ્યો હતો એ ખુલુ નથી. સને ૧૮૫૮ ના પેહેલા આકટ પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયમ રખાય નહી પણ નોહોમતવાળાઓએ ઇજા કરીછે એ

મ બતાવવામાં આવ્યું છે તેથી તે ગુનાહને વાસ્તે તેઓના ગુનાહની સાબેતીના ઠરાવમાં હાથ ઘાલવાની જરૂર નથી. માટે સાક્ષીના હુકમો સખત નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૯ ફેબરવારી સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ ટરનર નાઈટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીશ કીંડરસલી સાહેબોની રૂબરૂ.

ચાર્લસ સ્નેલ અને અલેકઝાંડર સેકન્સ વી૦ માહારાણી સાહેબ

રેલવે આકટની કલમ ૨૬—નુ ઉલંઘન—અચાનક બનાવ—જવાબદારી.

જે પરીણામો નીયમ તોડવાથી પ્રતક્ષરીતે થતા નથી પણ નીયમ તોડવાથી જે ભય થાય છે તેથી સને ૧૮૭૯ હીંદુસ્થાનના રેલવે અકટની કલમ ૨૬ પ્રમાણે ગુનાની સાબેતીના જવાબદારી થાય છે.

પાનુ ૨૦૧ શીરીંગાપટમ ફોર્ટ અગાડી માસોર સ્ટેટ રેલવેમાં એક બેલાસ્ટ ટ્રેન અને એક ઠેલી મુકેલી ગાડી તા૦ ૨૭ અકટોબર સને ૧૮૮૨ ને રોજ અથડાઇ અને તે ટરેનના તે કેદીઓ ગાર્ડ અને ડરાઇવર હતા.

શીદા નામનો કોલી જે ગાડીને ઠેલનો હતો તેનું મોત થયું હતું.

"ખુલ્લા રસ્તાનું" સરટીફીકેટ લીધા સીવાય શીરીંગાપટ્ટ, સ્ટેશનમાંથી ગાડી હાકયાને વાસ્તે સને ૧૮૭૯ ના આ૦ ૪ થાની કલમ ૨૬ પ્રમાણે તે કેદીઓના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હતું. યુરોપીઅન બ્રીટીશ રઇઅતનો હકનો દાવો રાખવાથી તેમની તપાસ કર્નલ પીઅર્સ જે જસ્ટીશ ઓફ્ધીપીશ અને માઇસોરના જીલા માજીસ્તરેટ છે તેમણે કરેલી છે. સ્ટેશન છોડતાં પેહેલાં સ્ટેશન માસ્તર પાસેથી લખેલો અધીકાર લેવો જોઇએ. એવું જે રૂલમાં ઠરાવેલું છે તેનું ઉલંઘન અમે કરયું છે. એમ કેદીઓએ કબુલ કરયું.

ગુનાની સાબેતીનો ઠરાવ કરવામાં આવ્યાથી અને બે મહીનાની સખ્ત મજુરી સાથે કેદનો હુકમ કરવામાં આવ્યાથી તેઓએ હાઇકોરટને નીચેના કારણોથી અપીલ કરી.

(૧) જો તેમણે સરટીફીકેટને વાસ્તે અરજ કરી હોત તો તેમને એક મળી સકત કારણ કે લાઇન સાફ છે કે નહી તે વાતની સ્ટેશન માસ્તરને ખબર નોહોતી.

(૨) તે ગાડીને એક પડખે મુકી દેવાનો હુકમ કરવામાં આવ્યો

હતો અને આ હુકમનું ઉલંધન કરવામાં આવ્યાથી એ અચાનક બનાવ બન્યો હતો.

(૩) એ રૂલ કદી અમલમાં લાવવામાં આવેલો નથી અને આ વખતે સ્ટેશન માસ્તરે મોઢેથી ચલાવવાની રજા આપી હતી તેથી તે લાઇન સાફ છે એવી ધારણાથી સ્ટેશન છોડીને ગાડી ચાલી.

અરજદાર તરફથી મી૦ જોહાનસ્ટન.

માઇસુરના સરકાર તરફથી મેનાકશીઆયર.

કોરટે (મી૦ જષ્ટીશ ટરનર ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ કીંડરસ્લી) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

જેવી રીતે કાયદાથી ઠરાવેલું તેવી રીતે મંજુર કરેલા અને જાહેર કરેલા સામાન્ય કાયદાથી એમ બતાવવામાં આવેલું છે કે બેલાસ્ટ ટરેનના ગાર્ડ અને ડરાઇવરે જે લાઇનમાં ગાડીને અટકાવવાનો રીવાજ છે ત્યાં સ્ટેશનની અંદર ટરેનને અટકાવવી જોઇએ અને જયાંસુધી ગાર્ડને સ્ટેશ માસ્તર પાસેથી લાઇન ક્લીઅર સરટીફીકેટ મળે ત્યાંસુધી તે ટરેનને સ્ટેશન છોડવું નહી.

તા૦ ૨૭ અકટોબરને રોજ અપીલવાળાઓએ આ રૂલનું ઉલંધન કરયું એ વળી બતાવવામાં આવેલું છે અને એમ કરવાથી શીરીંગાપટ્ટમ અને ફરેન્ચરોકસના સ્ટેશનો વચ્ચે જે માણસો રેલવેનો ઉપીયોગ કરતા હોય તેમના સહીસલામતપણાને જોખમમાં તેમણે નાખ્યું તે વીસે કાંઇ શક રહી શકતો નથી.

તોપણ જો કે આ કાયદાનું ઉલંધન થતું એવો જો ભરૂંસો રાખવા લાયક પુરાવો છે તો કાયદાનું ઉલંધન હમેશ થતું એ તોહોમતનો જવાબ નથી. અને તે કાયદાને માન્ય કરવાથી આ અચાનક બનાવને અટકાવ થાય નહી એ પણ તોહોમતનો જવાબ નથી. જે પરીણામો તેમની કશુરથી ખુલી રીતે થયાં એમ ગણી શકાય તેને વાસ્તે નહી પણ તેનાથી થતા ભય અથવા જોખમને વાસ્તે અપીલવાળાઓ ઉપર ગુનાની સાબેતીના ઠરાવને અરજદાર લાયક છે. શીક્ષાના હુકમ ગેરશીરસ્તે સખત નથી. અપીલ કાહાડી નાખવામાં આવી.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ

તા૦ ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૭, ૨૮ નવેંબર અને તા૦ ૧, ૨, ૪ ડીસેંબર સને ૧૮૮૨ અને તા૦ ૩ જાન્યુઆરી સને ૧૮૮૩

સર ચાલેશ એટરનર, નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ મુન્સ અને મી૦ જસ્ટીશ કીંડરસ્લી સાહેબોની રૂબરૂ.

શુદ્રામચેતી વીગેરે મહારાણી સાહેબ તથા પોનુંસાંમી ચેતી વીગરે વી૦ મહારાણી સાહેબ.

સારવજનીક બંદગી—સાર્વજનીક મોહોલામાં વરઘોડા—એક બીજા વીરૂધ હકો—સુલેહનાભંગની ધાસ્તી રહે—ત્યારે માજીસ્તરેટની ફરજ.

ધર્મ સબંધી પૂજા અગર ક્રીયાઓને વાસ્તે ભેગા થયેલા માણુસોનું ખાસ રક્ષણ કરવાની બાબતમાં કાયદામાં ખાનગી પુજા કરતાં બધા માણુસોએ ભેગા થઇને કરવાની પૂજા કાયદામાં કહેલી છે તેથી બીજા માણુસોના હક ગેરવ્યાજબી રીતે ઓછા કરાય નહી એટલા માટે વખતે તેઓ હમેશાં આરાધનાને વાસ્તે એકઠા થાય છે તેની ખબર માજીસ્તરેટને અગર પોલીસને આ સમુદાયે આપવી એ વ્યાજબી રીતે જરૂરનુંછે.

તેઓની આરાધના કરવાની જગ્યા પવીત્ર છે એ બાનાથી અગર તો તે જગ્યામાં રાત દહાડો આરાધના થયા કરેછે એ બાનાથી બીજી જાતને સારવજનીક મોહલામાં વરઘોડા લઇ જવાનો હક લઇ લેવાનો કોઇ જાતને અખ્તીઆર નથી.

એક જાત બીજી જાતને સારવજનીક રસ્તાનો વરઘોડાને વખ્તે ઉપીયોગ જેને વાસ્તે તકરાર ઉઠી છે, તે કરતાં અટકાવવાનો પ્રયત્ન કરવાથી સુલેહનો ભંગ થાય છે તે વખતે માજીસ્તરેટની ફરજોનો વીચાર કરવામાં આવ્યો છે.

મથીઆલુ ચેતી વીરૂધ બાપુન સાહેબના કામના ઠરાવમાં કહેલા નીયમો તપાશી સમજાવીને મંજુર રાખવામાં આવ્યા હતા.

પાનુ ૨૦૩ તા૦ ૧૬ અગષ્ટ સને ૧૮૮૨ ને રોજ સાલેમના એડીશનલ સેશન્સ જડજ સાહેબે, કેલંડરમાં નંબર ૧ લાના અને ૨ જાના કામમાં મદદ કરયા બાબતે સાલેમના પરાશીવાઇપીટમાં એક મસીદને લાહ લગાડવા વાસ્તે પંદર માણુસો ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ કરયો.

બધા કેદીઓએ હાયકોરટને જે અપીલો કરેલી તેની સુનાવણી ત્રણુ જડજોના ફુલબેંચે તા૦ ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૭ અને ૨૮ નવેંબર સને ૧૮૮૨ ને રોજ અને તા૦ ૧, ૨, ૪ થી ડીસંબર સને ૧૮૮૨ ને રોજ કરેલી હતી. તા૦ ૯ મી જાનેવારીને રોજ ફેંસલો આપવાનું નક્કી કરયુ હતું.

કેદી તરફથી મી૦ સ્પીગબરેનસન અને મી૦ ગરેન્ટ.

સરકાર તરફથી સરકારી વકીલ (શેપર્ડ) અને મી૦ વેડરબર્ન

આ રીપોર્ટ સબંધી શેશન જડજ સાહેબના ફેંસલાનો અગત્યનો ભાગ નીચે પ્રમાણે છે.

" તા૦ ૧૬ અગસ્ટના હુલ્લડના કારણ સબંધી બરોબર નીસ્ચે કરવાને, એ મશીદનો જ્યારથી એ પેહેલી શરૂ થઇ ત્યારથી તે અત્યાર સુધીનો ઇતીહાસ શોધી કાઢવાની ઘણી જરૂર છે અને એ ધીમે ધીમે વીગતવાર કરવું સગવડ પડશે.

એ મસીદની સ્થાપના—સને ૧૮૭૫ ના મે મહીનામાં સેવેઇપીટના મુસલમાંનોએ મસીદની સ્થાપના કરવાની રજા મલવાને અરજ કરી હતી અને હીંદુઓએ હરકત લીધી હતી આ અરજી ઉપરનો છેવટનો હુકમ રેકડમાં નથી પણ તે રજા સને ૧૮૭૬ માં કલેકટર મી૦ લેંગલીએ આપી નોહોતી. સને ૧૮૭૮ માં મુસલમાનોએ ફરીથી અરજી આપી અને તે વખતે હીંદુઓએ સામી અરજી આપી હતી મી૦ લેંગલીએ સને ૧૮૭૮ ની તારીખ ૧૭ જાનેવારીને રોજ જે સાહેબે એ બાબતમાં ખુલી રીતે જતન કરેલું હતું તેમને આ મશીદની સ્થાપના કરવાથી હીંદુઓને કાંઇ હરકત થશે નહીં. અને બીજા આવતા જતા વરઘોડાને પણ હરકત થશે નહીં એવું ધારીને એમને રજા આપીને મુસલમાંનોના લાભમાં હુકમ કરયો અને સરકારના તા૦ ૯ મેએ સને ૧૮૭૪ ના હુકમ મુજબ આ મકાનમાંથી વરઘોડો જાય અને આવે ત્યારે તે વરઘોડાની અંદરનાં વાજીંત્રો બંધ રાખવાં એવો હુકમ તે વખતે કરવામાં આવ્યો હતો, તા૦ ૨૧ જાનેવારી સને ૧૮૭૮ ના રોજ હીંદુઓની અરજી મી. લેંગલીએ ના મંજુર કરી એવું કારણ બતાવીને કે મુસલમાંનોની પેહેલી અરજી રદ કરવામાં આવી હતી કારણકે જે જગા પ્રસંદ કરવામાં આવીછે તે જગા આગળ નદી ઉપર પુલ બાંધવાનો વીચાર ચાલતો હતો પણ જરૂર પડે વાપરવાનો રસ્તો કરવામાં આવ્યો હતો તેથી તે કારણ ચાલતું નથી અને મુસલમાંનોએ નવી ઇમારતોને વાસ્તે સાધનો એકઠાં કરયાં હતાં અને જે જગા ઉપર તેવોએ ઇમારત બાંધવાનું ધારયું હતું તેની પાસેના નાની ઇમારતમાં ત્રણ વરશથી તેઓ નીવાજ પડતા હતા અને મયુન્શીપાલ કમીસનરોની અને બીજાઓની સલાહ લેવાથી તેઉ સાહેબનો અભીપ્રાય એવો થઓ કે મુસલમાંનોની અરજ વાજબી છે અને હીંદુઓની સામી અરજી સારવજનીક ઇલાજોની વીરૂધ ખુબ પાડાના સ્વભાવથી કરવામાં આવી છે. હીંદુઓનું કેહેવું બીલકુલ કારણ વગરનું છે કે નહીં એનો આપણે થોડો વીચાર કરવો જોઇએ મુસલમાનોએ પ્રસંદ કરેલી જે જગા નદીના કીનારા પાસે છે તે જગા પ્રખ્યાત છે. ત્રણ રસ્તાઓ, એક ઉતરમાંથી અને બે પશ્ચીમમાંથી

વલીને એક ખુલ્લું ચોગાન મેદાન થાય છે તેવોથી નદી ઉપરનો જરૂર વખતનો રસ્તો કાંઇક શીધો નીકળે છે. જો મશીદ બનાવવામાં આવે તો તેની બંને બાજુ તરફ સરીઆમ રસ્તો જેમાં હીંદુઓના વરઘોડાનો રસ્તો છે તે આવે છે. પસંદ કરેલી જગાની પુરવ દીશાની બાજુએ પડતર જમીન છે જેના ઉપર હીંદુઓનું ઉજડ દેરૂં છે કુંઅને એક નાહાનું ગણેશનું દેહેરૂં છે, અને ત્યાંથી નદી ઉપર જવાનો ઘાટ અગર પગથીઆં છે. જે જગો પસંદ કરવામાં આવેલી છે તે વીશે હીંદુઓની જે હરકત છે તે ધર્મના વીચારથી કરવામાં આવેલી હોય તોપણ તે પાયા વગરની નકી નથી. મી૦ ફુકસની ઘણી રશીદ ઇયાદ છે તે પુરાવમાં છે તે ઉપરથી જણાય છે કે બીજા દેહેરાઓના વરઘોડો ચડાવી લેઇ જવામાં આવે છે ત્યારે તે વરઘોડા આગળ તે રસ્તાથી દુર શદરહુ ગણેસનું મંદીર છે. તે મંદીર આગળ ગાયન અને નાચ થવોજ જોઇએ. જો કે તે મશીદની પુર્વ બાજુએ જવા આવવાના રસ્તાનો દાવો રાખવામાં આવ્યો છે. તોપણ તે મશીદ બાબતનો મુકરદમો મુથીઆળુ ચેતી વીરૂદ્ધ બાપુન સાહેબનો ચાલેલો હતો. તેમાં આ બાબત કાંઈ બતાવવામાં આવેલું નથી. એ કહેવું અજાયબ છે. અને તે ગશીદની ઇમારત થયા પછી આવી કાંઇ પણ ક્રીયા થએલી હતી એ વીસે કાંઇ પુરાવ નથી. અમારા વીચારમાં એમ આવે છે કે ઘણા વરશથી તે ક્રીયા બંધ પડેલી છે. સને ૧૮૮૧ ના ડીસંબર માસમાં તે તાજી કરવાને કોશીશ કરવામાં આવેલી તે અધીકારીઓએ નકી નવાઇની ગણેલી હતી.

"મશીદનો દાવો—શીવાઇ પેટના આગેવાન હીંદુઓમાંના કેટલાકમાં પેહેલો કેદી હતો. તેણે એવો નીશ્ચે કરયો હતો. કે જીલ્લા માજીસ્ટ્રેટના જે હુકમથી તે મશીદ આગળ થઈને જતાં આવતાં વરઘોડાનું ગાયન બંધ રાખવું એવું ફરમાવવામાં આવેલું છે તે હુકમના બજાવાનપણા બાબત તકરાર કરવી.

હમેશની રીત પ્રમાણે કલેકટરને નોટીશ આપવામાં આવી હતી અને સને ૧૮૭૮ ના નંબર ૨૦૮ નો દાવો સાલેમના જીલા મુનસફની કોરટમાં કરવામાં આવેલો હતો. કલેકટર તથા માજીસ્ટ્રેટને પક્ષકાર કરવામાં આવેલા નહી" હતા. પરંતુ મુખ્ય પાંચ મુસલમાનો ઉપર તે દાવો કરવામાં આવેલો હતો. તા૦ ૨૧ મારચ સને ૧૮૭૯ ના રોજ જીલ્લા મુનસફ કે જે એક હીદુ બ્રામણ છે તેમણે હીંદુઓના લાભમાં એવું હુકમનામું કરયું કે તેઓ જે પ્રમાણે બીજી જગોએ છુટી રીતે ગાયનનાં વાજીંત્ર વગાડતાં વરઘોડા લેઇ જાય છે તે પ્રમાણે વગાડતાં વરઘોડા તે મશીદ આગળ થઇને લેઇ જવાનો તેઓનો હકક છે.

" જીલ્લા કોરટમાં અપીલ કરવામાં આવી. તેથી મુનસફનું હુકમનામું મી૦ હાંનીગટંને ફેરાવ્યું અને તે દાવો કાહાડી નાંખ્યો અને તે બાબતમાં મુખ્યત્વે કરીને તા૦ ૯ મે સને ૧૮૭૪ ના રોજના સરકારના હુકમ ઉપર આધાર રાખવામાં આવ્યો હતો.

પછી હાયકોરટમાં બીજી અપીલ કરવામાં આવી. (સને ૧૮૭૯ ના નંબર ૫૬૮) તેની સુનાવણી તા૦૩૦ જાનેવારી સને૧૮૮૦ ના રોજ થઇ પરંતુ તારીખ ૧૧ અકટોબર સને ૧૮૮૦ ના રોજ સુધી તે ફેંસલો આપવામાં આવેલો નહી હતો. તે ફેંસલાનો અગત્યનો ભાગ સારાઉંસમાં બતાવી શકાય છે, તેમાં ઠરાવવામાં આવ્યું છે કે ધરમની પુજા અગર ક્રીયામાં એકાદા વર્ગના લોકો કાયદેસર રીતે રોકાએલા હોય તેગને હરકત કરવી નહીં, એવો તેઓનો હક્ક કાંયદામાં કબુલ કરવામાં આવેલો છે. તો પણ કાયદામાં જે સખસોનો કાયદેસર કારણથી વાજીંત્ર વગાડતાં જવા આવવાનો ધોરી રસ્તો વાપરવાનો હક્ક છે. તે પછી દીવાની રાહનો હોય કે ધર્મની રૂઇએ હોય તો પણ તે કબુલ કરવામાં આવેલો છે. પરંતુ જ્યારે હકો એક બીજા વિરૂદ્ધ હોય અને માજીસ્ટ્રેટને એવી ધાસ્તી રહેતી હોય કે તોફાન થશે તો તે વીશે સાવધાની રાખવાને માજીસ્તરેટની ફરજ છે. અને જો જરૂર હોય તો વરઘેડો બંધ કરવાને તેમની ફરજ છે. પરંતુ તમામ ગાયનના વાજીંત્ર સાથેના વરઘોડા બંધ રાખવા બાબત એક મોઘમ હુકમ કરવામાં આવેલો હોય તો તે બ્યાજબી નથી, અને કાયદા વીરૂધ છે.

" આ ઉપરથી હાયકોરટે અપીલ કોરટનું હુકમનામું ફેરાવ્યું, અને મુનસફનું હુકમનામું બાહાલ રાખ્યું. પરંતુ તેમાં એટલું દુરસ્ત કરવામાં આવ્યું કે તે હુકમનામામાં "બીજી જગોએ જેમ તેઓ છુટી રીતે જાય છે," એ શબ્દોને બદલે "તમામ કાયદેસર પ્રસંગોએ અને કાયદેસર રીતીએ ધર્મની પુંજા અગર ધરમની ક્રીયા કરવાને મળેલાં લોકો અગર સખસોને હરકત થાય નહીં તે રીતીએ" એવા શબ્દો દાખલ કરવામાં આવેલા છે.

"હાયકોરટનાં ફેંસલાને માન્ય નહીં આપવા જેવું કહેવાને હું કાંઇ પણ મરજી રાખતો નથી. પરંતુ એટલું અવલોકન કરવાને મને પરવાનગી મળવી જોઇએ કે તે ફેંસલામાં પક્ષકારોએ ઉત્પન્ન કરેલા સવાલનો નીકાલ કરવામાં આવેલો નથી. હીંદુઓની એવી ફરીઆદ છે કે શીવાય પેટની મસીદ બનાવવાથી અમારો વરઘોડો લેઇ જવાનો જે હક્ક છે તેને હરકત પહોએલી છે અને જે આબરૂ જુની મસીદોને આપવી પડે છે તે

આ નવી મશીદને આપવી ઘટતી નથી. આ સવાલ બાબત નીચેની બહુ કોરટોએ વ્યવસ્થા કરેલી છે. પરંતુ હાયકોરટ કહે છે કે તે અગત્યનો નથી. હાયકોરટનો ફેંસલો એક સમાધાનના પ્રકારનો છે પરંતુ તેથી એક પક્ષકારને સંતોષ થએલો નથી. કારણ કે તેઓને જે વીચાર કરવાની ટેવ છે તે પ્રમાણે તે નથી. હાયકોરટે એક બીજા વીરૂધના હકો બાબત જે કાયદાનો ઠરાવ કરેલો છે તે આ દેશના લોકોને માટે બેશક કાયદાનો નવો ઠરાવ છે, અને અમારા નમ્ર અભીપ્રાય પ્રમાણે તે કબુલ કરવા લાયક ઠરાવ નથી. અમારી નજરમાં આવે છે કે હીંદુસ્થાનનો સામાન્ય કાયદો લાંબી મુદતના રીવાજથી મંજુર થએલો જે છે તેથી તે કાંઈ ઓછો અગર વધારે નથી એમ મજબુત રીતે આગ્રહ બતાવી શકાતો નથી અને ગમે તેટલી મરીયાદાની સાથે બીજો કોઈ કાયદો દાખલ કરવામાં આવે તો તે કાયદો છે એમ બતાવી આપવામાં આવ્યું એમ થવું નથી. પરંતુ તે કાયદો કરયો થાય છે. હીંદુઓના વાજીંત્ર મુસલમાનોની મસીદો આગળ બંધ રાખવાનો જેવો રીવાજ છે તે લોકોના બંદગી કરવાના દીલ સાથે કાંઈ સબંધ નથી, પરંતુ તેનો આધાર તે ઇમારતના બચાવપણાની જે ધારણા કરવામાં આવેલી હોયછે તે ઉપરનીછે. જે વખતે મુસલમાનોની સતા પ્રબળ હતી તે વખતની તે બાબત રહી ગયેલી ઘણું કરીને છે માટે નીયમ તરીકે તેનો બચાવ બીલકુલ કરવા લાયક ના હોય પરંતુ જો તે રીવાજ હોયતો તેમાં હાથ ઘાલવો એ ઘણુંજ અનીતી ભરેલું છે. જ્યારે સર થોમસમનરો સાહેબને જમણી અને ડાબી બાજુ તરફની ન્યાતો વચ્ચેની ઉત્પન્ન થતી તકરારોનો નીકાલ કરવાનો હતો ત્યારે તેમણે દરેક માણસને પાલખીમાં બેશીને જવાનો હક છે અને તે હક સાચવવો જોઈએ. એવી તકરાર સાંભળવાને તેમણે ડહાપણથી ના કહેલી હતી. તેમણે આ નીયમ ઠરાવેલો છે તે અમારા નમ્ર અભીપ્રાય પ્રમાણે દીવાની કોરટોએ કબુલ કરવો જોઈએ.

સને ૧૮૮૧ ના મારચ મહીનામાં હીંદુઓનો વરઘોડો—તા૦ ૯ મારચ સને ૧૮૮૧ ને રોજ સીવાઈપીટના મુખ્ય હીંદુઓ જેમાં નંબર ૧ લા નો કેદી હતો તેમણે તા૦ ૧૪, ૧૫ અને ૧૬ મારચને રોજ મારી એમા કોવીલને વરઘોડો મશીદ આગળ જતો હતો, તે વખતે અમલદારોનું રક્ષણ મળવાને અરજ કરી, આ અરજનો ફેંસલો કરવાને આશીસ્ટંટ માજીસ્ટ્રેટ મી૦ મુલ તરફ વ્યવસ્થા કરવા સારૂ મોકલેલી હતી જેમાંણે મારીએમાંકોવીલના ટરસ્ટીઓમનો એક જે નંબર ૧ લા નો કેદી તેનો અને મુખ્ય મુસલમાન (ફરીઆદ તરફનો ૨૫ મો શાક્ષી) જેની તકરાર એમ હતી કે એ મસીદ હર વખતે નીમાજ પડવાને ઉઘાડી તીહ તેની

જુબાની લેઇને એ હુકમ તા૦ ૧૩ મારચ સને ૧૮૮૧ ને રોજ લખ્યા. જો વરઘોડાને જવા દેવાની રજા આપવામાં આવે તો સુલેહનો ભંગ થ- શે ને એવું ધારવાના અને ધર્મ સબંધી બંદગીને વાસ્તે મુસલમાંનો ભેગા નહીં થાય એ અશકય છે એવું ધારવા કારણોનાં પેહેલા હુકમમાં લ- ખયા અને હુકમ કર્યો કે તે વખતે વાજીંત્ર વગાડવા. જોઈએ નહીં. બીજા હુકમમાં ૧૩ તેર મુસલમાનના મુખ્ય માણુસો અને ૧૩ તેર હિંદુઓના મુખ્ય માણુસોને સલાહ શાંતી રાખવાને બંધને ક- રવામાં આવ્યું. આ હુકમોને લીધે એકે વરઘોડો ચડેલો નથી. આ હીંદુઓમાના એકે આ હુકમોની ફરી તપાસ કરાવવા માટે એક અ- રજી (ફોજદારી અરજી સને ૧૮૮૧ ના નંબર ૧૬૬ ની) હાઇકોરટને હીંદુઓમાંના એકે કરી હતી. તા૦ ૧૧ જુલાઇ સને ૧૮૮૧ રોજ હાય કોરટે ફેંસલો આપ્યો અને અરજી રદ કરી, કારણ કે વરઘોડાનો વખત જતો રહયો હતો; અને મસીદના કામમાં જે હેતુંઓ કહેલા તે કબુલ ક રયા અને ઠરાવ્યું કે જો મુસલમાનોને નીમાજ પડવાને કાંઇ અમુક કલાક નીમેલી ના હોય તો તેમણે ઠરાવવી જોઇએ. તેઓએ સખત અભીપ્રાય જણાવ્યો કે હાયકોરટનું તે હુકમનામું મુસલમાન સામા થયા વાસ્તે નીરઉપયોગી થવું નહી જોઈએ. તા૦૭ સપટેંબર સને ૧૮૮૧સુધી આ હુકમ જીલ્લા માજીસ્ટ્રેટ (મી૦સ્ટોકસ)ને મળ્યો નહોતો. સને૧૮૮૧ ના નવેં- બર મહીનામાં મી૦ સ્ટ્રોકસે મુસલમાનોની સલાહ લીધી પણ કાંઇ મદદ તેમનાથી મળી નહીં ત્યારે હીંદુઓનો વરઘોડો વાજીંત્ર સાથે જઈ શકે એવા વખત સબંધી ધારા બાંધ્યા.

સને ૧૮૮૧ ના ડીસેંબર મહીનામાં હીંદુઓનો વરઘોડો—સને ૧૮૮૧ ના ડીસેંબર મહીનામાં, ઇન્સપેકટર એમને (૩૧ મો સાહેદી) જુબાની આપી છે તે પ્રમાણે ભદ્રકાળી મારીએમાનકી કોવીલનો પેહેલો વરઘો- ડો મસીદ અગાડી થઇને ગયો તે દહાડે મી૦ સ્ટોકસ હાજર હતા. તેમાં વાજીંત્રો વાગતાં હતાં અને કાંઇ હરકત કરવામાં આવી નહોતી. એમ છતાં પણ ત્રીજે દીવસે નંબર ૧ લાના કેદીએ સરીઆમ રસ્તો છોડવાનો અને નાના ઘડનાળામાં થઈને તે મસીદની પુર્વે બાજુમાં જવાનો પ્રયત્ન કરયો, પણ પોલીસે તેને અટકાવ્યો હતો. આથી કરીને ચોથા દહાડા- નો વરઘોડો અટકાવવામાં આવ્યો હતો પણ એ વરઘેડો પાંચમે દહાડે પાછો જારી કરવામાં આવ્યો હતો. મુકરદમો ઘણો લડયા પછી હીંદુઓ આ બાબતમાં જીત પામ્યા હતા અને તેઓ વરઘોડો ચઢાવ્યો તે મસીદ અગાડી વાજીંત્ર સાથે લેઇ ગયા હતા અને મુસલમાનો હારયા હતા.

તા૦ ૨૮ જુલાઇના રોજનું હુલડ—આ વીશે ઇન્સપેક્ટર જોનસને (૩૩ મો સાહદી] કહેલું છે. વાજીત્ર સાથે ધોબીનો વરઘોડો મસીદ આગળ થઇને જતો હતો ત્યારે સુમારે ૩૦ મુસલમાનો બાહાર ધસી આવ્યા અને તેના ઉપર હુમલો કરયો. તેથી હુલ્લડ થયું. જે તારીખ ૨૯ અને ૩૦ જુલાઇની દરમ્યાન જારી રહ્યું પણ લસ્કરે આવીને તે બંધ કરયું. જે કાગળ નંબર ૧ ના કેદીના ઘરની ઝડતીમાંથી માલમ પડ્યા તે ઉપરથી એમ માલુમ પડેછે કે ૭ મુસલમાનો અને ૫૩ હીદુઓને ઘાયલ કરવામાં આવ્યા હતા. હીંદુઓની અને મુસલમાનોની ઘાયલ થએલી સરખી સંખ્યાના માણસોને ઇસ્પીતાલમાં દાખલ કરવામાં આવ્યા હતા એવી સીવીલ સરજન જુબાની આપેછે પણ ઇનસ્પેક્ટર જોનસન કબુલ કરે છે કે મુસલમાનો કરતાં હીંદુઓ બહુ ઘાયલ થયા હતા.

નંબર પેહેલાના કેદીએ અને સીવેઇપીટમાં મારી એમાકોવીલના તેની સાથેના ટ્રસ્ટીએ તા૦ ૪ અગસ્ટને રોજ એક અરજી જીલ્લા માજીસ્ત્રેટને કરી અને તેમાં અરજ કરીકે તા૦ ૫ થીતે તા૦ ૨૦ અગસ્ટ સુધીનો ઓછવ થઇ રહે ત્યાં સુધી સાલેમમાં જોઇએ તેટલી પોલીસની સંખ્યા અને જો જરૂર લાગે તો લશકરની ટુકડી રાખવી જોઇએ અને વાજીંત્રની સાથે વરઘોડાને જવા દેવાની રજા આપવી જોઇએ. તા૦ ૨૨ જુલાઇના જે હુકમથી વરઘોડો બંધ રાખવામાં આવ્યો હતો તે હુકમ જોવામાં આવ્યો હતો. જીલ્લા માજીસ્તરેટે વાજીંત્રને વાસ્તે મંજુરી આપવા ના પાડી એવા કારણથી કે અમારી પાસે જેટલું લસ્કર છે તેથી જે રક્ષણ માગવામાં આવેલું છે તે થઇ શકે એવું નથી.

* * *

" અમારા અગાડીના ફેંસલા (કેલંડરમાં સને ૧૮૮૨ ના નંબર ૧ લાનુ કામ)માં તકરારી મસીદના ઈતીહાસ વીશે જોઇએ એટલું અને બસ કરતાં વધારે અમે કહેલું છે તેથી જે છેવટ ઠરાવોને અમે હજુ વળગી રહીએ છીએ તે ફરીથી કહી જવા એ ફકત જરૂરનું છે.

" જે જગા ઉપર હાલ મસીદની સ્થાપના કરવામાં આવી છે તે જગા ઉપર એ કરવા દીધી એ નાશવંત ભુલ છે, એવું અમે ધારીએ છીએ. અને આ મસીદ અગાડીથી હીંદુઓના વરઘોડા જાય ત્યારે વાજીંત્ર વગાડતાં બંધ રાખવાને કલેકટરને માથે લેવાને ફકત અમે ધારીએ છીએ કે મુસલમાનોએ સ્થાપના કરવી નહી જોઇતી હતી.

"અમે માનીએ છીએ કે હાઇ કોરટે આ તકરારમાં એક નવી બાબત દાખલ કરી છે. જે રીવાજ ચાલુ છે તેમાં તા૦ ૯ જુન સને ૧૮૭૪

ના રોજ પહેલાં તપાસ કરવામાં આવી હોતતો ફેસલો નીચે પ્રમાણે થાત એમ. માનવાને કારણ છે.

જે હક બાબત મુસલમાનો દાવો રાખે છે તે ફક્ત જુમા મસીદ બાબતછે અને જો કોઇ નવી મસીદ તેઓ સ્થાપન કરવાને પસંદ કરે તે સંબંધી નથી. પણ કલેકટરના હુકમથી તેઓ ખોટું સમજયા છે તેથી હીંદુઓના હકનો અમલ કરવામાં આવે તે પેહેલાં અમે તેમની મસીદ દુર કરવાને વખત આપીશું. આવા હુકમનામાં મુસલમાનો કબુલ કરત અથવા તેઓ ખોટું કરે છે એમ તેઓ સમજત. અમારા અભીપ્રાયમાં એમ આવે છે કે અમલદારોની વીરૂધ ચાલથી એક સરખો હક રાખનાર પક્ષકારોને વધારે ગુસ્સો ચઢે છે અને ઉશ્કેરણી થાય છે.

"તા૦ ૧૧ જુલાઇના રોજનુ હાઇ કોરટનું પ્રોસીડીંગ થયા પછી મી૦ સ્ટોકસને તે કામના અમલ બરોબર રીતે કરયા વીના ચાલે તેવું નહી હતું. હીંદુએ તરતજ નાળુ વધારે પોહોળું કરી વધારે ફાયદો મેળવવાને કોશીશ કરેલી છે અને નવા પસંદ કરેલા મ્યુનશીપાલીટીના સેક્રટરી ફક્ત દેખીતી રીતે હીંદુ લોકોના હક અને હરકનોને માન્ય આપવાને તઇઆર થએલા હતા, માટે તે લાગ હતો.

"પછી શરકારનો તા૦ ૧ જુન સન ૧૮૮૨ ના રોજનો હુકમ આવે છે પરંતુ તે પુરાવમાં નથી. તોપણ પાછળથી મી૦ મેકલીને જે કામ કરેલું છે તેના આધાર તરીકે તે જોવાને અમે બંધાએલા છીએ એમ અમને લાગે છે.

તે હુકમ ઉપરથી સાલમમાં સુલેહ રાખવાને વધારાની પોલીસ મી૦ સ્ટોકસે માગેલી છે તે શાબેત થતું નથી અને માજીસ્તરેટને એવો હુકમ કરવામાં આવ્યો છે કે તમારા કબજામાં જે માણુસો હોય તે આ તોફાન દુર કરવાને બસ નથી, માટે જાંહાં તોફાન થવાની ધાસ્તી હોય ત્યાંહાં તે બંધ કરવા સારૂ દીવાની હકો વાપરવાને તેઓ પોતાનો કુલ અખત્યાર વાપરશે.

"દેસી લોકોની દીલમાં સાધારણ રીતે હાયકોરટના હુકમ અને સરકારના હુકમ નીચે વીરૂધતા માલમ પડેલી છે તેથી થોડાની મોટી વાત થયા વીના રહે નહીં.

"ત્યાર પછી તા૦ ૨૧ જુલાઇ સને ૧૮૮૨ ના રોજનો જીલા માજીસ્તરેટનો હુકમ મારી, અમાનારથના તેહેવારમાં તા૦ ૩ અગષ્ટ સુધી તે મશીદની પાસે હીંદુ વાજીંત્ર વગાડવુ નહી એ મતલબનો છે.

"આ હુકમ ઉપરથી જુલાઇ મહીનામાં તે બખેડો થયો કે શીરીતે તે અમે કહી શકતા નથી. એવી સુચના કરવામાં આવી છે કે હીંદુઓ-

ની તરફથી ઘણોજ ગુસ્સો ઉતપન કરવામાં આવેલો તેથી મુશલમાનો ગુસ્સે થએલા તેને લીધે તા૦ ૨૮ જુલાઇના રોજ તે બખેડો થયો. જોકે ડીપૂટી માજીસ્તરેટની સાહેદી ઉપરથી એમ જણાય છે કે થોડી મુદતની અંદર તે જગોએ કોઇ બે હજાર હીંદુઓ હથીઆર શાથે એકઠા થએલા હતા. તોપણ આ પ્રમાણે છે એમ કહેવાને અમે તઇયાર નથી પરંતુ મુસલમાનો પ્રથમ ઇજાકાર્ક થએલા અને હીંદુઓ તેથી સામા થએલા અને તેને લીધે ત્રણ દીવશ સુધી તે તોફાન થયું. લોહી નીકળેલું હતું. અને મશીદના શવાલ વીશે સલાહ ભરેલી રીતે શમાધાન થાય. તેવી કાંઇ ઉમેદ રહેલી નહીં હતી.

"જુલાઈ મહીનામાં બખેડો કરનારાઓને જે સીક્ષા કરવામાં આવેલી છે તે ઘણીજ ઓછી છે. એકે કામ શેશન કમીટ કરવામાં આવેલું નહીં હતું. જે મુસલમાન મુખ્યત્વે કરીને ગુંથાએલો હતો. એટલે મલબારનો માપીલા તેને ફક્ત એક વરસની કેદની સીક્ષા કરવામાં આવી હતી. પરંતુ ઘણા કમનશીબને લીધે રાજ પ્રકરણી કારણના વીચારથી ઘણા ખરા મુસલમાનો કે જેમને ગુનેહગાર ઠરાવવામાં આવેલા હતા. તેમને અપીલમાં નીરદોશ ઠરાવવામાં આવ્યા હતા. સલગમાં જે ઇનસાફ થએલો હતો તે એક તરફનો થએલો હતો એમ જો કોઇ હીંદુ માનવાને તઇયાર થાય તો તેથી ભાગ્યેજ અચંબો પામી શકાય છે.

"તે મશીદમાં બખેડો થયો તેને બીજે દીવશે એટલે તા૦ ૨૯ જુલાઇ શને ૧૮૮૨ ના રોજ ડેપુટી માજીસ્તરેટે એક પ્રખ્યાત હુકમ કાહાડેલો છે. તેથી શીવાઇપેટના મેહેલાના બજારમાં અગર તે મસીદની નજીકમાં કોઇ હીંદુઓએ કાંઇ વાજીંત્રનો ઉપીયોગ કરવો નહી તથા કાજી અને પેશઇમામ શીવાય મુસલમાનોએ શીવાઇપેટની મશીદમાં બંદગી કરવા જવું નહી એવો પ્રખ્યાત હુકમ કાહાડેલો હતો. આ હુકમ પાછળથી તા૦ ૧૫ અગષ્ટના રોજના જીલા માજીસ્તરેટના હુકમથી રદ કરવામાં આવેલો છે. તે ઘણો મોડો પોચ્યાથી કાંઇ ઉપીયોગનો થયો નથી.

" તા૦ ૪ અગષ્ટ સને ૧૮૮૨ ના રોજ સુદ્રમ ચેતીની અરજી ઉપરથી આ બાબત અણી ઉપર આવી ગએલી હતી. અજ્ઞાન, સમજવાન લોકોને એમ માલમ પડયું હતું કે મુસૈલમાનોએ લઢવાને બતાવેલું છે તેથી તેઓ હવે પછી પોતાની મરજીમાં આવશે તે પ્રમાણે કરશે. અને તે મસીદની નજીક વરઘોડાનાં તમામ વાજીંત્ર બંધ પડશે. હાયકોરટ તરફથી ઘણા પ્યાર સાથે રાખેલી ઉમેદવાળો જે હક હીંદુઓએ જીતેલો તે તેમની પાશેથી લેઇ લેવામાં આવેલો છે."

સેશન જડજના ફેંસલાઓના આ ભાગ સબંધી ફુલબેંચના ફેંસલાઓ નીચે પ્રમાણે છે:—

ચીફ જષ્ટીશ ટરનર સાહેબ:—થોડી મુદત ઉપર શીવાઇપેટમાં જે મશીદનો નાશ થએલો હતો તેજ જગોએ એક મશીદ બનાવવાને પરવાનગી મળવા સારૂ મુસલમાનોએ સન ૧૮૭૫ ની શાલમાં અરજ કરેલી હતી પરંતુ હીંદુઓએ હરકત લીધી તેથી તે અરજ નામંજુર કરવામાં આવી. તોપણ એમ જણાય છે કે મુસલમાનોએ તે જગો રોકી અને સન ૧૮૭૮ માં ફરીથી તે મશીદ બનાવવાને પરવાનગી મળવા અરજ કરી. તે અરજી વીરૂધ હીંદુઓ થયા. તેઓએ કહયું છે કે જો તે મશીદ બનાવવામાં આવસે તો જે વખતે અમે વાજીંત્ર શાથે વરઘોડા લેઇ જઇશુ અગર નદીની નજીકના મંદીરની ક્રીયાઓ કરીશું તે વખતે તોફાન થશે એવી ધસ્તી રહે છે.

કલેકટર મી૦ લોંગલી સાહેબે તે મશીદ બનાવવાને મંજુરી આપી તે એવી શરતની સાથે કે મુસલમાનોએ વરઘોડા છુંટી રીતે જવા આવવા દેવાને માંથે રાખેલું છે. પરંતુ તેઉ સાહેબે જીલ્લા માજીસ્તરેટ તરીકે કામ કરતાં તે વખતેજ એવો હુકમ કરેલો છે કે તે મશીદ આગળ થઇને કોઇ વરઘોડો આવે અગર જાય તો તમામ વાજીંત્ર બંધ રાખવાં. અને તેમણે ફરમાવ્યું છે કે આ હુકમ સવાઇપીટ અને ગોગાઇમાં રહેનારા લોકોને પ્રશીધ્ધ કરવો.

અપીલવાળા સુદ્રમચેતી વીગરે અરજદારોએ આ હુકમ વીશે એવી તકરાર તરતજ કરી કે તે કાયદા અને રીવાજ વીરૂધ છે અને એવી નોટીશ આપી કે અમે દાવો કરી તે હુકમ કાયદેસર છે કે નહી તે નકી કરીશું. તે હુકમ તેઓ રદ કરવામાં નીશફળ થયા તેથી શીવાઈપેટના સુદ્રમચેતી વીગરે હીંદુ રહેવાશીઓએ જે મુસલમાનોની ખાએશ ઉપરથી તે હુકમ કરવામાં આવેલો તે હુકમ વાંધા ભરેલો છે. માટે આજ સુધી તે મશીદ આગળ વાજીંત્ર સાથે વરઘોડાઓ લેઇ જવા લાવવાનો જેવો અમારો હક હતો. તેવો હક ઠરાવી આપો. એવો દાવો તે મુસલમાનો ઉપર મુનસફની કોરટમાં કરવામાં આવ્યો. તેઓએ મુનસફની કોરટમાં હુકમનામું મેળવ્યું. પરંતુ જીલ્લા જડજે તે ફેરાવ્યું. પરંતુ તે મુનસફની કોરટનું હુકમનામું બીજી અપીલમાં આ કોરટે કેટલીક સરત સાથે બાહાલ રાખ્યું છે.

હાયકોરટનો આ ઠરાવ જે કારણોથી કરવામાં આવેલો છે તે વીશે શેશન જડજે ટીકા કરેલી છે. અને કેવી રીતે તે કોરટે કાયદો ઠરાવવો જોઇતો હતો તથા કેવા રૂપની દાદ અપાવવી જોઇતી હતી તે બતાવવાને

તેઉ સાહેબે માંથે રાખેલું છે.

આ સવાલોના તોહોમતવાળા ગુનેહગાર છે કે નહી તેની સાથે કાંઇ સબંધ નથી અને તે વીશે ફરીઆદ તરફથી કે બચાવ તરફથી કાંઇ અરજ કરવામાં આવેલી નથી. માટે અમારે એટલુંજ બતાવીને સંતોશ રહેવું જોઇએ કે તે જડજે જે લખાણ કરેલું છે તે કરવાને તેમને પ્રસંગ નહી હતો. જો આ પ્રમાણે તે વીશે વધારે કહેવામાં આવે નહી તો અમે તે લખાણ કબુલ કરીએ છીએ એમ ધારી શકાય અને તેથી સારવજનીક અગત્યની બાબતમાં જે ભુલ ભરેલી સમજ ઉતપન થાય તે કાયમ રાખી ગણાય.

સેશન નંબર ૧ ના કામમાં તે જડજે પોતાના ફેંસલામાં કહયું છે કે "હાયકોરટના ફેંસલાથી પક્ષકારોએ ઉતપન કરેલા સવાલનો નીકાલ થતો નથી. હીંદુઓની ફરીઆદ એવી હતી કે સીવાઇપીટમાં મશીદ બનાવવાથી વરઘોડો લેઇ જવાને અમને હરકત થએલી છે. અને જેવી આબરૂં જુની મશીદને આપવી ઘટીત હતી તેવી નવી મસીદને આપવી ઘટીટ નથી. તે સવાલની નીચેની બેઉ કોરટોથી વ્યવસ્થા થએલીછે. પરંતુ હાયકોરટે તે અગત્યનો નથી એમ કહેલું છે. હાયકોરટનો ફેંસલો સમાધાનના પ્રકારનો છે, પરંતુ તેથી એકે પક્ષકાર સંતોશ થએલા નથી. કારણ કે તેઓને વીચાર કરવાની જે ટેવ છે તેને તે અનુંસરતો નથી. એક બીજા વીરૂધના હક બાબત હાયકોરટે જે કાયદાનો નીયમ ઠરાવેલો છે તે બેશક આ દસના લોકોને માટે નવો છે અને અમારા અભીપ્રાય પ્રમાણે તે અગત્યનો નીયમ નથી. હીંદુસ્થાનનો સામાન્ય કાયદો તે લાંબી મુદતના મંજુર રહેલા રીવાજથી ઓછો અગર વધારે નથી. એમ મજબુત રીતે આગ્રહ બતાવી શકાતો નથી. અને બીજો કાંઇ સામાન્ય કાયદો મરીઆદાની સાથે સાવધગીરીથી ઠરાવવામાં આવેલો હોય તોપણ તે કાયદો કરયો થાય છે. અને કાયદો બતાવ્યો થતો નથી. એમ અમારી નજરમાં આવે છે. હીંદુઓના વાજીંત્રો મુસલમાનોની મશીદો આગળ બંધ રાખવાનો જે રીવાજ છે. તેને લોકોની બંદગી કરવાની રીતી સાથે કાંઇ સબંધ નથી. પરંતુ તે ઇમારતનું પવીત્રપણું જે ધારવામાં આવેછે તે ઉપર તેનો આધાર છે. મુસલમાનોની સતા જે વખતે ઘણી પ્રબળ હતી તે વખતની આ રહી ગએલી બાબત ઘણું કરીને છે અગર હશે × + × જયારે સરથોમ્સ મનરોએ જમણી અને ડાબી તરફની ન્યાતની વચમાં ઉતપન થએલી તકરારોની વ્યવસ્થા કરી સારે દરેક માણસને પાલખીમાં બેસી જવાનો હક છે તથા પોતાનું રક્ષણ કરાવવાનો હક છે એવી તકરાર સાંભળવાને ડહાપણથી ના કહેલી છે. તેમણે તે નીયમ ઠરાવે

મો છે અને અમારા નમ્ર અભીપ્રાય પ્રમાણે ફકત આ નીયમજ દીવાની કોરટોએ કબુલ કરવો જોઇએ."

તે જડજનુ કહેવું અમે સમજીએ છીએ તે પ્રમાણે તે પક્ષકારોના ઉતપન કરેલા સવાલનો નીરણુય હાયકોરટે કરેલો નથી. એવો તેમણે વાંધો લીધેલો છે અને તેમનો ઠરાવ સમાધાનનો છે તથા જે કાયદો ઠરાવવામાં આવેલો છે તે તથા જે મરીઆદા તેમાં રાખવામાં આવેલીછે તે હીંદુઓને હક અપાવવાની બાબતમાં હકની મરીઆદા બાંધેલી છે તેથી તે નવો ઠરાવ છે અને અગત્યનો નથી અને તે કોરટે કાયદા સરખો બળવાન નીયમ જેથી હીંદુઓ પોતાનો વરઘોડો વાજીંત્ર વીના તે મશીદ આગળ થઇને લેઇ જવાને બંધાએલા છે તે કોરટે કબુલ કરવો જોઇતો હતો એવો તેમણે વાંધો લીધેલો છે. હીંદુઓએ જે દાવો કરેલો હતો તેનો હેતુ મી૦ લોંગલિનો હુકમ બળવાન નથી. અને અમે જે હક લાંબી મુદતથી ભોગવીએ છીએ એમ કહેવામાં આવેલું છે તે હક ઠરાવી આપો એવો હતો. મુનશફે પોતાના હુશીઆરી ભરેલા ફેંસલામાં ઠરાવેલું છે કે તે હક સ્વભાવીક રીતનો છે અને આ પ્રમાણે છે. તો રીવાજની સાબેતી શીવાય તેનો અમલ કરવો બંધ રાખવાને મુસલમાનોએ પોતાનો દાવો સાબેત કરવાનો છે તેમણે ઠરાવ્યું છે કે તા૦ ૯ મે સને ૧૮૭૪ ના રોજના સરકારના જે ઠરાવ ઉપર મુસલમાનો આધાર રાખેછે તે નવી બનાવેલી મશીદોને લાગુ થતો નથી. અને તે હુકમની પછી તા૦ ૮ સપટેંબર સને ૧૮૭૪ ના રોજ એક ઠરાવ કરવામાં આવેલો છે તે ઠરાવ તે હુકમ સાથે વાંચતાં ખાસ પ્રસંગેએ માજીસ્તરેટોએ કેવી રીતે ચાલવું તે વીસેનો નીયમ ફકત ઠેરાવવાનો ઇરાદો રાખેલો છે અને પાછળના ઠરાવથી માજીસ્તરેટના હુકમથી જે સખસો નારાજી થએલા હોય તે સખસોનો હક દીવાની કોરટની મદદ લેવાનો છે એમ સ્પષ્ટ કબુલ કરવામાં આવેલું છે." અપીલમાં મુસલમાનોએ તકરાર કરી છે કે પુરાવ ખોટી રીતે સમજવામાં આવેલો છે અને તે હુકમનામુ કાયદા પ્રમાણે નથી. કારણ કે તે સરકારના ઠરાવો વીરૂધ છે. પરંતુ તેમાં એવો કાંઈ સામાન્ય નીયમ બતાવવામાં આવેલો નથી કે તે મસીદો આગળ થઇ વાજીંત્ર સાથે વરઘોડા લઇ જવા નહી એવી તેથી મનાઇ કરવામાં આવી હોય. જીલા જડજે ઠરાવ્યું છે કે કોઇ પણ મસીદ સાર્વજનીક બાંદગીને સારૂ વાપરવામાં આવે એટલે તેને સરકારના તે ઠરાવો લાગુ થાય છે અને તેથી માજીસ્તરેટનો તે હુકમ બ્યાજબી રીતે થએલો છે. સબબ હીંદુઓને પોતાનો હક દીવાની દાવો કરી સાબેત કરવાને અટકાવ કરવામાં આવ્યો છે.

બીજી અપીલમાં આ કોરટે એમ ઠરાવ્યું છેકે ડીસ્ટ્રીકટ જડજ સા હેબથી જેમ ધારવામાં આવેલું છે તેમ તે સરકારના ઠરાવમાં પક્ષકારો ના હકના સબંધમાં અથવા .માજીસ્તરેટના હુકમની યોગ્યતાના સબંધમાં નીરણુયકારક નથી અને તે કાયદા સરખા બળવાન નથી. દાવો રાખે· લો હક એવો છે કે જે રીવાજની સાબેતી શીવાય શીધ થઇ શકે એ વું મુનસફનું કહેવું માન્ય રાખીને કોરટે સુચના કરીકે જો તેનો અમલ કાયદાથી બંધ કરીએતો રીવાજની સાબેતી નીરૂપયોગી થઇ પડે· જે અ ખત્યાર તે હક બંધ કરવાને મુસમાનને રીવાજથી મળેલો છે. તે સીધ કરવાને તેમણે હઠ લીધી નથી. તેઓએ માજીસ્તરેટના હુકમ ઉપર અને તે સરકારી ઠરાવથી એના વ્યજબીપણા ઉપર ભરૂસો રાખ્યો. કોરટે બતાવ્યું કે માજીસ્ત્રેટનો અખત્યાર એટલોજ છે કે અમુક પ્રસંગે આ હકનો અમલ થતાં અટકાવવો અને તે અમલને સંપુરણ રીતે અને જે પ્રસંગથી એઉ સાહેબને વરતવાને અધીકારછે તે પ્રસંગ આવતાં પેહેલાં અટકાવવાને અખત્યાર નથી. તેથી મી૰ લેંગ્લીના હુકમને હદ ઉપરાંત ઠ રાવામાં આવ્યો હતો. આ હકના અમલનો કાયદાથી અટકાવ થયો છે એવું બતાવવામાં મુસલમાનો નીસફળ ગયાથી હીંદુઓએ કાંઇક છુંટકા રાને માટે પોતાનો દાવો સાબેત કરયો. કોરટને પછીથી મુનસીફે જે હુક મનામું કરેલું તે ધ્યાનમાં લેવાનું હતુ તે "હુકમનામાથી સરત વીનાનો હક ઠરાવવામાં આવ્યો હતો. તેમાં એમ, કહેવામાં આવેલું છે કે હીંદુ એનો વરઘોડો [illegible]ત્ર સાથે જેવી રીતે બીજી જગ્યા આગળ થઇનેજા ય છે તેવી રીતે મસીદ અગાડીથી વરઘોડાને જવાને હક છે. આ હક· થી સાર્વજનીક બંદગી કરવાને જે મંડળી રોકાએલી હોય તેમને હરકત થાય નહી. એવો કાયદા પ્રમાણે એક સરખી રીતે કબુલ કરેલો હક જો વામાં આવેલો નથી.

સુલેહનો ભંગ ન થવાને વાસ્તે જે અખ્તીઆર તે હકનો અમલ બરાબરૂ કરાવવાને અથવા તો તે થતો બંધ કરવાને સ્થાનીક અમલદાર ને જે આપવામાં આવ્યો છે તે ધ્યાનમાં રાખવામાં આવેલો નથી તેથી મુનસીફે· જે સીધ કરેલું છે તેમાં ફેરફાર કરવો એ અવસ્ય છે. અને "જેમ બીજી જગ્યામાં તેઓ સ્વતંત્ર રીતે કરે છે તેવી રીતે" એ શબ્દ ઠેકાણે કોરટે" સઘળા વ્યાજબી પ્રસંગે અને પ્રતીવાદીઓને અથવા ધ સબંધી આરાધના અથવા ક્રીયાને વાસ્તે ભેગા થએલા માણસોને હરક ન થાય એવી કાયદેસર રીતે" એ શબ્દો મુકયા. જે સવાલો પક્ષકારોએ ઉ ભા કરેલા અને જેનો નીશ્ચય કરવો જરૂરનો હતો તે નીશ્ચય કરવામાં તે કોરટ નીશફળ ગઈ. એમ અમારી નજરમાં આવતુ નથી. અથવા માંહો

'માંહે પતાવવું' એ શબ્દ આ હુકમનાગાને બરોબર રીતે લગાડેલો છે એમ અમારી નજરમાં આવતું નથી. હીંદુઓને માગેલા કરતાં ઓછું આપવામાં આવેલું છે એ ખરૂ છે. પણ દ.વો લડનારાઓને વાસ્તે મુખ્યત્વે કરીને જયારે ધર્મની દુસ્મનાઇની લાગણીથી તેઓ દોરવાય છે ત્યારે તેઓના હક હોય તેના કરતાં વધારે કહેવા અને સામાવાળાના બરોબર નહી કેહેવા એ નવાઇ જેવું નથી. આ કામમાં લીધેલો જેટલો પુરાવો છે તે ઉપરથી એમ અભીપ્રાય થાય છે કે જયારથી હુકમનામું કરવામાં આવ્યું ત્યારથી હીંદુઓએ હુકમનામામાં આપેલો જે થોડો હક તેના કરતાં વધારેને વાસ્તે આગ્રહ કરયો છે. આ કોરટે ઠરાવેલો કાયદો અને તે હકના અમલને વાસ્તે બતાવેલી મર્યાદા નવીન છે કે નહી એ અગત્યના સવાલ સબધી અમે કહીએ છીએ. એમ ધારીએ છીએ કે જયાં હકનો વીરોધ ત્યાં હકની શ્રેષ્ટતાનુ નકી કરવું એ અજાયબ જેવું છે એવું જડજ સાહેબે સામાન્ય રીતે નકી કરવાને ધારેલું નથી કારણ કે આ ફરજ ન્યાયની કોરટને માથે નાંખેલો છે એવા ઘણા દાખલા અમારે બતાવવા એ જરૂરનુ નથી. અમે ધારીએ છીએ કે કોરટની રૂબરૂ તે વખતે જે હકીકત હતી તેને તેરેના આ વીચાર લાગુ પાડવાનો ઇરાદો હતો, અને અમે ધારીએ છીએ કે આ કોરટના ફેંસલામાં એવું ઠરાવેલું નથી કે જેને દીવાની ઠરાવથી અગર કાયદાથી પુષ્ટી મળતી નથી. એવું અમે બતાવી શકીએ. સબાલીંગમુર્તી વી૦ વેંબારા ગોવીંદ ચેતીના કામમાં દેવગાની જાતના એક ગુરૂએ સાલેમમાં અમુક રસ્તાઓમાં થઇને વરઘોડાની અંદર તેના ચેલાઓને લેઇને વાજીંત્ર ઇત્યાદી સાથે પાલખીમાં બેસવાનો તેનો હક ઠરાવવાને દાવો કરયો હતો. પ્રતીવાદીએ તકરાર કરી કે વાદીની જાતના માણસોને પ્રતીવાદીની જાતના માણસો જે મોહોલામાં રહે ત્યાં થઇ વરઘોડો લેઇ જવું એ રીવાજ વીરૂધ્ધ છે. તા૦ ૯ ડીસેબર સને ૧૮૫૭ ને રોજ સદર કોરટની ફુલબેંચે એવું ઠરાવ્યું કે જે હક માગેલો છે તે સ્વભાવીક રીતે રાજયની બધી પ્રજાને લાગુ પડે એવો છે. કોરટે બતાવ્યું કે વાપરનો હક છે એમ તે હક ઉતપન્ન કર[illegible] જરૂરનો નથી અને કેટલાક વરસ સુધી વાપરતા હોય તેથી તે હક [illegible]મહી અને તે કોરટે કબુલ કરયું કે આ હકનો એવી રીતે અમલ કરવો જોઇએકે પબ્લીકની સહી સલામતપણાને ભયંકર હોવાના કારણથી માજીસ્તરેટને હરકત તે બાબતમાં લેવી પડે નહીં.

શીવ પાચારી વી૦ હાલીંગ ચેતીના કામમાં એક સોની જે વાદી હતો તેણે લગનનો વરઘોડો પબ્લીક સરીઆમ રસ્તા ઉપર થઇને લઇ જવાનો હકક બતાવ્યો. પ્રતીવાદીએ તકરાર કરી કે વાદીની જાતના માણ-

સોને જે રસ્તો પહુખીદ્ર દેવલના આગાડી છે ત્યાંહાં આગળ થઇ, ગાડીમાં બેસીને અને વાજીંત્ર સાથે જવું એ હમેશનું નથી. કોરટે ઠરાવ કરયો કે વરઘોડો એવો છે કે વાદીને ચલાવવાને અખત્યાર છે. સરીઆમ રસ્તા ઉપર આ વરઘોડો લઇ જવાથી એ રસ્તાનો ઉપયોગ કરવાને તેને હકક છે કે નહીં એ વીશે માજીસ્ટ્રેટ પુછી શકે છે કારણ કે પબ્લીક સુલેહનો ભંગ ન થવાને વાસ્તે જો તેમને જોયતા કારણ માલમ પડે તો વરઘોડાને તેઉ અટકાવી શકે.

તીરૂપતીચેતી વીરૂદ્ધ સંબાલીંગ મુરતીના રીપોટ નહીં કરેલા કામમાં સર કોલીસ્કાટલેંડ સાંસેમના કામમાં સદર કોરટનો ઠરાવનો અમલ એવો હતો કે વાદીને સામાન્ય કાયદા પ્રમાણે વરઘોડામાં સરીઆમ રસ્તા ઉપર થઇને જવાનો હકક છે એવી ટીકાના વધારામાં કહ્યુ કે તે હકકનો તે અમલ કરી શકે છે એવી સરતથી કે દેશના સમાન્ય કાયદાનું ઉલંઘન એ કરતો નથી. અથવા તો કોઇ કાયદેસર હુકમની વિરૂધ્ધ ચાલતો નથી.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં ઠરાવેલું છે કે જ્યારે કાયદામાં માન્ય કરવામાં આવેલા હકકોનો અમલ સારવજનીકની હકોની વીરૂદ્ધ થતો હોય અથવા તો સુલેહનો ભંગ થવાની ધાસ્તી રહેતી હોય ત્યારે હકકોનો આ અમલ બંધ રાખવાને માંજીસ્ટ્રેટને સત્તા છે. પરંતુ ઘણા ફેંસલાઓથી એવું ઠરાવવામાં આવ્યું છે કે આ અખતીયાર જે હેતુઓ પાર પાડવાનો ઇરાદો છે તે હેતુઓ પર પાડવાને સારૂં તેની મરીયાદા રાખવામાં આવી છે. અને બંધ કરેલા હકકોની બાબતમાં નાશકારક નથી.

જે લોકો બંદગી કરતા હોય તેમનો અડચણમાંથી રક્ષણનો ખાસ હકક બાબત જેમ જડજ સાહેબે સુચના કરી છે તેમ આ દેશના લોકોને જે વીચાર કરવાની ટેવ છે તે પ્રમાણે નથી એમ અમારા સમજવામાં આવે છે. આ પ્રમાણે રોકાએલા માણસોને હરકત કરવામાં આવે તો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૬ પ્રમાણે જે આ કોરટે હુકમનામામાં ઠરાવ કરેલો છે તે પ્રમાણે ગુન્હો [illegible]મ છે. સને ૧ ના મદ્રાસ પોલીસ આકટ ૧૪ પ્રમાણે પોલીશના ચડતા દરજાના મલદારોને જેમ પ્રસંગે જોઇએ તે પ્રમાણે બોહોળો અખત્યાર સરીઆને રસ્તામાં વરઘોડાનો બંદોબસ્ત રાખવાને અને જે રસ્તે અને જે વખતે વરઘોડો જાય તે ઠરાવવાને અને દેશી તેહેવારના અને ક્રીયાના વખતે વાજીંત્રનો ઉપયોગ રીતસર કરવાને વાસ્તે છે એટલુંજ નહીં પણ વળી લોકોની બંદગીને વખતે બંદગીની જગીઆની આસપાસ બંદોબસ્ત રાખવાનેછે.

અમે બતાવેલું છે કે જે કારણોથી આ કોરટનો ફેંસલો કરવામાં આવેલો છે તે નવીનપણાના આરોપની વિરૂધ નથી. અને સરતોની સાથે હક્ક ઠરાવવો તેથી ફક્ત કોરટ કાયદા કરનારાઓએ ઠરાવ્યા પ્રમાણે અગર કોરટોએ ઠરાવ્યા પ્રમાણે કાયદાનો અમલ કરવાને બંધાએલા છે તેવો કોરટે ફક્ત અમલ કરયો થાય છે.

સને ૧૮૮૨ ના સેશનના બીજા મુકરદમામાં જડજે પોતાના આપેલા ફેંસલામાં સામાન્ય રીવાજ ઉપરથી જે મુસલમાનોની થડતી વખતની જે બાબત ધાર્યું કરીને રહી ગએલી તે ઉપરથી હીંદુઓના વરઘોડા મસીદો આગળ થઈને જવાની મનાઇ કરવામાં આવે છે તેજ સ્થીતીમાંથી પાછા હઠેલા હતા. તેમણે કહયું છે કે તા૦ ૯ જુલાઇ સને ૧૮૭૪ ના પહેલાં જે રીવાજ હતો તે વીશે જો તપાશ કરવામાં આવી હોતતો તેમને એમ માનવાનું કારણ થાત કે હાયકોરટનો ફેંસલો એવી મતલબનો થાય છે કે મુસલમાનો જે હક બાબત દાવો રાખે છે તે ફક્ત જુમામશીદની બાબતમાં છે અને તેઓ જે નવી મશીદો બાંધવાને પસંદ કરે તેવી કોઇ નવી મશીદ બાબત નથી. પરંતુ તેઓ કલેકટરના હુકમથી આડા દોરવાએલા હતા. માટે હીંદુઓ પોતાના હકનો અમલ કરે તે પેહેલાં તેઓની પોતાની મશીદ ખસેડવાને કોરટ મુદત આપી શકત; અને પછી તેઉએ કહયું છે કે આટલે દરજજે મુસલમાનોએ કબુલ કરયું હોત અગર તેઓ એકદમ ખોટી રીતે ચાલત. કોરટ તરફથી થએલી સુચના કે તેઓએ પોતાની મશીદ ખસેડવી જોઇએ તે મુસલમાનો કબુલ કરત તે ભાગ્યેજ સંભવીત છે તે હુકમનામાનો હેતુ હક્કનો અમલ કરવાનો નથી, પરંતુ હકકો ઠરાવવાનો છે, તેથી મશીદ ખસેડવાથી અગર બીજી રીતે સુલેહનો ભંગ થવાની ધાસ્તી દુર થાય ત્યાંસુધી તે હક્કનો અમલ કરતાં અટકાવવાને માજીસ્ટ્રેટનો સંપુરણ રીતે અખત્યાર રાખવામાં આવેલો છે. વળી તેથી કાંઇ નવાઇ બાહાલ રાખવામાં આવી નથી. પરંતુ જે અસલનો રીવાજ હતો તે કાયમ રાખવામાં આવેલો છે.

સામાન્ય રીવાજ જે જડજ સાહેબે શીદ્ધ કરેલો હતો તેવા રીવાજને વાસ્તે આ કોરટમાં અરજ કરવામાં આવી નથી અથવા તો અમે જેટલું જાણીયે છીએ તે પ્રમાણે કોરટના કોઈ પણ ઠરાવમાં તે કબુલ કરવામાં આવ્યો નથી. ઇલાકાનો ઇતીહાસ જે મુસલમાન ધારા પ્રમાણે તદન નથી. તેમાં સામાન્ય રીવાજ અશકય છે એવી સુચના કરવામાં આવી છે. એ પ્રમાણે પણ સાફ થાય કે જે જીલ્લાઓમાં મુસલમાનોની શ્રેષ્ટતા થોડી અગર વધારે હમેશની હોય તેમાં મુસલમાનોની ન્યુનતાને

જીતનારાઓના ધર્મ કરતાં માન્ય મળતું. અને જ્યારે તેમની શ્રેષ્ટતા બંધ પડી ત્યારે પણ તે ધર્મને વળગી રહેનારા માણસોને તેઓને થતા નુકશાનને તાબે થવાને જરૂર પાડતા. તે મકાનની ધારેલી પવીત્રતાને લીધે તેઓના ઉપર હકક કરવામાં આવેલો છે એમ ધારવામાં જડજ સાહેબ કદાચ વ્યાજબી હશે. જો આ રીવાજ શાબેત કરવામાં આવે તો કોરટ તરફથી આ હકકોને કેટલોક ટેકો મળે તે કહેવાને અમારે જરૂર નથી. પણ આ અને બીજા નાત અથવા ધર્મના કારણથી કરેલા હકકોના સબંધમાં હમે ટીકા કરીએછીએ કે જ્યારે દેશના સારવજનીક અને ખાંનગી કાયદાને રાજ્યમાં ચાલતા ધરમથી ઉત્તેજન મળતું તે વખતથી તેઓ છે, અને ધરમની બાબતમાં બધા સઘળા સહેરમાં રહેનારા લોકોના સરખા હકકને રાજ્યના સંપુરણ મધ્યપણાના જે હેતુઓથી ઈંગરેજી રાજય ચાલેછે તેની સાથે ભાગ્યેજ મળી જાય. એક નાતના માણસોને બીજી જાતના માણસોએ સારવજનીક સરીઆમ રસ્તાનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરતાં અટકાવવાનો હકક નથી. મલબારમાં જે નીચી જાતો છે તેમને ન્યાયની કોરટમાંથી બાતલ કરવામાં આવેલી નથી. આ ફેરફાર કરીને નવાઈ કરેલી છે. પણ અમારા કાયદા પ્રમાણે તે રદ કરવામાં આવેલા રીવાજો દોસીત ઠરાવવામાં આવેલા છે. જ્યારે અધાધુનીથી સારી રીતે રચેલી છુટને જગ્યા મળે ત્યારે ફેરફાર થાય પણ એવો ફેરફાર થાય કે જેથી દેશની બુદ્ધીની કબુલત મળે. વરઘોડાની બાબતમાં જે વરઘોડા ધરમ સબંધી હોય તો અને ધર્મ સબંધી મત ધ્યાનમાં લેવાનો હોય તો અમુક વખતે, જે ધર્મના વળગી રહેનારા માણશો હોય તેમને તેમની આરાધના બંધ રાખવાને જરૂર પાડવી એ બીજા ધરમને વળગી રહેનારા માણસોને જે દેહેરાની તેઓ પુંજા કરે છે તેના અગાડી થઈને તેમને વરઘોડો લેઇ જવા દેવો તેમના કરતાં વધારે દુઃખ છે. પરંતુ અમુક પંથના લોકોને હરકત થવાથી કાંઇ કાયદામાં અસર થવો નહીં જોઇએ જે બંદગી કરવાની જગો એકાદો સખસ જુઠી માનતો હોય. તે જગો પવીત્ર છે, એવો દાવો રાખવામાં આવે અને તે કબુલ કરવાને જો તેને ફરજ પાડવામાં આવે તો તેને ફરીઆદ કરવાનું વ્યાજબી કારણ થાય પરંતુ એકાદા સખસને એવી ફરજ પાડવામાં આવે કે પોતાના સેહેરના લોકો સારવજનીક બંદગી કરે છે તે કબુલ કરવાથી તેને દુઃખ ખરા રીતે થતું ના હોય તો તે સારવજનીક બંદગી કરવાને એકઠાં થયેલાં સખસોને હરકત ના થાય એવો દીવાની રાહનો હકક તેઓનો છે તો તેને ફરીઆદ કરવાનું કાંઇ વ્યાજબી કારણ નથી. વળી એમ ધારીએ કે તે હકક ઘટીત રીતે મેળવવામાં આવેલો છે એવી કોરટોના ખાતરી થએલી છે અને

તે કબુલ કરવાને કોરટો મુખત્યાર છે તો પણ એટલું યાદ રાખવું જોઇએ કે તે હકકનો આધાર રીવાજ ઉપર છે. અને તે રીવાજ જેટલો વ્યાજબી હોય તેટલોજ તે ફકત મજબુત છે, માટે એવો વીચાર કરવાનો થાય છે કે જે જગોએ સારવજનીક બંદગીનું કામ ચાલતું ના હોય તે આગળ થઇને જવા આવવાનો સ્વભાવીક હકક છે તે છોડી દેવો એમ અમુક સખસોને ફરજ પાડવી એ વ્યાજબી છે કે નહીં.

છેવટે આ વીચારની પુષ્ટીમાં તે જડજે સરથોમસ મનરોના આધારની મદદ માગેલી છે. તોપણુ જે ઠરાવ તે બતાવે છે તે વીશે કાંઇક તેઓ ખોટું શમજયા છે. તા૦ ૧૮ જુલાઇ સને ૧૮૨૦ ના રોજ સરકારે જે હુકમ કરેલો છે તે તેના આધારથી કરેલો છે. તે હુકમ ઉપરથી માજીસ્ત્રેટોને એવો હુકમ કરવામાં આવેલો છે કે નાતના રીવાજોમાં કાંઈક નવીન બાબત દાખલ કરવામાં આવે ત્યારે તેઓએ કેવી રીતે ચાલવું. નવીન બાબતને માજીસ્ત્રેટે ઊત્તેજન આપવાનું નથી, પરંતુ તેમણે તે પાછી હઠાવવાની છે. કેવી રીતે કામ ચલાવવું. તે વીસે દીવાની કોરટની બાબતમાં કાંઇ સુચના કરવામાં આવી નથી, પણ એવું ઠરાવવામાં આવેલું છે કે નાતના રીવાજો સબંધી કાંઇ વીરૂદ્ધ મત થાય તો તેનો કોરટોના ઠરાવથી નીકાલ થવો જોઈએ. તે વખતે તકરારી સવાલ એવો હતો કે એકાદા સખશને પાલખીમાં બેસવાનો હકક અમે બનાવ્યું છે તે પ્રમાણે સને ૧૮૫૭ અને ૧૮૬૦ માં કોરટોએ નકી કરેલો છે.

ગવરનર ઈન કોઉનસલે તા૦ ૨૮ જાનેવારી સને ૧૮૫૯ ના રોજના તીનેવેલીના બખેડા બાબત પોતાના કરેલા ઠરાવની કલમ ૩૮ માં ઠરાવ્યું છે કે તમામ શેહેરોમાં સારવજનીક સરીઆમ મેહેલા તે કાંઇ અમુક નાતના નથી. પરંતુ તે તમામ સમુદાયના છે માટે દરેક માણસ ગમે તે નાત અગર ધર્મનો હોય પણ જો તે વાપરતાં બીજાઓને હરકત કરે નહીં તો તેનો તે સંપુરણ વાપરવાનો હકક છે. અને તે હકકનો અમલ કરવામાં પુષ્ટી કરવી જોઇએ.

તા૦ ૨૮ મારચ સને ૧૮૫૯ ના રોજના હુકમથી શદરહુ છેવટ કહેલો ઠરાવ બાહાલ-રાખવામાં આવેલો છે અને તે હુકમ ઉપરથી સાધારણ સુગમતાને સારૂ ધોરી રસ્તા વાપરવાને સારૂ લોકોનો હકક છે તેમાં તથા વરઘોડો લેઇ જવાને અથવા અદાપી સુધી જે દેખાવ થએલો નહી તેવો દેખાવ ઉભો કરવાને અને જેથી લોકોના મનમાં ગુસ્સો લાગે અથવા ઉશકેરણી થાય તેમાં ભેદ છે. એ વીશે લક્ષ આપવાને સરકારે માગેલું છે. અને પાછલા વરગની હકીકતથી સુલેહનો ભંગ થાય. એવો સંભવ હોય તો તે બંધ પાડવી એવો હુકમ કરવામાં આવેલો છે. વળી એમ

કહેવામાં આવેલું છે કે દરેક સખશનો ધોરી રસ્તો વાપરવાનો અમર કોંપની નીતીને અગર કુળને હરકત થાય નહીં અગર જે વીસે કાયદામાં મને કરવામાં આવેલી નથી તેવા કોઇ કૃત્યો કરવાને સંપુરણ હક છે. તે એક મજબુત નીયમ છે માટે સરકારના અધીકારીઓને જ્યારે જ્યારે અરજ કરવામાં આવે અગર યોગ્ય પ્રસંગ ઉતપન થાય ત્યારે તે સરકારના અધીકારીઓએ તે નીયમ પ્રમાણે ચાલવાને ચુકવું નહીં જોઇએ. પરંતુ તે નીયમ લાગુ કરવાનો અમલ કરવાને પોતાની રીત બાહાર જવું નહીં જોઇએ તે દુરસ્ત છે.

તા૦ ૯ મે સને ૧૮૭૪ ના રોજ સરકારે ગુટીના બખેડા વીશે જે હુકમ કરેલો છે તે ઉપરથી જણાય છે કે મશીદ આગળ થઇને સાંજની બંદગી વખત હીંદુ વરઘોડાને લેઇ જવો એવો રીવાજ નથી. પણ તે શીવાય મશીદ આગળ થઇને વરઘોડો લેઇ જવાને હીંદુઓનો રીવાજ છે. તે હુકમ ઉપરથી જે એવું ફરમાવવામાં આવ્યું છે કે અમુક સારવજનીક બંદગીની જગો કબુલ કરવામાં આવેલી હોય આગળતાં થઇને વરઘોડો જતો હોય તો વાજીંત્ર બંધ રાખવાં જોઇએ એવી માજીસ્ત્રેટે હમેશાં સરત રાખવી જોઇએ. તેથી કાંઇ કાયદા ઉપરાંત થએલું છે. પરંતુ તા૦ ૯ સપટેંબર સને ૧૮૭૪ ના રોજ પાછળથી જે હુકમ થએલો છે તેથી તે હુકમથી નારાજી થએલા સખશોને દીવાની કોરટોથી પોતાની દાદ મેળવવાનો હક છે. એવી સરકારે સ્પષ્ટ પરવાનગી આપેલી છે.

આ હુકમો અમે એવું બતાવવાને માગેલા છે કે જે વખતે આ કોરટે ઠરાવ કરયો તે વખતે કારોબારી અમલદાર અને ન્યાયાધીકારીઓની વચમાંના અભીપ્રાયમાં થોડોજ વાસ્તવીક રીતે ભેદ હતો. બેઉએ કબુલ કરયું હતું કે શેહેરના દરેક સખસનો વરઘોડાના કારણસર તેમજ સાધારણ કારણથી ધોરી રસ્તો વાપરવાનો હક છે. બેઉએ કબુલ કરયું છે કે તે હક બંધ પાડવાને અને નીયમમાં રાખવાને માજીસ્ત્રેટનો અખત્યાર છે અને તે હકનો અમલ કરવાનો નીયમ બાંધવાને પોલીસનો અખત્યાર છે.

સરકારે ઘણા સામાન્ય શબ્દોમાં જણાવેલું છે કે માજીસ્ત્રેટને આપેલા અખત્યારનો અમલ હમેશાં કરવો જોઇએ. તે તેઓએ કબુલ કરયું નહીં પણ તે તે પ્રસંગની હકીકત ધ્યાનમાં લેઇને તેનો અમલ કરવો જોઇએ એવું કહેવાને કાયદાના ઠરાવથી જરૂર પડી છે એવું કોરટને લાગ્યું. પછીથી થયેલા સરકારના હુકમમાં જે મરીયાદા માજીસ્ત્રેટના અખતીઆર ઉપર મુકેલી છે તે સંપુરણ રીતે માન્ય કરવામાં આવેલા છે.

સેશનજડજ સાહેબે ખાત્રીથી કહેલું છે કે શાધારણ દેશીના મનને તા૦ ૧લી જુન સને ૧૮૮૨ ના રોજના હુકમ વીશે એવી સુચના

થએલી છે કે તે અને હાઇકોરટના હુકમોની વચે વીરોધ થાય છે એ હુકમથી જે અમુક માણુસોને જુના રીવાજનું ભાન નથી. તેવા માણુસોને વરઘોડા લેઇ જવાને સકતી કરવાને ગામડામાંથી પોલીસનુ લશ્કર લઈ લેતાં માજીસ્ટ્રેટને અટકાવ્યા હતા.

સરકારની પેહેલી ફરજ એ છે કે જાન અને માલનું રક્ષણ કરવું, અને આ હેતુ પાર પાડવાને તે કામના માણુસોના સાધારણ હકોમાં વચમાં પડવાને તેના અમલદારોને સત્તા આપેલી છે. જે હકોથી સરકાર જે રક્ષણ આપે તેની ઉપર પહેલા દરજજાના તથા બીજા દરજજાના જે દાવા છે તે દાવાની વચે તા૦ ૨૬ મારચ સને ૧૮૫૫ ના રોજના હુકમથી ભેદ બતાવવામાં આવેલો છે. જયાં સરકાર બેઉ વરગના હકનું રક્ષણ કરી શકતા નથી. ત્યારે પ્રથમનો હક મેળવવાને પાછલનો તે હક છોડી દે અને તે તેમણે છોડી દેવો જોઇએ. આ વીચાર પ્રમાણે વરઘોડાનો હક અસલના રીવાજ પ્રમાણે હોય કે નવો હોય તેની ચીંતા નહીં. જે હક મીલકત મેળવવાને અથવા તો જીંદગીને અગત્યનો નથી. એટલુંજ પણ જેમ આ કામમાં ધારવામાં આવ્યું છે. તેમ એવી ઉસ્કેરણી કરે છે કે જેથી બંનેને જોખમમાં નાંખેછે તે હકનો અમલ કરવાને શકતીમાન કરવાને તેઓના જાન માલના રક્ષણને વાસ્તે લશ્કરની નોકરી જે જરૂરીઆત માલમ પડી છે, તે કામના કેટલાક માણુસો પાશેથી લેઇ લેવાને સરકાર બંધાયેલી નથી.

એવો વ્યાજબી રાહે ઠરાવ થઇ શકતો નથી કે સરકારે સુલેહ રાખવાને સારૂં રાખેલા લશ્કરમાં એટલો વધારો કરવો જોઈએ, કે જેથી તેના ખરચનો અઘટીત બોજો દેશના સાધન ઉપર પડે છે. એમ માલમ પડશે કે તા૦ ૯ મે સને ૧૮૭૪ ના રોજના હુકમ શીવાય સરકારના કેટલાક હુકમો જે ઉપર બતાવેલા તે ઉપરથી માજીસ્ટ્રેટને એવી સૂચના થાય છે કે જે કામમાં હકના અમલની તકરાર કરવામાં આવી હોય તેમાં તે તકરાર વીશે ન્યાયની રૂઇએ હકનો નીરણય થાય ત્યાં સુધી જુનો રીવાજ કાયમ રાખવો અને જયાં આવા રીવાજથી આવા હકનો અમલ મંજુર થયો હોય અથવા ન્યાયની કોરટમાં સીદ્ધ કરેલો હોય ત્યાં તેઓ લાગુ પડતા નથી. જયાં હકના સવાલ સબંધી વ્યાજબી શક આવતો હોય ત્યાં જો કે જે હક હયાત છે તે રીવાજ ઉપર આધાર ન રાખતો હોય તોપણુ રીવાજને ધ્યાનમાં લેવો એ માજીસ્તરેટને વાસ્તે દુરસ્ત છે એથી ઉલટું જો માજીસ્ટ્રેટને જે જરૂરને લીધે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણે મળેલો અખતીઆરનો અમલ કરવો પડે તે જરૂરની હયાતીથી બરોબર માહીત હોય તો જો હકોનો

અમલ સીધ કરવામાં આવેલો છે તે અમલ થતા અટકાવમાં તે વ્યાજ-બી ઠરે છે તોપણ અમે અવલોકન કરીએ છીએ કે આ અખતીઆર અસાધારણ અને જ્યારે માજીસ્તરેટને એવી ખાતરી થાય કે જે બીજા અખતીયાર જે તેમને આપેલા છે તે બસ નથી. ત્યારેજ તેમણે તે અખત્યાર પ્રમાણે કરવું જોઇએ જ્યારે હકની ધાસ્તી રેહેતી હોય ત્યારે જે હક મળવાને જે સખશોનો હક હોય તે સખશોનું કાયદા પ્રમાણે સંપુરણ રક્ષણ થવું જોઇએ. હક બંધ કરવાના કરતાં તેના બચાવમાં માજીસ્ટ્રેટના અખતીઆરનો અમલ થવો જોઇએ તે સાબીત કરવાને તકરારની જરૂર નથી અને તેમજ કાયદેસર કામની અંદર પડવાના કરતાં ગેરકાયદેસર રદ કરવામાં માજીસ્તરેટના અખતીઆરનો અમલ થવો જોઇએ તે સબંધી કાંઇ તકરારની જરૂર નથી જો માજીસ્તરેટને બરોબર ખાત્રી થઇ હોય કે હકના અમલથી હુલ્લડ થશે તો જે માણુસ તરફથી આ હેરાનગતીની ધાસ્તી રહેતી હોય, તે વીસે તે ભાગેજ અંજાણ્યા હોય તેથી સુલેહનો ભંગ ન થવાને વાસ્તે તેમના જામીન લેવા તે માજીસ્ટરેટની ફરજ છે. જે ઘણા દાખલાઓ અમે જાણીએ છીએ તેમાં જે હરકતો સાલેમમાં થઈ છે તેવી હરકતો સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૯૧માં ઠરાવેલી જે શાવચેતીઓ છે તે બરોબર વીચારીને કામે લગાડીને દુર કરવામાં આવી છે.

મી૦ લેંગલીના હુકમથી બંધ કરવામાં આવ્યા ત્યાં સૂધી જે હકનો ભોગવટો તેમણે કરયો હતો તેનો અમલ બરોબર કોરટમાં ખરો ઠરાવીને સુદ્રામચીના બસાવચેતી, અને બીજા હીંદુઓએ કાલીઅમાના તેહેવારના આવતા દીવસોને વાસ્તે તા૦ ૩ મારચ સને ૧૮૮૨ ને રોજ તેઓનો વરઘોડો વાજીંત્ર સાથે સરીઆમ રસ્તા ઉપર થઇ લઇ જવાને અને મસીદ આગળથી તા૦ ૧૪, ૧૫, ૧૬ મારચને રોજ જવાને, જેટલી જરૂરની મદદ જોઇએ તેટલી પોલીશ આપે એવો હુકમ કરાવવાને જીલા માજીસ્ટ્રેટને અરજ કરી. તા૦ ૧૨ મારચને રોજ પોલીસે રીપોર્ટ કરયો. કે અમને ધાસ્તી રહે છે કે તે દહાડે વરઘોડાની વખતે હુલડ થશે માટે મુખ્ય હીંદુ અને મુસલમાનો જેમના નામ અમે આપીએ તેમને સુલેહનો ભંગ ન કરવાને બંધનમાં રાખવા જોઇએ. એવી અમે સુચના કરીએ છીએ.

આ અરજી અને રીપોરટ આસીસ્ટંટ માજીસ્તરેટ મી૦ મુલેલીને વ્યવસ્થા કરવા સારૂ મોકલ્યો તેમણે જે માણુસોનાં નામ આપવામાં આવ્યાં હતાં, તેમના ઉપર નોટીશ કાઢી અને સદ્રામચેતી અને સૈયદ

પીરની જે શીવાઇપીઠના મુસલમાનોમાંનો એક આગેવાન હતો તેની બંદગીના વખત સબંધી જુબાની લીધી. મી॰ મુલેલીએ છેવટનો અભીપ્રાય એવો બાંધ્યો કે જો કે મુસલમાનો જે વખતે વરઘોડો જાય એ વખતે બંદગીને વાસ્તે એકઠા જાણી બુજીને થાય એ બની શકે એવુંછે તોપણ બંદગી મશીદમાં આખો દહાડો ચાલે છે. ગેરરીતીએ જે પ્રોશીડીંગમાં હીંદુને ન હી પરંતુ પોલીશને એવો હુકમ કરયો કે તે મસીદ અગાડી તા॰ ૧૫, ૧૬, ૧૭ મારચને રોજ કાંઇ વાજીંત્ર વાગવાં જોઇએ નહી બીજા પ્રોસીડીગથી તેઉ સાહેબે હુકમ કરયો કે હીંદુના અને મુસલમાનના મુખ્ય માણસો સુલેહનો ભંગ ઉપર કહેલે દહાડે ન કરવાને વાસ્તે કાંઇ જામીન આપવા જોઇએ.

આ હુકમને લીધે હીંદુઓએ વરઘેડો ચઢાવ્યો નહી અને આ કોરટને તે હુકમની ફરી તપાસ કરવાને અરજ કરી.

કોરટે હાથ ઘાલવાની ના પાડી કારણ કે આ હુકમ કામે લગાડવાને વાસ્તે જે વખત નીમવામાં આવ્યો હતો તે જતો રહયો છે. તેની સાથે તેણે જણાવ્યું કે જે માણસો સ્વચ્છ દીલથી બંદગી કરવાને એકઠા થાય છે તેમને હેરાનગતીમાંથી રક્ષણનો હક છે. પણ જે માણસ રાત અને દહાડો. જે હકતું તેમના પડોશીઓના નકી થએલા હકને તે રદ કરવાને બંદગીનો ઢોંગ કરેછે તેમનુ રક્ષણ થવુ નહી જોઇએ. તેણે એમ જણાવ્યું કે જે દીવસે વરઘોડાને મુશલમાનો તરફથી હરકત થશે એવી ધાસ્તી રાખવામાં આવે છે તે દીવશે મુસલમાનોએ બંદગીનો અમુક વખત ઠરાવવો જોઇએ.

ધર્મ સબંધી બંદગી અથવા ક્રીયા કરવાને વાસ્તે એકઠા થએલા માણસોને ખાસ રક્ષણ આપવાની બાબતમાં કાયદામાં ખાનગી માણસોની બંદગી કરતા સમુદાયની બંદગી બતાવેલી છે. અને સમુદાયને જરૂરનું છે કે હમેશાં જે વખતે તે બંદગીને વાસ્તે એકઠા થતા હતા તે વખતની અમલદારોને ખબર કરવી જોઇએ કે જેથી બીજા માણસોના હક ગેરવાજબી રીતે ઓછા થાય નહી. મુસલમાનના દેવળો કરતાં બીજા ધરમના દેવળો આરાધનાને વાસ્તે બધી વખતે ઉઘાડાં હોયછે. અમારા જાણવામાં છે તે પ્રમાણે સાર્વજનીક આરાધનાને વાસ્તે ઠરાવેલા કલાકો શીવાય બીજા કોઇ કલાકે તે ધરમના માણસો વરઘોડો અટકાવવાને કોઇ દહાડો હક રાખવામાં આવેલો નથી આ કોરટની રૂબરૂ એક હુકમ આવ્યો જેથી એક ખાનગી ઘરના માલીકને તેના ઘરમાં આખા વરસમાં દહાડે અગર રાત્રે કોઇ વખતે વાજીંત્ર વાગવાને અટકાવ કરવામાં આવેલો છે એવો હુકમ આ કોરટની રૂબરૂ રજુ થએલો છે તે હુકમ એવા

કારણથી કરવામાં આવ્યો હતો કે ધર્મની બંદગી કરવાની નજીક તે ઘર હતું.

હમેશાં યાદ રાખવું કે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણેના પ્રોશીડીંગ વીચારથી કરેલાં નથી અને જો હાઇકોરટને આડી રીતે નહી પણ બીજી રીતે તે દુરસ્ત કરવાને અખત્યાર છે. તે અખત્યાર અડચણ મટાડવાને વખતસર ભાગ્યેજ અમલમાં લાવી શકાય. પણ તે અખત્યાર વીશે શક ભરેલું છે. આ અપુર્ણ રીતે અટકાવેલી સત્તાને મંજુરી આપવામાં કાયદામાં ઠરાવેલું છે કે તે અખત્યાર માજીસ્ટ્રેટ જેના ડાહાપણ વીશે જવાબદારી ભરેલી સ્થીતીથી અથવા પસંદતાથી સંભવીત રીતે જામીનગીરી લેવાયલી છે તેમને આપવામાં આવે છે.

સને ૧૮૮૧ ના વરસની આખરે જીલા માજીસ્તરેટ મી૦ સ્ટોકશે આ કોરટના કહેવા પ્રમાણે મુસલમાનોને જે વખત તેઓએ બંદગીને વાસ્તે ઠરાવેલો હોય તેની જાણ પાડવાને હુકમ કરયો. અને તેમણે જ્યારે કંઈ પણ ખબર આપી નહી ત્યારે જે તેઉ શાહેબ ઉતમમાં ઉતમ જે મેળવી શકયા તે ઉપર ભરૂસો રાખ્યો અને હીંદુના દેવના વરઘોડાને હુકમ કરેલે વખતે મસીદ આગળ થઈને જવાને રસ્તાનો હક આપ્યો. આ સાવચેતી જે કહેવામાં આવી તેથી વરઘોડાને કાંઇ હરકત થએલી નથી.

તા૦ ૨૦ જુલાઇના રોજ જીલા માજીસ્ટ્રેટને મુસલમાનો તરફથી તેઉ પરગણામાં ફરતા હતા ને એક અરજી મળી (સને ૧૮૮૨ ના શેશન ના મુકરદમા ૧૧ માં ફાઇલ કરવામાં આવેલી છે.) તેમાં એવું કહેલું હતુ કે મરીઆમાં તેહેવારના દીવશોમાં મસીદ આગળ થઇને હીંદુઓ વાજીંત્ર સાથે પોતાનો રથ લઇ જાય એવી સાલમના બીજા વરગના માજીસ્ટ્રેટ તરફથી હીંદુઓએ પરવાનગી મેળવેલી છે. અને તેઓએ તેમાં એવુ બતાવ્યું હતુ કે તે તેહેવારના દીવસો રમજાનની વખતે તે મશીદમાં નીમાજ પડવાનુ કામ જ્યારી ચાલે છે તે વખતને મળતા આવે છે માટે કનાર મેહેલામાં થઇને વરઘોડા જવાની મનાઇ કરવાંમાં ન આવે તો સુલેહનો ભંગ થવાની ધાસ્તી રહે છે. આ અરજી મળતાં જીલા માજીસ્તરેટે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૧૮ પ્રમાણે જીલા માજીસ્તરેટે એક તરફથી હુકમ એવી રીતનો કરયો કે હીંદુઓએ તા૦ ૨૧ જુલાઇ અને તા૦ ૩ અગસ્ટ સને ૧૮૮૨ ની વચમાંતે મશીદ આગળ થઇને વાજીંત્ર સાથે જવું નહીં.

જો કે કાયદામાં આવો એક તરફી હુકમ કરવાને પરવાનગી આપવામાં આવેલી છે તોપણ કાયદાનો ઇરાદો દરેક પક્ષકારને સાંભળવાનો લા

ગ મળે તે પ્રમાણે સાધારણ રીતે આ રસ્તે ચાલવું નહી જોઇએ તેવો છે. અવરચંના કામને લીધે તે માજીસ્તરેટ સાલમ પાછા આવી શકયા નહી હોય કે જ્યાં મુસલમાનોના રોજાની વખતે હીદુઓને તેહેવાર ભોગવવાના હતા અને તેથી તોફાન થવાનો સંભવ છે એવી સુચના કરવામાં આવેલી હતી.

તા૦ ૨૧ મી જુલાઇના હુકમને લીધે હીંદુઓએ વરઘોડો બંધ રાખ્યો. સ્ટોકશના કારોબાર નીચે અમુક બતાવેલી કલાકે ખાનગી ક્રીયાના પ્રસંગે વાજીંત્ર સાથે વરઘોડા લેઇ જવાને પરવાનગી આપવામાં આવેલી હતી. અમે અનુંમાન કરીએ છીએ તે પ્રમાણે મી૦ મુલેલીએ પાછળની વખતે એવી જુબાની આપેલી છે કે ખાનગી વરઘોડાઓની જીલા માજીસ્તરેટે મનાઇ કરેલી હતી અને એકની બાબતમાં મેં પણ કરેલી હતી. આવા વરઘોડાનો રસ્તો તા૦ ૨૮ મી જુલાઇના રોજ રાખવાથી બખેડો થયો કેટલાક ધોબીઓ આપુચેતીના મેહેલ્લા શુધી કેટલાક લોકોની સાથે પોતાની ન્યાતના એક સખશની ઉતર ક્રીયા સારૂ, નદીમાંથી પાણી લેવાને વાજીંત્ર સાથે આવ્યા હતા. તે મસીદમાં ચાલીશેક મુસલમાનો એકઠા થએલા હતા તેમણે તેઓના ઉપર હુમલો કરયો. શુમારે એક હજાર હીંદુઓ તે નદીની ગોગાઇ બાજુ ઉપર એકઠા થયા અને તેમાંથી કેટલાકોને પોલીસે પાછા હઠાવ્યા. મી૦ જાહાનસને એવો શુમાર બતાવ્યો છે કે ગોગાઇ અને સીનાઇપીઠમાંથી એક કલાકમાં બે હજાર માણુશ એકઠું થયું હતું. તા૦ ૨૯ અને ૩૦ જુલાઇના રોજ બખેડો જારી હતો તે લશકર આવી પોહોચવાથી ફકત બંધ થયો હતો. મુખ્યત્વે કરીને હીંદુઓએ દુકાનો લુટી હતી અને સાત મુસલમાનો અને ૫૩ હીંદુઓ ઘાયેલ થયા હતા. આ વરઘોડો હીંદુઓની તરફથી નીરદયતા ભરેલી રીતે ગુસ્સો ઉતપન કરી મુસલમાનો આગળ પડે એમ તેમને ઉશકેરવાને ચડાવ્યો હતો. એમ વીચારવામાં આવેલું છે. શેશન જડજ તે પ્રમાણે હતુ એમ કેહેવાને તઇયાર થએલા નથી. તોપણ આટલા બધા હીંદુઓની મંડળી થોડી મુદતમાં એકઠી થએલી તેથી તે સુચના કરવાને કાંઇ કારણ હતુ એમ તેમણે કબુલ કરેલું છે.

જીલા માજીસ્તરેટ જુલાઇ મહીનાનો બખેડો થયા પછી શાલમ પાછા આવ્યા તે વખતે અપીલવાળા સુદ્રમચેદ્રી અને મરીઆમાંના મંદીરના તેની સાથેના બીજા ધર્મ કરતાની તરફથી એક અરજી મળી. તેમાં તેઓએ એવી અરજ કરી છે કે સાલમમાં તેઓના હુકમને લીધે વરઘોડો કાહાડવાને અમે બંધ રાખેલો તે વરઘોડો અમે લેઇ જઇ શકીએ તે સારૂ જોઇતું લશકરી અગર પોલીશ માણસો રાખવાં જોઈએ; આ અર

જીમાં અરજદારોએ તેઉની જે મદદ માગી છે, તેનાં કારણો હુશીઆરી તથા નમ્ર રીતે બતાવેલાં છે. તોપણ જે કલમમાં એવી તકરાર કરવા માં આવી છે કે જે મનાઈ હુકમ કાહાડવામાં આવેલો તે બરોબર નહી હતો. કારણ કે તેથી મુસલમાનો એમ માનવાને દોરવાએલા હતા, કે તેઓ સત્તાવાળા છે તેથી તે કાહાડવામાં આવેલા છે અને મુસલમાનો તર્ફદારી આપે તેવા અને સરકારના ખાશ મેહેરબાનીવાળા છે એમ વીચારવાને હીંદુઓ દોરવાએલા છે. અને એવો આગ્રહ કરવામાં આવેલો છે કે લશકર રાખવાથીજ ફકત તે હુકમ પ્રમાણે ચાલી શકેછે. અને તે હુકમથી સુલેહનો ભંગ અટકાવવાની ઉમેદ રાખવામાં આવીંહતી તેના કરતાં વધારે વારંવાર અને વધારે ભારે સુલેહનો ભંગ થવાનો પ્રસંગ થએલો હતો. તથા અનુભવ ઉપરથી માલમ પડેલું છે કે હકોનો અમલ કરવાને જો લશકર સરકાર એકઠું નહી કરે તો બખેડો બંધ કરવાને તે એકઠું કરવું પડશે. માટે તે હુકમ એકદમ ગેરવ્યાજબી અને ધ્રાસ્કો કારક છે. જીલા માજીસ્ટ્રેટે આ અરજ ઉપર જે શેરો કરેલો છે તે નીચે પ્રમાણે છે:—

"હાલની હકીકત પ્રમાણે જે રક્ષણ મળવાની જરૂર છે તે રક્ષણ આપવાને જીલા માજીસ્તરેટની પાસે સાધન નથી. તેમ જો તે સાધન હોત તો તે આપવાની તેને ફરજ છે એમ કોઇ રીતે ખુલું નથી. અરજદારોને એવી ચેતવણી આપવામાં આવી હતી કે સીવાધપીઠમાં હાલ વર ઘોડો લેઇ જવો એ ઘણું ભયંકર છે. અને જે વખતે માજીસ્તરેટ તથા પોલીશને સુલેહ રાખવાની જરૂર પડસે તે વખત તેઓ પોતાનો અખત્યાર વાપરસે.

આ પ્રોશીડીંગો લક્ષમાં લેવાને તથા તે ઉપર આપેલો અભીપ્રાય "લેવાને અમને ફરજ પડેલી છે. કારણ કે ફરીઆદ તરફની તકરારમાં તે ઉપર એવો આધાર રાખવામાં આવેલો છે કે માજીસ્તરેટના હુકમોથી જે ગુસો ઉતપન થએલો તે ગુસ્સાથી અમે જે ગુનહા બાબત તપાસ કરીએ છીએ. તે ગુનહો થએલો હતો અને અપીલવાળાઓની સ્થીતી જેવા માણસો કાયદેસર ઇલાજોમાં નીશફળ ગયા તેથી ઘણુાજ સાપરાધ કૃત્યો કરવાને તે લલચાએલા હતા. સેશન જડજે આ તકરાર કબુલ કરેલી છે. કોરટની રૂબરૂ જે કામ છે તેમાં તેઉએ જે ફેંસલો આપેલો છે તેમાં તેમણે એવું બતાવ્યું. છે કે" ધર્મને લીધે કાંઇ સ્વછંદપણાને તે તોફાન સાથે થોડોકજ સબંધ હતો. તે તો હીંદુઓ પોતાનો દીવાની રાહનો હક અમલમાં લાવતા હતા. તેમાં તેઓને પોતાનું રક્ષણ થવાને કાયદો મજબુત નહી હોવાથી ગુસ્સો કાંઇક લાગેલો હતો. અગર બીજી રીતે

કહેતાં તેઓને એમ લાગ્યું હતું કે મુસલમાનોથી તે અધીકારીઓ બીહે છે" અને એક ઠરાવ કે જેની અમે હમણાંજ વ્યવસ્થા કરીશું. તા૦ ૪ અગષ્ટ સને ૧૮૮૨ ના રોજનો સુદ્રમચેતીની અરજી ઉપરથી જે હુકમ કરવામાં આવેલા તેથી હકીકત અણી ઉપર આવી ગએલી હતી. અજ્ઞાન માણુસને એમ માલમ પડેલું કે મુસલમાનોએ લડવાને બતાવેલું છે માટે હવે પછી આપણે પોતાની મરજી મુજબ ચાલવું જોઇએ.

તે અરજીની જે કલમ અમે બતાવેલી છે તેમાં બેશક ખરી રીતે બતાવેલું છે કે હીંદુઓના અભીપ્રાયમાં મુસલમાનો તસ્દી આપે એવા હોવાથી પોતાનો હક ગએલો છે એમ આવેલું હતું. માજીસ્તરેટે તે હકનો અમલ કરવાથી તોફાન થશે એવો ભય રાખીને તે મનાઈ હુકમ કરેલો છે. પરંતુ તે હકનો અમલ કરવા સામા જે પક્ષકાર થએલા તે શીવાય લોકોની તરફથી તોફાનની ધાસ્તી હતી. આવી હકીકત ઉપરથી આવો હુકમ કાહાડવામાં આવેલો તેથી કાયદાની દરકાર રાખવામાં આવશે નહીં અને અમલદારો જોઇતુ રક્ષણ કરવાની સ્થીતીમાં નથી." એવી ધારણા કરેલી એમ કબુલ કરયું થાય છે. આવા હુકમો જયારે વારંવાર કરવામાં આવે છે, ત્યારે તેથી જેઓના હકમાં હરકત થાય છે તેઓની બાબતમાં તે હુકમ કરવાને સુલેહ રાખવાનું જે વ્યાજબી કારણ તે તેના પરીણામની માફક દેખીતું હોતુ નથી, જે સખસોની તરફથી ધાસ્તીનો ભય રહે છે, તેઓના વીરૂધ અધીકારીઓ અખત્યાર વીનાના છે, એવી સમજ ઉતપન થએલી છે. અને ન્યાયની રૂઇએ ફેંસલો કરવામાં આવે તે અર્થાર્થ રીતે અમલ થવા લાયક રહે નહી, એવું બળ બતાવવાથી યોગ્ય અધીકારીઓને અપીલ કરી દીવાની હકો સાચવવા એ કરતાં તે વધારે અસરકારક છે"એવી સમજ ઉતપન થએલી હતી.

જયારે વસ્તીના ધણા ખરા લોકોના મનમાં આવી શમજ ઉત્પન થાય ત્યારે દીવાની હકોના યોગ્ય ભોગવટાનું રક્ષણ કરવાને બદલે તેની ના કહેવી તેથી ભારે ભયની ધાસ્તી રહે છે. દરેક લોકોમાં સરકારના હુકમને માન્ય કરવું તે કેટલાકોને ગમતું નથી એમ હોય છે. પરંતુ મુશકેલી અને પેશ પોહોંચેલા તોફાનોથી જેઓ સાધારણ રીતે હુકમ માનવાને આતુર હોય છે તેઓ પણ લલચાય છે.

તે અરજદારોએ તે હુકમના વલણ બાબત જે તકારારો કરેલીછે. તે એવા શબ્દોથી કરેલી નથી કે જેથી ગુસ્શો ઉતપન થાય પક્ષપાતપણાનો જે દોશ મુકવામાં આવેલો છે તે જેવો પાયા વીનાનો છે તેવોજ તેના લાયક છે. માજીસ્તરેટને જે કાંઇ શક જુલાઇના બખેડા વીશે આવો સુગતા ભરેલો દાખલો કે સુલેહનો ભંગ અસહ્ય ગુસ્સો ઉતપન કરવાથી થ

એલો હતો તે મળે તેવો પડેલો હશે. તે બાબત ફોરાણે રાખતાં તે અરજી ની શદરહુ કલમનું લખાણુ જે રીતે કરવામાં આવેલું તેથી માજીસ્તરેટના હુકમના લખાણુને અશર થએલોછે એમાં કાંઇ શક નથી. કારણુ કે તે હુકમ વ્યાજબી રાહે શબ્દો વાપરી લખેલો નથી એમ કહેવાની અમને ફરજ પડે છે. તે અરજીમાં માગેલી દાદ વ્યાજબી રાહે નહી આપવાને માજીસ્તરેટને કારણુ હશે અને તે બાબત પોલીસની છે કે જેમાં આ કોરટ પેશી શકતા નથી. પરંતુ અરજદારોને શાંત રાખવાને કાંઇ પણ કરી શકતુ હતું કારણુ કે તેઓને સુલેહ સાચવવાને કેટલાક વીચારો આવી પડેલા હતા બીજી રીતની હકીકત હોય તો તેઓના હકનું રક્ષણુ થાય એવી કાંઇ ઉમેદ આપવામાં આવેલી નહી હતી. પરંતુ તે હુકમ એવી રીતે વાંચી શકાય છે કે જો માજીસ્તરેટના અખત્યારમાં રક્ષણુ આપવાનું હોય તોપણુ કોઇ વખતે તે આપવાની તેમની ફરજ છે કે નહી એમ અરજદારોને ખબર આપવાને માજીસ્તરેટે શક રાખ્યો હતો.

જસ્ટીસ ઇન્સ સાહેબઃ—વરઘોડા સબંધી આ કોરટના તથા માજી સદર કોરટના ઘણા વરસોથી થએલા ફેંસલાઓ પ્રમાણે ચીફ જસ્ટીસ સાહેબે કાયદાનો અરથ કરેલો છે તે સાથે અમે તદન મળતા છીએ.

સાર્વજનીક બંદગી બીન હરકતે કરવાનો જે હક કાયદાએ કબુલ કરેલો છે તે દીવસની તમામ વખતે મશીદોમાં જે ખાનગી બંદગી થાય છે તેવી ખાનગી બંદગીને લાગુ કરવામાં આવ્યો નથી.

સાર્વજનીક બંદગીનો વખત નીમવામાં કાંઇ મુશકેલી ઉતપન થવી નહી જોઇએ.

જયારે વરઘોડો એક મશીદની આગળ થઇને જતો હોય ત્યારે તે વરઘોડાનાં વાજીંત્ર બંધ રાખવાં જોઇએ તે વીશેના રીવાજના પૂરાવનો સવાલ કોરટમાં મુકવાનો હોય ત્યારે એટલું લક્ષમાં રાખવાનુ છે કે સામાન્ય રીવાજો જો કે કાયદા સરખા છે તોપણુ કોરટે તે કાયદા તરીકે કબુલ કરતા પેહેલાં તે રીવાજ સાબેત થવો જોઇએ. અને રીવાજ ગમે તેટલો જુનો હોય તોપણુ જરૂરે કરીને તે બળવાન રીવાજ થતો નથી. બળવાન રીવાજ થવાને તે વ્યાજબી તેમજ નકી અને જુનો હોવો જોઇએ અને એક પંથના લોકો પોતાના ધર્મને માન્ય આપી જે રીવાજ કબુલ કરતા હોય તે રીવાજ બીજા પંથના લોકો જે તે ધર્મને માનતા ના હોય તેમણે માનવું જોઇએ. એમ કોરટ ઠરાવે એવું સંભવીત નથી.

ઉપલી કોરટને માટે કોઇ પણ વખતે કોઇ તાબાના અધીકારી કાયદો ઠરાવે એ બરોબર નથી. અને તેમ છતાં તે હુશીઆર જડજે તે પ્રમાણે કરવાને દુરસ્ત ધારેલું છે એ વીશે અમે ઘણા દીલગીર છીએ.

તેરૂ ખાસ સ્થીતીની હકીકતમાં આવેલા હતા. માટે જે અભીપ્રાય બતાવવાથી ઉંચામાં ઉંચા વરગને કોરટે ઠરાવેલા કાયદાના આધારમાં કાંઇ અનીસ્ચતપણું થાય તેવો અભીપ્રાય બતાવવાને બંધ રાખવાને તેમણે સંભાળ રાખવી જોઇતી હતી.

જસ્ટીસ કીંડસલી સાહેબઃ—હાય કોરટનો ઠરાવ વરઘોડાના હક બાબત દુરસ્ત કરવાને તે જડજે બીન જરૂરીઆત માંથે રાખેલું છે એમ અમને જણાય છે. આ કોરટના બે જડજોએ જે કાયદો ઠરાવેલો છે તે વાસ્તવીક રીતે બરોબર છે તે વીશે અમને કાંઇ શક નથી. તે જડજ ખાનગી સખસ તરીકે પોતાના કાયદાના અભીપ્રાયો બતાવી શકે છે પણ આ કોરટની તાબાની કોરટના જડજ તરીકે બેસતાં આ કોરટે ઠરાવેલો કાયદો કબુલ કરવાને તેઓ બંધાએલા હતા.

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ ડીસેંબર તથા તા૦ ૧૫ ડીસેબર સને ૧૮૮૨

મી૦ જસ્ટીશ ઇન્સ સાહેબની રૂબરૂ.

અપાવુંનાયક વીગરે વીરૂધ મહારાણી સાહેબ.

પ્રવેશ—બખેડા કરવો—કબજાનો હક.

પ્રવેશ કરનારે વાવેતર કરેલી જમીનમાં જબરાઇથી પેઠાનો આરોપ બાબેત જે સખશ કબજાના હકની તકરારનો જવાબ દેતો હોય તો તે જવાબ તે પ્રવેશ કરનારે કબજે હોય અને તેમાં તે સામો થતો હોય તેના વીરૂધ તે જવાબ થતો નથી.

પાનું ૨૪૫ સને ૧૮૮૨ ના કલંડર નંબર ૧૨ ના કામમાં તીરૂ૰ કોઇલરના સેકંડ કલાશ માજીસ્તરેટના સીક્ષાના હુકમઉપર દક્ષીણ આરકટના ડીપોટી માજીસ્તરેટને કરેલી અપીલના પ્રોસીડીંગમાં ફરી તપાસ કરવાને સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે આ અરજી કરવામાં આવેલી છે એવા કારણથી કે અરજદારોના ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ ગેરકાયદે છે.

અરજદારોના ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે બખેડા કરયાને વાસ્તે ગુનાની સાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને બે મહીનાની કેદનો અને દરેકને ૨૫ રૂપીઆ દંડનો શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હતો.

અપીલમાં કેદીની સીક્ષા ડીપોટી માજીસ્તરેટે ઓછી કરીને ૩૪ દંડાની કરી.

આ કામની હકીકત અને તકરારો કોરટના (મી૦ જષ્ટીશ પ્રન્સ) ફેંસલામાં બતાવેલી છે.

અરજદાર તરફથી મી૦ નોર્ટન.

ફેંસલો:—આ કામમાં જે મીલકત ઉપર કહેલો ગુનોહ કરવામાં આવેલો છે તે બે વીધવાએ જેમને છોકરૂ નહી હતું તેથી તેમણે તોહોમત વાળા નંબર ૫ અને ૬ ના માણસોને પોતાના છોકરા તરીકે ઉછેરયા હતા તેમની હતી ને આ સખસો પાસે તે મીલકતનો વહીવટ હતો તેમની અને વીધવાઓની વચે અણબનાવ થવાથી પાછલાએ એકે ધરણીઆ ખત કે જેથી તે મીલકતનો કબજો તેને લેવાનો અધીકાર હતો તે કરીને તીરૂકોઇલરના વીશ્નુ મંદીરના મેનેજરને તે મીલકત સોંપી. આ માણસે નંબર ૧ થી તે નંબર ૩ સુધીના તોહોમતવાળાઓને મીલકત મુદત બાંધી કરારથી ભાડે આપી. આ લોકો તોહોમતવાળા નંબર ૪ થા અને બીજા જેમના ઉપર તોહોમત ફરમાવવામાં આવ્યું નથી તેમની સાથે તે જમીનમાં જોર જુલમથી પેઠા અને બખેડો કરયા બાબતના ગુનેહગાર ઠરાવ્યા છે અને કેદની સાધારણ મુદતની સીક્ષાનો હુકમ કરવામાં આવ્યો છે પણ એ સજા અપીલમાં ઓછી કરવામાં આવી છે.

તોહોમતવાળા નંબર ૫ થી તે ૧૪ શુધીના માણસોને તેઓનો કબજો બચાવ્યાને વાસ્તે છોડી દેવામાં આવ્યા છે બાઇઓ તરફથી મેનેજર તરીકે તોહોમતવાળા નંબર ૫ અને ૬ ના માણસોનો કબજો છે એવું ધરાય નહી એવી તકરાર મી૦ નોર્ટને કરીછે. જે માણસોએ તે ભાડે રાખેલી તેનો તે હકથી કબજો રાખવાનો હક છે અને તેથી કરીને ગુનાની સાબેતીનો ઠરાવ ગેરવ્યાજબી છે એવી તકરાર મી૦ નાર્ટને કરી.

ઘણા કામના ઠરાવો બતાવવામાં આવ્યા હતા. રાજકુમારનું કામ એ નુંકશાનીને વાસ્તે છે.

એવું ઠરાવવામાં આવ્યું હોય એમ માલમ પડે છે કે બીગાડનો આરોપ મુકી શકાય નહી કારણ કે હુકમનામાથી એમ ઠરાવ થયેલો છે કે જે મીલકતનો નાશ કરવામાં આવેલ છે તે જમીન ઉપર કાયદેસર રીતે સ્થાપવામાં આવી નહોતી અને તેથી ગેરરીતે બીગાડ થએલો નથી. પણ આપણે આ કામમાં બીગાડના કામની વ્યવસ્થા કરવાની નથી ને તે આરોપ તો બખેડાનો છે.

મદ્રાસ હાઇ કોરટ રીપોટનો વોલ્યુમ ૬ ની અનુક્રમણીકા (પાનુ ૧૩) માં જે કામ છે તે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાના ચાપટર ૨૨ માં ધારેલો જે કબજો તેના સવાલ સબંધી છે. જે સવાલ આ બાબતને બીલકુલ લાગતો નથી. હમણાંના કામમાં જે ઠરાવ કરેલો તેને

વાસ્તે શક રાખવામાં આવેલો છે જેન્સ વી૦ ચેપમેનના કામમાં જસ્ટીસ મેલે સાહેબે કહેલું છે કે જો એક ખેતરમાં બે માણસ એવા હોય કે દરેક તે ખેતર મારૂ છે એમ હક બતાવતા હોય અને દરેક પોતાના કબજાનો હક શીધ કરવાને કેટલાક કૃત્યો કરે છે ત્યારે જે માણુસની પાસે કબ્જો હોય તેનો ખરેખરો કબજો છે અને બીજો પ્રવેશ કરનાર છે. આ નીયમ આ કામને લાગુ પાડીને મી૦ નોરટન તકરાર કરેછે કે જે માણુસો બાડુવાતો છે તેની પાસે કબજાનો હક છે માટે તેમનો કબજો અને તેમનાં કૃત્ય દોષીત નથી.

એમ છતાં પણુ માલમ પડશે કે આ કામમાં જેમ સાર્વજનીક જાગ્યા તોડવાનો સવાલ છે તેવા સવાલ ઉપર ઠરાવ કરવામાં આવેલો નથી અને જો હાર્વે વી૦ બ્રાઈજીઝના કામમાં કરેલો ઠરાવ જોવામાં આવેતો માલમ પડશે કે જો કે પક્ષકારોની વચ્ચે આ કામમાં તોહોમતવાળા નંબર ૧ થી તે ૪ સુધીના માણુસો ઈંગરેજી કાયદા પ્રમાણે બીગાડને વાસ્તે તોહોમતવાળાએ કરેલા દાવામાં તોહોમતવાળા ૫ અને ૬ ને જવાબદાર નથી તોપણુ જોર જુલમથી પ્રવેશ કરવાને વાસ્તે તેજ કાયદા પ્રમાણે જુરીના ઠરાવ ઉપરથી તોહોમત મુકવાને લાયક છે અને હીંદુસ્થાનમાં પણુ આમજ બને છે. અને ઘણું કરીને હીંદુસ્તાનમાં જે કાયદો ચાલે છે તે પ્રમાણે સાર્વજનીક ફરજ તોડીને જેવી રીતે તોહોમતવાળા નંબર ૧ થીતે ૪ સુધીના માણુસોએ તોહોમતવાળા ૫ અને ૬ ના ઉપર હુમલો કરવાથી નુંકશાન થાય તેવું નુંકશાન કરયું એ તોહોમતવાળા નંબર ૧ થીતે ૪ સુધીના માણુસો ઉપર દાવાનું કારણથાય છે જો કે એથી ઉલટો આ બતાવેલા કામમાં ઈંગલડમાં કાયદોછે એમ ઠરાવવામાં આવ્યુછેં તેની ચીતા નહીં.

અમારી નજરમાં એમ આવે છે કે ઠરાવ વ્યાજબી છે આ કારણે તેમાં હાથ ઘાલવો નહી જોઈએ. અરજી રદ કરી.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૫ જાનેવારી સને ૧૮૮૩

સર ચારલસ એ. ટરનર નાઈટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ રામચંદ્રઆપા વીગરે.

સને ૧૮૧૬ ના કાયદા ૪ ની કલમ ૧૫, ૧૬—પીનેલકોડની કલ

મ ૧૭૪—સમન્સ પ્રમાણે ચાલવું નહીં—એક સરખી હકુમત.

હીં. ફો. કા. ની કલમ ૧૭૪ નો ઠરાવ છે તે મદ્રાસના સને૧૮૧૬ ના કાયદા ૪ થાની કલમ ૧૫—૧૬ ના ખાસ ઠરાવો વીરૂધ નથી.

ગામના મુનસફે સાધારણ કામોમાં જે સમન્સ કરયો હોય તેનુ અપમાન કરવા બાબત તે કાયદા પ્રમાણે વ્યવસ્થા થઇ શકે છે. પરંતુ જો પીનલકોડ પ્રમાણે તોહોમત રાખવામાં આવ્યું હોય તો તેની વ્યવસ્થા ફોજદારી કોરટે કરવી જોઈએ.

પાનું ૨૪૯ કડાપાના જીલ્લા માજીસ્તરેટે ફો. કા ચ ની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ. આ કામનો રીપોટ કરેલો છે.

કામની હકીકત નીચે પ્રમાણે છેઃ—

પાંચ સખસો ઉપર મદનપાલેના બીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ એવો આરોપ રાખવામાં આવેલો હતો કે એક ગામના ચોકીદારે ગામના મુનશફની રૂબરૂ દીવાની દાવામાં હાજર થઇ સાક્ષી આપવાને સમન્સ કરેલો હતો. તે સમન્સ પ્રમાણે તેઓ હાજર થયા નહી તેથી હી. ફો. કાયદાની કલમ ૧૭૪ પ્રમાણે સરકારી નોકરના હુકમનું અપમાન કરયું છે તેમાંથી તેઓને નીરદોશ ઠરાવવામાં આવ્યા એવા કારણથી કે સને૧૮૧૬ ના કાયદા ૪ માં ઠરાવેલી કામ ચલાવવાની રીતી અને સીક્ષા તે કામને લાગુ થાય છે. અને પીનલકોડની કલમ ૧૭૪ લાગુ થતી નથી. તે કાયદાની કલમ ૧૫ (૬) અને ૧૬ (૩) માં ઠરાવવામાં આવ્યું છે કે ગામના મુનસફે એકાદા સખસ ઉપર સમન્સ કરયો હોય તેમ છતાં તે તેનું અપમાંન કરે તો તેવા દરેક ગુનહા બાબત ગામના મુનશફ અડધા રૂપીઆ શુધી દંડ કરી શકે છે.

જીલા માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું કે આ ઠરાવ કાયદા પ્રમાણે બરોબર નથી.

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવ્યો.

ચીફ જષ્ટીશ ટરનર સાહેબઃ—હીં. ફો. કાયદાનો ઠરાવ તે ખાશ કાયદાના ઠરાવ વીરૂધ નથી. માટે તે બેઉ કાયદાનો અમલ થઇ શકે છે. દીવાની કાયદાની કલમ ૧૭૦ પ્રમાણે દીવાની કોરટોને ભેગો અખ્તીયાર આપવામાં આવેલો છે તેવો તે કાયદાની કલમ ૧૬૩ પ્રમાણે દંડ કરવાને સંક્ષેપ અખત્યાર ગામના મુનસફને આપવામાં આવેલો છે.

સાધારણ જે કામોમાં વધારે હરકતકારક હકીકત ના હોય તે કા

મોગાં ગામના મુનસફ અગર દીવાની કોરટ પોતાને મળેલા ખાસ અખત્યારનો ડાહાપણથી અમલ કરે છે. પરંતુ જો હીંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે ફોજદારી કોરટમાં આરોપ રાખવામાં આવેલો હોય તો તે કોરટે તેની વ્યવસ્થા કરવી જોઇએ. માટે જે હુકમ વીશે પુછવામાં આવેલું છે તે હુકમ રદ કરવો જોઇએ, અને માજીસ્તરેટને ફરમાવવું જોઈએ કે તોહોમતવાળા ઉપર ફરી સમન્સ કરી તે તપાસ પુરી કરવી જોઈએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ ફેબરવારી સને ૧૮૮૩
મી૦ જસ્ટીસ હન્સ અને મી૦ જસ્ટીસ કરનાન
સાહેબોની રૂબરૂ

કોદા સુબાગેતી વીગરે વીરૂધ માહારાણી સાહેબ.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૩—પીનલકોડની કલમ ૧૮૧, ૧૯૩—ગેરશીરસ્તે તપાસ—કાયદા બાબતનો ધંધો કરનારનો આકટ—ન્યાયની રૂઇતુ કામ—પ્રતીજ્ઞા ઉપર તો. હોમતવાળાની તપાસ.

કાયદાનો ધંધો કરનારાઓના આકટના ઠરાવ પ્રમાણે એક વકીલની વરતણુંક વીશે તજવીજ ચાલતી હતી તે દરમીઆનમાં હીં ફો. કા. ની કલમ ૧૮૧ પ્રમાણે ત્રણ સખસો કે જેમાં એક વકીલ હતો. તેમના ઉપર પ્રતીજ્ઞા ઉપર જુઠી હકીકત આપ્યા બાબતનો આરોપ રાખવામાં આવેલો હતો તેથી એ ત્રણેની એકઠી તપાસ કરવામાં આવી હતી.

ઠરાવવામાં આવ્યું કે તે વકીલને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે. તે બરોબર નથી કારણ કે તેની હકીકત પ્રતીજ્ઞા ઉપર લેવામાં આવી છે તે અઘટીત છે.

વળી ઠરાવવામાં આવ્યું કે ત્રણે કેદીઓની એકઠી તપાસ કરવામાં આવી છે તેથી કામ ચલાવવાની રીતીમાં એવી ભારે ભુલ થઇ છે કે જેથી તે તપાસ રદ થાય છે.

વળી ઠરાવવામાં આવ્યું કે કાયદાનો ધંધો કરનારાના આકટ પ્રમાણેની તપાસ ન્યાયની રૂઇતુ કામ છે માટે તેમાં જુઠી હકીકત સાક્ષીઓએ પ્રતીજ્ઞા ઉપર કહેલી હોય તો હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ પ્રમાણે આરોપ રાખી તેમની જુદી જુદી તપાસ થવી જોઇયે.

પાનું ૨૫૨. સને ૧૮૮૨ ના નંબર ૩૫ ના કામમાં સાલેમના જોઇન્ટ માજીસ્ટ્રેટના પ્રોશીડીંગની ફરી ત

પાસ કરવાને હાયકોરટને આ અરજી કરવામાં આવેલી છે.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૧ પ્રમાણે સરકારી નોકરની રૂબરૂ પ્રતીગ્ના ઉપર જુઠી હકીકત કહ્યા બાબત અરજદારોને ગુન્હેગાર ઠરાવેલા છે અને દરેકને ૭ માસ આસાન કેદની શીક્ષા કરેલી છે.

કાયદાનો ધંધો કરનારાના આકટ પ્રમાણે ત્રીજા કેદી વરથાયંગારની ચાલ બાબત તપાસ ચાલતી હતી. તે દરમીઆન ગાંહોરના જીલ્લા મુનસફની રૂબરૂ જુઠી હકીકત કહેવામાં આવેલી છે એવો આરોપ રાખવામાં આવેલો છે.

સાલમની શેશન કોરટમાં અપીલ ચાલતાં તે કેદીઓના કૉનસલે તકરાર કરી કે ગુન્હાની શાબેતીના ઠરાવો બરોબર નથી. કારણ કે તે તોહોમતવાળાઓની જુદી જુદી તપાસ ચાલતી હતી.—મદ્રાસ હાયકોરટનો તા૦ ૧૫ મારચ સને ૧૮૬૭ ના રોજનો ઠરાવ તથા માહારાણી વિરૂધ માહારાજા મેસેરનો ઠરાવ છે.—પરંતુ કોરટે ઠરાવ્યું કે તે તોહોમતો સંભાગથી રાખવામાં આવેલાં છે અને તે કેદીઓની તરફથી હાય કોરટના એક અટરનીએ બચાવ કરેલો છે (તપાસ વખતે તે હરકત તેમણે લીધી નથી.) અને તે વકીલ ત્રીજો કેદી લાંબી મુદતનો છે અને તે આરોપો રદ કરવાને દરેક લાગ આપવામાં આવેલો હતો. માટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૩ ના હેતુ પ્રમાણે આરોપોમાં અગર પ્રોશીડીંગમાં કાંઇ ભુલ અગર ખામી છે એમ કહી શકાતું નથી. તે અપીલ કાહાડી નાંખવામાં આવી.

અરજદારો તરફથી મી૦ શાંટ અને સાડા ગોપાચારીયરે તકરાર કરી કે ત્રીજા અરજદારોએ કાંઇ ગુન્હો કરેલો નથી અને ગેર શીરસ્તે તપાસ કરવાથી બીજા અરજદારોને હરકત થએલી છે.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

ફેંસલોઃ—અમારી નજરમાં આવે છે કે તે ત્રીજા કેદી વકીલની હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૧ પ્રમાણેના તોહોમત બાબત તપાસ કરવામાં આવેલી છે તે બરોબર નથીં. કાયદાનો ધંધો કરનારાના આકટ પ્રમાણે તેની વરતણુંક બાબત તપાસ કરતાં તેનો ખુલાસો માગવામાં આવ્યો તેથી તે તપાસ કરનાર કોરટ તેની પ્રતીગ્ના ઉપર હકીકત લેવાને મુખત્યાર નહીં હતા. માટે આવા કામમાં સાચુ બોલવાને કાયદેસર રીતે, સોગન ઉપર બંધાએલો નહીં હતો, અને જો તેણે કાંઇ જુઠી હકીકત કહી હોય તો હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૧ પ્રમાણેના તોહોમત બાબત તે જવાબદાર થતો નથી. અગર તે કાયદાની

કલમ ૧૯૩ પ્રમાણે જુઠી શાહેદી આપ્યાના તોહોમત બાબત પણ તે જવાબદાર થતો નથી-

માટે તે ત્રીજા કેદીની બાબતમાં ગુન્હાની શાબેતીનો જે ઠરાવ છે તે રદ થવો જોઇએ. તેથી તેને એકદમ છોડવાનો હુકમ કરવામાં આવેછે.

બીજા બે કેદીઓની બાબતમાં અમારા અભીપ્રાયમાં આવે છે કે કાયદાનો ધંધો કરનારનારાઓના આક્ટ પ્રમાણે જે તપાસ કરવામાં આવી તે ન્યાયની રૂબેનું કામ છે. માટે શાક્ષીઓએ પ્રતીજ્ઞા ઉપર જુઠી હકીકત કહી તે વીશે તેમના ઉપર હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ પ્રમાણેના ગુન્હાનો આરોપ રાખવો જોઇતો હતો. અને તે પ્રમાણે આરોપ રાખીને તે સખસોની જુદી જુદી તપાસ કરવી જોઇતી હતી.

તેઓની એકઠી તપાસ કરવાથી બચાવમાં એક બીજાની શાહેદીનો જે ફાયદો મળે તેમાંથી તેઓ બાતલ થએલા છે, તેથી તે એકઠી તપાસ ચલાવવાની રીતી ઘણી ગેરશીરસ્તે છે અને તેને લીધે તે કેદીઓને હરકત થએલી હોવી જોઇએ. માટે અમે નવી તપાસ કરવાને ફરમાવી શકીએ. પરંતુ જે જુઠી હકીકત કહેવામાં આવેલી છે તે દરેક કામમાં જો જુઠી હોય તો પણ તે અગત્યની નથી અગર ઘણી થોડી અગત્યની છે. માટે તેમણે જે શીક્ષા ભોગવેલી છે તે બસ છે તેથી ગુન્હાની શાબેતીના ઠરાવો તથા શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ અને ફકત એટલું ફરમાવીએ છીએ કે પેહેલા અને બીજા કેદીઓને છોડી દેવા.

——

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ ફેબરવારી સને ૧૮૮૩.

મી૦ જસ્ટીસ પીન્સ અને મી૦ જસ્ટીસ કરનાન

સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂદ્ધ આનથોની ઉદાયાન.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦, કલમ ૪૩—સારવજનીક અપકૃત્ય કઠેરા વીનાનો કુવો.

ઘોરી રસ્તાથી આઠ વારની અંદર ખાંનગી જમીનમાં કુવા ઉપર કઠેરો બાંધવો નહી અને તે ખુલ્લો રાખવો તે સારવજનીક અપકૃત્ય તરીકે સીક્ષા થવા લાયક નથી.

પાનું ૨૮૦ હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે એક આનથોન ઉદાયાનને પાલમના બીજા વર્ગ-

ના માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવી કુવા ઉપર કઠેરો નહીં રાખવાથી તેના રૂ. ૩) દંડ કરેલા છે તેથી તાનજોરના જીલ્લા માજીસ્ત્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે તે કામ હાયકોરટનો હુકમ થવા સારૂં મોકલ્યું. એવા કારણથી કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ કાયદેસર નથી. જીલ્લા માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું કે ખાનગી જમીન ઉપર કુવો હોય તેનું રક્ષણ કરવાને કસુર કરવામાં આવે તેથી સાર્વજનીક અપકૃત્ય થતું નથી. પછી તેના માલેકે બીજા સખશોને તે વાપરવા દીધો હોય અથવા તે વાપરતાં અટકાવેલો ના હોય તો પણ ચીંતા નહીં. તે કુવો પ્રતીવાદીના મકાનના પાછળના વાડામાં છે અને ઘોરી રસ્તાથી આઠ વારની અંદર છે, પરંતુ તે પાછળના વાડાની આસપાસ વાડ કરવામાં આવેલી નથી, અને તે કુવાનો પરથાર ફકત બે વેંહેતનો છે. તે બીજા વરગના માજીસ્ત્રેટના વિચારમાં આવ્યું છે કે જે સખસો તે કુવામાંથી પાણી કાહાડે અથવા ત્યાંહાં આગળ થઇ જાય તે કુવામાં પડે તેવું છે.

કોનસલ રાખવામાં આવ્યા નથી.

કોરટનો ફેંસલો જસ્ટીશ ઇન્સ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

ઘોરી રસ્તાથી પચીસ વારની અંદર કાયદા પ્રમાણે કુવા ઉપર કઠેરો ઘાલવાને ઇંગ્લાંડમાં દરેક માણુસને બંધન છે. હીંદુસ્થાનમાં આવો કાયદો નથી.

ઘોરી રસ્તાથી આઠ વારને દુર કઠેરા વગરનો કુવો હોય અને તે ખુલ્લા હોય તો તેથી લોકોને ભય થવો જોઇએ એમાં કાંઇ શકક નથી. અને આ પ્રમાણે કઠેરો નહીં બાંધવાથી સારવજનીક અપકૃત્ય પૈકીની કેટલીક હકીકત બને છે પરંતુ તે નહીં કરવાનું કામ ગેરકાયદે ના હોય તો સારર્વજનીક અપકૃત્યની વાખ્યા પ્રમણે થતું નથી. હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૩ માં "ગેરકાયદે" એવો શબ્દ છે તે દરેક ગુન્હાને લાગુ કરવામાં આવેલો છે, અગર જે કાંઇ કાયદેથી મના કરવામાં આવેલું હોય અગર જેથી દીવાની દાવો કરવાનું કારણ બનતું હોય તેને લાગુ કરવામાં આવેલો છે. પેહેલી બે સરતો નથી. અને દરેક માણુસને પોતાના મકાનમાં કુવા ઉપર કઠેરો નહીં બાંધવામાં આવે તેથી દિવાની દાવો કરવાનું કારણ થતું નથી. અને કઠેરો બાંધ્યા વગરના કુવામાં કોઇ સખસ રસ્તા ઉપરથી પડે તો તેથી તેને થયેલા નુકશાન બાબત દાવો કરવાનું કારણ થાય છે કે નહીં એ ઘણું શક ભરેલું છે. તેમ થવાથી કસુર કરતામાં મદદ કરી થાય છે કારણ કે જે સખસ ર-

સ્તામાં જતો કુવામાં પડે તે સખસ રસ્તા ઉપર જવાને બંધાએલો છે અને તેથી પોતાની જે ફરજ છે તે ફરજની કસુર કરવાથી તે પડે છે.

આ વીચાર પ્રમાણે ચાલતાં અમે તે ગુનહાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરીએ છીએ, અને ફરમાવીએ છીએ કે તે દંડ પાછો આપવો.

—— ❧ ——

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ ફેબરવારી સને ૧૮૮૩.

સર. ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ મતુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

વીરામા વીરૂદ્ધ નારાયા.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬.

ધણીએ પોતાની ઓરતને એક મકાન તથા દાગીના તથા દર વરશે અમુક દાણાં અને નાણાં તેણીના નીરવાહ સારૂં આપવાને કરાર કરેલો હોય તો તે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬ પ્રમાણે હુકમ કરવાને કારણ થઇ શકતું નથી. તેમ તે કલમ ના ઠરાવ પ્રમાણે તેનો અમલ થઈ શકતો નથી.

પાનું ૨૮૩, આ કામના કાગળો હાયકોર્ટે મંગાવેલા છે.

કોનસલ રાખવામાં આવ્યો નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે આપવામાં આવ્યો.

ચીફ જસ્ટીશ ટરનર સાહેબઃ—ફરીયાદીએ માજીસ્ટ્રેટને એવી અ રજ કરી છે કે મારા ધણી ઉપર એવો હુકમ કરવો જોઇએ કે તે મા- રી ખોરાકી પોશાકી આપે. તે પક્ષકારોએ સમાધાન કરી ધણીએ એવો કરાર કરેલો હતો કે તે તેણીને અમુક દાગીના આપે, તેણીને સારૂં એક ઘર બંધાવી આપે, અને દર વરશે અમુક દાણાં તથા અમુક રકમ રો- કડી આપે.

એ કરાર કર્યાની બાબત તે પક્ષકારોએ માજીસ્ટ્રેટને જણાવી તેથી તેઉ તે સાથે મળતા આવ્યા, તેથી તા૦ ૧૨ ડીસેમ્બર સને ૧૮૮૨ ના રોજના કરાર પ્રમાણે તેમણે ફેંસલો આપ્યો છે એમ કહી બતાવ્યું. કાંઇ રીતસર હુકમ લખવામાં આવ્યો નથી.

આ કોરટની નજરમાં આવે છે કે કાયદા પ્રમાણે માજીસ્ટ્રેટને ફકત માસીક રકમ અપાવવાનો અખત્યાર છે, અને પક્ષકારોએ જેવો કરાર ક-

રચ્યો છે તેવો કરાર કરવાથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬ મી પ્રમાણે હુકમ કરવાને કારણ થતું નથી. તેમ તે કલમના ઠરાવ પ્રમાણે તે કરારનો અમલ થઈ શકતો નથી.

માટે તે માજીસ્રેટનો ઠરાવ રદ કરી અમે ફરમાવીએ છીએ કે તે કરાર કામમાં રાખવો અને અરજી કાહાડી નાંખવામાં આવી છે.

ફોજદારી અપીલ.

તા૦ ૩૧ મારચ સને ૧૮૮૩.

મી૦ જસ્ટીશ મત્તુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વી૦ એલેકઝાન્ડર રેડન.

સને ૧૮૭૨ ના ફો૦ કા૦ ચ૦ રીતના કાયદાની કલમ ૩૦૮— કંપનશેશન—જે ગુન્હા બાબત ફરીયાદ કરી છે તે.

જ્યારે એકાદા સખસને ચોરીનો ગુન્હેગાર ઠરાવી તેને દંડની શીક્ષા કરેલી હોય ત્યારે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૮ થી જે સખસે નીરપરાધી રીતે ચોરેલો માલ ખરીદ કરયો હોય તેને દંડનો ભાગ કંપેનશેશન તરીકે અપાવવાને માજીસ્રેટને અખત્યાર આપવામાં આવ્યો નથી.

પાનું ૨૮૬ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે વીઝાગાપટમના જીલા માજીસ્રેટે આ કામ હાયકોરટમાં હુકમ થવા સારૂ મોકલેલું છે

હકીકત નીચે પ્રામણે છેઃ—અલેકઝંનડર રેડનને શીનીયર આસીસ્ટંટ માજીસ્રેટે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૭૯ પ્રમાણે ચોરીનો ગુન્હેગાર ઠરાવી તેને દસ દીવશ સખત મજુરી સાથે કેદ તથા રૂ ૫) દંડ અને તે આપવામાં કસૂર કરવામાં આવે તો, બીજી પાંચ દીવશ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી હતી, અને, વળી તે ફેંસલામાં એવો હુકમ કરવામાં આવ્યો છે કે જો તે દંડ વસુલ થાય તો તેમાંથી રૂ ૪–૮–૦ એક લેબીન કે જેણે નીરપરાધી રીતે ચોરાએલો માલ (વીંટી) તેટલી કીમતથી ખરીદ કરી છે તેને કંપેનશેશન તરીકે આપવી.

જીલા માજીસ્રેટે કહ્યું છે કે આ હુકમ કાયદેસર નથી, અને હાયકોરટનો પ્રથમનો હુકમ તારીખ ૩ ડીસંબર સને ૧૮૭૨ ના રોજનો છે તેના વીરૂધ છે.

કોનસલને રાખવામાં આવ્યા નથી.

કોર્ટનો ઠરાવ નીચે પ્રમાણે છે:—

ફેંસલો—તા૦ ૩ ડીસેંબર સને ૧૮૭૨ ના રોજ આ કોરટે ઠરાવ્યું છે તે પ્રમાણે ચોરેલા માલના નીરપરાધી ખરીદદારને દંડનો ભાગ કંપન સેશન તરીકે અપાવવાનો શીનીયર આશીસ્ટંટ માજીસ્ત્રેટને હુકમ કરવાને અખત્યાર નહીં હતો, જે ખરીદદારને વેચાણ આપવામાં આવેલું છે તે બાબતના ગુન્હાની ફરીયાદ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૩૦૮ ના હેતુ પ્રમાણે કરવામાં આવી નથી. માટે શીનીયર આ૦ માજીસ્ત્રેટના શીક્ષાના હુકમમાં "તે પૈકી રૂ ૪—૮—૦ તે વીંટી તેટલી રકમથી ખરીદ કરનાર મી૦ લેવીન છે તેને આપવી" એ શબ્દો છે તે કાઢી નાંખી તે હુકમ દુરસ્ત કરવામાં આવે છે.

ફોજદારી અપીલ,

તા૦ ૨૫ અકટોબર સને ૧૮૯૨ તથા તા૦ ૧૩
એપ્રીલ સને ૧૮૮૩.

સર ચાલરસ એ. ટરનર નાઈટ ચીફ જસ્ટીશ સાહેબોની રૂબરૂ.

સોમુ વી૦ મહારાણી.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૭૩, ૨૦૯ બ્યથાની ફરીઆદ—હુમલો કરયા બાબતનો સમન્સ—છોડી દેવું—કંપેનશેશન.

ફરીઆદ તથા તેના આધારમાં ગુજરેલા પૂરાવ ઉપરથી એમ માલુમ પડેલું કે જો તોહોમતવાળાઓ ગુન્હેગાર હોય તો તેઓ સને ૧૮૭૨ ના ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાના બાબ ૧૬ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાના ગુન્હેગાર છે, અને માજીસ્તરેટે હીં૦ ફો૦ કાયદાની કલમ ૩૫૨ પ્રમાણે હુમલો કરયા બાબતના આરોપનો જવાબ દેવા સારૂ સમન્સ કાઢેલો છે, અને ફરીયાદના સાક્ષીઓને તપાશીને તોહોમતવાળાને છોડી દેઇ તેને સને ૧૮૭૨ ના ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૨૦૯ પ્રમાણે કંપન શેશન અપાવેલું છે.

ઠરાવવામાં આવ્યું કે કંપન શેશન અપાવવાનો હુકમ કાયદેસર નથી.

પાનું ૩૧૬ આ કામની હકીકત તથા તકરારો કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

અરજદાર તરફથી મી૦ પાવલ (તેમની સાથે મી૦ વેડર ને.

ફેંસલો—અરજદારે માજીસ્તરેટને એવી ફરીઆદ કરી છે કે જે રસ્તે થઇને મારાં ઢોર ચારવાને લેઇ જવામાં આવતાં હતાં. તે

રસ્તો મેં પોહોળો કરયો હતો તેથી સંકરભટ, ડી એમ શંકર નારાયણ ભટ, સંભુ ઉરફે ગટુભટ અને સાંકુ માહારા વરંડામાં આવ્યા અને તપાસ કરી કે તે રસ્તો શા વાસ્તે પોહોળો કરેલો છે. અને મને ગાળો દીધી અને શંકરભટે મને માહારી ગરદન ઉપર ધક્કો મારયો અને માદેરીની એક નાહાની લાકડી લેઇ એ વખત મને મારી પીઠ ઉપર મારી. અને બીજા તોહોમતવાળાઓ પણ મને મારશે એવી મને ધાસ્તી લાગવાથી હું ઘરમાં પેશી ગઇ. વળી તેણે કહ્યું છે કે તે મારનાં જે નીશાનો છે તે હજુ દેખાય છે.

તેણીની ફરીઆદ ઉપરથી તેણીને તપાશી અને કામના કાગળોમાં શંકરભટ ઉપર તેણીએ વારંવાર આરોપ રાખેલો તે લખી લેવામાં આવેલો છે. અને તેણીએ કબુલ કરેલું છે કે બીજા તોહોમતવાળાઓએ મને મારી નથી. પરંતુ એવો ખુલાશો કરયો છે કે તે ફરીઆદમાં તે બીજા તોહોમતવાળાઓને સામેલ કરવા તેનું કારણ એ છે કે શંકરભટે મને માર મારયો તે વખત તેઓ પાસે ઉભા હતા. અને તેમણે મને ગાળો દીધી હતી.

માજીસ્ત્રેટે એવી નોટ કરેલી છે કે ફરીઆદણની પીઠ ઉપર મારનાં ચીન્હ છે.

શંકરભટ ઉપર તે ફરીઆદ તથા ફરીઆદીની તપાસમાં જે ગુન્હા બાબત આરોપ રાખવામાં આવેલો છે. તે બુધ્ધીપુર્વક વ્યથાનું છે. અને બીજા તોહોમતવાળા ઉપર જો કાંઇ આરોપ રાખવામાં આવેલો હોય તો તે સદરહુ ગુન્હામાં મદદ કરયા બાબતનો છે.

માજીસ્ત્રેટે તોહોમતવાળા ઉપર હીં૦ ફો૦ કા૦ ની કલમ ૨૫૨ પ્રમાણે શીક્ષા થવા લાયક હુમલાના આરોપ બાબત જવાબ દેવાને સમન્સ કાહાડયા. તે ફરીઆદની સુનાવણી વખતે તે અરજદારણને તપાસવામાં આવી અને તેણીની અરજીમાં હાલના સવાલને લગતી જે હકીકત કહેલી છે તે નીચે પ્રમાણે છેઃ—

"હું મારો ચોક વાળતી હતી. નંબર ૧—૨—૩—૪ ના તોહોમતવાળાઓ માહારે ઘેર સાથે આવ્યા. અને પેહેલા અને બીજા તોહોમતવાળાએ મને પુછયું કે તે ગલી કોણે દુરસ્ત કરી. મેં તેમને કહ્યું કે તે મે કરેલી છે. કારણ કે તે રસ્તે થઇને માહારા બળદો આવતા હતા ને તેમાંનો એક બળદ નીચે પડી મરણ પામ્યો છે. તે ઉપરથી પેહેલા તોહોમતવાળાએ મને એવું કહીને ગાળો દીધી કે રાંડ શું તારા મનમાં એમ ધારે છે કે તે રસ્તો તારા બાપનો છે ને તેથી તેં દુરસ્ત કરયો. આ પ્રમાણે મને ગાળો દેઇ પેહેલા તોહોમતવાળાએ મારી ગરદન ઉપર ધક્કો

મારયો. મેં તેને કહયું કે તમે બ્રાહ્મણ છો. તમે મને ગાળો દેશો નહીં અને મારશો નહીં. તમારે તમારો હાથ એક ઓરતને અડાડવો નહીં. પછી બીજા તોહોમતવાળાએ મને મારવા સારૂ પેહેલા તોહોમતવાળાને શુચના કરી તે ઉપરથી વાડામાં પેહેલા તોહોમતવાળાએ માદેરીની એક નાહાની સોટી ઉપાડી મારી પીઠ ઉપર બે વખત મારી. બીજા તોહોમતવાળાએ મને મારો નથી, પરંતુ તેણે ગાળો દીધી હતી. ચોથો તોહોમતવાળો એ. ૯ પાડીના ખેતરમાં રહેતો. તે બીજા તોહોમતવાળાઓની પછી આવી પહોંચ્યો હતો. તેણે મને મારી નથી. + + + તે ગુન્હો મારા ઘરની પુરવમાં છુટી જમીનમાં કરેલો છે. × + × જેવો પેહેલા તોહોમત-વાળાએ મને માર મારયો તેવી હું મારા ઘરમાં પેશી ગઇ અને બેઠી × × + પેહેલો બીજો અને ત્રીજો તોહોમતવાળો પુરવમાંથી માહારા વાડાની છુટી જમીન સુધી આવ્યા. × × × ચોથો તોહોમતવાળો + × પેહેલા તોહોમતવાળાની પછી આવ્યો. કારણ કે પેહેલા તોહોમ-તવાળાએ તેને ત્યાં બોલાવ્યો હતો. નંબર ૧—૨ અને ૩ ના તોહોમત-વાળાઓ પેહેલા માહારા વાડામાં આવી ઉભા રહયા. અને તે ગલી તપાશી. પછી તેમણે મને ગાળો દેઇ માર મારયો. હું મારા ઘરમાં પેઠી. ત્યાર પછી હું માહરા છોકરાંઓને ગાળો દેતી હતી અને રોતી હતી. જો હું બાહાર રહીશ તો મને મારશે એવી ધાસ્તી લાગવાથી હું મારા ઘરમાં પેઠી ”

ફરીઆદણને જ્યારે સંપુર્ણ રીતે તપાસવામાં આવી ત્યારે તોહોમ-વાળાઓ ઉપર તેણીએ શાપરાધ પ્રવેશ કર્યાનું પેહેલા તોહોમતવાળા ઉપર બુધ્ધી પુર્વક વ્યથા કર્યાનું અને બીજા તોહોમતવાળા ઉપર તે ગુન્હાનો આરોપ રાખેલો જણાય છે.

ફરીઆદણે જે એવું કહેલું છે કે તે તોહોમતવાળાઓ મારાવાડામાં પેશી મને ગાળો દીધી અને પેહેલા તોહોમતવાળાએ મને ધકકો મારી માર માર્યો હતો. તે કહેવાને તેણીના ચાર શાક્ષીઓએ પુષ્ટી કરેલી છે.

માજીસ્ત્રેટે જે કારણો લખેલાં છે તે અમારા મનમાં નીશ્ચેકારક લાગતાં નથી. પણ જે કારણોથી તેમણે ઠરાવ્યું છે કે તે ફરીઆદ જુઠી છે અને તોહોમતવાળાઓને છોડી દીધેલા છે વળી તેમણે હુકમ કર્યો છે કે તે અરજદારણે દરેક તોહોમતવાળાને કંપનશેશન તરીકે રૂ. ૪૦) આપવા.

આ હુકમ ઉપરથીં અરજદારણે જીલ્લા માજીસ્ત્રેટને ફરીઆદ કરી એવી અરજ કરી કે આ કામ ફરી તપાસને સારૂ હાયકોર્ટમાં મોકલવું જોઇએ. પ્રથમ તે માજીસ્ત્રેટે તે કામ મોકલવાને નકકી કરયું પરંતુ પાછળ-

થી તે હુકમ રદ કરયો તેથી તે અરજદારણે હાયકોરટમાં અરજી કરેલી છે.

મી૦ પાવલે તકરાર કરી છે કે ફરીઆદ અને અરજદારણની તપાસ તથા ફરીઆદ તરફથી જે પુરાવ આપવામાં આવેલો છે તે ઉપરથી જણાય છે કે તોહોમતવાળાઓએ જો કાંઈ ગુન્હો કરેલો હોય તો તે સાપરાધ પ્રવેશ, બુધ્ધી પૂર્વકવ્યથા. અને વ્યથા કરવામાં મદદ કરયા બાબતનો છે. માટે તે માજીસ્ત્રેટને તે કામ શમન્સના કામ તરીકે તપાસવાનો અખત્યાર નહીં હતો. તેમ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૦૯ પ્રમાણે કંપનશેશન અપાવવાનો અખત્યાર નહીં હતો.

માહારાણી વીરૂધ ગરનીગાપાના કામમાં મુંબાઇ હાઇકોર્ટે ઠરાવ્યું છે કે સને ૧૮૬૧ નો આકટ ૨૫ નો અર્થ કરતાં ઠરાવ્યું છે કે જે કામમાં તે આકટના બાબ ૧૫ પ્રમાણે શમન્સના કામ તરીકે તપાસવા લાયક નહીં તેવા ગુન્હાની ફરીઆદ માજીસ્ત્રેટને કરવામાં આવેલી હોય તેમ છતાં માજીસ્ત્રેટે તે બાબ પ્રમાણે તપાસવા લાયક બદલીને આરોપ રાખ્યો હોય તોપણ તે આકટની કલમ ૨૭૦ પ્રમાણે તેઉ તોહોમતવાળાને કંપનશેશન અપાવી શકતા નથી. કારણ કે અસલ જે ગુન્હા બાબત ફરીઆદ કરવામાં આવેલી તે ગુન્હો એવો નહીં હતો. કે જે બાબત કંપનશેશન અપાવી શકાય.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૨૦૩ માં જે એવો ઠરાવ છે કે જે બાબતની તપાસ કરવાની હોય તે બાબતની તોહોમતવાળાને ફરીઆદ અગર શમન્સથી ખબર આપવામાં આવે છે તે સીવાય બીજી રીતે તે ફરીઆદ અગર સમન્સને ગણવામાં આવતા નથી. અને તે ફરીઆદ અગર સમન્સ ગમે તે પ્રકારના હોય તોપણ હકીકત સાબેત થવા ઉપરથી બાબ ૧૬ પ્રમાણેના હરકોઇ ગુન્હા બાબત માજીસ્ત્રેટ તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી શકે છે. એવો ઠરાવ સને ૧૮૬૧ ના આકટ ૨૫ માં નથી.

આ ઠરાવો ઉપરથી ફરીઆદીની વધારે તપાશ કરતાં માજીસ્તરેટને એમ નકી થાય કે તે ફરીઆદ અગર શમન્સમાં ગુન્હાનું વરણન બરોબર કરવામાં આવેલું નથી તોપણ હકીકત ઉપરથી બીજો કાઇ આરોપ સાબેત થતો હોય અને તે શમન્સના કામ તરીકેનો હોયતો માજીસ્ત્રેટ તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી શકે છે, પરંતુ તે આકટમાં એવું કાંઇ અમારા જોવામાં આવતું નથી કે જ્યારે ફરીઆદ તથા તેની પુષ્ટી ઉપરથી એમ જણાતું હોય કે જે ગુન્હા બાબત તોહોમતવાળા ઉપર આરોપ રાખવામાં આવેલો હોય તે ગુન્હાનો તે જો ગુન્હેગાર હોય તોપણ તે બાબ ૧૬ પ્રમાણે તપાસવા લાયક ગુન્હાનો ગુન્હેગાર છે. તો તેવા

કામની વ્યવસ્થા કરવાને માજીસ્ટ્રેટને કાંઇ અખત્યાર આપવામાં આવેલો હેય માટે અમે ઠરાવીએ છીએ કે કંપનસેશનનો જે ઠરાવ કરવામાં આવેલો છે તે કાયદા પ્રમાણે નથી. તેથી તે ઠરાવ રદ થવો જોઇએ. અને જો નાણાં વસુલ આપવામાં આવેલાં હોય તો તે અરજદારને પાછાં આપવાં.

ફોજદારી અપીલ.

તા૦, ૭-૧૪ મી એપ્રીલ સને ૧૮૮૩.

સરચારલસ્ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીશ ઇન્સ સાહેબોની રૂબરૂ.

શ્રીનાવાસાચારી વીરૂધ મહારાણી.

સને ૧૮૮૨ ના ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૫૮—સને૧૮૬૮ ના જનરલ ક્લાઝ આકટની કલમ ૬—કામ ચલાવવાની રીતીમાં ફેરફાર—ચાલુ તપાશમાં અસર.

સને ૧૮૮૨ ના ડીસેંબર માસમાં શેશન કોરટે જયુરી શીવાય આસેશરો તપાશ કરે એવા કેટલાક આરોપો બાબત સની તપાશ કરી હતી, તે તપાશ બંધ થતાં પહેલાં સને ૧૮૮૨ ના ફો૦ કા૦ ચ૦ રી૦ નો કાયદો અમલમાં આવ્યો. તે આકટની કલમ ૨૬૯ પ્રમાણે આ તમામ આરોપો જયુરીને તપાસવાના છે. તે આકટની કલમ ૫૫૮ પ્રમાણે તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૮૩ ના રોજ હરકોઇ ફોજદારી કોરટમાં જે ચાલુ કામો હોય તે તમામ કામોને જેટલો લાગુ થઇ શકે તેટલા તે આકટના ઠરાવો લાગુ કરવાના છે.

ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૮ ના જનરલ કલાઝ આકટની કલમ ૬ ને લીધે તપાસ શરૂ થતી વખતે કામ ચલાવવાની રીતીના જે નીયમ હોય તે નીયમો પ્રમાણે તે તપાસ ચલાવવી જોઇએ.

પાનું ૩૨૬ આ રીપોટના કારણસર જેટલી જરૂરીયાત હકીકત આ કામમાં છે તેટલી કોરટના ફેંસલા ઉપરથી જણાયછે.

અરજદાર તરફથી નોરટન અને શ્રીનીવાસરાવ.

સરકાર તરફથી સરકારી વકીલ (શેપરડ)

ચીફ જષ્ટીશ ટરનર સાહેબ—આ કામ તે જડજે નીચેની હકીકત ને લીધે હુકમ થવા સારૂ મોકલેલું છે.

બીજા સખસો નીરદોશ ઠરાવવામાં આવેલા તેમની શાથે તોહોમતવાળાની જે આરોપો બાબત તપાસ કરેલી છે તેમાંના કેટલાક આરોપ

તે તપાસ શરૂ થઇ તે વખતે જ્યુરીએ તપાસ કરવા લાયક હતા. અને બીજા તે પ્રમાણે તપાસ કરવા લાયક નહીં હતા. તે વખતે જે રીવાજ ચાલુ હતો તે પ્રમાણે જે આરોપો જ્યુરરો તરીકે તપાસ કરવાને તેઓ મુખત્યાર નહીં હતા. તે આરોપો સબંધી જ્યુરરોને આસેસરો ગણવામાં આવતા હતા.

તે તપાસ લંબાણુ ચાલી અને તે પુરી થતાં પહેલાં સને ૧૮૮૨ નો આકટ ૧૦ અમલમાં આવ્યો. તે આકટની કલમ ૨૬૯ માં ઠરાવ્યું છે કે જે કામની તપાસમાં કેટલાક આરોપો જ્યુરીને તપાસવા લાયક હોય અને બીજા આરોપો સાધારણ રીતે તે પ્રમાણે તપાસવા લાયક ના હોય તો તમામ આરોપોની તપાસ જ્યુરીએ કરવી, અને જડજના વીચારમાં આવ્યું છે કે તે આકટ અમલમાં આવવાથી આ કામમાં જે સખસો આસેસર તરીકે છે તેમને જે આરોપો બાબત આસેસર તરીકે તેમણે તપાસ કરી છે. તે આરોપોની તપાસ કરવાને જ્યુરર તરીકે નીમવા. તોહોમતવાળાને આ આરોપોમાંના એક આરોપ બાબત જ્યુરીએ ગુન્હેગાર ઠરાવ્યો. પરંતુ જડજનો અભીપ્રાય તે ઠરાવ સાથે મળતો આવ્યો નહી તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૭ પ્રમાણે તે કામ હાયકોરટ તરફ તેમણે મોકલેલું છે.

શને ૧૮૮૨ ના આકટ ૧૦ થી સને ૧૮૭૨ નો આકટ ૨૬ કરવામાં આવ્યો. સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૫૫૮ મીમાં ઠરાવ્યું છે કે તે કાયદો અમલમાં આવ્યો તે વખતે હરકોઇ ફોજદારી કોરટમાં જે કામો ચાલુ હોય તે કામોને જેટલા તે આકટના ઠરાવો લાગુ થઇ શકે તેટલા લાગુ કરવા. જે વખતે તે આકટ અમલમાં આવ્યો તે વખતે આ કામ કે જેમાં આ રેફરંસ કરવામાં આવેલું છે તે ચાલુ હતું એવી રીતે ના કહી શકાતી નથી, પરંતુ તપાસ ખરી રીતે શીરૂં થએલી હતી. માટે તે પુરી કરવાને જડજ બંધાએલા હતા.

તપાસની વચમાંથી કામ ચલાવવાની રીતીમાં ફેરફાર થઇ શકતો નથી. આ હકીકતથી કલમ ૫૫૮ માં જે મર્યાદા છે તે "બની શકે તેટલી" લાગુ થાયછે, અને કલમ ૫૫૮ મીનો અમલ બાતલ થાયછે.

જનરલ કલાજ આકટની કલમ ૬ નો ઠરાવ છે કે આકટ ૨૬ થવાથી જે કામો શીરૂ થએલાં હોય તેને હરકત થતી નથી. માટે જે વખતે તપાસ ચાલી તે વખતે જે કાયદો ચાલુ હતો તે પ્રમાણેના કામ ચલાવવાના નીયમો પ્રમાણે તે તપાસ જડજે પુરી કરવીજ જોઇએ.

માટે તે કારણસર કામના કાગળો પાછા મોકલવામાં આવશે.

જસ્ટીશ ઇન્સ સાહેબઃ—તા૦ ૨૬ ડીસેમ્બર સને ૧૮૮૨ ના રોજ તે તપાસ શીરૂ થઇ હતી તે વખતે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૦૮ પ્રમાણેનો બીજા કેદી ઉપરનો આરોપ આશેસરોને તપાસવા લાયક હતો.

(તે આરોપ બાબત અમારે નીશબત છે.)

આ તપાસ ચાલતાની દરમ્યાનમાં નવો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો અમલમાં આવ્યો અને તે કાયદા પ્રમાણે આવાં કામો જયુરીને તપાસ કરવા લાયક ઠરાવેલાં છે.

તોહોમતવાળાના ગુન્હા અથવા નીરપરાધીપણા બાબત કાંઇ નકકી ઠરાવ કરયા વિના જે પાંચ સખસોને આસેશરો નીમવામાં આવેલા ફકત એટલા સારૂં ગુન્હેગાર છે કે નહીં તે વીશે અભીપ્રાય તેઓએ બતાવવો. પરંતુ તે કાયદો અમલમાં આવવાથી તેઓને જયુરરો ઠરાવવામાં આવેલા છે, અને તપાસ પુરી થએ તેમની પાસે ઠરાવ કરાવેલો છે.

આ વીચાર અમને ભુલ ભરેલો જણાય છે.

કામ ચલાવવાની રીત બાબતના કાયદાનો સામાન્ય નીયમ એવો છે કે તે અમલમાં આવે ત્યારથી તેનો અમલ થાય છે. માટે તે તારીખથી તે કાયદા પ્રમાણે કામ ચલાવવાની રીતી લાગુ થાય છે. પરંતુ તે પેહેલાની બાબતને લાગુ થતા નથી. એટલે કે જે તારીખે તે અમલમાં આવે તે પહેલાં જે બનેલું હોય તેને લાગુ થતા નથી.

વળી એવો સામાન્ય નીયમ છે કે જે હકક મળેલો હોય તે બાબત તે કાયદા લાગુ થતા નથી. તો પણ કાયમ કાયદાથી કોઇ કોઈ વખતે તેમ થાય છે જેમકે મુદતના કાયદાથી જે મુદતની અંદર ગીરો આપનારની ગીરો છોડાવવાની મુદત કમી કરવામાં આવે છે.

અલબત એમ જણાવવું જોઇએ કે જે કાયદા પ્રથમની બાબતમાં લાગુ થઇ શકતા નથી. તે મળેલા હકકને હરકત કરી શકતા નથી.

હવે તોહોમતવાળાઓનો તે તપાસની શીરૂઆતમાં આશેસરોથી પોતાનો તપાસ કરાવુવાનો હકક હતો, માટે બતાવેલા સામાન્યં નીયમ પ્રમાણે નવો ફો૦ કા૦ ચ૦ રીતનો કાયદો અમલમાં આવવાથી આ હકકને હરકત થઇ શકતી નથી.

જો સામાન્ય નીયમ પ્રમાણે તે કાયદો પ્રથમની બાબતને લાગુ કરવા લાયક નથી તો, તેનો અમલ તા૦ ૧ જાન્યુએરી સને ૧૮૮૩ ના રોજથી તે અમલમાં આવ્યો ત્યારથી થાય છે. વળી પાંચ સખસો આ કામમાં અસલ આસેસરો તરીકે નીમાએલા અને આસેસરો તરીકે કામ કરેલું છે, માટે તે તપાસના છ દીવસમાં જયુરી શીવાય કામ ચાલત,

માટે તે જ્યુરરોનું કામ તથા જવાબદારી તમામ કામને લાગુ કરવામાં આવે તો તે બરોબર નથી.

હવે તે કાયદાની છેલ્લી કલમમાં ઠરાવ્યું છે કે જેટલો બને તેટલો ચાલુ કામોને લાગુ કરવો, તેથી તે એવી રીતે લાગુ કરવાનો અખત્યાર આપ્યો થતો નથી કે એકાદી તપાસને રદ કરી શકાય. અને સને ૧૮૬૮ ના જનરલ કલાજ આકટની કલમ ૬ પ્રમાણે જુનો કાયદો રદ થવાથી જે કામ શીરૂ થએલાં હોય તેને હરકત કરી શકાતી નથી એવું ઠરાવવામાં આવેલું છે.

આ પાછલો ઠરાવ નવા કાયદાની કલમ ૫૫૮ ના શબ્દો સાથે વાંચતાં, ખુલ્લી રીતે જણાય છે કે તપાસની શીરૂઆતમાં નીમાએલા આસેસરોનું કામ આસેસરો તરીકે જારી રાખવું જોઇએ, અને તેમને જ્યુરરે તરીકે નીમવાના નથી, માટે જડજે તે કામની તપાસ જ્યુરીએ કરેલી છે એમ ગણવું જોઇતું નહીં હતું, પરંતુ આ આરોપ બાબતમાં બીજા તોહોમતવાળાના કામનો નીકાલ આસેસરોની મદદથી પોતે કરવો જોઈતો હતો.

માટે આ આરોપની બાબતમાં આસેસરોએ જ્યુરી તરીકે જે ઠરાવ કરેલો છે, તે અમે રદ કરીએ છીએ, અને કાયદા પ્રમાણે કામનો નીકાલ જડજને કરવા સારૂં તે કામ પાછું મોકલીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ એપ્રીલ સને ૧૮૮૩.

મી૦ જસ્ટીશ કરનાન તથા મી૦ જસ્ટીશ મતુ સામીઆયર સાહેબોની રૂબરૂ,

મારકાલ વીરૂધ કંદાષા ગૌનદાન.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬—ખોરાકી પોશાકી આપવા માંડણી.

એક હિંદુને બે ઓરતો હતી તેમાંની પહેલી ઓરતને તે હિંદુએ પોતાના ઘરમાં રહેવાની પરવાનગી આપી અને જે દાંણા આપે તેની જુદી રસોઇ કરી ખાવું એમ તેણીને કહેલું પણ તેની સાથે ધણી ધણીઆણી તરીકે રેહેવાને તેણે ના કહેલી તેથી સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૬ મીના વીશેશ ઠરાવમાં તેનો સમાસ થતો નથી.

પાનું ૩૭૧ સાલેમના શેશનજડજ સાહેબે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ કામમાં હાઇકોરટના હુકમને વાસ્તે હાઇકોરટને મોકલવામાં આવેલું છે.

કાઉન્સલને રાખવામાં આવેલા નથી.

હાયકોરટ (મી૦ જસ્ટીશ કરનાન અને મી૦ જસ્ટીશ મતુસામીઆયર) નો ફેંસલો જે મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબે આપ્યો તેમા આ કામની હકીકત જણાવેલી છે. આશરે દસ વરશ ઉપર તોહોમતવાળો ફરીઆદીને પરણ્યો અને કેટલાક વખત સુધી તેઓ ભેગા રહયાં પછીથી તોહોમતવાળો ફરીથી પરણ્યો અને ફરીઆદીએ તેને છોડી દીધો અને તેના બાપના ઘરમાં આશરે ૭ વરશ સુધી રહી. સને ૧૮૮૨ ના મારચ મહીનામાં ભરણુ પોષણનો હુકમ કરવાને તે બાઈએ માજીસ્તરેટને અરજી આપી, પણ જો એ બાઇ તેની સાથે રહેતો તોહોમતવાળો એનું ભરણપોષણ કરશે એવી રીતે તોહોમતવાળો કબુલ થયાથી તે બાઇએ પોતાની અરજી પાછી ખેંચી લીધી. પછીથી તે બાઇ તેના ઘરમાં રહી અને દાણા એ બાઇને આપવામાં આવતા હતા પણ તે બાઇને પોતાનો ખોરાક જુદો રાંધવાને કહેલું હતું અને તે બાઇને ઘરના બીજા કોઇ માણસના સાથે ,અથવા તે તોહોમતવાળાની સાથે ખાવા દેતા નહીં, તેઓને ટંટો ફરીથી થયો હોય એમ લાગે છે અને ગેરવરતણુંકની ફરીઆદ કરીને ભરણુપોષણને વાસ્તે અરજી તે બાઇએ આપીછે. તે બાઇને ૭ વરશની છોડી છે અને તોહમતવાળો એક ગજીયારા હીંદુ કુટુંબને છે અને તે પોતાના બાપના રક્ષણ નીચે છે અને તે બાપના તાબામાં તેના સાત દીકરા છે અને તે કુંટુંબને જોઈએ તેટલાં સાધનો છે એવો પુરાવો છે અને આ ફરીયાદના જવાબમાં આ તોહોમતવાળાએ ગેરવરતણુંકનું તોહમત ઇનકાર કરયું અને જો તે બાઇ મારા ઘરમાં આવી રહે તો તેનું ભરણપોષણ કરવાને કબુલ કરયું પણ એવું કહીને કે જેમ સ્ત્રી પુરૂષ રહે છે તેવી રીતે હું રહીશ નહીં પણ તેના ઘરમાં તે બાઇને પોતાને વાસ્તે ખોરાક રાંધવાને દાણા પુરા પાડીશ અને તે બાઈ જુદુ ખાય, આવી હકીકત છે. ત્યારે ડીપોટી માજીસ્તરેટની ધ્યાનમાં આવ્યું કે ફરીઆદી તેની સાથે રહેવાની ના પાડવામાં વ્યાજબી છે અને તેણીના અને તેણીના બચ્યાના ગુજરાનને વાસ્તે દર મહીને રૂ ૪ આપવાનો હુકમ કરયો. શેશનજડજ શાહેબ આ હુકમના વ્યાજબીપણાને વાસ્તે સવાલ પુંછે છે એવા કારણથી કે તે બાઇના ધણી તરફથી વ્યભીચારી છે એવો અથવા નીરદયપણે વરતવાની ટેવ છે એવો પુરાવો બીલકુલ નથી. સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના

કાયદાની કલમ ૫૩૬ ના ઠરાવના અર્થ પ્રમાણે ગુજરાનને વાસ્તે જેટલું આપવું જોઇએ એટલું આપવામાં આવ્યું નથી એમ અમારી નજરમાં આવે છે અમારી ધ્યાનમાં એમ આવે છે કે તે સ્ત્રીને જેમ સ્ત્રી અને પુરૂષ રહે છે. તે પ્રમાણે રહેવાને હુકમ થવો જોઇએ. અને જે ગુજરાનને વાસ્તે આપવામાં તેને આવે તો તે તેના મજીયારા કુટુંબના તરીકે હોવું જોઇએ. આ કારણથી અમે હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ એપ્રીલ સને ૧૮૮૩.

મી૦ જસ્ટીશ કરનાન અને મી૦ જસ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

મહારાણી વીરૂધ કંજમાલ ઇંદયાચી.

ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો, સને ૧૮૮૨—કલમ ૨૧૫, ૪૩૬—ગેરકાયદે કમીટ કરવું.

આ કામમાં તોહોમતવાળાને સબ માજીસ્ત્રેટે છોડી દીધો છે અને સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૬ પ્રમાણે તોહોમતવાળાને તેને કમીટ કેમ ન કરવો તેનું કારણ આપવાની જરૂર પાડયા શીવાય જીલ્લા માજીસ્તરેટે તોહોમતવાળાને શેશન્સ કોરટમાં કમીટ કરવાનો હુકમ કરયો.

ઠરાવામાં આવ્યું કે તે કમીટ કરવાનો હુકમ અને કમીટ કરયો તે ગેર કાયદે છે.

પાનું ૩૭૨ ત્રીચીનાપોલીના શેશન જડજે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે હાયકોરટના હુકમને વાસ્તે આ કામ હાયકોરટને મોકલ્યું હતું.

આ રીપોટને વાસ્તે કોરટ (મી૦ જસ્ટીશ કર્નાન અને મી૦ જસ્ટીશ મતુસામીઆયર) ના ફેંસલામાં જેવી જોઈએ એટલી હકીકત જણાઇ આવે છે.

કાઉન્સલને રાખવામાં આવ્યા નથી.

કોરટનો ફેંસલો મી૦ જસ્ટીશ મતુસામીઆયરે આપ્યો.—શેશન્સ જડજ સાહેબનું જે કહેવું છે તે કમીટ કરવું ખરાબ નથી માટે એને રદ કરવું જોઇએ. અમે માન્ય કરીએ છીએ. જે ગુન્હાને વાસ્તે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૬૮ અને ૪૭૧ પ્રમાણે શીક્ષા થા-

ય છે તેવા ગુન્હાનું તોહોમત તોહોમતવાળાના ઉપર મુકવામાં આવ્યું છે. સબ માજીસ્તરેટે તોહોમતવાળાને છોડી મુકયો એવા કારણથી કે જે દસ્તાવેજ તોહોમતની બાબત છે તે ખોટા ઠરાવવાને પુરાવ નથી. અને તે દસ્તાવેજ તોહોમતવાળાએ કરેલો છે અથવા તો તેનો કપટ કરવાનો ઇરાદો હતો એ સાબીત કરવાને કાંઇ પુરાવ નથી. પણ આગળનું રજીસ્ટર બરોબર વાંચવાથી જીલ્લા માજીસ્તરેટની નજરમાં આવ્યું કે તોહોમતવાળાની વીરૂધ કામ થાય એવું છે તેથી તોહોમતવાળાને તેને કમીટ કેમ ન કરવો એનું કારણ બતાવવાની જરૂર પાડયા શીવાય તેને શેશન કોરટમાં કમીટ કરયો. તોહોમતવાળાને કમીટ કેમ ન કરવો તેનું કારણ બતાવવાને તક આપવી જોઈએ એવું જે કલમ ૪૩૬ માં ઠરાવેલું છે તે પ્રમાણે જીલ્લા માજીસ્તરેટને કમીટ કરવાનો અખત્યાર આપેલો છે તેથી જીલ્લા માજીસ્તરેટનો હુકમ અને તેમાં કમીટ કરવાનું લખેલું એકંદર કરવું જાઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ એપ્રીલ સને ૧૮૮૩.

મી૦ જષ્ટીશ કરનાન અને મી૦ જષ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

મહારાણી વી. બીગરથી કીસ્નાસરાનું.

ફોજદારી કાયદો કલમ ૮૩, ૪૧૧—ચોરીની મીલકત રાખવી—એક બચ્યાએ ચોરી કરેલી તેન છોડી દેવું—ગુનો કરવાને ના લાયક—ચોરીની સાબેતી—રાખનારના ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ કરવો.

એક બચ્યાના ઉપર ચોરીનો ગુન્હો કરયાને વાસ્તે કામ ચલાવવામાં આવ્યુ છે અને સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૧૫ પ્રમાણે છોડી દેવામાં આવ્યું છે એવા કારણથી કે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૮૩ પ્રમાણે તે બચ્યામાં કમઅકલ હતી જે ચોરીની મીલકત કહેવામાં આવેલી છે તેવી રાખ્યાને વાસ્તે હીદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૧૧ પ્રમાણે જેના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય તેના ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ કરવાને હરકત નથી.

પાનુ ૩૭૩ સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે ગંજામના જીલા માજીસ્ત્રેટે હુકમને સારૂ આ કામ હાય કોરટમાં મોકલ્યું હતું એવા કારણથી કે ચો-

રી નહી કરવામાં આવ્યાથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૮૨ ૧ પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ કરવો એ કાયદા પ્રમાણે નથી.

કાંઉનશીલ રાખવામાં આવ્યા નથી.

કોરટ (મી૦ જસ્ટીસ કરનાન અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર) નો ફેંસલો જે મી૦ જસ્ટીસ કરનાને આપ્યો તે ઉપરથી હકીકત માલમ પડશેઃ—જે છોકરો હાંસડી રૂ. ૨—૮—૦ ની કીમતની પહેરતો હતો. તેની પાસેથી ફરીઆદ તરફનો પેહેલો સાક્ષી જે નવ વરસનો નાહાની ઉમરનો છોકરો છે તેણે લીધી હતી. તોહોમતવાળાએ તે છોકરા પાસેથી પાંચ આના માટે લીધી હતી. અને બીજા વરગના માજીસ્રેટે ઠરાવ્યું છે કે તોહોમતવાળો તે ચોરેલો માલ છે એમ તે જાણતો હતો તેથી તેને હીં. ફો. કા. ની કલમ ૪૧૧ પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યો.

તોપણ પહેલા સાક્ષીને હીં. ફો. કા. ની કલમ ૮૩ પ્રમાણે છોડી દેવામાં આવ્યો. અને ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે નથી. એવા કારણથી કે ચોરી થએલી નથી માટે તકરારી મીલકત કલમ ૪૧૦ ના હેતુ પ્રમાણે ચોરેલો માલ નથી. તેથી તે ઠરાવ અમારી તરફ મોકલવામાં આવેલો છે.

તે છોકરાએ તે દાગીનો લીધો અને તરતજ પાંચ આના માટે ગીરે મુક્યો અગર વેચ્યો છે તે છોકરાંનું આ પાછલું કૃત્ય છે તે ઉપરથી અમને એમ માલમ પડે છે કે જો કે સાત વરસની ઉમર કરતાં વધારેનો અને બાર વરસની ઉમરની અંદરનો છે તોપણ તે હીં. ફો. કા. ની કલમ ૮૩ ના હેતુ પ્રમાણે તે વખતે પોતાની વરતણુંક કેવી હતી અને તેનો પરીણામ શું થાય તે સમજે તે પ્રમાણે જોઇતી પાકી બુધી તેને આવેલી હતી.

આ પ્રમાણે છે તો તે સ્પસ્ટ રીતે ચોરી છે કારણ કે તે છોકરાએ તે દાગીનો લેઇને પોતાને ખોટી રીતે ફાયદો મેળવવાનો ઇરાદો રાખેલો હતો.

માટે અમે તે ગુનાહની સાબેતીના ઠરાવમાં હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૪ ફેબરવારી સને ૧૮૮૩

સર ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

કોરાગા વીરૂધ્ધ માહારાણી સાહેબ.

આલીય સંતાનના નીયમ—લગન—રીવાજ—પીનલકોડની ક. ૪૯૮

રીવાજ બાબત જો ઘણો સ્પષ્ટ પુરાવ ના હોય તોપણ જો તે આ ધારવાળો હોય તો સાધારણ રીતે તે પ્રખ્યાત હોવો જોઇએ. માટે આલી ય સંતાનની રીતી પ્રમાણે એકાદા સખસને એકાદી સ્ત્રી સાથે સંભોગ થયો હોયતે. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૮ પ્રમાણે શીક્ષા કર વા લાયક લગ્ન છે એમ ગણી શકાતું નથી. કારણ કે જે સખસ એકાદી સ્ત્રીને ફોસલાવી લેઇ જાય છે તે સદરહુ કલમમાં બતાવેલા ઇરાદા સાથે લઇ જાય છે તે છે.

પાનુ ૩૭૪ સને ૧૮૭૨ ના ફો. કા. ય. ની રીતીના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે આ અરજી કરવામાં આવેલી છે. તેમાં એવી અરજ કરવામાં આવી છે કે સને ૧૮૮૦ ના નંબર ૨૧ ના મુકદમામાં માંગલોરના બીજા વરગના માજીસ્તરેટે સીક્ષા કરેલી તે ઉપર અપીલ ગવાથી દક્ષીણ કાનેરાના જીલ્લા માજીસ્તરેટે તે બહાલ રા ખેલી તેથી તે જીલ્લા માજીસ્તરેટના પ્રોશીડીગનો હાયકોરટે ફરી તપાસ કરવો જોઇએ.

અરજદાર કુરાગાના ઉપર એવો આરોપ રાખવામાં આવેલો હતો કે હીં. ફો. કા. ના કલમ ૪૯૮ પ્રમાણે એક પરણેલી સ્ત્રીને ફોશલાવી ને તે લેઇ ગયો અને તેથી તે બાબત તેને ગુનેહગાર ઠરાવી તેને દંડ તથા કેદની શીક્ષા કરી.

તેણે પોતાના બચાવમાં પોતે તે જગાએ નહી હતો એવી તકરાર કરેલી પરંતુ તે સાબેત કરી શકયો નહી તેથી તે કુરાગાએ એવી તકરા ર કરી છે કે ફરીઆદી તથા તેની ઓરત જે કહેવામાં આવેલી છે તે એનો કાયદો આલીય શંતાનનો છે અને તે ઓરતનો કતુના બારમા નીય મ પ્રમાણે અથવા ભટલ પાંડયના કાયદા પ્રમાણે પોતાની ખુશીમાં આ વે તો તે પોતાના ધણીને છોડી દઇ શકે છે. માટે તે કેઇની ઓરત ગ ણી શકાતી નથી.

આ ઉપરથી બીજા વરગના માજીસ્તરેટે આલીય સંતાનના કાય દા પ્રમાણે ચાલનારા સખશોના રીવાજ તથા શીરસ્તા બાબત પુરાવ લીધો અને હાયકોરટના બે વકીલોને તપાસવામાં આવ્યા તેમાં તેઓએ આલીયશંતાન કાયદાના પ્રવીણ સખશો તરીકે બતાવેલું છે.

આ સાક્ષીઓની સાહેદી સંક્ષેપમાં નીચે પ્રમાણે છેઃ—

મલબારનો રીવાજ ક્યાનેરાથી જુદો છે. આલીય સંતાનના કાયદા પ્રમાણે ચાલનારાઓને રીતીસર લગ્ન હમેશાં કરવું પડે છે. આલીય સં તાન કાયદા પ્રમાણે ચાલનારા તમામ તુરૂલોકોમાં લગ્નની કીયા કરવાનો રીવાજ છે. એકાદો માણુસ તથા સ્ત્રી ધણી ધણીઆણી તરીકે લગ્ન થ

યા પછી રહે છે તે બીજા શાસ્ત્ર પ્રમાણે પરણેલાં હોય છે. તોપણ આ પ્રમાણે પરણેલી ઓરત પોતાના ધણીનું ઘર છોડી પોતાની માને ઘેર કોઈ કોઇ વખતે જાય છે. અને તેણીને તેના પીયરના સગાઓ બીજા સખસને પરણાવી શકે છે. પરંતુ પેહેલા લગ્ન વખતે તેણીને પેહેલા ધણી તરફથી જે નાણું બક્ષીસ મળેલાં હોય તે બીજુ લગન થતાં પહેલાં તેને પાછાં આપવાં જોઇએ. બીજા લગ્નમાં તેવીજ ક્રીયા કરવામાં આવતી નથી પરંતુ ઓરત પોતાના ધણીના ઘરમાં તેના દાબ નીચે રહે છે અને આવા લગનથી થએલાં છોકરાંને બાપ હમેશાં પોતાની મીલકત આપે છે. છોકરીઓ સ્ત્રીના ચીન્હમાં આવે ત્યાર પહેલાં અને પછી પરણાવવામાં આવે છે. આલીય સંતાનના નીયમો પ્રમાણે જે તુરૂ લોકો ચાલેછે તેઓ ભટલા પાંડયાના કુતુ અગર કાયદાના બારમા નીયમ પ્રમાણે ચાલતા નથી. કુંવારો સખસ વીધવાને અગર જે ઓરત પોતાના ધણીનું ઘર છોડેલું હોય તેને પરણી શકતો નથી.

આ પુરાવ ઉપરથી માજીસ્ત્રેટે ઠરાવ્યું કે તે ફરીઆદીની ઓરત રીતીસર પરણેલી છે એમ સાબેત થએલું છે. માટે તોહોમતવાળાની સાથે રાતની વખતે નાશી જઇ જુદી જુદી જગોએ તેની સાથે એક પખવાડીયું રહી તેને બદલે તેણીએ પોતાના ધણીને છોડીને પોતાની માને ઘેર પાછા જવું જોઇતું હતું.

અપીલમાં જીલ્લા માજીસ્ત્રેટે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છેઃ—

“ કોટારી નાતના એક સખસની ઓરતને તેણીની સાથે ખોટો વ્યવહાર કરવાના ઇરાદાથી તે અપીલવાળો ફોસલાવી લઇ ગયો એમ તેને કલમ ૪૯૮ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે.

“અપીલવાળો પણ તે કોટારી નાતનોછે અને તેને આલીય સંતાનનો કાયદો લાગુ થાય છે. માટે અપીલવાળા તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે કલમ ૪૯૮ ના હેતુ પ્રમાણે તે કાયદા મુજબ તે સ્ત્રી ધણીઆણી નહી હતી અને જો તે ધણીઆણી હોય તોપણ તે એક ધણીને છોડી બીજાને પરણવા મુખત્યાર હતી. માટે કાંઇ પણ વ્યવહાર તેણીની સાથે કરવાને તેણે ઇરાદો રાખેલો હોય તો તે ખોટી રીતનો વ્યવહાર નથી જે હકીકત માલમ પડેલી છે તે કબુલ કરવામાં આવી નથી. પરંતુ અપીલ ફકત કાયદાના સવાલના આધારથી કરવામાં આવેલી છે. માટે એમ સાબીત થએલું માનવું જાઇએ કે અપીલવાળાએ અપીલના પ્રતીવાદીની ઓરતને પોતાના ધણીના ઘરમાંથી ચુપકીથી નીકળી જઈ તે માલમ પડી ત્યાર પહેલાં કેટલાક દીવસ છુંપાવવી એમ ફોસલાવી હતી.

“ તે ઓરત ધણીઆણી નથી એ તકરારના આધારમાં અપીલવા

બાના ક્રાઉનશીલે સઅુહેગાડી વીરૂધ કાંગુના કામનો હાય કોરટનો ઠરાવ બ તાવેલો છે. તેમાં તે કોરટે કહ્યું છે કે:—

"જે સબંધ છે તે ખરી રીતે લગ્ન નથી.. પણ વ્યભીચારની સ્થી તીમાં તે ઓરત પોતાની મરજી પ્રમાણે જાય અને પોતાની મરજીમાં આવે તેટલીવારે તે સ્થીતી બદલે તેનો સબંધ છે." આ બાબતમાં ફકત એટ લુંજ કહેવું જરૂર છે કે તે સવાલ આ કામમાં નહી હતો.

આલીયસંતાનના ભટલ પાંડયાનો નીયમ જે કહેવામાં આવેલો છે તે જો કે બતાવવામાં આવેલો છે તે પ્રમાણે દેખાતી રીતે નથી. તોપણ ક્યાનેરામાં આલીયશંતાનનો જે નીયમ ચાલુ છે. તેનો કબુલ કરેલો સર. સમા સરશ આધાર છે. અને તે પ્રમાણે કોરટોએ વારંવાર કબુલ કરેલોછે,

"ક્યાનેરાની આલીય સંતાનની સાધારણ નાતોના લગ્નના સબંધ વીસે આલીય સંતાનના મુખ્ય નાયમોની સાથે સોળ નિયમોમાંના પેહેલા આ ઠ નીયમોમાં વ્યવસ્થા કરવામાં આવેલીછે. સદરહુ મુખ્યનીયમો સ્રીની ત રફના વારસાની બાબતમાં આગળ બતાવવામાં આવેલાં છે અને તે પ્રમા ણે સ્ત્રી અને તેનાં છોકરાંને પોતાના ધણીના વારસામાં કાંઈ હીસો નથી.

"પેહેલા રૂલમાં સાધારણ લગ્નની ક્રીયા ઠરાવેલી છે. બીજામાં જે વીધવા પોતાનું પુનર લગ્ન થતાં પેહેલાં ગરભવંતી થએલી હોય તેણી ના લગ્ન બાબત ખાશ ક્રીયા ઠરાવેલી છે.અને વળી તેમાં બતાવેલું છે કે જો મરદ જુદી જાતના હોય તો તેણીની વ્યવસ્થા કેવી રીતની કરવી.

"ત્રીજામાં ઠરાવેલું છે કે જો એકાદો ધણી પોતાની ઓરત છોડે અને પરદેશ જાય તો તેની ઓરત પાંચ વરશ પછી પરણી શકે છે. પરંતુ જો તે ખરી રીતે ગરભવંતી થએલી હોય તો પૂરેપુરાં પાંચ વરસ થવાં જોઇએ. એવી અવસ્ય છે, એમ તેમાં બતાવેલું જણા- તું નથી,

"ચોથામાં ઠરાવેલું છે કે જે ધણીઆણીને ત્રણ અગર ચાર છોક રાં હોય તેણીને ત્રીજો નીયમ લાગુ થતો નથી આવા કામમાં જો તે ગ રભવંતી થાય તો પણ તે પુનરલગ્ન કરી શકતી નથી,

"પાંચમા નીયમમાં ઠરાવેલું છે કે ધણી પોતાની વ્યભીચાર સ્રીને છેડો છુંટકો આપવાને મુખત્યાર છે, અને જો ધણીએ તેણીનો ત્યાગ કરી બીજી ઓરતને રાખેલી હોય અગર જો તેણે તેણીની ખોટી બરદાશ કરેલી હોય અને ત્રણ અગર ચાર વખત સમાધાન કરવાને પ્રયત્ન ક રયા છતાં તે પેશ પોહોચેલું ના હોય તો તે સ્રીના કુટુંબના માણસો

તેણીનો તેણીનાં ધણી પાસે છેડો છુટકો કરાવી શકે છે. હજુર શીરસ્તેદારની જુબાની આ કોરટે લીધેલી છે તેમાં તેણે પોતાની જુબાનીમાં કહ્યું છે કે "બસ" એ શબ્દ છેડો છુટકો કરવાની વખતે ઘણી શાંકીત રીતે વાપરે છે, તેથી "બારેલું" એ શબ્દનો અર્થ અમે છેડો છુટકો કરીએ છીએ અને "બારેલી શું" તે શબ્દનો અર્થ છેડો છુટકો કરાવવો એમ થાય છે. હાયકોરટના ઇનટરપીંટરે બારેલુ શબ્દનો ઈંગરેજી તરજુમો કરેલો છે તે એવી ધારણા દેખીતી કરેલી છે કે, કયાનેરી ભાશામાં બારેલું શબ્દનો અર્થ આવવાને કેહેવું થાય છે. તે ઉપરથી તેમને એક જગોએ લેવું અને બીજી જગોએ પાછું બોલાવવું એવો અર્થ કરેલો છે. તો પણ તે શબ્દ વારંવાર વાપરવામાં આવે છે તે ઉપરથી જણાય છે કે તેનો શાંકીત અરથ છે, અને તે અર્થ વળી કાંઈ બીજી ધારણા કરી ઘણી તહરેવંર રીતે થાય છે

"છઠા અને સાતમા નીયમમાં છોકરીનું લગ્ન કરતાં પેહેલાં તે ગભેવંતી થાય અગર તે નાશી જાય તે વીશે વ્યવસ્થા કરવામાં આવેલી છે.

આઠમા નીયમમાં ઠરાવ્યું છે કે એકાદી સ્ત્રી પોતાના ધણીને છોડી પોતાની નાતના બીજા સખસ સાથે નાશી જાય તો તેને પરણાવી શકાય છે.

"અપીલવાળાના કાંનસલ તકરાર કરે છે કે આઠમા નીયમ પ્રમાણે અપીલવાળા અને અપીલના પ્રતીવાદીની વચ્ચમાં કાંઈ વ્યવહાર થએલો હોય તો તે સંપુરણ રીતે બરોબર છે. માટે કલમ ૪૯૮ ના અર્થમાં તેનો સમાસ થતો નથી."

"આ વીચાર સાથે અમે મળી શકતા નથી. તે નીયમના શબ્દો ઉપરથી ખુલ્લુ જણાય છે કે નાશી ગયા પછી અને તેથી કેવળ જુદુ, લગ્ન કરવાનું બતાવેલું છે અને કોઇ પણ બીજા કાયદા પ્રમાણે છેડો છુટકો અને પુનરલગ્ન કરવાની પરવાનગી આપી શકાય છે. તે કરતાં બીજાની ઓરતને ફોસલાવીને લેઇ જવાની કાંઇ મંજુરી આપવામાં આવેલી હોય એમ તેમાં બતાવેલું નથી.

"તાલુકાના માજીસ્ટ્રેટે બે શાક્ષીઓ આલીયસંતાન નાતોના રીવાજ મુજબ લીધેલા છે, અને બીજા પાંચ વધારે અમે લીધેલા છે. તેમાંના ત્રણ અપીલવાળાના કાંનસલની અરજ ઉપરથી લીધેલા છે. તેમાં તે કાંનસલે હજુર શીરસ્તેદાર અને કોરટના વકીલો ફક્ત વધારે ઉચી વરગની કેળવણી પામેલા રીવાજ સબંધી છે તેવા તેમની બાબતમાં હરકત લીધેલી છે તે ત્રણમાંના એક ગાડોરા કોરી એક કોહોળી બંધાનો માળી છે તેણે પોતાની જુબાનીમાં કહયું છે કે ઓરત પોતા

નઃ જુના ધણીને અગર બીજાને કહયા વીના પોતાની મરજીમાં આવે ત્યારે નવા ધણીની સાથે જવાને સંપુરણ રીતે મુખત્યાર છે અને તેણે કહયું છે કે તે પ્રમાણે વારંમવાર થએલું છે બીજા બે બંટો છે અને તે સાધારણ ખેતીવાડી કરનારે વરગના લોકોના બરોબર પ્રતીનીધી છે તે બેઉએ કહયું છે કે ઓરત પોતાના ધણીને છોડી બીજાને પરણે તેમાં કાંઈ મનાઈ નથી પરંતુ તેમાંના એકલા કારેએ કહયું છે કે નવું લગ્ન નાતના લોકોની રૂબરૂ થવું જોઇએ બીજા મંજાના શેતીએ કહયું છે કે નાતના લોકોને વચમાં પડવાની જરૂર નથી. પરંતુ તમામ કામ નાતના નીયમો વીરૂધ છે.

" શદરહુ બતાવેલા નીયમોનો તમામ મતલબ એવો છે કે બીજા સુધરેલ લોકોમાં જેવો લગ્નનો સબંધ હોય છે તેવો તેમાં ઠરાવવામાં આવેલો છે પરંતુ અમુક ખાસ કામોમાં છેડો છુટકો અને પુનર લગ્ન કરવાને પરવાનગી આપવામાં આવે છે. ઉંચા વર્ગના લોકો કરતાં નીચા વરગના લોકોમાં ખરી રીત રીવાજ કાંઇક લુલો છે પરંતુ બેઉ ગ્રંથો તથા જે પુરાવ છે તે ઉપરથી માલમ પડે છે કે તમામ લગ્નના સબંધો પ્રશીધ રીતે નાતના લોકોની મંજુરીની સાથે થાય છે. જે છુપી રીતે અપીલવાળો તે ઓરતને લેઈ ગયો તે ઉપરથી ખુલ્લું માલમ પડે છે કે જે હકીકત કરવાને તે ખુલી અગર પ્રશીધ રીતે હીંમત ધરી શકતો નહીં હતો તે તેણે કરેલું છે. એમ તે શમજતો હતો, માટે આવી જાતના કામો અમુક વરગમાં સાધારણ રીતે થાય છે એમ ફકત બતાવીને તે કલમ ૪૯૮ ના ઠરાવમાંથી નીકળી શકતો નથી."

" માટે તે અપીલ નામંજુર કરવામાં આવે છે "

જીલા માજીસ્તરેટના ઠરાવ ઉપર હાયકોરટમાં અરજ કરવામાં આવેલી છે તેમાં કોરાગાએ તકરાર કરી છે કે આલીય સંતાનના કાયદા પ્રમાણે લગન થએલું નથી અને સબુહી ગાડા વીરૂધ રેંગુ અને ભરલ પાંડયાનો કાયદો બતાવી કહયું છે કે જીલા માજીસ્તરેટે જે હજુર શીરસ્તેદારની જુબાની લીધેલી છે. તેણે આલીય સંતાનના રીવાજ પ્રમાણે ચાલનારા લોકોમાં છેડો છુટકો કરવાની રીતી દાખલ કરવાને મેહેનત કરેલી છે.

કાંનસલ રાખવામાં આવ્યો નથી.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીશ ટરનર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

આ કામમાં જે પુરાવ દાખલ છે તેનો અમે વીચાર કરયો અને અમારા અભીપ્રાયમાં આવે છે કે આલીય સંતાનના કાયદા પ્રમાણે એકાદો સખશ અને ઓએ સંભોગ કરેલો છે એટલું સાબેત કરવાથી પીન

લકોડની જે કલમો પ્રમાણે લગનના હક વીરૂધ શીક્ષા કરવાને ઠરાવેલું છે ને કલમોમાં બતાવેલા ઈરાદા મુજબ લગ્ન થાય છે એવું બતાવવાને તે બસ નથી. આલીસ્તાનના કાયદામાં આવો સંભોગ લગ્ન તરીકે ગણુવામાં આવેલો નથી. એમ તે ઉપરથી કાંઇ મીલકત અગર વારસો મળતો નથી એ ઉપરથી જણાઇ આવે છે. ભટલ પાંડયાના ગ્રંથના આધાર ઉપર ભારે દોશ રાખવામાં આવેલો છે.

આલીયસતાનના નીયમ પ્રમાણે જે સંભોગ કરવાનો રીવાજ છે તે અકસ્માત સબંધ થાય તે કરતાં કાંઇવધારે છે એમ અમને જણાતું નથી. કારણ કે વખતે વધારે આબરૂદાર વરગોમાં કેટલાક નીયમીત અટકાવો જેમકે નાણાં આપવાં અને સગાઓનો દાબ વીગેરે હોવાથી તુરગી વરતણુંક દાબ નીચે રહે છે તે અટકાવોની સાથે ઓરત પોતાની નજરમાં આવે તો લગ્ન છોડી શકે છે. પરંતુ રીવાજનો ઘણો સ્પષ્ટ પુરાવ નહીં હોવા છતાં જો તે સારા આધારનો હોય તો તે સાધારણ રીતે પ્રખ્યાત હોવો જોઇએ. માટે કોરટે સમુડીગાડા વીરૂધ ટોંગુના કામમાં જે અભીપ્રાય બતાવેલો છે તે પ્રમાણે અમારે ચાલવું જોઇએ.

સબબ ગુન્હાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ જે અમારી તરફ મોકલવામાં આવેલો છે તે અમે રદ કરીએ છીએ. અને તોહોમતવાળાને નીરદોશ ઠરાવીએ છીએ અને ફરમાવીએ છીએ કે જો દંડ વસુલ કરવામાં આવેલો હોય તો તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૬ ફેબરવારી તથા તા૦ ૨૦ એપ્રીલ સને ૧૮૮૩.

સરચાલરસ એ. ટરનર નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ શ્રી વીધાશંકર નરસીંહા ભારથી ગુરૂસસામુનું.

પીનલકોડની કલમ ૫૦૦, ૫૦૩, ૫૦૨—ઇજ્ત—હક—બીન જરૂરીઆત પસંદ કરવું.

એક હીંદુ વાધવાનું પુનરલગ્ન (સને ૧૮૫૬ના આકટ ૧૫ પ્રમાણે કાયદેસર છે.) થતું હતું તે વખતે ન ગયો તે ઉપરથી તેના ગુરૂ સએ એવી એક નોટીશ પ્રશીધ કરી કે મને નાત બાહાર મુકવામાં આવેલો છે. અને સ ના શીસ્યોને તથા ન જે શેહેરમાં રહેતો હતો તે શેહેરના લોકોને એવી મનાઇ કરી કે જ્યાં સુધી ન અમુક 'ઠરાવેલું' આ-

ચીત કરી સ પાસેથી પવિત્ર થયાનું સરટીફીકટ મેળવે નહીં. ત્યાં સુધી ન સાથે સંસર્ગ રાખવો નહીં.

તેજ પ્રમાણે તેવીજ મતલબનું પોસ્ટ કાર્ડ બ ને મોકલવામાં આવેલું હતું.

આ પ્રમાણે સ એ આરોપ રાખવાથી ન ને દેહેરામાં જઈ પોતાને દરશન કરતાં અટકાવ થયો, પોતાના સગા સાથેનો સબંધ ખોયો અને બીજી રીતે નુકશાન થયું. આ ઉપરથી ન એ સ ઉપર શાપરાધ ધમકી તથા તે ગુન્હેગારના કૃત્યથી જે સખસને ધાસ્તી આપવામાં આવેલી છે. તેના ઉપર ઇશ્વરી તીરસ્કાર અને ગેર આબરૂ થાય એવું મનાવવાને કોસીશ કરી ધમકી આપવામાં આવેલી છે એવો આરોપ રાખ્યો.

ઠરાવવામાં આવ્યું કે પેહેલા બે આરોપો પાયા વિનાના છે પરંતુ ન ને રજીષ્ટર પોસ્ટ કાર્ડથી નાત બહાર કાહાડયાની શીક્ષાની સ એ ખબર આપી છે તેથી તે ગેર આબરૂ થયા બાબતનો ગુન્હેગાર ઠરેલો છે

પાનું ૩૮૧. કોર્ટના ફેંસલામાંથી આ રીપોર્ટને વાસ્તે જોઇએ એ એટલી હકીકત માલમ પડશે.

સરકાર તરફથી એડવોકેટ જનરલ (ઓનરેબલ મી૦ ઓ. સુલીવાન)

તોહોમતવાળા તરફથી મી૦ સ્પ્રીંગ બ્રેનસન, ઓનરેબલ રામારાવ બાલાજીરાવ. ભ.ષ્યમ અયંગર, સુંદ્રમ સાદુસ્યર, ગુરૂ મુત્રીઆયર અને સુબારાવ.

મી૦ જસ્ટીશ ગતુ સામીઆયર.—ગોદાવરી જીલ્લાના જોઇન્ટ મા જીસ્ટ્રેટની ફાઇલના સને ૧૮૮૨ ના કેલંડરમાં નંબર ૨ ના કામમાં તેઉ સાહેબે નીરદોષના ઠરાવનો હુકમ કરેલો તે ઉપર આ અપીલ કરવામાં આવી છે. આ કામમાં કુમાટી જાતની એક અતરુરી લક્ષ્મી નરશીહ.મ જાતનો કમાટી અને રાજ્યમંદ્રીના ડીસ્ટ્રીકટ મુનસીફ ફરીઆદી છે. અપીલના પ્રતીવાદીએ ઉત્તર સીરકારમાં સ્માર્ત પંથનો ગુરૂ છે. તે પંથને લગતાં ૬ માતમ છે તેમાંનો એક જે અભીવન વીરપક્ષી માતમ કહેવાય છે તેનો તે મુખ્ય છે. પુનરલગ્ન ખરી રીતે હીંદુશાસ્ત્ર પ્રમાણે નથી, અને જે ચાલુ રીવાજ છે તેની વીરૂદ્ધ જો કરવામાં આવે તો, નાત બહાર મુકવો પડે એ સબંધી સને ૧૮૮૧ માં રાજમંદ્રી અને બીજા ગામમાં ઘણી આતુરતા ભરેલી તકરાર ચાલી હતી. જેથી આશા રાખી શકાય તેવા એ બાબત ઉપર જુદા જુદા મત હતા. આવા લગ્નના પક્ષમાં જે માણુસો હતા તેમની સંખ્યા જે ધર્મ પ્રમાણે વર્તનાર. પક્ષ જે તે વિરૂધ્ધ હતો તેની સાથે સરખાવતાં ઓછી હતી. રાજમં-

દીમાં પુનરલગ્ન તરફથી એક હલ્લ કરી વીર સલીગમ નામનો એક બ્રાહ્મણ જાતનો સખસ બધાથી આગેવાની કરતો હતો તે એડવોકેટ છે. અને ૧૮૮૧ ના મારચ મહીનામાં તોહમતવાળો રાજમંદીમાં જઇ ચઢયો. અને વીઝી અંગરાયના માહારાજાના પંથમાં આ પુનરલગ્ન વીશે વીચાર થતો હતો તે પંથની વીર સલીગમ અને બીજાઓએ મીટીંગ કરી. આ વખતે વીર સલીગમ અને બીજાઓએ તોહોમતવાળાને એવી અરજ કરી કે તેણે તે મીટીંગમાં આવવું અને પુનરલગ્ન મંજુર કરવું, અને અમારા અરજદારના અભીપ્રાય પ્રમાણે તો હીંદુશાસ્ત્ર પ્રમાણે પુનરલગ્ન કરવાની છુટ છે. અને તે કરવાથી લોકોને ફાયદા ને લાભકારક છે. આ ખરી બાબત ઉપર તોહોમતવાળાએ કાંઇ અભીપ્રાય બતાવ્યો હોય એવું માલમ પડતું નથી, અને જે પુરાવમાં કહેલું છે કે તે મંજુર કરવાને તેણે ના પાડી એ આપણે માનવું જોઇએ. ફરીઆદ તરફથી બીજા શાક્ષી વીરશલીગમે એવી જુબની આપી કે જયારે તેને મંજુરીને વાસ્તે પુછવામાં આવ્યું હતું ત્યારે તે મુગો રહયો હતો તેની શાક્ષી ઉપરથી એમ માલમ પડે છે કે ઉપર કહેલી મીટીંગમાં એક કીસ્નશાસ્ત્રી પંડીત તોહો-મતવાળા તરફથી આવ્યા હતા અને તેમણે કહ્યું દરેક ઉપર કહેલો માણસ જો હીંદુ જાતના ઘણા માણસો એક "મહાઝેર" થી અરજ કરે તો તે મંજુરી આપશે. જો ઘણા માણસો તે લગ્નની તરફેનમાં હોય તો તો-હોમતવાળાની મંજુરીની કાંઈ જરૂર પડે નહીં. એ હકીકત ધ્યાનમાં લે-ઇએ તો એ પંડીતનો જવાબ વીરશલીંગંમની અરજ નહીં સ્વીકારવાના જેવો છે એમ માન્ય કરવું જોઇએ. શંકરાચારીએ ઘણી આનાકાની કરી તોપણ પુનર લગનના લાભમાં તે વાદવીવાદને ગજબુતી મળેલી છે. અને તા૦ ૧૧ ડીસંબર સને ૧૮૮૧ ને રોજ એક ગોગલપતી શ્રી રામલુના-મનો એક બ્રાહ્મણ એક કનપરટી સુરંગ નામની બ્રાહ્મણી વીધવાને પર-ણયો અને તા૦ ૧૫ ડીસંબર સને ૧૮૮૧ ને રોજ એક રવુંચરલ રામા-ચંદ્રય ગારૂ નામના બ્રાહ્મણે એક બ્રાહ્મણી વીધવા સુરંમપત વીકંટ સુ-બમને પરણયો. આ બે લગ્ન વીરસલીગંમના ઘરમાં થયાં હતાં અને જો કે ફરીઆદ તરફથી વીકંટ સુબાના પેહેલા ધણીનું અને હાલના ધણીનું ગોત્ર એક છે એમ કબુલ રાખવામાં આવ્યું હતું. તોપણ વીરસલીગંમે એવી જુબાની આપી છે કે તેણે તે કન્યાને પોતાનું ગોત્ર જે રામાચંદ્રના ગોત્રથી જુદું છે તેમાં પરણાવેલી છે. સુનાવણી વખતે એમ કહેવામાં આવેલું હતું કે કુળની મના કરેલી હદમાં તે લગ્ન કરવામાં આવેલું છે. એ હરકત આ લગનમાં લેવા લાયકજ છે. જે જવાબ વીરશલીગંમની જુબાની ઉપરથી સુચવેલો છે તે કેટલો સંતોશ કારક છે અને તે વીધ-

ગાનું ગોત્ર બદલવાને તે લાયક હતો કે નહીં. અથવા તો આ નવું લગ્ન જે મનાઈ કરેલું છે તેવું છે કે નહી. તે નક્કી કરવામાં તે ગોત્ર તેના બાપનું અથવા તેના પેહેલા ધણીનું ગોત્ર વીચારમાં લેવાનું છે એ બાબતો એવા છે કે એના ઉપર અભીપ્રાય આપવો એ જરૂરનું લાગતું નથી. કારણ કે જે કારણને લીધે તોહોમતવાળાએ ફરીઆદીને અને બીજાઓને નાત બહાર મુક્યા તેનાં કારણો આ નથી; અને વળી ધારીએ કે ફોજદારી કામમાં તેના બચાવમાં હરકત લેવાને તેને હક છે તોપણ વીંકટ સુબાગના લગ્નનેજ ફક્ત દોશીત ઠરાવેલું છે એમ નથી. જે કારણો ઉપર અમારા ફેંસલાનો આધાર છે. તેમાંથી આ હરકત અગત્યની નથી તે ફેંસલામાં આગળ માલમ પડશે.

એમ જણાય છે કે જ્યારે આ બે લગ્ન કરવામાં આવ્યાં હતાં ત્યારે તેમની તરફના માણસોએ જુદી જુદી રીતે તેઓને પસંદ છે એમ બતાવેલું છે. ફક્ત કેટલાક માણસો તે લગ્ન વખતે આવ્યા હતા. કેટલાકે વળી પાન સુપારી સ્વીકારી અને પરણનારની સાથે કેટલાક જમ્યા અને કેટલાક તેમને તેઓના ઘરમાં બોલાવ્યા અને જમાડયા. ફરીઆદીએ જે રીતે તેમને મદદ કરી તેના સબંધમાં તેણે એવી જુબાની આપી કે તે ફકત ગયો અને તેમને ઉતેજન આપ્યું પણ સોપારી ખાધી નહીં. જો કે તોહોમતવાળાએ નંબર અ ના દસ્તાવેજમાં કહેલું છે કે ફરીઆદીએ વળી સોપારી ખાધી છે પરંતુ આ તફાવત ઉપર અમે બીલકુલ વજન રાખતા નથી. કારણકે સંસારના રીવાજ પ્રમાણે સોપારી ખાવી એ સંસારીક સારાપણાની નીશાની છે.

આ બે લગ્ન થયા પછી થોડી મુદતે ધર્મ પ્રમાણે ચાલનારા માણસોની મીટીંગ કરવામાં આવી હતી અને ૭૨ માણસની સહી સાથે એક અરજી અથવા "માહાઝાર" જેમાં આ લગ્નોનાજ માણસો મદદ કરશે તેની સાથે ધર્મ પ્રમાણે ચાલનાર માણસો જે રીતે વર્તવાના તેની સુચના કરવામાં આવેલી હતી તે તોહોમતવાળાને મોકલવામાં આવી હતી. આ અરજીના જવાબમાં તોહોમતવાળાએ અરજદારને નંબર ૧ નો દ. ખલ કરેલો દસ્તાવેજ મોકલ્યો અને ફરીઆદીને પોસ્ટ મારફતે દાખલ કરેલા નંબર અ નું પોસ્ટકાર્ડ મોકલ્યું. દસ્તાવેજ(આઈ) અપીલના પ્રતીવાદીએ ચેલા અને રાજમંદ્રીના વીદ્વાન માણસોને અને લોકો અને શાસ્ત્રી આરૂવીરૂ મજમાન અને બીજા ગ્રહસ્થો જે ધર્મની બાબત પ્રવીણ હતા તેમને લખેલો છે તેમાં તે અરજી કબુલ કરેલી છે અને બે લગ્નો બતાવેલાં છે અને પછીથી કહયું કે એ લગ્ન વેદથી મંજુર થતાં નથી અને તેમજ શાસ્ત્રથી મના કરવામાં આવેલ છે અને અસલનો ચાલતો આવેલો અને ઘણા

વખતથી સ્થાપિત કરેલો રીવાજ જેને શાસ્ત્રના જેટલીજ સત્તા છે તેના થી વીરૂધ છે. તેમ એમાં ઠરાવેલ છે કે જે માણસોને આ લગ્નની સાથે સબંધ નથી તે જમાડવાને અથવા પાન સોપારીને વાસ્તે અથવા તો ખુશીના અથવા દીલગીરીના પ્રસંગે હમેશ અગર કોઇ પણ બીજી રીતે, જે માણસો પરણેલા છે અને જે માણસોએ વીધવાઓને લગ્નમાં આપી છે અથવા તો જે માણસો આ લગનની ક્રીયા વખતે જે માણસ જમ્યા છે અથવા તો પાન સોપારી ખાધી છે, અથવા તો આ લગ્નની સાથે બીજી રીતે સબંધછે, તેમના ઘરમાં જઇ શકશે નહીં. તેમાં વળી ઠરાવેલું છે કે આવા માણસોને નાત બહાર મુકવામાં આવેલા છે. કેટલાકને હમેશને વાસ્તે, કેટલાકને સરત સાથે નાત બહાર મુકેલા છે. તેમાં છેવટ એમ કહેલું છે કે આ શ્રીકમ તમારી પાસે આવે કે લાગલીજ એક લાયક જગ્યામાં તમારે મીટીંગ બોલાવવી અને બધાને આ બાબતની ખબર કરવી, અને તેને ઘણુંજ પ્રશીધ કરવામાં આવેલું છે તે કાળજીથી જોવું. આ ફરીઆદીને અમુક સરત સાથે ન્યાત બહાર મુકવામાં આવેલ છે એવું જે કહેલ છે તેમાંનો એક માણસ છે, અથવા તે જ્યાં સુધી પ્રાશ્રીત ન કરે ત્યાં સુધી અને તોહેમતવાળા સ્વચ્છ થયાનું સર્ટીફીકેટ ન મેળવે ત્યાં સુધી નાત બાહર છે. દાખલ કરેલું નંબર અનુપોસ્ટ કાર્ડ જે ફરીઆદીને મોકલેલું તે તોહોમતવાળાને જરૂર પંથી હુકમ તેને લખેલો હોય એવું છે અને તે નીચે પ્રમાણે છે.—

"અમને ખબર મળી છે કે તમે ઉત્તેજન આપ્યું છે, કર્યું છે અને રાજ્યમંદ્રીમાં કંદુકુરી વીરસલીગંમના ઘરમાં જે પુનરલગ્ન થયાં તે વખતે તમે સોપારી ખાધી છે.

તમને ખબર આપવામાં આવે છે કે અમે તમને નાત બહાર મુકીએ છીએ અને હુકમ કરીએ છીએ કે જ્યાં સુધી શાસ્ત્રમાં જે પ્રાયશ્ચીત કહેલું છે તે તમે કરો ત્યાં સુધી અને તમે સ્વચ્છ થયાનું સરટીફીકેટ (અમારી પાસેથી) મેળવો ત્યાં સુધી બીજા માણસો તમને જમવાને વાસ્તે અથવા પાન સોપારીને વાસ્તે અથવા દીલગીરી અથવા ખુશીની વખતે તમને આમંત્રણ કરશે નહીં. અને તમારે ઘેર ઉપર કહેલે વખતે બીજા માણસોથી પણ જવાશે નહીં, અને તમને મંદીરમાં જતાં અટકાવ કરવામાં આવશે. આ મનાઈ પ્રશીદ્ધ થયા પછી ફરીઆદીને અને બીજા માણસને ઘણી અવઘડતા પડી હતી, તેણે એવી જુબાની આપી કે રાજમંદ્રીના મંદીરોમાં બે બાધાઓ છોડતાં મને અટકાવ કરવામાં આવ્યો હતો, અને તેના પોતાના ભાઇઓએ અને પીત્રાઇ ભાઇઓએ તેની સાથે રહેવાને અને તેની મુલાકાત લેવાને ના પાડી. પંચાગ વાંચ-

નારો બ્રાહ્મણ જે હમેશ તેને પંચાંગ વાંચી સંભળાવતો હતો”ને જેમ હમેશ આવતો હતો.તે આવતો બંધ રહયો.” જે માણસોને મનાઈ કરવામાં આવી હતી તે માણસોને વરસ દહાડાની તેમના મા બાપની ઉત્તર ક્રીયા કરવામાં અને બ્રાહ્મણોની મદદ મેળાવામાં જે હરકતો પડી હતી તે બીજા શાક્ષીએ બતાવી. ૪ થા શાક્ષીએ કહ્યું કે તેને તેની બાધાઓ મંદીરમાં કરવામાં આવી નહોતી તે એવા કારણથી કે જો તેને એમ કરવા દેવામાં,આવે તો દેહેરાની અંદર સ્વચ્છ કરવાની ક્રીયા કરવી જોઇએ. નંબર ૫ ના શાક્ષીએ કહયું કે જ્યારે તે કોટવાળા અને તીરુમલપમની મુલાકાત લેવાને ગયા ત્યારે કોઈ બ્રાહ્મણ અગર કોમાટી તેને તે ઘરમાં ખોરાક રાંધવા દે નહીં. તો પણ જાણે તે શુદ્ર હોય તે પ્રમાણે તેને ઘરની બાહાર ખવરાવવાને કબુલ કરેલું હતું. તે પ્રમાણે નાત બહાર હોય છે તેમને જે તીરસ્કારથી જુની રીતનાં માણસો તેમને ગણેછે તે જોઇએ છીએ તો, દુઃખ. ઇજા અને અવગઢતા જે દાખલ કરેલા નંબર અ અને ૧ ના દસ્તાવેજને પ્રશીધ કરવાથી ફરીઆદીને થઇછે અને થવાનો સંભવ છે તે સબંધી પુરાવો અમે સ્વીકારી શકીએ છીએ.

તા૦ ૧૧ જાન્યુઆરી સને ૧૮૮૨ ને રોજ ફરીઆદીએ જે ગુનાંમાં હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ”૪૯૯ અને ૫૦૦, ૫૦૩ અને ૫૦૬ અને ૫૦૮ માં ઠરાવેલી શીક્ષા થાય છે તેવા ગુનાનું તોહોમતવાળા ઉપર તોહોમત મુકયું છે, તેણે વળી એવી તકરાર કરી છે કે તે વીશીષ્ટ અદ્વૈની હોવાથી તોહોમતવાળો તેનો ધર્મ ગુરૂ નથી અને તેના ઉપર એવો અધીકાર નથી. આ તકરારની બાબતમાં જોઇન્ટ માજીસ્ત્રેટને પુરાવથી એમ માલમ પડયું છે કે તોહોમતવાળો આ ફરીઆદીનો ગુરૂ છે અને માજીસ્ત્રેટના અભીપ્રાયથી જુદા પડવાને અમને કારણ જોઇએ તેટલું માલમ પડતું નથી. જો એ ફરીઆદી ધર્મ અને ક્રીયામાં વૈશ્નવેટ હોત તો તોહોમતવાળાને તેના ઉપર કાંઇ સતા હોત નહી. અદ્વૈતના બાપ મહાનશંકરાચાર્ય જે દક્ષીણ હીંદુસ્થાનના ધર્મના આગેવાન હતા. અને તેઉ જે મઠનો હાલ અપીલના પ્રતીવાદી ગાદી ઉપર છે તે મઠનોજ સ્થાપનાર હતા. અને રામાનુંજા ચાર્યા જે વૈશ્નવપંથના મહાન ધર્મ ગુરૂએ જે શાળા સ્થાપેલી તેની તરફથી વશીષ્ટ અદ્વૈત છે. પરંતુ આ કામમાં પુરાવ ઉપરથી જણાય છે કે રાજમંદ્રીમાં ત્રીરવારની કુલુ નામનો કમીટીનો એક વરગ છે તે ખરેખર વૈશ્નવો છે. અને તેઓ અપીલના પ્રતીવાદી ના પંથની સતાને જવાબદાર નથી. પરંતુ આ લોકોની સાથે ફરીઆદી અને તેના સગાઓને જમવા વ્યવહાર, માંહો માહે લગન કરવાનો બંદબાર વીગરેનો સબંધ નથી. જો કે ફરીઆદી એક વશીષ્ટ અદ્વૈતીની

ધરમનો છે તોપણ પુરાવ ઉપરથી જણાય છે કે તે સ્માર્થ ધરમ પ્રમાણે ચાલે છે. અને સ્માર્થ કમાટીઓની સાથે તેને લગ્ન બ્યવહાર છે અને ઘણી બાબતોમાં સ્માર્થના રીવાજ પ્રમાણે તે ચાલતો આવે છે. તેણે પોતાની જુબાનીમાં કબુલ કરયું છે કે મેં મારો દીકરો અને દીકરી સ્માર્થ કમાટીઓને પરણાવેલા છે. અને હું તેઓની સાથે જમુછું અને વાર શીક કીયા વખતે એક વશીષ્ઠ અદ્વૈતી બ્રાહ્મણને એક પત્રમ હું આપુછું અને સ્માર્થ બ્રહ્મણોને બે પત્રમ આપુછું. વળી તેણે કબુલ કરયું છે કે ધરમની કીયાની દરમીઆનમાં સ્માર્થ બ્રહ્મણ મારા ધરમાં મંત્ર વાંચેછે. અને માહારા કુટુંબનો ગોર મશલીપટમમાં સ્માર્થ બ્રાહ્મણ છે. આને ત્રીવાની કુલુઓની સાથે હું જમતો નથી અગર મહારે લગ્ન વ્યવહાર નથી અને મહારા મોટા ગુરૂ જે પેઠપાડમાં છે તે અપીલના પ્રતીવાદીના શીશ છે તેના સાતમા સાક્ષીએ સાહેદી આપી છે તે પ્રમાણે ફરીઆદીનો દાદો જો કે વૈશ્નવ ધર્મનો હતો તોપણ રાજમદ્રીમાં તેણે શીવનું દેહેરૂ બાંધેલું હતુ બચાવ તરફથી ચોથો પાંચમો અને છઠો સાક્ષી ફરીઆદીના સગા છે. અને તેઓ કબુલ કરેછે કે જો કે ફરીઆદીની માફક કેટલીક બાબત અમારો રીવાજ વઇશ્નવોનો છે. તોપણ અપીલનો પ્રતીવાદી અમારો ગુરૂ છે. આ કામમા તમામ પુરાવ છે તે ઉપરથી એવી સમજ ઉતપન થાય છે કે ફરીઆદી અને તેના વડીલો અશલ સ્માર્થ નીયમ પ્રમાણે ચાલતા હતા. અને કીયાઓ કરતા હતા. અને અપીલના પ્રતીવાદી અને તેના પુર્વ ધીકારીઓ પોતાના ગુરૂ છે એમ તેઓએ કબુલ કરેલું છે. અને જો કે તેઓએ આતમા અને પરમેશ્વરના એકત્રપણા બાબતનો નીયમ તેઓએ ફેરવેલો છે. અને કેટલાક વૈશ્નવ રીવાજ પ્રસંદ કરેલા છે તોપણ તેઓએ જુનો સ્માર્થ રીવાજ રાખેલો છે. અને સ્માર્થની સાથે લગ્ન વહેવાર રાખી તેમના સાથે ફકત જમે છે અને અપીલના પ્રતીવાદીને પોતાના ગુરૂ તરીકે કબુલ કરે ગયછે. વળી આ વીચાર એવી હકીકતથી કાયમ થાય છે કે પેઠપાડમાં જે ગુરૂ છે, અને જેમણે ફરીઆદી પોતાના ગુરૂ તરીકે માનેછે તે અપીલના પ્રતીવાદીનો શીસ છે. સબબ આ કામના કારણસર પુરાવ ઉપરથી અમારે માનવું જોઈએ કે અપીલનો પ્રતીવાદી તે ફરીઆદીનો ગુરૂ છે.

બીજો સવાલ નીરણય કરવાનો એ છે કે સદરહુ બતાવેલી હકીકત ઉપરથી અપીલના પ્રતીવાદીને સાપરાધ ધમકી અગર ફરીઆદના ઉપર ઇશ્વરી નારાજીપણું અગર બેઆબરૂ કરવાને સાપરાધ ધમકીનો ગુનેહગાર ઠરાવવો જોઇતો હતો કે કેમ.

અમારો ફેંસલો આપતાં પહેલાં અમારે કહેવુ જોઇએ કે હીંદુસ્થા

નેમાં નીતીના કારણસર અગર સ્ત્રીઓના હીત સારૂ વીધવાઓને પૂનર ર લગ્ન કરવાની મરજી રાખવી જોઇએ કે નહી એ વીશેનો વીચાર કર વાને અમને સતા નથી. તેમ તે રીવાજ પેહેલાની બાબેત જોઇ જે મ નાઇ કરવામાં કહેવામાં આવેલી છે તેની ઇતીહાશીક ઉતપતીનો તપાશ ક રવાને અમારે નથી. જ્યારે કોઇ ગ્રંથોનો વ્યાજબી અરથ કરતાં એવું માલુમ પડે કે જુના વખતમાં સ્ત્રીઓ બે વખત પરણતી હતી. અનેસ્ત્રી ઓ પોતાના સ્ત્રી ચીન્હમાં આવવા પછી પરણતી હતી એમ હોય પરંતુ આ રીવાજ અમે કોરાણે રાખી શકતા નથી. અને આ અપીલના કા રણસર એવી તપાસ કરી શકાતી નથી કે જે ગ્રંથો અને અરથો ખરી અગર ખોટી રીતે પોતે પોતાના શાસ્ત્ર પ્રમાણે કબુલ કરેલા છે તે કોરાણે રાખી અમુક ગ્રથો અગર અમુક અરથો પ્રમાણે ચાલવાને તેઓએ પસંદ કરવું જોઇએ કે નહી. આ અપીલની સુનાવણી વખને તે વીદ્વાન આડ વોકેટ જનરલે બતાવ્યું છે કે માજીસ્ત્રેટે જે રીવાજ ઉપર આધાર રાખે લો છે તે વીશે પુરાવ નથી. અમને એમ જણાય છે કે માજીસ્ત્રેટે જે અ મુક રીવાજ ઉપર આધાર રાખ્યો છે તે વીશે કાંઇ શવાલ નથી. અમને એમ લાગે છે કે તે શવાલ અમુક એક રીવાજનો નથી પરંતુ સાધારણ રીતે પ્રખ્યાત બાબતનો જે સામાન્ય રીવાજ હોય તે વીશેનો શવાલ છે અને માજીસ્ત્રેટ તે ન્યાયની રૂઇએ ધ્યાનમાં રાખવાને હકદાર છે. એમ ધ રીએ કે તેઓ તેવા હકદાર નથી તોપણ ટીકાઓ અને ગ્રથો ઉપરથી આ વા વીચારના ચીન્હ જણાઇ આવે છે. આપસતંબા અને ગઉતમ કહે છે કે જે સ્ત્રી બીજાના માલીકપણાની ના હોય તે લગ્ન કરવાને લાયક છે જે સ્ત્રીએ પોતાનો ધણી ખોયો હોય તેણીની ફરજો ઠરાવવા વીસે વીસ્નુએ કહ્યું છે કે તેણીએ પોતાની પવીત્રતાનું રક્ષણ કરવું જોઈએ. અગર ચીતા માં બળી મરવું જોઇએ. (મ્યાકસ મુલરે પુર્વના પવીત્ર ગ્રંથો કરેલા છે તે જુઓ.)

દીકરીઓની બાબતમાં બીન ફરજંદી વીધવા વારસ થવાને લાયક નથી. કારણ કે તેણીને કાયદેસર રીતે છોકરાં થઇ શકે તેવું નથી હોતું એમ દયા ભાગના કરતાએ કહેલું છે સ્મૃતીચંદ્રીકાના કરતા તે પ્રમાણે ચા લે છે વીધવાના પુનર લગ્ન કરવાને સારૂ આગેવાની કરનારાઓએ અપી લના પ્રતીવાદીની મંજુરી માગી હતી. તે ધણું કરીને એટલા કારણથી કે હાલનો જે રીવાજ છે તેમાં કાંઇ નવાઇ કરવાની છે તોપણ તેમના વીચાર પ્રમાણે તે સુધારો કરવો દુરસ્ત છે. સબબ અમે માનીએ છીએ કે આ મુલાકામાં બ્રાહ્મણોમાં તથા બીજા ઉંચા વરગના લોકોમાં જે રી

વાજ ચાલુ છે તે રીવાજ વીરૂધ માજીસ્ટ્રેટના માનવા પ્રમાણે વીધવાનું પુનરલગ્ન છે.

આ વીચાર લક્ષમાં રાખતાં માજીસ્ટ્રેટે જે એવો અભીપ્રાય બતાવેલો છે કે સાપરાધ ધમકી અને ફરીઆદીના ઉપર ઇશ્વરી નારાજીપણું કરવાને સાપરાધ દેશતનો આરોપ ચાલી શકતો નથી તે સાથે અમે મળતા છીએ. નાતના રીવાજ પ્રમાણે ગુરૂ પોતાનો અધીકાર વાપરી જે શીક્ષા કરવાને મુખત્યાર છે તે શીક્ષા કરે તેથી જે હરકત થાય તે બાબત જે ફરીઆદ કરવામાં આવેલી છે તે વીશે કાંઇ સાપરાધ ધમકી થઇ શકતી નથી.

રીવાજ પ્રમાણે તેના અધીકારને સાધારણ રીતે શરણ થવું જોઇએ માટે એમ ધારીએ કે તેમની તરફની સમજમાં કાંઇ ચુક થએલી છે તોપણ રીતીસર નીયમમાં રાખવાની હકીકત તે ફોજદારી ગુનોહ થાય એ પ્રમાણે તે કરવાને બસ છે એમ કબુલ કરી શકાતુ નથી ગુરૂની તરફથી આ જુલમ અને જફા થાય તે દીલગીરીની વાત હોય પરંતુ જે નાતના અંગભુત તરીકે ફરીઆદી દાવો રાખે છે તે નાતના રીવાજને તે અનુશરતુ હોય અને કાયદામાં તે વીશે સ્પષ્ટ મનાઇ કરવામાં આવેલી ના હોય તોતે અમે ફોજદારી ગુનહો કરતા નથી. માજીસ્તરેટના અભીપ્રાયમાં આવેલુ છે કે અપીલનો પ્રતીવદી પ્રમાણીકપણાથી માનતો હતો કે વીધવાનું લગ્ન કરવું એ પાપ ભરેલું છે. અને જેઓ તેમાં મદદ કરે તેઓ પોતાની નાતમાં રેહેતા નથી તે અભીપ્રાયથી જુદા પાડવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતુ નથી, એમ જણાતું નથી કે અપીલના પ્રતીવાદીએ આ કામમાં કાંઇ ધાલમેલ કરેલી હોય અગર ધરમના વેહેમી તેમના સીશોએ તેમની આગ્ના માગી ત્યાર પેહેલાં કાંઇ કરેલું હોય તેમ કલમ ૫૦૮ ના હેતુ પ્રમાણે ફરીઆદી ઉપર ઇશ્વરી નારાજીપણું કરવાને અપીલના પ્રતીવાદી તરફથી કાંઇ દેશત આપવામાં આવી નથી. અપીલના પ્રતીવાદીએ હવે પછી કાંઇ કૃત્ય કરવાને દેશત આપી નથી, તેમ તેગણે એવુ મનાવવાને કાંઇ કોશીશ કરી નથી કે તે દેશ મુકવાથી ઇશ્વરી નારાજીપણું થવાને કાંઇ કારણ બને. આંક એ નો મતલબ આ છે કે "તમે વીધવાના લગ્નમાં મદદ કરી તેથી પાપ ભરેલું કામ કરેલું છે અને તેથી તમારા ઉપર ઇશ્વરી નારાજીપણું થએલું છે આ માટે આપણી નાતના રીવાજ પ્રમાણે હું તમને શીક્ષા કરૂછુ. વળી હું તમને કહુછું કે તમારી વરતણુંક બાબત તમારે કેવી રીતે પ્રાશ્રીત કરી ફરીથી ઇશ્વરની કૃપા કેવી રીતે મેળવવી એ હું તમને બતાવુંછું જો તે સલાહ પ્રમાણે તમે ચાલશો તો તે શીક્ષા હું ખેંચી લઇશ." એ.

પીલના પ્રતીવાદીનો હેતુ જે હતો તે પ્રમાણે તે દોશ મુકવામાં આવ્યો હ- તો તે ઇશ્વરી નારાજીપણુ થવાના સાધન તરીકે નહી પરંતુ તોહોમતવા ળાના અભીપ્રાય પ્રમાણે ફરીઆદીએ પોતાના કૃત્યથી જે ઇશ્વરી નારાજીપ ણુ કરેલું તે જો બની શકે તો દુર કરવાના સાધાન તરીકે તે દોશ રા ખેલો હતો. હીંદુઓના બદોબસ્ત તથા રીવાજ પ્રમાણે તેઓનો ગુરૂ પોતા ના કૃત્યથી તેઓના શાસ્ત્ર પ્રમાણે જે કૃત્ય ખરી રીતે પાપ ભરેલું નથી તે પાપ ભરેલું છે એમ ઠરી શકતા નથી. સબબ ખરી રીતે અગત્યનો સવાલ એ છે કે અપીલનો પ્રતીવાદી બે આબરૂ કરવાનો ગુનેહગાર છે કે નહીં.

કલમ ૪૯૯ ના ખુલાસા ૩ પ્રમાણે કોઇ આરોપથી પ્રતક્ષ રીતે અ થર આડી રીતે કોઇ સખસની વરતણુંક પોતાની નાતની બાબતમાં બી જાઓના મનમાં નીચી આવે તો તે આબરૂને નુંકશાન કરતા છે. માટે તે ફરીઆદીને આઇ અને આ બેઉ દસ્તાવેજોમાં નાત બાહાર કાહાડવાનો ઠરાવ કરેલો છે તે પ્રથમ દર્શનીક આબરૂને નુકશાન કરતા છે. માટે અમા રે ફકત એટલો વીચાર કરવાનો છે કે જે પ્રંસગ ઉપરથી તે આરોપ રાખ- વો પડયો. તે હકવાળો છે કે નહી અને તે પ્રશીધ કરવાથી જે દવેશનું અ- નુમાન થાયછે તે દુર થએલુંછે કે નહી. વીદ્વાન આડવોકેટ જનરલે એવી તકરાર કરી છે કે વીધવાના લગ્ન કરવાની બાબતમાં તે લગ્નના પક્ષ કારોનું જે ખાસ હીત છે તેવું ખાસ હીત અપીલના પ્રતીવાદીનુ નહી હ તું. અને કલમ ૪૯૯ ના હેતુ પ્રમાણે સાર્વજનીક ભલા અને ઉપયોગી થાય એમ તેં પ્રશીધ કરવાની બાબત એવું કહી શકાતુ નથી. પેહેલો અપવાદ બેશક આ કામને લાગુ થઇ શકતો નથી. અને જે કૃત્ય કાયદા કરનારાએ સ્પસ્ટ રીતે મંજુર રાખેલું છે. જેમકે સને ૧૮૫૬ ના આ- કટ ૧૫ પ્રમાણે વીધવાનુ લગ્ન થઇ શકે છે તે ન થઇ શકે એ બાબત હીંદુસ્થાનના ફોજદારી કાયદાના હેતુ પ્રમાણે સાર્વજનીક કલ્યાણની છે એ મ કહી શકાતું નથી. અમને એમ દીસે છે કે જે કૃત્યનો ધીક્કાર થાય તે કૃત્ય કરવાની પરવાનગી હોવી નહી જોઇએ. અને જે સાર્વજનીક ક લ્યાણનો હેતુ ધારવામાં આવેલો છે તે અમુક પંથના લોકો પોતાના આ ત્માના ફાયદા વીરૂધ ગણે છે. પરંતુ જેવું નજીકના સગાઓનું ખાસ હી ત છે તેવું હીત હોવા શીવાય આવો હક થઇ શકતો નથી. એ વીચાર સાથે અમે મળી શકતા નથી. અમારી નજરમાં આવે છે કે સાતમા અ પવાદથી તે તોહોમતવાળાને હક મળેલો છે. ફરીઆદીના ગુરૂ તરીકે તેના ઉપર ગુરૂનો અખત્યાર હતો અને જે રીવાજ વીરૂ કાયદામાં મનાઇ ક૨- વામાં આવેલી છે તે ઉપરથી તે ઉત્પન થએલોછે અને ફરીઆદીની વીધવા

ના લગ્ન સબંધીની જે વરતણુંક છે તેને તે અધીકાર લાગુ થાય છે. માટે અમારા અભીપ્રાય પ્રમાણે જો તે અધીકાર શુધ અંતઃકરણથી અગર ગોગ્ય સંભાળ અને લક્ષથી વાપરવામાં આવેલો હોય તો તે હક થઇ શકે છે. જ્યાં હકીકત એવી હોય કે એકાદા સખસની કાયદેસર, નીતી સર, સંસારીક, અગર પરલોકના ફાયદા સારૂ જે ફરજ છે તે ફરજને અનુસરતું જે કાંઇ કરવામાં આવેલું હોય અગર કહેવામાં આવેલું હોય તે તમામ જ્યારે હકવાળો પ્રસંગ હોય ત્યારે બે આબરૂ કરે તેવા શબ્દો થી દવેશનો પુરાવ થતો નથી. તે ગાજીસ્ટ્રેટે એવો વાચાર કરેલો જણાય છે કે જ્યાં સુધી તેની ખોટી મરજી હતી એવું બતાવવામાં આવે નહીં ત્યાં સુધી આબરૂને નુકશાન કરયું થઇ શકતું નથી. પરંતુ આ વીચાર સાથે પણ અમે મળી શકતા નથી જો કાયદા પ્રમાણે દવેરા થતો હોય તો પછી હકીકત તરીકે દવેશ થનો ના હોય તોપણ તે આરોપ આબરૂને નુકશાન કરતા છે. કાયદા પ્રમાણે દવેશ એવો હોય છે કે બીજાને હરકત થાય તે પ્રમાણે સમજીને કાયદા વીરૂધ ચાલતું. અને આ કામના કારણ સર દવેશ હતો કે નહી તે વીશે વીચાર કરવાને તે હક યોગ્ય સંભાળ અને લક્ષ રાખી તે હક વાપરવામાં આવ્યો હતો કે નહી તેનો વીચાર કરવાને આબરૂને નુકશાન કરે એવા જે શબ્દો વાપરવામાં આવેલા છે. તથા જે રીતીએ તે પ્રશીધ કરવામાં આવેલા છે તથા જે પક્ષકારની વરતણુંક ઉપર આરોપ રાખવામાં આવેલો છે તે પક્ષકારના કાયદેસર હક જાણી બુજીને નહી ગણુગારતાં તે હક ઉપરાંત થાય તેવા તે શબ્દો વાપરેલા છે કે નહી તે જોવાને અમે બંધાએલા છીએ. આ નીયમો આ કામને લાગુ કરતાં અમો કહી શકતા નથી કે આંક અ સબંધી પ્રશીધ કરવાની જે રીતી પસંદ કરવામાં આવેલી છે તે શુધ અંતઃકરણને અનુસરતી છે અને ફરીઆદીને હરકત થાય તે પ્રમાણે જાણી જોઇને કાયદા વીરૂધ ચાલવામાં આવલું છે એમ જણાતું નથી.

નંબર ૧ નો કાગળ એ તોહોમતવાળા અને તેના ચેલાઓની વચેનો છે અને અમે એવો ઠરાવ કરવાને તઇયાર નથી કે જે ભાષા તેમાં વાપરેલી છે તે અને તેમાં જે સુચનાઓ કરેલી છે તે તોહોમતવાળો તેમના ધર્મ ગુરૂ તરીકેની ફરજ માનેછે તેની સાથે મળતી નથી. ફરીઆદી જેની વરતણુંક ઉપર તેને ગુરૂ તરીકે અધીકાર છે તેને દાખલ કરેલા નંબર અ નો કાગળ લખવામાં તોહોમતવાળાએ પોતાના અધીકાર કરતાં વધારે કરયું નથી. ફરી જયારે બ્રાહ્મણો અને કમાટીઓ શુદ્ર, મુસલમાન અને બીજા માણુસો જે પોતાની નાતના નથી તેમના ઘરમાં લગ્નમાં જાય છે અને તેમને નાત બહાર મુકવામાં આવતા નથી ત્યારે

મુખ્યત્વે કરીને જે ભાગ ફરીઆદીએ લીધો છે તેને વાસ્તે નાત બહાર મુકવાની શીક્ષા એ ઘણી સખ્ત લાગી હસે એમ પણ હોઇ શકેછે. એમ પણ હોય કે જે ભાષા વાપરવામાં આવેલી છે તે સખ્ત અને અપમાન કરે એવી છે, પણ થોડુંક વધારે છે માટે જ્યારે પ્રસંગ પડે ત્યારે તેને માફી આપવામાં આવી છે ત્યારે તે ર્ષાના સંપુરણ પુરાવ તરીકે માન્ય કરવુ જોઇએ નહીં. અને તેઓને વાસ્તે ફરીઆદી લાયક છે એવું તોહોમતવાળાએ ધારેલું હશે કારણ કે તેઓની મનાઇ તેને નાપસંદ હતી તે બતાવવાને તે લગ્નમાં ગયો હતો પણ સભ્યતાને વાસ્તે તે લગ્નમાં તે ગયો નહી હતો. કેસરેહીંદ વી૦ હાર્ટના કામમાં કરેલા ઠરાવમાં જે હેતુઓ બતાવેલા છે તે પ્રમાણે તોહોમતવાળાની વરતણુંક આટલે સુધી છે. પણ લાયબલ થાય એવી હરકત જે પોસ્ટકાર્ડમાં લખી તે જે માણસો તોહોમતવાળાના ચેલા નથી તેમનાથી અને તેમજ તેની નાતનાથી વંચાય, તે ગેરકાયદે છે. અને અખ્તીઆર પુરજોસમાં જે મુકેલો છે તે તદન તેને બગાડે છે એમ અમારી નજરમાં આવે છે નંબર અ નો દસ્તાવેજ ફરીઆદીનીજ જાણને વાસ્તે છે એમ ધારવામાં આવેલું છે અને તોહોમતવાળાને જે અધીકાર છે તે આખી દુનીઆને પ્રશીધ કરી શકે એવો નથી. આ બાબતમા વીદ્વાન એડવોકેટ જનરલે જે વીલમસન વી૦ ફ્રીરના કામમાં કરેલો ઠરાવ બતાવ્યો તે સંપુરણ છે. નવી તુપાસને વાસ્તે ના પાડવામાં મી૦ જસ્ટીશ બ્રેન્ટે એ કામમા ટીકા કરી છે: —

"અમારી નજરમાં આવે છે કે જો સંદેશો કાગળ લખીને મોકલવામાં આવે તો તે હકવાળો થાય છે પણ જો તારની મારફત મોકલવામાં આવે તો હકવાળો નથી કારણ કે તે જે કલારકોની પાસે થઇને તે જાય છે તેમની જાણમાં આવે છે. તે પોષ્ટકાર્ડની પીઠ ઉપર લાયબલ હોય તેના જેવું છે."

આવી રીતે નાત બહાર મુકવાની શીક્ષાની રીતી એ બીલકુલ નવી છે અને તે રીવાજથી મંજુર થઇ શકતી નથી. ગુરૂ અને ચેલાના સબંધથી ઉપન થઇ ફરજથી આબરૂને નુકશાન કરે તેવા કાગળ પત્રોનુ જે માણસો ચેલા નથી તેમનાથી રક્ષણ થતું નથી અને જેની ધર્મને લગતી બાબતમાં રક્ષણ કરવાને નાતના રીવાજથી નાત બહાર મુકવાને અખ્તીઆર નથી, એમ પણ છે કે તોહોમતવાળાએ, ફરીઆદીને પુનર લગ્નની સાથે સબંધ હોવાથી પ્રમાણીકપણે તેનો તીરસ્કાર ઘણો કર્યો. અને જેવી રીતે શીક્ષાનો સંદેશો લખ્યો તે રીતનું તેને ભાન નથી. પણ જે હદની અંદર, જે પક્ષકારના ઉપર લાયબલ કરવાનુ છે તેના બ

આવને વાસ્તે કાયદામાં હક ઠરાવેલો છે તેના ખણુાજ ઉલંઘન તરીકે કે તે માન્ય કરી શકાય નહીં તે માટે અમારો અભીપ્રાય એવો છે કે કાગળ નંબર અ ના સબંધમાં તોહોમત જે રીતે પ્રશીધ્ધ કરેલું છે તે રીતે અધીકારને બગાડે છે અને જણુાવે છે કે ફરીઆદીના કાયદેસર જે હક્ક તેની બે પરવાઇ જાણી જોઇને કરવામાં આવી થાય છે. આ કારણુથી અમારે કેહેવું જોઇએ કે કાયદેસર ઇર્ષા સાબીત થઇછે અને તોહોમતવાળાના ઉપર લાઆબલનુ કામ ચલાવવું જોઇએ. કાગળ નંબર અ અને તેની પ્રશીધ્ધતાના સબંધમાં કે તોહોમતવાળાનું રક્ષણુ નવમા અપવાદથી થયું છે. એમ જે જોઇન્ટ માજીસ્ટ્રેટનુ કેહેવુંછે અમે માન્ય રાખીએ છીએ તેના ચેલ્લાના સબંધમાં હદ ઉપરાંત તેણે પોતાની ફરજ બજાવી નથી.

ચીફ જસ્ટીસ ટરનરઃ—શ્રી વીધાશંકર નરસીંહ ભારથીગુરૂ સ્વામુ હુવારૂ જે અપીલનો પ્રતીવાદી છે તે શંકરાચાર્ય અથવા ઉતર શીરકારમાં સ્મારતમાટી પંથનો મુખ્ય ગુરૂછે. જે ધારાઓથી એ પંથ ચાલેછે તેના અરથનો તે પંથના લોકોને બોધ કરવો એ તેનુ કામ છે. આવી રીતે સમજાને લા ધારાઓ જે નાતનો માણુસ તોડે તેના વીરૂધ નાત બહાર મુકવાની સજા કરવાને અખત્યાર છે. ફરીઆદી જીલા મુનશીફ તેણે તોહોમતવાળાને અધીકારને માન્ય કરયા અથવા તાબે થયો એવુ ખુલી રીતે કબુલ કરવાને ના પાડી ત્યારે (માજીસ્તરેટને માલમ પડયું અને એમ ખરૂ ધારીએ છીએ) એવી રીતે વરત્યા કે તે તે જાતના મેંબર એમ માની શકાય.

પરણુનારીઓ વીધવા હોવાથી રાજમંદ્રીમાં હીંદુઓની વચ્ચે બે લગ્ન સને ૧૮૮૧ ના ડીસંબર મહીનામાં થયાં હતાં. આ હકીકત ઘણી તકરારો સ્માર્ત જાતમાં થઇ અને એક મીટીંગમાં ધારો નકી કરવામાં આવ્યાથી એક કાગળ તોહોમતવાળાને ઘણા માણુસની સહીઓ સાથે મોકલવામાં આવ્યો હતો તેમાં એને લગ્નની ખબર કરી હતી અને જે માણુસો તે જાતના ઠરાવ વીરૂધ કરેલ છે એમ ગણુવામાં આવ્યું હતું તેમાં ભાગ લીધો હતો અથવા તો તેને ટેકો આપ્યો હતો તેમની તરફ ધરમ પ્રમાણે ચાલનાર માણુસોએ શી રીતે વરતવું તેની સુચના કરવાને કહેલું હતું.

ફરીઆદી તે લગ્નોમાં સયો હતો અને પુનરલગ્નના લાભમાં અરજ કરતો હતો અને જે કાગળ તોહોમતવાળાને લખવામાં આવેલ હતો તેમાં આ હકીકત એને જાહેર કરવામાં આવી હતી.

તોહોમતવાળાએ તા૦ ૨૭ ડીસંબરને રોજ તેનો જવાબ જે કાગળ નંબર ૧ છે તે મોકલ્યો. તેમાં એમ કહેલું છે કે પુનરલગ્ન વેદમાં

મંજુર કરેલ નથી અને શાસ્ત્રથી મનાઇ કરવામાં તે વીશે આવી છે, અને ઘણી વખતથી સ્થાપીત રીવાજ વીરૂધ છે. તેથી જે માણુસોએ આ લગ્નમાં ભાગ લીધો હતો તેમની સાથે વ્યવહાર બંધ થયો અને તેમાં સુચના કરવામાં આવી છે, પાંચ માણુસ હમેશને વાસ્તે અને વીશ માણુસોને થોડી મુદત સુધી નાત બહાર મુકવામાં આવેલ છે, કારણ કે તેમણે એવો ભાગ તે વખતે લીધો હતો જેથી જાતને ઉસ્કેરણી થઈ. થોડી મુદતને વાસ્તે નાત બહાર મુકેલા માણુસમાંનો એક ફરીઆદી છે. તોહોમતવાળાનો જવાબ તે જાતના મેંબરની મીટીંગમાં જાહેરાત રીતે વાંચવામાં આવ્યો હતો.

તા૦ ૨ જાન્યુવારી સને ૧૮૮૨ ને રોજ તોહોમતવાળાએ એક પોસ્ટ કારડ ફરીઆદીને લખ્યું અને રંજીસ્ટર કરાવીને તેને જે મોકલી દીધું તેનો ખરેખરો ભાગ જેનો તરજુમો કરવામાં આવેલ છે તે નીચે પ્રમાણે છે.

"અમારી જાણુમાં આવ્યું છે કે જે પુનરલગ્ન રાજમંદ્રીમાં કંદુલ કુરી વીરસલીગંમના ઘરમાં કરવામાં આવેલું છે તેમને તમે ઉતેજન આપ્યું છે અને તમે કરાવ્યાં છે અને તે વખતે તમે પાન સોપારી ખાધાં છે. તે માટે તમને ખબર આપવામાં આવે છે કે અમે તમારે વાસ્તે નીશેધનો ઠરાવ કરીએ છીએ અને હુકમ કરીએ છીએ કે શાસ્ત્રમાં કહેલું પ્રાશ્ચીત તમે કરો અને અમારી પાસેથી તમે સ્વચ્છ થયાછો, એવું સરટીફીકેટ મેળવો ત્યાં સુધી બીજા માણુસો તમને જમવાને, પાન સોપારી વાસ્તે, ખુશી અને દીલગીરીને વખતે બોલાવસે નહીં અને ઉપર કહેલે પ્રસંગે બીજા માણુસ તમારે ઘેર આવી શકશે નહીં અને મંદીરમાં જતાં તમને અટકાવ કરવામાં આવશે."

આ ઉપર ફરીઆદીએ માજીસ્ટ્રેટની કોરટમાં ફરીઆદની અરજી આપી અને તોહોમતવાળાના ઉપર કલમ ૫૦૦ પ્રમાણે લાયબલના ગુનાની સજા થઇ શકે તે ગુનાનું તોહોમત મુકયું અને કલમ ૫૦૭ પ્રમાણે ગુનો થાય એવી સુચના કરયાનું તોહોમત, તોહોમતવાળા ઉપર મુકયું અને બતાવેલા માણુસ ઉપર ગુનેગારના કૃત્યથી ઇશ્વરની ગેર મરજી થાય એવું મનાવવાના યત્નથી કરેલી સુચનાનું હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૮ પ્રમાણે તોહોમતવાળાના ઉપર તોહોમત મુકયું. માજીસ્ટ્રેટને એમ માલમ પડયુ કે તોહોમતવાળો સારા મનથી અને ઇરશા વગર વરત્યો હતો અને ઠરાવ્યું કે જો કે તોહોમતવાળાએ લખેલા પત્રના જવાબમાં ફરીઆદીની આબરૂ જાય એવું પ્રસીધ કરયું હતું તોપણ તેનું હકથી રક્ષણ થયું છે; કારણ કે તોહોમતવાળું તે કાગળ તોહોમતવાળાને અને બીજા માણુસ જેને લખેલ હતો તેમના રક્ષણ સારૂ લખેલો છે.

એમ માલમ પડે છે કે માજીસ્રેટની કોરટમાં પોસ્ટ કાડ દાખલ નંબર અ ના ઉપર આ તોહોમતને આધાર આપવાને વાસ્તે ભરૂશો રાખવામાં આવ્યો નથી.

માજીસ્તરેટે એમ પણ ઠરાવેલ છે કે ગુનો અને એવી સુચનાનો ગુનો કલમ ૫૦૩ પ્રમાણે જે છે તે સાબીત થયો નથી કારણ કે તે સાહેબની નજરમાં આવ્યું કે નાતને લગનો ગુનો જે તેણે કરયો છે એમ ઠરાવેલું છે તેને વાસ્તે તે પ્રાશ્ચીત કરે ત્યાં સુધી તે જાતના મેંબરનેજ અખીકાર છે તે અધીકારથી તમને અટકાવવામાં આવે છે એવી ફરીઆદી સાફ દીલથી ખબર કરવામાં હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં જેવી રીતે છજાનો અરથ કરેલો છે એટલે કે ગેર કાયદે નુકશાનથી કલમ ૫૪૩ પ્રમાણે જે જાત ઘેર કાયદે નથી તેની લગતી બાબતમાં તોહોમતવાળાને જરૂર પડવાથી હકુમતનો અમલ કરેલો છે તે પ્રમાણે તોહોમતવાળાએ ધમકી ફરીઆદીને આપેલી નથી. અને છેવટે તેઉ સાહેબે ઠરાવેલ છે કે તે તોહોમતવાળો કલમ ૫૦૮ પ્રમાણે શીક્ષા થાય એવા ગુનાનો ગુનેગાર નથી. કારણ કે ફરીઆદીને એવી ધમકી આપી નથી કે જો કાંઇ પણ કૃત્ય એ (તોહોમતવાળો) કરશે તો તેના ઉપર ઇશ્વર કહ્યા થશે પણ એવી તેને ખબર આપી છે કે એ માણુસ (ફરીઆદી) પોતાના કૃત્યથી તેના ઉપ- ઇશ્વર કહ્યા થઇ ગઇ છે. માજીસ્તરેટે તેને છોડી દીધો અને છોડી દીધાના હુકમ ઉપર આ અપીલ કરવામાં આવેલી છે. ધરમ સબંધી બાબતની કોયામાં જુદા જુદા મત છે. તેથી ફોજદારી કોરટમાં ફરીઆદી અપીલ કરવાને લલચાગો હશે અને જે બાબતમાં ફરીઆદી ગમેતેવી રીતે ખાતરી પુરવક કહે કે ગુન્હો થયોછે તે બાબતમાં હકુમતનો અમલ થવાની જરૂર પાડવાને લલચાગો હશે, તોપણ ફોજદારી કોરટ અસરકારક છુટકો કરી શકતી નથી એ જે માજીસ્રેટે દીલગીરી બતાવીછે તે માન્ય રાખવાને અમે બધાયેલા છીએ. જે મત ઉપર વીચાર થઇ ગયો છે. તેના ઉપર તેઅબી પ્રાય આપી શકે નહીં અથવા તો તેની નાતના હકો પાછાં તેને મેળવી આપી શકાય નહીંને ફકત એટલું ઠરાવી શકેછે કે, તોહમતવાળો,જે અમારી નજરમાં એમ આવેછે જે પોતાની એ ફરજ સમજતો હતો તે પ્રમાણે વરત્યે છે જો કે એ સમજ તેની ભુલ ભરેલી હોય તોપણ તેનો ફોજદારી કાયદાના અર્થમાં શમાસ થયેછે કે નહીં.

અમારા કામના ભાગીયાએ જે એવો અભીપ્રાય આપ્યો છે કે કલમ ૫૦૮ પ્રમાણેનો આરોપ ચાલી શકતો નથી તે સાથે અમે મળતા છીએ ફરીઆદીના કૃત્યને લીધે તોહોમતવાળાએ પોતાના કામનો અમલ કરતાં તેને નાત બાહાર મુકવાનો ઠરાવ કરેલો તે વીશેની ખબર તોહો—

મતવાળાએ ફરીઆદીને આપી હતી અને તેને કહયું હતું કે તે પ્રાઃશ્ચીત કરી તે મુકત થાય ત્યાં સુધી નાત બાહાર રહેવાની જે નાલાયકાઈ છે તે તેની બાબતમાં કાયમ રહેશે. તોહોમતવાળાએ તે ફરીઆદીને એવી ધારતી નથી આપી કે તારા ઉપર ઈશ્વરી નારાજીપણું થાય તે સારૂં-હું કામ કાંઇ કરીશ. ફરીઆદીના ગુરૂ તરીકે તેણે તેને થોડી શીક્ષા કરેલી હતી. અને તેવી શીક્ષા જે સખશો નાતના રીવાજ તોડે છે તેમને રીવાજ પ્રમાણે કરવામાં આવે છે. પરંતુ જો નાતના જે હકો છે તે હકોને તે શરણ થાય તો નાતમાં તેને પાછો લેવામાં આવશે એવું તેમણે તેને કહયું હતું. આ કલમ પ્રમાણે શીક્ષા થવા લાયક ગુન્હો બનવાને એવું બતાવવું જોઇએ કે, હવે પછી કાંઈ કૃત્ય કરવાને અગર કાંઇ કૃત્ય ગેર કાયદે નહીં કરવાને અપીલના પ્રતીવાદીએ ધારતી આપી હતી. અને તે ધારતી જે સખશને આપેલી તે સખશને અગર તેનો જે સખશ સાથે હક સબંધ હોય તેને તે કૃત્ય કરવાથી અગર ગેરકાયદે નહીં કરવાથી અગર તેના ઉપર ઈસ્વરી નારાજીપણું થશે. એમ તેને મનાવવાને લલચાવ્યો હતો અગર કોશીશ કરી હતી.

તોહોમતવાળાએ હવે પછી કાંઇ કરવાને અગર નહીં કરવાને ધારતી આપી હતી એમ બતાવવામાં આવ્યું નથી. તેણે જે કૃત્ય પુરે પુરૂં થએલું હતું તે કહી બતાવ્યું હતું. એમ ધારીએ કે નાત બાહાર ની શીક્ષા કહી બતાવવાને બદલે નાત બહાર મુકવાને તોહોમતવાળાએ ધારતી આપી હતી એમ શાબેત થએલું છે. તો પણ જયાં સુધી ગુરૂએ કરેલી શીક્ષાથી એકાદા હીંદુના ઉપર ઇશ્વરી નારાજીપણું થએલું છે. આ ને જે ધારેલા પાપથી શીક્ષા કરવાને ગુસ્સો થએલો હોય એમ નથી અગર નાત બહાર મુકવાને ધમકી આપવાથી આવો અસર થશે એવો સંભવ હતો અગર એવું મનાવવાને ઈરાદો રાખેલો હતો એવું બતાવવામાં આવે નહીં ત્યાં સુધી તે આરોપ ચાલી શકતો નથી.

વળી કલમ ૫૦૩ પ્રમાણે શીક્ષા કરવા લાયક સાપરાધ ધમકીનો આરોપ પુરાવથી શાબેત થએલો નથી એમ અમે કબુલ કરીએ છીએ.

તે ગુન્હો થવાને એમ બતાવવું જોઇએ કે તોહોમતવાળાએ બીજા ને નુકશાન કરવાની ધારતી આપી હતી. નુકશાન એ શબ્દનો અર્થ હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં કોઇ પણ હરકત કાયદા વીરૂદ્ધ થએલી હોય તે છે. અમારા અભીપ્રાયમાં આવે છે કે તોહોમતવાળો પોતાની નાતના રીવાજ પ્રમાણે પોતાના કામને લીધે શીક્ષા કરવાને હકદાર હતો. અને ફરીઆદી પોતાની સત્તાની નીચે છે એમ તેને માનવાને કારણ હતું તેથી તેમણે તેને શુદ્ધ અંતઃકરણથી શીક્ષા કરેલી છે. એમ જો હોય

તો જ્યારે તેણે ફરીઆદીને ખબર આપી કે તે શીક્ષાનો પરીણામ તેને અમુક થશે તેથી ફરીઆદીને કાંઇ ગેરકાયદે નુંકશાન થવાને તેણે ધાસ્તી આપી હતી એમ ઠરાવી શકાતું નથી એવું અમારી નજરમાં આવે છે અને તે પરીણામે નાત બહાર મુકવાથી જે સામાન્ય રીતે થાયછે તે છે.

ગેરઆબરૂ કરયાના આરોપ બાબત છેવટે)અમે માજીસ્ત્રેટ સાથે મળતા આવીએ છીએ કે ફરીઆદીને તથા તેની નાતના લોકોને તેમણે જે એવી ખબર આપેલી કે માહારો અભીપ્રાય માગેલો છે, અને તેથી મારે શીક્ષા કરવાની ફરજ પડેલી છે એમ હું શમજુ છું. તે સાથે અમે મળતા છીએ. અને તેથી માજીસ્ત્રેટે જે એવું ઠરાવેલું છે કે તે શીક્ષાનો હુકમ નાતને પ્રશીધ્ધ કરયો તેથી કલમ ૪૯૯ ના ૭ માં અને ૯ મા અપવાદ પ્રમાણેના હકકથી તોહોમતવાળાનું રક્ષણ થાય છે તે સાથે પણ અમે મળતા છીએ. ફરીઆદી જે પંથને વળગેલો હતો તેથી ગરભીત કરારને લીધે તે ફરીઆદીના ઉપર, પરલોકના ફાયદા સારૂં સત્તા વાપરવાનો તેનો હકક હતો માટે ફરીઆદીની વરતણુંક બાબત શુદ્ધ અંતઃકરણથી જે ઠપકો આપેલો તે બાબત તેને ફોજદારી રાહે જબાબદાર ઠરાવી શકાતો નથી. તે નાતના લોકોને સદરહુ નાત બાહાર મુકયાની ખબર આપી તેથી તેમણે શુધ અંતઃકરણથી તેઓના હીતના રક્ષણ સારૂં કરેલો થાય છે. કારણ કે નાત બાહાર મુકેલા સખસ સાથે તેઓ સબંધ રાખે તો તેઓ નાપાક થાય. વળી તે શીક્ષાનો અમલ કરવાને કાંઇ પ્રશીધ કરવાની જરૂર હતી.

માહારાણી વીરૂધ મ્હાર્ટના કામમાં અમુક પંથની એક નાચ તથા રમતોમાં જતી હતી. તે પંથના લોકોએ તેણીને ઠપકો આપ્યો અને પરીણામે તેણીને તે પંથ બાહાર મુકી એવું પ્રોશીડીગમાં લખીને કે તેણીએ પોતાનું મન વશ રાખવાની જે ફરજ બજાવી નથી એ તેનું કારણ છે. તેણીએ લાયબલનો ફોજદારી આરોપ મુકયો અને તેમાં કોરટે ઠરાવ્યું હતું કે તે વ્યવહાર ફકત એક રીતસર રાખવા તરીકે હતો. પરંતુ અમારા કામના ભાગીયાએ જે એવું ઠરાવ્યું છે કે પેોરટકાર્ડ પ્રશીદ્ધ કરવામાં આવેલું એ વાત કબુલ થએલી છે. માટે ગેર આબરૂનો ગુન્હેગાર શાબેત થાય છે તે સાથે અમે મળતા છીએ. જે કારણ અગર હેતુથી હક ઊતપન્ન થાય છે તે કારણ અગર હેતુ ઉપરાંત વ્યાજબી રીતે પ્રશીદ્ધ કરવાનો હકક નથી. જો કે ફરીઆદ ઉપરથી ગેરઆબરૂ થતી હોય તો પણ એકાદો સખશ બીજા સખસના નોકરની વરતણુંક બાબત શુદ્ધ અંતઃકરણથી ફરીઆદ કરી શકે છે. પરંતુ જો તે સખસ તે ફરીઆદ એકાદા વર્તમાન પત્રમાં પ્રશીધ કરે તો તેનું રક્ષણ થતું નથી.

જો જે કારણસર અમુક પંથના માણસને ધરમની બાબતમાં ઠ. પકો આપવાને તેને હકક આપેલો હોય તે કારણ પાર પાડવાને જરૂરીઆત હોય તે કરતાં વધારે તે પ્રશીધ્ધ કરવામાં આવેલી ના હોય અગર તે પ્રમાણે જે સખસો ચાલતા હોય તેઓને શીક્ષા કરવાને તેને અખત્યાર હોય તો તે શીક્ષાની ખબર આપવામાં આવે તેથી ગુરૂ નાત બાહારની શીક્ષા કરી પ્રશીધ્ધ કરે તો તેનું હકકને લીધે રક્ષણ થઈ શકેછે.

નાત બાહાર મુકયાની શીક્ષાની ખબર ટપાલનીં મારફતે કાર્ડ લખી ફરીઆદીને આપવામાં આવી તેથી જે કારણસર તે હકક આપવામાં આવેલો છે તે કારણ ઉપરાંત તે પ્રશીધ કરેલી થાય છે માટે તે ખબર આપ્યાની બાબતનું તે હકકથી રક્ષણ થાય છે.

જો કે તોહોમતવાળાએ તે ખબર આપવાને આ ઇલાજ કરેલો તેથી તે ગુન્હો કરે છે એમ તે જાણતો નહીં હતો એવું બની શકે તો પણ તેને સોંઘામાં સોંઘો ઇલાજ કરેલો નથી. કારણ કે તે પોસ્ટ કાર્ડ રજીષ્ટર કરાવવામાં આવેલું હતું માટે તેણે જાણવું જોઇતું હતું કે જે રીતીએ તે શીક્ષાની ખબર કરવામાં આવે છે. તે ખબર જેને આપવાનો તેમનો હકક હતો તેના શીવાય બીજાને પણ પોહોચ્યો. સબબ તેણે ગેર આબરૂનો ગુન્હો કરયો છે એમ ઠરાવવું જોઇએ.

બીજા આરોપો બાબત નીરદોશનો ઠરાવ કરવામાં આવેલો છે તે કાયમ રાખી અમે તોહોમતવાળાને કલમ ૫૦૦ પ્રમાણે શીક્ષા થવા લાયકના આરોપ બાબત ગુન્હેગાર ઠરાવીએ છીએ અને તેના રૂ. ૨૦૦) દંડ અગર તે આપવાને કસુર કરે તો એક માસ આશાન કેદની શીક્ષા ભોગવે એવી શીક્ષા કરીએ છીએ.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૬ ફેબરવારી તથા તા૦ ૧ લી મે સને ૧૮૮૩.

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ મતુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

સુબર માનીયા આયર વીરૂધ માહારાણી સાહેબ.

કમીટ કરયાનું વારંટ—માજીસ્ત્રેટની સહી—સંક્ષેપ તપાસ—કામના કાગળો—ફેંસલો—સહી—જીલ્લા માજીસ્ત્રેટ—ભારે ગુન્હાની સંક્ષેપ તપાસ.

શને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ

૨૦૪ પ્રમાણે કમીટ કરવાના વારંટ ઉપર માજીસ્ટ્રેટની સહી સ્ટાંપ કરી કરવી નહીં જોઇએ.

સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૧૮ પ્રમાણે સંક્ષેપ તપાસોમાં જે કામોમાં અપીલ ચાલે નહીં તે કામોના કાગળો અને જે કામોમાં અપીલ ચાલે તે કામોમાં ફેંસલો માજીસ્ટ્રેટે લખવો જોઇએ. માટે આવા કામોમાં માજીસ્ટ્રેટ તે કામ એક કલાર્કને સોંપી શકતા નથી તેમ તે કામના કાગળો ઉપર અગર ફેંસલા ઉપર સ્ટાંપ મારી પોતાની સહી કરી શકતા નથી.

એક કામમાં ભારે ગુન્હા કરનારાની વીરૂધ્ધ શાક્ષી આપતાં એક સખસને અટકાવવાના હેતુથી એક લાંબી મુદ્દતની નોકરીના પોલીસના હેડ કોનસ્ટેબલ ઉપર સાપરાધ ધમકીનો આરોપ રાખવામાં આવેલો હતો તેથી સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨૨ (૧૦) પ્રમાણે આપેલા ખાસ અખત્યાર મુજબ જીલ્લા માજીસ્ટ્રેટે તે કામની સંક્ષેપ રીતે તપાસ કરી.

તેમાં ઠરાવવામાં આવ્યું કે તે કામની તપાસ સંક્ષેપ રીતે કરવી જોઇતી નહીં હતી.

પાનુ ૩૯૬ સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯૭ મી પ્રમાણે આ અરજી એવી કરવામાં આવી છે. કે સને ૧૮૮૨ ના નંબર ૧૫ ના કામમાં સાલમના આકટીંગ જીલ્લા માજીસ્તરેટે કરેલી શાક્ષાના હુકમની હાયકોરટે ફરી તપાશ કરવી જોઇએ.

કોરટના ફેંસલા ઉપરથી આ રીપોર્ટના કારણુસર આ કામની હકીકત પૂકત રીતે જણાય છે.

અરજદાર તરફથી મી૦ ગ્રાંટ.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીશ ટરનર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

તા૦ ૧૪ સપટેબરના રોજ જીલ્લા માજીસ્ટ્રેટે તે અરજદારને હીં૦ ફો૦ કાયદાની કલમ ૨૦૧ અને ૫૦૬ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાના આરોપનો જવાબ દેવા સારૂ પકડવાને વોરંટ કહાડેલું હતું તે માજીસ્ટ્રેટની શહી લખેલી નહી હતી, પરંતુ સ્ટાંપથી કરવામાં આવી હતી, તે વારંટમાં જામીન લેવા જોઇએ એવું ફરમાવવામાં આવેલું નથી.

અરજદારને તા૦૧૪ સપટેબર ના રોજ પકડીને માજીસ્તરેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો તેથી બીજે દીવશે હાજર થવાને ફરમાવવામાં આવ્યું. તે કામ બંધ રાખવાને કાંઇ લખીત હુકમ કરવામાં આવ્યો નથી, તેમ અરજદારના કાંઇ મુચરકા લેવામાં આવ્યા નહી હતા.

તા૦ ૧૫ સપટેમ્બરના રોજ જીલ્લા માજીસ્ત્રેટે અરજદારની સંક્ષેપ રીતે તપાસ કરી. હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૬ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે, અને તેને ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. તે કામના કાગળો ઉપર સહી નહીં કરતાં સ્ટાંપ મારેલો છે તે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨૯ ના ઠરાવ વીરૂધ્ધ એક કલારકે દેખીતી રીતે કરેલું છે. તેમાં એવો મચકુર લખેલો છે કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૬ પ્રમાણે આરોપ રાખવામાં આવેલો છે અને ફરીઆદીએ કહયું છે કે આગલે દીવશે એટલે મંગળવારના રોજ તોહોમતવાળાએ અમુક ગાડી હાંકી શીવાઇ પીઠના જકાત લેવાના દરવાજા પાસે થઈને જતો હતો તે વખતે મને બોલાવ્યો અને મને કહયું કે પલ પતરાઇના વીરૂધ મુસલમાનો તરફથી શાક્ષી આપવાનો તારો શો હેતુછે. અને જો તું તે આપીશ તો હું તને કેદમાં મોકલાવીશ, એવી તથા બીજી રીતની ધારતી મને આપી. આ ધાસ્તીને લીધે પોલીશ ઇન્સપેકટરે હાજર થવાને વાસ્તે જે વખત નીમેલો હતો તે વખતે તે ફરીયાદી હાજર થઇ શકયો નહીં. વળી તેમાં કહેલું છે કે તે ફરીઆદીનો શેઠ બીજો શાક્ષી છે તેણે તેમને વાત ચીત કરતાં સાંભળેલા હતા. અને ફરીઆદીની જુબાનીને પુષ્ટી કરેલી છે.

કામના કાગળો પ્રમાણે તોહોમતવાળાએ એવી તકરાર કરી છે કે જે સખસોએ માહરા ઉપર આરોપ રાખેલો તેની બાબતમાં હું કાંઇ જાણુતો નથી અને ફકત દશ દીવસથી હું સાલેમમાં છું અને હું હમેશાં યોગ્ય રીતે ચાલેલો છું.

એવું ટાંકવામાં આવેલું છે કે તોહોમતવાળાએ કોઇ સાહેદીઓને બોલાવેલા નથી અને ખરી રીતે તેણે પોતાનો બચાવ કરયો નથી. તા૦ ૧૮ સપટેમ્બરના રોજ સી ફેંસલાની ફરી તપાસ કરાવવાના હેતુથી અરજદારે તે ફેંસલાની નકલ મળવા અરજ કરી, પરંતુ તે નકલ નહીં મળી શકી તેથી તે નકલ વીના તા૦ ૨ અકટોબરના રોજ જડજને એક અરજી આપવામાં આવી. તે અરજીમાં કહેલું છે કે મને તા૦ ૧૪ સપટેમ્બરના રોજ છોડી દેવામાં આવ્યો તેથી હું એમ માનતો હતો કે તા૦ ૧૫ મી સપટેમ્બરના રોજ હું કાયદેસર રીતે પકડાએલો નહીં હતો અને શીક્ષાનો હુકમ કરતાં સુધી માજીસ્ત્રેટનો ઇરાદો કામની સંક્ષેપ વ્યવસ્થા કરવાનો છે એમ હું જાણુતો નહીં હતો. વળી તેણે કહ્યું છે કે મારા શાક્ષીઓ રજુ કરવાને કહેવામાં આવેલું નથી.

તા૦ ૩ અકટોબરના રોજ આડીશનલ શેશન જડજે ફેંસલાની નકલ નહી હોવાના કારણથી તે અરજી ના મંજુર કરી.

તા૦ ૫ અકટોબરના રોજ તે અરજદારના વકીલ મી૦ ગ્રીડલટને તે ફેંસલાની નકલ મળવા જીલ્લા માજીસ્ટ્રેટે ફરીથી અરજ કરી. પરંતુ તે મળી શકી નહી તેથી અરજદારે આ કોરટમાં અરજી કરેલી છે તે-માં જડજની રૂબરૂની અરજીમાં તે પ્રોશીડીંગ બાબત જે હરકતો બતાવેલી હતી તેજ હરકતો ફરીથી બતાવેલી છે માજીસ્તરેટની પાસેથી એવો રી-પોટ માગવામાં આવ્યો કે માજીસ્તરેટને તે કામનો નીકાલ કરવાનો છે એમ તોહોમતવાળો જાણુતો હતો કે નહીં, તેને બચાવ કરવાને કહેલું હ-તું કે નહીં અને તેને જે સાહેદી આપવાના હોય તે સાહેદી આપવાને તેને કહેવામાં આવેલું હતું કે નહીં. માજીસ્તરેટે રીપોઠ કરયો કે તોહો-મતવાળાની તપાસ થાય છે. એમ તે સારી પેઠે જાણુતો હતો અને જો તેની મરજી સાક્ષીઓ બોલાવવાની હોય તો તેણે તે આપવા એમ તેને કહેવામાં આવેલું હતું પણ તેણે કોઇનું નામ આપેલું નથી.

આ અરજીનો નીકાલ કરતાં પહેલાં જીલ્લા જડજે પણ આ કામ ફરી તપાસ સારૂ મોકલેલું છે અને જે બાબતો બતાવવામાં આવી ગ-એલી છે તેની સાથે કમીટ કરવાના વારંટ ઉપર સહી કરવામાં આવી નથી પણ સ્ટાંપ મારવામાં આવેલો છે એવું બતાવવામાં આવેલું છે.

અમને લાગે છે કે કાયદામાં જ્યારે એવો ઠરાવ છે કે પ્રોશીડીંગ ઉપર ન્યાયાધીકારીએ સહી કરવી જોઈએ ત્યારે કાયદાનો સાધારણ રીતે એવો ઇરાદો છે કે તે સહી કલમથી કરવી જોઇએ અને સ્ટાંપથી કરવી નહીં જોઇએ. ન્યાયની રૂઇના દસ્તાવેજો ઉપર આવી રીતે સહી કરવી જો-ઇએ તેનાં દેખીતાં કારણો એ છે કે તેના સાચાપણાનો દાખલો પુરાવા-માં દાખલ થઇ શકે તેની સ્ટાંપથી સહી કરવી અને કલમથી નહી કરવી તે ગેર શીરસ્તે છે અને તેથી કાંઇ વધારે નથી, અને આ પ્રમાણે સહી કરવાથી અરજદારને કાંઈ હરકત થઇ છે. એમ બતાવવામાં આવેલું નથી.

જે એવી હરકત લેવામાં આવી છે કે કાયદામાં ઠરાવેલી રીતે જે કા-મના કાગળો લખવામાં આવેલા ના હોય તે કામનું પ્રોશીડીંગ વાસ્તવીક નથી. તે હરકત વધારે વાસ્તવીક અમને જણાય છે.

જ્યારે કાયદામાં દેશી ભાશામાં પુરાવ લખી લેવાને જડજને પર-વાનગી આપવામાં આવેલી છે ત્યારે તેથી એવી સંભાળ રાખવામાં આ-વી છે કે જ્યાં સુધી જડજ તે કરવાને ના લાયક થએલા ના હોય ત્યાં સુધી જડજે તે પુરાવ લખી લેવો જોઈએ અને જો તે કરવાને અશકતી

વાન હોય તો તેમની અશકતીનું કારણુ લખવું જોઇએ.

જ્યારે કાયદામાં એકાદા કામની સંક્ષેપ રીતે તપાસ કરવાને માજીસ્ટ્રેટને પરવાનગી આપેલી છે ત્યારે તોહોમતવાળાની નીરભયતાને માટે તેમાં એવું ઠરાવવામાં આવેલું છે કે જે કામોમાં અપીલ ના ચાલે તે કામના કાગળ અને જે કામોમાં અપીલ ના ચાલે તે કામોનો ફેંસલો ન્યાયાધીકારીએ લખવો જોઇએ. તે પોતાના કલારકને આ કામ સોંપી શકે એવો તેમાં કાંઇ ઠરાવ નથી. તે ભારે ગેરશીરસ્તે થએલું છે અને કેવા પ્રકારની તપાશ ચાલતી હતી, તે વીશે અરજદાર અજાણ્યો હતો એવું અરજદારનું કહેવું છે તેનું કાંઇ કારણુ નથી એમ અમે કહેવાને તૈયાર થયા નથી. અને શેશન કોરટને તપાસવા લાયક આરોપનો જવાબ દેવા તેના ઉપર શમન્સ કરવામાં આવેલો હતો તેથી તેને કમીટ કરવામાં આવત એમ તે માનતો હતો એમ કહેવાને પણુ અમે તઇયાર થએલા નથી એમ ધારીએ છીએ કે તે આરોપ રાખવાને કાંઇક કારણુ હોવું જોઇએ. જો એમ ના હોત તો માજીસ્તરેટે વારંટમાં તે બતાવ્યું નહીં હોત પરંતુ કલારકે કામના કાગળો સારાંશમાં તઇયાર કરેલા છે તે ઉપરથી કાંઇ કારણુ માલમ પડતું નથી, અમારે જોવું જોઇએ કે તોહોમતવાળાના કામની સ્થીતિના સબંધમાં ધમકીનો જે આરોપ ભારે પ્રકારનો છે. તથા જો તે ગુન્હેગાર ઠરે તો ઘણા વરશની નોકરીથી તોહોમતવાળો જે નોકરીના દરજજે ચડેલો છે તેમાંથી તેબર તરફ થાય તે જોતાં માજીસ્ત્રેટે તે કામની તપાસ સંક્ષેપ રીતે કરી અને તોહોમતવાળાને અપીલના હકમાંથી બાતલ કરયો તેમાં પોતાનો કુલ અખત્યાર ડાહાપણુથી વાપરેલો નથી એમ અમારી નજરમાં આવે છે.

તે અરજદાર કહે છે કે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને નવી તપાસનો હુકમ થવો જોઇએ અનેતેથી તે સંતોશ છે. માટે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો અને જીલ્લા માજીસ્તરેટે પોતાના રીપોટમાં જે હકીકત કહેલી છે તેથી બીજો કોઇ અધીકારી કામની તપાસ કરે તે દુરસ્ત છે માટે ઉતર આર્કટના જીલ્લા માજીસ્તરેટ તરફ અમે તે કામ મોકલીએ છીએ.

જો તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવે તો તેણે જે કેદ ભોગવેલી છે તે લક્ષમાં રાખવી જોઇએ.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

વાલ્યુમ ૭ મું.

ફોજદારી અપીલ.

તા૦ ૧૦ મેએ સને ૧૮૮૩.

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ
સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂદ્ધ આરાઇ.

પીનલકોડની કલમ ૨૧, ૩૫૩—કોરટ ઓફ વોડર્સનો શીપાઈ સરકારી નોકર નથી.

કોરટ ઓફ વોડર્સના હવાલામાં અમુક મીલકત હતી તેના વહીવટ-દારે એક શીપાઇ રાખેલો તે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧ ના હેતુ પ્રમાણે સરકારી નોકર નથી.

પાનું ૧૭. સને ૧૮૮૩ના કયાલંડર નંબર ૫૬ના કામમાં એક આરાઇ નામની ઓરતને અમુક લાકડીથી ફરી-આદીને મારયા બાબત વાલમના બીજા વરગના માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી હતી. અને તેણીનો રૂ. ૨૦) દંડ અને તે આપવામાં કસુર કરે તો પંદર દીવસ કેદ એવી શીક્ષા હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૫૩ પ્રમાણે કરેલી હતી. ફરીઆદીને કોરટ ઓફ વોડર્સ તરફથી ગદ્રા કોટી જમીનદારીમાં સાંથ વસુલ કરવાને શીપાઇ રાખેલો હતો તેથી બીજા વર્ગના માજીસ્ટ્રેટની નજરમાં આવે છે કે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧ ના હેતુ પ્રમાણે સરકારી નોકર છે.

આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટે (એચ. ઇ. સ્ટોકસ સાહેબ.) આ કામ હાઇકોરટમાં હુકમ થવા સારૂં મોકલેલું છે. એવા કરણથી કે તે ફરીયાદી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧ ના હેતુ પ્રમાણે સરકારી નોકર છે કે નહીં એ શક ભરેલું છે.

કોંનસલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

કોર્ટ ઓફ વોડર્સના હવાલામાં અમુક મીલકત હતી. તેના વહીવટ દારે એક શીપાઇ રાખેલો છે તે ફોજદારી કાયદાના ઠરાવના હેતુ પ્રમાણે સરકારી નોકર નથી.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૫૩ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાની શાબેતીનો ઠરાવ ચાલી સકતો નથી. પરંતુ તોહોમતવા-ળીએ હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૫૨ પ્રમાણે શીક્ષા થવા લા

પક ગુન્હો કરેલો છે એમ જણાય છે. માટે ગુન્હાની શાબેતીનો ઠરાવ દુરસ્ત કરવાને તથા દંડ કમી કરી રૂ. ૧૦) દંડ કરવાને કોર્ટ ફરમાવે છે અને તેથી વધારે તે કામમાં હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૧ મી જુન સને ૧૮૮૩.

સર. ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ

સાહેબોની રૂબરૂ.

માહારાણી વિરૂદ્ધ નાચીમુતુ વીગરે.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧—સરકારી નોકર—સરકારે રાખેલો મજુર.

સરકારે એક ગડાવાળો રાખેલો તે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧ પ્રમાણે સરકારી નોકર નથી.

ખાનું ૧૮. નીગાપટ્ટણ શેહેરના સબ માજીસ્ટ્રેટે સને ૧૮૮૩ ના કચાલંડર નંબર ૨૦૨ ના કામમાં નાચીમુતુ તથા બીજા બે સખસને એક સરકારી નોકર પોતાનું કામ બજાવતો હતો તે વખતે તેના ઉપર હુમલો કરયો એમ તેમને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૫૩ પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલા છે. તાંનજોરના આક્ટીંગ જલ્લા માજીસ્ટ્રેટે (એચ. ઇ. સ્ટોકસ) આ કામ હાયકોરટના હુકમ સારૂં સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮° પ્રમાણે મોકલેલું છે. એવા કારણથી કે ફરીઆદીને પબ્લીક વર્ક ખાતા તરફથી એક ગાડાવાળા તરીકે દર માસે રૂ. ૫) નો પગાર કરી થોડી મુદતને માટે રાખેલો તે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧ ના હેતુ પ્રમાણે સરકારી નોકરીમાં અગર સરકારનો પગાર ખાતો અમલદાર છે કે નહીં એ શક ભરેલું છે.

કોનસલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

શરકારની તરફથી મજુરો અગર હલકા નોકરો કામ કરવાને કે મજુરી કરવાને રાખેલાં હોય તે આમીશરો નથી. અને તેઓનો હી૦ ફો૦ કાયદાની કલમ ૨૧ માં સરકારી નોકરની વાખ્યામાં સમાસ થતો નથી.

માટે ગુન્હાની સાબેતીનો ઠરાવ કલમ ૩૫૩ પ્રમાણે કરવામાં આવેલો છે તે બરોબર નથી. તેઓને હીં૦ ફો૦ કાયદાની કલમ ૩૨૩ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવા જોઇતા હતા. માટે ગુન્હાની સાબેતીનો ઠરાવ તે પ્રમાણે દુરસ્ત કરવામાં આવે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૭ મેએ સને ૧૮૮૩.

સર ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જષ્ટીશ
સાહેબોની રૂબરૂં.

ગોવીંદા પાનાયક તથા યાનરોની.

પીનલકોડની કલમ ૪૯૯—ગેર આબરૂં—હકક વાળો પ્રસંગ.

એક સખશને તેના સગાની ફરીઆદ ઉપરથી મળેલી પંચાતે ફરીઆદી સબંધી તેની ગેર આબરૂ થાય તેવું તેણે શા વાસ્તે કહયું તેનો ખુલાસો આપવાને બોલાવ્યો તેથી તેણે ખુલાસા તરીકે હકીકત કહી.

ઠરાવવામાં આવ્યું કે આ પ્રમાણે કહેલી હકીકત હક વાળી છે. માટે તે હકીકત કહેવા બદલ ગેર આબરૂના ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે. તે ગેર કાયદે છે.

પાનું ૩૬ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે દક્ષણ આરકટના શેસન જડજે આ કામ હાયકોરટમાં હુકમ થવા સારૂ મોકલેલું છે.

શેશન જડજનો રીપેટ નીચે પ્રમાણે છે:—

" જોઇંટ માજીસ્રેટની રૂબરૂ કયાલડર નંબર ૧૭ નું કામ હતું તેમાં ગેર આબરૂ કરયા બાબત તોહોમતવાળા ગોવીંદા પાનાયકનને ગુન્હેગાર ઠરાવી તેના રૂ ૧૦ દંડ નીચેની હકીકતથી કરવામાં આવેલ છે. ફરીઆદી (જેરડી નાતનો છે) ની સાથે કજીઓ થયો તે દરમીયાનમાં તોહોમતવાળાએ ફરીઆદીને અગર તેના ભાઇને ગાળ દીધી તેમાં જંગલી કુતરો એવા શબ્દો વાપરયા હતા આ ઉપરથી વીલુપુરમના તાલુકાના માજીસ્રેટની રૂબરૂ તેના ઉપર ગેર આબરૂ કરયાનો આરોપ રાખવામાં આવ્યો. તેનું સમાધાન કરવામાં આવ્યું. પરંતુ પક્ષકારો જ્યારે પોતાને ગામ પાછા આવ્યા ત્યારે ફરીઆદીના સગાઓ તે સમાધાનથી સંતોશ થયા નહીં તેથી તેમણે પંચાત બોલાવેલી જણાય છે. એવો વીચાર કરવાને કે ફરીઆદીને આવું માઠું લાગે તેવા શબ્દો લાગુ કરવાને ગોવીંદાપાને શું વ્યાજબી કારણ હતું તેનો તેઓ વીચાર કરે. તે પંચાતમાં બીજાઓની સાથે ગામના મુનસફ હતા. તેઓએ ગોવીંદાપાને શવાલો પુછ્યા તેનો જવાબ દેતાં તે શબ્દો વાપરવાને પોતાની બેવકુફાઇ કબુલ કરી. અને એવો ખુલાસો આપ્યો કે એક એનટોની (કયાલંડર નંબર ૧૮ નો તોહોમતવાળો) એ તે ફરીઆદી બાબત મને એવી ખબર આપી હતી કે તેને ત્રણ વરશ ઉપર એક જંગલી સ્રી સાથે સબંધ હતો માટે મેં તે શ-

બ્દો વાપરયા હતા. આ હકીકત કહેવાથી ગેર આબરૂ કરયા બાબત જોઇંટ માજીસ્તરેટે ગોવીંદાપાને ગુન્હેગાર ઠરાવેલો છે.

"તે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદેસર નથી એમ અમને જણાય છે. ફરીઆદીની આબરૂને નુકશાન પોહોચાડવાના ઇરાદાથી તે કહેવામાં આવ્યું હતું એમ અનુમાન થઇ શકતું નથી. તે હકીકત ખુલાશા તરીકે અગર મારી તરીકે કહેવામા આવી હતી. અને તે પ્રમાણે ફરીઆદીએ કબુલ કરેલું જણાય છે કારણ કે તેણે જોઇન્ટ માજીસ્ટેટની રૂબરૂ જુબાનીમાં કહ્યું છે કે માહરી ગોવીદાપા વીરૂધ ફરીઆદ નથી અને એનટોનીના વીરૂધ હું તેને શક્ષીમાં બોલાવીશ. માટે ઘણું કરીને ફરીઆદીના સગાઓની ઉશકેરણીથી જે કાંઇ ફરીઆદ કરવામાં આવી હતી તે ગોવીદાપા ઉપરથી ખેંચી લેવામાં આવી છે એમ ગણવું જોઇતું હતું.

"કયાલંડર નંબર ૧૮ ના કામમાં સદરહુ એનટોનીને પંચાયતની રૂબરૂ ફરીઆદીને જંગલી સ્ત્રી સાથે સબંધ હતો તે મેં જોએલું છે. એવું કહીને ફરીઆદીની ગેરઆબરૂ કરી તે બાબત તેને ગુનેહગાર ઠરાવી તેનો રૂ ૧) દંડ કરેલો છે. ફરીઆદીના સગાઓની ખાએશ ઉપરથી જે પંચાયત ભેગી થઇ હતી તેમણે તેને બોલાવેલો હતો. માટે આ હકીકત પ્રમાણે એમ અનુમાન થવું જોઇએ કે તે જે જાણતો હતો તે કહે એવી તેઓની કબુલત હતી. તેણે જોઇન્ટ માજીસ્તરેટની રૂબરૂ કહેલું છે કે મહારી કહેલી વાત સાચી છે. અને તે સાચી છે કે જુઠી તે વીસે તપાસ કરવામાં આવી નથી.

અમારા અભીપ્રાયમાં આવે છે કે સદરહુ રીપોટ કરેલા કામમાંથી એકેમાં કાંઇ ગુનહો બનેલો નથી. માટે અમે ભલામણ કરીએ છીએ કે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને જે તોહોમતવાળાઓએ દંડ આપેલો છે તે તેમને પાછો આપવો જોઇએ".

કાંનશીલ રાખવામાં આવેલા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

અમે સમજીએ છીએ તે પ્રમાણે ફરીઆદીને નુંકશાન પોહોચે તેવા શબ્દો લાગુ કરવાને ગોવીદાપાને કાંઇ બ્યાજબી કારણ હતું કે નહી તેનો તપાસ કરવાને ફરીઆદીના સગાની ખાએશ ઉપરથી એ પંચાયત ભેગી થઇ હતી. તેનું બ્યાજબી કારણ બતાવવાને ગોવીદાપાની પાસે માગેલું તેથી તેણે તે હકીકત કહેલી અને તે બાબત ગેર આબરૂનો આરોપ તેના ઉપર રાખવામાં આવેલો હતો તેથી તેણે કહયું હતુ કે આ બાતમી મને એનટોની તરફથી મળેલી છે. પછી એનટોનીને બોલાવવામાં

આવ્યો અને આવી બાતમી આપવાને તેને વ્યાજબી કારણ શું હતું તે વીશે તેને પુછ્યું. તેથી તેણે જે હકીકત જોએલી પોતે માનતો હતો તે વીસે કહ્યું. સદરહુ પ્રસંગે તેઓએ જે હકીકત કહેલી તે બાબત ગોવીદાપાને એનરોનીને ગેર આબરૂ કરયા બાબત ગુનેહગાર ઠરાવેલો છે.

શેશન જડજ સાહેબ સાથે અમે મળતા છીએ કે જે વખતે તે હકીકતો કહેવામાં આવેલી તે હકવાળી છે તે હકીકનો કહેનાર સખસોના હીતનુ રક્ષણ થવાને તે શુધ અંતઃકરણથી કહેવામાં આવેલી છે. પંચાયતે તે ગોવીદાપા તથા એનરોનાને ફરીઆદીને ગેર આબરૂ કરયા બાબત વગર પાયે ગુનેહગાર ગણેલા હતા. માટે તે આરોપમાંથી બચાવ કરવાને તેઓનો હક છે. લઉટન વીરૂધ સોડર તથા મ્યાનનાબી સબબ અમે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરી હુકમ કરીએ છીએ કે દંડ પાછો આપવો.

—————

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ ડીસંબર સને ૧૮૮૨ અને તા૦ ૨૬ મે સને ૧૮૮૩.

સર ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

નારાયણ તારાગન વીગરેની અરજીની બાબતમાં

સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૩૨—જાહેરાંત મેહલો—ઉતર ફોગાઓ.

મુસલમાન અને હીંદુઓની વચમાં અમુક મેહેલામાં થઇને હીંદુઓએ બાળવાને મડદાં દેઇ જવાં તે બાબતના હક વીશે તકરાર થઇ તેમાં માજીસ્ટ્રેટે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૨ પ્રમાણે એવો હુકમ કરયો કે હીંદુઓએ પોતાનાં મડદાં નજીકમાંના નજીક રસ્તે થઇને બાળવાની જગોએ લેઇ જવાં અને જે રસ્તા વીશે મુસલમાનો હરકત લે છે તે રસ્તે થઇને લેઈ જવાં નહી.

ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો હુકમ કાયદા વીરૂધ છે.

પાનું ૪૫ સને ૧૮૭૨ ના ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે હાય કોરટે આ કામના કાગળો મંગાવેલાછે.

કોરટના ફંસલા ઉપરથી આ રીપોટના કારણસર આ કામની હકીકત પુકત રીતે જણાય છે.

કોનશલ રાખવામાં આવ્યો નથી.

ચીફ જસ્ટીસ ટરનર સાહેબઃ—કલાકરચી સેહેરમાં એક મેહેલ્લોછે તેમાં વણનારા લોકો રહે છે. આ જગોની દક્ષીણમાં એક મેહેલ્લો ચાત્રમ

મહેલ્લાના નામથી ઓળખાય છે તેમાં મુસલમાનો રહે છે. અને તેની પણ દક્ષણમાં અંબાસુદ્રમ જવાનો પોરી રસ્તો છે.

મુખ્ય પોરી રસ્તાથી ચાત્રમ મહેલ્લાના ભાગ પડે છે અને ત્યાંહાં વણનારાના મહેલ્લાની ઉતર અને દક્ષીણમાં એક મહેલ્લો છે.

જે હુકમની ફરી તપાસ કરવાની છે તે તારીખ પહેલાં કેટલાક માસથી ચાત્રમ મહેલ્લામાં થઇને જે મહેલ્લો આવે છે તેમાં થઇ હિંદુઓને પોતાનાં મડદાં લઇ જવાના હક બાબત હીંદુઓ તથા મુસલમાનોની વચમાં તકરાર ચાલતી હતી.

આ કોરટની રૂબરૂ જે કામો આવેલાં છે તે ઉપરથી જણાય છે કે ઘણીજ દુરના દક્ષીણ તરફના મહેલ્લામાં એક હીંદુ મરણ પામેલો તેનું મડદુ જે મહેલ્લામાં બે ભાગ પડેલા છે તે મહેલ્લામાં થઇને લઇ જવામાં પ્રથમ ઘણીજ સામી તકરાર કરવામાં આવેલી હતી. તે વખતે મુસલમાનોએ તે લઇ જવા સામે ઘણી જબરાઇથી હરકત લીધેલી હતી. ત્યાર પછી થોડી મુદતે વણનારના મેહેલ્લામાં એક હીંદુ મરણ પામ્યો. તેથી જે રસ્તાનો હીંદુઓ દાવો રાખતા હતા તે રસ્તો નકી બતાવવાને સારૂ તે ભાગવાળા મહેલ્લામાં થઇને તે મડદુ લઇ જવાને હીંદુઓએ કોશીશ કરી તે વખતે ફરીથી તેમના સામી હરકત લેવામાં આવી તેથી કેટલાક મુસલમાનોએ પોલીસનો હુકમ માની વેરાઇ જવાની ના કહેલી તેઓના ઉપર ફરીઆદ ચલાવવામાં આવી અને તેઓએ તે હુકમ નકી માન્યા બાબત ગુનેહગાર ઠરાવવામાં આવ્યા.

તેમાંના કેટલાક મુસલમાનોએ હેડ આશીસ્ટંટ માજીસ્તરેટને અરજ કરી તેમાં તેઓએ એવી ફરીઆદ કરી છે કે કેટલાક લોકોમાં મુખ્ય ત્વે કરીને ઉતરના મેહેલ્લામાં વણનારાઓ રહે છે. તેમણે અમને હેરાન કરવાના હેતુથી અમે જે મેહેલ્લામાં રહીએ છીએ તે મેહેલ્લામાં જરૂર વીના મડદાં લેઇ જાય છે. વળી તેઓએ બતાવ્યું છે કે તે રીવાજથી લોકોની તનદુરસ્તીને હરકતકારક છે. માટે તેઓએ આવી અરજ કરી છે કે આ પ્રમાણે કામ ફરીથી કરવામાં આવે નહી. તેવો સર્વ લોકો ઉપર હુકમ કરવો જોઇએ.

હેડ આશીસ્ટંટ માજીસ્તરેટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૬૨ પ્રમાણે આ કામ સાંભળ્યું. તેમના અભીપ્રાયમાં આવ્યું છે કે તમામ મેહેલ્લાઓ સારવજનીક મેહેલ્લાઓ છે માટે તમામ સખસોને સાધારણ કારણોસર તે ખુલ્લા છે પરંતુ તેમણે ઠરાવ્યું છે કે મડદુ લેઇ જવું એ સાધારણ કારણ નથી. અને તે સમશાનની જગોની નજીકમાં નજીક જે રસ્તો હોય તે રસ્તે થઇને લેઇ જવુ જોઇએ. અને વણનારાઓના મેહેલ્લાથી તે સમશાનની જગોનો રસ્તો નજીકમાં નજીક તે ભા

ગવાળા મેહેલાનો નથી માટે તેમણે એવો હુકમ કરયો કે તે વણુનારાઓએ પોતાનાં મડદાં મુસલમાનનો દક્ષીણ તરફનો જે મેહેલો છે તેમાં થઇને પાછા તેના તેજ મેહેલામાં ઉતર તરફ વળે તેમ લેઇ જવાં નહી જોઇએ. પરંતુ તે સમ્શાનની જગોની નજકમાં નજીક જે રસ્તો હોય તે રસ્તે થઇને ઉતર તરફ લેઇ જવાં જોઇએ.

જીલા માજીસ્તરેટની નજરમાં આવ્યું કે હેડ આશીસ્ટંટ માજીસ્ત્રેટ કલમ ૫૩૨ નો હેતુ ખોટો સમજેલો છે. અને જે હુકમ તેમણે કરેલો છે તે કરવાને તે કલમના શબ્દો પ્રમાણે તેમને અખ્તીઆર નથી. તેથી આ બાબતમાં આ કોરટમાં તેઓ રેફરંસ કરવાની તઇયારીમાં હતા તે વખતમાં આ કોરટે કયાલંડર જોઈ તે કામનુ પ્રોશીડીંગ મંગાવેલું છે.

કલમ ૫૩૨ ના શબ્દો પ્રમાણે તે હુકમ થઇ શકતો નથી. એમ કબુલ કરવું જોઈએ. તે કલમમાં ઠરાવેલુ છે કે જ્યારે રસ્તાના હક બાબત તકરાર ઉતપન થાય અને જો તેમના અભીપ્રાયમાં એમ આવે કે તકરારી બાબત સાર્વજનક ઉપયોગી છે તો જે સખસ તે મડદુ લઇ જવાને દાવો રાખતો હોય તે સખસ દીવાની કોરટનો ઠરાવ કરાવે ત્યાં સુધી લોકોને કોઈ બાતલ કરે તે પ્રમાણે કબજે લેવાને હુકમ થવો નહી જોઇએ.

ત્યારે જો હેડ આશીસ્ટંટ માજીસ્ત્રેટના અભીપ્રાયમાં એમ આવ્યુંકે તકરારી બાબત સાર્વજનીક રસ્તાની છે તો કોઇ વરગના લોકોને તે રસ્તો કાયદેસર વાપરતાં મનાઇ કરવાનો તેમને અખત્યાર નહી હતો. જ્યારે લોકોની તનદુરસ્તીને હરકત થાય ત્યારેજ તેવી મનાઇ કરી શકે છે અને તે શીવાય ધોરી રસ્તે થઇને મડદુ લઇ જવામાં આવે તેથી ધોરી રસ્તાનો કાયદા વીરૂધ ઉપયોગ કરયો થતો નથી.

જો આવો ભય ઉતપન થાય જેમકે એકાદો સખસ ચેપીરોગથી મરણ પામેલો હોય તો કાયદાના બીજા ઠરાવો પ્રમાણે લોકોને જેમ ઓછો ભય રહે તે પ્રમાણે બાળવાની અગર દાટવાની જગોએ મડદું લેઇ જવું એમ હુકમ કરવાને માજીસ્ત્રેટ યોગ્ય રીતે હુકમ કરવાને મુખત્યાર છે અને જ્યારે અમુક રસ્તે થઇને મડદાં લેઈ જવાની જરૂર ના હોય અને તે રસ્તે થઇને લેઇ જવાથી ત્યાંના રહેનારા લોકોના મનને દુઃખ થતું હોય તો તે રસ્તો બ્રોડવાને નીશબત રાખનારા સખસો લલચાય તે પ્રમાણે માજીસ્ત્રેટ યોગ્ય રીતે પોતાની સત્તા વાપરી શકે છે.

માટે હેડ આશીસ્ટંટ માજીસ્ત્રેટનો હુકમ રદ કરવામાં આવે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૫ મેએ સને ૧૮૮૩.

સર. ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ
સાહેબની રૂબરૂ.

માહારાણી વીરૂદ્ધ બ્યાપુરીકાંગાની.

હથીઆરના આકટની કલમ ૪—હથીઆરો—હથીઆરોના ભાગો—કામમાં આવે તેવી બંદુક.

કામમાં આવે તેવી સ્થીતીમાં એક બંદુક વીગરે હોય તો તેનો સને ૧૮૭૮ ના હીંદુસ્થાનના હથીઆર આકટની કલમ ૪ માં હથીઆરોની વાખ્યા છે તેમાં સમાસ થાય છે. માટે તેવી વસ્તુઓ પરવાના વિના કબજે રાખવી તે સદરહુ આકટની કલમ ૧૯ (ફ) પ્રમાણે શીક્ષા કરવા લાયક છે.

પાનું ૭૦. સને ૧૮૮૨ ના કયાલંડર નંબર ૪૩ ના કામમાંના માકલના ડીપોટી માજીસ્ટ્રેટે તોહોમતવાળા બ્યાપુરીકાંગાનીને તેના કબજામાં પરવાના વીના એક બંદુક હતી તેથી સને ૧૮૭૮ ના હીંદુસ્થાનના હથીઆર આકટની કલમ ૧૯ (ફ) પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલો હતો અને તેને ચાર માસ આશાન કેદ અને રૂ. ૨૦૦ દંડ અને તે આપવામાં કસુર કરે તો બીજી એક માસ ભોગવવી એવી શીક્ષા કરેલી હતી.

સાલમના આકટીંગ જીલ્લા જડજે (એફ. એચ. વુઇલકીશન.) અપીલમાં તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યો.

તેમના ફેંસલાનો અગત્યનો ભાગ નીચે પ્રમાણે છેઃ—

"તે ગુન્હાની શાબેતીનો ઠરાવ મંજુર રાખી શકાતો નથી. જે છોડવાના હથીઆર અગર બંદુકની બાબતમાં ડીપોટી માજીસ્ટ્રેટે ઠરાવ્યું છે કે તોહોમતવાળાના કબજામાં તે પરવાના વીના હતી તે બીલકુલ બંદુક નથી. પરંતુ ઇંગ્રેજી બંદુક તોટી સાથેની કાંઇ પણ બીજી ચીજ હોવા શીવાયની છે. માટે તે કેદીને આ થોડાક જુના ધાતુની બાબતમાં પરવાનો લેવાની જરૂર નહીં હતી."

હાયકોરટે તે કામના કાગળો મંગાવ્યા.

સરકાર તરફથી સરકારી વકીલ (મી૦ એચ. એચ. શેપર્ડ.)

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

સને ૧૮૭૮ ના આંકટ ૧૧ માં હથીઆર એવો શબ્દ છે તેમાં હથીઆરોના ભાગોનો સમાસ થાય છે. માટે જો બંદુકની નળી અને

તોટી તોહોમતવાળાના કબજામાં છે એમ તોહોમતવાળાએ કબુલ કરયું હોય અને તે બંદુકની નળી તથા તોટી કામમાં આવે તેવી હોય તો જે કારણથી ગુન્હાની શાબેતીનો ઠરાવ રદ કરવામાં આવેલો છે તે ભુલ ભરેલું છે. તોહોમતવાળાનું જે એવું કહેવું છે કે તે બંદુક મેં મારા એક દોસ્તને તેને સારૂં નવી વસ્તુઓ લાવવાને સારૂં આપેલી હતી. તેથી એવો વિચાર ઉત્પન્ન થાય છે કે તે ઉપયોગમાં આવે એવી હતી. માટે જે શીક્ષા અપીલવાળાએ ભોગવેલીછે. તે હકીકત પ્રમાણે બસ ના હોત તો તે અપીલની ફરીથી સુનાવણી કરવાને ફરમાવવામાં આવત.

ફોજદારી અપીલ.

તા૦ ૭ જુન સને ૧૮૮૩.

સર ચારલસ એ. ટરનર નાઈટ ચીફ જસ્ટીશ

સાહેબની રૂબરૂ

માહારાણી વીરૂધ ગુલામ હુસેન સાહેબ.

સ્ટાંપ આકટની કલમ ૬૧—પ્રામેશરીનોટ, તે ઉપર ખુટતો સ્ટાંપ—કબુલ કરવું.

સને ૧૮૭૯ ના હીંદુસ્થાનના સ્ટાંપ આકટની કલમ ૬૧ માં કબુલ કરવું એવો શબ્દ વાપરેલો છે તેનો અર્થ લેવું એમ થતો નથી પરંતુ કબુલ કરનાર તરીકે સહી કરવી એમ થાયછે.

જે પ્રામેશરી નોટ ઉપર ઘટતો સ્ટાંપ ના હોય તે પ્રામેશરી નોટ લેઇને દાવામાં દાખલ કરી તેથી સને ૧૮૭૯ ના હીંદુસ્થાનના સ્ટાંપ આકટની કલમ ૬૧ પ્રમાણે ગુનહો બનતો નથી.

પાનું ૭૧ સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે ગલબારના આકટીંગ જીલ્લા માજીસ્ટેટ સી એ ગોલટન સાહેબે આ કામમાં હાયકોરટનો હુકમ થવાને વાસ્તે હાયકોરટને આ કામ મોકલેલું છે.

કોચીનના જોઇન્ટ માજીસ્તરેટ એચ. સુબરાયા આયરના જજમેન્ટમાં માલમ પડે છે. તે જજમેન્ટ નીચે પ્રમાણે છે.

તોહોમતવાળો ત્રાવીનકોરની રઇયત છે તેના આન જેનના સેંકંડ કલાસ માજીસ્તરેટની ફાઇલમાં સને ૧૮૮૩ ના કલેંડરના નંબર ૧૪ ના કામમાં સને ૧૮૭૯ ના આકટ ૧લાની કલમ ૬૧ પ્રમાણે ટેગાચેરીના અભરામે (બ્રીટીશ કવીલન) એક પ્રોમીસરીનોટ ઉપર સહી કરાવેલીતેનોટનો સ્ટાંપ ફી આપવી ઉડાવી દેવાને વાસ્તે રૂ.૫ દંડ કરેલા છે. સેંકડ કલાસ

માજીસ્ટ્રેટ સાહેબના જજમેન્ટ ઉપરથી માલમ પડેછે કે તેઉ સાહેબે તોહો મતવાળાના ઉપર ફરીઆદી તરફના પુરાવથી નહી પણ તેની ફકત ધારેલી કબુલ તથા ગુનાની સાબેતીનો ઠરાવ કરયો છે તોહોમતવાળાની હકીકત વાંચવા ઉપરથી ખુલ્લું માલમ પડે છે કે સેંકડ કલાસ માજીસ્તરેટ સાહેબની નજરમાં આવ્યું છે તેવી રીતે તોહોમતવાળાએ ગુનો કર્યાની વાત કબુલ કરીને કાંઇ કબુલત આપેલી નથી. પણ તેણે ફકત એમ કહ્યું છે આથી જુદી જાતના નોટની સહી કરવામાં ઉપર કહેલો અબરામ સને ૧૮૮૩ ના નંબર ૫ના કામનો તોહોમતવાળો હતો તેના ઉપર એજ જાતની ફરીઆદ ચલાવવામાં આવી હતી અને પુરાવ કમી હોવાને લીધે છોડી દેવામાં તેને આવ્યો હતો, કે હીંદુસ્તાનમાં જે સ્ટાંપનો કાયદો ચાલે છે તેથી અજાણ્યો હોવાથી અબરામ જે ઈંગરેજી હિંદુસ્તાનની રઈયત છે તેની પાસેથી રૂ૦ ૧૧૭ નું નોટ લીધું અને ઇંગરેજી સ્ટેંપની આપવી ઉડાવી દેવાનો તેનો બીલકુલ ઇરાદો નહોતો આ હકીકતનો અર્થ સેંકડ કલાસ માજીસ્ટ્રેટ એમ સમજ્યા કે તેણે એ તોહોમતવાળો ગુનહો કબુલ કરયાની તેની કબુલત છે.

"સ્ટાંપ આકટની કલમ ૪૦ પ્રમાણે જે પ્રોમીશરી નોટનો સવાલછે તેના ઉપર સહી કરવામાં તોહોમતવાળાએ ભાગ લીધો હતો તેણે તે ઉપરની સ્ટાંપ ફી આપવી ઇરાદાથી ઉડાવી દીધી એ સાબીત કરવું એ ફરીઆદીનું કામ છે, ફરીઆદ તરફથી તોહોમતવાળાનો આવો ઇરાદો સાબીત કરવાને કાંઇ પણ પુરાવો રજુ કરવામાં આવેલો નથી માટે તે પુરાવ નહી હોવાથી તેના ઉપરનો ગુનાની સાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે બરોબર નથી. એમ અમારી નજરમાં આવે છે. માટે શીક્ષાનો હુકમ અમે રદ કરીએ છીએ કે દંડ પાછો આપવો."

"જીલા માજીસ્ટ્રેટે જે કાગળમાં હાઇ કોરટને સવાલ પુછેલો તેમાંનો ઇતેખાપ નીચે પ્રમાણે છે.

"આ કામમાં જોઇંટ માજીસ્ટ્રેટે નીચલી કોરટનો ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરયો છે અને દંડ પાછો આપવાનો હુકમ કરયો છે એવા કારણથી કે તોહોમતવાળો જે કબુલ કરે છે તે ગુનાહની કબુલત નથી અને સ્ટાંપ ફીમાં છેતરવાનો ઇરાદો સ્ટાંપ આકટની કલમ ૪૦ માં જેમ ઠરાવેલો છે તેમ શાબેત થયો નથી.

"પેહેલી બાબતમાં એમ ટીકા કરવી બસ છે કે જે કામમાં સમન કાઢેલા છે તે કામમાં તોહોમતની સમતાની કબુલત ઉપરથી ગુનાની સાબેતીનો ઠરાવ થઇ શકેછે. (ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૪૩ જુઓ.) જે કામમાં રેફરંસ કરેલું છે તેમાં ફરીઆદની

અરજીનો સાર તોહોમતવાળાને વાંચી સંભળાવ્યો હતો અને તેણે તોહોમતની સત્યતા કબુલ કરી પણ કહ્યું કે તે આધીનકાર સ્વસ્થાનની રયત હોવાથી હીંદુસ્તાનના ઇંગરેજી રાજના સ્ટાંપને વાસ્તે કાયદો ચાલે છે તેના ઠરાવની તેને માહેતી નહોતી.

"બીજી બાબતના સંબંધમાં જોઇન્ટ માજીસ્ટ્રેટે ખરી વાત ધ્યાનમાં લેવી રહેવા દીધી છે કે જે દસ્તાવેજ ઉપર ફરીઆદ માંડી છે તે પ્રોમીસરી નોટ છે અને તેથી શીક્ષાનો દંડ આપ્યાથી વાજબી થઇ શકે નહી અથવા કામના કાગળો ઉપરથી દંડ લેવામા આવેલો હતો એવો પુરાવ માલમ પડતો નથી. તેથી આ કામને સ્ટાંપ આકટની કલમ ૪૦ લાગુ પડતી નથી. આ કામ તે આકટની કલમ ૬૧ પ્રમાણે છે. અને તે કલમ પ્રમાણે ઇરાદો એ ગુનાનું કાંઈ તત્વ નથી."

કાન્શીલ રાખવામાં આવ્યા નથી.

કોર્ટે (ચીફ જસ્ટીસ ટરનર) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

સ્ટેંપ આકટની કલમ ૬૧ માં શબ્દ સ્વીકારવું, તેનો અર્થ લેવું એ તો નથી પણ સ્વીકારનાર તરીકે શહી કરવી એવો અર્થ થાય છે.

અમારી નજરમાં આવે છે તે પ્રમાણે તોહોમતવાળા ઉપર કાંઈ ગુનો સાબેત થયો નથી, તેને પ્રોમેશરીનોટ જેના ઉપર બરોબર રીતે સ્ટાંપ લગાવેલો નથી તે લીધી અને પછીથી તે ફરીઆદમાં દાખલ કરી. તેથી સ્ટાંપ આકટની કલમ ૬૧ પ્રમાણે ગુનો થતો નથી. તે માટે કોરટ હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૭ અગષ્ટ સને ૧૮૮૨.

સર ચાર્લશ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ

સાહેબોની રૂબરૂ.

ગીલબી વીરૂદ્ધ સુબુપીલાઇ.

સને ૧૮૫૯ ના આકટ ૧૩—કારીગર—કંટ્રાકટરની જવાબદારી—એક માણસનુ સાધારણ કામ, કંટ્રાકટર રાખનાર કડીઆ તરીકેનું હતું અને તે પોતે કામ કરતો નહોતો તેણે અગાઉથી નાણાં લીધાં અને આઠીનું અમુક કામ સરતના રસ્તા ઉપર કરવાને જે કરાર કરે તે કરાર તેણે તોડયો છે.

ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૫૯ ના આકટ ૧૦ માના હેતુ પ્રમાણે તે હુન્નરવાળો, કારીગર અગર મજુર નથી.

પાનું ૧૦૦ સને ૧૮૮૨ ના ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે હાય કોરટની ફરી તપાસ ચલા વવાના અખતીઆરનો અમલ કરીને આ કામના (ઉતાકમંડના શે. ક. માજીસ્ટેટની ફાઇલમાં સને ૧૮૮૩ ના કયાલંડર નંબર ૧૫ નુ કામ) કાગળો હાયકોરટે મંગાવ્યા.

નીલગીરીના જીલા માજીસ્ટેટની રૂબરૂ આ કામ અપીલમાં આવેલુ તેથી તેમના ફેંસલામાં કામની હકીકત બતાવવામાં આવી છે.

"અપીલવાળા શુબુપીલાઇને સને ૧૮૫૯ ના આ૦ ૧૩ પ્રમાણે કરાર તોડયા બાબત ગુનેહગાર ઠરાવેલો છે. અને નાંણાની અમુક રકમ પાછી આપવાને ફરમાવેલું છે.

"આ કામમાં એસ્ટીમેટ" ફાઇલ કરવામાં આવેલું છે તેમાં બતા વેલા દરથી તથા નકશો ફાઇલ કરવામાં આવ્યો છે તે પ્રમાણે અમુક કામ કરાવવાને અપીલવાળાએ માથે રાખેલુ તથા તે કરાર પ્રમાણે કામ પુરૂ કરવાનો કરાર તુટેલો તથા અગાઉથી નાંણાં આપવામાં આવેલાં તે કબુલ કરવામાં આવેલું છે.

"પરંતુ અપીલવાળાએ તકરાર કરી છે કે તે કરારની શરતો પ્રમા ણે ફરીઆદી મી૦ ગીલબી ચાલેલો નથી, તેથી કરાર તુટેલો છે.

"તા૦ ૨૧ એપ્રીલ સને ૧૮૮૩ ના રોજ ગુણદોશ ઉપર અપીલ ની સુનાવણી કરતાં, હકીકત બાબત અમને શક રહેતો નથી, અને તે ઉપરથી કપટ માલુમ પડી આવે છે. પરંતુ અપીલવાળો આ કરીરની બાબતમાં કારીગર, મજુર, અથવા હુનરવાળો બીલકુલ છે કે નહી તે બા બત સવાલ ઉતપન કરવામાં આવ્યો હતો. માટે માજીસ્ટ્રેટે પુરાવ લેઇ આ બાબત ઠરાવ કરી મોકલવાને તેમને ફરમાવવામાં આવેલું હતું.

"આ પ્રમાણે કરવામાં આવેલું છે, તેથી માજીસ્તરેટના અભીપ્રાયમાં આવેલું છે કે અપીલવાળો એક કડીઓ મીસ્ત્રી છે, આઠ વરસ ઉપર સુ ધી તેમણે કડીઆ તરીકે કામ કરેલું છે પરંતુ ત્યારપછી તેણે તેવું કા મ કરેલું નથી, પરંતુ બીજાઓને કામે રાખી તેમના ઉપર તે નીઘેબા- ની ફકત રાખતો હતો. આ હકીકત ઉપરથી જણાય છે કે માજીસ્તરેટ ના અભીપ્રાયમાં તે અપીલવાળો સને ૧૮૫૯ ના આ૦ ૧૩ માં વાપરેલા શબ્દના અરથ પ્રમાણે અપીલવાળો એક કારીગર છે.

"આ અભીપ્રાય અમે કબુલ કરી શકતા નથી. જે કામ કરવાનુ હ તુ તે માટી કામ હતુ એટલે એક સરતનુ કુંડ કરવ નુ હતું, અને એક નુકશો અને એસ્ટીમેંટ હતું. આવા નુકશા તથા એસ્ટીમેટ પ્રમાણે અ

મુક ઠરથી મનપુટ કાંમ કરવાને અપીલવાળાએ માથે રાખેલું હતું. અ. પીલવાળાએ પોતે તે કામ કરવાને રાખેલું હતું એમ ફરીઆદી અમરકુ પણુ કહી શકતો નથી. તે કહે છે કે મેં તેને એક કંટ્રાકટર તરીકે કબુલ કરેલો હતો. ફરીઆદીએ અવલથી આખર સુધી તેનું શીરનામું "કંટ્રાકટર શુબુપીલાઇ" એમ કરેલું હતું.

આ કાંમનો શાપ્રાધ કરાર તોડયાના ઠરાવમાં સમાશ થાય છે. જો તે મર્યાદા વીનાની મજુરીને કરાવવાને કાંમે રાખનાર હોત તો, તે કંટ્રાકટ ગાથે રાખ્યાનું કાંમ જો તેણે વખતે પોતે પાવડો ફેરવ્યો હોય તો કારીગર અથવા મજુર તરીકેનુ ગણવું.

"ફરીઆદીને જો કાંઇ ઇલાજ હોય તો તેણે તે દીવાની કોરટમાં જઈ મેળવવો જોઇએ.

"અમે ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરવીએ છીએ રૂ. ૧૨૮—૫—૪ પાછા વસુલ આપવાનો તથા ફરીઆદીને ખરચના આંના બાર આપવાનો હુકમ રદ કરીએ છીએ.

કોનશલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

તે આકટનો હેતુ એવો છે કે જે કારીગર, હુનરવાળા અગર મજુરોને અગાઉથી નાંણાં આપવામાં આવેલાં હોય પરંતુ જે કામ કરવાને અથવા કરાવવાને તેમણે તે લીધાં હોય અને તે સખસો જયારે તેમના ઉપર નુકશાનનો દાવો કરવામાં આવે ત્યારે સાધન નહી હોવાના કારણથી સાધારણ રીતે કંપન શેશન આપી શકે તેવા ના હોય અને તેઓએ કપટથી કરાર તોડેલો હોય તો, તે બાબત ઇલાજ ઠરાવવાનો છે. જે કામોમાં જે સખસોએ અમુક કામ કરાવવાને માથે રાખેલું હોય અથવા પોતે કરવાને રાખેલું હોય તેને તે આકટ લાગુ થાય છે. માટે કંટ્રાકટર તે આકટ પ્રમાણેના પ્રોસીડીંગનો જવાબદાર થાય છે. પરંતુ તે કંટ્રાકટર પોતે કારીગર હોવો જોઇએ. એવો જીલા માજીસ્તરેટનો અભીપ્રાય છે તે સાથે અમે મળતા છીએ. અને પુરાવ ઉપરથી જીલા માજીસ્તરેટને ખાત્રી થએલી છે કે આ કામમાં તોહોમતવાળો કંટ્રાકટ લેનાર કડીયો છે. અને પોતે જાતે કામ કરતો નથી, માટે આ કામના પ્રોશીડીંગમાં જે માટી કામ કરવાનું હતું તે વીશેના કરારની બાબતમાં તે આકટના હેતુ પ્રમાણે તે કારીગર નથી.

માટે કોરટ તેમાં હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ અગસ્ટ સને ૧૮૮૩.

મી૦ જષ્ટીસ હચીન્સ સાહેબની રૂબરૂ.

વેંકટ સામી વીગેરે વીરૂધ મોહારાણી સાહેબ.

પુરાવ આકટની કલમ ૩૦—સહકેદીની કબુલાત—સહ તપાસ.

કેટલાક કેદીઓના ઉપર ઘર ફોડવા બાબત એકઠો આરોપ રાખવામાં આવેલો હતો. તેમાંના કેટલાકે તે ગુનોહ કબુલ કરયો. જે શખસની તપાસ ચાલતી હતી તેમના વીરૂધ ગુનોહ કબુલ કરનાર બીજા કેદીઓની કબુલતો શેશન જડજે ઉપયોગમાં લીધી.

ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના હીંદુસ્થાનના પુરાવ આકટની કલમ ૩૦ પ્રમાણે આવી કબુલતો પુરાવ થતી નથી.

પાનું ૧૦૨ આ રીપોટના કારણુસર આ કામની જરૂરીઆત હકીકત કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

પેહેલા કેદી તરફથી મી૦ મીચલ.

ફેંસલો:—એક ઘર ફોડવાના કામમાં જુદા જુદા કેદીઓએ આ અપીલ કરેલી છે. જે ઘર ફોડવામાં આવેલું હતું તેની નજીકમાં એક અરકની દુકાનના પેહેલો અને બીજો કેદી ભાગી ગયા હતા. ત્રીજો અને ૭ મો શીવાય બીજા ૩ ને નીરદોશ ઠરાવવામાં આવેલા છે, અને તેઓ પોલીસ કોનસ્ટેબલો હતા. આઠમો અને બારમો કેદી કોરાવર છે. પેહેલા કેદીની તરફથી. મી૦ મીચલે જુદી અપીલ કરેલી છે. બીજા, ત્રીજા, સાતમા અને નવમાથી બારમા કેદી સુધીનાઓએ એક એક એકઠી અરજી મોકલેલી છે તેમાં એવું કહેલું છે કે અમે ગુનોહ કરયો નથી, પરંતુ અપીલનું કાંઇ ખાસ કારણ બતાવેલું નથી. દશમાથી બારમા સુધીના કેદીઓએ ગુનોહ કબુલ કરેલો છે અને તેઓની અપીલ કાહાડી નાંખવામાં આવેલી છે.

પેહેલા કેદી તરફથી મી૦ મીચલે એવી તકરાર કરી છે કે તેના વીરૂધ કેટલીક કબુલતો દાખલ કરવા લાયક નથી. અને મીલકતની જુદી જુદી રકમો માલમ પડયા પછી જે માઝરો લખી લેવામાં આવેલી છે તે તથા પોલીસ ઇનસ્પેકટરે સાંભળેલી જે ઘણી હકીકત કહેલી છે તેપણ પુરાવમાં લેવા લાયક નથી. આ હસ્કતો સારા આધારવાળી છે એ વીસે કાંઇ શક રહી શકતો નથી. અને જો આ કામની તપાસ જુરીથી કરવામાં આવી હોતતો નવી તપાસ કરવાનો હુકમ કરવાને અમને ફરજ પડત. આ માઝરો પુરાવ નથી. અને તે ફકત મુખજુબાનીનો પુરાવ બરોબર છે કે નહી તે તપાસવાના કારણુસર ફકત જોઇ શકાય છે. કેટલાકોએ.

જે કબુલતો આપી હકીકત કહેલી છે તે પોલીસની રૂબરૂ કહેવામાં આવેલી છે. અને પૂરાવ આકટની કલમ ૨૭ ના હેતુ પ્રમાણે મીલકત જડયા સબંધી નથી. માટે તે સાબેત થઇ શકતી નથી.

વળી બીજા, ત્રીજા, દશમા, અગીઆરમા અને બારમા કેદીઓની કબુલતો ઉપરથી પેહેલો કેદી લપેટાયછે એમ શેશન જડજે બતાવેલું છે. તે કેસના કાગળો ઉપરથી અમે સમજી શકીએ છીએ કે તે પ્રમાણે છેવટના ત્રણ કેદીઓની કબુલતો તપાસમાં વાંચવામાં આવેલી નથી. પરંતુ આઠમા કેદીએ ગુનોહ કબુલ કરેલો છે તેની કબુલત વાંચવામાં આવી હતી, અને દસમાએ શું કહેલું હતું તેનો હેવાલ ગામના મુનસફને કહેવા દેવામાં આવેલો છે. કલમ ૩૦ પ્રમાણે એકે દાખલ કરવા લાયક નથી એ ખુલ્લું છે. આ કેદીઓએ આગળ કહયા પ્રમાણે ગુનોહ કબુલ કરયો છે. તેઓની બીલકુલ તપાસ કરવામાં આવી નથી માટે તેનાતેજ ગુનાહ બાબત બીજા કેદાઓની સાથે તેઓની એકઠી તપાસ થઇ નકી હતી. તેઓને પોતાની કબુલત ઉપરથી ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે. માટે બીજા કેદીઓની વીરૂધ તેઓની કહેલી હકીકત દાખલ થવા લાયક થવાને પાંજરામાંથી ખસેડી તેઓને સાક્ષીઓ તરીકે બોલાવવા એજ ફકત રસ્તો હતો.

બીજા અને ત્રીજા કેદીઓએ જે હકીકતો કહેલી છે તે બાબતમાં બીજી હરકતો છે. પરંતુ બીજા કારણોથી પહેલા કેદીના ગુનહાની સાબેતીનો ઠરાવ કાયમ રાખવો જોઇએ એવી અમારી તદન ખાતરી થએલી છે, માટે તે હરકતો હાલ અમારે જોવાની જરૂર નથી.

તે બીજા કેદીની વીરૂધ શેશન જડજે નીચે પ્રમાણે હકીકત સારાંશમાં સમજાવેલી છેઃ—"તા૦ ૩ જાનેવારીની રાતરે છઠા સાક્ષીએ ગામના મુનસફની રૂબરૂ તેણે સંપુરણ કબુલત આપી કહેલું છે કે મને તથા પેહેલા કેદીને તે લુટનો પોતપોતાનો હીસ્સો મળેલા હતો. તા૦ ૫ મીના રોજ કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂ તેણે એવી અડધી કબુલત આપેલી છે કે પુરાવરો પાસેથી તે દાગીના મને મળેલા હતા. અને મે તે છુપાવ્યા હતા અને રજુ કરેલાછે, અને પહેલા કેદીએ કરેલા નથી. તારીખ ૧૬ મી ફેબરવારીના રોજ તેણે કહ્યું છે કે પેહેલા કેદીની અરજ ઉપરથી તે ઠબકો મેં મારે માથે લીધેલો હતો. તેની પોતાની હકીકત ઉપરથી પુરાવ ઉપરથી તથા કબુલત ઉપરથી આ કેદી સારી પેઠે લપેટાએલો હતો એમાં કાંઇ શક રહી શકતો નથી." આ કબુલતો દાખલ કરવા લાયક નથી એમ અમારા વીચારમાં આવે છે. અને પેહેલા કેદીએ તે દાગીના

રજુ કરયા તે પહેલાંની અને તે વખતની તેની જે કહેલી હકીકત છે તે તથા તેની વરતણુંક શીવાય આ કેદી વીરૂધ કાંઇ પુરાવ નથી. ગામના મુનસફની રૂબરૂ જે કબુલ આપી કહેવામાં આવેલી છે તે દાખલ કરવા લાયક છે કે નહી તે વીસે ઘણો શક છે. તોપણ તેમાંના એક ભાગ ઉપરથી પેહેલા કેદીને પકડવાનું તથા મીલકત મળવાનુ થએલું હતું એ ખુલ્લું છે, અને તે કેદીની મીલકત માલુમ પડી તે વખતની વરતણુક તથા તેણે પાછળથી કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂ જે હકીકત કહેલી છે તે આ ભાગ સાથે લેતાં તેણે તે ગુનાહમાં ભાગ લીધેલો હોવોજ જોઇએ એવું ઠરાવવાને બસ છે.

ત્રીજા કેદીની બાબત અમે તેની કબુલાત ફરીઆદ તરફના સાતમા સાક્ષીની જુબાની ઉપરથી તેને માફી આપવામાં આવશે એવું વચન આપી લલચાવીને મેળવેલી છે એમ અમે ઠરાવીએ છીએ, એ વીશે અમને કાંઇ શક રહેતો નથી માટે અમે તે બાતલ કરીએ છીએ. તોપણ તેના કબજામાં કેટલોક ચોરેલો માલ હતો તે બાબત આ ઉપરથી જતી નથી. તેનું પાછળથી જે એમ કહેવું છે કે માફીનો શાહેદી થવાને જે તરકટ રચેલું તેમાં એક આ ભાગ છે અગર જો ખરી રીતે ગુનેહગાર ના હોત તો હું એક જુનો કોનસટેબલછું તો માફી મને મળી શકત અગર માફી મેળવવાને કબુલ કરત તે અમે કબુલ કરી શકતા નથી. વળી આખી રાત તે બાહાર હતો અને વાહાણું વહાતાં પહેલાં દાગીના સાથે પાછો આવ્યો હતો એવો પુરાવ છે.

સાતમા કેદીના વીરૂધ બીજા કેદીએ તેને લપેટેલો હતો તે શીવાય બીજા ઘણા આબરૂદાર સખસની એવી જુબાની છે કે જે વખતે ઘર ફોડવાનું કામ ચાલતુ હતું તે વખતે તે ઘરની નજીક જતાં ઘણીજ અસાધારણ રીતે તેણે તેને પાછો કહાડયો હતો અને અટકાવેલો હતો. વળી તેની પાસે નાણાંની ભારે રકમ છે તે બાબત તે કાંઇ ખુલાસો આપી શકતો નથી અને જુના દશ આર્કટ રૂપીઆ છે. આઇ નીશાનની હકીકતમાં જે બચાવ બતાવવામાં આવેલો છે તે ઉપરથી જણાય છે કે આવા ઘણા જુના રૂપૈઆ ચોરવામાં આવેલા હતા. આ કેદીના વીરૂધ ઘણીક મજબુત હકીકત નથી. પરંતુ અમારી નજરમાં આવે છે કે તેને ગુનેહગાર ઠરાવવાને તે બસ છે.

નવમા કેદીના વીરૂધ કાંઇ પુરાવ અમને માલમ પડતો નથી: તારીખ ૨૦ જાનેવારીના રોજ તેણે કાંઇક કબુલાત કરેલી છે. પરંતુ તે વાંચી બતાવવામાં આવી નથી, અગર તે ઉપર કાંઇ નીશાન કરવામાં આવ્યું નથી, અને કામના કાગળોમાં તે માલમ પડી શકતી નથી. તેણે કમી

ટ કરનાર માજીસ્ટ્રેટને કહ્યું છે કે મને માર મારવામાં આવેલો હતો અને માફી આપવામાં વચન આપવામાં આવ્યું હતું. માટે જો તે માલમ પડી શકતી હોય તોપણ ફક્ત આ કબુલાત ઉપરથી કાંઇ કરવાને અમારે તઇઆર થવું નહી જોઇએ.

પરીણામે નવમા કેદીની અપીલ બાહાલ રખવી જોઇએ. અને બીજા અપીલવાળાઓની અપીલ કાહાડી નાંખવી જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૩ આગસ્ટ સને ૧૮૮૩

સર ચારલ્સ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ કીંડરસલી સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ તુલકારનામ,

સને ૧૮૫૯ ના આક્ટ ૧૩ ની કલમ ૨—અગાઉથી નાણાં આપવાં—નાણાં ધીરવાં.

અમુક કામ કરવાને માટે મ પાસેથી મુસારો લઇ કબુલ કરેલું અને તેની પાસેથી રૂ. ૧૦) લીધેલા અને ત એ એવું વચન આપેલું કે મારી દર અઠવાડીએ જે મજુરી થાય તેમાંથી આઠ આના કાપી અગાઉથી નાણાં લીધેલાં પુરાં કરવાં.

ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૫૯ ના આક્ટ ૧૩ આ કરારને લાગુ થાય છે.

પાનુ ૧૩૧ શને ૧૮૮૨ ના ફો. કા. ચ, ની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે ચીંગલપટના જીલા માજીસ્ટ્રેટે (જે. એફ પ્રાઇશ) હાય કોરટમાં હુકમ થવા શા.રૂ આ કામ મોકલેલું છે.

ફરીઆદી એક ચામડાં કમાવવાના કારખાનાનો માલેક અજંટ હતો તેણે સને ૧૮૫૯ ના આક્ટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે તોહોમતવાળા ઉપર હુકમ થવાને સઇદાપીઠ તાલુકાના બીજા વરગના માજીસ્ટ્રેટને અરજ કરી એવા કારણથી કે તોહોમતવાળાએ શાપરાધ રીતે કરાર તોડેલો છે,

તે કરારનો તરજુમો નીચે પ્રમાણે છે:—

"તમારાં ચામડાં કમાવવાના મોટા કારખાનામાં મુસારો લઇ કામ કરવાને મેં કબુલ કરેલું છે અને રૂ. ૧૦ તમારી પાસેથી મને રોકડા મળેલા છે. આ રકમ મજુરી કરી મુસારામાંથી હું વાળીશ એવી રીતે કે દર અઠવાડીએ મજુરી વહેંચતી વખતે આઠ આના તેમાંથી કાપી આ

જીની મને આપવી. એક અઠવાડીયું જો હું કસુર કરૂં અને તમારે કામ કરવામાં કાંઇ બીગાડ કરૂં અગર કાંઇ નુંકશાન કરૂં, જેમકે છરીઓ વીગરેને દંતા પાડું અગર જે નુંકશાન થાય તેની તમને ખબર ના આપું અગર તમારા એ હુકમ વીરૂધ બીજાઓના માલેકપણાનાં ચામડાં કમાવવાના કારખાનામાં જઇ હું કામ કરૂં અને તે વાત તમે જ્યારે જાણો ત્યારે તમેં સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે આશીસ્ટંટ માજીસ્ટ્રેટની કોરટમાં અગર તાલુકાના માજીસ્તરેટની કોરટમાં માહારા ઉપર ફરીઆદ કરવાને મુખ્ત્યાર છો.

" આ દસ્તાવેજ પેહેલેથી મે માહરી રાજી ખુશીથી તથા કબુલત-થી લખી આપેલો છે. "

તોહોમતવાળાને તપાસવામાં આવતાં તેણે કબુલ કરયું કે મેં તે કરાર લખી આપેલો છે. અને તે તોડેલો છે અને ફકત રૂ. ૨—૮ અગાઉથી નાણું લીધા પેટે વસુલ આપેલાછે અને તે બાકીની રકમ વસુલ આપવાને હું ત્રીશ દીવશની મુદત માગું છું.

આ સરતો પ્રમાણે સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે માજીસ્ટ્રેટે હુકમ કરયો.

જીલા માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું કે તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૮૦ ના રોજ નંબર ૭૯ ના કામના પ્રાસીડીંગમાં હાયકોરટે જે ઠરાવ કરેલો છે તે ઠરાવના નીયમો વીરૂધ તે હુકમ છે. માટે તે કાયદા વીરૂધ છે.

કાંનશલ રાખવામાં આવ્યો નથી.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીસ ટરનર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

તોહોમતવાળાએ મુસારો લઇ કામ કરવાને કબુલ કરેલું તેના અવેજમાં તેને કામે રાખનારે અગાઉથી રૂ. ૧૦) આપેલા હતા અને દર અઠવાડીએ જે તેની મજુરી લેહેણી થાય તેમાંથી તે પેટે રૂ. ૦—૮—૦ કાપવાના હતા.

જીલ્લા માજીસ્તરેટે જે ઠરાવ બતાવેલો છે તે ઠરાવ સાથે આ કામ તમામ રીતે ગળતું નથી. અહીંઆં તો જે કામ કરવાનું હતું તે પેટે અગાઉથી નાણું આપવામાં આવેલાં હતાં, અને કામ કરી તે વાળવાનાં હતાં. જે ઠરાવ બતાવવામાં આવેલો છે તેમાં જે નાણાં ધીરવામાં આવેલાં હતાં તે જયાં સુધી કામ જારી ના રહે ત્યાં સુધી કાયમ રહે એવું હતું.

માટે કોરટ તેમાં હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ અકટોબર સને ૧૮૮૩

મી૦ જસ્ટીસ કરનાન તથા મી૦ જસ્ટીસ હચીન્સ

સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ પોટાચી વીગરે,

સને ૧૮૬૪ ના આકટ ૩ ની કલમ ૧૫, ૨૨.

કેટલાંક ગામોના આબકારી ઇજારે રાખનારના નોકરો તેમાંના એ ક ગામમાંથી પરવાના વીના તે ઇજારદારની દુકાનમાં તાડીનાં ત્રણ માપ લાવ્યા બાબત સને ૧૮૬૪ ના (મદ્રાસ)ના આકટ ૩ ની કલમ ૨૨ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલા હતા.

ઠરાવવામાં આવ્યું કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધછે.

પાનું ૧૬૧ સને ૧૮૮૨ ના ફો. કા. ચ. નીરીતના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે માદુરાના આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટ શી. એસ. ક્રોલે આ કામ મોકલેલું છે.

જીલ્લા માજીસ્તરેટે જે હકીકત કહેલી છે તે નીચે પ્રમાણે છે:—

"સને ૧૮૬૪ ના આકટ ૩ ની કલમ ૨૨ પ્રમાણે પરવાના વીના તાડી લઇ ગયા સારૂ સદરહુ કામમાં બે તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા છે અને દરેકના રૂ. ૨) દંડ કરેલા છે.

"શીવગંગા જમીનદારીમાં કંદાદેવી વીગરે ગામોની તાડીના ઇજારદાર એક કાલીમટુ શરવાઇના આ તોહોમતવાળાઓ મજુરો છે. તેમને તે ઇજારાવાળા ગામોમાંના એક ગામમાંથી તાડીના ત્રણ માપો લઇ સદરહુ ગામમાં ઇજારદારની દુકાનમાં જવાના રસ્તા ઉપર થઇ તેઓ જતા હતા અને પોલીસે તેમને પકડયા.

"આ જીલ્લામાંથી એક રેફરંસ કરવામાં આવેલું છે તેમાં નંબર ૭૦૯ નું તા૦ ૨૫ એપ્રીલ સને ૧૮૮૧ ના રોજનું પ્રોશીડીંગ છે તેમાં બોરડ ઓફ રેવન્યુએ ઠરાવેલું છે કે તાડી વેચવાનો પરવાનો હોયતો, તેમાં ઝાડ ઉપરથી જે દુકાનમાં તાડી વેચવાની હોય તે દુકાનમાં લેઇ જવાની પરવાનગીનો સમાસ થાય છે, માટે તે બાબત જુદી પરવાનગીની જરૂર નથી. ઇજારદારો અથવા દુકાનદારો તે લઇ જનારાઓને પાસ અથવા સરટીફીકટ આપેલું હોય છે તે પોલીસની હરકત અટકાવવાને સારૂ તે બોરડની સુચના ઉપરથી આપવામાં આવેલું હોય છે, માટે તે તપાસ અથવા સરટીફીકટ ના હોય તોં, તે લઇ જનારાઓ ગુનેહગાર થતા નથી.

સદરહુ પ્રોશીડીંગ ઉપરથી તે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદેસર

નથી એમ અમને જણાય છે."

કાનશલ રાખવામાં આવ્યો નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છેઃ—

જસ્ટીસ હચીન્સ સાહેબઃ—આ કામમાં બે ઓરનો પેટા ઇજારદાર ના ઝાડો ઉપરથી તેની દુકાન ઉપર એક "કવાર્ટ" કરતાં વધારે તાડી લઇ જતી હતી તેમને પકડવામાં આવી હતી. તેઓની પાસે પરવાના ચીઠી નહી હતી તેથી બેશક તેઓનો કલમ ૨૨ મીના શબ્દોમાં સમાસ થાય છે એમાં કાંઇ શક નથી પરંતુ તેઓ પેટા ઇજારદારના નોકરો છે, અને તેની તરફથી તેઓ કામ કરતા હતા, માટે તેઓનો કબજો તે તેમના સેઠનો કબજો છે. કલમ ૧૫ મીથી પેટા ઇજારદારોને, પોતાના ઇજારાની હદ અંદર પરવાના આપવાને અખત્યાર આપવામા આવેલોછે, ને તકરારી જગો તે હદની અંદર છે, અને જે જથો લેઇ જવામાં આવ્યો છે તે પેટા ઇજારદારેની પરવાનગીમાં સમાસ થાય તેના કરતાં વધારે દેખીતી રીતે નથી. આ કલમો ઇજારદારો અને પેટા ઇજારદારોના રક્ષણ સારૂ કરવામાં આવેલી છે, અને જે બાબત કરવાને તેઓ બીજાને અખત્યાર આપી શકે છે તે તેઓ પોતે કરી શકે છે. માટે અમે જીલા માજીસ્તરેટ સાથે મળતા છીએ કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર નથી, માટે તે રદ કરીએ છીએ, જો દંડ વસુલ આપવામાં આવ્યો હોય તો તે પાછો આપવો,

ફોજદારી અપીલ.

તા૦ ૭ મે તથા તા૦ ૨૨ અકટોબર સને ૧૮૮૩

સર ચારલસ એ. ટરનર નાઈટ ચીફ જસ્ટીશ અને ઓ૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ થનછ વીગરે.

સને ૧૮૮૨ નો (મદ્રાસ)આકટ ૧ લો—નીમકના કાયદા—ખારી માટી ખાર સાથેની માટી જે સ્વભાવીક રીતે અનામત નથી તેથી તે સને ૧૮૮૨ ના (મદ્રાસ) દુરસ્ત કરવાના નીમકના કાયદાની કલમ ૨૬ પ્રમાણે ગુનહો નથી.

પાનું ૧૬૩ સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે હાય કોરટના હુકમ સારૂ

આ કામો ચીંગલપટના જીલ્લા માજીસ્ટ્રેટ જે. એફ. પ્રાઇશ સાહેબે મોકલેલાં છે, એવા કારણથી કે મદુરાન તાકમના બીજા વરગના માજીસ્તરેટે

તોહોમતવાળાને નીરદોશ ઠરાવેલા છે અને તે ખારી માટી એકઠી કરવાથી તેઓએ ગુનોહ કરયો નથી એ શક ભરેલું છે.

આ રીપોર્ટના કારણસર જરૂરીઆત આ કામની હકીકત કોરટના ફેંસલામાં બતાવવામાં આવી છે.

કોનશલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલો:—તોહોમતવાળાઓ ઉપર જુદા જુદા આરોપો સને ૧૮૮૨ ના આકટ ૧ લાની કલમ ૨૬ પ્રમાણે રાખવામાં આવેલા હતા એ રીતે કે ખારી માટી લેવી નહી એવી મનાઇ છે તે જાણ્યા છતાં તેમણે પોતાના કબજામાં લીધી. તેઓએ કબુલ કરેલું છે કે જે ચીજનું વરણન સાક્ષી ખારીમાટી એવું કરેછે તેનો કબજો કરેલો હતો, અને માજીસ્તરેટના અભીપ્રાયમાં આવ્યું છે કે તે ખાર અનામત રાખવામાં આવેલો નહી હતો પરંતુ તે માટીના ભેગો ખાર હતો.

તોહોમતવાળાઓએ કહ્યું છે કે અમે આ ચીજ કપડાં નીખારવા સારૂ એકઠો કરેલો હતો, અને માજીસ્તરેટના વીચારમાં આવ્યું છે કે તેઓની કહેલી હકીકત સાચી છે, અને મીઠું કરવાનો તેઓનો ઇરાદો નહીં હતો. જે કલમ પ્રમાણે આરોપ રાખવામાં આવ્યો છે તે કલમ પ્રમાણે મનાઇ કરેલું મીઠું બનાવવું અને તેવુ મીઠું કબજામાં લેવું તે ગુનહો છે. કલમ ૨ માં બનાવવું એવો શબ્દ છે. તેમાં એકઠું કરવું એ શબ્દનો સમાશ થાય છે. અને મીઠા શબ્દમાં ખારીમાટીનો સમાશ થાયછે. એટલે સ્વભાવીક રીતે જે ખાર અનામત રહેલો હોય અને ખારીમાટી એટલે ખારીમાટી ઉપરથી જે નીમક કરવામાં આવે અથવા હરકોઇ માટી કે જેમાં સ્વભાવીક રીતે ખારનું ભેલાણુ હોય એવો અર્થ થાય છે. તે આકટ ઉપરથી જણાય છે કે સ્વભાવીક ખારના ભેલાણવાળી માટી અને સ્વભાવીક એકઠી થએલી ખારી માટીની વચમાં ભેદ છે. માટે તે શબ્દ ફકત ખારી માટીને માટે છે. માટે એકઠી થએલી ખારી માટીનો નીમક એ શબ્દમાં સમાસ થાય છે. માટે મનાઇ કરેલું મીઠુ બનાવ્યા બાબત અગર કબજે કરયા બાબત તોહોમતવાળાને તે આકટ પ્રમાણે ગુનેહગાર ઠરાવી શકતા નથી. તેથી કોરટ માજીસ્તરેટના હુકમમાં હાથ ઘાલતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૬ અકટોબર સને ૧૮૮૩

મી૦ જષ્ટીશ હચીન્સ સાહેબની રૂબરૂ,

આરૂ મુગામ (તોહોમતવાળો) અરજદાર તથા તુલકાનામ (ફરીઆદી) અપીલના પ્રતીવાદી.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૮૮—ખોરાકી પોશાકી—હીંદુ ઓરતે પોતાના ધણીની સાથે રહેવાને ના કહેલી—ના કહેવાને પુકત કારણ—ધણીએ બીજું લગન કરેલું,

એક હીંદુ ઓરતે પોતાના ધણી ઉપર ખોરાકી પોશાકીનો હુકમ થવા સારૂ અરજ કરી, તે ઉપરથી ધણીએ પોતાના ઘરમાં તેણીનું ભરણ પોશણ કરવાને કહ્યું પરંતુ તે ધણી ફરીથી બીન કારણે પરણેલો છે તેથી તે વીશે તેણીએ ના કહી, માજીસ્તરેટે દરમાશે અમુક રકમ ખોરાકી પોશાકી આપવાને ધણીને હુકમ કર્યો,

ઠરાવવામાં આવ્યું કે ધણી ફરીથી પરણ્યો તે ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૮૮ ના હેતુ પ્રમાણે તે હુકમ બ્બાજબી રાહે કરવાને પુકત કારણ થતું નથી,

પાનુ ૧૮૭ સને ૧૮૮૨ ના ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે આ અરજી કરવામાં આવેલી છે તેમાં પ્રેશીડેન્શી માજીસ્તરેટ ટી. વી. પોનુસામી પીલાઇ સાહેબનું તા૦ ૧૩ જુલાઇ સને ૧૮૮૩ ના રોજનુ પ્રોસીડીંગ છે તેહો ફરી તપાસ કરવાને હાયકારટને અરજ કરવામાં આવી છે.

ફરીઆદીએ સને ૧૮૮૨ ના ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે પોતાના ધણી ઉપર ખોરાકી પોશાકીનો હુકમ થવા સારૂ અરજ કરેલી છે.

તોહોમતવાળો હાજર થયો અને ફરીઆદીનું ભરણપોશણ પોતાના ઘરમાં કરવાને તઈયારી બતાવી. પરંતુ ફરીઆદણે તેની સાથે રહેવાને હરકત લીધી એવા કારણથી કે તે બીન કારણે બીજી ઓરત પરણેલો છે. ફરીઆદણે કહ્યું કે મારામાં જવાંની અને નીમકહલાલી એરૂ વાનાં છે.

તોહોમતવાળાએ ફરીઆદીને જુદી ખોરાકી પોશાકી આપવાને ના કહી.

માજીસ્તરેટે દર માસે રૂ. ૨—૮—૦ ના દરથી જુદી ખોરાકી પોશાકી આપવાને ઠરાવ્યુ એવા કારણથી કે તોહોમતવાળો બીન કારણે બીજી ઓરત પરણેલો છે.

અરજદાર તરફથી સુબરા માનયા શાસ્ત્રીઆર અને રામાનુજા ચારીઆત.

અપીલના પ્રતીવાદી તરફથી કોઇ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

અરજદારે બીજી ઓરત કરેલી છે અને ફકત તેટલા કારણથી તેની પેહેલી ઓરત તેની સાથે રહેવાની ના કહે છે. અરજદારે પોતાના ઘરમાં તેણીને રાખવાને ખુશી બતાવેલી છે પરંતુ તે ફરીથી પરણેલો છે તેટલા ફકત કારણથી માજીસ્તરેટે જુદી ખોરાકી પોશાકી આપવાને તેને હુકમ કરેલો છે. હીંદુ તરીકે અરજદારને બીજી ઓરત પરણવાને કાંઇ હરકત નથી. માટે તે ફરીથી પરણ્યો તે કારણથી પેહેલી ઓરતનો જુદી ખોરાકી પોશાકી લેવાનો હક થતો નથી. આથી કાંઇક શખતાઇ થાય પરંતુ કાયદો ખુલ્લો છે.

માટે જુદી ખોરાકી પોશાકી આપવાનો હુકમ રદ કરવામાં આવેછે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૬ આકટોબર સને ૧૮૮૩

સર ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ

મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ એનદેવાચાંદ્રમ

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૦૨—૨૦૩, ૪૭૬—ડી. ફો. કાયદાની કલમ ૨૧૧—ફરીઆદ કાહાડી નાંખી—ફરીઆદ ચલાવવાની મંજુરી—ફરીઆદના શાચાપણા બાબત આરંભની તપાસ.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૦૨ પ્રમાણે પોલીસ અમલદારે તપાસ કરયા પછી તે તપાસના પરીણામનો પેહેલા વરગના માજીસ્રેટે તે ફરીઆદ જુઠી છે, એમ કહી કાહાડી નાંખવાનો હુકમ કરયો. અને પીનલકોડની કલમ ૨૧૧ પ્રમાણે શીક્ષા થવા લાયક ગુનહા બાબત ફરીઆદી ઉપર કામ ચલાવવાને હુકમ કરી ત્રીજા વરગના માજીસ્રેટને ફરમાવ્યું કે તે ગુનહો ફકત શેશન કોરટને તપાસવા લાયક છે. માટે આરંભની તપાસ કરવી.

ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ ચલાવવાની મંજુરી મળવા સારૂ પેહેલા વરગના માજીસ્રેટની રૂબરૂ કાંઇ અરજી નહી હતી માટે તે હુકમ સદરહુ માજીસ્રેટે ફરીઆદ કરી એ પ્રમાણે ગણવું જોઇએ. અને તેથી ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૭૬ પ્રમાણે ત્રીજા વરગના માજીસ્રેટને તે તપાસ કરવાની હકુમત નથી.

વળી ઠરાવવામાં આવ્યું કે ફરીઆદીને તે ફરીઆદનુ શાચાપણું અગર શુધ અંતઃકરણપણું બતાવવાનો લાગ મળે તે સારૂ કલમ ૪૭૬ પ્રમાણે પેહેલા વરગના માજીસ્તરેટે આરંભની તપાસ કરવી જોઇતી હતી.

પાનું ૧૮૫ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે વીજીગાપટમના શેશન જડજ એ. એલ. લીસ્ટર સાહેબે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે.

કાંનશલ રાખવામાં આવ્યો નથી.

કોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત માલુમ પડેછે.

જષ્ટીશ મતુસામીઆયર સાહેબ—ગયા જુન મહીનાની તા૦ ૧૦ મીના રોજ તોહોમતવાળાએ વીજીગાપટમના શીનીઅર આસીસ્ટંટ માજીસ્તરેટને એવી ફરીઆદ કરી હતી કે એક ઓરતે તથા તેના યારે માહારૂં થોડી મુદતનુ જન્મેલું છોકરૂ મારી નાખી તેની લાશની ચુપકીથી વ્યવસ્થા કરેલી છે. માજીસ્તરેટે તે ફરીઆદ તપાશ કરી રીપોટ કરવા સારૂ પોલીશ ઇનસપેકટર તરફ મોકલી. તા૦ ૨૫ જુનના રોજ પોલીશ ઇનસ્પેકટરે તપાસ કરી રીપોટ કર્યો, કે તે ફરીઆદ જુઠી અને દવેશ બુધીવાળી છે. તા૦ ૨૦ જુલાઇના રોજ શીનીયર આશીસ્ટંટ માજીસ્તરેટે તોહોમતવાળીને તપાશી. તે વખતે તેણીએ કહ્યું છે કે માહારી ફરીઆદ સાચી અને શુધ અંતઃકરણની છે. અને માહરા નાહાની ઉમરના છોકરાંને મારી નાંખતાં બે શાહેદીઓએ જોએલો છે. માટે માજીસ્તરેટે તે ઓરતને દાયણ પાસે તપાસ કરાવવી જોઇએ અને તે યાર છે તે તવંગર સખશનો છોકરો છે. તેથી તેણે ગામના લોકોને સાચું કહેતાં અટકાવેલા છે. આ ઉપરથી માજીસ્તરેટે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે વધારે તપાસ કરયા શીવાય પોલીશની તપાસના પરીણામના વીચાર ઉપરથી તે ફરીઆદ કાહાડી નાંખી. વળી તેમણે હીં. ફો. કા. ની કલમ ૨૧૧ પ્રમાણે તોહોમતવાળી ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપીને ફરમાવ્યું કે પાલકોંદાના સબ માજીસ્તરેટ તે ત્રીજા વરગના માજીસ્તરેટ છે તેમણે આરંભની તપાસ કરવી કારણ કે તે ગુનહો ફકત શેશન કોરટને તપાસવા લાયક છે. ત્રીજા વરગના માજીસ્તરેટે આરંભની તપાસ કરી અને તોહોમતવાળીને શેશન કોરટમાં તપાસ થવા સારૂ કમીટ કરી તેથી શેશન જડજે તે કમીટ કરયાનો હુકમ કાયદેસર નથી એ કારણથી રદ થવો જોઇએ તેટલા સારૂ આ કોરટમાં મોકલેલો છે. ગયા જુલાઇ મહીનાની તારીખ ૨૧ મીના રોજ શીનીયર આશીસ્ટંટ માજીસ્તરેટે તોહોમતવાળીના ઉપર ફરીઆદ ચલાવવાની મંજુરી

આપી તે વખતે તેગની રૂબરૂ મંજુરી સારૂ કાંઇ અરજ કરવામાં આવી નહી માટે તેમનો તે હુકમ તેમણે પોતાની મેળે ફરીઆદ કરેલી છે એમ ગણવો જોઈએ. આ પ્રમાણે છે તો ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૭૬ પ્રમાણે તેમણે તે ફરીઆદ પેહેલા વરગના માજીસ્તરેટ તરફ તપાસ થવા સારૂ મોકલવી જોઇતી હતી. પાલકોદાના ત્રીજા વરગના માજીસ્તરેટે કમીટ કરવાનો હુકમ કરેલો છે તે હકુમત વીના કરેલો છે માટે તે રદ થવો જોઇએ. (કલમ ૫૩૦) વળી તે જડજે એવી સુચના કરી છે કે શીનીયર આશીસ્ટંટ માજીસ્તરેટની રૂબરૂ તોહોમતવાળીએ જે ફરીઆદ કરી હતી તેનો તપાસ કરવાને તેમને હુકમ કરવો જોઇએ. જો કે શીનીયર આશીસ્ટંટ માજીસ્તરેટે તે ફરીઆદ કાહાડી નાંખવાનુ કામ કલમ ૨૦૩ પ્રમાણે કરેલું છે. તોપણ કલકતા હાયકોરટે કેટલાંક કામોમાં બતાવ્યું છે કે ફરીઆદીને પોતાની ફરીઆદનુ સાચાપણું અગર શુધ્ધ અંતઃકરણપણું બતાવવાને લાગ મળે તે પ્રમાણે કલમ ૪૭૬ પ્રમાણે આરંભની તપાસ કરવી એ દુરસ્ત છે. માટે ત્રીજા વરગના માજીસ્તરેટ તરફ શીનીયર આશીસ્ટંટ માજીસ્તરેટે હુકમ કરેલો છે તેપણ રદ કરવામાં આવે છે અને તેમને ફરમાવવામાં આવે છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૭૬ પ્રમાણે કામ ચલાવવું.

ફોજદારી અપીલ.

તા૦ ૭ નવેમ્બર સને ૧૮૮૩.

મી૦ જસ્ટીશ કરનાન અને મી૦ જસ્ટીશ હચીન્સ સાહેબોની રૂબરૂ.

રંગાસાંગી આયંગર વીરૂધ નરસી મોતીલુ નાયક વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૪૭; ૪૦૪, ૪૧૭, ૪૨૩, (અ)—નીરદોશના ઠરાવ ઉપર અપીલ કરવી—જીલ્લા માજીસ્ટ્રેટનો અખત્યાર.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૨૩ (અ) ફકત હાયકોરટને લાગુ થાય છે. બીજા વર્ગના માજીસ્ટ્રેટે એક બીગાડના કામમાં તોહોમતવાળા ઉપર પરથમ દરશની કામ સાબેત થએલું છે. એવું ઠરાવી તોહોમતવાળાને પુરાવ ગુજારવા સારૂં તપાસ બંધ રાખી. જે તરીખ સુધી તે કામ બંધ રાખવામાં આવ્યું હતું તે તારીખે ફરીઆદી હાજર થયો નહીં. તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૪૭ પ્રમાણે તોહોમતવાળાને માજીસ્ટ્રેટે નીરદોશ ઠરાવ્યો. જીલ્લા માજીસ્ટ્રેટે સદરહુ કાયદાની કલમ ૪૨૩ (અ) પ્રમાણે તે હુકમ

ઉપર અપીલ સાંભળીને તે ફેરાવ્યો. અને કામની ફરી સુનાવણી કરવાનો હુકમ કરયો. એવા કારણથી કે બીજા વરગના માજીસ્રેટે તે કામ કાહાડી નાંખ્યું, ત્યાર પછી થોડા વખતમાં ફરીઆદી અને તેનો વકીલ કોરટની રૂબરૂ હાજર થયા હતા.

ઠરાવવામાં આવ્યું કે જીલ્લા માજીસ્રેટનો હુકમ કાયદા વીરૂદ્ધ છે.

પાનું ૨૧૩. સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે તા૦ ૧૯ અકટોબર સને ૧૮૮૩ ના રોજ હાયકોરટે આ કામના કાગળો મંગાવેલા છે.

આ રીપોટના કારણુસર કામની હકીકત કોરટના ફેંસલા ઉપરથી પુકત રીતે જણાય છે.

કાંનસલ રાખવામાં આવ્યો નથી.

ફેંસલો—આ બીગાડનું કામ છે. ત્રીચીનાપોલી સેહેરના બીજા વરગના માજીસ્રેટે તે કામની તપાસ કરેલી અને તેમણે એવું ઠરાવેલું જણાય છે કે તોહોમતવાળાના ઉપર પ્રથમ દર્શનીક હકીકત સાબેત થએલી છે તેથી તા૦ ૨૮ અગષ્ટના રોજ તોહોમતવાળાને પુરાવ ગુજારવા સારૂં તે તપાસ બંધ રાખી તે કામ તે તારીખે રજુવાત ઉપર આવ્યું પરંતુ ફરીઆદી હાજર નહીં હોવાથી માજીસ્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૪૭ પ્રમાણે તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યા.

ફરીઆદીએ જીલ્લા માજીસ્રેટ (એચ. સીવલ) ને અપીલ કરી અને તા૦ ૫ નવેમ્બર શને ૧૮૭૪ ના રોજનું હાયકોરટનું પ્રોસીડીંગ બતાવ્યું. (વેર સાહેબના ક્રીમીનલ રૂલીંગ પનું ૨૮૩.) તે કામ કાહાડી નાખ્યા પછી થોડા વખતમાં ફરીઆદી પોતાના વકીલ સાથે હાજર થયો હતો. માટે જીલ્લા માજીસ્રેટે પોતાના તાબાના માજીસ્રેટનો હુકમ ફેરવ્યો અને ફરી સુનાવણી કરવાનો હુકમ કરયો.

જીલ્લા માજીસ્રેટે આ પ્રમાણે કામ ચલાવ્યું તે વીશે પોતાના ખુલાસામાં કહ્યું છે કે હરકોઈ અપીલકોરટ કલમ ૪૨૩ (અ) પ્રમાણે નીરદોશનો ઠરાવ રદ કરી શકે છે, અને તે કલમ ફકત કલમ ૪૧૭ પ્રમાણેના કામોને માટે છે એમ નથી. જુના કાયદામાં કલમ ૭૨ માં ઠરાવવામાં આવેલું છે કે કોઇ બીજા કામમાં (એટલે સરકારે અપીલ કરવાને ફરમાવેલું હોય તે શીવાયના કામમાં) ફોજદારી કોરટે નીરદોશનો ફેંસલો આપ્યો હોય તે ઉપર અપીલ ચાલશે નહીં. પરંતુ આ રકમ નવા કાયદામાં છોડી દેવામાં આવી છે.

જો કલમ ૨૭૨ માં જે એવો ઠરાવ હતો કે નીરદોસના ફેંસલા ઉપર બીજા કોઇ કામમાં અપીલ ચાલશે નહીં એવો ઠરાવ છોડી દેવા માં આવેલો છે તોપણ ખુલ્લું જણાય છે કે આવી અપીલ હાયકોરટ શીવાય બીજી કોરટ સાંભળી શકતી નથી.

કલમ ૪૦૪ માં સામાન્ય નીયમ ઠરાવેલો છે કે જે ઠરાવ કરવા-માં આવેલો છે તે શીવાય અપીલ ચાલશે નહીં. કલમ ૪૦૫ થી ૪૧૬ અમુક કામોમાં અપીલો બાબત છે પરંતુ નીરદોશના કોઇ કામમાં અપી-લ કરવાનો નથી. ફકત કલમ ૪૧૭ થી ઠરાવવામાં આવ્યું છે કે નીર-દોશના ઠરાવ ઉપર અપીલ ચાલે છે અને તે પ્રમાણે સરકારે ફરમાવેલી અપીલ ફકત હાયકોરટને આપવી જોઇએ આ પ્રમાણે છે તો કલમ ૪૨૩ ની રકમ (અ) ફકત હાયકોરટને લાગુ થાય છે.

કલમ ૨૦૫ ને બદલે કલમ ૨૪૭ મી કરવામાં આવેલી છે. અને કલમ ૨૦૮ ની ૩ જી રકમને બદલે અને જુના કાયદાની કલમ ૨૧૨ ને બદલે તે કલમ કરવામાં આવેલી છે. તા૦ ૫ નવેંબર સને ૧૮૭૪ ના રોજનું હાયકોરટનું પ્રોશીડીંગ છે તેમાં જો કે હાયકોરટે ઠરાવ્યું છે કે કલમ ૨૦૮ પ્રમાણે માજીસ્ટ્રેટને આપેલો કુલ અખત્યાર ખોટી રીતે વાપ રવામાં આવેલો હતો તોપણ એમ પણ ઠરાવવામાં આવેલું છે કે તે કા ઢાડી નાંખ્યાનો હુકમ કાયદેસર છે અને કાયમ રાખવો જોઇએ. આ પ્ર માણે વીચાર કરતા બીજા વરગના માજીસ્ટ્રેટનો હુકમ આ કામમાં કાયદે સર છે માટે તે રદ કરવો નહીં જોઇએ.

કલમ ૪૩૯ પ્રમાણે ફરી તપાસનો હાયકોરટને અખત્યાર છે તે આ કામમાં જોવાની જરૂર નથી.

સબબ જીલ્લા માજીસ્તરેટનો હુકમ કાયદા વીરૂધ છે. તેથી તે રદ થવો જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ ડીસેમ્બર સને ૧૮૮૩.

મી૦ જસ્ટીસ હચીન્સ સાહેબની રૂબરૂ

ગોવીદાન નાયક વીગરેની અરજીઓની બાબતમાં

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે ફરીઆદ ચલાવવાને મંજુરી આપતાં પેહેલાં કોરટ એવી ખાતરી કરવા-ને બંધાએલા છે કે ગુનહો થએલો છે પરંતુ તે ગુનહામાં જે સખશો

ગુંથાએલાં હોય તે તમામ શખશોની બાબતમાં તપાસ કરવાને બંધાએલા નથી.

પાનું ૨૨૪ તા૦ ૧૦ નવેંબર સને ૧૮૮૩ ના રોજ કોટીયામ તાલુકાના બીજા વરગના માજીસ્તરેટનું તા૦ ૨૭ સપટેંબર સને ૧૮૮૩ ના રોજનું પ્રોશીડીંગ અપીલમાં મજકુરના જોઇન્ટ માજીસ્ત્રેટ એચ. રોશ સાહેબે બાહાલ રાખેલો તે રદ કરવાને સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે હાય કોરટમાં આ અરજીઓ કરવામાં આવી છે.

એટટાઈ ચીપોકને અમુક સખશો ઉપર એક તોહોમત રાખેલું તેનો તપાસ બીજા વરગના માજીસ્તરેટે કરયો અને તોહોમતવાળાને છોડી દીધો તથા પોલીસે આરોપના મોકલેલાં કાગળ ઉપર એવો સેરો કરયો કે ફરીઆદી ઉપર જુઠી ફરીયાદ કરયા બાબતનું કામ ચલાવવું જોઇએ. અને અરજદારો ઉપર તેમાં મદદ કરયા બાબત ફરીયાદ ચલાવવી જોઇએ.

ટાઇ ચીપોકને મુકેલા આરોપ સાથે અરજદારોને કાંઇ પણ સંબંધ હતો એવું બતાવવાને કાંઇ પણ પુરાવ નથી.

અરજદારો તરફથી મી૦ વેડબર્ને તકરાર કરી કે સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે માજીસ્ત્રેટનો હુકમ ફરીઆદ ચલાવવાને ઠરાવ કરયા તરીકે ગણી શકાય કે મંજુરી તરીકે ગણી શકાય. પણ તે હુકમ કાયદેસર નથી. કારણ કે અરજદારો ઉપર કોઇ સખસે ફરીઆદ કરી નથી તેમ માજીસ્ત્રેટની રૂબરૂ એવો કાંઇ પુરાવ નથી કે જે ઉપર તેઉ એમ ઠરાવી શકે કે અરજદારોએ કાંઇ ગુન્હો કરેલો છે એમ ધારવાને કારણ છે કે નહીં.

પોકને જે સખસો ઉપર આરોપ રાખ્યો હતો તે સખસોની તરફથી મી૦ શેપર્ડ હાજર થયા. અને તેમની તરફથી સદરહુ હુકમના આધારમાં કોરટને તકરાર જાહેર કરવાને પરવાનગી આપવામાં આવેલી હતી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

આ કામમાં એકટાઇચી પોકને અમુક સખસો ઉપર ખોટી રીતે કેદ અને જબરાઇથી કઢાવવા બાબત આરોપ રાખેલો હતો. બીજા વરગના માજીસ્ત્રેટે તપાસ કરી અને તે આરોપ જુઠો છે એવો નીશ્ચય કરી એવી મતલબનું પ્રોસીડીંગ લખ્યું કે ફરીઆદી તથા પોલીસના રીપોટમાં બતાવેલા સખસો (હાલના અરજદારો)ના ઉપર એટલે ફરીઆદી ઉપર જુઠી ફરીઆદ કરયા બાબત અને આ બીજા સખસો ઉપર જુઠી ફરીઆદમાં મદદ કરયા બાબત કામ ચલાવવું જોઇએ. આ મંજુરી છે એમ ગ

मे मानीए छीए अने फरीआद चलाववानो हुकम नथी. परंतु एवी तकरार करवामां आवी छे अने एम जणाय छे पण खरुं के आ अरजदारोनी वीरुध पोलीसे सबंध वगरनी जुदी जुदी बाबतो लखी लीधी छे ते शीवाय तेमना वीरुध कोइ प्रकारनो पुरावा नथी.

फो. का. च. नी रीतना कायदानी कलम १९५ प्रमाणे मंजुरी आपतां पेहेलां गुनोह बनेलो छे एवी खातरी करवाने कोरट बंधाएला छे तमाम सखसो जे ते गुनाहमां गुंथाएला होय तेमनी बाबत तपास करवाने ते बंधाएला छे एम अमारी नजरमां आवतुं नथी. परंतु ते वीरुध ते कलममां खुल्लुं ठरावेलुं छे के ते मंजुरी साधारण शब्दोथी होवी जोइए अने तोहोमतवाळा सखसना अगर सखसोनां नाम बतावनानी बीलकुल जरुर नथी. आ प्रमाणे छे तो जो, तेओनां नाम ते मंजुरीना हुकममां बतावनामां आवेलां ना होय तोपण ते मंजुरीना हुकममां ते अरजदारोनो समास थइ शकतो हतो, गमेतेम होय पण कोरटने एक वखत खातरी थाय के आ प्रकारनो गुनोह बनेलो छे एटले ते बाबतमां कोइ सखस गुंथाएलो कहेवामां आवेलो होय ते केटलो गुंथाएलो छे तेनो तपास करवाने हुकम आपवा सारु कोरटनो अख्त्यार छे.

सबब अमे आ अरजीओ नामंजुर करीए छीए.

फोजदारी अपील.

फुलबेंच

ता० १५ नवेंबर सने १८८३

सर आरथर जे. टरनर नाइट चीफ जस्टीस, मी० जस्टीस करनान मी० जस्टीस कींडरसली अने मी० जस्टीस मतुसामीआयर साहेबोनी रुबरु.

माहाराणी केशरेहींद वीरुध सामीनाथाचेती.

फो. का. च. रीतना कायदानी कलम १६०—पोलीस अमलदार—तपास—फरीआदनो जवाब देवाने समन्स.

जे पोलीस अमलदार फो. का. च. नी रीतना कायदाना बाब ५ प्रमाणे तपास करता होय तेमने ते कायदानी कलम १६० प्रमाणे जे सखसो कामथी वाकेफगार होय तेमने अमुक हदनी अंदर पोतानी रुबरु हाजर थवाने फरज पाडवानो अखत्यार छे. परंतु ते उपरथी तोहोमतवाळा उपर जे फरीआद करवामां आवी होय ते फरीआदनो जवाब देवा सारु तोहोमतवाळाने हाजर थवानी फरज पाडवानो अखत्यार नथी.

પાનું ૨૭૪ તાનજોરના આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટ જે. બી. પોની ગટન સાહેબે તા૦ ૧૩ અગષ્ટ સને ૧૮૮૩ ના રોજ ફો. જદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટના હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે.

કોરટના ફેંસલા ઉપરથી આ રીપોટના કારણુસર હકીકત જોઇતી રીતે જણાય છે. આ કામમાં જે પ્રશ્ન ઉતપન થએલો તે વીશે જસ્ટીસ ફોંડરસલી અને જસ્ટીસ હચીન્સ શાહેબોની વચમાં જુદો અભીપ્રાય થએલો તેથી તા૦ ૨૭ મી અકટોંબર સને ૧૮૮૩ ના રોજ આ કામ વ્યવસ્થા કરવાને સારૂ ફુલબેંચ તરફ મોકલવામાં આવેલું છે.

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

ફુલબેંચનો ફેંસલો ચીફ જસ્ટીસ ટરનર સાહેબે નીચે પ્રમાણે આપ્યો

આ કામમાં તોહોમતવાળા ઉપર એક પોલીસ અમલદારે મનુષ્ય નશનના આરોપનો જવાબ દેવા સારૂ હાજર થવા સારૂ ફો. કા.ચ .ની રીતના કાયદાની કલમ ૧૬૦ પ્રમાણે સમન્સ કાહાડેલો તે સમન્સનું અપમાન કરયા બાબતનો આરોપ તોહોમતવાળા ઉપર રાખવામાં આવેલો છે બીજા વરગના માજીસ્ટ્રેટની નજરમાં આવ્યું છે કે કલમ ૧૬૦ ફકત સાક્ષીઓને લાગુ થાય છે. અને તોહોમતવાળા શખસોને લાગુ થતી નથી. અને તેમણે તે કલમની હાંસીઆની નોટ જોએલી છે તે ફકત સાક્ષીઓ સંબંધી છે તેથી તેમણે તોહોમતવાળાને છોડી દીધો એવા કારણથી કે જે સમન્સનું અપમાન કરયા બાબત આરોપ રાખવામાં આવેલો છે તે સમન્સ કાયદેસર રીતે કાહાડવાને પોલીસ અમલદાર મુખત્યાર નહી હતા. તો પણ જોઇંટ માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું છે કે સબ માજીસ્ટ્રેટનો ઠરેલો વીચાર ભુલ ભરેલો છે. તેથી તેમણે તે કામ જીલ્લામાજીસ્ટ્રેટ તરફ હાય કોરટમાં મોકલવા સારૂ મોકલેલું છે.

કોરટના અભીપ્રાયમાં આવે છે કે તોહોમતવાળાને પોતાના ઉપરના આરોપનો જવાબ દેવા સારૂ હાજર થવાની ફરજ પાડવાનો પોલીસ અમલદારને કલમ ૧૬૦ પ્રમાણે અખત્યાર નથી. કાયદા કરનારનો ઇરાદો એવો જણાય છે કે પુરાવ મેળવવાને શેહેલાઇ થાય તે વીશે ફકત ગોઠવણુ કરવી અને તોહોમતવાળાને હરકોઇ વખતે પકડી શકાય છે અને જો જરૂર પડેતો વારંટ વીના પકડી શકાય છે. માટે તેને હાજર થવા સારૂ તે ઠરાવ નથી.

પોલીસ કોઇ શખશને એમ માનતા હોય કે તે બાતમી આપી શકે. તેવી સ્થીતીમાં છે તો તેને હાજર થવાનો હુકમ કરી શકે છે. અને તે પ્રમાણે હાજર થવાને જે સખુસ ઉપર હુકમ કરવામાં આવેલો હોય તે સ

ખસ જે હકીકત કહેવાથી પોતે ગુનેહગાર થતો હોય તે હકીકત કહેવા ની ના કહી શકે છે. પરંતુ જેમ આ કામમાં ફરીઆદનો જવાબ દેવાને શમન્શ કરવામાં આવેલો હતો તેમ તેના ઉપર શમન્શ થઇ શકતો નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૪ ડીશંબર શને ૧૮૮૩

શર ચારલશ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીસ કરનાન સાહેબોની રૂબરૂ.

માહારાણી વીરૂધ ક્રીશનાપા મુરગાપા

પીનલકોડની કલમ ૨૬૯—કોલેરા આવેલું હોય તે દરમીઆનમાં ટ્રેનમાં મુશાફરી કરવી.

ક જાણુતો હતો કે મને કોલેરા આવેલું છે તેમ છતાં પોતાની સ્થી તીની રેલવે કંપનીના નોકરોને ખબર આપ્યા શીવાય પ્રાસેનજર તરીકે ટ્રેનમાં પેઠો. મ એ ક ની સ્થીતી જાણીને ક ની ટીકીટ ખરીદ કરી અ ને તેની શાથે મુશાફરી કરી.

ઠરાવવામાં આવ્યું છે કે હીં. ફો. કા. ની કલમ ૨૬૯ પ્રમાણે જે કૃત્ય કશુર ભરેલું છે. અને તેવું માનવાને તેને કારણ હતું તેથી તે કશુર ભરેલા કેસ બાબત ક ને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે તે બરોબર છે કારણ કે તેથી હયાતીને ભય થાય તેવો ચેપીરોગ પસરવાનો સંભવ હ તો અને મ ને ક ના ગુનહામાં મદદ કરયા બાબત ગુનેહગાર ઠરાવેલો છે તે પણ બરોબર છે.

પાનુ ૨૭૬ સાલમના આકટીંગ જીલા માજીસ્રેટ શી ડબલ્યું. મા ર્ટીન સાહેબે આ કામમાં પુછેલું છે.

કામની હકીકત જીલા માજીસ્રેટે નીચે પ્રમાણે કહેલી છે:—

"એક ક્રીશ્નાપાચેતીને કોલેરા આવેલું તેમ છતાં તેણે ટરેનમાં મુ સાફરી કરી અને બીજા મોરોગાપાચેતીએ તેની ટીકીટ ખરીદ કરી અને પોતાની સાથે તે માંદા માણુસને લેઇ ગયો. તેથી સને ૧૮૮૩ કયાલંડર નંબર ૨૬૪ ના કામમાં વેનીયમ બાડીના બીજા વરગના માજીસ્રેટ તે એઉનો દંડ કરેલો છે.

"તેઓને હીં. ફો. કા. ની કલમ ૨૬૯ પ્રમાણે શીક્ષા કરેલી છે. રેલવે આકટ (સને ૧૮૭૯ નો ૪ થો) ની કલમ ૨૦ પ્રમાણે ચે પીરોગવાળા જે સખસો રેલવેની ગાડીમા હોય તે સખસોને ખસેડવાને રેલવેના નોકરોને અખત્યાર આપવામાં આવેલો છે. પરંતુ તે મુસાફરો

શીક્ષાને પાત્ર છે એમ ઠરાવેલું નથી.

"ઇીં. ફો. કા. ની કલમ ૨૬૯ આ કામને લાગુ કરવી એ બેંચીને લાગુ કરેલી છે એમ અમને જણાય છે."

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે:—

ચીફ જષ્ટીશ ટરનર સાહેબ:—અમારા અભીપ્રાયમા આવે છે કે પૂરાવ ઉપરથી ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર કરેલો છે.

તે માંદો માણુસ જાણતો હતો કે પોતાને કોલેરા આવેલું છે તેમ છતાં તેણે તે વખતે ટરેનમાં પાશેનજર તરીકે રહયો તેથી હયાતીને ભય થાય એવો ચેપીરોગ પસરવાનો સંભવ હતો એમ તેણે જાણવુંજ જોઇએ. અને તેમ કરવાથી તેની સાથેના જે પાસેનજરો હતા તેઓને જોખમ થાય નહી તેઓની બાબતમાં જે સાવધગીરી રાખવી જોઇએ તે રાખવાને તેણે કશુર કરેલી છે. કારણ કે તેણે પોતાની સ્થીતીની ખબર કંપનીના નોકરોને આપેલી નથી કે જેથી તેઓ તેને વાસ્તે જુદી સગવડ કરે અગર કાયદેસર રીતે મુસાફરી કરતાં તેને અટકાવે બીજા તોહોમતવાળાએ તે કલમાં મદદ કરેલી છે. સબબ અમે તેમાં હાથ ઘાલતા નથી.

—————

ફોજદારી અપીલ.

તા૦ ૧૩ ફેબરવારી સને ૧૮૮૪

મી૦ જષ્ટીશ હચીન્સ અને મી૦ જષ્ટીશ બ્રાન્ટ સાહેબોની રૂબરૂ.

અમીના વીરૂધ માહારાણી કેસરેહીંદ.

પીનલકોડની કલમ ૩૭૦—ગુલામગીરી—તે શબ્દનો અર્થ.

એક તેર વરસની છોકરી ब ઉપર स નો હક હતો તે હક स એ રૂ ૨૫) માટે अ ને આપ્યો. જે દસ્તાવેજથી આ વેહેવાર કરવામાં આવ્યો તેમાં તે ब નુ વરણુન એવી રીતે કરવામાં આવેલું છે કે તે स એ प પાશેથી ખરીદ કરેલી વીલાયતી અગર ગુલામ છોકરી ખરીદ કરેલી છે.

ઠરાવવામાં આવ્યું કે ઇીં. ફો. કા. ની કલમ ૩૭૦ ના હેતુ પ્રમાણે ब ને ગુલામ તરીકે ખરીદ કરયા બાબત अ ગુનેહગાર છે.

પાનું ૨૭૭ સને ૧૮૮૩ ના નંબર ૭ ની કયાલંડર મુકરદમાંમાં તા૦ ૮ અકટોબર સને ૧૮૮૩ ના રોજ ઉત્તર

મલબારના શેશન જડજ ટી. વેનડી હારડીજે કરેલી શીક્ષાનાં હુકમ ઉપ ર આ અપીલ કરવામાં આવી છે,

અપીલવાળી અમીનાને એક છોકરી ગુલામ તરીકે ખરીદ કરયા બાબત હીં. ફો. કાયદાની કલમ ૩૭૦ મી પ્રમાણે ગુનેહગાર ઠ. રાવેલી છે.

તપાસમાં જે હકીકત શાબેત થએલી છે તે એવી છે કે ફરીઆદી ની એક તેર વરસની નામે દાશી નામે બીમાને સુપી અને પાકીર હાજી ન ફોસલાવી લેઇ ગયા હતા.

આ છોકરીને આ સખસો વાયનાદ તરફ લેઇ ગયા અને ત્યાં વેચવા ને અજમાવતાં છેવટે રૂ ૨૫) માટે અમીનાને વેચી.

જે દસ્તાવેજથી તે વેચાણ આપવામાં આવેલી છે તેમાં સુપીએ પોતાનો તમામ તે છોકરી બીમા ઉપરનો હક કે જે તેણે પાકી હાજી ન પાસેથી ખરીદ કરયો હતો તે રૂ ૨૫) માટે આમીનાને આપેલો છે એમ બતાવવામાં આવે છે. ફરીઆદીને તે બીમા અમીનાના ઘરમાં માલુ મ પડી ત્યારે અમીનાએ તે છોકરીને આપવાની ના કહી એવી રીતે કે જ્યાં સુધી તેને માટે મેં જે નાંણાં આપેલાં છે તે મને આપવામાં આ વે ત્યાંહાં સુધી તેને સોંપવામાં આવશે નહી. અને છેવટે તે દસ્તાવેજ સા થે બે માણુસો કરકાદ મોકલ્યાં એવું કહીને કે નાંણા પાછાં આપવામાં આવે ત્યાંહાં સુધી તે છોકરીને શોંપવી નહી, કારણ કે સુપીએ કારકાદ માં પાકીર હાજીર પાસેથી નાંણા લેવાને વચન આપેલું છે. રસ્તામાં ફ રીયાદીને તે માણુસો પાસેથી દસતાવેજ મળ્યો, અને તેથી તેણે માજીસ્રેટ ની રૂબરૂ ફરીઆદ કરી.

જડજે આસેસરોનો અભીપ્રાય માગતાં તેઓએ કહયું છે કે "વે લાતી" એવો શબ્દ વાપરવામાં આવ્યો છે તે ઉતર મલબારમાં માપીલા ઓ સમજે છે તે પ્રમાણે ખુલ્લું જણાય છે કે તે બીમાને ગુલામ તરીકે વેચવામાં આવી હતી.

સુપી અને પાકીર હાજી એ બેઉને તપાસમાં તે છોકરીને "ગુલામ તરીકે વેચ્યા બાબત ગુનેહગાર ઠરાવેલા છે, અને સુપીને મનુષ્ય નયન ક રયા બાબત પણ ગુનેહગાર ઠરાવ્યો છે. બેઉએ હાય કોરટમાં અપીલ ક રી, અને તેઓની અપીલોની અમીનાની અપીલ સાથે બ્યવસ્થા કર. વામાં આવી.

અપીલવાળી અમીના તરફથી મી૦ વેડરબર્ન (તેમની સાથે સંકરા નનાયર) હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ રામકુંવરના કામમાં ચીફ જસ્ટીસ સ્ટુઅરટ સાહેબે આપેલો ફેંસલો બતાવ્યો અને તકરાર કરી કેઃ—

(૧) હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૭૦ નો અરથ વીદાન ચીફ જસ્ટીસ સાહેબે કરેલો છે તે બરોબર હોય તો, આ ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે નથી.

(૨) વેલાતી શબ્દનો અરથ સ્ત્રી નોકર થાય છે, અને તેથી કાંઇ વધારે થનો નથી, અને જે હકીકત સાબેત થએલી છે તે ઉપરથી અમીનાએ ઘરકાંમ સારૂ નોકરના કારણુસર તે છોકરીને ખરીદ કરેલી છે. તે શીવાયના કારણુસર ખરીદ કરેલી નથી.

(૩) જો તે ગુનહો સાબીત છે એમ ઠરાવવામાં આવે તોપણ ખુલ્લું છે કે અમીના શુધ અંતઃકરણથી એમ માનતી હતી કે હું કાંઇ કાયદો ઉલંઘન કરી ઠરતી નથી અને તેમ માની તેણે તે કરેલું છે માટે નામની શીક્ષા તે કામને માટે બશ છે કારણ કે તે છોકરીની સારી રીતે બરદાસ કરવામાં આવી નથી તેવું બતાવવાને કાંઇ પણ નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે.

જષ્ટીશ હચીન્સ સાહેબઃ—જડજના ઠરાવ સાથે આસેશરો મળતા આવેલા છે તે બરોબર છે તે વીશે અંદેશો રાખવાને કાંઈ કારણ અમારા જોવામાં નથી.

વળી અમારા વીચારમાં આવે છે કે આસેસરોએ જે એવો અભીપ્રાય આપ્યો છે કે તે છોકરીને ગુલામ તરીકે વેચેલી છે તે અભીપ્રાય તેમણે કબુલ કરેલો છે તે બરોબર છે. તેઓએ ખુલ્લું કહેલું છે કે "વેલાતી" શબ્દ વાપરેલો છે તે ઉતર મલબારમાં માપીલાઓના સમજવામાં છે તે પ્રમાણે ખુલ્લું જણાય છે કે તે છોકરીને ગુલામ તરીકે વેચવામાં આવી હતી અને બીજી રીતે વેચેલી નથી.

અપીલવાળી અમીનાની બાબતમાં એવી તકરાર કરવામાં આવી છે કે તે છોકરીને ગુલામ તરીકે વેચવામાં આવેલી એવું નીશ્ચયકારક રીતે બતાવવામાં આવ્યું નથી અને એમ વેચેલી હોય તોપણ તે પ્રમાણે છે. એમ અપીલવાળી જાણુતી હતી અગર તે રીવાજ વીરૂધ કરેછે એમ જાણુતી હતી એવું ધારવાને કાંઇ કારણ નથી.

શીક્ષા કરવામાં આવી છે તેનો વીચાર કરતાં બીજી તકરાર કેટલીક વજનદાર છે, પરંતુ ગુનહાના સવાલને તેથી અશર થઇ શકતો નથી. નીચે લખેલા કામના ઠરાવો અમને બતાવવામાં આવેલા તે ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

મહારાણી વી૦ મીરઝાશીકંદર ખતના કામમાં કરેલો ઠરાવ અને કેસરેહીંદ વી૦ રામકુંવરના કામમાં કરેલો ઠરાવ.

અમારી રૂબરૂ જે કામની હકીકત છે તેનાથી સદરહુ પાછલા કામની હકીકત વાસ્તવીક રીતે કેટલીક બાબતમાં જુદી છે. પણ કાયદાના બાબ ૧૬ ની કલમો આ બાબતને ખાસ રીતે લાગુ હોવાથી ગુલામ ગુલામેગીરીને તેના બરોબર રૂપમાં એટલે કે એવો કોલકરાર કે જેથી બીજાની છુંટ બીજાનો પૈસો અને બીજાની જીંદગીના ઉપર સંપુરણ અને બેહદ અખ્તીઆર તેના શેઠને આપલો છે એ, અટકાવવાને તે ઘડવામાં આવેલી છે એટલુંજ નહી પણ ગમે તે દુરસ્ત કરેલું રૂપ જેથી સંપુરણ અખ્તીઆર બીજાની છુટ ઉપર સાબીત ઠરાવેલ છે તે અટકાવવાને વાસ્તે પણ ઘડવામાં આવી છે. મનુષ્ય જાતને વેચવા અગર બ્યવસ્થા કરવાથી એક માણુશે જે ગુલામ તે તેના ઉપર તેની મીલકત તરીકે હક કરે છે અને એ મીલકત બીજાને આપેછે તેની વીરૂધ છે.

આ કામમાં અમને બીલકુલ શક નથી કે સુપીએ પોતાના બીમા નામની છોકરી ઉપર જે હકો ધારેલા તે નાણા લેઇ અમીનાને આપેલાંછે

આ બાબત ઉપર આસેસરોના અભીપ્રાય અને "વીલાતી" શબ્દમાં જે આવી જાય છે તેના ઉપર તેમનો અભીપ્રાય જે છે તે ઘણો વજનદાર છે.

પણ જયારે અમે અમીનાના કામમાં કરેલો ઠરાવ કાયમ રાખીએ ત્યારે ઘણા વખતની જે વાત સુખેથી ચાલી જાય છે તેના સંભવીત પરીણામથી આવી વરતણુંક થાય છે તે અને અમીના તે હકીકત છાની રાતે વરતેલી નથી અને જો કે તેણીએ પૈસા પાછા લેવાની ઈછા રાખી તોપણ તે છોડીને આપી દેવામાં કાંઇ હરકત લીધી નથી. અને તે છોકરીની સાથે ઘાતકીપણે અગર સખતાઇથી અપીલવાળાએ વરતણુંક રાખી હતી એવો પુરાવો નથી એ હકીકત ધ્યાનમાં લેવાથી અમારી નજરમાં એમ આવે છે કે તે બાઇએ જે કેદ (૩ મહીનાની લગભગ) ભોગવી છે તે બસ છે. અને અમે બાકીની શીક્ષા માફ કરીએ છીએ.

એમ સમજવું જોઇએછે કે આ અપીલનો ફેંસલો થાય ત્યાં સુધી અપીલવાળાને જામીન ઉપર છોડવામાં આવેલો છે.

તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો

ફોજદારી અપીલ,

તા૦ ૧૮ જાનેવારી સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ કીંડરસલી અને મી૦ જસ્ટીસ હચીન્સ

સાહેબોની રૂબરૂ.

લક્ષમાજી વીરૂધ માહારાણી કેશરેહીંદ.

પીનલકોડની કલમ ૧૯૧, ૧૯૨, ૧૯૬—જુઠો પુરાવ બનાવવો—રજીસ્ટ્રારની રૂબરૂ ઉપયોગ કરવાનો ઇરાદો-દીવાની કોરટમાં ઉપયો કરવો.

લ એ એક ખતની રૂઇએ દાવો કરયો અને જે કાગળ ઘણું કરીને લ તે ખત રજીસ્ટ્રર કરાવી શકે તે કારણસર જુઠો બનાવેલો તે કાગળ પોતાના દાવાની પુસ્ટીમાં બતાવવાને તેણે માગ્યું. લ ને હીં. ફો. કા.ની કલમ ૧૯૬ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવ્યો.

ઠરાવવામાં આવ્યું કે જો તે કાગળ રજીસ્ટ્રારની રૂબરૂ ઉપયોગમાં લેવાને જુઠો બનાવવામાં આવેલો હોય તોતે ગુનાહની સાબેતીના ઠરાવમાં બળવાન રીતે હરકતકારક થતો નથી.

પાનું ૨૮૯ આ રીપોટના કારણસર કામની હકીકત કોરટના ફેંસલા ઉપરથી પુક્તરીતે જણાય છે.

અપીલવાળા તરફથી મી૦ સ્પ્રીંગ બ્રાનસર.

શરકાર તરફથી સરકારી વકીલ મી૦ બ્રાનસર.

અપીલવાળાએ પોતાની તકરારની પુસ્ટીમાં માહારાણી વી૦ ખેરોદચંદર મજમુદાર.

કોરટનો ફેંશલો નીચે પ્રમાણે જસ્ટીસ હચીન્શ સાહેબે આપ્યો.

સને ૧૮૭૫ ની સાલમાં એક પટભીરામાયા જેપુરનો દીવાન હતો. અને વળી તેની પાસે માહુગુલ્લા જાગીરનો વહીવટ હતો અને તે જાગીર તેમના શેઠને ગીરો આપવામાં આવેલી હતી. તે અપીલવાળો એઉ જાગીરોનો મુખત્યાર હતો. તા૦ ૨૧ એપ્રીલ સને ૧૮૭૫ ના રોજ અપીલવાળાએ માહુગુલ્લાના જમીનદારે પોતાને ખત લખી આપેલું હોય એવી મતલબનું એક ખત રજીસ્ટર કરાવ્યું, સને ૧૮૮૧ ની સાલમાં આ ખતની રૂઇએ તેણે દાવો કરયો. અને તપાસમાં બ નીશાનનો કાગળ પોતાના દાવાના આધારમાં બતાવવાને માગ્યું તે કાગળ તા૦ ૧૦ એપ્રીલ સને ૧૮૭૫ ના રોજ માહુગુલ્લેથી પટાભીરામાયારે તેને લખેલો એ મતલબનો છે અને તેમાં અ નીશાનનો દસ્તાવેજ આવી ગએલો છે કોરટે આ દસ્તાવેજ જુઠો બનાવટનો છે એમ ઠરાવી અપીલવાળા ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપી.

તેને ત્રણ રીતના આરોપ રાખીને કમીટ કરવામા આવ્યો. પેહેલો એવી રીતનો કે તેણે તે કાગળની બાબતમાં જુઠી શાહેદી આપી છે. પરંતુ કાયદા પ્રમાણે તેની જુબાની તેને વાંચી બતાવવામાં આવેલી નહી તેથી તે આરોપ ચાલી શકયો નહી. ત્રીજો આરોપ કલમ ૪૭૧ પ્રમાણે જુઠો બનાવેલો દસ્તાવેજ બદદયાનતથી વાપરયાનો રાખવામાં આવેલો હતો પણ તે બાબત તેને નીરદોશ ઠરાવવામાં આવ્યો. કારણ કે અ નીશાનનો દસ્તાવેજ જુઠો બનાવવામાં આવ્યો હતો અગર તે લેહેણું ખરી પ્રકારે થએલું નહી હતું એ વીશે કાંઇ પૂરાવ નથી. માટે બદદયાનતથી અગર ખોટી રીતનું નુકશાન કરવાનો ઇરાદો સાબેત થએલો નથી. બીજો આરોપ એવો રાખવામા આવેલો છે કે બ નીશાનનો દસ્તાવેજ જુઠો બનાવેલો છે એમ જાણ્યા છતાં ખોટી રીતે તેનો ઉપયોગ કરયો. આ આરોપ બાબત તેને ગુનેહગાર ઠરાવી ચાર વરસ સખત મજુરી શાથે કેદની શીક્ષા કરેલી છે.

અપીલવાળાએ પોતેજ ઘણીજ મેહેનત લેઇ લખેલી તકરાર રજુ કરી છે અને વળી તેની તરફથી તેના કાંઊનશલે કરેલી તકરાર અમે સાંભળી છે તેના કાંનશીલે મુખ્યત્વે કરીને અકલ ભરેલી કાયદેસર તકરાર ઉપર આધાર રાખેલો છે તે તકરાર એવી મતલબની છે કે કલમ ૧૯૬ લાગુ થઈ શકતી નથી જો કોઇ કલમ લાગુ થતી હોય તો તે કલમ ૪૭૧ છે પરંતુ તે કલમ પ્રમાણે નીરદોશગી ઠરાવ કરવામાં આવેલો છે અને તેના ઉપર અપીલ કરવામાં આવેલી નથી માટે અપીલમાં ગુનહાની સાબેતીના ઠરાવમાં ફેરફાર કરી ગુનહાની સાબેતીનો ઠરાવ તે કલમ પ્રમાણે કરી શકાતો નથી. કલમ ૧૯૬ ની બાબતમાં તકરાર કરવામાં આવી છે કે તે કલમ ૧૯૧ અને ૧૯૨ સાથે વાંચવી જોઇએ, અને જે પૂરાવ કલમ ૧૯૧ ના હેતુ પ્રમાણે જુઠો હોય અગર કલમ ૧૯૨ ની વાખ્યા પ્રમાણે જુઠો બનાવટનો હોય એવા પુરાવનો ઉપયોગ કરવામાં આવેલો હોય તેનેજ ફકત લાગુ થઇ શકે છે અને અમારી નજરમાં આવે છે કે સે તકરાર બરોબર છે, વળી તેમણે તકરાર કરી છે કે જયાં સુધી જુઠો દસ્તાવેજ બનાવતી વખતે તે પુરાવમાં રજુ કરવાનો છે એવો ઇરાદો માલમ પડે નહીં. ત્યાં સુધી કલમ ૧૯૨ પ્રમાણે તે જુઠો દસ્તાવેજ જુઠો બનાવલો પુરાવ થતો નથી. પછી તેમણે જડજનો અભીપ્રાય બતાવેલો છે કે જે તારીખનો જે કાગળ છે તે તારીખે તે જુઠો બનાવેલો છે અને જે સખસે તે લખેલો બતાવવામાં આવેલો છે તે શખસે તે લખેલો છે એવા કારણુથી કે અપીલવાળો તે ખત રજીષ્ટર કરાવી શકે તેથી તેમણે રજીષ્ટારની રૂબરૂના કામમાં અને દીવાની કોરટની રૂબરૂના

કામમાં ભેદ ગણેલો છે. "માટે તેમણે તકરાર કરી છે કે તે કાગળ રજીસ્ટ્રારની રૂબરૂ ઉપીયોગમાં લેવાને બનાવવામાં આવેલો હોય તો તદન જુદા કારણસર દીવાની કોરટમા તે વાપરવાથી કલમ ૧૯૬ પ્રમાણે ગુનહો થતો નથી. આ તકરાર ચાલી શકતી નથી. જો તે કાગળ કોઇ પણ કામમાં પુરાવમાં રજુ થઇ શકે તે સારૂ બનાવવામાં આવેલો હોય તો તે જુઠો બનાવટનો પૂરાવ છે. અને કોઇ પણ જુઠા બનાવટના પૂરાવનો ખોટી રીતે ઉપીયોગ કરવો તે કલમ ૧૯૬ પ્રમાણે ગુનહો છે. જો તે કાગળ જુઠો બનાવેલો હોય તો તે બનાવવાનો હેતુ તે જડજના ધારવા પ્રમાણે રજીસ્ટારની રૂબરૂ ઉપયોગમાં આવી શકે અગર છેવટે જેમ આ દાવામાં ઉપીયોગ કરવામાં આવેલો છે તેવો ઉપીયોગમાં આવી શકે અગર બેઉ રીતે ઉપીયોગમાં આવી શકે તેવો છે એમાં અમને કાંઈ શક નથી. બીજો કોઇ હેતુ સુચવવામાં આવ્યો નથી તેમ અમે કોઇ ધારી પણ શકતા નથી. અને આ કારણોમાંથી એક કારણ સર તે ઉપયોગમાં લેવામાં આવેલો છે તે નકીછે અને ઘણું કરીને બેઉ કારણસર ઉપીયોગમાં લેવામાં આવેલો છે. માટે અમે વ્યાજબી રાહે અનુમાન કરી શકીએ છીએ કે તે પ્રમાણે ઉપયોગમાં લેવાને ઇરાદો રાખવામાં આવેલો છે.

તે કાગળ જુઠો બનાવટનો છે કે નહી એ સવાલ હવે આવે છે, તા૦ ૧૦ એપ્રીલ સને ૧૮૭૫ ના રોજ પાટાધીરામાયા માદ્રુગુબાની પાસે કોઇ જગોએ નહી હતો એમ નીરસંસય રીતે સાબેત થએલું જણાય છે. અને તેથી તે કાગળ જુઠો બનાવટનો છે એમ બતાવવાને બસ છે. વળી એમ ખુલું જણાય છે કે અપીલવાળો તે જાણતો હતો કારણ કે તેનો જ નીશાંનનો કાગળ સને ૧૮૭૫ માં લખેલો છે એ વીશે અમને કાંઇ શક નથી.

માટે અપીલવાળાએ પોતાનો બચાવ કરવાને સારો લાગ આપેલો નથી એવું જો ફરીઆદમાં કાંઇ ના હોય તો તે ગુનહાની સાબેતીનો ઠરાવ મંજુર રહેવો જોઇએ. હવે ફકત એક બાબતમાં કામના કાગળો ઉપરથી ફરીઆદ સાબેત થએલી છે. કામના કાગળોમાં અને સેશન જડજે પોતાના ફેંસલાની કલમ ૧૩ થી તે ૧૬ સુધી બીશેશ કરીને જે હકીકત બનેલી તે ખરી રીતે બતાવેલી છે. તેમની રૂબરૂ જે હરકત લેવામાં આવી હતી તે એવી હતી કે એક બીજા કામમાં ચાર સખસોએ જુબાનીઓ આપેલી તે ઉપીયોગમાં લેવાને કમીટ કરનાર માજીસ્તરેટે અપીલવાળાને ના પાડેલી હતી. અને જડજે તે લાગતો હકીકતની નથી એમ ઠરાવેલું છે, અમારી નજરમાં આવે છે કે તે ઠરાવ સદરહુ ફેંસલાની કલ

મ ૧૫ માં વીશેશે કરીને બતાવેલો છે તે બરોબર છે, તે કારણોની સાથે અમે વધારે કહીએ છીએ કે તે ચાર સખશોમાંથી એક સખશને કમીટ કરનાર માજીસ્તરેટની રૂબરૂ અગર શેશન કોરટની રૂબરૂ તપાસ વામાં આવેલો નથી. માટે તે જુબાનીઓ ફકત તેમને ઉલટા વવાના કામમાં ઉપીયોગમાં લેઇ શકાય છે સબબ તે કામ પાછુ મોકલવાને અમે ના કહીએ છીએ.

શીક્ષાના હુકમનો વીચાર કરવાનો રેહે છે. અપીલવાળાને જુઠા સોગનના વધારે ભારે ગુનાહમાંથી નીરદોશ ઠરાવવામાં આવેલો છે માટે તે દાવાવાળુ ખત શાચો દસ્તાવેજ છે એમ ધારવાને અમે બંધાએલા છીએ જે ગુનાહ બાબત તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે તે આ ખત રજીસ્ટર કરાવવાને શારૂ દેખીતી રીતે ઉપયોગમાં આવે તેવો એક કાગળ બનાવ્યા બાબત છે આ કારણથી અમારી નજરમાં આવે છે કે ચાર વરશ શખત મજુરી શાથે કેદની શીક્ષા ઘણીજ શખત શીક્ષા છે અને જ્યારે અપીલવાળો બીજી ભારે સીક્ષા ભોગવે છે ત્યારે તો તે વીશેસે કરીને શખ્ત છે માટે અમે તે ચાર વરસની શજા કમી કરી એક વરશની ઠરાવીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૫ જાનેવારી તથા તા૦ ૪ જાનેવારી શને ૧૮૮૪

મી૦ જસ્ટીશ મુત્તુસ્વામી ઐયર અને મી૦ જસ્ટીશ કીંડરસલી સાહેબોની રૂબરૂ.

રામાસામી વીરૂધ માહારાણી કેશરેહીંદ.

પીનલકોડની કલમ ૨૧૧—પોલીસની રૂબરૂ જુઠો આરોપ રાખવો શેશન કોરટે કરેલો ગુનાહની સાબેતીનો ઠરાવ—માજીસ્ટ્રેટની રૂબરૂ તોહોમતનું સાચાપણુ સાબેત કરવાને તોહોમતવાળાને લાગ આપેલો નહી.

૨ એ સ ઉપર પોલીસની રૂબરૂ ચોરીની ફરીઆદ કરી. પોલીસે તે કામ જુઠુ છે એમ કરી માજીસ્તરેટ તરફ પાછું મોકલ્યું. માજીસ્તરેટે ૨ ઉપર સમન્સ કરયો અને તેને તપાસ્યો. પરંતુ જે સાક્ષીઓનાં તેણે નામ આપેલાં તે સાક્ષીઓને બોલાવીને તે તોહોમત શાબેત કરવાનો તેને લાગ આપ્યો નહી.

પછી માજીસ્ટ્રેટે તે કામ ફાઇલ ઉપરથી દુર કરવાનો હુકમ કરયો અને ૨ ઉપર ફરીઆદ ચલાવવાની મંજુરી આપી.

સાર પછી ૨ ને તેજ માજીસ્તરેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો.

અને તેને શેશન કમીટ કરવામાં આવ્યો. અને શેશન કારટે પીનલકોડ ની કલમ ૨૧૧ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવ્યો.

ઠરાવવામાં આવ્યું કે જો કે ૨ ની તપાસ કરતાં પેહેલાં તેને પોતાની હકીકત સાબેત કરવાને લાગ આપવામાં આવેલો નહી હતો તોપણુ તે ગુનાહની સાબેતીનો ઠરાવ કાયદા વીરૂધ નથી.

સરકાર વીરૂધ કરીમદાદ (ઇ. લા. રી,૬ કલકતા પાનું ૪૯૬)નો ઠરાવ જુદો છે.

પાનું ૨૯૨ આ રીપોટના કારણુસર કોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત તથા તકરારો પુકત રીતે જણાય છે.

અપીલવાળા તરફથી મી० પાવલ અને ડી રંગાચારીઆત.

કોરટનો ફેંસલો જસ્ટીશ કરનાન સાહેબે નીચે પ્રમાણે આપ્યો છે.

મદુરના શેશન જડજની રૂબરૂ અપીલવાળા રામાસામી નાયકે સુબામલના ઉપર એક વાટી ચોરયા બાબત જુઠો આરોપ રાખ્યો હતો. (ફી. ફો. કા. ની કલમ ૨૧૧) તે બાબત તેને ગુનહેગાર ઠરાવવામાં આવેલો છે. તેણે આ કોરટને ચાર કારણોથી અપીલ કરેલી છે. અને ચોથા કારણુ શીવાય તમામ કારણોની બાબતમાં તેની અપીલ મી० જસ્ટીસ હચીન્સ સાહેબે કાહાડી નાંખી. ચોથા કારણુ બાબત તે અપીલ બે જડજોએ શાંભળવી એમ તેમણે ઠરાવેલું છે.

ચોથુ કારણુ એવું છે કે અપીલવાળાના ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપતાં પેહેલાં ચોરીના તાહોમતના આધારમાં જે તેનો પુરાવ હતો તે પુરાવનો વીચાર કરાવવાને તેનો હક છે. આ હરકતનું વજન સમજવાને એટલું યાદ રાખવું જોઇએ કે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૫૧ માં એવું ઠરાવવામાં આવેલું છે કે હવે પછી ઠરાવેલું છે તે સીવાય ફરીઆદ ઉપરથી, પોલીસ રીપોટો ઉપરથી, અને જાહેર કરવા ઉપરથી કોઇ પણુ ગુનાહની તપાસ કરવાને માજીસ્તરેટ મુખત્યાર છે

કલમ ૧૯૫ માં ઠરાવેલું છે કે તેમાં બતાવેલા કોઇ પણુ ગુનાહની તપાસ કોઇ કોરટે કરવી નહી. અને કોઇ પણુ કામ સબંધી ફી. ફો. કાયદાની કલમ ૨૧૧ પ્રમાણેનો ગુનોહ કોઇ કોરટમાં થએલો હોય તો પ્રથમ મંજુરી વીના અગર તે કોરટની ફરીઆદ વીના અગર તે કોરટ જે કોરટને તાબે હોય તે કોરટની ફરીઆદ અગર મંજુરી વીના કોઇ કોરટે તપાશ કરવી નહી.

તે કેદી ઉપર જે આરોપ રાખવામાં આવેલો છે તે એવો છે કે તા० ૨૪ એપ્રીલ સને ૧૮૮૩ ના રોજ સુબામલને નુકશાન કરવાના ઈરાદાથી અસીલામતીની પોલીશની ચોકી નજીક એક ઇમારતમાં ચોરી કરવા

બાબત તેણીના ઉપર જુઠો આરોપ રાખ્યો છે—અને તે બાબત તેની ત પાસ કરવામાં આવેલી છે.

આ આરોપ કોઇ કોરટમાં ચાલેલા કોઇ કામમાં અગર કામ સબંધી કરેલા ગુનાહ સબંધી નથી. માટે તે કલમ પ્રમાણે મંજુરીની જરૂર નથી.

માજીસ્ત્રેટની રૂબરૂ તે બાબત ગએલી ના હોય, તોપણ પોલીસની રૂબરૂ કલમ ૨૧૧ પ્રમાણે ગુનોહ કરવાનો આરોપ બરોબર છે.—માહારાણી વીરૂધ સુબાનાગોનદાન વીગરે કેટલાક ઠરાવો જુઓ.

પરંતુ અપીલવાળાની તકરાર જે હકીકત ઉપરથી ઉતપન થાય છે એવી છે કે પોલીસ અમલદારે તે આરોપનો તપાસ કરી તે જુઠો છે એમ ઠરાવી તા૦ ૮ મે સને ૧૮૮૩ ના રોજ તે કામ માજીસ્ત્રેટ તરફ મોકલેલું છે. આ ઉપરથી માજીસ્તરેટે અપીલવાળા ઉપર સમન્સ કરયો અને તા૦ ૨ જુનના રોજ માજીસ્તરેટે તેને તપાસ્યો. તે તપાસમાં તેણે ફરીથી કહ્યું છે કે સુબા મલેક તે વાટી ચોરી હતી. વળી તેણે બે સખસો કે જેમણે તે વીટી તેણીની પાસે જોએલી તેઓના નામ તેણે કહેલાં છે. આ બાબત માજીસ્તરેટે વધારે તપાસ કરી નથી. અને તે આરોપ સાબેત કરવાને સાક્ષીઓ બોલાવવા સારૂ અપીલવાળાને લાગ આપ્યો નથી. ફકત માજીસ્તરેટે બ નીશાનનો કાગળ લખેલો છે. અને તે શેશન કોરટની રૂબરૂની તપાસમાં રજુ થએલો છે અને તેના ઉપર નીશાન કરવામાં આવેલું છે. બ નીશાનનો કાગળ તા૦ ૩ જી જુન સને ૧૮૮૩ ના રોજનો છે અને તે ઉપર માજીસ્તરેટની સહી છે તેમાં એવું બતાવેલું છે કે પોલીસે તે આરોપ જુઠો ઠરાવેલો છે. અને અપીલવાળા ઉપર સમન્સ કરી તેને તપાસવામાં આવ્યો હતો પરંતુ પોલીસના અભીપ્રાયથી જુદા પડવાને માજીસ્તરેટને કાંઇ કારણ માલમ પડયું નથી. તેથી તે તોહોમત દેખીતી રીતે જુઠું છે. માટે તે કામ ફાઇલ ઉપરથી દુર કરવાનો હુકમ કરી અપીલવાળા ઉપર જુઠા આરોપની ફરીઆદ ચલાવવાની મંજુરી આપેલી છે. એમ તેમાં કહેવામાં આવેલું છે.

પોલીશે તે કામ તેના તેજ ડીપોટી માજીસ્ટ્રેટની રૂબરૂ તા૦ ૩ અગષ્ટના રોજ રજુ કરયું. ફરીઆદ તરફના સાક્ષીઓ તપાસવામાં આવ્યા અને કલમ ૨૧૧ પ્રમાણે અપીલવાળાને શેશન કમીટ કરયો તે કામ તા૦ ૨ જી સપટેબર સને ૧૮૮૩ ના રોજ શેશન જડજે તપાસ્યું. અપીલવાળાએ બચાવ તરફથી ચાર સાક્ષીઓ તપાસેલા છે તેમાં તા૦ ૨ જી જુનના રોજ તેણે જે સખસોના નામ આપેલાં તેઓ આવી ગએલા છે અને તેને ગુનેહગાર ઠરાવી બે વરસ સખત મજુરી સાથે

કેદ અને રૂ ૨૦૦) દંડ અને તે આપવામાં કશુર કરે તો બીજી એક વરસ સખત મજુરી સાથે કેદ ભોગવવી એવી શીક્ષા કરેલી છે.

તે તપાસ અપીલવાળાને ઘણો ગેરફાયદો થાય એવી હકીકતથી કરેલી છે કારણ કે ब નીશાનનો કાગળ પુરાવમાં રજુ કરવામાં આવેલો છે અને તેમાં ડીપોટી માજીસ્ત્રેટે બતાવેલું છે કે અપીલવાળાની હકીકત ખુલી રીતે જુઠી છે હકીકત પ્રમાણે તે અભીપ્રાય ગેરશીરસ્તે અને ગેર કાયદે છે અને કારણ કે માજીસ્ત્રેટે તેને પોતાના સાક્ષીઓ તપાસવાને લાગ આપેલો નથી:—કેશરેહીંદ વીરૂધ શ્રીશચંદર નંદી, સરકાર વીરૂધ કરીમદાદ, માજીસ્ત્રેટે એવું કહયું નથી કે અપીલવાળાએ તે તોહોમત બાબત ફરીઆદ ચલાવવાને ના કહી હતી અગર તે તોહોમતના આધારમાં સાક્ષીઓ બોલાવવાને મરજી બતાવેલી હતી. તે ફરીઆદ દાખલ કરવાને મંજુરીની જરૂર છે એવા વીચારથી અપીલવાળાના વીરૂધ ब નીશાંનનો કાગળ પુરાવમાં રજુ કરવામાં આવ્યો છે. જો મંજુરીની જરૂર હોય તો ब નીશાંનના કાગળથી રીતી પુરવક અગર કાયદેસર રીતે આપેલી તે મંજુરી નથી. તોપણ ब નીશાનનો કાગળ પુરાવમાં કાયદા વીરૂધ દાખલ કરવાથી તે ગુનહાની સાબેતાનો ઠરાવ ગેરકાયદે થતો નથી. કારણ કે તે ઠરાવ વ્યાજબી છે. એ વીશે બીજો પૂરકળ પુરાવ છે. અપીલવાળાએ પોલીશની રૂબરૂ જુઠો આરોપ રાખ્યો તે બાબત તેની તપાસ કરવામાં આવી હતી માટે તે ફરીઆદ ચલાવવાને કાંઇ મંજુરીની જરૂર નથી.

જો કે તે ફરીઆદ પોલીસે કરેલી હતી અને કાયદા વીરૂધ આપેલી મંજુરીથી કરેલી હતી તોપણ આ હકીકત ઉપરથી તે ફરીઆદ કાયદા વીરૂધ થતી નથી. છેવટ બતાવેલા ઠરાવમાં એવું ઠરાવવામાં આવેલું છે કે કાયદા વીરૂધ મંજુરી આપીને માજીસ્ત્રેટે તે કામ ચલાવેલું હોય અને જે સખસે જુઠો આરોપ રાખ્યો હોય તે સખશની પોતાના વીરૂધની ફરીઆદ વીશે તપાસ કરતાં પહેલાં તેની પોતાની હકીકત સાબેત કરવાનો લાગ આપવો એ કાયદા વીરૂધ નથી. પરંતુ તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું નથી કે જો જુઠા આરોપની ફરીઆદ પુરાવ લીધા વીના ચલાવવામાં આવી હોય તો અને ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર કરવામાં આવેલો ના હોય તો તે ઠરાવ કાયદેસર નથી. કેવા કારણથી તે કાયદા વીરૂધ છે તે અમારા જોવામાં આવતું નથી. કારણ કે મંજુરીની જરૂર નથી.

સબબ ગુનહાની સાબેતીના ઠરાવમાં અમે હાથ ઘાલી શકતા નથી. પરંતુ શીક્ષાનો હુકમ ઘણો કઠણ છે તા૦ ૨ સપટેમબર સને ૧૮૮૩ ના

રોજથી અપીલવાળો સખત મજુરી સાથે કેદ છે માટે કાંઇ પણ દંડ વીના તે શીક્ષા કમી કરી બાર માસની સખત મજુરી સાથે કેદની શીક્ષા ઠરાવીએ છીએ જો દંડ વસુલ આપવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ ફેબરવારી સને ૧૮૮૪

સર ચારલસ એ. ટરનર નાઈટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

વેંકટ વીરૂધ મતુસામી.

ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો, કલમ ૧૯૫—ડીસ્ટ્રીકટ જડજ—સબોરડીનેટ જડજ સાહેબનો કરેલો હુકમ રદ કરવાનો અખીકાર.

સબોરડીનેટ જડજ સાહેબની કોરટે જે મંજુરીનો હુકમ કરેલો અથવા જે મંજુરીનો હુકમ કરવાને ના પાડેલી, તે મંજુરીનો હુકમ રદ કરવાનો અથવા તો તે મંજુરીનો હુકમ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે ડીસ્ટ્રીકટ કોરટને હકુમતછે.

પાનુ ૩૧૪ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે એક મતુસામી પીલેઇએ વેંકટરાયરના ઉપર કામ ચલાવવાને પરવાનગી મળવાને અરજી કરેલી તે સબોરડીનેટ જડજે નામંજુર કરી અને આ નામંજુરીનો હુકમ તા૦ ૩૦ નવંબર સને ૧૮૮૩ ને રોજ દક્ષીણ આર્કટના ડીસ્ટ્રીકટ જડજે રદ કરયાનો હુકમ કરયો તે રદ કરાવવાને વેંકટરાયર એક ગામનો મુનસફ તેણે હાય કોરટને આ અરજી કરેલી છે."

અરજદાર તરફથી મી૦ સુબ્રામાન્યમે એવી તકરાર કરી કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે સબોરડીનેટ કોરટે કરેલો જે હુકમ તે રદ કરવાને ડીસ્ટ્રીકટ કોરટને અખત્યાર નથી.

પ્રતીવાદી તરફથી કોઇ હાજર થયું નહી.

કોરટે (ટરનર ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ બ્રાંડટ) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—સાધારણ રીતે સબોરડીનેટ જડજ સાહેબને ત્યાંથી ડીસ્ટ્રીકટ કોરટમાં અપીલ થાય છે. સબોરડીનેટ જડજ સાહેબની કોરટએ ટલા માટે ડીસ્ટ્રીકટ કોરટના તાબાની છે અને સબોરડીનેટ કોરટને અને ડીસ્ટ્રીકટ કોરટને આવો સબંધ હોવાથી તેથી મંજુરીનો હુકમ સબોરડીનેટ જડજ સાહેબે જે કરેલો હોય અથવા કરવાની ના પાડી હોય તે

રદ કરવાને અથવાતો કરવાને ડીસ્ત્રીકટ કોરટને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે હકુમત છે.

તપાસને વાસ્તે કારણ છે કે નહી એ નકી કરવાને ડીસ્ત્રીકટ કોરટ ને સાધન છે.

અરજી નામંજુર કરી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ મી ફેબ્રવરવારી સને ૧૮૮૪

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ હચીન્સ

સાહેબોની રૂબરૂ.

સેખહુસેન વીરૂધ સાંનજીવા વીગરે.

સને ૧૮૭૧ ના જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૨—કંપનશેશન ફરીઆદ ચલાવવાનું ખરચ—કોરટ ફી આકટની કલમ ૩૧

સને ૧૮૭૧ ના જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૨ પ્રમાણે માજીસ્તરેટે ઠરાવ્યું કે ઢોર પકડવામાં આવેલાં છે તે કાયદેસર નથી. તેથી તેમણે એવો હુકમ કરયો છે કે ફરીઆદીને પોતાની ફરીઆદ ચલાવવામાં જે સ્ટાંપ ખરચ તથા ભથા ખરચ સને ૧૮૭૦ ના કોરટ ફી આકટ પ્રમાણે થએલું છે તે ફરીઆદીને તે પકડનારે આપવું.

ઠરાવવામાં આવ્યું કે કોરટ ફી આકટની કલમ ૩૧ લાગુ થતી નથી. વળી ઠરાવવામાં આવ્યું કે જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૨ પ્રમાણે ઢોર પકડીને રોકવાથી તે બદલ જે નુકશાન થએલું છે તે બદલ કંપનસેશન ફરીઆદીને અપાવી શકાય છે.

પાનું ૭૪૫. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે કીસ્નાના આકટીંગ જીલ્લા જડજ ડબલ્યુ આરટીંન સાહેબે આ કામ હાયકોરટનો હુકમ થવા સારૂં મોકલેલું છે.

કોરટના ફેંસલાઓ ઉપરથી આ કામની હકીકત પુકત રીતે જણાય છે.

કાંનસલ રાખવામાં આવ્યો નથી.

જસ્ટીશ મતુસામીઆયર સાહેબઃ—આ કામમાં બે તોહોમતવાળાઓને જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૨ (સને ૧૮૭૧ નો મદ્રાસ આકટ ૧ લો) પ્રમાણે ગેરકાયદે જાનવર પકડયા બાબત ગુન્હેગાર ઠરાવી માજીસ્ટ્રેટે ફરીઆદીને પોતાના જાનવર છોડાવવાને જે એક રૂપીઓ ખર્ચ

થએલો તે આપવાને હુકમ કરેલો છે એટલુંજ નહીં પણ કોર્ટ ફી આ-ક્ટની કલમ ૩૧ પ્રમાણે તેને પોતાની ફરીઆદ ચલાવવાને કોર્ટ ફી તથા પ્રોસેશ ફીના રૂ. ૨—૧૦—૦ ના થએલા છે તે આપવાનો પણ હુકમ કરેલો છે.

આકટાંગ જીલ્લા માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું છે કે તે રૂ. ૨—૧૦—૦ અપાવવાની બાબતમાં કાયદા વિરૂદ્ધ છે અને તેમણે સને ૧૮૮૩ ના ફરી તપાસના મુકરદમા નંબર ૭૫૮ અને ૮૧૭ ના ફોજદારી ઠરાવો એક બીજા વીરૂધ બતાવી હવે પછી પોતાને શી રીતે ચાલવું તે બાબત ફુલબેંચનો ઠરાવ માગેલો છે.

સને ૧૮૮૩ ના ફરી તપાસના નંબર ૭૫૮ ના કામમાં એવું ઠરાવવામાં આવેલું છે કે ફરીઆદ ચલાવવાનું ખર્ચ અપાવવું તે કાયદેસર નથી. અને ૧૮૮૩ ના નંબર ૮૧૭ ના કામમાં એવો વિચાર કરવામાં આવેલો છે કે કોર્ટફી આક્ટની કલમ ૩૧ પ્રમાણે તે ખરચ અપાવવાને માજીસ્તરેટ મુખત્યાર જણાય છે. પરંતુ જો વાસ્તવીક ઇનસાફ કરવામાં આવેલો ના હોય તો પણ હાયકોરટને પુછવામાં આવેલું નથી. સને ૧૮૭૧ ના આક્ટ ૧ લાની કલમ ૨૨ માં ઠરાવેલું છે કે જો તે પકડવાનું કામ કાયદા વીરૂધ ઠરાવવામાં આવે તો ફરીઆદીને તે પકડવાથી તથા રોકાણ કરવાથી તે છોડાવવામાં જે દંડ તથા ખરચ થએલું હોય તે તથા વ્યાજબી કંપનશેશન માજીસ્ટ્રેટ તેને અપાવવું. કોર્ટ ફી આક્ટની કલમ ૩૧ પ્રમાણે ઠરાવ કરવામાં આવેલો છે કે તે કલમ જે કામોમાં વારંટ વીના પોલીસ અમલદાર પકડી શકે તેવી ફરીઆદના ગુન્હાના કામોને લાગુ થાય છે. માટે જે હુકમ બાબત અમને પુછવામાં આવેલું છે તે હુકમને તે કલમ પ્રમાણે પુષ્ટી થઇ શકતી નથી. પરંતુ સને ૧૮૭૧ ના આક્ટ ૧ લાની કલમ ૨૨ માં "પકડવાથી તથા રોકવાથી જે નુકશાન થએલું હોય તે બદલ કંપન શેશન" એવા શબ્દો છે તે જાનવર છોડાવતાં પહેલાં તે પકડવાથી અને રોકવાથી જે ખાસ નુકશાન થએલું હોય તેનેજ ફકત લાગુ થાય છે એમ નથી પણ તે છોડાવ્યા પછી તે પકડવાથી તથા રોકાણ કરવાથી જે જરૂરીઆત ખરચ થયું હોય તે તમામ ખરચનો તેમાં સમાસ થાય છે. કાયદા કરનારાએએ એવો ઇરાદો રાખેલો છે કે આ પ્રમાણે પકડવાથી તથા રોકાણ કરવાથી જે નુકશાન થએલું હોય તે બદલ કંપનશેશન વસુલ કરવાની સક્ષેપ અને તાબડતોબની રીતી ઠરાવવી તે ઘણું કરીને એવા કારણથી કે તે સાધારણ રીતે એટલું બધું થોડું હોય છે કે તે વસૂલ કરવાને રેગેલર દાવાનો ઈલાજ કરાવવો તે હરકત ભરેલો થાય. તે ભાશા એટલી બધી ઓહોળી છે કે

કોરટ અને પ્રોસેસ ફી કંપનસેશને અથવા દંડ પાછો નહીં આપવાના કારણથી જરૂરીઆત વાપરેલી હોય તેમાં તેનો સમાસ થાય માટે તેથી સંકોચ ભરેલો અર્થ કરવામાં આવે તો કાયદા કરનારનો ઇરાદો પાર પડે નહીં, એમ અમારી નજરમાં આવે છે. માટે જાનવરના પ્રવેસ આકટની કલમ ૨૨ પ્રમાણે તે હુકમ ચાલી શકતો નથી.

જષ્ટીસ હચીન્સ સાહેબઃ—અમારા અભીપ્રાયમાં આવે છે કે આ બાબતમાં અમારે હાથ ઘાલવો નહીં જોઇએ. ફોજદારી ફરી તપાસના નંબર ૮૧૭ ના કામમાં જે ઠરાવ કરવામાં આવેલો છે તેનો ફકત આજ મતલબ છે. જો કે અમે પ્રથગ કહેલું હતું કે કોરટ ફી આકટની કલમ ૩૧ પ્રમાણે માજીસ્ટ્રેટ ખરચ અપાવવાને મુખત્યાર છે એમ અમારો વીચાર થાય છે તો પણ મારો ખરો હેતુ એ જડજોના બેંચને અમે અમારો જે હુકમ મોકલેલો છે તેમાં બતાવ્યા પ્રમાણે કંપનશેશનમાં તેનો સમાસ થઇ શકે છે તેવો છે.

સબબ અમે હાથ ઘાલવાની ના કહીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ ફેબરવારી સને ૧૮૮૪.

મી૦ જષ્ટીશ બ્રાંન્ટ સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂદ્ધ ક્રીસ્ના વીગેરે.

રજીષ્ટર આકટની કલમ ૮૩—બીજા વર્ગના માજીસ્ટ્રેટની હકુમત—ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯.

સને ૧૮૭૭ નો હીંદુસ્થાનનો રજીષ્ટર આકટ સને ૧૮૭૯ ના આકટ ૧૨ થી દુરસ્ત કરવામાં આવેલો છે તે પ્રમાણે તેની કલમ ૮૩ થી બીજા વરગના માજીસ્ટ્રેટને જે હકુમત આપવામાં આવેલી છે તે હકુમતને સને ૧૮૮૨ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૯ થી અસર થતો નથી.

પાનું ૩૪૬. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે ચીંગલપટના જીલ્લા માજીસ્ટ્રેટ જે. એફ. પ્રાઇસ સાહેબે હાયકોરટનો હુકમ થવા સારૂં આ કામ મોકલેલું છે.

કામની હકીકત કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

કાંનસલ રાખવામાં આવ્યો નથી.

ફેંસલો:—આ કામમાં ચાર સખસોને સને ૧૮૭૭ ના હીંદુસ્તાન-ના રજીસ્ટર આકટની કલમ ૮૨ ની રકમ (સી) અને (ડી) પ્રમાણે બીજા વરગના માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવેલો છે તેમાં પેહેલાને એવી રીતે ગુન્હેગાર ઠરાવેલો છે કે તેણે એક બીજા સખસનો વેશ ધારણ કરી તે બીજો સખશ હોય તે પ્રમાણે એક દસ્તાવેજ રજીસ્ટર કરવા રજુ કર્યો છે. અને બીજા ત્રીજા અને ચોથાને તે જુઠો વેશ ધારણ કરવામાં મદદ કરયા બાબત ગુન્હેગાર ઠરાવેલા છે. જીલ્લાના માજીસ્ત્રેટે કહયું છે કે આ ગુનહાનો તે કલમમાં સમાસ થાય છે માટે તે બીજા વરગના માજીસ્ત્રેટને તપાસવા લાયક નથી. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯ માજીસ્તરેટે બતાવેલી છે તેની પહેલી રકમમાં ઠરાવ્યું છે કે કોઇ ખાસ કાયદા પ્રમાણે ગુન્હો થએલો હોય અને તે કાયદામાં તે વીશે કોઈ કોરટ બતાવેલી હોય તો તે કોરટથી તેની તપાસ થવી જોઇએ. ને એવો વીશેષ ઠરાવ છે કે જે ગુનહો ત્રણ વરશની કેદની શીક્ષા કરવા લાયક હોય તેવા ગુનહાની કોઇ બીજા વરગના માજીસ્ત્રેટે તે તપાસ કરવી નહીં. તેવીશેશ ઠરાવ જે બીજી રકમમાં કોરટ બતાવવામાં આવેલી નથી, તે રકમનો વીશેસ ઠરાવ છે.

રજીષ્ટર આકટની કલમ ૮૩ જીલા માજીસ્ત્રેટે બતાવેલી છે તે પ્રમાણે તેમાં કહેલું છે કે હાલના કાયદા પ્રમાણે બીજા વરગના માજીસ્તરેટ કરતાં ઉતરતા દરજાના માજીસ્તરેટે તે આકટ પ્રમાણે કોઇ ગુન્હાની તપાસ કરવી નહીં. પરંતું આ કહેવામાં તેઉ તદન ચોકસ છે એમ નથી તે શબ્દો એવા છે કે આ આકટ પ્રમાણે જે ગુન્હાઓ શીક્ષા કરવા લાયક છે તે કોઈ કોરટ અગર અમલદાર બીજા વર્ગના માજીસ્ત્રેટ કરતાં ઓછો અખતીઆર વાપરતા ના હોય તેમને તપાસવા લાયક છે અને અમારા અભીપ્રાય પ્રમાણે આ શબદો ઉપરથી બીજા વરગના માજીસ્તરેટને હકુમત આપવામાં આવેલી છે.

સબબ રેફરંસ કરવાનું કાંઇ કારણ રહેતું નથી. પરંતુ આવી જાતના કામમાં રૂ ૨૫) નો દંડ તે જોઇતો દંડ નથી એમ અમને જણાય છે જે ગુન્હો કરવામાં આવેલો છે તે ઘણો ભારે છે અને સાત વરસ કેદની શીક્ષા કરવા લાયક છે. માટે અમારી નજરમાં આવે છે કે પેહેલાં કેદી કીસ્નાપીલાઈને બે વરસ સખત મજુરી સાથે કેદ અને બીજા ત્રણ નાયનદુરાર વાપાનાઇદુ; વીરબદ્રમુદ્રારી અને મુનીસામી નાઈદ, તેમને ૧૮ માસ કેદની શીક્ષા કરવી એ બસ છે. અને તે કામની હકીકત પ્રમા

ણે જોઇએ તે કરતાં વધારે નથી. માટે અમે તે પ્રમાણે શીક્ષા કરીએ છીએ,

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ માર્ચ સને ૧૮૮૪.

મી૦ જસ્ટીસ હચીન્સ સાહેબની રૂબરૂ.

શીક્ષા વીરૂધ બીલગીરી.

સને ૧૮૫૯ ના આકટ ૧૩—સાપરાધ રીતે કરાર તોડવો—હકુમત—પર રાજ્યમાં કરેલો કરાર ઇંગરેજી સરકારના મુલકમાં અમલમાં લાવવો—કરાર તોડવો—પર રાજ્યમાં પકડવું.

બ એ પર રાજયમાં એવો કરાર કરયો કે ઇંગરેજ સરકારના મુલકમાં સને મટે મારે મંજુરી કરવી પછી તેણે તે કરાર તોડયો તેને પર રાજયમાં પકડવામાં આવ્યો અને ઇંગરેજ સરકારના મુલકમાં તેને લાવીને સને ૧૮૫૯ ના આકટ ૧૩ પ્રમાણે તેના ઉપર ફરીઆદ ચલાવી તેથી તે કરાર અમલમાં લાવવાને તેને હુકમ કરવામાં આવ્યો.

ઠરાવવામાં આવ્યું કે કોરટને હકુમત નથી.

પાનું ૩૫૪ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે નીલગીરીના જીલ્લા માજીસ્ટ્રેટ એલ૦ આર૦ બરોઝ સાહેબે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે.

સને ૧૮૮૩ ના મારચ માસમાં ફરીઆદી સીધાએ તોહોમતવાળા બીલીગીરીને રૂ. ૧૨ અગાઉથી આપેલા હતા અને સને ૧૮૮૩ના જુન માસથી તે સને ૧૮૮૪ ના જુલાઇ માસ સુધીમાં તોહોમતવાળાએ વાયનદમાંહેલન જાગીરમાં આવી કામ કરવાનું વચન આપેલું હતું

આ કરાર માયસોર દેશમાં કરવામાં આવેલો હતો. તોહોમતવાળાએ તેનો કરેલો કરાર તોડયાથી, મહીસુરના ચરંજ નગર તાલુકાનાં અમલદાર ઉપર, ગુદલુરના માજીસ્તરેટની રૂબરૂ બીલીગીરીને પકડી રજુ કરવાને વાયનદના આનરરી માજીસ્તરેટ ડબલ્યુ આર. વેપ્સેર સાહેબે વારંટ કાઢીને મોકલ્યું. તે પ્રમાણે માયસોરમાં તોહોમતવાળાને પકડવામાં આવ્યો હતો; અને ગુદલુરના સબ માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો હતોઅને કેદમાં પાછો મોકલવામાં આવ્યો હતો અને વાયનંદના નેરલં કોણુના માજીસ્ટ્રેટની બેંચની રૂબરૂ હાજર થવાનો હુકમ કરયો. અને સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે કરાર તોડયાનો

સાપરાધ ગુનો કર્યાનું તોહોમત તેના ઉપર મુકવામાં આવ્યું હતું.

આ કોરટને હકુમત નથી અને વારંટ ગેરવાજબી રીતે કાઢેલું છે એવો પ્રમુખ માજીસ્તરેટ (એફ. ૪. કે 'વેડરબર્ન) નો અભીપ્રાય થયો. પરંતુ આ સવાલ આગળ ઉતપન થયો નથી. અને હાઇકોરટે તેનો નીરણય કરયો નથી. અને વારંટ કાઢવાનો રીવાજ છે અને મૈસુરમાં જે કરારનો અમલ ઇંગરેજી રાજયમાં કરવામાં આવે છે તેની સુનાવણી કરવાનો રીવાજ છે, માટે આ કોરટને હકુમત છે એમ બેંચના ઘણા મતથી ઠરાવવામાં આવ્યું. (ડબલ્યુ. આર. વેપસેર, જે એ, ગીફ્રરડ, ઈ, હેમ્લીન વીગેરે.)

તોહોમતવાળાએ કાંઇ વ્યાજબી બહાના શીવાય પોતાનો કરાર તોડેલો છે એવું માલમ પડવાથી બેંચમાંના ઘણા મતથી સને ૧૮૮૪ ના મારચ મહીના સુધી હેલનની જાગીરમાં કામ કરવાનો અને ફરીઆદીનું ખરચ આપવાનો તેને હુકમ કરયો.

જીલ્લા માજીસ્રેટનો અભીપ્રાય એવો થયો કે તે હુકમ ધેર કાયદે છે.

કાઉન્સેલ રાખવામાં આવેલા નથી.

કોરટે (મી૦ જસ્ટીશ હચીન્સ) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

આ કામમાં જે હકીકત માલમ પડેલી છે તે એ છે કે તોહોમતવાળા બીલગીરીને મહીસુરમાં પેહેલેથી પૈસા મળ્યા અને વાયનાદમાં અમુક જાગીરમાં આવી કામ કરવા લાગ્યો તોપણ આ કરાર તોડયાબાબત તેને વારંટથી પકડીમાં આવ્યો અને વાયનાદમાં પેહરામાં તેને લાવવામાં આવ્યો ત્યાંસુધી તેણે મહીસુર છોડયું નહીં. માજીસ્રેટોની બેંચે તેને ગુન્હેગાર ઠરાવી કરારવાળું કામ કરવાનો હુકમ કરેલો છે તોપણ પરરાજમાં કરાર કરવામાં આવ્યાથી અને તોડવામાં આવ્યાથી તેઉ સાહેબને હકુમત નથી એવો પ્રમુખ સાહેબનો અભીપ્રાય થએલો છે અને તે પ્રમુખ સાહેબનો અભીપ્રાય વ્યાજબી લાગે છે માટે પ્રોસીડીંગ અને હુકમ જેથી બીલગીરીને વાસ્તે જે કરાર કરેલો તે કરવાની જરૂર પાડી છે તે અમે રદ કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ મારચ સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ હચીન્સ સાહેબોની રૂબરૂ.

કતીયાલી વી. પારી માકી વીગેરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો—કલમ ૨૪૭—છોડી દેવું —કામ કાઢયું તે વખતે ફરીઆદીની ગેરહાજરી—તેજ દહાડે પછીથી હાજર થવું.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૪૭ માં ઠરાવ્યા પ્રમાણે એકાદા સખશને નીરદોશ ઠરાવતાં પહેલાં કોરટ તે દહાડે બંધ થાય ત્યાંસુધી માજીસ્તરેટ રાહ જોવાને બંધાએલા નથી.

પાનું ૩૫૬ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે મલબારના એકટીંગ જીલ્લા માજીસ્તરેટ સી. એ. ગેલટેને હાયકોરટના હુકમને સારૂ આ કામ હાઇકોરને મોકલેલું છે.

રેફરંસ કાગળમાં જે હકીકત કહેલી તે નીચે પ્રમાણે છે.

ચરાકલના સેકંડકલાસ માજીસ્તરેટે તા૦ ૧૦ જાન્યુઆરી સને ૧૮૮૪ ને રોજ એક કામની મુદત તા૦ ૨૩ જાન્યુઆરી સુધી રાખી. તે દહાડે ફરીઆદી ફરીઆદ ચલાવાને હાજર નહીં થયાથી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૪૭ પ્રમાણે ફરીઆદની અરજી કાઢી નાંખી. ફરીઆદી તા૦ ૨૩ મી ના રોજ કોરટમાં હાજર થયો હતો પરંતુ દોઢ વાગે તે કામ લેવામાં આવ્યું તે વખતે તે હાજર નહીં હતો. અને ત્યાર પહેલાં થોડા વખત પહેલાં તેણે કોરટ છોડી હતી તેથી તે કામ કાઢી નાંખવામાં આવ્યું પછી તે કોર્ટ બરખાસ થતાં પહેલાં તે કોરટમાં હાજર થયો અને તે કાહાડી નાંખ્યાના હુકમ બાબત માજીસ્તરેટને ફરીઆદ કરી.

જીલ્લા માજીસ્તરેટની નજરમાં આ હુકમ ગેરવ્યાજબી છે એવું આવ્યું એવા કારણથી કે કોરટ બંધ થાય ત્યાંસુધી કાંઇ હુકમ કરવો જોઈતો નહોતો અને ફરીઆદીને ગેર હાજર રહેવાનો કાંઇ ઇરાદો નહોતો.

કાઉન્સલ રાખવામાં આવ્યા નથી.

કોરટ (મી૦ જસ્ટીશ હચીન્સ સાહેબ) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:- ફરીઆદીની હાજર થવાની ભુલને વાસ્તે કલમ ૨૪૭ પ્રમાણે તોહોમતવાળાને છોડી દેતાં પહેલાં માજીસ્ટ્રેટ તેમની કોરટ બંધ તે દહાડે થતાં સુધી રાહ જોવાને બંધાએલા છે એ બાબત આ કામમાં તકરાર ઉતપનછે. આ તકરારને વાસ્તે અમારી નજરમાં કાંઇ આધાર આવતો નથી. કામ દોઢ વાગે કાઢવામાં આવ્યું હતું અને એમ કબુલ કરવામાં આવેલું છે કે ફરીઆદી હાજર નહીં હતો. " તેઉ સાહેબને કેટલાક કારણને લીધે તે કામની સુનાવણીની મુદત કોઇ બીજા દહાડે રાખવી અગર તો તે દહાડે મોડેથી કરવી વ્યાજબી લાગે તે શીવાય " તેથી કલમ ૨૪૭

પ્રમાણે માજીસ્તરેટ તોહોમતવાળાને છોડી દેવાને બંધાયેલા છે.

તોહોમતવાળાને એકદમ નીરદોશ ઠરાવવામાં અમને કાંઇ ગેરકાયદે માલમ પડતું નથી. અને તેથી કરીને અમે હાથ ઘાલી શકતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧-૨ એપ્રેલ સને ૧૮૮૪.

મી૦ જષ્ટીશ બ્રાંન્ટ શાહેબની રૂબરૂ.

પંડયા નાયકની અરજીના કામમાં.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૮૭, ૮૮-ફોજદારી કાયદાની કલમ ૧૭૬ પોલીસને ખબર આપેલી નહીં--ગુનહેગારને પ્રશીધ કરવો શાબેતી.

અમુક ગામમાં પ્રશીદ્ધ કરેલો ગુન્હેગાર જે. વ તેની હાજરીની ખબર પોલીસને ઇરાદા પુર્વક આપેલી નહીં તેને વાસ્તે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૬ પ્રમાણે ક ના ઉપર ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો હતો. કોરટે એવું અનુંમાન કરયું હતું કે પ્રશીધ કરેલો ગુન્હેગાર વ છે કારણ કે એમ સાબેત કરવામા આવ્યું છે કે વ ની મીલકત ઉપર સને ૧૮૮૨ ના ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૮૮ માં ઠરાવેલું છે તે પ્રમાણે જપતી થએલી હતી.

ઠરાવવામાં આવ્યું કે જાહેર નામામાં કહેલી હકીકત સાબેત કરવાને ફરીઆદી બંધાએલો છે.

જે માણસ અમુક ગામમાં પ્રસીધ કરેલા ગુન્હેગારની હાજરીની ખબર પોલીસને આપવાને કાયદેસર રીતે બંધાએલો છે. તે માણસના ઉપર જયારે એ હકીકતની પોલીશને માલમ પડી ગઇ છે ત્યારે આવી ખબર આપવી બાકી રાખ્યાને વાશ્તે ફરીઆદ ચલાવવી જોઇએ નહીં.

પાનું ૪૩૬   સને૧૮૮૩ ના કયાલંડર નંબર ૩૮ ના કામમાં મદુરાના જોઇંટ માજીસ્ત્રેટે જે શીક્ષાનો હુકમ કરેલો અને જે હુકમને તા૦ ૧૪ જાનેવારી સને ૧૮૮૪ ના રોજ મદુરાના શેશન જ૦ ટરનર સાહેબે અપીલમાં કાયમ રાખેલો તે હુકમને રદ કરાવવાને ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે આ અરજી હાય કોરટને કરેલી છે.

હાયકોરટના ફેંસલા ઉપરથી આ કામના રીપોટના કારણસર જોઇતી હકીકત માલમ પડશે.

અરજદાર તરફથી મી૦ બ્રાનસર અને રામા સામી મુદલાયર

જષ્ટીશ બ્રાંડટ—અરજદારો કનરથ રાજા પંડયા નાયક એક જમીનદારના ઉપર મદુરા જીલ્લાના ફસકલાસ જાઇંટ માજીસ્તરેટે અમુક આવી ખબર જે તે સરકારી નોકરને આપવાને બંધાએલો હતો તે ઈરાદાથી બાકી રાખ્યાને વાસ્તે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૭૬ પ્રમાણે શીક્ષા થાય એવો ગુન્હો કરયાની સાબેતીનો ઠરાવ કરયો હતો.

આ ખબર ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૫ મીમાં ઠરાવ્યું છે કે જમીનના માલેકે અગર તેના કબજેદારે જે બાતમી આપવી જોઇએ તે જે ગામમાં તે જમીનદારના માલેકપણાની જમીન છે તે ગામમાં ગએલો છે તે બાતમી કબજેદાર અથવા જમીનના માલેક પોલીશને આવી ખબર આપવાને બંધાએલા છે તે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૫ પ્રમાણે છે.

અરજદારની તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે શદરહુ કાયદાની કલમ બતાવેલી છે તેના શબ્દોના હેતુ પ્રમાણે વેલાયન પ્રસીધ ગુન્હેગાર છે એમ સાબેત થએલું નથી.

અસલ કોરટના માજીસ્તરેટ અને અપીલના શેશનજડજે બેઉએ એવું ઠરાવેલું છે કે વેલાયન પ્રશીધ ગુનહેગારછે કારણ કે એમ સાબેત થએલું છે કે વેલાઇનના તાબાની જે મીલકત તે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ૰૮૮ મીના ઠરાવ પ્રમાણે જપ્ત કરી વેચાવવામાં આવેલી છે અને તે કલમની ઉપરની કલમ પ્રમાણે જાહેરનામાં કાહાડયા પછી જપ્ત કરીને મીલકત ફક્ત લીલામ થયછે માટે એવું અનુંમાન કરવાનું છે કે કલમ ૮૭ મી પ્રમાણે બરોબર કામ ચલાવવામાં આવેલું છે અને તે કલમમાં બતાવવા પ્રમાણે જાહેરનામાં પ્રશીધ કરવામાં આવેલાં છે.

આ કોરટને શેશનકોરટનો હુકમ રદ કરવાને અરજ કરવામાં આવી છે, એવા કારણથી કે કલમ ૮૭ મીમાં બતાવેલી રીતીએ કાઇ જાહેરનામુ પ્રશીધ કરવામાં આવ્યું હતું એવો અથવા ખરેખાત તે કલમ પ્રમાણે કાંઈ જાહેરનામુકાડવામાં આવ્યું હતું. તે વીશેકાંઈ પુરાવ નથી. અને નાચેના કોરટોએ જે એવું અનુંમાન કરેલું છેકે આ જાહેરનામાં પ્રશીદ્ધ થએલાં હોવાંજ જોઇએ એટલુંજ નહીં પણ તે યોગયરીતે કાહાડેલાં હોવાં જોઈએ તેનાં કારણો તે કોરટોએ બતાવેલાં છે તે બરોબર નથી.

વળી કેસરેહીંદ વીરૂધ સાશીભુષણ ચકરબુતીનો ઠરાવ જોવામાં આવેલો છે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે આ હરકતો ચાલવી જોઇએ.

ઘણા ખરા જે કામોમાં કાયદાના જે નીયમો પ્રમાણે નીચેની કોરટો ચાલેલી છે તે હકુમત બાબતના સવાલના કામોમાં ચાલેલી માલમ પડેછે અને હકુમત શાબેત થઇ એટલે તે અનુમાન કરવામાં આવે છે જેમ કે તેલર વિરૂધ ક્લેમશરના કામમાં કહેલું છે કે નીચેની કોરટનું પ્રોશીડીંગ જ જોતાંજ એમ જણાય કે તે કોરટને હકુમત છે તો તે પ્રોશીડીંગ રી-તી પુરવક છે એમ ઇરાદો રખાય. પણ જો આ પ્રમાણે માલમ ન પડે તો અગર આ વીસે શક પડે તો આવો ઈરાદો થતો નથી. ખરી રીતે તે નીયમ ફકત નમુનાની રીતીને લાગુ થાય છે અને જે મુદાના ફૂલ ઉપરથી વ્યાજબીપણાનો આધાર થતો હોય તે મુદાફૂલની શાબેતી પુરી પાડવાની જરૂરી રદ થતી નથી. કામાક્ષીભાઈ વિરૂધ્ધ ઇશ્ટઇંડીયા કંપની.

આ કામમાં કલમ ૮૭ પ્રમાણે (જો તે પ્રમાણે કરવામાં આવેલાં હોય તો) જાહેરનામાં કરવમાં આવેલાં હતાં. તે શાબેત કરવું શેહેલ પડત. અને તે ફરીઆદ તરફથી શાબેત કરવાનું હતું. પરંતુ જ્યાં સુધી તે જાહેરનામાની જમીનદારને ખબર પડે એવી રીતે અને એવી જગો-એ પ્રશીદ્ધ કરવામાં આવેલાં હતાં એવું બતાવવામાં આવે નહીં અગર તેની તેને ખબર હતી એવું અનુમાન થાય નહીં ત્યાં સુધી આ વાત ઘણું કરીને બસ થાત નહીં. પરંતુ એક બીજું કારણ છે તે ઉપરથી અમારા અભીપ્રાય પ્રમાણે અપીલવાળાને નીરદોશ થવાનો હક છે એટલે સદરહુ બતાવેલા કલકત્તાના કામમાં વિદ્વાન જડજોએ જે બતાવેલું છે તે પ્રમાણે કાયદાના આ ઠરાવનો અમલ ફકત અગર મુખ્યત્વે કરીને હેરાન ગતીના કારણસર કરવો નહીં જોઇએ. પરતુ જે સખસેની સ્થી-તી બાતની આપવાને લાયક હેય તે સખસોએ બાતની ઇરાદા પુરવક દબાવી રાખી ન હોય તેવી ખાતરી કરવાને સારૂં તેનો અમલ કરવો જોઇએ. અને જે સખસ અગર સખસો તરફથી બાતમી ખરી રીતે મળેલી હોય તે શીવાયના હરકોઇ સખશને તે બાતની આપી શકે તેવો બંધાએલો હતો એમ છે તો તેણે બાતની આપી નથી એ કારણસર તેના ઉપર ફરીઆદ ચલાવવી એ વ્યાજબી નથી.

આ કામમાં અશલ કોરટને જમીનદાર ઉપર જે આરોપો રાખવામાં આવેલા તે ઇરશાના પરીણામ તરીકે તથા ખરા ફરીઆદી શાનમગમ ચેતીની તરફથી વેર લેવાની મરજીથી દેખીતી રીતે રાખવામાં આવેલા એ વીશે કાંઇ શક નથી. જમીનદારે આ ચેતીનું અપમાન તથા બેઆબરૂ કરવાના હેતુથી તે ચેતીની ચોરી કરાવેલી હતી અને તેથી તેને ગુનેહગાર ઠરાવવામાં આવેલો હતો. અને આ હુમલામાં વેલાયન ગુંથાએલો હતો તે કારણસર તેના ઉપર વારંટ કાહાડવામાં આવેલું હતું.

શાનમગમે પોતે જુબાની આપેલી છે તે ઉપરથી જણાય છે કે જે સખસોને તેના ઉપર હુમલો કરવા બાબત પકડેલા અને ગુનેહગાર ઠરાવી કેદની શીક્ષા કરેલી તે શીક્ષા પુરી થયા પછી તે શાનમગમે તે વેલાયનને ખુલ્લી રીતે જમીનદાર પાસે વારંવાર જોએલો અને તે કહે છે તે પ્રમાણે તેણે ચાર વખત આ બાબત પોલીશને જાહેર કર્યું હતું અને વેલાયનને પકડવાને માગેલું હતું. પરંતુ તેઓએ ના કહી અગર તે નહી કરવાને બાનાં બતાવ્યાં.

માટે ખુલ્લું છે કે જમીનદારે એવો રીપોટ કરવાને કશુર કરી કે તે વેલાયન માહારા મેહેલની હદમાં અગર તેની આસપાશ છે તેથી તે વેલાયન પકડાએલો નહી હતો. અને ખરી રીતે તે વેલાયન કયાં હતો તેની પોલીશને ખબર હતી. વળી જે આરોપ બાબત જમીનદારને ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે તે શીવાયના બીજા બે આરોપો બાબત તેની તપાશ કરવામાં આવેલી છે. અને તે બે આરોપો ત્રીજા આરોપ કરતાં ઘણા ભારે ગુનહાના છે એટલે કીં. ફો. કા. ની કલમ ૨૧૨ અને ૨૧૬ પ્રમાણેના ગુનહા સબંધી છે. તે આરોપો બાબત તેને નીરદોશ ઠરાવવામાં આવેલો હતો. અને રીપોટ નહી કરવાની બાબત ત્રીજા આરોપના આધાર તરીકે ગણવામાં આવી છે એ ખુલ્લું છે. તે એટલા કારણથી નહી કે તે જુદી હકીકત સબંધી છે, પરંતુ જે વધારે ભારે ગુનહા સાબેત થઇ શકે નહી તો તેને તે બાબત ગુનેહગાર ઠરાવી શકાય તે કારણથી છે.

અહીંયાં જે હરકત લેવામાં આવી છે કે વેલાયન તે મેહેલમાં અગર મેહેલની આસપાસ હતો એ વાત છુંપાવવાના કારણથી વેલાયન કયાં હતો. તે વીશેની બાબતનો રીપોટ નથી કરવામાં આવ્યો એમ નથી. પરંતુ તે જમીનદાર એમ જાણતા હતા કે વેલાયન કયાં છે તે પોલીશ જાણે છે અને તેને ટુકડીના માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો હતો તે કારણથી તે રીપોટ કરવામાં આવેલો નહી હતો. પણ તે માજીસ્ટ્રેટે ઠરાવ્યું છે કે તે સખશનુ છુંપાવવું કયાં હતું. અને તેની સ્થીતી કેવી હતી તે વાત સાબેત થઇ એટલે રીપોટ કરવાનું બધન નાશાબેત કરવાનો બોજો તોહોમતવાળા ઉપર છે.

સદરહુ બતાવેલાં કારણોથી અમારે ઠરાવવું જોઇએ છીએ કે અપીલવાળાને ગુનેહગાર ઠરાવવો જોઇતો નહી હતો. જો અમારી નજરમાં એમ આવ્યું હોત કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ ચાલી શકે તેવો છે તો અમે ઠરાવત કે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૮૭ પ્રમાણેનાં જાહેરનામાં પ્રસીધ્ધ કરવામાં આવ્યાં હતાં કે નહી, અને તે કલમમાં બતાવે

લી રીતીએ પ્રસીધ કરેલાં હતાં કે નહી. અને જો તેમ હોય તો પછીતે ખરી રીતે સાબેત ન થાય તોપણ તે જાહેરનામાની બાબત અપીલવાળો જાણુતો હતો. એમ અનુંમાન કરવું જોઇએ કે નહી એ વીશે વધારે પુરાવ લેવો. પરંતુ અમારી ખાતરી થએલી છે કે આવા કામોમાં વ્યવસ્થા કરવાને સારૂ કલકતા હાઇ કોરટે જે નીયમ બતાવેલો છે તે લક્ષમાં રાખવાનો છે અને આ બાબતમાં કાયદા કરનારના ઇરાદા પ્રમાણે બરોબર મજબુત છે અને આ કામમાં જે હકીકત માલમ પડી છે તથા કબુલ કરવામાં આવી છે તે ઉપરથી અપીલવાળાને હીં. ફો. કા. ની કલમ ૧૮૬ પ્રમાણે ગુનેહગાર ઠરાવવો એ વ્યાજબી નથી.

સબબ અમે નીચેની કોરટોના ઠરાવો અમે ફેરવીએ છીએ એટલે માજીસ્ટ્રેટે કરેલી શીક્ષાનો હુકમ અને સેશન જડજે બાહાલ કરયાનો હુકમ અમે ફેરવી અપીલવાળાને નીરદોશ ઠરાવીએ છીએ અને જો દંડ વસુલ આપવામાં આવેલો હોય તો તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૭ તથા તા૦ ૧૪ જુલાઇ સને ૧૮૮૪

સર. ચારલસ એ ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

સૂબા નાયક વીરૂધ ત્રીનકલ વીગરે.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૪૫—૧૪૭.

એક ઘરથારની જમીન લેવાના દાવામાં કોરટે પ્રતીવાદી ઉપર એવો ધાતકી હુકમ કાહાડયો હતો કે તે દાવાનો ફેંસલો થતાની દરમીઆનમાં તે જમીન ઉપર ઇમારત બાંધવી નહી. અપીલમાં તે તાકીદ હુકમ રદ કરવામાં આવ્યો એવા કારણુથી કે તે જમીન પ્રતીવાદીના કબજામાં છે.

આ હુકમ થયા પછી વાદીએ પ્રતીવાદી ઉપર ફરીઆદ કરવા ઉપરથી ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણે જીલા માજીસ્ટ્રેટે એવો હુકમ કરયો કે ક અને ખ નો કબજો છે માટે દીવાની કોરટનો ફેંસલો થતાં સુધી તેઓના કબજામાં કોઈએ હરકત કરવી નહી.

ઠરાવવામાં આવ્યું કે ક અને વ તે કામમાં પક્ષકારો નથી માટે તે હુકમ કાયદા વીરૂધ છે.

વળી ઠરાવવામાં આવ્યું કે જો સુલેહનો ભંગ થવાનો સંભવ જણાય તો જેની તરફથી તે થવાની ધાસ્તી હોય તે પક્ષકારના માજીસ્તરેટે જામીન લેવા એ યોગ્ય રસ્તો છે. પરંતુ ફો. કા. ચ. ની રીતના કાય

દાની કલમ ૧૪૫ અગર ૧૪૭ પ્રમાણે માજીસ્તરેટ કામ ચલાવે તે કાયદા વીરૂધ નથી.

પાનુ ૪૫૦ તીનેવલીના જીલ્લાં માજીસ્તરેટ (જે. લીવોરનર) ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાઇ કોરટના હુકમને સારૂ આ કામ મોકલેલું છે.

હાઇ કોરટના (મી૦ ટરનર ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મતુસામી આયર) ફેંસલામાં આ કામની હકીકત જણાવેલી છે.

સંખ નાયક તરફથી ભારયમ અય્યાંગાર.

બીજા પક્ષકાર હાજર થયા નથી.

ફેંસલો—અરૂણા ચલમુપને, શીવલપટી ગામમાં એક ઘર અને જગ્યા રાખી અને તેમને પાદરી જે બી. ટ્રીકલ જેમણે તે જગ્યા ઉપર દેવલ બાંધવાને વાસ્તે વેચાતી લીધી તેમને રજીસ્ટ કરેલા વેચાણ ખતથી તા૦ ૨૧ નવંબર સને ૧૮૮૩ ના રોજ તેણે વેચી.

શીવલપટીના જમીનદાર સખ નાયકે લે ઉપરથી રેવરંડ જે. બી. ટ્રીકલના ઉપર શ્રીવલીપૂટરના જીલ્લા મુનશફની કોરટમાં દાવો તે જગ્યા પાછી મેળવવાનો હક કરીને કરયો, કારણ કે અરૂણાચલ મુપને તે મારી પાસેથી અમુક હકથી લીધેલી છે તેથી બીજાને આપી શકે એવો તેનો હક નહી હતો. આ દાવાનો ફેંસલો થતાં સુધી ખરીદ કરનાર દેવલ બાંધે નહી એવો તાકીદનો હુકમ કરવાને તેણે વળી અરજી આપી. મુનસફે તાકીદનો હુકમ કરયો પણ અપીલમાં તે જગ્યા એ પાદરીના કબજાની છે એવું માલમ પડવાથી જીલ્લા માજીસ્તરેટે તે હુકમને રદ કરયો. એ વખતે જડજે એવું કહેલું હતું કે જો આખરે એ હુકમનામુ કરવામાં આવે તો એ જમીન ઉપર પાદરી જે મકાન બાંધે તે ખસેડવાને બંધાએલા છે અને હક જે વખતે તેને મળ્યો તે વખતે જે એ જગ્યાની સ્થીતી હતી તે સ્થીતીમાં તે પાછી લાવવાને બંધાએલા છે.

તા૦ ૨૬ મારચને રોજ જીલ્લા માજીસ્તરેટ (જે. બી. અટકીન્સન) ને એ જમીનદારે અરજી આપી. એમાં તે જગ્યા ઉપર તેના હક સબંધી દાવો બાંધ્યા સબંધી, તાકીદનો હુકમ કરયા અને રદ કરયા સબંધી તેણે કહ્યું હતું અને જાહેર કરયુ હતું કે એ ગામમાં ફક્ત વટલેલા તરીકે અરૂણાચલ મપ્પાન, તેના બે છોકરા અને એનો ભાઈ હતા. તેણે વળી સુચના કરી કે તે જગ્યા ઉપર પ્રાર્થના કરવામાં આવેલી તેમાં ગામના લોકો વચ્ચે પડતા હતા એવી ફરીઆદ ઉપદેશકે કરી હતી અને આ ફરીઆદ કાહાડી નાંખવામાં આવી હતી. મપ્પાને જે ઘર વેચ્યું તે ઘર તેના મહેલની પાસે છે અને જે હારમાં હીંદુ ધરમના માણસોનાં ઘર છે

તે હારમાં એ ઘર છે અને તેને તેના માણુશોને તેમજ બીજા હીંદુ રેહેના રાઓને એ જગ્યા ઉપર દેવલ બાંધવાથી ઇજા થાય અને સુલેહનો ભંગ થાય, એવી ફરીઆદ કરી. તેણે એમ સમજાવ્યું છે કે વાજીંત્ર સાથેના વ રઘોડાના રસ્તાને એ દેવલ બાંધવાથી નડતર થશે એવી મને ધાસ્તી રહે છે. અને રોમન કેથોલીકસ લોકો પોતાનો વરઘોડો ચઢાવે તેથી અસલથી ચાલતા આવેલા રીવાજમાં એક નવાઇ જેવું થશે. અને સુલેહનો ભંગ થાય એવું થઇ પડશે. અને શીવલપટીના કસ્બા ગામમાં એ દેવલ બાંધ તાં માજીસ્તરેટ અટકાવ કરશે તો તેથી એ જમીનદારીમાં જે સલાહ અ ને નીયમ ત્યાં સુધી હતા તે નીરભયપણે સચવાશે એવી તેણે અરજ ક રેલી છે. આ તાકીદનો હુકમ તોડવાથી લાગલીજ સુલેહનો ભંગ થવાને કાંઇ પણ સંભવ છે એ ખાતરીપુરવક અરજદાર કહેતો નથી એમ જ ણાય છે. તેણે કહ્યું છે કે એ દેવળ બાંધવાથી વરઘોડાની બાબતમાં હીંદુ ઓને અને રોમનકેથોલીકસને વીરોધ તે પછીથી થશે. જીલા માજીસ્તરેટે જે રાતી પેનશીલે નોટ કરેલીછે તે નીચે પ્રમાણે છે". એમ અમને ધા સ્તી રહે છે. જીલા માજીસ્તરેટે લાલ પેનશીલથી નીચેની મતલબની નોટ કરેલી છે:—"અમારે કેવી રીતે હાથ ઘાલવો જોઇએ? સોગન ઉપર જુ બાની લીધેલી હોતતો વધારે સારૂ થાત. એમ અમારી નજરમાં આવેછે."

તા૦ ૧ લી એપ્રીલને રોજ તે પ્રમાણે તેઉ સાહેબે જમીનદારની જુબાની લીધી. તેમાં તેણે એ વખતે એમ કહયું હતું કે એ ઘરને પા ડી નાંખવાથી અને દેવલ બાંધ્યાથી મારા ગામમાં તોફાન થશે અને હું ધારૂછુ કે હુલડ થશે. બીજા પુરાવ ઉપર એ સંભવીત જણાય છે કે જયારે આ જુબાની ચાલતી હતી ત્યારે ખરી રીતે તો એ ઘરને પા ડી નાંખ્યું હતું અને દેવલનો પાયો નાંખ્યો હતો. તેની જુબાની લઇને જીલા માજીસ્તરેટે નીચેના શબ્દો પ્રમાણે હુકમ કરયો.

"અરજી ઉપરથી અને સોગન ઉપર આપેલી જુબાનીથી અમે જયારે માનીએ છીએ કે અરૂણાચલ મપ્પાન અને રેવરેન્ડ જે. બી. ટ્રી- કલના સપાલપટી ગામમાં દેવલ બાંધવાના ઇરાદાથી ઘણું કરીને સુલેહ નો ભંગ થશે અને જયારે જે જમીન ઘર, ઇત્યાદીમાં અને ઉપર કહે લું દેવલ બાંધવાનો વીચાર રાખેલો છે તેના સબંધી પક્ષકારો અને બી જાઓની વચે દાવો હમણાં ચાલેછે તો અરૂણાચલ મપ્પન અને રેવરેન્ડ જે. ટ્રીકલ, ને આ ઉપરથી એમ અમે નોટીશ કરીએ છીએ કે તેઉએ જાતે અગર ફોજદારી કામ ચલાવવાની રીતીની કાયદાની કલમ ૧૪૫ અને ૧૪૭ પ્રમાણે એજંટની મારફત આ તપાસને વાસ્તે તા૦ ૨૬ એપ્રીલને શનીવાર સને ૧૮૮૪ને રોજ આ કોરટમાં જાતે અગર એજં

ટની મારફતે હાજર થવું. એ દરમ્યાન કાંઇ પણ ઇમારત બાંધવી નહી."

જમીનદારે બીજી અરજી તા૦ ૩ એપ્રીલને રોજ આપી એમાં પોલીશના મળેલા રીપોટ ઉપરથી ડીપોટી માજીસ્રેટે પ્રોશીડીંગ શરૂ ક. રયું હતું. અને પક્ષકારોને હાજર થવાને વાસ્તે તા૦ ૫ એપ્રીલ નકી કરી હતી એ હકીકત જીલા માજીસ્રેટને જાહેર કરી.

જીલા માજીસ્રેટે આ બધું પ્રોશીડીંગ મંગાવ્યું. એવું માલમ પડયું કે તા૦ ૨૮ મારચને રોજ તે જગ્યા સબધી જે બન્યું તેનો રીપોટ ડીપોટી માજીસ્રેટને પોલીસ ઇનસ્પેકટરે કરયો અને વધારામાં જાહેર કરયું કે એક ઉપદેશકે એ દેવલ બાંધતી વખતેની અડચણ દુર કરવાને શેવલપ ટી જવાને અરજ કરેલી હતી. અને અમે ત્યા ગયા અને કરૂપાણુ અને વેરવાણુ નામના બે માણુસો જે એ જગ્ય ઉપર પોતાના બાપની મીલકત તરીકે હક રાખતા હતા તેમણે ઇમારતનું કામ પુરું કરયું હતુ એમ માલમ પડયું અને બંને પક્ષકારો તરફ ઘણા માંણુસો હાજર હતા અને અગારી નજરમાં આવ્યું કે સુલેહનો ભંગ થશે. ડીપોટી માજીસ્રેટને આ રીપોટ મળ્યો તે વખતે એવો હુકમ તેઉ સાહેબે કરયો કે તે જમીન સબંધી કોઇ પક્ષકારને હથ ઘાલવા દેવો નહી અને દરેક બાજુના જે મુખ્ય માણુસો હોય તેમને સુલેહનો ભંગ ન કરવાને બંધનમાં રાખવાને વાસ્તે તેઉ સાહેબની રૂબરૂમા લાવવા જોઇએ. ડીસ્રીકટ માજીસ્તરેટે એવો હુકમ કરયો કે ડીપોટી માજીસ્તરેટનુ પ્રોશીડીંગ બંધ રાખવું જોઇએ અને કામના કાગળો તેઉ સાહેબને મોકલવા જોઇએ. રેવરેન્ડ જે બી ટ્રીકલને તા૦ ૧ લી અપ્રીલના રોજનો હુકમ મળ્યો ત્યારે તેમણે તકરાર કરી કે માજીસ્તરેટ સાહેબે જે કલમ જણાવેલી છે તે હકીકત છે તેને લાગુ પડતી નથી. અને તેણે ખાતરી પુરવક કહ્યું કે જયારે કબજો વેચાણથી મળેલો છે માટે તાકીદનો હુકમ તોડવાથી જે ઇમારત બાંધવી તેણે શરૂ કરી હતી તે બાંધવા જારી રાખતાં અટકાવવાને જીલા કોરટે નાપાડી હતી સબબ તે હકનો અમલ કરવામાં, તથા જેઓ હરકત કરતા હતા અને જેવોની તરફથી તે બાબત ધાંરતી હતી તેમને અટકાવી એ ઇલાજ લેવામાં તેમનુ રક્ષણ કરવું એ માજીસ્તરેટની ફરજ હતી.

તેણે ખાતરી પુરવક કહ્યું છે કે દીવાની કોરટે હુકમ કરયો ત્યાર પછી જમીનદારે એ હુકમને તીરસ્કાર કરીને તેના પાયા ઉપર એક તાબાના માણુસને ઝુંપડું બાંધવાની જરૂર પડી હતી અને એમાં તે માણુસ રહેછે અને જમીનદારના માણુસોએ એ જગ્યામાં પ્રવેશ કરયો હતો અને તે માણુસો તેની સાથે લડવાને તઇયાર હતા.

તા૦ ૨૬ એપ્રીલને રોજ જીલા માજીસ્તરેટે તે પાદરીની જુબાની

લીધી. પાદરીએ જણાવ્યું કે હું ધારતો નથી કે હુલડ થાય પણ હુલડ થાય કે ન થાય પણ મારો ઇરાદો ઇમારત બાંધવાનો હતો.

જીલા માજીસ્તરેટે રેકર્ડમાં તા૦ ૨૬ એપ્રીલને રોજ એવું લખ્યું કે વધારે તપાસ કરવી જરૂરી નથી એમ લાગે છે પણ બંને પક્ષકારની અરજ ઉપરથી તેઉ સ હૈબ તે કામ બંધ રાખે છે. અને પોલીશ ઇનસ્પેક્ટરની જુબાની લેવાથી અને તેમની એવી ખાતરી થઇ કે જોકે પાદરીનો કબજો નહી હતો પણ જબરાઇથી કબજો મેળવવા પ્રયત્ન કરતો હતો.

કરૂપણ અને વેરવનની કરેલી અરજી હોય એવા ઇરાદાની અરજી તા૦ ૨૯ એપ્રીલને રોજ જીલા માજીસ્તરેટને આપવામાં આવી હતી. આમાં એમ કબુલ કરવામાં આવ્યું છે કે અરૂણાચલ મપ્પાને જે જગ્યા ઉપર ઘર જે તેઓનું પોતીકુ છે એમ હક રાખેછે તે જગ્યા પાદરીને તેઓણે વેચેલી છે પણ એમ ખાતરી પુરવક કહેલું છે કે તે વેચાણના નામથી એ તેઓની જગ્યાનો કબજો લેવાનો પાદરીએ પ્રયત્ન કરયો હતો અને એવી અરજ કરેલી છે કે તેના ભોગવટામાં તેમનું રક્ષણ થવું જોઇએ.

તા૦ ૩ જી મેને રોજ ઇનસ્પેકટરની જુબાની લેવામાં આવી હતી અને એવી જુબાની આપી કે જો પાદરીને દેવલની ઇમારત બાંધવી જારી રાખવાની રજા આપસે તો હુલડ થશે એમ હું ધારૂછું.

તે ઉપર જીલા માજીસ્તરેટે નીચે પ્રમાણે હુકમ કરયો :—

"કરૂપન અને વેરવન નામના અમુક માણસોનો તકરારી જમીન ઉપર કબજો છે એમ સાબેત થયું છે. અને કબુલ કરવામાં આવેલું છે તેથી અને જે દેવલ પ્રારથના હમણાં થાય છે તે બીજું દેવલ પદરીના તાબામાં છે તેથી અમે જણાવીએ છીએ કે હાલનો જે કબજો છે તે બરોબર રીતે વ્યાજબી કાયદાની મંજુરી મેળવ્યા શીવાય ફેરવાશે નહી દેવલની ઇમારત બાંધવી બંધ રાખવી જોઇએ. તેથી કબજા સબંધી જયાં સુધા દીવાની કોરટ ફેંસલો આપે ત્યાં સુધી હેરાનગતી કરતાં અમે મના કરીએ છીએ. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૪૫"

એ પાદરી જયાં સુધી દીવાની કોરટ ફેંસલો આપે ત્યાં સુધી કોઇ એના કબજાને હરકત ન કરે એવો કબજો રાખવાને પાદરીનો હક છે અને જે માણસો કબજાવાળા જીલા માજીસ્તરેટને માલમ પડેલા છે તે માણસોને તકરાર ઉઠયા પછી જમીનદારે રાખેલા છે અને જમીનદારના હુકમ શીવાય સુલેહનો ભંગ ઘણું કરીને થાય નહી એવો જે ડીસ્ટ્રીકટ

માજીસ્તરેટનો હુકમ તે તેમની જગોએ થનાર માજીસ્તરેટ જે. લીવારનરે આ કોરટને ફરી તપાસને વાસ્તે મોકલેલો છે એવા કારણથી કે તે માજીસ્તરેટનો હુકમ જોઇએ તે કરતાં વધારે છે, સુલેહનો ભંગ ઘણું કરીને થસે એવો જે જીલા માજીસ્તરેટનો ઠરાવ તેને રદ કરવાને અમે હાથ ઘાલી શકતા નથી. પોલીસ ઇનસપેકટરની જુબાની સુલેહને ભંગના સંભવીતપણાને વાસ્તે સખત સુચના થએલી છે અને તેમણે એમ કહ્યું હતુ કે એ ગામમાં જે તેમણે જોયું તે ઉપરથી માજીસ્તરેટને ખાસ રીપોટ કરવાનુ તેમને મન થયું હતું. જે અમલદારે આ કામ મોકલેલું છે તે સાહેબનો જમીનદારના હુકમ અગર ઉશ્કેરણી શીવાય સુલેહનો ભંગ ન થાય એવો અભીપ્રાય થયો હશે અને માજીસ્તરેટ સાહેબ હકના અમલમાં હાથ ઘાલે તે પહેલાં હકના અમલનો ભોગવટો જે માણુસ કરતા હોય તેમનું જે માણુશો તરફથી અગર જે માણુશોની ઉશકેરણીથી સુલેહનો ભંગ થાય એવું લાગે તેમની પાસેથી જામીનગીરીનુ ખત લખાવીને રક્ષણ કરવું એ બેશક માજીસ્તરેટની ફરજ છે. પણ જો સુલેહના ભંગનુ સંભવીતપણું સાબીત થએલું હોય અને માજીસ્તરેટ જામીનગીરી લીધાને બદલે કલમ ૧૪૫ અથવા તો ૧૪૭ પ્રમાણે વરતે છે તો, જો કે બીજો રસ્તો ઘણોજ ડહાપણુ ભરેલો અને હુશીઆરી ભરેલો છે તોપણુ ફરી તપાસની કોરટ તરીકે આ કોરટ હાથ ઘાલે નહી, પણ તે કામ એક તકે એવું હોવું જોઇએ કે બીજા કારણોથી આવો હુકમ કાયદેસર ગણાય, ડીસ્ટરીકટ કોરટે તાકીદનો હુકમ નામંજુર કરયો હતો તે માજીસ્તરેટના હુકમની હરકત લેવાને સારૂ સારો સબબ નથી. ડીસ્ટ્રીકટ કોરટની નજરમાં આવ્યું કે વાદી તેના હકનો હમેશને વાસ્તે અમલ કરી શકેછે. એ સાબીત કરવાને તે નીષ્ફળ ગયોછે જેથી અટકાવનો હુકમ કાહાડવાની જરૂર પડીછે. તોપણુ માજીસ્તરેટ એમ અનુમાન કરે કે અટકાવ કરવાનો હુકમ કરયો એ સુલેહનો ભંગ થવાને વાસ્તે બરોબર યુકિતવાળું કરેલું છે અને દીવાની કોરટે બીજા કારણોથી તાકીદનો હુકમ નામંજુર કરયો હતો તોપણુ આ વીચાર એવોછે કે તેમને તે ઉપર ધ્યાન આપવાને તેઉ સાહેબનો હક છે.

તોપણુ આ કામમાં માજીસ્તરેટનો હુકમ હરકત લેવા લાયક છે એમ માલમ પડે છે કારણુ કે પ્રોસીડીંગના જે પક્ષકાર—જમીનદાર અને પાદરીની વચમાં નથી અને પ્રોસીડીંગના પક્ષકાર જ્યારે પોતાનો કબજો સાબેત કરતા નથી ત્યારે તે કલમમાં જે પ્રમાણે ઠરાવેલું તે પ્રમાણે એ હુકમ નથી.

કરપણુ અને વેરવન એ પક્ષકાર હતા કે નહી એ ખુલ્લું નથી

જમીનદારે કહ્યું કે તકરારી જગ્યા પાદરીના કબજામાં હતી. એટલે કે અ૦ રૂણુચલમપ્પાન પાસેથી જે વેચાતી લીધેલી હતી તે જગ્યા પાદરીએ એમ કહ્યું છે કે તે જગ્યા તેના કબજામાં હતી અને જમીનદારની ઉશ્કેરણી પ્રમાણે જે માણસ વરતતા હતા તે કરૂપણુ અને વેરવને દીવાની કોરટના હુકમ પછી તેની પારોથી કબજો લઇ લીધો હતો. પણુ તા૦ ૨૯ એપ્રીલના રોજની અરજીમાં કરૂપણે અને વેરવને અરૂણુચલમપ્પાનની જગ્યાના કોઇ પણુ ભાગ ઉપર દાવો નથી, પણ ખાતરી પુરવક એમ ક૦ હેલું છે કે એ પાદરી પોતાની જગ્યા ઉપરાંતનો હક કરતો હતો અને તેઓની જમીન ઉપર પ્રવેશ કરયો અને તેઓએ ફકત પોતાની જમીનનો કબજો ફરીથી લીધો હતો.

આવી હકીકત હોવાથી પક્ષકારો જેનો કબજો હતો તેના હક સબંધી અથવા જ્યારે શક ભરેલી મીલકત હતી ત્યારે જપ્ત કરવાનો હુકમ કરતાં પહેલાં કબજો કોનો છે એ તપાસ કરવાની જરૂરછે. અને જો એ પાદરીનો કબજો સાબીત થયો હોતતો અને જો મેજીસ્તરેટને એમ સંતો૦ શ થાય કે એ દેવલ બાંધવું જારી રાખવાથી ઘણું કરીને હુલ્લડ થાય જે તેઉ સાહેબ બીજી કોઇ પણ રીતે અટકાવી શકે નહી તો તે પાદરીને ઇમારત બનાવતાં ,બંધ રહેવાનો હુકમ દરવો એ તેઉ સાહેબનું કરવું વ્યાજબી છે.

તા૦ ૩ મે સને ૧૮૮૪ ના રોજનો જીલ્લા મજીસ્તરેટનો હુકમ રદ કરવામાં આવ્યો છે અને ઉપર બતાવેલી તપાસ પુરી કરયા પછી હાલમાં જે જીલ્લા માજીસ્તરેટછે તેમણે નવો હુકમ કરવો એવું ફરમાવવામાં આવેછે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૫ જુલાઇ સને ૧૮૮૮

સર ચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીસ અને ગી૦ જસ્ટીસ

હચીન્સ શાહેબોની રૂબરૂ.

કેશરેહીદ વી૦ પલાની વીગરે.

હીંદુસ્થાનનો સ્ટાંપ આકટ કલમ ૩૭, ૪૦—સ્ટાંપ કાયદાની વીરૂધ ગુનો—ફરીઆદ ચલાવવાની મંજુરી—ઠગવાનો ઇરાદો—સ્ટાંપ કાયદાની વીરૂધ ગુનોહ કરયાને વાસ્તે હીંદુસ્થાનનો સ્ટાંપ આકટ સને ૧૮૭૯ ના ની કલમ ૪૦ પ્રમાણે ફરીઆદ ચલાવવાનો હુકમ કરયા શીવાય પરોસીડીંગ રેકર્ડમાં લખવાને ,અથવા રીતશર તપાસ કરવાને કલેકટર બંધાએલા નથી.

આવા ગુનાહના ભાગ તરીકે ઇરાદો સાબીત થવો જોઈએ એવું એ કાયદા પ્રમાણે જરૂર નથી.

પાનું ૫૩૭ સને ૧૮૮૩ ના કેલંડર નંબર ૨૦૩ ના કામમાં સત્ય મંગલમ (ઉરફે રતન સભાપટી) ના સેકંડ કલાસ માજીસ્ટ્રેટે સને ૧૮૭૯ ના હીંદુસ્તાનના સ્ટાંપ આકટની કલમ ૬૧ પ્રમાણે સ્ટાંપ વગરના કાગળ ઉપર અનુક્રમે એક ૫૦ રૂપીઆનું પ્રોમીસરી નોટ સ્વીકારવાને અને બનવ્યાને વાસ્તે પલની ગૌડન અને પીરમગૌઉડનના ઉપર ગુનાની શાબેતીનો ઠરાવ કરયો.

આ પ્રોમેસરીનોટ પેરૂમાગે પલાનીને લખી આપેલું હતું અને તે પલાનીએ ઇરોડના જીલ્લા મુનશફની કોરટમાં તે નોટની રૂઇએ દાવો કરયો અને તે દાવાના આધારમાં તે નોટ દાખલ કરી. જીલ્લા મુનશફ તે દસ્તાવેજ અટકાવીને કોઈમબાતોરના કલેકટર તરફ મોકલ્યો. અને તેઉ શાહેબે તા૦ ૨૮ મી સપટેંબર શને ૧૮૮૩ ના પ્રોશીડીંગથી બેઉ સખસોના ઉપર ફરીઆદ ચલાવવાનો હુકમ કરયો.

તોહોમતવાળાઓએ એવી તકરાર કરી કે તે સ્ટાંપના કર બાબત સરકારને ઠગવાનો અગારો ઇરાદો નહી હતો.

માજીસ્ટ્રેટે તે તકરાર નાબુદ ઠરાવી અને પેરૂમાંના રૂ ૧૫) અને પલાનીના રૂ ૧૦) દંડ કરયા. કારણ કે પલાનીએ મુનશફની કોરટમાં રૂ ૫) પેનલટીના આપેલા હતા. અપીલ ઉપરથી ઉતર ટુકડીના ડીપોટી માજીસ્ટ્રેટે સદરહુ કલેક્ટરનું તોહોમતવાળા ઉપર ફરીઆદ ચલાવવાનો હુકમ કરયાનું પ્રોશીડીંગ મગાવ્યું.

કલેકટરે હુકમ કરયો કે "કલમ ૩૭ પ્રમાણે કાંઇ પ્રોશીડીંગ ચલાવવામાં આવ્યું નથી કારણ કે જીલ્લા મુનશફે પેનલટી ઠરાવેલી છે. કલેકટર ઠગાઇનો અંદેશો રાખે નહીં. અને તે બાબત ખાસ પ્રોશીડીંગ લખે નહી ત્યાં સુધી ફરીઆદ ચલાવવાનો હુકમ થઇ શકતો નથી. (કલમ ૪૦ તે હુકમ કલમ ૪૦ પ્રમાણે કરવામાં આવેલો છે." ડેપુટી માજીસ્ટ્રેટે ઠરાવ્યું કે આ હુકમની રૂઈએ ગુનહાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે તે કાયદેસર નથી. અને કલેકટરે જે વખતે ફરીઆદ ચલાવવાનો હુકમ કરયો તે વખતે સ્ટાંપનો કર ના આપવો પડે એવો કપટ ભરેલો ઇરાદો હતો એમ તેમના અભીપ્રાયમાં આવેલું નથી.

ડેપુટી માજીસ્ટ્રેટનું કયાલંડર તપાસતાં હાયકોરટે તે ડેપુટી માજીસ્તરેટનો હુકમ શાવાસ્તે રદ કરવો નહીં જોઈએ તેનું કારણ બતાવવાને તોહોમતવાળા ઉપર નોટીશ કાહાડી.

તોહોમતવાળા તરફથી બાશીયમ આયમગાર.

કોરટનો ફેંસલો ચીફ જષ્ટીશ ટરનર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

અમારા સમજવા પ્રમાણે તે ગુનહાના ભાગ તરીકે ઇરાદો સાબેત થવાની કાયદા પ્રમાણે જરૂર નથી, પરંતુ અવીચારની ફરીઆદો અટકાવવાને સારૂ ફરીઆદો દાખલ કરવાનો અખ્તીઆર કલેકટરનેજ આપવામાં આવેલો છે અને જયારે યોગ્ય સ્ટાંપ આપવો ન પડે એવા ઇરાદાથી તે ગુનહો કરવામાં આવેલો છે એમ જયારે તેમને જણાય ત્યારેજ ફકત તે અખ્તીઆરનો તેમને અમલ કરવાનો છે, એમ તેમને બતાવવામાં આવેલું છે.

તેમને રીતસર તપાસ કરવાને અગર ફરીઆદ ચલાવવાને લેખી મંજુરી આપે ત્યારે પ્રોસીડીંગ લખવાને જરૂર નથી. જે નીયમ ઠરાવવામાં આવેલો છે તે નીયમ પ્રમાણે તેઉ પોતાના ફેંસલામાં ચાલેલા છે એમ અનુંમાન કરવાનુ છે. તે નોટ કરી આપનારની બાબતમાં અપીલ કોરટનો ફેંસલો ફેરવવો જોઇએ. અને અપીલની ફરી સુનાવણી કરવાને હુકમ કરવામાં આવેછે. પંહેલા તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૪ આગષ્ટ સને ૧૮૮૪

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જષ્ટીશ અને જષ્ટીશ હચીન્સ સાહેબોની રૂબરૂ.

વીરનકુંટી વીરૂધ ચીઆમુ.

ફો. કા. ૧૦ ચ. ની રીતીના કા. ની કલમ ૪૦૩—પ્રથમથી નીરદોશ ઠરાવવો.

ડાકાઇટીના આરોપમાં માજીસ્તરેટે આરોપ જુદો પાડી તોહોમતવાળાને સાપરાધ બળ વાપરી બખેડો કરયા બાબત તથા મરનાર સખશની મીલકતનો ખોટો ઉપીયોગ કરયા બાબત માજીસ્તરેટે ગુનેહગાર ઠરાવ્યો.

અપીલમાં શેશન કોરટે તે ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરાવ્યો. એવું ઠરાવીને કે જો કાંઇ ગુનહો બનેલો હોય તો તે ડાકાઇટીનો છે. પરંતુ જે હકીકત કહેવામાં આવેલી છે તે માનવા લાયક નથી. માટે કમીટ કરવાનો હુકમ કરવાની જરૂર નથી.

તેજ હકીકત ઉપરથી બીજા માજીસ્તરેટની રૂબરૂ ફરીઆદીએ ડકાઇટી બાબતની નવી ફરીઆદ કરી.

ઠરાવવામાં આવ્યું કે શેશન કોરટના સદરહુ ફેંસલાથી આગળ કા

મે ચલાવવાને હરકત થતી નથી.

પાનું ૫૫૭ દક્ષીણ મલબારના શેશન જડજ એચ. એચ. વીલકીન સન સાહેબે ફોજદારી કામ ચલાવવાનો રીતીના કાય દાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટના હુકમને સારૂ આ કામ મોકલેલું છે

સેસન જડજ સાહેબે આ કામની જે હકીકત કહેલી છે તે નીચે પ્રમાણે છે:

મારીને લુટી લેવાનો ગુનોહ કરયાનુ સને ૧૮૮૩ ના ડોસેબર મહી નામાં વીરનકુટીએ ચીઆમુ અને બીજા દસ ઉપર તોહોમત મુકયું. પો લીસે તપાસ કરી અને એવો અભીપ્રાય આપ્યો કે એ તોહોમત જુઠું છે આ કામ પછીથી ડીપોટી માજીસ્તરેટ કરૂનામ કારામનેન સાહેબ ત રફ મોકલવામાં આવ્યું હતુ. તેઉ સાહેબને તા૦ ૧૦ મારચને રોજ એ વું માલમ પડયું કે તોહોમતવાળાઓ બખેડો કરયા બાબત સાપરાધ બળ વાપરયા બાબત તથા ખોટી રીતે અટકાવ કરયાને વાસ્તે અને મર નાર માણસની મીલકતનો અપ્રમાણીકપણે ખોટી રીતે અવ્યવસ્થા કરયાને વાસ્તે ગુનેહગાર છે.

આ કોરટને અપીલ (નંબર ૫) કરવામાં આવેલી હતી અને ડીપો ટી માજીસ્તરેટનો હુકમ તા૦ ૨૮ ને રોજ ફેરવવામાં આવ્યો હતો.

તા૦ ૩૦ મેને રોજ વીરનકુટીએ ડીપોટી માજીસ્તરેટ કુન્હીકનન સા હેબને નવી ફરીઆદની અરજી આપી તેમાં તેની તેજ હકીકત કહેલી હતી અને તેનો તેજ ગુનોહ જેને એણે હજુ પણ મારી લુટી (ડાકાઇટી) લીધાનું નામ આપ્યું તે ગુનાનુ એના એજ તોહોમતવાળા ઉપર તોહોમ ત મુકયું હતું. બીજે દીવશે રેફરંસ કરેલું પ્રોશીડીગ ડીપોટી માજીસ્તરે ટે લખેલું છે અને હુકમ કરયો કે તોહોમતવાળાને મારી લુટી (ડાકાઇટી) લીધાનું તોહોમત બાબત તા૦ ૧૫ જુનને રોજહાજર થવાને વાસ્તે સમન કાડવાનો હુકમ કરયે. અમારી રૂબરૂ જે આ અપીલ ચાલી તેમાં કાંઉન- શીલે એમ તકરાર કરી છે કે જો તોહોમતવાળાએ કોઇ પણ ગુનો કરયો હોય તો એ ગુનોહ મારીને લુટી (ડાકાઇટીનો) કરેલો છે અને આ બાબ ત સબંધી અમે નીચે પ્રમાણે લખાણ કરૂ છે:—

તોહોમતવાળાઓ એકસો અગર બસો બીજા માણસોની સાથે મરહુ મ મમીકુટીના ઘરમાં જબરદસ્તીથી પેઠા અને તેની મીલકત લઇ ગયા એ તોહોમત હોવાથી જો તોહોમતવાળાએ કોઇ પણ ગુનોહ કરયો હોતતો તે ડાકાઇટીનોછે. પોલીશે અને તાલુકા માજીસ્તરેટે કહેલી હકીકતની ખરે ખરી ખુજ જાણી છે અને આ કામ ડીપોટી માજીસ્તરેટ પાસે આવ્યું. ત્યાં સુધી તે કામ ડાકાઇટીના કામ તરીકે ગણવામાં આવ્યું હતું. ડીપો

ટી માજીસ્ત્રેટે એ ગુનાના ભાગ કરવામાં ભુલ કરેલી છે અને તેથી તેમણે હકુમત ખોટી રીતે વાપરી છે જો તેઉ સાહેબનો ઠરાવ "પૂરાવ ઉપરથી કાયમ રખાય એવો હોતતો અમારે તે સાહેબનું પ્રોસીડીંગ રદ કરવું જોઇતું હતું અને કમીટ કરવાનો હુકમ કરવો જોઇતો હતો. પણ પુરાવા ઉપર કાળજીથી વીચાર કરયા પછી અમને ખાતરી થાય છે કે એ તોહોમત બીલકુલ જુઠું છે અને તોહોમતવાળા નીરઅપરાધી છે. રજુ કરેલો પુરાવો જે અમે બતાવ્યું છે કે શંપુરણ રીતે માનવા લાયક નથી તે અમે બધો તપાસ્યો છે અને તોહોમત કાહાડી નાંખ્યું છે.

"જો પુરાવો જોઇતો હોયતો ડાકાઇટીના તોહોમત ઉપર કમીટ કરવાનો હુકમ કરયો હોત એવું અપીલ કોરટે કહ્યું હતું તે પછી ડાકાઇટીનું તોહોમત રાખ્યું એ માજીસ્ત્રેટનુ જે અઘટીતપણું તેનાથી તે વાત કોરાણે રાખતાં અમારી નજરમાં એમ આવે છે કે ડીપેટી માજીસ્તરેટના પ્રોસીડીંગ ગેરકાયદે છે. પહેલાં નીરદોશને માટે મી૦ મેઇને આ પ્રમાણે ઠરાવેલું છે. હકીકત એવી હોય કે જેથી કોઇ પણ માણસના ઉપર જે તોહોમત મુકવામાં આવેલું હોય તેને વાસ્તે ગુનાની સાબેતીનો ઠરાવ કાયદેસરરીતે થઇ શકે તેવી હકીકતથી કોઇ પણ માણુસના ઉપર તપાસ ચાલી હોય તો નીરદોશનો અગર ગુનાની સાબેતીના ઠરાવનો હુકમ જ્યાં સુધી રદ થયો નથી ત્યાં સુધી નીશ્ચય કારક છે. અને એજ તોહોમત ઉપર અગર જે પુરાવા ઉપરથી આગલી ફરીઆદ ચલાવી હતી તે પુરાવાથી બીજું કોઇ પણ તોહોમત સાબીત થઇ શકે તેના ઉપર બીજી તપાસ ચલાવાને અટકાવ છે." જો કોરટને સાહેદીઓની જુબાનીનો પુરાવ ભરૂસો રાખવા લાયક છે. એમ માલમ પડયું હોતતો આગલા કામમાં ડાકાઇટીના ગુનાહ બાબત તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવી શકાત, કોરટે બીલકુલ જુઠા પુરાવ તરીકે એ પુરાવો નામંજુર કરયો અને તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યા જે પુરાવા ઉપર આગલી ફરીઆદનો આધાર હતો તે પુરાવથી આ હાલનું તોહોમત સાબીત થાય માટે તે નીરદોશના ઠરાવથી હાલનું તોહોમત ચલાવાને હરકત છે.

આ કોરટને એ ઠરાવ અને શીક્ષાનો હુકમ રદ કરવાનો અને તોહોમતવાળા ઉપર ડેકાઇટીના ગુનાહનું તોહોમત રાખીને તપાસવાને વાસ્તે કમીટ કરવાનો, ફોજદારી કામ ચલાંવવાની રીતીના કાયદાની કલમ ૪૨૩ પ્રમાણે આ કોરટને અખત્યાર છે. અને જો એ તોહોમતના આધારને વાસ્તે કામમાં કાંઇ પુરાવો હોતતો આ કોરટ બેશક એજ રીતે કરત કારણ કે જે માજીસ્ત્રેટની પાસે પેહેલું આ કામ હતુ તેમણે અને પોલીસે ડાકાટીના ગુના તરીકે આ કામમાં વરતણુંક રાખી છે.

ડીપોટી માજીસ્ત્રેટ તોહોમતવાળાને ડાકાઇટીના ગુનાહ બાબત ગુનેહ ગાર ઠરાવી શકત નહી તોપણ તેમને તે ગુનાહના ગુનેહગાર ઠરાવી શકતા હતા.

આ કોરટે તેમને નીરદોશ ઠરાવેલા છે તેથી હાલના તોહોમતને અ ટકાવ થયો છે.

તોહોમતવાળા નંબર એકના તરફથી મી૦ ગોપાળ નાયર.

ફરીઆદી તરફથી મી૦ શંકરન નાયર.

કોરટ (મી. ટરનર ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ હચીન્સ સાહેબ) નો ફેંસલો જસ્ટીસ હચીન્સ સાહેબે આપ્યોઃ—તોહોમતવાળા વીરૂધ હ૦ કીકત જે જણાવેલી છે તે એ છે કે મરહુમ માણસના ઘરમાં તેઓ રાત્રે જબરદસ્તીથી પેઠા અને મુસલમાન ધરમ પ્રમાણે ફરીઆદીની બેન તથા તેના ટોકરાનો ભાગ ઉપર જે હક હતો તે લઇ લેવાના અપ્રમાણીક ઇરાદાથી એ માણુસની મીલકત લઇ ગયા. એમ કહેવામાં આવેલું છે કે તે મકાન ચોકીવાળા સાચવતા હતા. તે ચોકીવાળામાંના કેટલાકોને ફરી૦ આદીની બેને મોકલ્યા હતા. અને બીજાઓને પેહેલા અને બીજા તોહોમતવાળાઓની તરફથી પોતાની દીકરીઓ તરફથી નીમવામાં આવ્યા હતા. કારણ કે તેઓના એક હીસ્સા ઉપર હકછે. એમ કબુલ કરવામાં આવ્યુંછે.

અસલ આરોપ ડાકાઇટીનો હતો. ડીપોટી માજીસ્ત્રેટે તેના ભાગ પાડયા અને તોહોમતવાળાને બખેડો કરયા બાબત, સાપરાધ બળ વાપરયા બાબત, અને મુરનારની મીલકતનો ખોટી રીતે ઉપયોગ કરયા બાબત ગુનેહગાર ઠરાવ્યા. અપીલમાં શેશન કોરટે ગુનાહની સાબેતીનો આ ઠરાવ ફેરાવ્યો. એવું ઠરાવીને કે જો કાંઇ ગુનોહ બનેલો હોય તો તે ડાકાઇટીનો છે પરંતુ હકીકત માનવા લાયક નથી. માટે કમીટ કરવાનો હુકમ કરવા૦ ને કારણ નથી. આ ઉપરથી ફરીઆદીએ એક બીજા ડીપોટી માજીસ્ત્રેટ૦ ની રૂબરૂ ડાકાઇટીનો ફરીથી આરોપ રાખ્યો. તેથી તે ડીપોટી માજીસ્તરેટે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૦૩ નો વીચાર કરીને તોહોમતવાળાને પકડવાને નવો હુકમ કાહાડયા. શેશન જડજે આ કામમાં હાલ રેફરંસ કરેલું છે. કારણ કે તે પરોશીડીંગ તેમની નજર૦ માં કાયદા વીરૂધ છે એમ આવલું છે.

તકરારમાં બે સવાલો ઉતપત થએલા છેઃ—(૧) શેશન કોરટના ફેંસલાથી તેજ હકીકત ઉપરથી વધારે કામ ચલાવવાને હરકત છે કે શી રીતે, (૨) ડાકાઇટીના ગુનાહમાં ચોરીની બાબત અવશ્યની છે. માટે જે હ૦ કીકત કહેવામાં આવેલી છે તે હકીકત ઉપરથી કાંઇ ચોરી થએલી છે કે શી રીતે. પેહેલી બાબતમાં કલમ ૪૦૩ ની રૂકમ ૪ અને દ્રસ્ટાંત (જી)

આ બાબતમાં નીશ્ચય કારક છે એમ અમને જણાય છે. ડકાઇટીના આરોપ બાબત તોહોમતવાળાને છોડી દેવામાં આવેલો નથી. અને આવો આરોપ જુરીને તપાસવા લાયક છે.

તે કામ કમીટ કરવું જોઇએ કે નહીં તેનો નીરણય કરવા સારૂ શેશનકોરટે જે વીચારો બતાવેલાં છે તે વીચારો ઉપર માજીસ્તરેટ અલબત ઘટતું વજન રાખશે પરંતુ ડાકાઇટીના ગુન્હા બાબત તપાસ કરવાને કાંઇ હક નથી. બીજી બાબતમાં એમ ધારીએ કે તોહોમતવાળાનો તથા ફરીઆદીનો મજીયારો કબજો હતો. અને પીનલકોડના હેતુ પ્રમાણે તોહોમતવાળાએ બદદાનતથી મીલકતાં ખસેડેલી છે તોપણ તે ખસેડવાથી ચોરી થાય છે.

સબબ અમે તેમાં હાથ ઘાલવાને ના કહીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ અગસ્ટ સને ૧૮૮૪.

મી૦ જસ્ટીસ ટરનર અને મી૦ જષ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ કપુ.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫, ૪૩૫ કયાલંડર તપાસતાં માજીસ્ટ્રેટે જુઠા સોગન બાબત ફરીઆદ ચલાવવાને આપેલી મંજુરી.

એક પેટા ટુકડીના માજીસ્તરેટના તાબાના માજીસ્તરેટે એક કામની તપાસ કરેલી. તેવાશે કયાલંડર જોઇને પેટા ટુકડીના માજીસ્તરેટે કામના કાગળો મંગાવ્યા. અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે એક શાક્ષીના ઉપર જુઠા સોગનની ફરીયાદ ચલાવવાને મંજુરી આપવાને હુકમ કરયો.

ઠરાવવામાં આવ્યું કે તે હુકમ કાયદેસર નથી.

પાનું ૫૬૦ કોઇમબાંરતોરના આકટીંગ શેશનજડજ જી, એ. પારકર સાહેબે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે.

કામની હકીકત નીચે પ્રમાણે છે.

"હીંદુસ્થાનના ફો૦ કા૦ ની કલમ ૪૫૭ અને ૩૮૦ પ્રમાણે એક નાચીના ઉપર દારૂપુરામના બીજા વરગના માજીસ્તરેટની ફાઇલ ઉપર સને ૧૮૮૩ ના નંબર ૨૯૩ ના કયાલંડરના કામમાં આરોપ રાખેલો

હતો તપાસ કરી તેમાં ગામના માજીસ્તરેટ કપાયરે ' એવી જુબાની આપેલી છે કે તોહોમતવાળાએ મારી રૂબરૂ તે ગુન્હો કરયાની કબુલત આપેલી છે.

" બીજા વરગના માજીસ્તરેટે તે જુબાની ઉપર ભરૂસો રાખયો નહીં. અને એવું ઠરાવ્યું કે તે કેદીના વીરૂધ તે કામ જુઠું બનાવટનું છે માટે તારીખ ૨ જી નવેબર સને ૧૮૮૩ ને રોજ તેને છોડી દીધો.

"'કયાલંડર તપાસતાં આકટીંગ જોઇન્ટ માજીસ્ત્રેટે કામના કાગળો મંગાવ્યા. અને તા૦ ૮ મી ફેબરવારીના રોજ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે એવી મંજુરી આપવાનો હુકમ કરયો કે ગામના માજીસ્ત્રેટ કપાયરે પોતાની રૂબરૂ નાચીએ કબુલત આપેલી છે. એવી જુઠી શાહેદી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે આપેલી છે. માટે તે બાબત તેના ઉપર કામ ચલાવવું. તા૦ ૧૩ ફેબરવારીના રોજ દારાપુરામના બીજા વર્ગના માજીસ્તરેટ ઉપર આકટીંગ જોઇન્ટ માજીસ્ત્રેટે બીજો 'એવો હુકમ કરયો કે કપાયેર ઉપરના કામની શેશન કોરટમાં કમીટ કરવાને શારૂં આરંભની તપાસ કરવી. આ બેઉ હુકમો આકટીંગ જોઇન્ટ માજીસ્ત્રેટે પોતાની મેળે કરેલા છે.

" તેમની રૂબરૂ કાંઇ ફરીઆદ નહીં હતી તેમ કાંઇ ન્યાયની રૂઇનું કામ ચાલતું નહીં હતું.—તેમણે ફકત ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે કામના કાગળો તપાસવાને મંગાવેલા હતા."

" ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે જોઇન્ટ માજીસ્ત્રેટે તે કાયદા વિરૂદ્ધ કરેલું છે એમ અમને જણાય છે.

"બીજા વર્ગના માજીસ્ત્રેટનો ફરીઆદ થયા શીવાય તે કામ લેવાનો હકક નહીં હતો. કારણ કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે મંજુરીની જરૂર નથી. પરંતુ કોઇએ કાંઇ ફરીઆદ કરેલી નથી. બીજી બાજુ તરફ જો જોઇન્ટ માજીસ્ત્રેટે ફરીઆદ ચલાવવાનો હુકમ કરવાને મરજી રાખી હોય તો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૭૬ પ્રમાણે તેમણે વરતવું જોઇતું હતું, અને આરંભની તપાસ એટલે તોહોમતવાળા ઉપર નોટીશ કરવી જોઇતી હતી એમ અમારી નજરમાં આવે છે. માટે તેવી તપાસ કરયા પછી નજીકમાંના નજીક પેહેલા વર્ગના માજીસ્ત્રેટને તે કામ તપાસ કરવા તેમણે મોકલવું જોઇતું હતું.—ઇંડીયન લોરીપોર્ટ મદ્રાસ વાલ્યુમ ૭ પાનું ૧૮૯.

" ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૭૬ પ્રમાણે જોઇન્ટ માજીસ્ત્રેટને હકુમત છે કીંવા નહીં તે વીશે પણ શકક રહી શકે

છે. કારણ કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪ મે. બતાવેલી વખ્યા પ્રમાણે ન્યાયની રૂઇનુ કામ ચાલતાની દરમ્યાનમાં તે બાબત તેમના લક્ષમાં આવેલી નથી.

"અમે સુચના કરીએ છીએ કે કપાયરના ઉપર કામ ચલાવવાને દારાપુરામના બીજા વર્ગના માજીસ્ટ્રેટ ઉપર હુકમ કરવામાં આવેલો છે તે રદ કરવો જોઇએ."

કાંન્સલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

રેફરંસ કરનાર અમલદારે કામની હકીકત કહેલી છે. જે ગુન્હા બાબત જોઇંટ માજીસ્ટ્રેટે કલમ ૧૯૫ પ્રમાણે મંજુરી આપેલી છે તે બીજા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ જુઠા સોગનનો ગુન્હો થએલો છે. પરંતુ તેમણે તે મંજુરી આપી નથી. તેમ તેમને તે મંજુરી મળવા અરજ કરવામાં આવી નથી. પછી તેમણે તે સાક્ષી ઉપર ભરૂશો રાખ્યો નથી એવું કહેલું છે તેની ચીંતા નહીં.

જોઇન્ટ માજીસ્ટ્રેટે તે કયાલંડર વાંચીને પણ પુરાવ વાંચ્યા શીવાય અગર તે ઉપર તે અભીપ્રાય બાંધ્યા શીવાય કે જુઠા સોગનનો ગુન્હો થએલો છે કે નહીં અને તે શાક્ષી ઉપર ફરીઆદ ચલાવવાની મંજુરી આપવાને કાંઇ અરજી થયા સીવાય તે મંજુરી આપેલી છે.

જે વખતે જોઇંટ માજીસ્ટ્રેટે તે મંજુરી આપી તે વખતે તે કામની સુનાવણી કરવાને કોરટ તરીકે તેઉ બેઠેલા નહીં હતા. તેમ તેમની રૂબરૂ કાંઇ અરજી નહીં હતી.

કોઇ કોરટે પ્રથમ પુરાવં તપાસ્યા શીવાય મંજુરી આપવી નહીં જોઇએ. જેમ બને તેમ મંજુરી આપવાનો હેતુ એવો છે કે જ્યાં સુધી કોરટ કામની સુનાવણી કરે નહીં અગર ઉપરી કોરટ તરીકે તેમને ખાતરી થાય નહીં કે અમુક પક્ષકારની તપાસ કરવાને યોગ્ય હકીકત છે ત્યાંસુધી કોઈ સખશ ઉપર ફરીઆદ ચલાવવી નહીં જોઇએ. તે સખસે જુઠા સોગન ખાધા હતા એવી ખાતરી કરવાનો જે કાયદાનો હેતુ છે. તેવીજ સ્થીતિમાં માજીસ્તરેટ તે જોઇંટ માજીસ્તરેટ નહીં હતા. કારણ કે તેમણે પુરાવ વાંચેલો નહીં હતો. આ અગત્યની બાબત ઉપર તકરાર સાંભળવાને તે સખશને લાગ આપવામાં આવેલો નહીં હતો. માટે જે હુકમ કરવામાં આવેલો છે તે તેની પીઠ પછવાડે કરવામાં આવેલો છે.

જોઇન્ટ માજીસ્ટ્રેટે કલમ ૪૩૫ પ્રમાણે કયાલંડર તપાસ્યુ. તે તેમણે તે કલમના ઠરાવ પ્રમાણે ઠરાવ, શીક્ષાનો હુકમ અગર હુકમ વીગરે બરોબર છે કે નહીં તે વિશેની ખાતરી કરવી અને બીજા વરગના મા

જીસ્તરેટનું પ્રોસીડીંગ રીતીસર છે કે નહીં તેની ખાતરી કરવી તે સારૂં તપાસેલું હતું. જોઇન્ટ માજીસ્તરેટ કાંઇ ન્યાયની રૂઇનું કામ ચલાવતા નહોતા. કલમ ૪ (ડ) જે મંજુરી આપેલી છે તે હકીકત પ્રમાણે કાયદા વિરૂદ્ધ છે.

કલમ ૪૭૬ પ્રમાણે કોઇ પણ ન્યાયની રૂઇનું કામ જોઇન્ટ માજીસ્રેટની રૂબરૂ નહીં હતું. માટે તે કલમ પ્રમાણે તેમણે કાંઇ કામ કરેલું નથી. કલમ ૪ (ડ) જો તે કલમ પ્રમાણે તેઉ ચાલ્યા હોત તો પેહેલા વરગના માજીસ્તરેટ તરફ તપાસ થવા સારૂં તે કામ તેમણે મોકલવું જોઇતું હતું.

જોઈન્ટ માજીસ્રેટે પોતે કાંઇ ફરીઆદ કરી નથી.

માટે તે મંજુરીનો હુકમ રદ કરવો જોઈએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ અગષ્ટ સને ૧૮૮૪.

મી૦ જષ્ટીશ હચીન્સ સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂદ્ધ પોલા વારાપુ.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪ (અ)

૨૫૦—કંપનશેશન—પોલીસને ફરીઆદ.

જ્યારે પોલીસને ફરીઆદ કરવામાં આવેલી હોય ત્યારે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે કંપનશેશન આપાવી શકાતુ નથી. પોલીસે તોહોમતવાળા ઉપર આરોપ રાખી મોકલેલો તે ઉપરથી માજીસ્રેટે કામની તપાસ કરેલી છે.

પાનું ૫૬૩. કીશ્નાના જીલ્લા માજીસ્રેટે (ડબલ્યુ એ, હપેંબર્ન) હાઇકોરટના હુકમને સારૂ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ કામ મોકલેલું છે.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૮૩ પ્રમાણે સરીઆમ રસ્તા ઉપર હરકત કરયાનું સને ૧૮૮૪ ના ક્યાલંડર નંબર ૧૩૨ ના કામમાં નારસરાયુપીટના સેંકડ કલાસ માજીસ્રેટ સાહેબની રૂબરૂં પોલવરયું અંતાયના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હતું. એ ફરીઆદી નજીવી છે એવો માજીસ્તરેટનો અભીપ્રાય હોવાથી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે કંપનસેશન તરીકે રૂ. ૫ ફરીઆદીએ તોહોમતવાળાને આપવાનો હુકમ કર્યો. પોલીસે તોહોમતવાળાની વીરૂદ્ધનું તોહોમતનામું મોકલેલું છે તે ઉપરથી માજીસ્રેટે તે ફરીઆદીની સર્

નાવણી કરીછે તે ફરીઆદ પેહેલાં પોલીસને કરવામાં આવેલી તેથી કંપેન્શનનો ઠરાવ ગેરકાયદે છે એ કારણથી આ કામ મોકલેલું હતું.

ઇશ્રી વી. બક્ષીના કામનો ઠરાવ.

કાંઉન્સેલ રાખવામાં આવ્યો નથી.

કોરટ (મી૦ જસ્ટીશ હચીન્સ) સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

જો કે મી૦ જસ્ટીશ રેલ સાહેબે સંપુરણ રીતે કારણ જણાવેલાં નથી. તોપણ તે સાહેબનો ઇશ્રી વી૦ બક્ષીના કામમાં કરેલો ઠરાવ વ્યાજબી જણાય છે. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪માં એ ફરીઆદીનો અર્થ માજીસ્તરેટને આ કાયદા પ્રમાણે ઇલાજ લેવાને લખીને અથવા મોઢેથી કહેલું હોય તો કોઇ માણસે ગુનો કરયો છે. " એવો ઠરાવેલ છે. જે પોલીશ અમલદારે ઇલાજ લીધો અને તોહોમતનામું મોકલીને માજીસ્રેટને એ હકીકત જાહેર કરી તેમના રૂબરૂ તોહોમત મુકવામાં આવેલું હતું

કાયદામાં ઠરાવેલું છે તે પ્રમાણે કાંઇ પણ ફરીયાદ નથી અને આ કામ તે " ફરીઆદ ઉપરથી દાખલ નહીં કરેલું હોવાથી " ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે કંપનશેસનનો ઠરાવ કરવાનો માજીસ્રેટને અખતીઆર નથી, માટે કંપનશેસનના ઠરાવનો હુકમ એ પ્રમાણે રદ કરવામાં આવ્યોછે. અને જે માણસની પાસેથી રૂ ૫ લેવામાં આવ્યા હતા તેમને પાછા આપી દેવા.

ફોજદારી અપીલ.

તા૦ ૨૪ અને ૩૦ જુલાઇ સને ૧૮૮૪.

બદી વીરૂધ મ્હારેહીંદ.

પુરાવ આકટ કલમ ૩૦—ગુનાને મદદ કરનાર વીરૂધ ગુનો કરવામાં સામેલ એવા કેદીની કબુલાતનો ઉપયોગ કરેલો.

અ ની ખુન કરયાની અને બ નેતેમાં મદદ કરયાની તપાસમાં સને ૧૮૭૨ પુરાવ આકટની કલમ ૩૦ પ્રમાણે બ એ ગુનો કર્યો છે એવું સાબેત કરે એવી અ ની કબુલાત બ ની વીરૂધ ધયાનમાં લઇ શકાય નહીં.

પાનું ૫૭૫ સને ૧૮૮૪ના કયાલંડર નંબર ૨૧ ના કામમાં ઉતર આરકટના શેશનજડજ (ડી૦ બુલક) સાહેબે ત્રણ સખસ—મહમદ સાહીબ, અબદુલ કાદર અને એરૂાવાદનના ઉપર એક સઇદ મીરના ખુન બાબત, બદી સાહેબના ઉપર ખુન કરવાની મદદ કરયાના ગુનાની સાબેતીનો ઠરાવ કર્યો અને તેમને મોતની શીક્ષાનો હુકમ કર્યો.

બદીસાહેબ શીવાયના કેદીઓએ મહમદ સાહેબ મલાયમલની ટેકરીઓ ઉપર સઇયદ મીરને લલચાવી લઇ ગયા એવી હકીકત કમીટીંગ માજીસ્રેટને જાહેર કરી અને જાહેર કરયું કે અબદુલ કાદરે મીરવાદને અને બદુગને (જેને આ તપાસ વખતે શાક્ષી તરીકે લેઇ જવામાં આવ્યો હતો તે) એ જયારે ઘાટ ઉપર પાછો આવ્યો ત્યારે તેનું ખુન કરયું અને એક દાવો ચાલતો તેમાં બદી સાહેબનું હીત હોવાથી સઇયદ મીરને સાક્ષી આપતાં અટકાવાને બદી સાહેબે તેમને ખુન કરવાને લલચાવ્યા એવું જાહેર કરવામાં આવ્યું હતું અબદુલ કાદર અને મીરવાદને માજીસ્રેટની રૂબરૂ એમ કહ્યું હતું કે ઘાટ સુધી અડધે રસ્તે બદી સાહેબ અમારી સાથે આવ્યા હતા, પણ પાછા હઠયા અને ખુનને વાસ્તે નક્કી કરેલી જગ્યા ઉપર તેમને એકલાને મોકલ્યા.

તપાસમાં આ હકીકત બદી સાહેબની વીરૂધ્ધ તરીકે વાંચવાંમાં આવી હતી.

બદી સાહેબે હાઈકોરટને અપીલ કરી.

અરજદાર તરફથી મી० વેડરબર્ન.

સરકાર તરફથી કોઇ હાજર થયુ નહીં.

અરજદાર તરફથી એમ તકરાર કરવામાં આવેલી હતી કે મહમદ સાહેબ અબદુલ કાદર અને મીરવાદની જાહેર કરેલી હકીકત બદી સાહેબની વિરૂદ્ધ ગેર વ્યાજબી રીતે ધ્યાનમાં લીધેલી છે, કારણ કે સને ૧૮૭૨ ના હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૦ ના અર્થ પ્રમાણે બીજા માણસોના ઉપર જે ગુનાને વાસ્તે તપાસ ચાલતી હતી તેજ ગુનાને વાસ્તે બદી સાહેબના ઉપર તપાસ ચાલતી નહોતી.

માહારાણી વી० જાફીરઅલ્લીના કામમાં કરેલો ઠરાવ.

કેસરેહીંદ વિરૂધ અમ્રીતા ગોવીંદના કામમાં કરેલો ઠરાવ.

આ બાબત ઉપરૂ કોરટ (મી० જષ્ટીશ કર્નાન અને મી० જસ્ટીસ હચીન્સ) નો ફેંસલો નીચે પ્રમાણે છે.

અરજદાર બદી સાહેબનું કામ ધ્યાનમાં લેવાનું બાકી છે. ખુન અને ખુન કરવાની મદદ તે એકજ એવી રીતના ખાસ ગુના નથી કે જેથી બદી સાહેબ જેના ઉપર મદદ કરયાનું ફકત તોહોમત મુકવામાં આવેલ છે તેની વિરૂદ્ધ મહમદ સાહેબ. અબદુલ કાદર અને મીરવાદન જેમના ઉપર ખુન કરયાનું તોહોમત મુકવામાં આવેલું છે.

હીંદુસ્તાનના પુરાવ આકટની કલમ ૩૦ પ્રમાણે. તેમની કબુલાત ધ્યાનમાં લેવી પડે એવી મી० વેડરબર્ન જે તકરાર કરેલી છે તે અમે

કબુલ કરીએ છીએ. માટે તેનું કામ તે કબુલતોથી જુદુછે એમ અમારી નજરમાં આવેલું છે.

માફી શાક્ષીની શાહેદી.

જેને આ કામના બીજા શાક્ષીથી પુષ્ટી મળી છે તે ઉપરથી અપીલ રદ કરવામાં આવી, અને શીક્ષાનો હુકમ મંજુર રાખ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ આગષ્ટ અને ૧૮ સપટેંબર સને ૧૮૮૪.

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીસ હચીન્સ સાહેબોની રૂબરૂ.

મુતુ મીરાં વીગરે વી૦ કેસરેહીંદ.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૬૮—સારવજનીક અપકૃત્ય.

એક ગામના રેહેવાશી અમુક મુસલમાનોએ ગામ તળીયાની જમીનના ભાગ ઉપર મોહરમની અંદર થોડી મુદતને વાસ્તે છાપરી બાંધી અને તે છાપરીમાં એક ધર્મની નીશાંની મુકી. તેઓના આ કૃત્યથી હીંદુઓનાં દેહરાં પાસે હતાં તેથી તેમને ઇજા જરૂર પડસે અને તેથી સુલેહનો ભંગ થસે એવી ધાસ્તી રહેતી હતી એ કારણથી સારવજનીક ઇજા કરયાને વાસ્તે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૦ પ્રમાણે માજીસ્ત્રેટે તેઓના ઉપર ગુનાની શાબેતીનો ઠરાવ કરયો.

ઠરાવવામાં આવ્યુ કે ગુનાની શાબેતીનો ઠરાવ ગેરકાયદે હતો.

પાનું ૫૯૦. સને ૧૮૮૩ ના કયાલંડર નંબર ૩૩૯ ના કામમાં ધારાપુરમના સેકન્ડ કલાસ માજીસ્ત્રેટે કરેલા શીક્ષાના હુકમ ઉપર અપીલમાં તા૦ ૨૮ મારચ સને ૧૮૮૪ ને રોજના કોઇમ્બતુરના એક્ટીંગ જોઇન્ટ માજીસ્ત્રેટ એફ. એ. નીકોલસન સાહેબે પ્રોસીડીંગ ચલાવેલું તે તપાસવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે હાઇકોરટને આ અરજી કરેલી છે.

આ કામની હકીકત અને તકરાર હાઇકોરટના ફેંસલામાંથી જોઇએ તેટલી માલમ છે.

અરજદાર તરફથી મી૦ વેડરબર્ન.

ફરીઆદી તરફથી મી૦ ડંનહીલ.—

કોરટ (ચીફજષ્ટીશ ટરનર અને મી૦ જષ્ટીશ બ્રેન્ડટ સાહેબો) ના ફેંસલો ચીફ જષ્ટીશ ટરનર સાહેબે આપ્યો:—મોહરમના તેહેવારમાં

તોહોમતવાળા જેદાલાવિપટ નામના રહેવાશી છે તેમણે પડતર જમીન જે આમની જગ્યાનો ભાગ થાય છે. તેના ઉપર થોડી મુદતને વાસ્તે છાપરી બાંધી અને તેમાં એક મુરતિ મુકી. જે દેહરામાંથી અમુક રતુમાં તે જગ્યા અગાડી થઇને વરઘોડા જાય છે અને તેમાંના કેટલાક ભાગ કાલીઆમજીના તેહેવારમાં દેવીને જે પાડા અરપણ થાય છે તેનુ બાંધવામાં આવે છે અને હીંદુના દહેરાની પાસે તે જમીન છે.

એમ માલમ પડયું છે કે હીંદુઓની ધર્મ સબંધી લાગણીને ઇજા કરવાનો તોહોમતવાળાનો ખાસ વીચાર નહોતો પણ હીંદુ લોકોને તેઓના દેહેરાની પાસે મુસલમાનોની મુર્ત્તી મુકવાથી ઇજા થવાનો સંભવ છે એ કારણથી સારવજનીક ઇજા કરયાનો માજીસ્તરેટનો તેઓના ઉપર ગુનાની સાબેતીનો જે ઠરાવ તે અપીલ કોર્ટે મંજુર રાખ્યો છે.

અમુક કામ કરવાથી અથવા નહીં કરવાથી સાધારણ ઇજા, ભય અથવા લોકોને અથવા લોકોમાના ઘણા ખરા જે પાસેની જગ્યામાં રહે છે, તેમને ઇજા થાય છે, અથવા લોકોને પ્રસંગ આવે ત્યારે જેથી સારવજનીક હકકનો ઉપયોગ કરવામાં હરકત, ભય અથવા જરૂર થાય છે, એ રીતે પીનલકોડમાં સારવજનીક ઇજાની વાખ્યા કરેલી છે. એ આકટની ભાશા ઉપરથી જણાય છે કે કોઈ વરગના ધર્મ સબંધી વીચારોને ઇજા થાય એવાં કૃત્યો કરવા અગર નહીં કરવા તેને લાગુ કરવામાં ઇરાદો રાખવામાં આવ્યો નથી. આ દેશમાં હમેશ એમ બને છે કે એક ધરમના માણસો કૃત્ય કરે છે કે જેથી બીજો ધરમ માનનારના વીચારોને ઇજા થાય. અમુક જગ્યામાં બંદગીની જગ્યા બાંધવાથી પાસે રહેનાર બીજા ધરમને માનનાર માણસના વીચારોને ઇજા થવાનો સંભવ છે પણ પીનલકોડમાં આવા કૃત્યને સારવજનીક કૃત્ય છે એમ ઠરાવેલું નથી. એક પંથના માણસોમાંથી અમુક સખસો જુદા છે તેમનું જયાં તેઓ પ્રસંગ આવે તે વખતે પાસેની જગ્યાઓ જયાં તે રહે છે અગર તેઓના કબજામાં છે અગર જયારે તેઓને સારવજનીક હકનો ઉપયોગ કરવાંનો પ્રસંગ પડેછે ત્યારે ઇજા ભય અગર હેરાનગતીમાંથી બચાવ્યાનો તે ઠરાવનો હેતુ છે એવો અમે વીચાર કરીએ છીએ.

છાપરી બાંધી તેથી અને તેમાં તાબુત મુકવાથી લોકોનો ઘણો ભાગ જે પાડોશમાં રહે છે તેને ઈજા ભય અગર હેરાનગતી થઇ નથી તેમ આ કૃત્યથી કોઈ ઇજા હરકત ભય, અથવા હેરાનગતી જેમ કે જમીન ઉપરના રસ્તાના હકનો સારવજનીક હકક અમલમાં આવતાં કરવામાં આવે તેવી કાંઇ ઇજા વીગેરે કોઇને કાંઇ થએલ નથી.

હીંદુઓએ બીજી રૂતુમાં કરેલું તેના કરતાં લેબીસે કાંઈ વધારે કરેલું નથી. હીંદુઓએ ધરમના કારણસર પડતર જમીનના ભાગનો થોડી મુદત ઉપયોગ કરયો હતો. આ કૃત્યોથી બીજાઓને ધરમને લીધે જે વીરૂધતા લાગે તે વીરૂધતા ઉશ્કેરાઈ શકે અને તેથી કરીને સુલેહનો ભંગ કરવાને લાલચ થાય પરંતુ તેથી તોહોમતવાળાના કૃત્યો સારવજનીક અપકૃત્યો થતાં નથી.

જો માજીસ્તરેટને બ્યાજબી કારણોથી એવી ખાતરી થાય કે અમુક સખસો સુલેહનો ભંગ કરવાનો વીચાર કરે છે તો માજીસ્તરેટ પોતાનો મળેલો અખત્યાર તે સખશને અટકાવવામાં પ્રસંગ પડે, વાપરે એવી તેમની ફરજ છે. જો તોફાનનું જોખમ એવું ભારે હોય અગર એકાએક હોય કે જે માજીસ્તરેટ પોતાના અખત્યારની અંદરના કોઇ સાધનથી અટકાવી શકે નહીં તો તેઉ અમુક હરકત વીગેરે દુર કરવાનો હુકમ કરી શકે છે. પરંતુ હીં૦ ફો૦ કા૦ ની કલમ ૨૯૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો તોહોમતવાળાના તે કૃત્યોથી શદરહુ કારણને લીધે થતો નથી. માટે ગુન્હાની સાબેતીના ઠરાવો રદ કરવા જોઇએ અને દંડ પાછો આપવો જોઇએ.

વાલ્યુમ ૮ મું

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ સપટેમ્બર તથા તા૦ ૧૧ અકટોબર સને ૧૮૮૪.

મી૦ જસ્ટીશ મતુસામીઆયર સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વી૦ રામાકા.

પીનલકોડની કલમ ૩૦૯—આત્મઘાત કરવાની કોશીસ—ઈરાદો—પશ્ચાતાપ કરવાની જગા.

ર એ કુવામાં પડી પોતાનો આત્મઘાત કરવાનો ઇરાદો રાખી તે કુવા તરફ દોડી અને ત્યાંહાં તેણીને પકડવામાં આવી. તેથી તેને આત્મઘાત કરવાની કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવ્યો.

ઠરાવવામાં આવ્યું કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ કાયદેસર નથી.

કીસનાના જીલ્લા માજીસ્ટ્રેટ ડબલ્યુ. એ. હાપલ સાહેબે હુકમ થવા સારૂં આ કામ હાયકોરટમાં મોકલેલું છે.

હાયકોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત જણાય છે.

કોંનસલ રાખવામાં આવ્યો નથી.

ફેંસલો:—તોહોમતવાળીને પોતાના બાપ તથા ભાઈ સાથે કજીયો થયો, તેથી હું કુવે પડવા જાઉં છું એમ કહી કુવા તરફ દોડી. ફરીયાદ તરફનો પેહેલો શાક્ષી તે કુવા ઉપર હતો તેણે બીજા શાક્ષીએ કરેલી પોકારો સાંભલી તેથી તોહોમતવાળીને પકડીને ગામના મુનશીફના કબજામાં સોંપી. આ હકીકત ઉપરથી પલનાદના બીજા વરગના માજીસ્ત્રેટે (વી. સુબ્રામાનીયમ) તેણીને આત્મઘાત કરવાને કોશીશ કરયા બાબત ગુન્હેગાર ઠરાવી અને ચાર માસ આશાન કેદની શીક્ષા કરી. તોહોમતવાળીએ આત્મઘાત કરવાને ઇરાદો રાખ્યો હતો એમાં કાંઇ શકક નથી, અને તે ઇરાદાનો અમલ કરવાને તે તૈયાર થએલી તેથી તે કુવા ઉપર ગઇ હતી. તો પણ તે પોતાનું મન ત્યાંહાં ગયા પછી પણ ફેરવી શકતી હતી, અને જે ગુન્હા બાબત તેણીને ગુન્હેગાર ઠરાવવામાં આવી છે તે ગુન્હાની શીરૂઆત ગણી શકાય તેવું કાંઇ કરવામાં આવ્યું નથી અને તે કરતાં પહેલાં તેણીને પકડવામાં આવી છે. માટે ગુન્હાની શબેતીનો ઠરાવ અમે રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તોહોમતવાળીને પેહેરામાંથી છોડી દેવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ મી અગષ્ટ તથા તા૦ ૧૮ સપટેંબર સને ૧૮૮૪.

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જષ્ટીશ હચીન્સ સાહેબોની રૂબરૂ.

બીયાચ્ચા વીરૂદ્ધ મોહીદીન કુટી.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૮—ખોરાકી પોશાકી—તે આપવાથી કસુર કરવાથી કેદ—પાછળથી તે આપવા માંડવી—શીક્ષાનો હુકમ કાયમ.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૮ પ્રમાણે ખોરાકી પોશાકી આપવાના હુકમ પ્રમાણે જાણી બુઝીને નહીં આપવાની કસુર કરવાથી કેદની શીક્ષા કરવામાં આવેલી પરંતુ તે કસુર કરનારે ચડેલી ખોરાકી પોશાકી વસુલ આપે તેથી તેને છુટવાનો હકક થતો નથી.

પાનું ૭૦. મલબારના હેડ આશીસ્ટંટ માજીસ્ત્રેટે સને ૧૮૮૧ ની સાલમાં એક મોહીદીન કુટીને તેની ઓરત બીયાચ્ચાને દર માસે રૂ. ૮ ખોરાકી પોશાકી તરીકે આપવાનો હુકમ કરેલો હતો. સને ૧૮૮૪ ના જુલાઈ માસમાં તે બીયાચ્ચાએ ડીપોટી મા-

જીસ્ટ્રેટ (સી. કુ૭ નડીકાંનન)ને એવી ફરીઆદ કરી કે ગયા નવ માસ ની મારી ચડેલી ખોરાકી પોશાકી મને આપવામાં આવેલી નથી. તેથી તે માજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૮ પ્રમાણે મોહીદીન કુટીને જાણી બુજીને તે હુકમ પ્રમાણે નહીં ચાલ્યાની કસુર કરયા બાબત સાડ.ચાર માસની સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

તા૦ ૨૬ જુલાઇના રોજ તે મોહીદીન કુટીના ભાઇએ શદરકુ ડીપોટીમાજીસ્તરેટને એવી અરજી આપી કે ચડેલી ખોરાકી પોશાકી હું આપું છું, માટે મોહીદીનકુટીને છોડવો જોઈએ.

મોહીદીન કુટીને છોડી શકાય કે નહીં તે વિશે માજીસ્ટ્રેટને અંદેશો પડવાથી મલબારના આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટ (સી. એ. ગાલટન) ને હાયકોરટમાં નીચે પ્રમાણે રેફરંસ કરેલું છે.

"કે મુખત્યાર માજીસ્ટ્રેટે ખોરાકી પોશાકી આપવાનો હુકમ કરેલો હોય તે નહીં આપવાથી જે સખસે તે આપવાની હોય તેને કેદમાં મોકલેલો હોય પરંતુ કેદની મુદત પુરી થએલી ના હોય તો જે વખતે તે ચઢેલી ખોરાકી પોશાકી આપવામાં આવે તે વખતે તેને છોડી શકાય કે નહીં એ સવાલ છે. આવા કામોમાં તે ખોરાકી પોશાકી નહીં આપવાના કારણ કરતાં તે આપવાના હુકમનો તીરસ્કાર કરયા બાબત તે શીક્ષા કરવામાં આવેલી છે એમ અમને દીસે છે. તો પણ દંડ વસુલ આપવાને કસુર કરવામાં આવે અને તે બાબત એકાદા સખસને કેદ કરવામાં આવે તે કરતાં વધારે ખોરાકી પોશાકીનો હુકમ અપમાન કરયા બાબત ગણવું જોઇએ એવો કાયદા કરનારનો ઇરાદો નથી એમ અમારી નજરમાં આવેછે. તો પણ તે સવાલ તદન શક વીનાનો નથી માટે તે બાબત હાયકોર્ટનો હુકમ થવા સારૂં હાયકોરટને પુછવાને અમે યોગ્ય ધારેલું છે."

કોંનસલ રાખવામાં આવ્યો નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.—

જસ્ટીશ હચીન્સ સાહેબ:—આ સવાલ મુસ્કેલી ભરેલો છે પરંતુ કાયદા કરનારે જે કહેલું તે પ્રમાણે ચાલવાને અમે બંધાએલા છીએ, માટે જો કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૮ પ્રમાણે તે કસુર કરનાર જે કેદની ભર શીક્ષાને પાત્ર થાય છે તે ભર શીક્ષાનો હુકમ કરવાને માજીસ્તરેટ બંધાયેલા નથી તો પણ જે મુદત બાબત હુકમ કરવામાં આવેલો હોય તે મુદત ભોગવવીજ જોઇએ એમ ઠરાવવાને અમને ફરજ પડે છે. જે કામોમાં નાણાં વસુલ આપવામાં

આવે એટલે કેદ બંધ થાય છે તેમાં જે ભાશા વાપરવામાં આવેલી છે તે ભાસામાં અને તે કલમની ભાશા તથા પાંચમા પ્રશીષ્ટમાં તેનોજ નમુનો છે તે નમુનાની ભાશામાં ઘણો ભેદ છે.

દંડ વસુલ આપવાની કસુર કરવાથી જે કેદની શીક્ષા કરવામાં આવે છે તે કેદની શીક્ષા કાયદા પ્રમાણે હુકમ કાહાડી દંડ વસુલ લેવામાં આવે અગર વસુલ આપવામાં આવે એટલે તે ઘણું કરીને બંધ પડે છે.

(હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૬૮) તે પ્રમાણે આ કામ માં નથી. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે ફરીઆદીને કંપનશેશન અપાવવામાં આવેલું હોય અને તે વસુલ થઇ શકતું ના હોય તો એક માસ સુધી કેદની શીક્ષા થઇ શકે છે. વારંટનો નમુનો પ્રશીસ્ટ પાંચમામાં છે. (૩૦) તેમાં જલદી આપવામાં આવે નહીં તો એવા શબ્દો છે તેથી તે વસુલ થઈ શકે નહીં. એ શબ્દોનો અર્થ ગરભીત રીતે થઈ શકે છે એમ જણાય છે.

કલમ ૧૨૩ અને ૧૨૪ પ્રમાણે જામીન આપવાની મુદત ઠરાવેલી હોય તે મુદત પુરી થતાં સુધી અગર તે મુદતની અંદર જામીન આપવામાં આવે ત્યાં સુધી જે સખસને જામીન આપવાના હોય તેને કેદ રાખી શકાય છે. કારણ કે સ્પષ્ટ રીતે કહેવામાં આવેલું છે કે જો માજીસ્તરેટના વીચારમાં કાંઇ પણ હરકત વગર તેને છોડી શકાય છે એમ આવે તો તે છોડવાને હુકમ કરવાને મુખત્યાર છે. (નમુનો ૧૩)

તીરસ્કારને માટે દંડ આપવાની કસુર કરવામાં આવે અને તે દંડ જલદી આપવામાં ના આવે તો એક માસની કેદનો હુકમ થઇ શકે છે. (કલમ ૪૮૦) પરંતુ પ્રથમ જે સામાન્ય ઠરાવ બતાવવામાં આવેલો છે તેમાં આ બાબતનો સમાસ થાય છે.

કલમ ૪૮૫ માં ઠરાવેલું છે કે એકાદો સખસ સવાલનો જવાબ દેવાને ના કહે તો તેને કેદ કરી શકાય છે. વીગરે એક અઠવાડીઆની દરમીઆનમાં તે જવાબ દેવાને કબુલ ના કરે તો તેને એક અઠવાડીયું કેદ કરી શકાય છે.

કલમ ૫૧૪ માં ઠરાવેલું છે કે ખતનો કરાર તોડયા બદલ જો ગુન્હેગારી આપવામાં ના આવે અને તે જપ્તી અને લીલામ કરાવતાં પણ વસુલ ન થઇ શકે તો તે ખત લખી આપનારને છ માસ સુધી દીવાની તુરંગમાં કેદ રાખી શકાય છે.

દીવાની તુરંગ પસંદ કરવાથી તથા વસુલ ન થઇ શકે એવા શબ્દો ઉપરથી એમ ઠરાવવાને અમારૂ વલણ થાય છે કે નાણાં વસુલ આપવાથી કેદ બંધ પડે છે એવો ઈરાદો રાખવામાં આવેલો છે. તેને

મળતો ૪૮ નો નમુનો છે અને તેમાં એવા શબ્દો છે કે "તમારી વિરૂદ્ધ નાણાં વસુલ કરવાનો અમલ શા વાસ્તે કરવો ના જોઇએ તેનું કારણ બતાવવામાં આવેલું ના હોય." આ ઉપરથી એવો હેતુ ઠરાવવામાં આવેલો કે નાણાં વસુલ કરવાનો અમલ કરવો.

કલમ ૪૮૮ ના શબ્દો છે તે પ્રમાણે (૧) જાણી બુજીને કસુર (૨) વારંટથી વસુલ કરવાની કોશીશ પાર પડે નહી એમ ફકત થવાની જરૂર છે. "વારંટની બજાવણી કરયા પછી" માજીસ્તરેટ જે માશની ખોરાકી પોશાકી આપવી બાકી રહે તે બાબત દરેક મહીનાની બાબતમાં એક માશ કેદનો હુકમ કરી શકે છે. જો કે જાણે તીરસ્કારનો મુખ્ય હેતુ હોય તોપણ તે વારંટના નમુનામાં (૪૦) ફકત જાણી બુજીને 'નહી' ગણુગારવું એમ બતાવેલું છે અને નાણાં વસુલ થઈ શકતાં નથી એમ બતાવેલું નથી માટે તમામ કેદનો અમલ કરવો જોઇએ.

ચીફ જસ્ટીશ ટરનર સાહેબ હુકમનો તીરસ્કાર કરયા બાબત ધણીને સીક્ષા કરવી 'એવો કાયદા કરનારનો હેતુ ના હોય તો નાણા વસુલ કરવાનો અમલ કરવા કરતાં કાયદા કરનારનો વધારે હેતુ કેવો હોઇ શકે તે સમજવું મુશકેલ છે. પરંતુ અમારા વીદવાન ભાગીયાએ કાયદાના શબ્દોનો જે અર્થ પસંદ કરેલો છે. તે શીવાય બીજો અરથ થઇ શકે છે એમ કહી શકતા નથી.

—— ◆ ——

ફોજદારી અપીલ.

તા૦ ૬ અકટોબર તથા તા૦ ૨ ડીશેમ્બર સને ૧૮૮૪.

સર ચાર્લસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ બ્રાંટ સાહેબોની રૂબરૂ.

પાલઠીફુઝ અને જોહન રેમંડગીબર.

પીનલકોડની કલમ ૧૯૦—૫૦૩—૫૦૮—ધીગકી—રોમન કયાથોલીક પાદરીએ જમાત બાહાર મુકેલો—દીવાની કોરટમા તે પાદરીનું કૃત્ય ગેર કાયદેછે એમ ફરીઆદી ઠરાવે ત્યાં સુધી ફોજદારી કામ બંધ પાડવું.

જે કામમાં ધરમ સબંધી હકુમતનો અમલ કાયદેસર રીતે તે અમલ થઈ શકતો ના હોય અગર ધરમના લોકો મંજુર રાખતા ના હોય અગર ધરમના લોકોના ઠરાવથી સામાન્ય કાયદામાં વાંધો પડતો હોય તો તેવા દરેક કામમાં જે પરીણામ થાય છે. તે અટકાવ કરવાનો ફોજદારી કાયદાનો ઇરાદો થાય છે, માટે ફોજદારી કોરટો હકુમતની ના કહેવાને મુખત્યાર નથી.

એક રોમન કયાથોલીકે માજીસ્તરેટને એવી ફરીઆદ કરી કે મને જમાત બાહાર કાહાડવાની ગેરકાયદે શીક્ષા કરવાની ધરમના અધીકારીઓએ મને ધમકી આપી જમાત બાહાર કહાડેલો છે એવા હેતુથી કે દેવળની મીલકત સબંધીના દાવામાં બચાવ કરવાના અમારા કાયદેશર હકો છે તે ખરી રીતે બતાવવાને મને અટકાવ થાય.

ઠરાવવામાં આવ્યું કે આ હકીકત પ્રમાણે ધર્મના અધીકારીઓનું ફૂલ કાયદેસર નથી એમ ફરીઆદી દીવાની કોરટમાં સાબેત કરે ત્યાં સુધી તપાસ માજીસ્તરેટે બંધ રાખવી એ યોગ્ય રસ્તો છે.

પાનું ૧૪૦ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે મલબારના જોઈંટ માજીસ્તરેટને પાલડીકુઝ અને જોહન રેમંડબીબર એ સખશોએ ઉત્તર મલબારના પાદરી રેવરંડની કલાસપાગની ઉપર તથાં તેલીચરીના વીકાર રેવરંડ જે. એમ. મોટીરોના ઉપર બે ફરીઆદો એકજ પ્રકારની કરેલી છે. તેનો તપાસ કરવાનો હુકમ કરવો જોઇએ એવી આ અરજીઓ હાયકોરટને કરવામાં આવેલી છે.

બીકુઝની ફરીઆદો નીચે પ્રમાણે છેઃ—

“ અરજદાર તેલીચરીના રોમનકયાથોલીક ચરચનો મેંબર છે અને તે દેવળનો યોગય રીતે વહીવટદાર નીમાયેલો છે તે વહીવટદારની નીમનોક ગામના લોકો કરે છે અને અધ્યાપી સુધી તેઓ કરતા આવેલા છે અને તેઓએ તે અરજદારને નીમેલો છે ઉત્તર મલબાર અને કયાનેરાના રોમન કયાથોલીક દેવળોના પાદરી રેવરંડ અને પાગનીએ ગયા જાનેવારી માસની તા૦ ૧ લીના રોજ શદરહુ દેવળમાં એક સભા મેળવી અને તે વખતે તે દેવળના મેંબરો ઘણાજ ઓછા હાજર હતા. તેમની પાસેથી જબરાઇથી મત કઢાવી અરજદારની જગોએ બીજા બે સખશોને વહીવટદાર તરીકે નીમવાનો ઠરાવ કરેલો છે આ નીમનોક ગેરશીરસ્તે થએલી છે કારણ કે તે ગામના લોકોના ઘણા ખરા લોકોને તે માહિતી નથી. અને ઘણાઓની કબુલત નથી. માટે નવા નીમેલા વહીવટદારોને તે મીલકત સોંપવાને કાંઇ વ્યાજબી કારણ નહીં હોવાથી અને ગામના લોકોની ખાસ અરજ ઉપરથી અરજદારે ના પાડેલી છે આ પ્રમાણે અરજદારે દેવળની મીલકત તે નવા વહીવટદારોને આપવાને વ્યાજબી રાહે ના કહેલી તેથી તે નવા વહીવટદારોએ તેલીચરીના જીલ્લા મુનસફની કોરટમાં તે મીલકતનો કબજો લેવા દીવાની દાવો કરેલો છે. અને તે દાવો હજુ ચાલુ છે. યોગ્ય કોરટમાં તે દાવો ચાલે છે. એમ જાણીને બાજ-

બી ઠરાવ ન થાય તે સારૂં અરજદારને તે દાવામાં પોતાનો યોગય બચા વ કરતાં અટકાવવા બાબત શદરહુ પાદરીએ ચાલતા માસની તા૦ ૭ મી ના રોજ એક પત્ર લખી ધમકી આપી. અને અરજદારોને તથા તેને તે મીલકત રાખવામાં જેઓ મદદ કરતા હતા તે તમામ સખશોને જમાત બાહાર કાહાડયા. તેલીચરીમાં રોમન કયાથોલીકનું દેવળ અને તેના તાબાની તમામ મીલકત તે ગામની સ્વતંત્ર મીલકત છે. માટે તે પાદરીને અગર બીજા કોઇને તે મીલકતનો વહીવટ કરવાને કાંઇ અખત્યાર નથી. સબબ જમાત બહાર કહાડયાનો સદરહુ પત્ર ખોટા હેતુથી બીન કારણે લખેલો છે તા૦ ૧૬ મારચના રોજ તે દેવળમાં વીકાર રેવરંડ મોટીરોયે તે જમાત બાહાર કહાડયાનો પત્ર પ્રસીધ રીતે વાંચેલો હતો. અને તેની સાથે તેમણે પાછળથી જે ગામના સખસો અરજદારોના કાયદેસર હકકનો સદરહુ દાવામાં બચાવ કરવામાં કેટલાક સખશો મદદ કરતા હતા. એવું જાણવામાં આવેલું અગર તેઓએ કબુલ કરેલું તેમને જમાત બહાર કહાડેલા છે. રેવરંડ પાગની અને રેવરંડ મોટીરેનાં સદરહુ કૃત્યો અરજદારને તથા ગામના ઘણા ખરા લોકોને સદરહુ દીવાની દાવામાં પ્રમાણીક રીતે બચાવ કરવામાં હરકત થાય તે પ્રમાણે બુધ્ધીપુરવક કરેલાં છે અને તેમા જોઇતો પુરાવ ગુજારવાને તેઓ બીલકુલ શકિતવાન રહે નહીં એવા ખોટા અને ગેરવ્યાજબી હેતુથી તે કૃત્યો કરેલાં છે અરજદાર અગર તેની સાથેના બીજાઓમાંના કોઇએ તે પાદરી અને વીકારેથી કાંઇ ધરમનું અપમાન થાય તેવું કાંઇ કૃત્ય કરયાના ગુન્હેગાર થએલા નથી. તેમ છતાં તેઓને તમામ આત્માના ફાયદામાંથી બંધ કરેલા છે અને તેઓનો ફકત હેતુ અરજદાર વીગરેને પોતાના કાયદેસર હકકો જબરાઇથી છોડી દેવરાવવાને તે કૃત્યો કરવાનો તેઉનો ફકત હેતુ હોઇ શકે છે. કારણ કે છોડી દેવાથી મુખત્યાર ન્યાયની કોરટની રૂબરૂ તેઓ પોતાના હકક વ્યાજબી રાહે બતાવી શકે નહીં. સદરહુ રેવરંડ પાગની અને રેવરંડ મોટીરોએ અને તે દરેકે સદરહુ કૃત્યો કરેલાં છે તેથી તેમણે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૮ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો કરેલો છે, માટે અરજદાર અરજ કરેછે કે કામની હકીકત પ્રમાણે જરૂર હોય તેવી અને આ કોરટને વ્યાજબી જણાય તેવી તપાસ કરી ઇનસાફ કોરટ મેહેરબાની કરી કરવો જોઇએ."

જોઈન્ટ માજીસ્રેટે ડી. કુઝની જુબાની લીધી તે નીચે પ્રમાણેઃ—

"હું વીકારપાગની અને ફાધર મોટીરોના ઉપર એવી ફરીઆદ કરૂં છું કે તેલીચરીના દેવળમાં મને જમાત બાહાર કાહાડયા બાબતનો

એક પત્ર તેમણે પ્રસીદ્ધ કરયો અને તેથી અમુક કુંચીઓ તથા દેવળની મીલકત વહીવટદાર તરીકે માહરા કબજામાં છે તે માહારી પાસેથી લેવા સારૂ મેસર્સ ડી. રોઝારીઓ અને ફરનાનર્ડાસે જીલ્લા મુનસફની કોર્ટમાં દાવો કરેલો છે. તે દાવો હાલ ચાલુ છે તેમાં હું માહરો બચાવ કરી શકું નહીં એવી કાશીશ કરેલી છે. તે તોહોમતવાળાનો હેતુ એવો છે કે જો હું તે કુંચીઓ વીગરે ના આપુ તો ઇશ્વરી નારાજીપણાને પામું એવું મને મનાવવાને લલચાવવો. તે પાદરીનો જમાત બાહાર કાહાડયા-નો જે કાગળ છે (અ) તે હું રજુ કરૂં છું અને તે ઉપરથી જણાય છે કે તેઓનો આ હેતુ છે, મેં કુંચીઓ વીગરે આપી નથી. અને મને તથા બીજા સો કરતાં વધારે સખસોને તે દેવળની ક્રિયા કરતાં બંધ કરેલો છે માટે તોહોમતવાળાએ હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૮ પ્રમાણે ગુન્હો કરેલો છે.

આ ફરીઆદ કાહાડી નાંખતાં માજીસ્ટ્રેટે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છેઃ—

ઉત્તર મલબાર અને કયાનેરાના પાદરી તથા વીકાર ઉપર આ ફરીઆદ કરવામાં આવેલી છે અને તેલીચરીના રોમન કાથોલીક ચર્ચના વીકાર રેવરંડ મેટીરોએ હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૫૦૮ પ્રમાણે ગુનો કરયા બાબત ફરીઆદ કરેલી છે ફરીઆદી પોલડીફ્રુઝ રોમન કયાથોલીક ચર્ચનો વહીવટદાર હતો. અને તે વહીવટદાર તરીકે તે દેવળની બાબતમાં ગામમાં અણબનાવ થયો તેથી પહેલાં તોહોમતવાળાની ખાએશ ઉપરથી ગયા જાનેવારી માસમાં મીટીંગ કરી બે નવા વહીવટદારો મે. શર્સ ડીરોઝારીઓ અને ફરનાનડીશને નીમવામાં આવ્યા ત્યાં સુધી તે દેવળનો તે વહીવટદાર હતો. તેથી તે ફરીઆદીને તે ઉપરથી ખશેડવામાં આવેલો છે અને ત્યાં સુધી તે દેવળની કુંચીઓ તથા મીલકત વહીવટદાર તરીકે તેના કબજામાં છે તોપણ ફરીઆદીએ એવી તકરાર કરી છે કે જે ઠરાવથી મને રદ કરવામાં આવેલો છે તે એક ફકત થોડા માણસોની મીટીંગે કરેલો છે અને ગામના તમામ લોકોએ અગર ઘણા ખરા લોકોએ કરેલો નથી તેથી નવા વહીવટદારોને કુંચીઓ વીગરે આપવાને ના કહેલી છે તેથી તે વહીવટદારોએ તેનો કબજો મેળવવાને જીલ્લા મુનશફની કોરટમાં રેગ્યુલર દાવો કરેલો છે.

"ફરીઆદી કહે છે કે તા૦ ૭ મારચના રોજ પહેલાં તોહોમતવાળાએ દીવાની દાવો ચાલુ છે એમ જાણ્યા છતાં જેઓની પાસે તે દેવળની કુંચીઓ વીગરે હતી. તેઓને કાગળ લખી જમાત બાહાર કાહાડવા,

ની ધમકી આપી એવી રીતે કે તે કાગળ પ્રશીધ કરયા તારીખથી ત્રણ દીવસની અંદર નવા વહીવટદારોને તે મીલકત આપવાને તેઓ કસુર કરશે તો તેમને જમાત બાહાર કાહાડવામાં આવશે. તા૦ ૧૬ મી મારચના રોજ તે કાગળ બીજા તોહોમતવાળાએ દેવળમાં પ્રશીધ કરેલો છે. અને તેમાં બતાવ્યા પ્રમાણે ત્રણ દીવસની અંદર કુંચીઓ વીગરે આપવાને કસુર કરી તેથી મને જમાત બાહાર કાહાડવામાં આવેલો છે અને દેવળના તમામ હકો માહારા બંધ કરેલા છે.

"ફરીઆદી કહે છે કે જ્યાં સુધી દીવાની દાવાનો પરીણામ મારા વીરૂધ થાય નહી ત્યાં સુધી કુંચીઓ વીગરે આપવાને હું કાયદેસર રીતે બંધાએલો નથી. તેમ છતાં તોહોમતવાળાઓએ તે આપવાને તથા તે દીવાની દાવામાં જે બચાવ કરવાનો મારો કાયદેસર હક છે. તે કરતાં હું અટકુ એવી કોશીશ કરેલી છે એવી રીતે કે તોહોમતવાળાઓ મને જમાત બાહાર કાહાડે તો ઈસ્વરી નારાજીપણાને હું પામુ માટે મારે તે કુંચીઓ વીગરે આપી દેવું અને દાવામાં બચાવ કરતાં બંધ રહેવું એમ મને મનાવવાને લાલચ આપવાની કોશીશ કરેલી છે.

"અમારા અભીપ્રાયમાં આવે છે કે આ કામ એવું નથી કે જેમાં તોહોમતવાળાઓના ઉપર ફોજદારી કામ ચાલી શકે. જમાત બાહાર મુકવાનો અખત્યાર પહેલા તોહોમતવાળાનો રોમન કયાથોલીક દેવળને રીતીસર રાખવાને તેમની તરફથી આપવામાં આવેલો છે. તે દેવળના અંગભુત તરીકે ફરીઆદી તે દેવળની રીતી પ્રમાણે ચાલે છે, માટે ધરમના અધીકારીઓએ જમાત બાહાર મુકવાનો અખત્યાર બરોબર વાપરેલો છે કે નહી તેનો નીરણય ફોજદારી કોરટોએ કરવાનો નથી. આ કામમાં તોહોમતવાળાએ હુકમ કુંચીઓ વીગરે આપવાને કરેલા તે માંનવાને ફરીઆદીએ ના કહી તીરસ્કાર કરેલો છે તેથી તોહોમતવાળાઓએ ફરીઆદીને જમાત બાહાર કાહાડેલો જણાય છે. આ કારણ જમાત "બાહાર મુકવાને યોગ્ય છે કે નહી (તે ફરીઆદીને ખરી રીતે અગારી પાસે નકી કરાવવું છે.) તે સવાલનો આ કોરટને નીરણય કરવાનો નથી એમ અમારા અભીપ્રાયમાં આવે છે. માટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે આ ફરીઆદ અમે કાહાડી નાંખીએ છીએ."

ફરીયાદી તરફથી મી૦ વેંકરમર્ન—ફરીઆદીએ પીનલકોડની કલમ ૫૦૩ પ્રમાણે આરોપ રાખેલો છે. ફરીઆદી કહે છે કે જમાત બહાર મુકવાની શીક્ષા કાયદા વીરૂધ અને અયોગ્યરીતે કરવામાં આવી છે. આ તકરારના કારણસર તે ફરીઆદ સાચી માનવી જોઈએ માટે તે તોહોમત બરોબર પાયાથી મુકવામાં આવ્યું નથી એમ ધારવાને કાંઇ કારણ ન-

થી. કારણ કે જમાત બહાર મુકવાના ડરથી દીવાની દાવામાં બચાવ કરવામાંથી ચેતવણી આપવી સામાન્ય રીતે 'વીચારથી' ઘણો અઘટીત, ઇલાજ પ્રથમ દરશનીક છે.

(ચીફ જસ્ટીશ ટરનર સાહેબ:—થોડી મુદત ઉપરનો એક ઠરાવ લગતો છે—માહારાણી વી૦ શંકર) પરંતુ તે કામમાં જે ફેંસલો છે તે જુદો પાડી શકાય છે. આ કામમાં તે પાદરીએ કહયું છે કે તમે તમારા દીવાની રાહાના દાવા ખાત્રીથી બતાવો હું તમને જમાત બહાર કાહાડીશ અને તમે ઇશ્વરી નારાજીપણાને પાંમશો અને હમે તમને મુકત કરીએ ત્યાંહાં સુધી તે પ્રમાણે તમે રેહેશો. જમાત બહાર ફરીઆદી પોતે પોતાની મુકતીનો હક તથા બીજા આત્માના તથા દુનીઆના ફાયદાઓ ખુએ છે કલમ ૫૦૮ ની નોટમાં મી૦ મેને કહ્યું છે કે "આયરલાન્ડમાં જેમ પ્રસંગે પ્રસંગે કરવામાં આવે છે તે પ્રમાણે પાદરી તખત ઉપરથી ગુનેહગારને શ્રાપ દે તે ગુનાહ ભરેલું છે."

(મી૦ ગોલ્ડ—તે અશકય છે. આવી કાંઇ હકીકત બની શકતી નથી.

મહારાણી વી૦ શંકરના કામમાં ફરીઆદીએ કરેલા કૃત્ય બાબત તેને જમાત બાહાર મુકવામાં આવેલો હતો. અહીંયાં તેને એમ કહેવામાં આવ્યું છે કે જો તમે કાયદેશર કૃત્ય કરશો તો, તમને જમાત બહાર મુકવામાં આવશે. કલમ ૫૦૮ મીનો અરથ બેશક અંદેશા ભરેલો છે, અને જો તે લાગુ થતી ના હોય તો, પીનલકોડની કલમ ૫૦૩ અથવા કલમ ૧૯૦ પ્રમાણેનો આરોપ મુકવામાં આવશે એવું ફરીઆદમાં કહેવામાં આવેલું છે અને માજીસ્ત્રેટે તે કામની તપાસ કરવાને ના પાડવી જોઈએ નહી. તે પાદરીનું કૃત્ય કોરટને તપાસવા લાયક નથી એમ માજીસ્ત્રેટે કહેલું છે તે બરોબર હોય તો, એકાદો સખશ ગુનોહ કરવાને ના પાડે તો, બેધડક રીતે તે પાદરી તે શખશને જમાત બાહાર મુકી શકે. બ્રાઉન વી૦ કયુર વીગેરે ડોમોટ્રેલના કામમાં પ્રીવી કાંઉસીલે ઠરાવ્યું છે કે ધરમના અધીકારીએ કરેલી સીક્ષાના હુકમના કાયદેસરપણા બાબત કોરટ ઠરાવી શકેછે, માટે લાઉટન વી૦ શોદર અને મેનના કામમાં કરેલા ઠરાવમાં તેવોજ નીયમ રહેલો છે.

સવાલ માત્ર આ છે કે તે પાદરીએ અઘટીત હેતુથી તે કામ કરેલું છે કે નહી? ચાલ અને આબરૂને ખુલ્લી રીતે ધમકી આપવામાં આવેલી છે.

જે મીલકત કલમ ૫૦૩ પ્રમાણે આરોપ મુકવાને બસ છે તે મીલકત ... ફરીઆદી પોતાનો કાયદેસર હુક બતાવે તે બતાવતાં અટકા

થવાને આપવામાં આવી છે. દીવાની દાવો"મીલકત લેવાને કરવામાં આવ્યો છે તેમાં બચાવ કરવાને કલમ ૧૯૦ મીના હેતુ પ્રમાણે નું કશાંન વીરૂધ રક્ષણુ થવાને કાયદેસર રીતે લાગુ કરયા બરોબર થાયછે.

તોહોમતવાળાઓ તરફથી મી૦ ગોલ્ડઃ—મી. ડીઝ "વોલનટરી સોસાઇટી" નો એક અંગભુત છે, અને તે સોસાઇટીના ઉપરીયોનાઃ ની યમોથી બંધાએલો છે, માટે કોરટનું રક્ષણુ લેવાને દાવો રાખવાનો વીચાઃ ર તથા બધા કરતાં ફોજદારી કોરટ તે જયારે તેને સોસાઇટી છોડવાની બાબત ફકત કરવાની છે ત્યારે બીલકુલ બરોબર નથી. આ કામનો કલમ ૫૦૩ માં શમાશ થતો નથી. તેને તે ઇજા કરી શકે પણુ તે ઇજા કાયદેસર છે. સબબ કલમ ૫૦૩ લાગુ થતી નથી.—મહારાણી વી૦ શંકર.

ઓફીશી વી૦ મેકડોનલ્ડના કામમાં તમામ સવાલનો સારી પેઠે વીચાર કરવામાં આવ્યો.

મી૦ વારડને જવાબ આપ્યોઃ—તે કલબો "વોલનટરી શોશાઇટી" છે માટે અઘટીત રીતે જમાત બહાર મુકવાનો એકાદા તેના અંગભુતનો સવાલ વારંવાર તપાસવામાં આવેલો છે. (હોપકીનશન વી૦ એકસ્ટરના માર્કવીશ, ફીરારવી, કીન, લાબુચર વી૦ અર્લ ઓફવાન કલીફના ઠરાવો જુઓ.)

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો છેઃ—

અમારા અભીપ્રાયમાં આવે છે કે એવું કાંઇ કહેવામાં આવેલું નથી કે જો તે સાબેત થાય તો, હીં. ફો. કાયદાની કલમ ૫૦૮ પ્રમાણેના ગુનહાના આરોપને પુષ્ટી થાય. ફરીઆદીઓને એવી ચેતવણી આપવામાં આવી છે કે જો તેઓ વરતણુંકની અમુક રીતી બાબત તેઓ લાગુ રહેતો, તેઓને જમાત બહાર મુકવામાં આવશે. પાદરી તે શીક્ષાનો હુકમ કરે તેથી જે સખશને જમાત બહાર મુકવામાં આવેલો છે તેના ઉપર ઇસ્વરી નારાજીપણું થતું નથી. અમે સમજીએ છીએ તે પ્રમાણે તે પ્રોશીડીંગ એવી મતલબનો ઠરાવ છે કે જે શખસની બાબતમાં તે કરવામાં આવેલો છે તે પોતાના કૃત્યથી (જે સખસોને ધરમની બાબતમાં તેને માંનવાના છે તેમનો તીરસ્કાર આ કામમાં કરેલો કહેવામાં આવેલું છે) પાપ કરેલું છે અને પેસ્તે ઈસ્વરી નારાજીપણાને પાત્ર થએલો છે. અને પશ્ચાતાપ કરી શરણુ થાય ત્યારે આ હકો પાછા મળે એવો પાદરીએ કૃપા કરી શીક્ષાનો હુકમ કરેલો છે.

તેમ ફરીઆદીઓનું જે કહેવું છે તે સાબેત થાય તેવુ છે માટે હીં. ફો. કાયદાની કલમ ૧૯૦ મી પ્રમાણે સીક્ષા કરવા લાયક ગુનહાની ફરી

બાદ ફોજદારી કોરટ વ્યાજબી રાહે સાંભળી શકે એમ અમે વીચારતા નથી. ફરીઆદીઓ ઉપર જે પત્રો લખવામાં આવ્યા છે તે ઉપરથી તો હોમતવાળાઓના વીચારમાં ઘણું કરીને તેઓ ફોજદારી કે દીવાની કોરટમાં જશે અથવા કોઇ અધીકારીનું રક્ષણ માગસે એવું હતું. તે કહેવાની બાબતમાં તે ઘણો મુશકેલી ભરેલો સવાલ છે. (તે ધમકી આપવાનો હેતુ તોહોમતવાળા એ અધીકારીના રક્ષણ નીચે જતાં અટકે તે હેતુ સીવાય બીજો) માટે હીં. ફો. કાયદાની કલમ ૫૦૩ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનહાની ફરીઆદનો તપાસ કરવાને કારણ થાય છે.

* * * *

સોસાઇટીના નીયમો પ્રમાણે ધરમના અધીકારીઓ જે હકુમત પોતાની છે એવો દાવો રાખે છે તે હકુમત છે તે હકુમત તેઓએ વાપરી તેની યોગ્યતાનો તપાસ ફોજદારી કોરટ કરી શકે છે એવુ ઠરાવવાને અમે દીલગીર છીએ કારણ કે તે અખત્યાર સમજીને વાપરવામાં આવેલો છે. ફોજદારી ઇનસાફની કોરટોનુ સાધન છે તે ધરમ સબંધી નીયમો અથવા દીવાની હક્કોનો સંતોશ કારક રીતે નીરણય કરવાને સોધી કાહાડવામાં આવેલા નથી, અને આવા સવાલોનો તોહોમતવાળાની તથા સરકારની વચમાં જે તપાશ કરી શકાય તેના કરતાં પક્ષકારોની વચમાં તેનો તપાસ વધારે બારીકાઇથી થઇ શકે છે પરંતુ ધરમ સબધી હકુમત જે કામમાં દેખીતી કાયદા વીરૂધ હોય અગર બીજી રીતના નીયમોથી મંજુર રાખવામાં આવેલી ના હોય અથવા તે નીયમોથી સામાન્ય કાયદામાં વાંધો આવતો હોય તો ફોજદારી કાયદાથી જે અટકાવવાનો ઇરાદો રાખવામાં આવે છે તે પરીણામે થાય, માટે ફોજદારી કોરટો હકુમતની ના પાડવાને મુખત્યાર નથી.

અમારી રૂબરૂ જે કામ છે તેમાં ફરીઆદીઓએ કહ્યું છે કે તેઓને જમાત બાહાર મુકવાની કાયદા વીરૂધ ધમકી આપેલી છે, માટે જો તેઓનો જે બાબત કાયદેસર કરવાનો હક છે તે તેઓ કરવી છોડી દે નહીતો અમારી આબરૂને નુકશાન થશે.

આ કેહેવું જો શાબીત થાય તો, સાપરાધ ધમકીનો ગુનોહ થઇ શકતો નથી એમ અમે કહી શકતા નથી પરંતુ તે ગુનોહ કરવામાં આવ્યો હતો એવું ઠરાવવાને (૧) તે ધમકીથી જે કૃત્યોની મનાઇ કરવામાં આવેલી તે કૃત્યો એવાં હતાં કે તે કાયદેસરરીતે કરવાનો ફરીઆદીઓનો હક થાય (૨) તે હકીકત પ્રમાણે જમાત બાહારની શીક્ષાનો હુકમ કરવાને તે અધીકારીઓની હકુમત છે કે નહી અને (૩) જો તેમની તે હકુમત ના હોય, પરંતુ તેમણે સુદ્ધ અંતઃકરણથી કાયદો ખોટો સમજી ઉભયો

ય કરેલો હોય તો તે વાપરવાથી ગુનોહ થાય છે કે નહી તે તમામનો ત પાસ કરવાની કોરટને જરૂર થાયછે.

છેવટે જે બારીક સવાલો દીવાની હકના છે તે શીવાય અમુક ધર મના પંથના લોકોના નીયમો અને રીવાજો બાબતનો વીચાર રહે તેવી આ તમામ તપાસો છે. અમારી નજરમાં આવે છે કે દીવાની કોરટમાં ધરમના અધીકારીએ સામાન્ય રીતનો અથવા અમુક કામોમાં જે હકુમત ધારણ કરેલી છે તે ધારણ કરવાને તેમની મુખત્યારી નહી હતી તે અને ફરીઆદીઓ જે પોતાના કાયદેસર હકો બતાવે છે તે ફરીઆદીઓ સાબીત કરે ત્યાં સુધી ફોજદારી કોરટ પોતાની હકુમતનો અ- મલ કરવો સારી રીતે બંધ રાખી શકે છે, માટે આ અભીપ્રાયનો અ- મલ કરતાં જો ફરીઆદીઓની નજરમાં યોગ્ય લાગે તો, દીવાની કોરટો ની મદદ તે ફરીઆદી લઇ શકે તે સારૂ અમે આ અરજીનો વીચાર કર વાને છ માસ સુધી બંધ રાખીશું.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ ડીસંબર સને ૧૮૮૪

સર આરથર એ. ટરનર નાઇટ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ

માહરાણી કેશરેહીંદ વીરૂધ ખાસીમ સાહીબ.

હથીઆર આકટની કલમ ૧૯—ફટાકા કરવા સારૂ બધુક છોડવાનો દારૂ પરવાના વીના વાપરવામાં આવ્યો.

બધુક છોડવાનો દારૂ પરવાના વીના આતશબાજી કરવાના ઇરાદાથી કબજામાં રાખવામાં આવે કે નહી પણ તે પરવાના વીના કબજામાં રા ખવાથી સને ૧૮૭૮ ના હથીઆર આકટ પ્રમાણે ગુનોહ થાય છે.

માહારાણી વી૦ સુપી (૪૦ લા૦ રી૦ ૫ મદ્રાસ) નો ઠરાવ જુદો પાડવામાં આવ્યો.

પાનુ ૨૦૨ કડાપાના પેટા ટુકડીના પહેલા વરગના માજીસ્ટ્રેટે સ ને ૧૮૭૮ ના હથીઆર આકટની કલમ ૧૯ પ્રમાણે ગુનહાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો તે અપીલમાં કલપાના શેશ ન જડજ ડબલ્યું એફ. ગ્રાહામ સાહેબે તા૦ ૧૮ અગસ્ટ સને ૧૮૮૪ ના રોજના ફેંસલાથી ફેરાવેલો તે ફેંસલા ઉપર ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૧૭ પ્રમાણે આ અપીલ કરવામાં આવી છે.

શેશન કોરટના ફેંસલા ઉપરથી આ કામની હકીકત જણાય છે તે ફેંસલો નીચે પ્રમાણે છે:—

"હથીયાર આકટની કલમ ૧૯ પ્રમાણે અપીલવાળાના કબજામાં દશ શેર બંધુક છોડવાનો દારૂ હતો અને તેણે આતસબાજી એક મંદીરના વહીવટદારને વેચાણ આપી તેથી કાયદા વીરૂધ કરયુ તેમ ગુનેહગાર ઠરાવી ડીપોટી માજીસ્ટ્રેટે તેને બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે, અને તે શીક્ષા તેણે ભોગવેલી છે. મહારાણી વી૦ સુબી ના કામમાં જે ઠરાવ લખવામાં આવેલો છે તે પ્રમાણે આ ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. તે ફેંસલાથી હાયકોરટે ઠરાવેલું છે કે પરવાના વીના આતસબાજી બનાવવી અથવા કબજામાં રાખવી તે હથીયારના આકટ વીરૂધ નથી, અને ફેંસલાના રીપોરટનું સારાંશમાં મથાળું છે તેમાં કહેલું છે કે "બંદુક છોડવાનો દારૂ અને છોડવાના તેટા તે હથીઆર નથી."

જો આતસ બાજીને માટે બંધુક છોડવાનો દારૂ હથીઆર નથી તો તે પરવાના વીના કબજામાં રાખવાથી હથીઆર આકટ વીરૂધ થતું નથી સબબ તે ઠરાવ તથા ગુનહાની સાબેતીનો હુકમ બરોબર નથી તેથી તે ફેરવવામાં આવે છે. તોહોમતવાળાએ કેદ ભોગવેલી છે. અને તે છુટેલો છે, માટે હાયકોરટનો સદરહુ ઠરાવ તે ડીપોટી માજીસ્ટ્રેટની નજરે લાવવામાં આવેલો નથી તેથી અમે દીલગીરી બતાવીએ તે કરતાં કાંઈ વધારે કરી શકતા નથી. અને અમે સુચના કરીએ છીએ કે તે જીલ્લાનો ગેઝીટમાં પ્રશીધ કરવી જોઈએ.

તે અપીલની પુષ્ટીમાં સરકારી વકીલ (મી૦ શેપર્ડ)

તે કેદી તરફથી કોઈ હાજર નથી.

કોરટનો ફેંસલો નીચે પ્રમાણે છે.

ચીફ જષ્ટીશ ટરનુર સાહેબ:—એક દેવના વરઘોડામાં આતસબાજી છોડવાને સારૂ તે તઇયાર કરવાને કાશીમ સાહેબે આ કામમાં એક મંદીરના ટ્રસ્ટીઓ પાસેથી અગાઉથી રૂ ૪૦ લીધા હતા. તેથી કેટલોક બંદુક છોડવાનો દારૂ એક પરવાનાવાળા પાસેથી તેણે આણી દારૂખાનું તઈયાર કરયું અને તે મંદીરમાં આપ્યું. તે દારૂખાનુ છુટવાથી અધીકારીઓનું ધ્યાન તે ઉપર ગયું, તેથી તપાસ કરવામાં આવી અને કાશીમ સાહેબ તે બનાવનાર હતા એમ માલુમ પડયું. તેણે હથીયાર આકટ પ્રમાણે પરવાનો લીધો નહી હતો, તેથી તેના ઉપર હથીયાર રાખ્યા બાબત ફરીયાદ ચલાવવામાં આવી અને તેને બે માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવી. તેમણે શેશન જડજને અપીલ

કરી. તે અપીલનો ફેંસલો કરવામાં ઘણી વાર લાગેલી હતી, પણ માહારાણી વી૦ સુપીના કામમાં આ કોરટનો ઠરાવ છે તે ઉપરથી તે ગુનાહની શાબેતીનો ઠરાવ કાયદેસર નથી એવું અનુમાન કરી તે કાયદેસર નથી એવું શેશન જડજે ઠરાવ્યું. હથીઆરના આકટમાં "હથીઆર" શબ્દની વાખ્યામાં બીજી કેટલીક વસ્તુઓની સાથે ભડાકા થાય તેવી વસ્તુ પણ બતાવવામાં આવી છે. "હથીઆર અને લસકરી ખજાનો" એ શબ્દોની સાથે વાંચતાં, તે આકટનો ઇરાદો લડાઇના કારણસર ભડાકા થાય તેવી વસ્તુઓ વાપરવામાં આવે છે, માટે તેની વ્યવસ્થા કરવાની છે એવું અનુમાન કરવું તે ગેરવ્યાબી નથી. બેશક તે બંધુકના દારૂનો તે પ્રમાણે ઉપયોગ થાય. માટે પરવાના વીના જે સખસના કબજામાં તેવો દારૂ હોય તે અમારા સમજવા પ્રમાણે ગુનાહને પાત્ર થાય છે. પછી તે આતસબાજી કરવાના અથવા બીજા નીરપરાધી કારણમાં વાપરવાનો તેણે ઇરાદો રાખ્યો હોય તેની ચીંતા નહી. જે ફેંશલો બતાવવામાં આવેલો છે તેમાં કોરટે ખરી રીતે કે ખોટી રીતે પણ એવું ઠરાવેલું છે કે જે સખસના ઉપર આરોપ રાખવામાં આવેલો હોયતે સખસના કબજામાં તઇયાર દારૂખાનું બનાવેલું આવેલું હોય તો, તો ગુનોહ થતો નથી. એક નાહાની વયના છોકરાની પાસે પરવાના વીના ફુટાકા હોય તો, તેણે તે આકટ પ્રમાણે ગુનોહ કરયો થાય એ ગેરવાજબી જણાય છે, કાયદામાં તે ઠરાવ ડહાપણથી સુલેહ રાખવાને તથા લોકોનુ ભયમાંથી રક્ષણ કરવાને કરવામાં આવેલો છે. માટે જ્યારે તે ઠરાવો ખુલ્લા છે ત્યારે તે પ્રમાણે ચાલવાને અમે બંધાએલા છીએ. પરંતુ તે કાયદો ઘણા ડહાપણથી લાગુ કરવો જોઇએ અને તે તોહોમતવાળાનો પોતાના કબજામાં તે દારૂ રાખવાનો હેતુ હતો તે જોતાં, 'તે નીરઅપરાધી હતો, અને તેનો ગુનહો તેણે પરવાનો લીધો નથી તેછે, માટે અમે એમ કહેવાને બધાએલા છીએ કે તેને કેદ કરતાં દંડની શીક્ષા કરવામાં આવી હોતતો તે વધારે સારૂ હતુ. તોપણ અમારે જોવું જોઇએ કે તે તોહોમતવાળા પાસે પ્રથમ પરવાનો હતો અને તેણે ચાલતા વરસમાં લેવાને કસુર કરી હતી, અને તે કસુર બાબત તેને ચેતવણી આપવામાં આવી હતી.

માટે તોહોમતવાળાને જડજે નીરદોશ ઠરાવ્યો છે તે હુકમ અમે રદ કરીએ છીએ અને ગુનાહની શાબેતીનો ઠરાવ બાહાલ રાખીએ છીએ. એ તોહોમતવાળાને જે કેદની શીક્ષા કરવામાં આવેલી તે તેણે ભોગવેલી છે, માટે બીજો હુકમ કરવાની જરૂર નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ ફેવરવારી સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ મતુસામીઆયર તથા મી૦ જસ્ટીસ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

કોહુ વીરૂધ રામુહુ વીગરે.

સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨—દાણા તથા નાણાં અગાઉથી આપવાં—જે કામ કરેલું ના હોય તેની કીમત આપવાને હુકમ.

એક મજુરને કામ કરવા સારૂ નાણાં તથા દાંણા અગાઉથી આપવામાં આવ્યા. પણ તે મજુરે તે કામ કરયું નહીં. માટે જેટલું કામ કરેલુ નહી તેટલા કામની બાકી દાંણા તથા નાણાં પાછાં આપવાને સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ પ્રમાણે માજીસ્ટ્રેટે હુકમ કરયો.

ઠરાવવામાં આવ્યું કે નાંણાંને બદલે દાંણા તે મજુરને આપવામાં આવેલા એવું સાબેત કરવામાં આવ્યું નથી, માટે તે હુકમ કાયદેસર નથી.

પાનુ ૨૯૪ નેલોરના જીલા માજીસ્ટ્રેટ જે ગ્રીન્જ સાહેબે તા૦ ૨૧ અકટોબર સને ૧૮૮૪ ના રોજ ફો, કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે. તે હકીકત નીચે પ્રમાણે છે:—

સંગમના કામમાં એક કંત્રાકટર વપુકોનાહુ હતો તેણે સને ૧૮૫૯ ના આ૦ ૧૩ પ્રમાણે કરાર તોડયા બાબત તાંમીશેટી રાંમુહુ અને પાસુ પુલાટી લક્ષ્મીનારાસુ ઉપર ફરીઆદ કરેલી હતી.

શંગમમાં બીજા વરગના માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે ફરીઆદી તોહોમતવાળાને કાંમ કરયા બાબત રૂ ૫૪—૧૦—૨ અગાઉથી આપેલા હતા તેથી તે કામ પયકી કેટલુંક કામ રૂ ૨૭—૩—૧૧ નુ કરયું અને તોહોમમવાળો તે કાંમ છોડી જતો રહયો. તેથી તોહોમતવાળાને એવો હુકમ કરવામાં આવ્યો હતો કે તેણે રૂ ૨૭—૬—૩ તથા રૂ ૨) પ્રોશેશ ફીના ફરીઆદીને આપવા. આ હુકમ ઉપર નેલોરના સ્પેશીયલ ડીપોટી માજીસ્ટ્રેટને અપીલ કરવામાં આવી. તેમના અભીપ્રાયમાં આવેલું કે અગાઉથી થોડાક દાંણા અને રોકડા રૂ ૨૮—૯—૬ આપવામાં આવેલા હતા. માટે ઠરાવ્યું કે જો કે તે આકટમાં ફકત અગાઉથી નાંણાં આપેલાં હોય તે સબંધી ઠરાવ છે, તોપણ આ કામમાં દાંણા તે નાંણા તરીકે લેવામાં આવેલા હતા, અને જે વખતે તે આપવામાં આવ્યા તે વખત કીમત નકી કરવામાં આવેલી હતી.

તે અપીલ કાઢી નાંખવામાં આવી, પરંતુ ડીપોટી માજીસ્ટેટની અરજ ઉપરથી તે કામમાં હાયકોરટમાં પુછવામાં આવ્યું, કારણ કે આ વાં કેટલાંક કામો ચાલુ છે.

તોહોમતવાળા તરફથી મી૦ વેડરબર્ન મહારાણી વી૦ જેઠા વગદે વેરટીઆનો ઠરાવ બતાવ્યો અને તકરાર કરી કે સને ૧૮૫૯ ના આ૦ ૧૩ ની કલમ ૨ નો ઠરાવ ગુનેહગારી બાબતનો છે, માટે તેનો અરથ શખતાઈથી કરવો જોઈએ.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—પૈસા અગાઉ આપેલા છે પણ જે પૈશા અગાઉથી આપવાનો કરાર કરેલો તે બધા રોકડ આપવામાં આવેલ નથી. પણ થોડા રોકડા આપવામાં આવેલ છે અને થોડા ને બદલે દાણા આપવામાં આવેલ છે.

કામ કરાવનાર પૈસા અગાઉથી આપે છે અને કામે લગાડેલો માણસ અગાઉથી જે નાંણું આપવાના તેની સરખી રકમ ત રીકે થોડા દાણા માગે છે, એવું હોય ત્યારે પહેલેથી જે આપેલું તે પઇશા અગાઉથી આપેલા છે, એમ ગણવું જોઇએ જેમાંના થોડાને બદલે ખરી રીતે મજુરની અરજથી કામે લગાડનારે દાણા પુરા પાડેલા છે એમ માલમ પડવાથી અમારી નજરમાં આવે છે કે તે આકટમાં ઠરાવ્યા પ્રમાણે જોઇતી રીતે છે. પણ જો તે કામની હકીકત આવું કરવાની જરૂર પાડતી નથી તો એ આકટનો જે અરથ શીક્ષાના જેવો થાય છે તેને સખત વળગી રેહેવાને અમે બંધાએલા છીએ એવું અમારે ધારવું જોઇએ.

આવાંજ કામો તરીકે આ કોરટના ઠરાવો અમે બતાવીએ છીએ અને તે જેમાં એમ ઠરાવેલું કે ખરચ પુરૂ પાડવાના હુકમો જેમાં એમ ફરમાવેલું છે કે દાણા આપવા અથવા લુગડાં પૂરાં પાડવાં તેમને ફોજદારી કામ ચલાવાની રીતીના કાયદાની કલૂમ ૪૮૮ માં ઠરાવ્યા પ્રમાણે પુરૂતી આપી શકાય નહીં.

અમારી રૂબરૂ જે કામ છે તેમાં એવો જોઇતો પૂરાવો નથી કે જેથી અગાઉ દાણા લીધા તેની બરોબર કામે લગાડનારે પઇશા ખરી રીતે આપ્યા છે એવો ઠરાવ કરવામાં અમે વ્યાજબી ગણાએ.

સબ માજીસ્તરેટનો જે હુકમ તેમાંથીપેહેલેથી જે દાણા આપેલા તેની કીમત તે તોહોમતવાળાએ પાછી આપી દેવા એવું ફરમાવેલું છે. તેટલુ અમે તે માટે રદ કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ ફેબરવારી સને ૧૮૮૫
મી૦ જસ્ટીસ બ્રેન્ડટ સાહેબની રૂબરૂ.
માહારાણી વી૦ ઇરપરેદી વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો, કલમ ૪૦૩, ૪૩૭—એક કામની અંદરથી જુદા જુદા તોહોમતનું નીકળવું—નીરદોશ ઠરાવવું—વધારે તપાસ—ફરી તપાસ.

એક ઝાડ ઉપર ફરીઆદીએ હક કરેલો તેની અમુક ડાળીઓ કાપ્યાની બાબતમાં ઇના ઉપર ચોરીનું અને બીગાડનુ તોહોમત મુકવામાં આવ્યાથી બીગાડના તોહોમત ઉપર સબોરડીનેટ માજીસ્ટ્રેટે તેના ઉપર તપાસ ચલાવી અને મુકત કરયો. એવા કારણથી કે ફરીઆદીની વીરૂધ તરીકે ઇને એ ઝાડ ઉપર હક હતો. ફરીઆદીની અરજી ઉપરથી જીલ્લા મેજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણેના કામમાં વધારે તપાસ ચલાવવાનો હુકમ કરયો અને શેશન કોરટને એ કામ મોકલવામાં આવ્યું ત્યારે શેશન જડજ સાહેબે ઠરાવ્યું કે ચોરીના તોહોમતમાં કાંઇ પણ તપાસ નથી કરવામાં આવી તેથી એ હુકમ કાયદેસર છે.

ઠરાવવામાં આવ્યું કે જીલ્લા માજીસ્ટ્રેટને આવો હુકમ કલમ ૪૩૭ પ્રમાણે કરવાને કાંઇ પણ અખત્યાર નથી અને ચોરીના તોહોમતની તપાસને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૦૩ થી અટકાવ થયો છે.

પાનું ૨૯૬ કમલપુરના શેંકડ કલાસ માજીસ્ટ્રેટની ફાઇલમાં શને ૧૮૮૪ ના કેલંડર નંબર ૬૬૮ ના કામમાં ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે વધારે પુરાવ લેવો એવો કમલપરના જીલ્લા માજીસ્ટ્રેટનો હુકમ તે રદ કરાવાને અને ઉપર કહેલા કામના પ્રોસીડીંગ જે કમલપરના હેડ આસીસ્ટંટ માજીસ્તરેટની રૂબરૂ છે તે બંધ કરવાનો હુકમ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે આ અરજી હાય કોરટને કરેલી છે.

આ કામના રીપોટના કારણસર આ કામની હકીકત કોરટ (જસ્ટીસ બ્રંડટ) ના ફેંસલામાંથી જોઇએ એટલી માલમ પડશે.

અરજદાર તરફથી મી૦ પાઉએલ.

જસ્ટીસ બ્રેન્ડટ સાહેબ—કમાલપુરના સબ માજીસ્તરેટની રૂબરૂ એક બાલાસુ બેરેદીએ રજુ કરેલી ફરીઆદની અરજીમાં, એક ઝાડ જે ફરીઆદી

એ કહ્યું છે કે તે મારૂ છે તેની ડાળીઓ અથવા કાપેલા કટકાને કાપ્યા ની બાબતમાં ચોરી અને બીગાડના તોહોમત અરજદાર દસારી ધરામ રેદી અને સાત બીજા સખસોના ઉપર મુકેલાં હતાં.

એવું માલમ પડે છે કે અરજદારોના ઉપર બીગાડના તોહોમતની ફકત તપાસ ચાલી હતી અને ફરીઆદીની વીરૂધ તરીકે તોહોમતવાળા નંબર ૧ નો તે ઝાડ ઉપર હક છે એવા કારણથી ફોજદારી કામ ચલાવ વાની રીતીના કાયદાની કલમ ૨૪૫ પ્રમાણે નીરદોશ ઠરાવ્યા હતા.

પછીથી ફરીઆદીએ હાઈ કોરટને અપીલ કરવાનો હુકમ કરવા સારૂ જીલ્લા માજીસ્તરેટને અરજી આપી પણ જીલ્લા માજીસ્તરેટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે કમાલપરના તાલુકા માજીસ્તરેટને વધારે તપાસ કરવાનો હુકમ કર્યો એવા કારણથી કે આ (એટલે એવા સવાલો છે કે અરજદાર નંબર ૧ નાનું એ ઝાડ છે અથવા ફરીઆદીનું અથવા સરકારનું ઝાડ છે કે નહી અને તોહોમતવાળો એ પ્રમાણીક અને બીગાડ થાય એવી રીતે વરત્યો છે કે નહી?) બાબત એવી છે કે જેની અંદર એક ખાનગી માણસને ફરીઆદ ચલાવા દેવી જોઇએ નહી કારણ કે સવાલ એવો જે કે સરકારી પોરમબોકમાં ઝાડ છે કે નહી અને તે સરકારને તે ઉપયોગી છે કે નહી. એવું માલમ પડેલું છે.

તોહોમતવાળા ધરમરેદીએ શેશન કોરટને અરજી આપી તે ઉપરથી એમ જણાશે કે જે ગુના બાબત તેમને અગાઉ નીરદોષ ઠરાવેલા છે તે ગુનાનો આરોપ મુકે એવી ફરીઆદની અરજીથી તેઓના ઉપર ફરીથી તપાસ ચલાવાય નહી અને જે કામમાં નીરદોષ ઠરાવવામાં આવ્યા છે તે કામમાં અગાડી તપાસ ચલાવવાનો હુકમ કરવાને જીલ્લા માજીસ્તરેટને કાંઇ પણ અખત્યાર નથી એવી તાલુકા માજીસ્તરેટની રૂબરૂ તોહોમતવાળાએ હરકત લીધી તે ઉપરથી તાલુકા માજીસ્તરેટે ડીપોટી માજીસ્તરેટ જેમને વાસ્તે એમ કહેવામાં આવેલું છે કે બીગાડની બાબતના કામનો સાંત માજીસ્તરેટે ફેંસલો આપ્યો તેમાં તેમણે ફકત બીગાડના તોહોમતમાથી તેમને નીરદોશ ઠરાવ્યા હોય એમ જણાય છે વાસ્તે તોહોમતવાળાના ઉપર ચોરીની ફકત તપાસ (ફરીથી તપાસ) ચલાવવી જોઇએ એવો હુકમ કર્યો છે તેમણે રેફરંસ કર્યું અરજદારોએ આ ડીપોટી (ડીવીઝનલ) મેજીસ્તરેટનો હુકમ ગેર કાયદે છે એ તરીકે આ કોરટને મોકલવાને સેશન જડજ સાહેબને અરજી કરી. તોપણ શેશન જડજ સાહેબના ધ્યાનમાં એમ આવ્યું કે એ ડીપોટી માજીસ્તરેટના પ્રોશીડીંગ ૨ ઘણાંજ કાયદેસર છે કારણ એક ફકત બીગાડના તોહોમત શીવાય ચોરીના તોહોમતમાં કાંઇ પણ તપાસ કરવામાં આવેલું નથી. એ વખતે જડજ શાહેબે સુચના ક

રી કે ફરી ધ્યાંનમાં લીધા પછી એમ જીલ્લા માજીસ્તરેટને સેકંડ ક્લાસ માજીસ્તરેટથી નહી પણ હેડ આસીસ્ટંટથી વધારે તપાસ કરવાને કારણ માલમ પડી શકે.

જીલા માજીસ્ત્રેટના હુકમ સબંધી સમજુત આપવાને અગર તો હુકમો કરવાને ડીપોટી માજીસ્ત્રેટને શો અખ્તીઆર છે તે જણાવું નથી.

બીજો માજીસ્ત્રેટનો હુકમ ઉપરથી એમ ખુલી રીતે જણાતું નથી કે સંબ માજીસ્ત્રેટે જે પુરાવ લખી લીધો છે તેના કરતાં કાંઇ વધારે પુરાવો અગર બીજો પુરાવો હતો તેમાં એમ પણ ખુલી રીતે બતાવેલ નથી કે જે પુરાવ લખી લીધેલો છે તે અસલ કોરટે બરોબર ધ્યાનમાં લીધેલો નથી અને છેવટે કલમ ૪૩૭ માં ઠરાવ્યા પ્રમાણેનો વધારે તપાસ કરવાનો હુકમ કરવાનો જે અખ્તીઆર જે કામોમાં તોહોમતવાળાને છોડી દીધો છે તે કામમાં મરીયાદા સાથે છે.

તે અખ્તીઆર તેઉ સાહેબે ધ્યાનમાં લીધેલો હોય એમ જણાતું નથી. અને જે કામમાં તોહોમતવાળાને નીરદોષ ઠરાવ્યો છે તે કામમાં તેઉ સાહેબ લાગુ પાડતા નથી.

જીલા માજીસ્ત્રેટનો જે હુકમને સેશન્સ જડજ સાહેબ કાયદેસર ઠરાવે છે તેના ઉપર ટીકા કરવાની ડીપોટી માજીસ્ત્રેટને બાકી છે.

એમ કહેવું ઘણું કરીને બસ છે કે જે કારણથી ડીપોટી માજીસ્તરેટે સુચના કરી કે તે હુકમ ઉપર ભરૂસો રાખવો જોઇએ તે કારણથી જીલા માજીસ્તરેટનો હુકમ ખુલી રીતે થયો નથી. પણ એ ઝાડ સરકારનું છે એ સાબેત થઈ શકશે એવી ધારણાથી કે જે ધારણા અસલ કોરટમાં ફરીઆદનુ કામ નથી (તેની ફરીઆદની અરજીમાં એ એમ કહે છે કે તે મારૂ છે અને મારા ભોગવટામાં છે) પણ પહેલાં એમ બતાવવું ઠીક છે કે સરકાર તરફથી ફરીઆદી તરીકે તદન નવા પ્રોશીડીંગ તોહોમતવાળાની વીરૂધ બનાવોના જીલા માજીસ્તરેટે ઇરાદો રાખ્યો હોય તો તે ગમે તે થાય તપણ કલમ ૪૩૭ પ્રમાણે તેઉ સાહેબ કરી શકે નહીં. બીજુ એ કે, ડીપોટી માજીસ્તરેટે સુચના કરેલા અને શેશન જડજે મંજુર કરેલા કારણથી જીલા માજીસ્તરેટનો હુકમને પુષ્ટી આપી શકાય નહીં.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૦૩ માં ઠરાવ્યું છે કે જે માણસના ઉપર મુખત્યાર હકુમતવાળી કોરટે એકવાર એક ગુનાને વાસ્તે તપાસ ચલાવી છે અને આવા ગુનાનો તેને નીરદોશ ઠરાવ્યો છે તે માણસને જ્યાં સુધી નીરદોશ ઠરાવ્યાનો હુકમ અમ

લમાં રહે ત્યાં સુધી એજ ગુનાને વાસ્તે અથવા તો જે ગુનાનુ તોહોમત તેની વીરૂધ મુકવામાં આવેલું તેમાંથી બીજા ગુનાને વાસ્તે એજ હકી કતથી જુદુ તોહોમત કલમ ૨૩૬ પ્રમાણે મુકી શકાય તે તોહોમતને વાસ્તે અથવા તેના ઉપર કલમ ૨૩૭ પ્રમાણે ગુનાની સાબેતીનો ઠરાવ થયો હોય તે ગુનાને વાસ્તે ફરીથી તપાસ ચલાવવાને લાયક નથી.

જો એમ શાબેત થયું હોત કે, એ ઝાડ ફરીઆદીના તાબાનુ છે અને ફરીઆદીને નુંકશાન કરવાના ઇરાદાથી, અથવા ફરીઆદી ઘણું કરીને મારાથી નુંકશાન થશે એવું જાણીને, તોહોમતવાળાએ એ ઝાડની ડાળીઓ કાપી અથવા તેણે ફરીઆદીને ગેર વ્યાજબી બીગાડ કરવાના અથવા પોતાને ગેરવ્યાજબી લાભ થસે એ અથવા બંને, ઇરાદાથી તેણે ઝાડ કાપ્યું તો જે હકીકત ફરીઆદીએ રજુ કરેલી છે તે સાબીત થાય તો તોહોમતવાળા ઉપર ચોરી અગર નુંકશાનીમાના એકનો અથવા બંનેનો ગુનાની સાબેતીનો ઠરાવ થયો હોત.

અને ચોરીનુ તોહોમત કલમ ૨૩૬ પ્રમાણે મુકવામાં આવ્યું હોત. ડીપોટી માજીસ્તરેટે તોહોમતવાળા ઉપર ચોરી અગર નુંકશાનીનું અથવા બંનેનુ તોહોમત કેમ નહી મુકયુ તે માલમ પડતું નથી. અને જો નુંકશાનીના તોહોમતને સાબેત કરે એવો જોઇતો પૂરાવ નથી તો ચોરીના તોહોમતને શીરીતે પુષ્ટી આપે એ જણાતું નથી. ફરીઆદીની વીરૂધ તોહોમતવાળાએ પોતાનો સરશ હક સાબેત કરયો છે એવો ઠરાવ હોવાથી ફરીઆદીએ અરજી આપી તેથી ચોરીના તોહોમતનો એજ હકીકતથી ગુનાની સાબેતીનો ઠરાવ થાય નહીં. કલમ ૪૦૩ ની રકમ ૨ આ કામને લાગુ પડતી નથી કારણુ બીગાડની અને ચોરીના આરોપવાળા ગુના જુદા જુદા નહી તેમ ઝાડ કાપ્યું અને કાપેલી ડાળીઓ લઇ ગયા તે એક કામ શીવાય ઘણા કેસ પણુ થયેલા નથી.

જીલા માજીસ્તરેટનો હુકમ રદ કરવામાં આવે છે.

વળી, શેશન જડજને તથા જીલા માજીસ્તરેટને એવું બતાવવાની જરૂર છે કે જીલા માજીસ્તરેટે વધારે તપાસ કરવાને હુકમ કરેલો તે તપાસ જે માજીસ્તરેટે અશલ તપાસ કરેલી તે શીવાયના બીજા માજીસ્તરેટ કરવી જોઇએ અને જીલા માજીસ્તરેટનો હુકમ તાલુકા માજીસ્તરેટને વધારે તપાસ કરવાનો કરેલો છે તે એવી બાબતમાં હરકત કારક છે. કે કલમ ૪૩૭ પ્રમાણે જે વધારે તપાસ કરવાની છે તે જે માજીસ્તરેટે પેહેલી તપાશ કરેલી તે માજીસ્તરેટે સાધારણ રીતે ચલાવવી જોઇએ. એવો કાયદા કરનારનો ઇરાદો છે એમાં થોડાક અગર કાંઇ પણ શક નથી એવી સુચના શેશન જડજે કરેલી છે. આ કોરટનો હુકમ ઘણું ક-

રીતે થોડી મુદતમાં પ્રસીધ કરવામાં આવસે એમ જણાવવામાં આવેલું છે તેમાં એટલું જોવાનું છે કે આ માજીસ્તરેટનું મરણ થાય અગર તે જગાએથી જાય અગર તેવુંજ કાંઇ બીજુ કારણ હોય તો તે વધારાની તપાસ એક બીજા માજીસ્તરેટ કરી શકે પરંતુ તે બાબતમાં નીયમ ૬ પર કહયા પ્રમાણે છે. શવાલ એ છે કે કલમ ૪૩૭ માં વધારે તપાસ એવા શબ્દો છે તેનો શો અરથ છે તે વીસે સંપુરણ વીચાર કરવામાં આવેલો છે માટે આ કામમાં તેનો વધારે વીચાર કરવાની જરૂર નથી.

——※○※——

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ જાનેવારી તા૦ ૨૪ ફેબ્રવારી સને ૧૮૮૫
શર ચાર્લસ એ ટરનર નાઇટ ચીફ જષ્ટીશ તથા મી૦ જષ્ટીશ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસેરેહીંદ વીરૂધ અમીરખાંન વીગેરે.

ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની ૪૩૭—વધારે તપાસ—ફરી તપાસ– જીલા માજીસ્તરેટનો અખત્યાર.

જે કામમાં તોહોમતવાળાને માજીસ્તરેટે છોડી દીધેલો હોય તે કામમાં સાક્ષીઓ ઉપર જે ભરૂસો રાખવો જોઇએ તે ભરૂસો બરોબર રીતે માજીસ્તરેટે રાખેલો નથી જે કારણથી ફો૦ કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૭ પ્રમાણે વધારે તપાસ કરવાનો હુકમ થઇ શકતો નથી.

જયારે બીજા સાક્ષીઓને તપાશી શકાય એવુ હોય અગર સાક્ષીઓને બરોબર રીતે તપાસવામાં આવેલા ના હોય ત્યારેજ ફકત વધારે તપાસનો હુકમ થઇ શકેછે. અને જે પુરાવ લેવામા આવેલો હોય તે ફરીથી લેવો જોઇએ એવું કલમ ૪૩૭ માં ઠરાવેલું નથી. માટે જે માજીસ્તરેટે અશલ તપાસ કરી હોય તે માજીસ્તરેટે સાધારણ રીતે વધારાની તપાશ કરવી જોઇએ.

જે કામમાં જીલ્લા માજીસ્તરેટના અભીપ્રાયમાં એવું આવ્યું હોય કે તા૦ બાના માજીસ્તરેટે વ્યજબી કારણ શીવાય અમુક કામમાં શાક્ષીઓ ઉપર ભરોંસો રાખ્યો નથી અને તોહોમતવાળાને અઘટીત રીતે છોડી દીધેલો છે તેથી જીલા માજીસ્તરેટ વધારે તપાશ કરવાને એક બીજા માજીસ્તરેટને ફરમાવે અને તોહોમતવાળાને તેનાજ પુરાવ ઉપરથી ફરી તપાસ કરવામાં આવે અને તેને ગુનેહગાર ઠરાવવામાં આવે તો તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ એમ ઠરાવવામાં આવેલું છે.

પાનું ૩૩૬   આ અરજી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા ની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે હાઇ કોરટને કરેલી છે તેમાં અરજ કરેલી છે કે સને ૧૮૮૪ ના કેલંડર નંબર ૨૩ ના કામમાં કોઇમ્બાટુરના થોડી મુદત સારૂ નીમાએલા ડીપોટી માજીસ્તરેટે કરેલો શીક્ષાનો હુકમ તા૦ ૧૧ નવેંબર સને ૧૮૮૪ ને રોજ સેશન જડજ જે ડબલ્યુ. રીડ સાહેબે અપીલમાં મંજુર રાખ્યો તે સાહેબના પ્રોસીડીંગની તપાસ કરવી જોઇએ.

કોરટ (ચીફ જસ્ટીસ ટરનર અને મી૦ જસ્ટીસ બ્રેન્ડટ સાહેબો) ના ફેંસલામાંથી આ રીપોટના કારણને વાસ્તે જોઈએ તેટલી હકીકત માલમ પડશે.

કાંઉનશીલ રાખવામાં આવ્યા નથી

ચીફ જસ્ટીસ ટરનર સાહેબ:—ફરીઆદીના પુરાવ પ્રમાણે અરજદારો તેની દુકાને આવ્યા હતા અને અરજદાર અમીરખાને તેને રૂ. ૧૦નું ચલણી નોટ આપ્યું અને તે વટાવાનુ તેને પુછ્યું. કમીશનના ૪ આના કપાશે એ અમીરખાને કબુલ કરવાથી ફરીઆદીએ તેમ કરવાની મરજી બતાવી. યાકુબ ખાન જે એ દુકાન જતો રહ્યો તેને અમીરખાનના કહેવાથી ફરીઆદીએ ૯ રૂપીઆ આપ્યા. ફરીઆદીએ એ નોટ ઉપર અમીરખાનને સહી કરવાનું કહ્યું અને તે સહી તેણે કરી. વટાવ જતા બાકી જે ૧૨ આના હતા તે પછીથી ફરીઆદીએ તેને આપ્યા. અમીરખાને પછીથી કહ્યું કે મને ૯ રૂપીઆ મળ્યા નથી અને તકરાંર કરીકે યાકુબખાનની મને કાંઇ ખબર નથી અને ૧૨ આના ફેંકી દઇને તેણે ફરીઆદીના હાથમાંથી એ નોટ ખુંચી લીધું અને તે લઇને ચાલ્યો ગયો. ગાડવાળાને અને બીજા માણસે જે તેને મહોલ્લામાં મળ્યા તેમને જોડે લઇને અરજદારોને તે શોધવા નીકળ્યો અને તેમને એકઠા થએલા તેને માલમ પડ્યા અને જે બન્યું હતું તે કાનસ્ટેબલને જાહેર કરીને તેણે તેમને સોપ્યા. પોલીશ ઇન્સ્પેકટરને ઘેર અરજદારોને લઇ જવામાં આવ્યા હતા ત્યાં અમીરખાને બે ચલણી નોટો અને ૭ રૂપીઆ રજુ કરયા. અને નોટોમાંના એકના ઉપર ફરીઆદીની રૂબરૂ કરેલી સહી હતી તેથી તેણે તે નોટ એજ છે એમ ઓળખ્યું.

ફરીઆદીનો ગુમાસ્તો યાકુબખાન દુકાનમાંથી જતો હતો તે તે વખતે દુકાનમાં આવ્યો તેણે તેને એજ યાકુબખાન છે એમ ઓળખ્યો અને તે પછીથી અમીરખાને એ દુકાન છોડી ત્યાં સુધી જે બન્યુ તે વાશે ફરીઆદીની જુબાનીને તેણે પુષ્ટી આપી છે.

ગાડાવાળા પપાનાએ એવી જુબાની આપી કે તે પેહેલો શાહેદી

તેની પાસે આવ્યો અને કહ્યું કે એક મુસલમાન મારી પાસે આવ્યો હતો અને નોટ વટાવી આપવાને કહ્યું હતું અને જબરદસ્તીથી નોટ લઈ ગયો છે અને એ માણસની તપાસને વાસ્તે હું તેની સાથે ગયો હતો. અરજદારોને શોધી કાહાડયા હતા અને તેમને પકડયા બાબતની ફરીઆદીઓની જુબાનીને તેણે પુષ્ટી દરેલી છે.

દગાબ્જ અગર ચોરીનું તોહોમત અરજદારના ઉપર મુકવામાં આવ્યું હતું.

અરજદાર અમીરખાને કહ્યું કે હું ફરીઆદીની દુકાને નોટ વટાવવાને ગયો હતો અને જયારે ફરીઆદીએ ૯—૧૨—૦ આપ્યા ત્યારે તેણે જે રકમ કાપી તે લેવાને આનાકાની કરી એવા કારણથી કે એ વધારે કાપેલી છે. અને ટંટો થયા પછી મેં પઇશા આપી દીધા અને હું ગયો અને પછીથી ફરીઆદી કોનસટેબલને લઈ આવ્યો અને મને અને યાકુબખાનને પકડયા, પરંતુ તેણે કહ્યું છે કે પોલીસે અદાવતને લીધે પકડેલ છે યાકુબખાને કબુલ કરયું કે હું ફરીઆદીની દુકાને એણે કહ્યું તે પ્રમાણે કપાશ લેવાને ગયો હતો પણ તે મેળવવાને તે નીશફળ ગયો હતો અમીરખાનને તેણે જોયો હતો એ વાત તેણે ઇનકાર કરી અને ખાતરી પુરવક કહ્યું કે હું ચંત્રમમાં ગયો અને સુઇ રહયો. ત્યાં ઘણા માણસો અમીરખાનને લાવ્યા અને જે વખતે એને પકડવામાં આવ્યો હતો તે વખતે હું "તમાસો જોવાને" બધાની સથે ગયો હતો. સેકંડ કલાસ મેજીસ્તરેટે અરજદારોના ઉપર તપાશ ચલાવી તે સાહેબે ફરીઆદીની, તેના ગુમાસ્તાની, ગાડાવાળાની, જુબાની લીધી અને તોહોમતવાળાને છોડી દીધા.

કાંમના કાગળો તપાસતાં જીલા માજીસ્તરેટે નીચેનો હુકમ લખેલો છે:—આ કામમાં ફરીઆદી શીલન ચેટી પાસેથી રૂ. ૧૦ નું ચલણી નોટ ચોરયાનું તોહોમત અમીરખાન અને યાકુબખાન બે સખશના ઉપર મુકવામાં આવ્યું હતું. સબ માજીસ્તરેટે આ કામ કાઢી નાંખ્યું. કારણ કે તે સાહેબની નજરમાં એમ આવ્યું કે ફરીઆદીની હકીકતને પુષ્ટી મળેલી નથી અને તે શાહેબે તોહોમતવાળા ૧ લાએ કહેલી હકીકત પણ જેને પુરાવથી પુષ્ટી મળેલી નથી તે હકીકતને માની હોય એમ લાગે છે. ફરીઆદીની હકીકત ઊપર કેમ ભરૂસો ન રાખવો તેનું કારણ અમને માલુમ પડતું નથી અને તે માટે અમે હુકમ કરીએ છીએ કે આ કામમાં વધારે તપાસ કરવી. માટે આ કામ થોડી મુદત સ.ર નીમાએલા ડીપૂટી માજીસ્તરેટને ત્યાં ટ્રાન્શફર કરવામાં આવે છે.

બતાવેલા અમલદારે નવીતપાસ ચલાવી તેઉ સાહેબે ફરીઆદીની ગુમાસ્તાની અને ફોજદારની અને પોતાની હકીકતને પુષ્ટીને વાસ્તે રજુ

કરેલા કેટલાક સાહેદીઓની વળી જુબાની લીધી. આખરે તેઉ સાહેબે ઠગાઇ અને ચોરીના ગુનાનો સાબેતીનો ઠરાવ અરજદાર અમીરખાનના ઉપર કરયો અને ઠગાઇ અને ચોરીમાં મદદ કરયાના ગુનાની સાબેતીનો ઠરાવ અરજદાર યાકુબખાન ઉપર કરયો.

જીલ્લા માજીસ્તરેટના હુકમ બાબત જે હરકત લેવામાં આવેલી તે હરકત સેશન જડજે અપીલમાં રદ કરી, એવા કારણથી કે તે હુકમ અરજદારોને નોટીશ આપ્યા વીના કરવામાં આવ્યો છે વળી વધારે એવી હરકત લેવામાં આવી હતી કે ખરી રીતે માજીસ્તરેટે નવી તપાસ કરવાને હુકમ કરેલો હતો, અને વધારે તપાસ કરવાને હુકમ કરેલો નથી અને ગુણદોશ ઉપરથી ગુનહાની સાબેતીના ઠરાવને તેમણે પુષ્ટી કરેલી છે તે પણ નામંજુર કરવામાં આવી છે.

ફરી તપાસમાં એવી તકરાર કરવામાં આવી છે કે જે કાંમમાં વધારે પુરાવ તોહોમતવાળાની વીરૂધ ના હોય તે કામમાં વધારે તપાસ કરવાને માજીસ્તરેટ હુકમ કરે તે કાયદેસર નથી, અને "વધારે તપાસ" નો હેતુ અવસ્યે કરીને જે પુરાવ કોરટની રૂબરૂ ગુજારવામાં આવી ગએલો હોય તેની સાથે તેને પુષ્ટી કરે તેવો નવો પુરાવ હોય તે ઉપરથી તે થવી જોઇએ, માટે તેના તેજ પુરાવ ઉપરથી ફરી સુનાવણી ફકત કરવી તે કાયદા વીરૂધ છે. અપીલમાં જયારે આ હરકત લેવામાં આવી હતી ત્યારે સેશન જડજે તે રદ કરી હતી એવા કારણથી કે વધારે તપાશનો હેતુ જે બાબત સાક્ષીઓએ કહેલી છે તેની ફરી તપાસ કરવી એવો છે.

દેખીતી રીતે "વધારે તપાશ" એ શબ્દો "નવી તપાસ" અથવા "ફરી તપાશ" એ શબ્દોના અરથ જેવો છે એમ તે જડજે માનેલું છે. દેખીતો તેવો અરથ નથી. અને કાયદા કરનારાઓનો ઇરાદો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૩ નીચે પ્રીંનસેપ સાહેબે જે ફેંસલાઓ બતાવ્યા છે તે રદ કરવાનો છે એવો નીશ્ચય તેમણે કરેલો થાય છે, તે ફેંસલાઓમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે સેશનના કામો શીવાય છોડી દીધાનો હુકમ કરયા પછી કોઇ માજીસ્તરેટ પ્રોશીડીંગ ફરીથી શીરૂ કરી નવી તપાશ જયાંહાં સુધી તે માજીસ્તરેટની રૂબરૂ પ્રથમ ચાલેલા કાંમમાં જે પુરાવ ના હોય તેવો પુરાવ ના હોય તાંહા સુધી કરી શકતા નથી.

આ કોરટે એવું અવલોકન કરેલું છે કે ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૭ મી એકઠી વાંચીને ખરો અરથ નકી કરવાનો છે અને તેમ કરવાથી હાલ વીચાર કરવાનો સવાલ જે "વધા

રે તપાસ" એ શબ્દોનો અરથ કરવાનો તે અમને ખુલો દેખીતો જણાય છે.

કલમ ૪૩૬ મીમાં ઠરાવ્યું છે કે જો સેશન કોરટ અથવા જીલા માજીસ્તરેટને એમ જણાય કે અમુક કામ સેશન કોરટને તપાસવા લાયક છે અને તોહોમતવાળાને યોગ્ય રીતે છોડી દેવામાં આવ્યો છે તો, નવી તપાસ કરવાનો હુકમ કરવાને બદલે તેમને તે તપાસ થવાને કમીટ કરવાને ફરમાવવાને મુખત્યાર છે, અગર તે કોરટ અગર માજીસ્તરેટની નજરમાં એવું આવે કે પુરાવ ઉપરથી કાંઇક બીજો ગુનહો થએલો જણાય છે એટલે જે ગુનહાની તપાશ કરવામાં આવેલી હોય તે શીવાયનો બીજો ગુનહો કરવામાં આવ્યો છે તો તે ગુનહા બાબત તપાશ કરવાને તે કોરટ અથવા માજીસ્તરેટ ઉતરતા દરજાની કોરટને ફરમાવી શકેછે.

કલમ ૪૩૯ મીથી હાયકોરટને ફરી તપાશની કોરટ તરીકે અપીલ કોરટ તરીકેનો અખ્તીઆર અને બીજા અખ્તીઆર સાથે ઠરાવ અને શીક્ષાના હુકમ સુધાંત તથા તોહોમતવાળાને નીરદોસ કરવાનો અથવા છોડી દેવાનો અથવા તેની ફરી તપાસ કરવાનો અથવા વધારે પુરાવ લેવાનો હુકમ તે સુધાંતનો અખ્તીઆર હાયકોરટને આપવામાં આવ્યોછે.

વધારે તપાસ એ શબ્દોનો અરથ જે અશલ થાય છે તેની સાથે જે તપાસ કરવામાં આવેલી હોય તે સાથે તપાસ કરવી એવો છે. અને તેના તે પુરાવ ઉપરથી નવી તપાસ અથવા ફરી તપાસ થાય તે પ્રમાણે ફરીથી તે પુરાવ લેવો એવો થતો નથી, પરંતુ વધારાનો પુરાવ લેવો એવો થાય છે. અને કલમ ૪૩૭ મીના મજકુરમાં એવું કાંઇ નથી કે જે ઉપરથી તે શબ્દોનો બીજો કોઇ અરથ પ્રમાણે થાય તેવી સુચના મળે; માટે જે જે કલમ ૪૩૭ ના પહેલા અને તેની પછી છે તે ઉપરથી જણાય છે કે તે શબ્દનો અરથ શાધારણ રીતે જે અરથ થાય છે તે છે. સબબ જીલા માજીસ્તરેટની નજરમાં એવું ફકત આવે કે તાબાના માજીસ્ટ્રેટે સાક્ષીઓ ઉપર ઘટતું વજન બરોબર રીતે રાખેલું નથી તેથી પ્રોશીડીંગ ફરીથી ચલાવવાને જીલા માજીસ્તરેટને અખ્તીઆર નથી.

જયાંહાં આવી તપાશ એટલે જે સાક્ષીઓ તપાસવામાં આવેલા છે તેઓને સંપુરણ રીતે તપાસવામાં આવેલા નથી અથવા બીજા જે સાક્ષીઓને લેઇ શકાય તેવા બીજા સાક્ષીઓ છે એવી તેમની ખાત્રી થાય ત્યાંહાંજ "વધારે તપાસ" નો તેઉએ હુકમ કરવો જોઇએ.

તે માજીસ્તરેટને જે અખ્તીઆર નથી તે હાયકોરટને છે એટલે "ફરી તપાસ" કરવાનો હુકમ કરવાનો અખત્યાર છે તે માજીસ્તરેટે જે

કામમાં તપાસ કરી આખર નીકાલ કરવાને જે માજીસ્તરેટ મુખત્યાર હોય તે કામમાં હાયકોરટે સાક્ષીઓના ઉપર ઘટીત વજન રાખી જે ઠરાવ કરે તેથી તેમણે જુદો કરી તોહોમતવાળાને છોડી દીધો હોય તોપણ તે હુકમ હાયકોરટ પણ કરી સકતા નથી.

જે કામોનો કલમ ૪૩૬ મીમાં સમાશ થતો નથી તે કામોમાં જીલા માજીસ્તરેટને એમ વીચારવાનુ કારણ માલમ પડે કે કાયદો ખોટો સમજી અથવા કાંમ ચલાવવાની રીતીમાં અગત્યની ભુલ કરી તોહોમત વાળાને તાબાના માજીસ્તરેટે છોડી દીધો છે. જીલા માજીસ્તરેટ કલમ ૪૩૮ મી પ્રમાણે તે કાંમનો હાયકોરટના અભીપ્રાય તથા હુકમ સારૂ રીપોટ કરી શકે છે.

ચંદીચરણ ભટાચારજીના કામમાં, જીમ્મન ક્રીસ્તેરોય, વી૦ શીખચંદ્ર દાસના કામમાં કલકતા હાય કોરટે અને કેશરેહીંદ વી૦ દસનાના કામમાં અલ્હાબાદ હાય કોરટે ઠરાવ કરેલા છે તે પ્રમાણે "વધારે તપાસ" એ શબ્દોના અરથ બાબત અમે નીશ્ચય કરેલો છે, અને આ કોરટનો માહારાણી કેશરેહીંદ વીરૂધ પાપાડુના કામનો ઠરાવ છે અને જે તે જડજ ખોટો સમજેલા છે તે ઠરાવ પ્રમાણે તે અરથ કરેલો નથી. તે કામમાં ફકત એવું ઠરાવવામાં આવેલું છે કે જો માજીસ્તરેટની નજરમાં પુરાવ ઉપરથી એકાદો ગુનહો સાબીત થએલો જણાય અને તે ગુનહો અશલ જે ગુનહાની તપાસ કરવામાં આવી હોય તે ગુનહામાં આવી જગયો હોય તો તપાસ ફરી શરૂ કરી તે બાબત ગુનેહગાર ઠરાવવાને માજીસ્તરેટને પરવાનગી આપવામાં આવી છે તેવો હુકમ વધારે તપાસ બાબતનો કરવા મતલબનો છે:

કોરટની રૂબરૂના તે કામમાં જીલ્લા માજીસ્તરેટને એવી ખાતરી થએલી નહી હતી કે કાંઇ વધારે પૂરાવ છે. વધારે તપાસ કરવાનો હુકમ કરવાને તેમને એવું કારણ હતું કે ફરીઆદ તરફના સાક્ષીઓ ઉપર ભરૂશો રાખવાને તાબાના માજીસ્તરેટે અયોગ્ય રીતે ના કહેલી હતી. તે કામ એવું નહી હતું કે જેમાં વધારે પ્રતક્ષ પૂરાવ મળી શકે. યાકુબખાનને નવ રૂપીઆ આપ્યા તે બાબત ફકત ફરીઆદી કહી શકયો છે. અમીરખાન દુકાન ઉપર હતો તે વખતે યાકુબખાન હતો એ વીસે ફરીઆદીએ જે હકીકત કહેલી છે તે અને તેણે તે દુકાન છોડયા પછી જે હકીકત બનેલી તે બાબત ફરીઆદીએ કહેલું છે તેને ફકત ગુમાસ્તાએ મદદ કરી છે. તરત ફરીયાદ કરવામાં આવેલી અને તેજ જગોએ ગુનેગારોને પકડવામાં આવેલા એવી ફરીઆદીના જુબાની છે તેને ગાડાવાળાએ પુષ્ટી કરેલી છે. ઇનસ્પેક્ટરને ઘેર શેરો કરેલી નોટ અમીરખાંને રજુ

કરેલી તે ઇનકાર કરવામાં આવ્યું નથી અને બેઉ પક્ષકારોની હકીકત સાથે અનુંશરતી બાબત છે.

જે કોન્સ્ટેબલે તોહોમતવાળાને પકડેલો તે બેમાંથી એકે તપાસમાં તપાસવામાં આવેલો નથી, પરંતુ ગાડાવાળાએ જે જુબાની આપેલી છે તેથી તે જુદી આપી શકત નહી.

પરંતુ અમે અવલોકન કરેલું છે. તે પ્રમાણે વધારે પુરાવ મળી શકે તેવું છે કે નહી એ વીશે જીલા માજીસ્તરેટે વીચાર કરેલો નથી તેમ શી બાબત વધારે તપાસ કરવી તે તેમણે બતાવ્યું નથી. વળી તેમણે તે કામ બીજા માજીસ્ટ્રેટ તરફ મોકલ્યું છે અને જ્યારે તેઉ કલમ ૪૩૭ મી પ્રમાણે વરતતા હોય ત્યારે તે પ્રમાણે તેઉ કરી શકે એમ કહેવાને અમે તઇઆર થએલા નથી, માટે અમારા વીચારમાં આવે છે કે જે માજીસ્તરેટે અશલ તપાસ કરેલી તે માજીસ્તરેટે "વધારે તપાસ" સાધારણ રીતે કરવી જોઇએ એવો ઇરાદો રાખવામાં આવ્યો છે, કારણ કે તે કલમનો એવો હેતુ નથી કે જે પુરાવ લેવાઇ ગએલો હોય તે ફરીથી લેવો જોઇએ

જે તપાસ કરવાની તે તપાસ કેવા પ્રકારની છે તેનો ખોટો અરથ કરી માજીસ્તરેટ વરતેલા હોય કે નહી અને "વધારે તપાસ" થઇ શકે તેવું છે એવી તેમની ખાત્રી થએલી હોય કીંવા નહી તોપણ વધારે તપાસ કરવાને હુકમ કરેલો છે, માટે તેમનો તે હુકમ રદ કરવો જોઇએ.

જો કે તે હુકમ કરવાને પૂકત કારણો ના હોય તોપણ જો તેનો બરોબર અમલ કરવામાં આવ્યો હોય અને બીજો પુરાવ હોયતો તે પ્રોસીડીંગ હુકમ સૂધાંત મંજુર રાખવાની અમારી ફરજ છે એમ અમારા વીચારમાં આવે છે પરંતુ બીજો પુરાવે મેળવવામાં આવ્યો નથી અને વાસ્તવીક રીતે તનોતેજ પૂરાવ કે જે અશલ તપાસ કરનાર તાબા માજીસ્તરેટે માંનેલો નથી. તે ઉપરથી અરજદારોને ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે, માટે અમારી નજરમાં આવે છે કે અરજદારોને ફરીથી છોડી દેવા જોઈતા હતા માટે ગુનાહની સાબેતીના ઠરાવો રદ કરી અમે ફરમાવીએ છીએ કે જો દંડ વસુલ થયો હોય તો તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ ડીસેમ્બર સને ૧૮૮૪ તથા તા૦ ૧૬ મારચ સને ૧૮૮૫.

સરચારલસ એ. ટરનર નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીસ હચીન્સ સાહેબોની રૂબરૂ.

નાથુડી બી (ફરીઆદી) વી૦ જાફરહુસન (તોહોમતવાળો)

સને ૧૮૮૧ ના ફોજદારી આકટ (૪૪ અને ૪૫ વીકના બાબ ૫૮) ની કા૦ ૧૪૫.

પાનું ૩૬૫ સને ૧૮૮૧ ના ફોજના આકટની કલમ ૧૪૫ મી માહારાણી સાહેબના હીંદુસ્થાનના લસ્કરના સિપાઇઓને લાગુ નથી.

પાનું ૩૬૫ મદ્રાસના ચીફ પ્રેશીડેન્સી માજીસ્ટ્રેટ કરનલ ટી. વેલડન સાહેબે આ કામમાં ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૨ પ્રમાણે હાયકોરટમાં રેફરંસ કરેલું છે.

ફરીઆદીની પાસે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૮ મી પ્રમાણે માજીસ્ટ્રેટનો એવો હુકમ છે કે તોહોમતવાળાએ તેણીને તેના અનૌરસ નાહાની વયના છોકરાની ખોરાકી પોશાકીના દર માસે એક રૂપીઓ અને આઠ આના આપવા. પરંતુ તે હુકમ પ્રમાણે ચાલવામાં આવેલું નથી, માટે પ્રેશીડેન્શી માજીસ્તરેટની કોરટમાં તેનો અમલ કરવાને ફરીયાદીએ કામ ચલાવેલું છે.

આ કામ તા૦ ૨ મે સને ૧૮૮૪ ના રોજ સુનાવણી સારૂં રાખવામાં આવેલું તેથી નીચેનો હુકમ કરવામાં આવ્યો છે.

તા૦ ૩ મારચ સને ૧૮૮૪ ના રોજ પ્રેશીડેન્સી માજીસ્ટ્રેટ (મી૦ મીરઅસ સારૂદીન) નો એવો હુકમ ફરીઆદીએ કરાવેલો છે કે તોહોમતવાળો એક મદ્રાસ નેટીવ ઇનફંટ્રીની ૨૨ મી પલટણનો શીપાઇ છે. તેણે પોતાના અનૌરસ નાહાની વયના છોકરા નામે મીદાલીના ખોરાકી પોશાકી સારૂ" દરમાશે રૂપીઓ એક અને આંના આઠ આપવા.

તે હુકમ પ્રમાણે ચાલવામાં આવેલું નથી, તેથી ફરીયાદીએ આ કોરટ પાસે તેના અમલ કરાવવાને હાલ માગેલું છે.

તોહોમતવાળો રેગયુલર લશ્કરનો એક શીપાઇ છે, માટે તકરારી હુકમની નકલ જે વખતે તે કરવામાં આવ્યો તે વખતે ફોજના આકટની કલમ ૧૪૫ મી પ્રમાણે સ્થાનીક સરકારની મારફતે સેકરેટરી ઓફ સ્ટેટ તરફ હુકમ થવા સારૂ મોકલવો જોઇતી હતી, આ પ્રમાણે હવે ચાલવામાં આવશે, માટે તે મુજબ હુકમ કરવામાં આવ્યો છે.

સહી ટી. વેલડન કરનલ
ચીફ પ્રેશીડેન્સી માજીસ્ટ્રેટ

* * * * *

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીસ ટરનર સાહેબે નીચે પ્રમાણે આપ્યો.

સને ૧૮૮૧ ના ફોજના આકટની કલમ ૧૫૦ માં ઠરાવેલું છે કે જો તે આકટમાં "રેગ્યુલર" લસ્કર અને "માહારાણી સાહેબનું રેગ્યુલર લસ્કર" એવા શબ્દો વાપરવામાં આવેલા છે તે આકટના બીજા મચકુર સાથે જો અનુંસરતા હોય તો તેમાં તે આકટમાં જે દુરસ્ત કરવાનું બતાવેલું છે તે દુરસ્ત કરવાની સરતો સાથે માહારાણી સાહેબના હીંદુસ્થાનના લસ્કરનો સમાસ થાય છે તે દુરસ્ત કરવાની બાબતો સદર હુ આકટની કલમ ૧૮૦ માં ઠરાવેલી છે. તે કલમમાં એવું કાંઈ નથી કે જેથી માહારાણી સાહેબના હીંદુસ્થાનના લસ્કરને કલમ ૧૪૫ લાગુ કરવાની મનાઇ કરવામાં આવી હોય. એટલો વીચાર કરવાનો રહે છે કે કલમ ૧૫૦ માં કલમ ૧૪૫ માં "રેગ્યુલર લસ્કર" એવા શબ્દો વાપરેલા છે તેનો અર્થ બતાવવામાં આવેલો છે માટે તે અરથ તે આકટના મચકુરથી વીરૂદ્ધ છે કે નહીં. આવો, અરથ કરવા વીરૂધ તે કલમની ૧ લી રકમમાં કાંઇ નથી એ ખુલ્લું છે, એટલુંજ નહીં પણ યુનાઈટેડ કીંગડમના કરતાં આ દેશમાં કોઇ સખસ પગાર, પોહોંચ વીગર સીપાઇનું હોય તે ઉપર ખોરાકી પોશાકીનો હુંકમ બજાવવાની મનાઇ કરવામાં આવેલી છે એવો તે રકમનો ઠરાવ છે તે વધારે મજબુત છે કારણ કે સીપાઇની નોકરી ખરા કામ ઉપર હોવાની જરૂર પડે એવો વધારે સંભવ છે.

તે કલમની ૧ લી રકમનો ઠરાવ જે અરથ ઠરાવવામાં આવેલો છે તેના વીરૂધ નથી એ વીશે અંદેશો રાખી સકાતો નથી એમ અમારી નજરમાં આવે છે માટે જો એમ હોય તો રકમ ૨ નો ઠરાવ કોરટ હુકમ કરે તે સબંધીમાં આગ્રાકારક છે અને તે રકમના તે ભાગમાં જે અર્થ બતાવવામાં આવેલો છે તે સાથે દેખીતી રીતે વીરૂદ્ધ કાંઈ નથી. ખરેખાત એવી તકરાર થઇ શકે છે કે સેકરેટરી આફ સ્ટેટ એવા શબ્દો વાપરવામાં આવેલા છે તેમાં હીંદુસ્થાનના સેકરેટરી આફ સ્ટેટનો સમાસ થાય છે. અને તેઉ સાહેબને હીંદુસ્થાન માંહેની ઇંગરેજી કોરટ બારોબાર રીપોટ કરે. આ રકમના તે ઠરાવથી સેકરેટરી આફ સ્ટેટનો કુલ અંખત્યાર આપવામાં આવેલો છે તે પણ ઠરાવેલા અરથની વીરૂધ નથી રોજનો પગાર એ શબ્દોનો અર્થ માસીક પગારના હીસાબે દરરોજ જે પગાર પડે એવો અર્થ થઇ શકે છે. અને સરજંટ એ શબ્દનો અરથ ગરભીત રીતે હીંદુસ્થાનમાં માહારાણી સાહેબના લસ્કરમાં તેવો જે હોદો હોય તેને લાગુ પડે છે. પરંતુ એકાદા સીપાઈના ઉપર એક હુકમ કરવામાં આવે તો તે દરેક કામમાં ઇંગલાડમાં સેકરેટરી આફ સ્ટેટને રેફરંસ કરવું એ ઘણુંજ અઘવડ ભરેલું થાય એ ખુલ્લું છે અને

હીંદુસ્થાનના લશ્કરના એકાદા સીપાઇને તે કલમ લાગુ કરવાનો ઇરાદો રાખવામાં આવેલો હોય તો હીંદુસ્થાનના ઇંગરેજી રાજયની અંદર કોઇ કે અધીકારી તેમની જગોએ ઠરાવવામાં આવત એમ વધારે સંભવીત છે.

ત્રીજી રકમમાં જે શબ્દો છે તે રેગ્યુલર લશ્કરના ઠરાવેલા અર્થથી વીરૂધ છે. જો કે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની કોર્ટ તે આકટની કલમ ૧૯૦ ના હેતુ પ્રમાણે સંક્ષેપ હકુમતની કોર્ટ છે તોપણ તે કોઇ પેટીશોન ટુકડીની અંદર નથી તે કલમમાં કોઇ હુકમની બાબત છેવટ ઠરાવ કરવામાં આવેલો છે તે યુનાઇટેડ કીંગડમ વીગરે બાહાર દરીઆની ઉપરાંત નોકરી ઉપર જવાને એકાદા સીપાઇ ઉપર હુકમ થએલો હોય તો તે તેના ઉપર તે હુકમ બજાવવામાં આવે તો તે નાબુદ છે કારણ કે રેગ્યુલર લશ્કરનો માહારાણી સાહેબના હીંદુસ્થાનના લશ્કરમાં સમાસ થાય છે પછી તેઓ દરીઆ ઉપરાંતની જગોએ સાધારણ રીતે નોકરી કરતા હોય તેની ચીંતા નહી. પરંતુ રેગ્યુલર લશ્કરના ઠરાવેલા અર્થથી તે વીરૂદ્ધ છે.

તે આકટના મચકુર જોતાં અમે ઠરાવીએ છીએ કે તે તમામ કલમ માહારાણી સાહેબના હીંદુસ્થાનના લશ્કરના શીપાઇઓને લાગુ થતી નથી, માટે તેવી ચીફ માજીસ્ટ્રેટને ખબર આપવી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ જાનેવારી સને ૧૮૮૫.

સરચારલસ એ. ટરનર નાઈટ ચીફ જસ્ટીસ અને મી૦ જ. સ્ટીશ બ્રાંડટ સાહેબની રૂબરૂ.

રામાસામી વીરૂધ કંદાસામી.

સને ૧૮૫૯ નો આકટ ૧૩—મજુરો પુરા પાડવાનો કંટ્રાકટ.

એકાદી જાગીરમાં અમુક કામ કરવાને સારૂ મજુરો પુરા પાડવાના અવેજમાં નાણાં અગાઉથી લીધેલાં તે બાબતના કરારનો સને ૧૮૫૯ ના આકટ ૧૩ ના હેતુમાં સમાસ થાય છે અને તે કરારમાં એવી શરત છે કે મજુરો પુરા પાડવા કસુર કરવામાં આવે અને જો જરૂર પડે તો અગાઉથી લીધેલાં નાણાં પાછાં આપવાને કસુર કરવામાં આવે તો પાંચ વરશ જાતે મેહનત કરી ગુન્હેગારી આપવી તેથી તે કરાર તે આકટના અમલની બાહાર એવી રીતે બનો નથી કે જેથી અગાઉથી આપેલાં નાણાં પાછાં આપવાનો હુકમ કરવામાં આવલો હોય તે પ્રમાણે નહી ચાલ-

વામાં આવે તો તે કંટરાકટરે કેદમાં રહેવું એવો હુકમ ગેર કાયદે થાય.

પાનું ૩૭૫ મદુરાના જીલ્લા માજીસ્ત્રેટની ઓફીસના હંગામી ૨જા આકટીંગ જોઇંટ માજીસ્ત્રેટ સી. કક સાહેબે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટમાં આ રેફરંસ કરેલું છે.

આ રીપોર્ટના કારણસર કોરટના ફેંસલા ઉપરથી આ કામની હકીકત પુક્ત રીતે જણાય છે

કાંનસલ રાખવામાં આવ્યો નથી.

ફેંસલો—તોહોમતવાળાને એક અઠવાડીઆની અંદર ૨૦ મજુરો એકઠા કરવા અને બીજા અઠવાડીઆમાં ૧૫ મજુરો એકઠા કરવા અને તેમને ફરીઆદીની કાફીની જાગીર ઉપર એક મહીના સુધી અમુક કામ કરવાને લેઈ જવા તે સારૂ અગાઉથી રૂ. ૫૪ આપેલા હતા. અને તોહોમતવાળાએ પોતાની પાસે કાંઇ લેહેણું રહેતું નહીં એ પ્રમાણે હીસાબ તેઓની બાબતમાં કરવાનો હતો. વળી બે જથે જે મજુરો પુરા પાડવાના હતા, તે પુરા પાડવામાં તે તોહોમતવાળો કસુર કરે તો એક જથાની બાબતમાં દરરોજ રૂ. ૧ અને બીજા જથાની બાબતમાં દરરોજ રૂ. ૨ એ પ્રમાણે ગુન્હેગારી આપે એવો કરાર કરેલો હતો. વળી તેણે એવો કરાર કરેલો હતો કે જો તે કરાર પુરો કરવામાં કસુર કરવામાં આવે તો તેથી ફરીઆદીને જે નુકશાન થાય તેનું કંપનશેશન તેણે આપવું અને સને ૧૮૫૯ના આકટ ૧૩ માં ઠરાવેલી શીક્ષા પોતે ભોગવવી અને શદરહુ અગાઉથી આપેલાં નાણું પાછાં વસુલ આપવાના બદલામાં તેણે પોતે તે જાગીરની કાફી ઉપર જઇ પાંચ વરશ સુધી મજુર તરીકે જાતે કામ કરવું અને પાંચમુ વરશ પુરૂ થએ હીસાબ નકી કરી તે કરાર પાછો લેવો. તોહોમતવાળાએ આ કરાર પ્રમાણે મજુરો પુરા પાડવાને કસુર કરી અને તા० ૧૪ મી અગસ્ટ સને ૧૮૮૩ ને રોજ ડીંડીગલના શીરસ્તેદાર માજીસ્ત્રેટે ઠરાવ્યું કે તોહોમતવાળાએ કરાર તોડેલો છે. માટે સને ૧૮૫૯ ના આકટ ૧૩ પ્રમાણે તોહોમતવાળાને હુકમ કરયો કે હુકમની તારીખથી પંદર દીવસની અંદર તોહોમતવાળાએ આપવાને ફરીઆદીએ લેવાને કબુલ કરયા પ્રમાણે અગાઉથી આપેલા રૂ. ૫૪ તોહોમતવાળાએ પાછા આપવા. આ હુકમ પ્રમાણે ચાલવાને તોહોમતવાળાએ કસુર કરી તેથી સીરસ્તેદાર માજીસ્ત્રેટે એક માસ સખ્ત મજુરી સાથે કેદની શીક્ષા કરી. જોઇંટ માજીસ્ત્રેટે કહયું છે કે તે કાફીની જાગીરમાં મજુરો એકઠા કરવાના કારણસર તોહોમતવાળાને અગાઉથી નાણું આપવામાં આવેલાં હતાં અને જે ગુ-

મ્હેઆરી ઠરાવવામાં આવેલી છે તે જાતે નોકરી કરવાની છે માટે તે આ કટમાં આ કામનો સમાસ થતો નથી. અને અગાઉથી નાણું લીધેલાં પાછાં આપવાને જે તે શીરસ્તેદાર માજીસ્ટ્રેટે હુકમ કરેલો છે તે હુકમ કરવાને તે ઉ મુખત્યાર નહીં હતા. માટે સખત મજુરી સાથે કેદની શીક્ષાનો હુકમ કરેલો છે. તે કાયદા વીરૂધ છે તેથી તે રદ થવો જોઇએ.

તોહોમતવાળાએ કાશીની જાગીર ઉપર એક માસ સુધી કામ કરાવવા સારૂ મજુરો એકઠા કરવાને કરાર કરેલો માટે શને ૧૮૫૯ ના આ કટ ૧૩ ના હેતુ પ્રમાણે તે કરાર છે. તે મજુરો પુરા પાડવાને દરેક દીવસની જે વાર લાગે તે બાબંત દરેક દીવસની પેનલટી આપવાને તથા પાંચ વરસં સુધી મજુર તરીકે કામ કરવાને જે કરાર કરવામાં આવેલો છે તે જો પુરો પાડવામાં ના આવે તો તે કરાર કેટલેક દરજે બળવાન છે તેનો નીરણય કરવાને આ રેફરંસના કારણસર જરૂર નથી. પરંતુ જો તે બળવાન હોય તોપણ એટલું કહેવું બસ છે કે તે કરારનો વાસ્તવીક રીતે અમલ કરાવવાને અગર અગાઉથી આપેલાં નાણાં પાછાં લેવાને ફરીઆદી પોતાનો દાવો રાખવાને હકદાર છે પરંતુ તે કરારનો અમલ કરાવવાની બાબતમાં તે કરાર અમલ કરાવવા લાયક હોવો જોઇએ.

વાલ્યુમ ૯ મું

ફોજદારી અપીલ.

તા૦ ૨૫ અગસ્ટ સને ૧૮૮૫

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ હચીન્સ

સાહેબોની રૂબરૂ.

માહારાણી કૈસરેહીંદ વી૦ સુબરાયન વીગરે.

પીનલકોડની કલમ ૪૯૮—લગ્ન—સાબેતી.

ફરીઆદીની ઓરતને ફોસલાવી લેઈ જવા બાબત સ અને ગ ને ગુનેહગાર ઠરાવવામાં આવેલા હતા. તે ગુનાહની સાબેતીનો ઠરાવ રદ કરવામાં આવ્યો, એવા કારણથી કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૮ મી પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ કરવાને લગ્નનો શખત પુરાવ હોવાની જરૂર છે. જે પુરાવ આપવામાં આવેલો છે તે (ફરીયાદી, તે ઓરત અને તેણીની માએ સોગન ઉપર લગ્નની હકીકત કહેલી છે.) ખરી રીતે લગ્ન થએલું છે કે નહી અને થયું હોય તો, તે કાયદેશર હતુ કે નહીં તે વીશેનો અભીપ્રાય બાંધવાને બસ નથી. કે લગ્ન થયાની બાબત અથવા તેના બળવાનપણા બાબત તહોમતવાળાએ શાક્ષીઓની ઉલટ તપાસ કરી નથી, અથવા બીજી રીતે તે બાબત દોશ રાખ્યો નથી.

પાનું ૯ , તા૦ ૧૬ જુન શને ૧૮૮૫ ના રોજ તાંજોરના શેશન જડજે જી. એ. પાર્કર સાહેબે આ કામમાં હાયકોરટમાં પુછેલું છે.

આ કામની હકીકત કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

કોનશલ રાખવામાં આવ્યા નથી.

જસ્ટીસ હચીન્સ સાહેબ:—આ કામમાં હીં. ફો. કાયદાની કલમ ૪૯૮ પ્રમાણે શીક્ષા થવા લાયક પરણેલી ઓરતને ફોસલાવી લઈ ગયાના ગુનાહનો આરોપ રાખવામાં આવેલો હતો. બીજા વરગના માજીસ્તરેટે ગુનો સાબેત ઠરાવ્યો, પરંતુ હેડ આશીસ્ટંટ માજીસ્ત્રેટે (માનાવદાંન રાજા) અપીલમાં ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરાવ્યો, એવા કારણથી કે કલમ ૪૯૭ અને ૪૯૮ પ્રમાણે ગુનાહની શાબેતીનો ઠરાવ કરવાને લગ્ન બાબતનો સખત પુરાવ હોવાની જરૂર છે એવુ બંગાળા હાઈ કોરટે ઠરાવેલું છે, અને તે ઠરાવ લક્ષમાં રાખતાં જે લગ્ન કહેવામાં આવેલું છે તે ખરી રીતે થએલું છે કે નહી અને થએલું છે તો, તે કાયદા પ્રમાણે થએલું છે કે નહી તે વીશેનો અભીપ્રાય નીચેની કોરટ બાંધી શકે તેવો પૂકત પૂરાવ નથી.

જે આધાર બતાવવામાં આવેલો છે તે કેશરેહીંદ વીરૂધ પીતાંબર શીંગના કામનો છે એમ જણાય છે. તે કામમાં ફુલબેંચનો ફેંસલો આતાં ચીફ જસ્ટીસ સાહેબે કહેલું છે કેઃ—"આરોપવાળા ગુનાહમાં જે ખોટી રીતના વ્યવહારની અવસ્ય છે તેવીજ તે ઓરતનું લગ્ન થયાની અવસ્ય છે, અને પુરાવ આકટના ઠરાવ ઉપરથી (કલમ ૫૦) ખુલ્લું જણાય છે કે જે કામમાં ગુનોહ બનવાને લગ્ન "થએલું" હોવાની જરૂર છે તે કામમાં લગ્ન થયાની વાત રીતસર સાબેત થવી જોઇએ."

અમે અલબત કબુલ કરીએ છીએ કે લગ્ન થયાની બાબત સાબેત થવી જોઇએ, અને તે સામાન્ય રીતે એટલે એકાદા સખસને કુટંબના અંગભુત તરીકે બીજી રીતે ખાશ માહીતી હોવાનુ સાધન હોય તેનો વરતણુંક ઉપરથી અભીપ્રાય બતાવેલો હોય તે શીવાય બીજા વધારે ભરૂશા લાયક પુરાવથી તે સાબેત થવું જોઇએ. કેટલાંક અમુક કામો કે જેમાં હી. ફો. કા. ની કલમ ૪૯૮ પ્રમાણેની ફરીઆદ આવી જાય છે તે શીવાયના કામોમાં લગ્ન જેવા સબંધનો પુરાવ, પુરાવ આકટની કલમ ૫૦ પ્રમાણે આવા અભીપ્રાયનો દાખલ કરવા લાયક છે. વરતણુંક ઉપરથી માલમ પડે તેવા અભીપ્રાયનો પુરાવ આપી શકાય છે એ ઉપરથી ગરભીત રીતે એમ જણાય છે કે તે સખસને પોતાનો અભીપ્રાય કહેવાને બોલાવવાનો નથી. પરંતુ જયારે તે મરણ પામેલો હોય અગર તેને બોલાવી શકાતો ના હોય ત્યારે તેની વરતણુંક બીજાઓથી સાબેત થવી જોઇએ. આ કલમ ઉપરથી એમ જણાય છે કે સગપણ સાબેત ઠરાવવાને ખાસ રીતી ઠરાવવામાં આવેલી છે. પરંતુ જે હકીકત તેને અગર તેણીને જાણવાને ખાસ સાધન હોય તે હકીકત કહેવાને કોઇ સખસને કોઇ રીતે અટકાવી શકતો નથી. કલકતાના ઠરાવ પ્રમાણે કેશરેહીંદ વીરૂધ કાલુના કામમાં જસ્ટીસ સ્ટેટ સાહેબ ચાલેલા છે પરંતુ જો તે વીધવાન જડજેનો હેતુ એવું ઠરાવવાનો હોય કે ધણી અગર ધણીઆણી પોતાનું લગ્ન સાબેત કરી શકતા નથી તો તેઉ સાહેબના અભીપ્રાયને ઘણું માન આપી અમારે અમારો અભીપ્રાય જુદો બતાવવો જોઇએ.

ઇંગરેજી કોરટમાં હમેશાં ગામના અગર બીજા રજીસ્ટર રજુ કરવાથી અગર તેમાંના દાખલાવાળા ઇંતેખાબથી લગ્ન સાબેત કરવામાં આવે છે પરંતુ જો લગ્ન પરદેશ થએલું હોય તો જો કે જે હકીકત ઉપરથી જુરી એમ અનુંમાન કરી શકે કે જે દેશમાં તે લગ્ન કરવામાં આવેલું છે તે દેસના કાયદા પ્રમાણે તે બળવાન રીતે થએલું છે તેવી હકીકત પણ સાબેત થવી જોઇએ. તોપણ જે સખસ તે લગ્ન વખતે હાજર હોય તેનાથી પણ તે સાબેત થઇ શકે છે. "જે સખશ ગોર તરીકે

હાજર થઇ કામ કરતો હોય અને તેણે ક્રીયા કરેલી હોય અને પક્ષકારો એમ સમજેલા હોય કે પરદેસના રીવાજ પ્રમાણે તે લગ્નની ક્રીયા છે તો તે બાબતનો અનુમાની પુરાવ થવાને તે પુરાવ બસ છે, એવી રીતે કે તે લગ્ન બળવાન નથી એવુ બતાવવાનો બોજો સામા પક્ષકારના ઉપર જાય. ઈંગલાંડમાં પણ કોઇ શખસ તે ક્રીયા કરતી વખતે તે હાજર હોય અને તેણે તે જોઇ હોય તેનાથી લગ્ન સાબેત થઇ સકે છે. અને તે બાબતનું રજીસ્ટર અગર પત્રવાનો અગર પ્રશીધ્ધપણું સાબેત કરવાની જરૂર નથી.

આ દેશમાં દેશીઓને માટે લગ્નનો કાંઇ કાયદો નથી માટે અમુક લગ્નના બળવાનપણાનો આધાર મુખ્યત્વે કરીને જે ન્યાતના તે પક્ષકારો હોય તે નાતના રીવાજ ઉપર છે. અમારી રૂબરૂ જે કામ છે તે કામના લગ્નના પક્ષકારો મારવેશ લોકો છે અને તેમનામાં ધર્મ પ્રમાણે ચાલવાને અગર ક્રીયાઓ કરવાને જોઇએ તેના કરતાં વધારે બરોબર અગર બારીક રીતે ચાલવામાં આવતું નથી. નંબર ૧ ની સાક્ષી તે ધણીઆણી છે તેણીએ જુબાનીમાં કહ્યું છે કે "ફરીઆદી મારો લગ્નનો ફકત ધણી છે" (જે તામીલ શબ્દનો અરથ ફકત કરવામાં આવેલો છે તે ઉપરથી માહારો પરણેલો ધણી એવો અરથ થાય છે અને તે વધારે અગર ઓછો થતો નથી) ચાર વરસ ઉપર તે લગ્ન કરવામાં આવ્યું હતું. પાકી વય થયા પછી તમે સંભોગ કરેલો છે" તેજ પ્રમાણે ધણીએ કહ્યુંછે કે કુરેલા છને પાંચ વરસ ઉપર પરણ્યો. વીવાહ થયા પછી લગ્નની ક્રીયા કરવામાં આવી હતી. તે અઢાર વરસની છે" નંબર ૪ ની સાક્ષી સદરહુ વેલાળની મા છે. તેણીએ શોગન ઉપર કહ્યું છે કે માહારી દીકરીને, મેં ફરીઆદી સાથે પરણાવેલી છે. આ સાક્ષીઓમના એકે સાક્ષીને લગ્નના ખરાપણા બાબત અગર બળવાનપણા બાબત ઉલટ તપાસ કરવામાં આવી નથી. અને તે લગ્નના બળવાનપણા વીશે તોહોમતવાળાએ કોઇ રીતે દાવો મુક્યો નથી.

તે લગ્ન જોઇતી રીતે સાબેત થએલું છે એ વીશે અમને કાંઇ શક નથી. સબબ નીરદોશ કરયા બાબતનો ફેંસલો પેહેલા વરગના માજીસ્ટ્રેટે આપેલો છે તે અમે રદ કરીએ છીએ અને તેમને ફરમાવીએ છીએ કે તે અપીલ પોતાની ફાઇલ ઉપર લઈ તે વીસે નવા હુકમો કરવા.

ફોજદારી અપીલ.

મી૦ જસ્ટીસ હચીન્સ શાહેબની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ નારાયણ શાંમી.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૫, ૨૬૪, ૪૦૭, ૪૧૪—જનરલક્લાજ આકટની કલમ ૨ (૧૩)—બીજા વરગના અખત્યાર સાથેના માજીસ્ત્રેટો—ગુનાહની સાબેતીનો ઠરાવ—અપીલ.

બીજા વરગના માજીસ્ત્રેટના અખત્યાર સાથેના માજીસ્ત્રેટોના બેંચે ગુનહાની સાબેતીનો ઠરાવ કરેલો હોય તે ઠરાવ ઉપર ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૦૭ પ્રમાણે અપીલ ચાલી શકેછે.

પાનું ૩૬ ટ્રીચીનાપોલીના આકટીંગ જીલ્લા માજીસ્ત્રેટ એચ. આર. ફારમર સાહેબે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે.

નારાયણ શાંમી નાયક અને એક બીજા સખશનો બીજા વરગના માજીસ્ત્રેટના અખત્યાર સાથેના માજીસ્ત્રેટોના બેંચે તપાશ કરી તેમને ગુનેહગાર ઠરાવી તેમનો દંડ કરેલો છે.

અપીલમાં જીલ્લા માજીસ્તરેટે તે શીક્ષાનો હુકમ ફેરાવી તોહોમતવાળાઓને નીરદોશ ઠરાવેલા છે. માજીસ્તરેટોના બેંચમાંના એક મેંબરનું શાલીશબરીની ખાયશ ઉપરથી આ કામ હાયકોરટમાં એવો ઠરાવ કરાવવાને સારૂ મોકલેલુ છે કે ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૨૬૪ મીમાં ઠરાવ્યા પ્રમાણે તે બેંચ ફેંસલો લખવાને બંધાએલા હતા કે નહી, અગર બીજી રીતે બીજા અગર ત્રીજા વરગના માજીસ્તરેટનો અખત્યાર વાપરનાર માજીસ્તરેટના બેંચે ગુનહાની સાબેતીનો ઠરાવ કરેલો હોય તે ઉપર અપીલ ચાલવાનો કાયદાનો હેતુ છે કે નહી.

કોનશલ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

બીજા વરગના માજીસ્તરેટના અખત્યાર સાથેના માજીસ્તરેટોના બેંચે આ કામ સંક્ષેપ રીતે તપાસેલું છે. જીલ્લા માજીસ્તરેટે અપીલમાં ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરવેલો છે. તેથી શવાલ એવો ઉતપન થએલો છે કે અપીલ ચાલે કીંવા નહી તે સવાલનો આધાર એવા શવાલ ઉપર છે કે ફોજદારી કાંમ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૦૭ ના હેતુ પ્રમાણે આવા અખ્તીઆરવાળુ બેંચ તે બીજા વરગના માજીસ્તરેટ છે કે નહી. જો તેમ હોય તો. તે કલમ પ્રમાણે અપીલ ચાલે તે ખુલું છે. માટે કલમ ૨૬૪ મી પ્રમાણે ફેંસલો લખવાને બેંચ બંધાએલા છે.

કલમ ૨૬૦ પ્રમાણે જે માજીસ્તરેટને અમુક કામોમાં કાંમ સંક્ષેપ રીતે ચલાવવાને અખત્યાર આપવામાં આવ્યો હોય છે તેમાં કલમ ૪૧૪ પ્ર. માણે અપીલ ચાલી શકતી નથી. પરંતુ કલમ ૨૬૦ મી પહેલા વરગના માજીસ્તરેટને અથવા પહેલા વરગના માજીસ્તરેટના અખત્યાર સાથેના બેંચના સબંધી છે.

જીલ્લા માજીસ્તરેટે જનરલ કલાજ આકટની કલમ ૨ (૧૩) બતાવેલી છે તેમાં ઠરાવેલું છે કે 'માજીસ્તરેટ' શબ્દમાં ફો. કા. ચ. ની રીતીના કાયદા પ્રમાણે જે સખસો માજીસ્તરેટનો તમામ અગર તેમાંનો કોઇ અખત્યાર વાપરતા હોય તેમનો સમાશ થાય છે. પરંતુ તે કાયદાની કલમ ૧૫ મી તેથી પણ વધારે સ્પષ્ટ છે. દરેક બેંચ આ કાયદાના કારણુસર તેમાંનો કોઇ મેંબર ઉચામાં ઉંચા વરગના અખ્તીઆર સાથેનો હોય તે વરગના અખ્તીઆર સાથેનું છે એમ ગણવું જોઇએ. શાચી વાત છે કે આ રકમ ખાસ છે પણ તે ઉપરથી ખુલું જણાય છે કે કાયદા કરનારનો ઇરાદો કોઇ વરગના માજીસ્તરેટના અખત્યાર સાથેનુ બેંચ હોય તે બેંચ તે વરગના માજીસ્તરેટનુ છે એમ ગણવું જોઇએ.

સને ૧૮૮૨ ના ફોજદારી ફરી તપાસના નંબર ૩ ના કામમાં ગોદાવરી જીલામાં નીચે પ્રમાણેના શબ્દો સાથેનો ફેંસલો લખવામાં આવેલો હતો:—"આ કામની સંક્ષેપ રીતે બેંચે તપાસ કરેલી છે. અને તે બેંચને યોગ્ય અધીકાર હતો માટે તે ઉપર અપીલ નથી." પરંતુ જે ફેંસલો ત્યાર પછી થોડી મુદતે વીદવાન જડજોએ આપેલો તેમાં ખુલાસો બતાવેલો છે કે તે બેંચને યોગ્ય રીતે પેહેલા વરગના માજીસ્તરેટ તરીકે કામ કરવાનો અખતીઆર હતો એવું ધારવામાં આવેલું છે તે ભુલ ભરેલું છે. માટે તેઓએ ગોદાવરીના જીલ્લા માજીસ્તરેટને ખબર આપી છે કે ફકત બીજા અગર ત્રીજા વરગના અખ્તીઆર સાથેનું જે બેંચ હોય તેમના ફેંસલા ઉપર અપીલ ચાલતી નથી એવું ઠરાવવાને અમે કોઈ દીવશ ઇરાદો રાખ્યો નથી.

તે અપીલ સાંભળવાને જીલ્લા માજીસ્તરેટને હકુમત હતી એ વીશે અમને કાંઇ શક નથી. સબબ તેમના હુકમમાં હાથ ઘાલવાને અમે ના પાડીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ મી અગસ્ટ સને ૧૮૮૫

મી૦ જષ્ટીસ મતુસામીઆયર અને મી૦ જષ્ટીસ હચીન્શ

સાહેબોની રૂબરૂ.

મહારાણી કૈશરેહીંદ વીરૂધ લક્ષ્મણ વીગરે,

ફો. દા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૬૯—જયુરીને આશેશર તરીકે જડજે ખોટી રીતે ગણેલી—જયુરીનો એકમત થઇને ઠરાવ તે આશેશર તરીકે ગણીને કબુલ કરવામાં આવેલો હોય તે રીતસર ઠરાવ છે.

લ અને ન ઉપર ડાકાઇટી અને ખુનના આરોપો બાબત સેશન કોરટે તપાસ કરેલી હતી. તે બેઉ આરોપો બાબત જુરીએ ગુનહો સાબેત કરયાનો ઠરાવ કરયો. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૬૯ ના ઠરાવ વીરૂધ ખુનના ગુનહા બાબત જડજે જુરીને આસેસર તરીકે ગણી અને લ અને ન ને ડાકાઇટીના ગુનેહગાર ઠરાવી ખુન બાબત નીરદોષ ઠરાવ્યા.

ઠરાવવામાં આવ્યું કે જડજે ગેરશીરસ્તે કામ ચલાવેલું છે તેથી જુરીના ઠરાવનો યોગ્ય જે અશર થાય જે. તે જઇ શકતો નથી.

પાનું ૪૨ કડપના શેશન જડજ ડબલ્યુ એફ ગ્રામ સાહેબે ફો૦ કા. ચ૦ ની રીતીના કાયદાની કલમ ૩૦૭ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે.

કામની હકીકત શેશન જડજે નીચે પ્રમાણે બતાવેલી છે:—

"કેદીઓના ઉપર ડાકાઇટી, ડકાઇટી કરવામાં ખુન અને ખુનના આરોપ રાખવામાં આવેલા છે. જુરીએ નંબર ૨ અને ૩ ના કેદીઓને નીરદોશ ઠરાવી નંબર ૧ અને ૪ ના કેદીઓને ગુનેહગાર ઠરાવેલા છે અમે કલમ ૨૬૯ ની રકમ ૨ નો ઠરાવ લક્ષમાં નહી રાખતાં પેહેલા આરોપની બાબતમાં જુરીનો ઠરાવ કબુલ કરી બીજા અને ત્રીજા આરોપ બાબત અમે જુરીને આસેસર તરીકે ગણીએ છીએ. માટે ડાકાઇટીની બાબતમાં હાયકોરટને પુછવાને અમે નીશ્ચય કરેલો હતો. પરંતુ તમામ આરોપો બાબત જુરીએ તપાસ કરવી જોઇતી હતી એ બાબત લક્ષમાં નહીં રાખીને ડાકાઇટીમાં ખુન, અને ખુનના આરોપો બાબત તમામ કેદીઓને નીરદોશ ઠરાવેલા છે માટે તે આરોપોમાંના કોઇ આરોપ વીસે અમારે નીરદોશનો ઠરાવ લખવો જોઈતો નહી હતો. અમારા અભીપ્રાયમાં આવે છે કે તમામ ચારે કેદીઓના વીરૂધ તમામ પુરાવ એકઠો માનવો જોઇએ જો તે પુરાવ તેમાંના એકાદા વીરૂધ નીશફળ જાય તો તમામના વીરૂધ તે નીશફળ જવો જોઇએ. તેમાંના એકને બીજાઓથી જુદો પાડી સકાતો નથી. અમારી નજરમાં આવે છે કે નંબર ૧ અને

૪ ના કેદીઓ સબંધી બીજા અને ત્રીજા આરોપની બાબતમાં તેમને ગુનેહગાર ઠરાવવાનો ઠરાવ જુરીએ કરેલો છે તે અને પહેલા આરોપની બાબતમાં નંબર ૨ અને ૩ ના કેદીની બાબતમાં નીરદોશનો ઠરાવ તે મણે કરેલો છે તે બરોબર નથી અમારી નજરમાં આવે છે કે ચારે કેદીઓ ડાકાઈટીના ગુનેહગાર છે અને ડાકાઇટીમાં ખુન, અગર ખુનના તે ગુનેહગાર નથી."

નંબર ૨ અને ૩ ના કેદી તરફથી મી૦ સુબ્બા માનીયમ.

સરકાર તરફથી (મી૦ પાવલ (આક્ટીંગ સરકારી વકીલ)

કોરટનો ફેંસલો જષ્ટીસ હચીન્સ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:-

આ કામમાં બેશક ઓરત સુબામાને મારી નાંખવામાં આવી હતી અને તેણીના દાગીના ચોરી લેઇ જવામાં આવ્યા હતા. તેણીનુ મોત ઘુ ધવાવાથી થએલું છે એમ વઈદકી પુરાવ ઉપરથી જણાય છે. તેણીના કપડાના છેડાનો ડુચો તેણીના મોંમાં ઘાલ્યો હતો અને બીજા કપડાથી તે ડુચો સખત બાંધી લીધો હતો. એવી રીતે કે જાણે તે મોં ઉપરને ના ક ઉપર બરોબર રહે. જે સખસોએ આ પ્રમાણે તેણીને ડુચો મારયો, તેમણે જાણવુંજ જોઇએ કે આ કૃત્યથી મોત થવાનો સંભવ છે પછી પ્રથમ તેવીજ જરૂરથી તેણીનુ મોત થયું હોય તો તે જુદી વાત છે.

પાંચ સખસો ઉપર તેણીની ચોરી કરયા બાબત તથા તેણીનુ મોત કરવા બાત આરોપ રાખવામાં આવેલો છે તેમાંનો એક 'માફી સાક્ષી નંબર ૯ છે. બીજા ચાર ઉપર ઈં. ફો. કા. ની કલમ ૩૯૫ પ્રમાણે ડાકાઇટી તથા તેની સાથે ખુન કે જે ડાકાઇટી કરતાં તેઓમાંના એક અગર વધારે સખસોએ ખુન કરયું. (કલમ ૩૯૬) અને ખુન (કલમ ૩૦૨) એવા જુરીની રૂબરૂ આરોપ રાખવામાં આવ્યા હતા. તે જુરીએ નંબર૧ અને ૪ ના કેદીઓ લક્ષ્મણ અને નારાયણને ત્રણે આરોપ બાબત ગુનેહગાર ઠરાવ્યા. પરંતુ નંબર ૨ અને ૩ શીશાયા અને ગાંગીરેડી ગુનેહગાર નથી એમ ઠરાવેલું છે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૧૯ની રકમ ૨ પ્રમાણે પહેલો આરોપ જુરીને તપાસવા લાયક છે. અને બીજા આરોપો પણ તે પ્રમાણે તપાસવા જોઇએ. તેમ છતાં તે ઠરાવ ઉપર લક્ષ નહી રાખી સેશન જડજે બીજા અને ત્રીજા આરોપની બાબતમાં જુરીને આસેશર તરીકે ગણેલી છે તેમણે કહ્યું છે કે જો કે નંબર ૧ અને ૪ ના કેદીઓની બાબતમાં હકીકત વીશે અમે ફકત જુદા પડીએ છીયે અને નંબર ૨ અને ૩ ની બાબતમાં મળતા આવીએ છીએ. તોપણ આ આરોપોની બાબતમાં આસેશર તરીકે તેઓને ગણી અમે જુદા પડી

એ છીએ. અને આ આરોપો બાબત પછી તેઉએ તમામ કેદીઓને ની રદોશ ઠરાવ્યાનો ઠરાવ લખેલો છે અને કહ્યું છે કે નંબર ૨ અને ૩ કેડા કાછદીના ગુનેહગાર નથી. એવો તેઓએ ઠરાવ કરેલો છે તેથી અમે જુદા પડીએ છીએ તેથી તેમણે કલમ ૩૦૭ પ્રમાણે આ કામ આ કોરટને મોકલેલું છે.

આ ગેરશીરસ્તે કામ ચલાવવાની રીતી થવાથી જુદા જુદા શવાલો ઉતપન થએલા છે. પરંતુ કામના ગુણદોશનો જે વીચાર અમે કરી છીએ તે પ્રમાણે તે તમામ સવાલોનો નીરણ્ય કરવાની જરૂર નથી. અમારા સમજવામાં આવે છે કે બીજા અને ત્રીજા આરોપ બાબત જુરી એકમત થયા છે તે રીતસર ઠરાવ ગણવો જોઇએ. કારણ કે કાયદા પ્રમાણે પુરાવ અને હકીકતના તેઓ યોગ્ય જડજો છે અને કોરટ તરફથી કાંઇ ગેરશીરસ્તે કરવામાં આવે તેથી તેઓના અખત્યાર અગર તેઓના અભીપ્રાયનો યોગ્ય કાયદેસર અશર જતો નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭ અગસ્ટ સને ૧૮૮૫

ઐયવુ વીગરે વીરૂધ કેશરેહીંદ.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૭૧—ખુન—તોહોમત સમજાવવું જરૂરતુ છે.

સેશન કોરટની રૂબરૂ તપાસ ચાલી તેમાં કેદીઓને એવું તોહોમત વાંચી શંભળાવવામાં આવ્યું હતું કે તેઓએ અમુક જગેએ અમુક તારીખે મ ને મારી નાંખીને તેનું ખુન કરયું છે. અને તેથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાના કલમ ૩૦૨ પ્રમાણે શીક્ષા થાય એવો અને શેશન કોરટ સુનાવણી કરી શકે તેવો, ગુનોહ તેઓએ કરયો છે.

કેદીઓએ ગુના અને તેમના જવાબ ઉપરથી ગુનહાની સાબેતીનો ઠદાવ તેમના ઉપર કરવામાં આવ્યો હતો. તોહોમત કેદીઓને સમજાવવામાં આવ્યું નહોતું. કોરટે જે સવાલ પુછયા તેના જવાબમાં કેદીઓએ કહ્યું છે કે મને મારી નાખ્યો હતો અને એ કબુલત તેમણે પોતાની મેળે કરેલી છે અને કોઇના સમજાવવા ઉપરથી કરેલી નથી.

ઠરાવવામાં આવ્યું કે એ ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને નવી તપાસ ચલાવવાનો હુકમ કરવો જોઇએ.

પાનુ ૬૧ સને ૧૮૮૫ ના નંબર ૨૫ ના શેશન્સ કામમાં તીનેવેલીનાં સેશન્સ જડજ જે. સી. હચુસડન સાહેબે મોત

ની શીક્ષાનો હુકમ કરયો હતો તેના ઉપર આ અપીલ છે.

આ કામના રીપોટના હેતુને વાસ્તે જોઇએ એટલી હકીકત હાઇકોરટ (મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ હચીન્સ સાહેબો) ના ફેંશલામાંથી માલમ પડશે.

કેદીઓ તરફથી મી૦ વેડરબરન.

સરકાર તરફથી મી૦ પાવેલ.(એકટીંગ સરકારી વકીલ) ફોજદારીકામ ચ ની રીતના કાયદાની કલમ ૨૭૧ ના ઠરાવો અમલમાં લાવવામાં આવ્યા નથી. કેશરેહીંદ વીરૂધ વૈમબેલ, ધનરી ગોપાલ ધાનકના કામમાં કરેલા ઠરાવ જુએ। તેથી ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ. એવી અરજદાર તરફથી તકરાર કરવામાં આવી હતી.

તોહોમત નીચે પ્રમાણે રાખવામાં આવેલું છે.

સતર તાલુકામાં પંડુવરપટીમાં તા૦ ૨૭ એપ્રીલ સને ૧૮૮૫ ને રોજ અગર તે અરસામાં તમે (૧) અયાકનાદન (૨) શીવતીય નાદન (૩) સપ્પનાદન અને મસનાદને મરીગથુ નાદનને મારી નાંખ્યાથી ખુન કરયું છે અને તેથી હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૦૨ પ્રમાણે શીક્ષા થાય એવો, અને સેશન કોરટ સાંભળી શકે તેવો ગુનોહ કરયો છે, એ વાંચી સંભળાવવામાં આવ્યું હતું પણ કેદીઓને સમજાવવામાં આવેલ નથી. જો તેમને સમજાવવામાં આવ્યું હોતતો પાછળથી જાહેર કરેલી હકીકત ઉપર સંભવીત છે કે તેઓએ ગુનોહ કબુલ કરયો નહી હોત.

જે હકીકત કેદીઓએ કબુલ કરેલી છે તે ગુનાની સાબેતીનો ઠરાવ બ્યાજબી ઠરાવવાને બસ છે એવી સરકાર તરફથી તકરાર કરવામાં આવી હતી.

ફેંસલો:—ખુનના તોહોમત ઉપર આ કામમાં ચાર માણસના ઉપર તપાસ ચલાવવામાં આવી હતી નંબર ૧ લા અને બીજાના કેદીઓ જે હાલ અરજદાર છે તેમણે ગુનોહ કબુલ કરયો છે અને બીજા બે તોહોમતવાળાએ પોતાની તપાસ ચલાવવાનો દાવો રાખ્યો. તેઓના જવાબ લખી લેતી વખતે જડજ સાહેબે ચાર તોહોમતવાળાઓને દરેકને થોડા સવાલ પુછયા. તોહોમતમાં જેમ કહેલું છે તેમ અરજદારોએ મરી મુથુનાદનને મારી નાખ્યો કે નહીં એવો શવાલ તેઉ સાહેબે અરજદારોને પુછયો. બંને જણે કહી "હા" બીજો સવાલ તે સાહેબે પુછયો કે તેઓએ એવું પોતાની મેળે કહ્યું કે કોઇ બીજાના સમજાવ્યાથી કહ્યું. અપીલવાળાએ કહ્યું કે જે અમે કહયું છે તે કહેવાને કોઇએ સમજાવ્યા નથી. પછી જડજ સાહેબે પૂછયું કે તમે જાણતા હતા કે જો હા કહીશું તો ફાંશી દેસે. નંબર ૧ લાના અરજદારે કહ્યું કે જો મને "ફાંશી દેવાની

હોય તો ફેરા દેવાય" નંબર બીજાએ પણ એજ કહ્યું અને વધારામાં કહ્યું કે "કબુલ કરયા પછી તે વીશે ઇનકાર જવું એ શું બરોબર છે."

જડજ સાહેબે પછીથી એવી નોટ કરી કે નંબર ૧ લા અને બીજાના ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ હમણાંજ તેઓના જવાબ ઉપરથી થશે. અને તેમને વાસ્તે તપાશ ચલાવી નથી. અને તેઓને પાંજરામાંથી દુર કરવામાં આવ્યા છે અને નંબર ૩ અને ૪ ના ઉપર કામ ચાલે તેમાં ફરીઆદ તરફથી તેમને સાક્ષી તરીકે બોલાવવામાં આવશે એવો સંભવ છે પછી તેમને નંબર ૩ અને ૪ ના કેદી વીરૂધ નંબર ૧ અને ૨ ના સાક્ષી તરીકે તપાસવામાં આવ્યા. પછી નંબર ૩ અને ૪ ના કેદીઓને નીરદોશ ઠરાવવામાં આવ્યા. પછી જડજે બે અરજદારોના ઉપર ગુનાની સાબેતીનો ઠરાવ તેમના જવાબ ઉપરથી કરયો અને તેમને મોતની સીક્ષાનો હુકમ કરયાથી આ કોરટની મંજુરીને વાસ્તે તે શીક્ષાનો હુકમ મોકલેલો છે.

અપીલની અરજીમાં તેઓએ એવું કહ્યું છે કે જયારે મરનારનું ગળું કાપવામાં આવ્યું તે વખતે અમે તેના પગ ઝલ્યા હતા પણ અમે એવુ કરયું કારણ કે મરીનાદન નંબર ૪ ના તોહોમતવાળાએ જો તેઓ મદદ નહી કરે તો તેમને મારી નાંખવાની ધમકી બતાવી અને હમણાંજ મારી નાખશે એવી તેમને ધાસતી બતાવી. અરજદારને તોહોમત વાંચી સંભળાવ્યા પછી જેમ કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૭૧ થી જડજ સાહેબને કરવું જરૂર છે તેમ તે સાહેબે તે સમજાવ્યું હોય એમ માલમ પડતું નથી.

અરજદાર તરફના વીદવાન કાંઉશીલે એવી તકરાર કરી હતી કે "ખુન" એ શબ્દ સાંકીતરીતનો છે. અને આ કલમમાં ઠરાવેલું છે કે તેમ સમજાવવામાં આવે તે સીવાય ગુનેહગારનો જવાબ લેવો જોઇએ નહી.

અરજદારોને પાંજરામાંથી દુર કરયા પછી જે પુરાવ લેવામાં આવેલ છે તે જોવાને આપણને, જડજ સાહેબ જેરીતે વરત્યા છે તે રીતથી, અટકાવ થયો છે. કેદીઓને તેમની જુબાનીમાં એવું પુછવામાં આવ્યું નથી કે તેઓએ મારવાનો ઇરાદો રાખેલો હતો અને કેવી સ્થીતીમાં મરનારને તેઓએ મારી નાંખ્યો એ સવાલ પુછેલો નથી. અને જે તત્વોનો ખુનનો ગુનો થાય છે તે તત્વોનું એમને જ્ઞાન છે એવું તેમની હકીકત ઉપરથી જણાતું નથી.

જો અપીલની અરજીમાં જે હકીકત છે તે ખરી માની શકાય તો અમે તેમના ઉપર ખુનના ગુનાની સાબેતીનો ઠરાવ કરી શકીએ પણ પેલી બધી હકીકત સાથે ધ્યાનમાં લેવાને અમે બંધાએલા છીએ; એવું

અમારે જાણવું જોઇએ. અને હમણાં મોત થશે એવી બીકથી તેઓએ ગુનોહ કરયો છે એ કારણથી તે શીક્ષાનો હુકમ ઓછો કરવાની ભલા મણ કરવાને અમે બંધાએલા છીએ એમ અમારે જાણવું જોઇએ.

જે ગુનાના પ્રકારનુ અરજદાર ઉપર તોહોમત મુકવામાં આવેલું છે તે બરોબર સમજાવવામાં આવેલ છે કે નહી તેની ખબર આપવાને અમે પુછેલું છે અને તેઓ સાહેબ કહે છે કે તે કરવામાં આવેલું નથી. તે એમ હોવાથી "અમે મરીમુથુને મારી નાખ્યો" એ કબુલત અરજદારો એ ખુનનો ગુનોહ કરયો છે તેની કબુલત તરીકે અમે માંની શકીએ નહી. તે ગુનાની સાબેતીનો ઠરાવ રદ કરવાની, અને એ અરજદારોના ઉપર નવી તપાસ ચલાવવાનો હુકમ કરવાની અમને જરૂર પડી છે.

શેશન જડજ સાહેબે તેમના ખુલાસામાં બે કામના ઠરાવો (સને ૧૮૮૪ ની અપીલ નબર ૨૮૬ (૧) કેસરેહીંદ વી૦ નીલઇ લશ્કર (૨) બતાવેલા છે તેમાં હાઇકોરટ બતાવી શકત પણુ બનવ્યું નથી, કે વાક્ય "મેં મારી નાખ્યો." એ ખુન કરયાની કબુલત નથી. આ બંને કામમાં શબ્દો "મેં મારી નાંખ્યો" એની સાથે હકીકતે જે ઉપરથી બેશક માલમ પડે છે કે હકીકત જેથી કાયદામાં ખુનના ગુનાહના જેવી હકીકત હોય તે કબુલ કરવાને તોહોમતવાળાએ ઇરાદો રાખેલો નથી એવું તે સાથે બતાવેલું નથી. આ કામમાં બીજી હકીકત માગેલી નથી. અને તેથી ફકત સવાલ એ છે કે મારી નાખવું એ ખુન કરયાની બરોબર છે. કે નથી. બેશક નથી અથવા તો શીક્ષીણીય મનુષ્યવધનો ગુનો એ અરથ વગરનુ વાક્ય થાય છે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮—૨૩ સપટેંબર તથા તા૦ ૨ અકટોબર સને ૧૮૮૫
મી૦ જસ્ટીસ કરનાન (કામ ચલાઉ ચીફ જસ્ટીસ) અને મી૦
જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

સુબા વીરૂધ માહારાણી કેશરેહીંદ.

ફો. કા ચ. ની રીતના કાયદાની કલમ ૨૮૬, ૨૮૮—સાક્ષીઓની તપાસ—ગેરશીરસ્તે થવું.

સેશન કોરટની રૂબરૂ તપાસ ચાલતાં કેદી તરફથી જે આટરની હાજર થયા હતા તેમણે કોરટને એવી સુચના કરી કે તપાસ જલદીથી થાય તે સારૂ માજીસ્ત્રેટની રૂબરૂ ફરીઆદ તરફથી કેટલાક શાક્ષીઓ લેવામાં આવેલા છે તેમના જુબાનીઓ વાંચવી જોઇએ. અને તે શાક્ષીઓની

તે ઉપરથી ઉલટ તપાશ કરવાને મને પરવાનગી આપવી જોઇએ.

આ પ્રમાણે કરવાને શરકારી પ્રોસીક્યુટરે તથા કોરટે કબુલ કરયું.

ઠરાવવામાં આવ્યું કે આ કામ ચલાવાની રીતી કાયદા વીરૂધ છે પરંતુ તેથી ગેર ઇનસાફ થએલો નથી માટે નવી તપાસ કરવાનો હુકમ કરવા નહી જોઇએ.

પાનું ૮૩ સને ૧૮૮૫ ના નંબર ૩૪ ના કામમાં કોઇમબાતોર ના શેશન જડજ જે ડબલ્યુ રીડ સાહેબે કરેલી શીક્ષાના હુકમ ઉપર આ અપીલ કરવામાં આવેલી છે.

અરજદાર તરફથી મી૦ ગ્રાંટ.

સરકાર તરફથી આકટીંગ શરકારી વકીલ મી૦ પાવલ.

આ રીપેટના કરણસર કામની હકીકત કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

કામ ચલાઉ ચીફ જસ્ટીસ કરનાન સાહેબઃ—તા૦ ૧૮ અકટોંબર ના રોજ જે વખતે આ કામ સુનાવણી ઉપર આવ્યું તે વખતે કેદીના કોનશલ મી૦ ગ્રાંટે ફરીઆદ તરફના કેટલાક સાક્ષીઓની પ્રતક્ષ સાહેદી બાબત તપાસમાં અસાધારણ રીતી મુજબ ચાલવામાં આવ્યું છે તે ઉપર કોરટને લક્ષ આપવા અરજ કરી હતી. પરંતુ તેમણે કબુલ કર્યું છે કે કેદીની તરફથી જે આટરનીએ કામ ચલાવેલું તેમની સુચના ઉપરથી શેશન જડજે તે રીતી પસંદ કરેલી હતી ફરીઆદ તરફના છઠા સાક્ષીની ઉલટ તપાસ કરયા પછી છાપેલા કાગળના ૨૩ મે પાને તે પસંદ કરેલી રીતી બતાવવામાં આવેલી છે.

"સાક્ષીઓની તપાસને સારૂ ગોઠવણઃ—બચાવ તરફના આટરનીએ એવી સુચના કરી છે કે તપાસ જલદી થવા શારૂ ફરીઆદ તરફથી બોલાવેલા દરેક શાક્ષીએ માજીસ્ત્રેટની રૂબરૂ આપેલી જુબાની પુરાવમાં વાંચવી જોઇએ. અને ઉલટ તપાશ કરવાને મને પરવાનગી આપવી જોઇએ શરકારી પ્રોશીક્યુટરે આ રીતી પ્રમાણે ચાલવાને કબુલ કરવું જોદરેક સાક્ષીને બોલાવતાં આ પ્રમાણે ચાલવાને શક્તહ કારક નથી એવું કાંઈ માલમ પડે નહી તો આ રીતી પ્રમાણે ચાલવાને કોરટ કબુલ કરે છે."

આ પ્રમાણે ફરીઆદ તરફના બાકીના શાક્ષીઓ ૧૧ હતા તેમને બોલાવવામાં આવ્યા અને તેમને શોગન આપવામાં આવ્યા દરેક શાક્ષીએ કેદીની રૂબરૂમાં કમીટ કરનાર માજીસ્ત્રેટની આગળ જુબાની આપેલી તે વાંચી બતાવવામાં આવી. તે સાક્ષીએ કહ્યુ કે મેં તે જુબાની આપેલી છે તેથી તે ઉપરથી નોશાન કરવામાં આવ્યું અને તે ઉપરથી સાક્ષીને ઉલટ રીતે તપાસવામાં આવ્યો.

આ ગોઠવણુ કબુલ કરવાને કાયદાની કોઇ કલમથી શેશન જડજને અખત્યાર આપવામાં આવેલો છે એવું તે શેશન-જડજે બતાવેલું નથી. કલમ ૨૮૬ માં ઠરાવેલુ છે કે જુરર અગર આશેશરોને પસંદ કરવામાં આવે. અને તેમાં બતાવ્યા પ્રમાણે પ્રેસીક્યુટર પોતાની હકીકત કહી બતાવે ત્યાર પછી પ્રોશીક્યુટરે પોતાના સાક્ષીઓને તપાસવા. હાજર સાક્ષીઓની આ તપાસ ઉપરથી ખુલ્લો એવો હેતુ જણાય છે કે (જે કામોમાં કમીશનથી શાક્ષી લેવામાં આવેલી હોય અગર સાક્ષી બેહેરો અગર મુગો હેય તે શીવાય) મુખ જુબાનીની તપાસ છે માટે આવી મુખ જુબાનીની તપાસ કરવાનો સામાન્ય નીયમ છે અને તે હમેશાંનો છે.

જે કામોમાં સક્ષી હાજર હોય તેવા તમામ કામોમાં તે નીયમ પ્રમાણે ચાલવું જોઇએ એ ઘણી અગત્યની બાબત છે એમ કબુલ કરવામાં આવસે. એકદો સાક્ષી માજીસ્ટ્રેટની રૂબરૂ ખરી હકીકત કહે અને જો તે સાચી હકીકત કહેવાનો ઈરાદો રાખતો હોય તો તે તપાશમાં કાંઇક ખરેખરો ફેરફાર કરયા વગર તેનીતેજ હકીકત ઘણું કરીને કહે. તેથી વીરૂધ જો તેની માજીસ્તરેટની રૂબરૂ કહેલી હકીકત અગત્યની બાબતમાં સાચી ના હોય તો તેનીતેજ હકીકત તે કહી શકે નહી અને પ્રથમની જુબાનીમાં કાંઇ અગત્યની બાબત કહેલી હોય તે છોડી દે અગર માજીસ્ટ્રેટની રૂબરૂ અમુક હકીકત તેણે કહી હતી તે મુખજુબાની તપાસમાં ઇનકાર કરે તેના સાચાપણા બાબત અભીપ્રાય બાંધવાને શાક્ષીની વરતણુંક આસેસરો અથવા જડજને અગત્યની થઇ શકેછે. આ નીયમ પ્રમાણે શા વાસ્તે ચાલવું જોઇએ. તેના ઘણા કારણો જોવાની જરૂર નથી. એટલું કહેવુ બશ છે કે ત નીયમ છે અને તેનો આધાર કારણ અને ન્યાય ઉપરછે.

ત્યારે સું આ નીયમથી વીરૂધ ચાલવાને આ કામમાં કાંઇ કાયદેસર કારણ છે કે કેમ.

કલમ ૨૮૮ માં ઠરાવેલું છે કે કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂ તોહોમતવાળાને હાજર રાખી રીતીસર લીધેલા શાક્ષીની જુબાની જો તે સાક્ષીને રજુ કરવામાં આવેલો હોય અને તપાસેલો હોય અને કોરટમાં બેસનાર જડજની નજરમા આવે તો કામમા પુરાવ તરીકે ગણી શકાય છે. કલમ ૨૮૮ મી તે કલમ ૨૮૬ ના નીયમનો અપવાદ નથી, કારણ કે તેનો હેતુ એવો છે કે જો માજીસ્તરેટની રૂબરૂ સાહેદી લેવામાં આવેલી હોય અને જો તે સાક્ષીને રજુ કરી તપાસવામાં આવે તો તે જુબાની જડજની નજરમાં આવે તો પુરાવ તરીકે ગણી શકાય છે એવો છે. કલમ ૨૮૮ થી કલમ ૨૮૬ માં ફરમાવ્યા પ્રમાણે સાક્ષીની તપાસ છોડી શકતી નથી. કલમ ૨૮૬ માં જે તપાસ કરવાનો હેતુ છે તે સાક્ષી

ની સાધારણ રીતે તપાસ કરવાનો છે એટલે કામ સબંધી મુખજુબાની થી કરવાનો છે. તે ઠરાવ એવો નથી કે જે સાક્ષીને ઉલટ તપાસ કરવા સારૂ રજુ કરવામાં આવે તો માજીસ્તરેટની રૂબરૂ લેવાએલી જુબાની પુરાવમાં મુકી શકાય. પરંતુ એવો હેતુ છે કે જે સાક્ષીને તપાસવામાં આવે તો માજીસ્તરેટની રૂબરૂની સાહેદી કામમાં પુરાવ તરીકે ગણી શકાય છે એટલે જેને તેની ઉલટ તપાસ કરવામાં આવેલી હોય અગર ઉલટ તપાસ સારૂ તેને રજુ કરવામાં આવ્યો હોય તો એક સાક્ષી તરીકે તેને તપાસવામાં આવેલો થાય છે.

તે નીયમનો હેતુ એવો જણાય છે કે તે સાક્ષીની પ્રથમ તપાસ થએલી હોય તે પછીથી માજીસ્તરેટ રૂબરૂની તેની જુબાની પુરાવ તરીકે ગણી શકાય. એમ કહી શકાતું નથી કે માજીસ્તરેટની રૂબરૂ આપેલી જુબાની સબંધી ફકત તેની તપાસ કરવામાં આવે તે કલમ ૨૮૮ ના હેતુ પ્રમાણે તપાસ છે, કલમ ૨૮૮ માં ઠરાવેલું છે કે માજીસ્તરેટ ની રૂબરૂના સાહેદાની જુબાની કામમાં પુરાવ તરીકે શેશન જડજ ગણી શકે કે નહી. તે વીશે તેઉ સાહેબ પોતાનો કુલ અખ્તીઆર વાપરે.

કલમ ૨૮૮ માં એવું ઠરાવેલું નથી કે જો તમામ સાક્ષીઓને રજુ કરવામાં આવે ને તપાસવામાં આવે તો ફરીઆદ તરફના તમામ સાક્ષીઓની માજીસ્તરેટ રૂબરૂ લેવાએલી જુબાનીઓ જડજ પુરાવ તરીકે ગણી શકે.

જો કાયદા કરનારનો આવો ઇરાદો હોત તો જુદી ભાશા વાપરવામાં આવત. તે ભાશા એવી છે કે "સાક્ષીની જુબાની" અને આ ભાશા ઉપરથી જડજ પોતાનો કુલ અખ્તીઆર કોઈ સાક્ષી અગર સાક્ષીઓ સબંધી વાપરી ગોગ્ય કામમાં જડજ વ્યાજબી રાહે ચાલી શકે છે. પરંતુ એવો હેતુ જણાતો નથી. (માજીસ્તરેટની રૂબરૂ લેવાએલા તમામ સાક્ષીઓ અગર જેટલા સાથે લેવાએલા સાક્ષીઓની જુબાની દાખલ કરવી,) કે કલમ ૨૮૬ માં મુખ્યત્વે કરીને જે રીતી અને કાયદાના રીવાજ ઠરાવેલો છે તેમાં સંપુરણ રીતે ફેરફાર થાય.

જડજે કુલ અખ્તીઆર વાપરવાનો છે. જડજના વીચારમાં જે સાક્ષીની જુબાની હોય તેને અસર કરતાં કાંઇક હકીકતના સબંધમાં આ કુલ અખત્યાર દેખીતી રીતે છે.

સાક્ષીની મુખજુબાની સાંભળતાં તથા માજીસ્તરેટની રૂબરૂની જુબાની જોતાં જડજના નજરમાં એમ આવે કે તે સાક્ષી માજીસ્તરેટની રૂબરૂ સાચું બોલેલો હતો. અને જાણી જોઇને ભુલથી અગર ભુલી જવાથી તપાસમાં ખરી હકીકત કહેલી નથી. અને તેણે માજીસ્તરેટની રૂબરૂ સા

ચી હકીકત કહેલી છે તો તે ઘણી ઉપયોગની રીતે લાગુ થાય છે. આ કલમ ૨૮૮ શીવાય તપાસના પહેલાં જે જુબાની આપવામાં આવેલી હોય તે વીસે સાક્ષીની ઉલટ તપાશ કરી શકાય છે. અને પ્રથમની આપેલી જુબાની ઉપર સાક્ષી ઉપર વજન નહીં રાખવાને ભરંસો રાખી શકાય છે. પણ કલમ ૨૮૮ લાગુ થાય તેવી યોગ્ય હકીકત શીવાય માજીસ્તરેટની રૂબરૂની જુબાની કામમાં પુરાવ તરીકે ગણી શકાતા નથી.

અમારા સમજવા પ્રમાણે કલમ ૨૮૮ મી ખાસ સાક્ષીઓની જુબાનીઓના કામમાં લાગુ થાય છે. માટે દરેક કામની વ્યવસ્થા, ન્યાયના ખાતર જડજની નજરમાં પ્રથમની આપેલી જુબાની પુરાવ તરીકે ગણવી જોઇએ એવું આવે તો તે પ્રમાણે કરવી જોઈએ. તેથી અમારી નજરમાં આવે છે કે શેશન જડજે કરેલો હુકમ વ્યાજબી નથી.

આ કામમાં જડજ કોઇ સાક્ષીની બાબતમા પોતાનો કુલ અખત્યાર વાપરે એવી કાંઇ હકીકત અમારા જોવામાં આવતી નથી. આટરનીએ જે દરખાસ્ત કરેલી તેનું કારણ એવું લખવામાં આવેલું છે કે "તપાસ જલદીથી થવા સારૂં" આ દરખાસ્તનો હેતુ એવો હતો કે જે રીતી પ્રમાણે કાયદા મુજબ ચાલવું જોઇએ તેથી વખત જાય માટે તે પ્રમાણે ચાલવું જોઇએ નહી. આ કારણથી તે દરખાશ કબુલ કરવામાં આવે તો જડજ પોતાનો કુલ અખ્તીઆર વાપરતા નથી. કારણ કે તેઉ કાયદા પ્રમાણે વખત લેવાને બંધાએલા હતા માટે તે પ્રમાણે કરવામાં આવે તો કાયદા વીરૂધ થાય. બચાવ તરફના આટરનીએ અરજ કરેલી અને ફરીઆદ તરફથી કબુલ કરવામાં આવેલું તેથી તે દરખાશ કબુલ કરવી, તે કુલ અખત્યાર વાપરયો થતો નથી. આ કારણોમાંના એકે કારણથી તે વાપરવાને તેમને કુલ અખ્તીઆર નહીં હતો.

જીલા જડજ કહે છે કે "દરેક સાક્ષીને બોલાવતા આ પ્રમાણે ચાલવાને કાંઇ સલાહકારક નથી એવુ કાંઇ માલમ ન પડે તો કોરટ તે રીતી પ્રમાણે ચાલવાને કબુલ કરેછે. એટલે જડજ તે સામાન્ય નીયમ પ્રમાણે કબુલ કરેછે કે માજીસ્તરેટ રૂબરૂ લેવાએલા દરેક સાક્ષીને બોલાવતાં તે સાક્ષીને મુખજુબાનીથી તપાસવાને સલાહકારક જણાય તો માજીસ્તરેટના રૂબરૂ લીધેલી સાક્ષી પુરાવ તરીકે ગણી શકાય છે. તે નીયમ સામાન્ય નીયમ તરીકે ઠરાવતાં કલમ ૨૮૯ માં ઠરાવેલા નીયમ તેઉ ફેરાવે છે અગર તે પ્રમાણે ચાલવાને પ્રથમ દરશનીક તેઉં ના કહેછે એમ થાય છે. અને કુલ અખત્યાર વાપરવાને જયારે હકીકત હોય ત્યારેજ ફક્ત જે રીતી પ્રમાણે ચાલી શકાય તે રીતી સામાન્ય નીયમ તરીકે કરી એમ થાય છે. કોઈ સાક્ષીના જુબાની દાખલ કરવા સબંધી જીલા જડ

કજે કાંઇ કુલ અખત્યાર વાપરેલો છે અગર કુલ અખ્તીઆર વાપરવાને જરૂર પડે તેવી કાંઇ હકીકત બનેલી છે. એવું માલમ પડવાને કામના કાગળોમાં કાંઇ પણ નથી.

જડજે જે રીતી પસંદ કરેલી છે તે પોતાની મેળે અગર પ્રોશીક્યુટરની ખાએશ ઉપરથી પસંદ કરેલી હોય તો અમારા પોતાના વીચાર પ્રમાણે કહેતાં અમે એમ કહેવાને બંધાએલા છીએ કે તે તપાશ તથા ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને ફરી તપાસ કરવાનો હુકમ કરવો જોઇએ.

સવાલ એવો છે કે કેદીના આટરનીની સુચના ઊપરથી જડજે તે કામ ચલાવવાની તે રીતી પ્રસંદ કરેલી છે તો તે અમારે કબુલ કરવું જોઇએ કે નહીં અમારે ધારવું જોઇએ કે આટરનીએ પોતાના અસલના હીતને સારૂ તે અરજી કરેલી છે પછી જો કે તેને નહી બેસતું કારણ બતાવેલું છે તે કેદીના વીરૂધ ઘણા અગત્યના સાક્ષીઓ તપાસમાં પ્રતક્ષ રીતે તેઓને તપાશતાં મુખ જુબાનીથી તેઓને તપાસવામાં આવેલાં નથી પછી કેદીએ તેઓની ઉલટ તપાસ કરી છે પણ માજીસ્ટ્રેટની રૂબરૂ તેમની લેવાએલી જુબાનીઓ પુરાવમાં રજુ કરવામાં આવી છે. કેદીના આટરનીએ પોતાના ફાયદા સારૂ જે ભાગ લીધેલો છે તેનો વીચાર કરતાં અમે એમ કહી સકતા નથી કે જે રીતી પ્રમાણે ચાલવામાં આવ્યું છે તે એક ભુલ હતી અને તેથી ગેરઇનશાફ થએલો છે કલમ ૫૩૭ અને તેથી અમારે અપીલ ચલાવવી જોઇએ.

જસ્ટીશ મતુ સામીઆયરઃ—આ કામમાં કેદીના ઉપર ખુનનો આરોપ રાખવામાં આવ્યો છે. જડજ તથા તેમની સાથેના બે આસેસરોની રૂબરૂ તપાસ કરવામાં આવી છે. પબ્લીક પ્રોશીક્યુટરે ફરીઆદ તરફના સતર શાક્ષીઓને બોલાવ્યા છે. પહેલા ૬ શાક્ષીએ રીતસર પોતાની મુખજુબાનીઓ આપેલી છે, અને છઠા શાક્ષીની તપાસ પૂરી થએ બચાવ તરફના આટરનીએ સુચના કરી હતી કે ફરીઆદ તરફના બોલાવેલા દરેક શાહેદીએ માજીસ્ટ્રેટની રૂબરૂ આપેલી જુબાની પુરાવમાં વાંચવી જાઇએ, અને મને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવી જોઇએ. સરકારી પ્રોસીક્યુટરે આ પ્રમાણે કામ ચલાવવાને કબુલ કરયું. જડજે જો દરેક શાક્ષીને બોલાવતાં તે પ્રમાણે કામ ચલાવવાને સલાહકારક નથી એવું કાંઇ માલુમ પડે નહીં તે પ્રમાણે ચલાવવાને કબુલ કરયું. તેથી ફરીઆદ તરફના નંબર ૭ થી ૧૭ સુધીના શાક્ષીઓની બાબતમાં તે પ્રમાણે ચાલવામાં આવ્યું. બચાવ તરફના શાક્ષીઓ તે સામાન્ય રીતે તપાસવામાં આવ્યા. તે તપાસ પુરી થએ આસેસરોના અભીપ્રાયમાં આ

ર્યું કે તે કેદી ગુન્હેગાર નથી. જડજે તેમનાથી જુદા પડી તેગને ગુન્હેગાર ઠરાવ્યો અને મોતની શીક્ષા કરી. જડજે તે શીક્ષાને હુકમ મંજુરીને સારૂં આ કોરટ તરફ મોકલેલો છે, અને તે કેદીએ અપીલ પણ કરેલી છે. અમારી રૂબરૂ સુનાવણી ચાલતાં તે કેદીના કોંનસલ મી૦ ગ્રાંન્ટે નીચેની કોરટમાં જે ખાસ રીતે કામ ચલાવવામાં આવેલું તે ઉપર અમારે લક્ષ આપવું એમ માગેલું છે. પરંતુ તે વીશે હરકત લેવામાં આવી નથી.

કલમ ૨૮૬ મીમાં ફરમાવ્યું છે કે આસેસરો પસંદ કરવામાં આવે તે પછી પ્રોસીક્યુટર પોતાની હકીકત જાહેર કરી પોતાના શાક્ષીઓ તપાસે. ખાસ ફરમાવેલું ના હોય તો, જે તપાસ કરવાનો હેતુ છે તે સાધારણ રીતે તપાસવામાં આવેછે તે છે એમ માનવું જોઇએ.

કલમ ૨૮૮ મીથી આ વિચાર મંજુર રહે છે. તેમાં ઠરાવ્યું છે કે તોહોમતવાળાની રૂબરૂમાં કમીટ કરનાર માજીસ્ટ્રેટ આગળ જે શાક્ષીની શાહેદી લેવામાં આવેલી હોય અને જો તેને રજુ કરવામાં આવેલો હોય અને તપાસવામાં આવેલો હોય તો, જડજ પોતાની મરજીમાં આવે તો, તે માજીસ્ટ્રેટ આગળ લીધેલી શાહેદી પુરાવમાં ગણી શકે છે. આ ઉપરથી જણાય છે કે કમીટ કરનાર માજીસ્ટ્રેટે લખી લીધેલો પુરાવ તે કામગાં સાધારણ રીતે પુરાવ નથી, માટે જડજ તે પુરાવ તરીકે ગણવાને મુખત્યાર છે. તે એવી સરતની શાથે કે તે શાક્ષીને રજુ કરવામાં આવેલો હોય અને જડજે પ્રથમ તેને તપાસેલો હોવો જોઇએ.

જ્યારે જડજની નજરમાં એમ આવે કે માજીસ્ટ્રેટની રૂબરૂ આપેલી શાહેદી સાચી છે, અને પોતાની રૂબરૂ જે સાક્ષી આપેલી છે તે સાચી નથી તો માજીસ્તરેટની રૂબરૂ આપેલી શાહેદી કામમાં પુરાવ ગણવાને એટલે તે પુરાવ ઉપરથી કેદીને ગુન્હેગાર ઠરાવવાને અથવા નીરદોશ ઠરાવવાને તે જડજને અખત્યાર આપવામાં આવ્યો છે. સાધારણ રીતે શાક્ષીને પ્રથમ તપાસ્યા વીના કાંઇ પણ કુલ અખત્યાર વાપરવાનું કારણ નથી, માટે તે ઉપરથી એમ થાય છે કે આ કામમાં જે રીતીએ કામ ચલાવવામાં આવ્યું છે તે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા વિરૂધ છે.

બીજો સવાલ જે વીચારમાં લેવાનો છે તે એ છે કે કેદીના આ કરનીએ તે જુબાની પુરાવ તરીકે ગણી શકાય છે એવી સુચના કરી છે તેથી તે પુરાવ તરીકે ગણી સકાય કે નહીં તે સુચના તે કેદીના સોલીસીટર તરફથી થએલી છે, માટે એવું ખાત્રીથી અનુંમાન થાય છે. કે તે

પ્રમાણે ચાલવાથી કેદીને કાંઇ હરકત થએલી નથી. કલમ ૫૩૭ મીમાં ઠરાવવામાં આવેલું છે કે યોગ્ય હકુમત વાળી કોર્ટે કરેલી શીક્ષાનો હુકમ આ કાયદા પ્રમાણે ચલાવેલી તપાસમાં કાંઇ ગેરશીરસ્તે થવાના કારણથી જો કાંઇ ગેર ઇનસાફ થએલો ના હોય તો, ફેરવાતો નથી અથવા તેમાં ફેરફાર કરી શકાતો નથી. જે કામોમાં પુરાવ કાયદેસર રીતે દાખલ કરવા લાયક નહીં તે પુરાવ તપાસમાં બીન હરકતે દાખલ કરવામાં આવ્યો છે તો, તેમાં ઠરાવવામાં આવ્યું છે કે જડજે જયુરીને તે પુરાવ ઉપર ભરં સો રાખવો નહીં, એવી ચેતવણી આપેલી નથી તે કારણથી સામા પક્ષકારોનો નવી તપાસ માગવાનો હક્ક થતો નથી અમારી રૂબરૂના કામમાં જે રીતીએ ચાલવામાં આવેલું છે તે રીતી કેદીના આટરનીએ સુચવેલી છે સબબ અમારી નજરમાં આવે છે કે અપીલ ચલાવવી જોઇએ, અને તપાશમાંજ ગેરશીરસ્તે ચાલવામાં આવ્યુ છે તેથી તે કેદીને હરકત થએલી નથી. એમ ગણવું જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૬ અકટોબર સને ૧૮૮૫.

મી૦ જસ્ટીસ હચીન્સ સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહિંદ વી૦ પલીઆમા.

દીવાની કાંમ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૮—હુકમનાંમુ પૂરૂ કરવામાં આવેલું-તે નોંધાવવામાં આવેલું નહી—કપટ ભરેલી બજાવણી—પીનલકોડની કલમ ૨૧૦ પ્રમાણે આરોપ—વસુલનો પુરાવ.

દીવાની કાયદાની કલમ ૨૫૮ મીમાં ઠરાવવામાં આવ્યું છે કે હુકમનાંમુ વસુલ આપવામાં આવેલું હોય યાગર તેનો ફેંસલો કરેલો હોય અને તે કલમમાં ઠરાવ્યા પ્રમાણે તે કોરટમાં નોંધાવવામાં આવેલું ના હોય તો તે વસુલ અથવા ફેંસલો કોઇ કોરટે કબુલ કરવો નહીં તેથી એક વખત ભરપાયા થએલું હુકમનામું કપટથી બજાવવા બાબત તે હુકમનામાવાળા ઉપર આરોપ રાખવામાં આવે તે વસુલ ફોજદારી કોરટને કબુલ કરવાને હરકત થતી નથી.

પાનું ૧૦૧ ગંજામના શેશનજડજ જે. આર. ડાનીયલ સાહેબે ફો. કા. ચ. રીતીના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે આ કાંમમાં હાયકોરટમાં રેફરંસ કરેલું છે.

કોરટના ફેંસલામાં હકીકત બતાવવામાં આવી છે.

તોહોમતવાળો હાજર નથી.

જસ્ટીસ હચીન્સ સાહેબઃ--તોહોમતવાળા ઉપર એવો આરોપ રાખવામાં આવ્યો છે કે તેણે ન્યાયની કોર્ટમાં હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૦૯ પ્રમાણે જુઠો દાવો કર્યો. દેખીતી રીતે જો કાંઇ ગુન્હો થયો હોય તો, તે કલમ ૨૦૯ ના કરતાં કલમ ૨૧૦ પ્રમાણે થએલો છે એવી રીતે કે હુકમનામુ વસુલ થયા પછી તે હુકમનામું તેણે કપટથી બજાવ્યું અગર તે કપટથી બજાવવાને તેણે કોસીશ કરી.

પરંતુ મુખ્ય આસીસ્ટંટ માજીસ્ટ્રેટે (એમ ડબલ્યુ. ફોસ્ટર) તોહોમતવાળાને નીરદોસ ઠરાવ્યો, એવા કારણથી કે તે હુકમનામું જે વસુલ આપેલું કહેવામાં છે તે દીવાની કાયદાની કલમ ૨૫૮ મી પ્રમાણે કોઇ રીતે કબુલ કરવાને અમને હરકત છે, કારણ કે તે યોગ્ય રીતે નોંધાવવામાં આવ્યું નથી. દીવાની કામ ચલાવવાની રીતીનો કાયદો દીવાની હકુમતની કોરટોને નીયમમાં રાખવાને કરવામાં આવેલો છે, માટે જયાંહાં સુધી સ્પષ્ટ રીતે કાંઇ વીરૂધ જણાય નહીં ત્યાંહાં સુધી તે કાયદાના કોઇ મજકુરથી ફોજદારી કોરટોને હરકત થાય છે, એમ ગણાતું નથી. અમારો ખુલ્લો અભીપ્રાય છે કે નીરદોશ ઠરાવવા જે કારણ બતાવવામાં આવેલું છે તે બરોબર નથી, માટે અમે તે ઠરાવ રદ કરી ફરમાવીએ છીએ કે મુખ્ય આસીસ્ટંટ માજીસ્ટ્રેટે તે કામના ગુણદોશ ઉપર ફેંસલો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૭, ૨૯ મે સને ૧૮૮૫.

વીચી વી૦ અનકાપા.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦—નહીં જેવી ફરીયાદ-કંપનશેશન- જાનવરના પ્રવેસ આકટ—ગેર કાયદે પકડવું તે વીસેની ફરીયાદ તે ગુન્હાની ફરીયાદ નથી.

સને ૧૮૭૧ ના જાનવરના પ્રવેસ આકટ પ્રમાણે કાયદા વીરૂધ રીતે જાનવરને પકડવામાં આવે તેથી તે આકટ પ્રમાણે અથવા બીજી રીતે ગુન્હો થતો નથી માટે આવી ફરીયાદ ઉપરથી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ મી પ્રમાણે કંપેનશેસન આપવાનો ઠરાવ કાયદેસર નથી

પાનું ૧૦૨ નેલોરના જીલ્લા માજીસ્ટ્રેટ જે. ગરોજ સાહેબે હાય કોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે,

કોરટના ફેંસલા ઉપરથી આ રીપોરટના કારણુસર કામની હકીકત પુક્ત રીતે જણાય છે.

કોનસલ રાખવામાં આવ્યા નથી.

જષ્ટીશ બ્રાંડટ સાહેબ:—સને ૧૮૭૧ ના આકટ ૧ લા પ્રમાણે કાયદા વીરૂધ જાનવરને પકડવામાં આવે તેથી તે આકટ પ્રમાણે અથવા બીજી રીતે ગુનહો થતો નથી, અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટે જે ફરીયાદ નહીં જેવી અને હેરાન કરવા લાયક જાનવર ગેરકાયદે પકડવાની બાબતમાં ઠરાવેલી છે તે વીશે કંપેનશેશન અપાવવાને તેમને અખત્યાર નથી. × × × માટે તે માજીસ્તરેટનો કંપેનસેશન અપાવવા બાબતનો હુકમ રદ થવો જોઇએ, અને તે રદ કરવામાં આવ્યો છે, સબબ જે નાંણા અપાવવામાં આવ્યાં છે તે પછાં આપવાં જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ જાનેવારી સને ૧૮૮૯.

મી૦ જસ્ટીસ કરનાન અને મી૦ જસ્ટીશ બ્રાંડટ

સાહેબની રૂબરૂ.

નરશીમાહાની બાબતમાં.

"ફો. કા, ચ. રીતીના કાયદાની કલમ ૧૩૩, ૧૩૭, ૧૪૦.

એક પેટા ટુકડીના માજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૩૩ મી પ્રમાણે એક સખશમા ઉપર એવો શરતી હુકમ કરયો કે અપકૃત્ય બંધ કરવું અથવા "તો તે હુકમનો અમલ શા વાસ્તે નહીં કરવો તે હાજર થઈ કારણ બતાવવું તેથી તે સખશ ફરમાવ્યા પ્રમાણે હાજર થયો અને શદરહુ હુકમ કલમ ૧૩૭ પ્રમાણે કાયમ રાખવામાં આવ્યો તે ઉપરથી બીજા વરગના માજીસ્તરેટે નોટીસ કાહાડી કલમ ૧૪૦ પ્રમાણે હુકમ કરયો કે અમુક તારીખની અંદર તે અપકૃત્ય બંધ કરવું. જીલ્લા માજીસ્ટ્રેટે આ કામમાં રેફરંસ કરયુ એવા કારણથી કે બીજા વર્ગના માજીસ્તરેટને આવા કામમાં આખરી હુકમ કરવાને હુકુમત નથી.

ઠરાવવામાં આવ્યું કે તે હુકમ કાયદા વીરૂધ નથી.

પાનું ૨૦૧ અનંતપુરના જીલ્લા માજીસ્ટ્રેટ એ. કુઈ. કસક સાહેબે ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ કામ હાયકોરટને મોકલેલું છે

કોર્ટ (મી૰ જસ્ટીસ કરનાંન અને મી૰ જસ્ટીસ પ્રાંડટ) ના ફેંસલામાંથી આ રીપોટના હેતુને વાસ્તે જોઈતી હકીકત માલમ પડેછે.

કાંનસલ રાખવામાં આવ્યા નથી.

જસ્ટીસ પ્રાંડટ—સરીઆમ રસ્તામાં બે માણસોએ ગેરકાયદે અડચણ કરી હતી. એવો એક પેટા ટુકડીના માજીસ્ટ્રેટના તાબાના તેશીલદાર નો રીપોરટ પેટાટુકડીના માજીસ્તરેટની રૂબરૂ આવ્યો ત્યારે સને ૧૮૮૪ ના અગસ્ટ મહીનામાં તેઉ સાહેબે ધયાનમાં લેઈને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૩૩ પ્રમાણે એક શરતી હુકમ કરયો, તેમાં તે અડચણ તેમને દુર કરવાની અથવા તો શે. ક. માજીસ્તરેટ જે તે શીલદાર તેમણી રૂબરૂ હાજર થવાની જરૂર પાડી અને તે હુકમ રદ કરાવવાની અરજી આપવાની જરૂર પાડી.

તેઓ હાજર થયા અને પુરાવો રજુ કરયો. પણ એમ અનુંમાન કરવાનું છે કે એ હુકમ બ્યાજબી અને બરોબર હતો એવો માજીસ્ટ્રેટને સંતોષ થવાથી તેઉ સાહેબે નોટીસ કાહાડી. એ નાટીસ બતાવેલાં બે માણસમાંના એકના ઉપર કાહાડી અને તે કલમ ૧૪૦ માં ઠરાવ્યા પ્રમાણે તે હુકમ કરેલો હોય એવો તેનો ઇરાદો હતો, જીલ્લા માજીસ્તરેટ આવા કામમાં શે. ક. માજીસ્ટ્રેટને છેવટનો હુકમ કરવાને હકુમત નથી એ કારણને લીધે ગેરકાયદે છે એમ બતાવે છે. સવાલ એ છે કે કલમ ૧૩૩ પ્રમાણે શે. ક. માજીસ્તરેટની રૂબરૂ પક્ષકારોને હાજર થવાને હુકમ કરવામાં આવ્યો છે તેમનાથી અગર ફ. ક માજીસ્ટ્રેટ જેમણે અસલ હુકમ એકલો કરેલો છે તેમનાથી કલમ ૧૩૭ માં ઠરાવ્યા પ્રમાણે કલમ ૧૩૩ પ્રમાણે કરેલો શરતી હુકમ કાયમ રાખી શકાય છે કે નહીં. સવાલ એવો છે કે રેફ્રરંસ કરયા પછી છેવટનો ઠરાવ કરવાને સેકનડ ક્લાશ માજીસ્તરેટને છેવટનો ઠરાવ કરવાને અને તે ઉપર પછીથી હુકમ કરવાને માજીસ્ટ્રેટને અખત્યાર છે કે નહીં અથવા તો આ ધ્યાનમાં લીધેલું રેફ્રરંસ ફક્ત અભીપ્રાયની સાથે અથવા તો જે ઓફીસરે રીપોરટ કરેલો છે તેમના ઠરાવની સાથે સ્થાનીક તપાસ અને રીપોરટના હેતુને વાસ્તે છે કે નહીં.

કલમ ૧૩૭ ની પેહેલી બે રકમમાં શબ્દો "માજીસ્ટ્રેટ" નો અર્થ ફક્ત અધીકારવાળા માજીસ્ટ્રેટ થાય છે અને જેમ ઠરાવવામાં આવેલું છે કે માજીસ્ટ્રેટ પુરાવો લેઇ લે તે પછી જો તેમને એમ સંતોશ થાય કે હુકમ કરવો એ વ્યાજબી નથી તો એ બાબત આગળ પ્રોશીડીંગ ચલાવવાનું નથી. જે માજીસ્ટ્રેટે હુકમ કરેલો છે તે માજીસ્ટ્રેટ તરફ રેફ્રરંસ

કરવાની જરૂર નથી. ત્રણે રકમોમાં તેના "તે શબ્દો વાપરવામાં" આવેલા છે માટે "અનુમાન પ્રમાણે તે એકજ સખશને લાગુ થાય છે, વળી કલમ ૧૪૦ પ્રમાણે જે માજીસ્ટ્રેટે નોટીશ કાહાડવાની છે તે કલમ ૧૩૭ માં બતાવેલા માજીસ્ટ્રેટ છે એવું અનુમાન કરવું એ વ્યાજબી છે.

કલમ ૧૩૭ ના છેવટના ભાગમાં તેની સાથે કાંઈ રૂપ બતાવવામાં આવેલું નથી માટે પ્રથમ જે ચડતા દરજાના માજીસ્ટ્રેટ હુકમ કરે તે-મણે તે હુકમ કાયમ રાખવો જોઇએ. કે નહીં એવું હરકોઇ કામમાં ઠ-રાવવાનું છે એમ ઉમેદ રાખી શકાતી હતી અને તે પસંદ કરવા લાયક છે એમ થઇ શકે છે.

બીજી બાજુ તરફ જ્યુરી નીમવામાં કાંઇ અંદેશો નથી. કલમ ૧૩૫ (બ) જે માજીસ્તરેટે હુકમ કરેલો હોય તે માજીસ્તરેટને અરજ કરવાની છે માટે અમારા અભીપ્રાયમાં આવે છે કે ફેરી તપાસમાં જે હુકમ બતાવવામાં આવેલો છે તે કાયદા વીરૂદ્ધ નથી પરંતુ પેહેલા વરગના માજી-સ્તરેટને જે અમલદારો પોતાનું કારોબારી કામ કરતાં અપકૃત્યનો રીપોર્ટ કરે તે ઉપરથી તે અપકૃત્ય છે કે નહીં તેનો ન્યાયની રૂઇએ નીરણય કરવાને તે અમલદારને તેઉ સાહેબ જરૂર પાડે તે નીયમ તરીકે દુરસ્ત નથી એમ જણાય છે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૨ તથા તા૦ ૧૭ ફેબ્રુવારી સને ૧૮૮૬
મી૦ જસ્ટીશ બ્રાઉંટ અને મી૦ જસ્ટીશ પાર્કર સાહેબોની
રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વી. વીરણુ વીગેરે.

ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૬૪,,૩૦૪, ૫૩૩,—પુરાવ આકટની કલમ ૬૫,—૮૦—કબુલતનો—હોદામ ત્રાળાની માજીસ્તરેટે અવરીત રીતે કરેલી તપાસ —કામના કાગળો નામંજુર કરવામાં આવ્યા.

માપીલા આકટ (સને ૧૮૫૯ ના મદ્રાસ આકટ ૨૦) ના ઠરાવ પ્રમાણે મલબારના ડેપુટી માજીસ્તરેટે એક વ નામના સખસ ઉપર માપીલાના તોફાનમાં તેને નીસબત હતી એવો અંદેશો "રાખવા ઉપરથી તેથી તેને પકડવામાં આવેલો અને પછી તેણે કબુલત તરીકે હકીકત કહેલી તે લખી લીધેલી છે. આ હકીકત મલાયાલમમાં કહેવામાં આવેલી હતી, અને તે ઇંગરેજીમાં હકીકતના રૂપમાં લખી લેવામાં આવેલી છે

અને તેના ઉપર ફક્ત માજીસ્ટ્રેટે સહી કરેલી છે. ત્યારપછી થોડી મુદતે વ. ના વિરૂદ્ધ કાંઈ પણ પુરાવ લખી લેતાં પહેલાં તેજ માજીસ્ટ્રેટે આ હકીકત તેને વાંચી બતાવી અને તેનો તરજુમો તેને કરી બતાવ્યો અને પછી તે બાબત ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે ચાલતાં તેમણે તેને તપાસ્યો. સવાલોના જવાબમાં વ એ કબુલ કર્યું છે કે મેં તે કબુલત ખુશીથી આપેલી હતી. આ તપાસ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૬૪ ના ઠરાવ પ્રમાણે લખી લેવામાં આવેલી છે. બીજો પુરાવ લખી લીધા પછી વ. એ પોતાની હકીકત પાછી ખેચી લીધી. પછી તેને શેશન કમીટ કરવામાં આવ્યો અને તેની તપાસ તેની લખી લીધેલી હકીકત અને જુબાની ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો.

તે ડેપ્યુટી માજીસ્ટ્રેટને શાક્ષી તરીકે તપાસવામાં આવેલાં છે અને તેમણે કહ્યું છે કે જે હકીકત મે લખી લીધેલી છે તે વ એ કહેલી છે અને તે બરોબર લખી લેવામાં આવેલી છે, અને તે તેણે ખુશીથી કહેલી છે.

ઠરાવવામાં આવ્યું કે વ. એ તે ડેપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ જે હકીકત કહેલી તે વ વિરૂધ પુરાવમાં દાખલ કરવા લાયક નથી.

જસ્ટીશ પાકર સાહેબના અભીપ્રાયમાં આવ્યું કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૬૪ નો ઠરાવ હુકમ તરીકે છે માટે તે કલમે પ્રમાણે જે કામમાં ચાલવવાને કોશીશ કરવામાં આવેલી ના હોય તે કાગમા કબુલત કલમ ૫૩૩ થી દાખલ કરવા લાયક થતી નથી. જો માજીસ્ટ્રેટે પોતાના કારોબારના કામની રૂઇએ વ. ની કબુલતવાળી હકીકત લખી લીધેલી હોય તો પુરાવ આક્ટની કલમ ૮૦ પ્રમાણે પુરાવમાં દાખલ કરવા લાયક નથી.

વ. ના વિરૂદ્ધ કાંઇ પણ કાયદેસર પુરાવ આવતાં પહેલાં તેની કબુલતવાળી હકીકત વીશે માજીસ્ટ્રેટે તેને તપાસ્યો તે કાયદેસર નથી. માટે તે તપાસનો કાગળ વ. ના વીરૂધ પુરાવમાં વાપરી શકાતો નથી.

વ ની હકીકતવાળો કાગળ પુરાવમાં દાખલ કરવા લાયક નથી. બીજા દરજ્જાનો પુરાવ આપી શકાતો નથી.

પાનું ૨૮૪. દક્ષણ મલબારના શેસન જડજે એ. એચ. જે. સ્ટોકસ) ગુન્હાની સાબેતી અને શીક્ષાનો હુકમ કરેલો છે તે ઉપર આ અપીલ કરવામાં આવેલી છે.

કામની હકીકત અને તકરારો ફેંસલાઓ ઉપરથી જણાય છે.

અપીલવાળા તરફથી વેંકટ્રામ.

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ મી૦ પાવલ.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

જસ્ટીશ પારકર સાહેબ—તા૦ ૨ મે સને ૧૮૮૫ના રોજની રાત્રે એક કુટીકરીઆણુ અને તેના કુંટબમાં ખુન કરવામાં ત્રણ કેદીઓ (માપેલાઓ) એ ભાગ લીધેલો તેથા તેમને મોતની શીક્ષા કરવામાં આવેલી છે. ખુન થયા બાબત કાંઇ શક નથી. આ કુટીકરીઆણુ એક નીચી જાતનો માણુસ છે તે વટલાઇને ઇસ્માલ થએલો હતો પરંતુ પાછળ તે પોતાની પ્રથમની સ્થિતીમાં આવેલો છે તેની પડોશના માપેલાઓએ ધર્મના તોરને લીધે પોતાનું અપમાન થએલું તેનું વેર લેવાને તેની ઓરત લેઇ જવાને નીશ્ચે કરયો અને તા૦ ૨ મેની રાતરે તે લોકોનું એક ટોળુ તેના ઝુંપડાની આસપાસ વીંટાઇ વળ્યું. અને તે ઝુંપડામાં આગ મુકી અને તેને તથા તેની ઓરત અને તેના એક બચ્ચાને મારી નાંખ્યાં. અને બીજા ત્રણ છોકરા આગના ભડકામાં મરણ પામ્યા પછી તેઓ કેટલેક દુર જઈ એક નામખુદ્દીના ઘરનો કબજો લીધો અને ત્યાં રહેવાને તેઓએ નીશ્ચે કરયો. અને પોતાના ઉપર હુમલો થવાને ત્યાં તેઓ થોભ્યા ત્રીજા પોહોર થતાંની વખતમાં લશકર આવી પોહોચ્યું અને તે ઘરમાં જે કાંઇ હતું (૧૧ માણુસો અને એક છોકરો) તેને ગોળીથી મારી નાંખવામાં આવ્યા.

ફરીઆદ તરફની હકીકત એવી છે કે ત્રણ કેદીઓ (અપીલવાળાઓ) જે ટોળાએ આ કુટુ અને મારી નાંખેલું તે ટોળાના અંકલુટો હતા. પરંતુ તેઓના સોબતીઓએ વાગખુદ્દીના ઘરનો કબજો લીધો તે પેહેલાં તેઓ નાશી ગયા નંબર ૨ નો કેદી તા૦ ૮ મે ના રોજ પકડયો. નંબર ૨ નો કેદી કયાલીકટનાં તા૦ ૧૫ મે ના રોજ પકડયો અને નંબર ૩ નો કેદી કયાનાનોરમાં તા૦ ૨૩ મે ના રોજ પકડયો. આ કામનો તે સખસો વીરૂધ આધાર જે કબુલતો તેઓએ કરેલી કહેવામાં આવેલી છે અને શેશન્સમાં જે તેઓણે પાછી ખેંચી લીધી છે તે કબુલતો ઉપર છે. આ કબુલતો સાબેત કરવાને પુરાવ આપવામાં આવેલો છે પરંતુ તે કબુલતો જોતાં તે ઘણી અનીશ્ચીત અને નહી જેવી છે એવું કબુલ કરવામાં આવ્યું છે કે તે કબુલતો પુરાવમાં દાખલ કરવા લાયક છે અને તે ભરશો રાખવા લાયક જેવી છે એવું ઠરાવવામાં આવે નહીં ત્યાંસુધી તે ગુન્હાની સાબેતીના ઠરાવો ચાલી શકતા નથી.

કેદીઓના વીદ્વાન કાનશલે એવી હરકત લીધી છે કે આ કબુલતો કાયદા પ્રમાણે પુરાવમાં દાખલ કરવા લાયક નથી.

ડેપ્યુટી માજીસ્ટરેટ (મી૦ કારનાકટમેનન) ની રૂબરૂ તા૦ ૯ મી

ના રોજ ત્રણ જુદી જુદી કબુલતો કરેલીછે તથા જેથી તા૦ ૧૯મી મે ના રોજ અને ૫ મી તા૦ ૩૧ મી મે ના રોજ કરેલી છે. પરંતુ આ હકીકતોમાંની એકે હકીકત ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૧૬૪ અગર ૩૬૪ પ્રમાણે લખી લેવામાં આવેલી નથી. શવાલો પુછવામાં આવ્યા હતા અને જવાબ દેવામાં આવેલા છે તે લખી લેવામાં આવેલા નથી. જે બાશામાં તે પુછવામાં આવેલા અને તેના જબાન લેવામાં આવેલા તે બાશામાં તે લખી લેવામાં આવેલા નથી પરંતુ ઇંગરેજી બાશામાં લખી લેવામાં આવલા છે તે ઉપર કેદીએ સહી કરેલી નથી. અગર માજીસ્તરેટે સરટીફીકેટ લખેલું નથી. આવી હકીકત નંબર ૨ ના કેદી પાસેથી તા૦ ૧૩ અને તા૦ ૧૮ મે ના રોજ અને નંબર ૩ ના કેદી પાસેથી તા૦ ૨૫ અને તા૦ ૨૬ મે ના રોજ લેવામાં આવેલી છે. તપાસમાં શેશન જડજે ઠરાવ્યું છે કે કલમ ૧૬૪ અને ૩૬૪ ના ઠરાવ પ્રમાણે સંપુરણ રીતે ચાલવામાં આવ્યું નથી. એટલુંજ નહી પણ બીલકુલ ચાલવામાં આવ્યું નથી. માટે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૫૩૩ પ્રમાણે ડેપુટી માજીસ્તરેટની સાહેદીથી આ ખરેખરી ખામીઓ દુરસ્ત થતી નથી. પરંતુ તેમણે ઠરાવ્યું છે કે તા૦ ૫ જુનના રોજ તે કેદીઓને આ હકીકત વાંચી બતાવવામાં આવેલી હતી અને તે તેમણે ખુશીથી કહેલી છે. એમ કબુલ કરેલું હતું. (જે કબુલતો યોગ્ય રીતે લખી લીધેલી છે તે ઉપર સહી કરવામાં આવેલી છે.) માટે આ કબુલતોનો મચકુરનો બીજા દરજ્જાનો પુરાવ ડેપુટી માજીસ્તરેટની મુખ જુબાનીની સાહેદીનો આપી શકાય છે.

આ અપીલમાં જે બાબતો વીશે તકરાર કરવામાં આવેલી છે તે નીચે પ્રમાણે છે.

૧ એમ અનુમાન કરીએ કે ડીપોટી માજીસ્તરેટ કલમ ૧૬૪ પ્રમાણે ચાલતા હતા તોપણ તે કલમના ઠરાવ પ્રમાણે તથા કલમ ૩૬૪ મા ઠરાવ પ્રમાણે ચાલવાને કસુર કરવાથી કલમ ૫૩૩ ના ઠરાવ પ્રમાણે આ હકીકતો પુરાવમાં રજુ કરવા લાયકછે કે કેમ.

૨ જો આ હકીકતો બીજી કોઇ કામ ચલાવવાની રીતી પ્રમાણે લેવામાં આવેલી હોય તો પુરાવ આકટની કલમ ૮૦ પ્રમાણે તે પુરાવમાં દાખલ કરવા લાયક છે કે કેમ.

૩ તા૦ ૫ જુનના રોજ કેદીઓએ જે કબુલતો કરેલી છે તેનો અસર તે કબુલતો એટલી કરવા બરોબર છે કે કેમ.

૪ આ દસ્તાવેજોના મચકુર બાબત બીજા દરજ્જાનો પુરાવ આપી શકાય છે કે કેમ અને ડેપુટી માજીસ્તરેટની સાહેદીથી તે

આપેલો છે કે કેમ.

પેહેલી બાબત વીશે અમારા અભીપ્રાયમાં આવે છે કે કલમ ૧૬૪ નો ઠરાવ હુકુમત તરીકે છે અને જે કામમાં તે ઠરાવ પ્રમાણે ચાલવાને બીલકુલ કોશીશ કરવામાં આવેલી ના હોય તે કામમાં કલમ ૫૩૩ પ્રમાણે તે કબુલત દાખલ કરવા લાયક થતી નથી. દૃષ્ટાંત: આણંદ વીરૂધ મહારાણી, માહારાણી વીરૂધ્ધ અમ્મીતા ગોવીંદા, મયાદે બગોસામી. મા-હારાણી વીરૂધ, શીવીયાના ઠરાવો અમને બતાવવામાં આવેલા છે. આ ઠરાવો જુના કાયદા પ્રમાણે કરવામાં આવેલા હતા પરંતુ કેદીએ જે શબ્દો પોતાની ભાશામાં કહેલા તે તેની ભાશામાં બરોબર લખી લેવાની ઘણી અગત્ય છે, તે કોઈ રીતે કમી થતી નથી. માટે અમે ઠરાવીએ છીએ કે કલમ ૫૩૩ પ્રમાણે તે દાખલ કરવા લાયક નથી એવું સેશન જડજે ઠરાવેલું છે તે બરોબર છે.

તો પણ એવી તકરાર કરવામાં આવી છે કે ડેપ્યુટી માજીસ્ત-રેટ જે વખતે આ કબુલતો લીધી તે વખતે તેઉ ફોજદારી કામ ચલાવ-વાની રીતીના કાયદા પ્રમાણે કામ ચલાવતા નહીં હતા. પણ માપીલા આક્ટ (મદ્રાસનો સને ૧૮૫૯ ના આક્ટ નં॰ ૨૦) ના ઠરાવ પ્રમાણે કામ ચલાવતા હતા તે આક્ટની કલમ ૭ માં ઠરાવ્યું છે કે જીલ્લા માજી-સ્ટ્રેટની નજરમાં જરૂર આવે તેવી તપાસ કરીને કોઇ માપીલાને પકડી તેને રોકવાને તેઉ સાહેબને અખત્યાર છે. માટે જો કે ડેપ્યુટી માજીસ્ટ્રેટ જીલ્લા માજીસ્તરેટના હુકમ પ્રમાણે કારોબારની રીતે કામ કરતા હોય અને આ કલમ પ્રમાણે તપાસ કરવામાં મદદ આપતા હોય તો પણ શકવાળા સખસને તપાસવાને અથવા તેની પાસેથી કાંઇ હકીકત અગર કબુલત લેવાને જીલ્લા માજીસ્ટ્રેટને અખત્યાર આપેલો હોય એવું માપીલા આક્ટમાં કાંઇ પણ નથી, પરંતુ પુરાવા આક્ટની કલમ ૮૦ પ્રમાણે જે હકીકતો બાબત કહેવામાં આવેલું છે તે એ છે કે અમુક અનુંમાનો કરવાના છે તે કાયદા પ્રમાણે લીધેલી હકીકતો અગર કબુલતો છે. આ કલમથી કોઇ પ્રકારનો પુરાવ દાખલ કરવા લાયક થતો નથી. પરંતુ જે દસ્તાવેજો કાયદા પ્રમાણે લેવામાં આવેલા હોય તે બાબત રીતશર પુરાવ હોવાની જરૂરી ફક્ત તેથી છોડી દેવામાં આવેલી છે. જો એકાદો દ-સ્તાવેજ કાયદા પ્રમાણે લેવામાં આવેલો ના હોય તો કલમ ૮૦ થી તે દાખલ કરવા લાયક થતો નથી. તે કલમથી ન્યાયની રૂઇના કામમાં જે દસ્તાવેજો લેવામાં આવેલા હોય તે વીશે જે કાયદાનો અમુક નીયમ છે તે ફક્ત કાયદેસર રીતે મંજુર રાખવામાં આવેલો છે. માટે જો આ હકીકતો ડેપ્યુટી માજીસ્તરેટે કારોબારી અમલદાર તરીકે લખી લીધેલી

હોય તો અમારા અભીપ્રાય પ્રમાણે પુરાવા આકટની કલમ ૯૦ પ્રમાણે તે દાખલ કરવા લાયક નથી.

હવે અમે ત્રીજી બાબત ઉપર આવીએ છીએ, તે એ છે કે તા૦ ૫ જુનના રોજ તે કેદીઓએ જે કબુલતો કરેલી છે તેનો અસર આ હકીકતો મીશ્ર થાય તે પ્રમાણે છે કે નહીં. તા૦ ૫ જુનના રોજ આ હકીકતો લખી લે તો ડીપ્યુટી મીજીસ્ટ્રેટ ન્યાયની રૂઇનું કામ ચલાવતા હતા, અને કારોબારી અમલદાર તરીકે ચલાવતા નહીં હતા એ કબુલ થએલું છે. માટે આ હકીકતો લખી લેવામાં તેમને ફોજદારી કામ ચલાવવાની રીતીના ઠરાવો પ્રમાણે ચાલવાનું હતું. સબબ તે કાયદા પ્રમાણે તેમનું પ્રોસીડીંગ છે કે નહીં એ વીશે વીચાર કરવાની જરૂર છે.

તા૦ ૫ જુનના રોજ તે કેદીઓને માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરવામાં આવેલા તે વખતે કામમાં તેમના વીરૂદ્ધ કાંઇ પણ પુરાવ દાખલ થએલો નહીં હતો. જેવો પુરાવ પાછળથી મેળવવામાં આવેલો છે. તેવો તે માસની આખર સુધી મેળવવામાં આવેલો નહીં હતો અને પ્રથમના તમામ પ્રોસીડીંગો માપીલા આકટ પ્રમાણે ચલાવવામાં આવેલાં જણાય છે. જે હકીકતો પ્રથમ તેમણે આપેલી તે તેમના વીરૂધ કાયદેસર પુરાવ ઠરાવવામાં આવેલી નથી, એમ તપાસ ઉપરથી જણાય છે. તે પ્રમાણે આરંભના તપાસના કાગળોમાં પણ ત્યાં સુધી રજુ કરવામાં આવી નહીં હતી. માટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૨ પ્રમાણે વ્યાજબી રાહે ડેપ્યુટી માજીસ્ટ્રેટ તોહોમતવાળાને કાંઇ પણ સવાલ કરી શકતા નહીં હતા. કારણ કે જે પુરાવ તોહોમતવાળાની વીરૂધ માલમ પડતો હોય તે બાબતની હકીકત સમજાવવાને તોહોમતવાળો શકતીવાન થાય તે સારૂં ફકત તેને સવાલ થઇ શકે છે તો પછી તોહોમતવાળો ગુન્હામાં આવે એવું ખાસ રીતે કલમ ૩૪૨ માં અટકાવેલું છે તેમ છતાં તે ગુન્હામાં આવે તે સારૂં માજીસ્તરેટ વ્યાજબી રાહે સવાલો ઓછાજ કરી શકે. જો તોહોમતવાળાએ તા૦ ૫ જુનના રોજ કબુલત આપવા માંડેલી હોય તો તેવી કબુલતો બેશક લેઇ શકાય છે. અને કલમ ૧૬૪ પ્રમાણે તપાસ સરૂ થતાં પહેલાં તે લખી લેઈ શકાય છે પરંતુ તે લેઇને લખતાં પહેલાં તોહોમતવાળાને પુછતાં માજીસ્ટ્રેટની એવી ખાતરી થએલી જોઇએ કે તેઓ ખુશીથી કબુલતો આપવાનાછે પછી આવી કબુલતો કલમ ૧૬૪ માં ઠરાવ્યા પ્રમાણે. ઇકરાર કરી લખી લેઇ શકાય છે પરંતુ આ હકીકતો આપવામાં આવી નથી. અને કલમ ૧૬૪ પ્રમાણે આપવામાં આવી હોય એમ બતાવવામાં આવેલું નથી પણ માજીસ્તરેટે જે સવાલો પુછેલા તેના જવાબમાં

કલમ ૩૬૪ પ્રમાણે તે આપેલી છે." અને તોહોમતવાળાના વીરૂધ જ્યારે કાંઇ પુરાવ નહીં હતો ત્યારે તે નહીં હોવા છતાં માજીસ્તરેટે દરેક તોહોમતવાળાને સવાલો પુછેલા છે એટલુંજ નહીં પણ દરેક કેદીના લંખાણુથી બીજા કેદીઓએ જે ભાગ લીધેલો ધારવામાં આવેલો છે તે સબંધી ઉલટ તપાસ કરેલી છે તે કરવું અલબત ઘણુંજ ગેરવ્યાજબી છે અને તે આ કોરટના ઠપકાને પાત્ર છે એમ વારંમવાર બતાવવામાં આવેલું છે. અમારા અભીપ્રાયમાં આવે છે કે તા૦ ૫ જુનના રોજ ડેપ્યુટી માજીસ્તરેટે જે રીતે કામ ચલાવેલું છે તે કાયદા વીરૂધ હતું. માટે કેદીઓને જે સવાલ પુછવામાં આવેલા અને તેના જવાબ દેવામાં આવેલા તે આ તપાસના કાગળોમાંથી બાતલ કરવા જોઇએ.

અને છેવટે આ હકીકતમાં જણાવેલી બાબતના બીજા પુરાવા વીસે અમારો અભીપ્રાય એવો છે. કે તે લખેલી હકીકત તેની મેળેજ દાખલ કરી સકાય એવી નથી માટે પૂરાવ આકટની કલમ ૧૫૧ પ્રમાણે આ હકીકત દાખલ કરી શકાતી નથી—કેસરેહીંદ વીરૂધ બાઇ રતન (૧) અને માહારાણી વીરૂધ શીવયા (૨) ના કામમાં કરેલો ઠરાવ જુઓ. એવો સવાલ ઉતપન થતો નથી કે જયારે માજીસ્તરેટે સામાન્ય શબ્દમાં એમ કહયું છે કે કેદીઓએ કબુલતની હકીકત કહી તો તેમની યાદદાસ્ત તાજી કરવાને હકીકત વાપરે એવા 'માજીસ્તરેટ' તરીકે નહીં પણ કામ ચલાવનાર અમલદાર તરીકે તેમની રૂબરૂં જે હકીકત કહેવામાં આવેલી તે સબંધી પુરાવો આપવાને ડેપુટી માજીસ્તરેટને પૂછી શકાય કે નહીં, પણ દરેક કેદીએ શું કહયું તે સબંધી કદી પુછવામાં આવ્યું નથી અથવા તો કોઇ એક કેદીને કોઇ એક અમુક હકીકતના સબંધમાં લાવવાને તેમને પુછવામાં આવ્યું નથી.

માટે આ કામનો પરીણામ એવો છે કે કેદીઓએ કરેલી હકીકતમાંની એકે પુરાવમાં દાખલ કરી સકાય એવી નથી. અને કેદીઓએ જાણે પોતાની તપાસ વખતે પેહેલી કરેલી હકીકત સંપૂરણ રીતે પાછી ખેંચી લીધી છે તેથી એવો પુરાવ નથી કે જેના ઉપર ગુન્હાની સાબેતીના ઠરાવનો આધાર રાખી શકાય.

કાયદાની બાબતમાં અમને બારીકીથી તપાસ કરવાની જરૂર છે એમ અમને માલમ પડયુંછે, પણ નંબર ૧ લા અને બીજાને ન્યાય આપતી વખત સાંકીત હરકતો લાગુ પડયા શીવાય અમારે એમ પણ ઠરાવવું જોઇએ છીએ કે તેઓ એ હકીકત ઉપરથી નીરદોશ થઇ શકેછે. તેમની પાસેથી લીધેલી હકીકતો જો દાખલ કરી શકાય એવો હોત તો ને મરજીથી કરવામાં આવી છે અગર ખરો છે એવો કોરટને સંતોશ થા

શું તે શીવાય ગુન્હાની શાબેતીના ઠરાવને વાસ્તે તે હકીકત બસ નથી. આ બેમાંની એકે બાબત ઉપર અમને સંતોષ થયો નથી.

તા૦ ૯ મેના રોજ ડેપ્યુટી માજીસ્ટ્રેટ નંબર ૧ લાના કેદીની પાસેથી ત્રણ હકીકત કરતાં ઓછી લીધેલી નથી. આ હકીકતમાંની પેહલી બેમાં તેણે કબુલ કરયું નથી અને ખુલ્લી રીતે કબુલ કરવાનો ઇરાદો નથી, મુદ્દાની વાત જે તે દહાડે કરેલી તેનો બધો ફેરફાર કરવાને વાસ્તે કાંઇ ખુલાસો આપેલો નથી, તા૦ ૧૫ મેના રોજ કયાલીકટના જીલ્લા માજીસ્તરેટની રૂબરૂ નંબર ૨ જાનો કેદી તેની મેળે હાજર થયો. શેશનજડજે કહયું છે કે તે પોતાની મેળે બીજે દિવસે (તા૦ ૧૬ મી) શરણ થયો અને કબુલાત વાળી હકીકત કહી. આ તદન ગેરબડ ભરેલું છે. જે હકીકત તા૦ ૧૬ મી મેના રોજ કેહેવામાં આવેલી છે તેમાં તેણે કહયું છે કે માહારી રૂબરૂમાં તે ખુનો થએલો છે; અને હું પાછો આવ્યો ત્યારે મેં તેમના વીશે શાંભળ્યું અને કેટલાક દીવશ માહારા કામ ઉપર ગયો પરંતુ જયારે મને એમ માહારા વીશે શક પડેલો છે ત્યારે હું માહારી ઓરત અને છોકરાં શાથે જીલ્લા માજીસ્તરેટ પાસે દેખીતી રીતે આવ્યો તે હકીકતમાં ગુન્હાની કબુલત અગર બદદાનત શમજી શકાય તેવો એક શબ્દ પણ નથી એકાદો માણસ પોતાની મેળે ગુનહેગાર છે એમ જાણતો હોય અગર તેનો ગુન્હો કબુલ કરવાનો ઇરાદો હોય તેની આ વરતણુંક નથી તેમ બોલી પણ નથી તોપણ તેને પેરામાં રાખવામાં આવેલો હતો અને ત્રણ દીવશ પેરામાં રાખયો ત્યાર પછી તેણે કબુલત આપેલી છે તેજ દીવસે (તા૦ ૧૯ મી મેના રોજ) નંબર ૧ ના કેદીને એવી વધારે હકીકત કહેવાને જરૂર લાગેલી છે કે જેમાં તેણે એમ કહેલું છે કે નંબર ૨ ના કેદીની કબુલતને ઘટતી રીતે મીગતવાર પુષ્ટી આપેલી છે અને તેણે નીચે પ્રમાણે શરૂમાં કહયું હતું:-હું હકીકત કહેવાને મરજી રાખું છું. જે દીવસે મને તપાસવામાં આવ્યો તે દીવસે મેં બેવકુફાઇથી કેટલીક જુઠી હકીકત કહેલી છે, મેં તમામ બાબત શાચી કહી નથી.

તા૦ ૨૩ મી મેના રોજ કયનાનોરમાં નંબર ૩ ના કેદીને થોડા દીવશ પછી પકડવામાં આવેલો છે તા૦ ૨૫ મી મેના રોજ ડેપુટી માજીસ્તરેટ મી૦ ડી૦ કરૂઝની રૂબરૂ તેણે હકીકત કહેલી છે કે તે ખુનો નાખુશીથી હું જોનાર હતો બીજે દીવસે (તા૦ ૨૬ મી) તેને તેજ ડીપોટી માજીસ્તરેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો અને તેઉ સાહેબે બીજી હકીકતો લખી લીધેલી છે અને તેમાં તેણે લાંબી કબુલત આપેલી છે તેમાં તેણે એમ કહયું છે કે તમામ બાબતમાં મેં આગેવાન તરીકે ભાગ લીધો હતો, આ કરયા પછી નંબર ૧ ના કેદીને ફરીથી (તા૦ ૩૧મી મેના

શેન) લાંબી હકીકત કહેવાની જરૂર પડી છે અને તેમાં તેણે પોતાની આગળની કહેલી હકીકતો દુરસ્ત કરી તે વધારેલી છે અને નંબર ૩ ના કેદીએ જે વાત કહેલી તેને મેળતી હકીકત તેણે કહેલી છે.

આવી હકીકતને લીધે અમારા અભીપ્રાયમાં આવે છે કે નંબર ૧ અને ૨ ના કેદીઓએ જે કબુલતો આપેલી છે તે ખુશીથી આપેલી છે એમ માનવું અશક્ય છે. અને વળી નંબર ૩ ના કેદીએ જે કબુલત આપી છે તે શીખવ્યા વગરની અને ખુશીથી આપેલીછે એ વીશે શક રહે એવું છે. ગમે તેમ હોય પણ જે કબુલત વારંવાર દુરસ્ત કરવાની ફરજ પડેલી છે તે ઉપર વધારે ભરૂશો રાખી શકાતો નથી. માટે આ હકીકતોનો પરીણામ એવો જણાય છે કે શાચી કબુલતો કરતાં જુઠી બનાવટની હકીકતની ઘણી વધારે શુચના થાય તેવી આ હકીકતો છે.

તોપણ એદંદર એક બીજો પુરાવ છે તે ઉપરથી ફરીઆદીએ કહેલી હકીકત સાચી છે કીંવા નહી એ વીશે અમને શક રહે છે કેદીઓએ એવું બતાવેલું છે અગર તેગની પાસે એવું બતાવરાવેલું છે કે જે માપીલાઓ કુટીકારીયણનું ખુન કરવા ગયા હતા તે બાર હતા. આ સંખ્યા નામબુદ્રીના ઇલંબમાં જે સંખ્યાને મારી નાંખવામાં આવેલી છે તે સાથે બરોબર મળે છે. અને તેથી દેખીતી એવી સુચના ઉતપન થાય છે કે ખરી રીતે તે કેદીઓ ત્યાં નહીં હોય. આ બાબતમાં ખુલાશામાં તેઓ એમ કહે છે કે અમારા સોબતીઓએ તે ઇલંબનો કબજો લીધો ત્યાર પહેલાં અમે તે સોબતીઓને છોડેલા હતા. અને તે તેમને દેખાતો જે પરીણામ હતો તેની ધાસ્તીથી થયેલું હોય તે કાંઇ અસંભવીત નથી. અસંભવીત એટલું છે કે તેઓની જગોએ બીજા ત્રણ માણશો અગર માણસોને એક છોકરો જેઓનો ખુન સાથે સબંધ નથી. તેઓ તરત આવ્યા તે તોફાની રૂખશો ફોજેમણે આવી જાતનું તોફાન કરેલું છે. તેઓનો ઇરાદો જો અમે બરોબર સમજતા હોઇએ તો એવો છે કે પોતાના ધર્મની સત્યતા બતાવવાને એવું કાંઇ ખાસ કૃત્ય કરવું કે જેમાં વખતે પોતાના જીવ પણ જાય અને આ પ્રમાણે મરવાથી તેઓ એક કીરતીવાળુ મોત થયું એમ ગણે છે. પરંતુ કીરતી વગર મોત માગવું એક જુદી બાબત છે માટે એકાદો માણસ પોતાનો જીવ આપવાને પોતાની મેળે ખેંચાય તેનું મન કેવું હશે તે સમજવું સેહેલું નથી અને કાઇક બીજો કીરતી મેળવે અને પોતાને મળવાની નથી તેમ છતાં લશકર તરફથી પોતે ગોળીના આહારથી મરે એમ સમજવું પણ શેહેલું નથી. આવું કૃત્ય બેશક બની શકે. પરંતુ પ્રથમ દર્શનીક તે એવું સંભવીત નથી. કે સ્પષ્ટ પુરાવો હોયા શીવાય તે તરત કબુલ કરી શકાય.

તોપણ ખરી રીતે. અમે એમ બતાવીએ છીએ કે તે ટોળામાં એ કે જવાન માપીલો સામેલ થયો તે બાબત ફક્ત કેદીઓ બોલેલા હતા. અને બીજો માણસ તથા છોકરો તે લારયોમાં કયાંથી આવ્યા એ વીશે બીલકુલ ખુલાસો નથી અને ફેંસલામાં જે હકીકત એવી બતાવવામાં આવેલી છે કે તે ધ્રબંધમાં જે સંખ્યા મારી નાંખવામાં આવી હતી તે બારની હતી અને તેમાં બે માણસો (જેમાંના એક પોતાની સાથે એક છોકરૂં આણેલું હતું) ખુશીથી તેઓની સાથે સામેલ થએલા હતા.

આ તમામ હકીકત ઉપરથી ફરીઆદ તરફની હકીકત ઘણા અવીસવાસવાળી છે એમ અમારે ગણ્યા વીના ચાલી શકે તેવું નથી. માટે તમામ કારણોથી અમે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ ફેરાવીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે કેદીઓને છોડી દેવા.

જસ્ટીશ બ્રાંડટ સાહેબઃ—ત્રણ અપીલવાળાઓ (૧) નાદુતોડીધ્રબ, પારામબીંદ, વીરાન ઉરફે વીરાનમોહીદીન, (૨) વડુદાન ઉરફે અપીરાબીંદ, કનહીકોયા. (૩) એદાવાલતપારમબીંદ પારીમોહીદીનને દક્ષણ મલબારના શેશન જડજે ગુન્હેગાર ઠરાવેલા છે. અને તે ઠરાવવામાં તેઉ આસેસરો સાથે મળતા આવેલા છે એવી રીતે કે કલમ ૩૦૨, ૧૦૯ અને ૩૦૨ અને ૪૩૬ પ્રમાણે ખુન, ખુનમાં મદદ, અને રહેવાના ઘરમાં આગ મુકીને તેનો નાશ કરવાના ઇરાદાથી બીગાડ એ પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલા છે. અને તેમને હાય કોરટની મંજુરીની શરત સાથે મોતની શીક્ષા કરેલી છે.

નંબર ૧ અને ૨ ના અપીલવાળાઓએ જે અપીલ કરેલી છે તેમાં એવાં કારણો બતાવેલાં છે કે અપીલવાળાઓને પોલીસે વચનો અને ધમકી તથા ઘાતકીપણું કરી ગુન્હામાં આવે તેવી હકીકતો કહેવાને લલચાવેલા હતા. અને તેવી હકીકતો લખી લેવામાં આવેલી છે. અને જે સખશોએ ગુન્હા કરેલા તે તમામને ઇંગરેજી સોલજરોએ મારી નાંખેલા છે.

નંબર ૩ નો અપીલવાળો કહે છે કે બીકને લીધે જેઓએ ગુન્હો કરયો તેઓની સાથે થોડેક રસ્તે હું ગયો. પરંતુ તેણે એમ બતાવેલું છે કે ખુન કરતાં પહેલાં હું નાશી ગએલો હતો.

અપીલવાળાઓ તરફથી બચાવ કરવાને નીમેલા વીદ્વાન કાંનસલે તથા ગુન્હાની શાબેતીના ઠરાવની પુષ્ટીમાં વીદ્વાન સરકારી વકીલે કાયદાની અને હકીકતની બાબતમાં વળી હુશીયારીથી તકરાર કરેલી છે.

તા૦ ૧ લી મે સને ૧૮૮૫ ની રાતરે અગર તા૦ ૨ જીના સવારમાં વહેલાં ચીરૂમાં અમર નીચી જાતનો માણસ તથા તેની ઓરત તથા કુટંબને મારી નાંખવામાં આવ્યું તથા પાંચ છોકરાંમાંથી એક ફક્ત બચ્યું. અને જેઓ મરણ પામેલાં છે તેઓમાંના એકને કાપીને મારી

નાંખવામાં આવેલા છે, અને બીજા ત્રણ સખસો ઝુંપડાને આગ લગાડ વાથી ભડકામાં બળી ગયાં છે એ વીશે કાંઇ શક નથી. + × + + પણ તેઓ સાહેબે પરીણામમાં ઠરાવેલું છે કે અપીલવાળાઓને નીરદોશ ઠરાવવા જોઇએ. અને કહ્યું છે કે અમારા વીદ્વાન ભાગીયા તે પરીણામ સાથે મળતા છીએ માટે તેઓને નીરદોશ કરવામાં આવેલા છે. સબબ ગુન્હાની શાબેતીના ઠરાવો રદ કરવામાં આવે છે અને હુકમ કરવામાં આવે છે કે તેઓને તરત છોડી દેવા.

—— ——

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ ફેબરવારી તથા તા૦ ૨૦ ફેબરવારી સને ૧૮૮૬.
મી૦ જસ્ટીસ મત્તુસામીઆયર અને મી૦ જસ્ટીસ બ્રાંન્ટ
સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ લીંગાયા.

મુદતના આકટની કલમ ૧૨—પરીશીસ્ટ ૨ ની આરટીકલ ૧૫૪—
ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૧૯, ૪૨૦—
કેદીની અપીલ—મુદત—ફેંસલાની નકલ મળવાને જરૂરીઆત મુદત—જેલના ઇંચાર્જ અમલદારને અરજી આપવી.

સને ૧૮૭૭ ના હીંદુસ્થાનના મુદતના આકટના પરીસીષ્ટ ૨ની આરટીકલ ૧૫૪ પ્રમાણે ફોજદારી કોરટે કરેલી શીક્ષાના હુકમ ઉપર અપીલ બાબત જે મુદત ઠરાવવામાં આવેલી છે તે ગણવામાં કેદીને ફેંસલાની નકલ મળવા સારૂ અરજી મોકલતાં તથા કોરટમાંથી જેલમાં તે નકલ મોકલતાં જે વખત જાય તે બાતલ કરવો જોઇએ.

આવી અપીલોમાં જેલના ઇંચાર્જ અમલદારને અપીલની અરજી આપવામાં આવે તે મુદતના આકટના કારણસર કોરટમાં આપ્યા બરોબર છે.

પાનું ૨૫૮. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે નેલોરના જીલ્લા માજીસ્ટેટ જે બ્રોક સાહેબે હાયકોરટમાં આ રેફરંસ કરેલું છે.

આ રીપોટના કારણસર કામની હકીકત કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

જસ્ટીસ બ્રાંડટ સાહેબ:—નીર્ણય કરવાના બે સવાલો ઉત્પન્ન થએલા છે:—

(૧) જે અપીલવાળાઓનો જેલમાંથી અપીલ કરવાનો ઇરાદો હોય તેઓની તરફથી નકલો મળવાની અરજી મોકલવામાં આવે તેમાં તથા નકલો જેલમાં મોકલવામાં આવે તેમાં તથા જે કોર્ટે ફેંસલો અગર હુકમ કરેલો હોય તે કોરટની ઓફીસમાં નકલો ખરી રીતે તઇયાર કરતાં જે વખત ગએલો હોય તે મુદતના આકટની કલમ ૧૨ ના હેતુ પ્રમાણે નકલ મળવાને જરૂરીયાત મુદત તરીકે ગણી શકાય છે કે નહીં.

(૨) ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે હાયકોરટ શીવાય બીજી કોઈ કોરટને અપીલો કરવાની મુદત ગણવાના કારણુસર (મુદતના આકટની પરીસીરટની આરટીકલ ૧૫૪) જેલમાં અપીલવાળાઓ હોય તેમણે પોતાની અપીલો જેલના ઇંચારજ અમલદારને જે તારીખે આપેલી હોય તે તારીખ સુધી અગર કોરટમાં તે અપીલો આપવામાં આવે ત્યાં સુધી મુદત ગણવી જોઈએ કે કેમ.

પેહેલા સવાલની બાબતમાં હાકારમાં જવાબ છે. અપીલવાળાની કસુર શીવાય બીજી રીતે નકલ મળવામાં જે મુદત જાય તે મુદત બાતલ કરવાનો ઇરાદો છે. અને જે સખસો જેલમાં હોય તે જેલના ઇચાચરજ અમલદારને કોરટના ઇસ્ટાબ્લીસમેન્ટ તરીકે ગણવો જોઇએ. કારણુ કે જે અપીલવાળો જેલમાં ના હોય તેમને નકલો તૈયાર કરી આપવાને તે સખસો જવાબદાર છે. જેલના કાયદા પ્રમાણે કેદીઓને અપીલ કરવાના હેતુથી ફેંસલા તથા હુકમોની નકલો જેલના ઇચાર્જ અમલદારની મારફતે વગર ખરચે મળી શકે છે. માટે આવી અરજીઓ મોકલવાને તથા લેવાને તથા અરજદારોને નકલો આવે ત્યારે તે લેઈને આપવાને સદરહુ અમલદાર જવાબદાર છે

પરંતુ તે અરજદારને તે નકલ આપવામાં આવે એટલે તે અરજદાર શીક્ષાના હુકમ અગર જે હુકમ ઉપર અપીલ કરવાની હોય તે હુકમની નકલ સાથે પોતાની અપીલ જેલના સુપરીનટેનડેન્ટને અગર પોતાની મરજીમાં આવે તો કોરટને આપવાને જવાબદાર છે.

અને અમારા અભીપ્રાયમાં આવે છે કે ફોજદારી કામ ચલાવવાની રીતીનાં કાયદાની કલમ ૪૨૦ પ્રમાણે અપીલની અરજી અપીલવાળાએ જેલના ઇંચાર્જ અમલદારને આપી હોય તો મુદતના આકટના કારણુસર કોરટને આપ્યા બરોબર છે.

કલમ ૪૧૯ માં ઠરાવ્યું છે કે દરેક અપીલ અપીલવાળાએ અગર

તેના વકીલે અરજીના રૂપમાં લખીને આપવી. કલમ ૪૨૦ માં ઠરાવ્યું છે કે જો અપીલવાળો જેલમાં હોય તો જેલના ઇચાર્જ અમલદારને અપીલની અરજી આપવી અને તે અમલદારે તે અપીલની અરજી યોગ્ય અપીલકોરટમાં મોકલી દેવી. અને કલમ ૪૨૧ માં ઠરાવ્યું છે કે કલમ ૪૧૯ અગર ૪૨૦ પ્રમાણે તે અરજી તથા નકલ મળે એટલે અપીલકોરટે તે જોઇને હવે પછી ઠરાવવામાં આવ્યું છે તે પ્રમાણે કામ ચલાવવું.

જે કામમાં આ રેફરંસ કરવામાં આવેલું છે તે કામમાં તે અપીલ મુદતની અંદર કરવામાં આવેલી છે એમ જણાય છે માટે તે કેઈને તેનો નીકાલ કરવો જોઈએ. શીક્ષા પુરી થએલી માલમ પડે છે પણ જો અપીલવાળાની મરજી હોય તો અપીલ દાખલ કરવી જોઇએ ને યોગ્ય રીતે તેનો નીકાલ કરવો જોઇએ.

ફોજદારી અપીલ.

૬૦ તા૦ ૨૭ જાનેવારી સને ૧૮૮૫.

મી૦ જસ્ટીશ કરનાન અને મી૦ જસ્ટીશ મતુ સામીઆયર સાહેબોની રૂબરૂ.

સાડા ગોપાચારીયાર વીરૂદ્ધ રાઘવ ચારીયાર વીગરે.

ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૪—૨૦૨. ૩૫૧.

ફરીઆદ કરવા ઉપરથી માજીસ્ટ્રેટે પ્રોશેસ કાહાડી ફરીઆદની પુષ્ટીમાં સાક્ષીઓ તપાસ્યા પછી તે હકુમત વાપરતા બંધ થયા તેમની જગેએ આવનાર માજીસ્તરેટે તે ફરીઆદ લેતાં પોલીસ તરફ તપાસ કરી રીપોટ કરવા મોકલી, અને તે રીપોટ આવતાં તોહોમતવાળાને છોડી દીધો.

ઠરાવવામાં આવ્યું કે આ રીતે કામ ચલાવવામાં આવેલું છે તે ગેરકાયદે છે.

ફરીઆદ તરફનો પુરાવ લેઈ પ્રોસેસો કાહાડવામાં આવેલાં હોય ત્યાર પછી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૦૨ પ્રમાણે રેફરંસ થઇ શકતું નથી.

પાનું ૨૮૨. સને ૧૮૮૪ ના નંબર ૬૨ ના કામમાં ચીંગલપટના જોઇન્ટ માજીસ્તરેટ મી૦ મુસેલીના પ્રોસીડીંગની ફરી તપાસ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૩૯ પ્રમાણે આ અરજી કરવામાં આવેલી છે.

આં રીપોટના કારણુસંર કોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત જણાય છે.

ફરીઆદ તરફથી મી૦ સુબ્રમાનીયમ તથા શીરંગાચારીયાર.

તોહોમતવાળા તરફથી મી૦ વેડરબર્ન તથા રંગાચારીયાર.

ફેંસલોઃ—આ કામમાં જોઇંટ માજીસ્તરેટે જે રીતે કામ ચલાવેલું છે તે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૫૦ ના ઠરાવ વીરૂધ છે. તેમના પુર્વાધીકારીએ અરજદારની ફરીઆદ લીધી હતી અને તે ઉપરથી પ્રોસેશ કાહાડી ફરીઆદ તરફના ૧૦ કરતાં વધારે સાક્ષીઓ તપાસેલા હતા.

આટલે શુધી કામ આવ્યા પછી પેહેલા માજીસ્તરેટની જગોએ હાલના જોઇંટ માજીસ્તરેટ આવ્યા છે માટે પેહેલા જોઇંટ માજીસ્તરે ટે જે કામ કરેલું છે. તે નહીં ગણગારવાને તથા કલમ ૨૦૧ પ્રમાણે પોલીશ તરફ તપાસ કરી રીપોટ કરવાને તે કામ મોકલવાને તેમનો હક નથી. કલમ ૩૫૦ પ્રમાણે તેઉ તપાસ ફરીથી શરૂ કરી શકતા હતા. પરંતુ તે કલમમાં જે તપાસ બતાવેલી છે તેની વાખ્યા કલમ ૪ માં કર વામાં આવી છે. માટે અશલ માજીસ્તરેટ જે પ્રમાણે ફરમાવી શકે તે પ્રમાણે કામ પોલીશ તરફ મોકલવાનો તેમાં સમાશ થતો નથી, તપાશ શરૂ કરતાં પેહેલાં કલમ ૨૦૨ પ્રમાણે રેફરંસ થઇ શકેછે અને ફરીઆદી તરફનો પુરાવ લેઇ પ્રોસેશ કાહાડયા પછી તે થઇ શકતું નથી. આવું રેફરંસ કરવાને સારૂ કલમ ૨૦૨ માં પ્રોસેશ કાહાડવુ બંધ રાખવાને ઠરાવેલું છે. માટે જોઇંટ માજીસ્તરેટનો તે હુકમ અમે રદ કરીએ છીએ અને તેમને ફરમાવીએ છીએ, કે કાયદા પ્રમાણે કામ ચલાવવું.

—❦—

ફોજદારી અપીલ,

તા૦ ૯ એપ્રીલ સને ૧૮૮૬.

મી૦ જસ્ટીશ કરનાંન અને મી૦ જષ્ટીશ પાર્કર સાહેબોની રૂબરૂ.

સ્કોટ વીરૂધ રીકેટસ.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૨૬—જીલા માજીસ્તરેટ તથા શીવીલ અને શેશન જડજ બાંગલોરના છે તે હાયકોરટને તાબેછે.

બાંગલોરના શીવીલ અને મીલીટરી સ્ટેશનના જીલા માજીસ્તરેટ તથા શીવીલ અને શેશન જડજ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૨૬ ના હેતુ પ્રમાણે મદ્રાશની હાયકોરટના તાબાના માજીસ્તરેટો છે.

પાનું ૩૫૬ સને, ૧૮૮૬ ની નંબર ૧૯ ની અરજ

જીમાં જેમ્સ સ્કોટે અરજ કરી કે બાંગલોરના જીલા માજીસ્તરેટની ફાઇલમાં સને ૧૮૮૬ નું નંબર ૯૭ નું કામ અને તેમજ બાંગલોરના શીવીલ સેશન્સ જડજ સાહેબની ફાઇલમાં સને ૧૮૮૬ ના ૧ લાનું કામ, હાયકોરટે ખેંચી લેઇ અને તેમની તપાસ ચલાવવી અથવા તો તેમની તપાસ કરવાને મારે મદ્રાશના ઇલાકા માજીસ્તરેટને ત્યાં મોકલવાં જોઇએ અથવા તો આગલું કામ બાંગલોરના શીવીલ અને સેશન્સ જડજ સાહેબની ફાઇલમાં મોકલવું જોઇએ.

સને ૧૮૮૬ ના નંબર ૨૩ ની અરજીમાં લેન્શીલોટરીકેટસે અરજ કરી કે બાંગલોરના શીવીલ અને સેશન્સ જડજની ફાઇલમાં સને ૧૮૮૬ ના નંબર ૧ લાનું કામ સદરહુ સ્ટેશનના જીલા માજીસ્તરેટની ફાઇલમાં સને ૧૮૮૬ ના ૯૭ નું જે કામ એજ માજીસ્તરેટ સાહેબની ફાઇલમાંછે તેની સાથે ચલાવવાને મોકલવું જોઇએ.

સ્કોટ તરફથી મી૦ બ્રન્સન અને મી૦ ગ્રેન્ટ રીકેટ્સ તરફથી મી૦ શૌ.

ફેંસલોઃ—અમારી નજરમાં આવે છે કે આ કામો મોકલવાને વાસ્તે અમને હકુમત છે કારણ કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૨૬ ના અરથ પ્રમાણે આ કોરટના તાબાના ફર્સ્ટ ક્લાસ માજીસ્ત્રેટની કોરટો જેવી આ બંને માજીસ્તરેટોની કોરટો છે.

બંને તરફથી આપેલા આફીડેવીટો જે હકીકત કહેલી છે તે ઉપરથી અમારી નજરમાં આવે છે કે કરનલ હીલ અને મેલ્ટબી સાહેબોની કોરટોમાંથી આ બંને કામની બીજા યોગ્ય માજીસ્તરેટથી સુનાવણી થવાને અને તપાસ ચલાવવાને ન્યાયની ખાતર આ બંને કામ ટ્રાંશફર કરવાં જોઇએ એ જરૂરનુ છે. એ કામો સામસામી કામો છે. તેથી જો એકજ માજીસ્તરેટથી તેમની સુનાવણી થાય તો સગવડ ભરેલું થશે. બેંગલોરમાં કોઇ એવો બીજો માજીસ્તરેટ નથી કે જેમને ત્યાં આ કામ મોકલી શકાય. મી૦ સ્કોટે કહ્યું છે કે મેજર મેલ્ટબીને સાક્ષી તરીકે બોલાવવાનો મારો ઇરાદો છે અને તેઉ સાહેબને અને મી૦ રીકેટ્સને ઘણી મીત્રાચારીછે. એ હકીકતથી મી૦ મેલ્ટબીને તેમનો ફેંસલો આપવામાં ભલામણ થશે. એમ અમે કહેતા નથી પણ આવી હકીકત હોવાથી તેઉ સાહેબની કોરટમાંથી આ કામ દુર કરવામાં અમે વ્યાજબી કરીએ એમ અમારી નજરમાં આવે છે.

કરનલ હીલની હકુમતને વાસ્તે રીકેટ્સ તરફના કાઉનશલે તકરાર કરી છે કે શીવીલ અને મીલીટરી સ્ટેશનની બહાર કાંઇ પણ ગુનોહ કર

વામાં આવ્યો નથી અને કરનલ હીલને આ કામમાંના એક પણ કામ માં તપાસ કરવાને હકુમત નથી. અમારે કાંતો બંને કામની તપાસ જુદી જુદી કોરટોમાં કરવાની પરવાનગી આપવી જોઇએ અથવા તો એ કામો ની તપાસ મદ્રાસમાં જે માજીસ્તરેટ છે તેમનાથી થવાને એ કામો લઇ લેવાં જોઇએ.

જો કેટલીક અગવડતા પડે તોપણ આપણે જે રસ્તો પકડયો તે પાછ ળનો રસ્તો છે એમ અમારી નજરમાં આવે છે.

તેથી એમ હુકમ કરીએ છીએ કે મદ્રાસના ચીફ પ્રેસીડન્સી માજીસ્તરેટ કરનલ સ્મીથની ફાઇલ ઉપર આ કામ મોકલવું જોઇએ.

—

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ મી મારચ સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ બ્રેન્ડટ

સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ અદીમ્પ.

ફોજદારી કાયદો, કલમ ૩૧૨—ગરભપાત—છોકરા સાથે—ગરભ કેટલો છે તે અગત્યની વાત નથી.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૧૨ ના અરથમાં બાયડીને જ્યારથી ગરભ રહે તે વખતથી તે બચ્યાવાળી છે.

બાયડી એકજ મહીનાથી ગરભવાળી થઇ છે અને બચ્યાનુ ઉપક્રમ કહેવાય એવું નથી એ કારણને લીધે જે કામમાં બાયડીને પોતાને હાથે ગરભપાત કરયાના તોહોમતથી નીરદોશ ઠરાવી હતી માટે એમ ઠરાવવામાં આવ્યું કે આ નીરદોશ ઠરાવવું કાયદા પ્રમાણે નથી.

પાનુ ૩૬૯ ઉતર આરકટની શેશન કોરટની ફાઈલમાં સને ૧૮૮૫ ની નંબર ૮૦ ની ફોજદારી અરજીમાં કેદી બેડી અદીમાંને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૧૨ પ્રમાણે ગરભપાત પોતાને હાથે કરયાના તોહોમતમાંથી નીરદોશ ઠરાવવામાં આવી હતી.

સેશન જડજ (એચ. ટી. નોકસ) સાહેબે ઠરાવ્યુ કે કેદી ફકત એકજ મહીનાથી ગરભવાળી થયાથી તેને કલમ ૩૧૨ ના અરથ પ્રમાણે તેને ગરભ છે એવુ કહેવાય નહીં. રેકર્ડ મંગાવ્યાથી અને તોહોમતવાળી જે હાજર થઈ નહી તેને નોટીસ આપવામાં આવ્યાથી કોરટે (મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ બરેન્ડટ) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

શેશન જડજ સાહેબને એમ માલમ પડે છે કે તોહોમતવાળી એ ઓરતે ગર્ભવાળી હોવાથી પોતાને ગર્ભપાત થવાને વાસ્તે હરત ફીયાના સાધનો વાપરેલા છે અને તેથી તેના ગરભની અંદર જે વસ્તુ હતી તેનો નાશ કરયો પણ તે શાહેબે તેને છોડી દીધી એવા કારણથી કે તે બાઇના કહેવા પ્રમાણે તેને એક મહીનાથીજ ગર્ભ રહ્યો હતો અને તે છોકરાવાળી હશે એમ કહી શકાય નહી કારણ કે પુરાવા પ્રમાણે જે આવ્યું તે ઘણું લોહી હતું.

"બચ્ચાનું ઉપક્રમ કહેવાય એવું કાંઇ નહોતું.

ફોજદારી કાયદામાં ગર્ભપાત એ શબ્દ "ની વાખ્યા આપેલી નથી. લોક વીચારમાં તો તેનો અર્થ ગર્ભપાતના અર્થ જેવો છે એ તેમાં કાચા ગર્ભનુ એટલે કે ગર્ભની અકાળે જે ઉતપતી તેનુ કાઢી નાખવું થાય છે. ગર્ભ એટલે દરજે વધેલો હોય તે અને કાચા ગર્ભે જે આકાર પકડયો હોય તે વાત અગત્યની નથી

કલમ ૩૧૨ માં ઠરાવ્યું છે કે બાયડી "બચ્ચાંવાળી છે એમ સાબીત થવું જોઇએ પણ જો ગર્ભની હરકત અને ગર્ભાશયમાં અકાળે જે ઉતપન થયેલું તે ઇરાદાથી કાઢી નાંખ્યું એ સાબીત થાય તો બસછે. "બચ્ચાવાળી" એ શબ્દના અર્થ ગર્ભવાળી થાય છે અને એમ બતાવાની જરૂર નથી કે "ગર્ભ ચલીત થવુ" એટલે કે તે બચ્ચાની માએ તે બચ્ચાની હીલચાલ જોઇ છે અથવા તો તે કાચા ગર્ભે બચ્ચાનો આકાર પકડયો છે.

તે કાયદાના જે ઠરાવો તે ધ્યાનમાં લઇ આ કામમાં કરેલો નીરદોષ ઠરાવ્યાનો હુકમ અમારે રદ કરવો જોઇએ અને રદ કરીએ છીએ અને ફરી તપાસ ચલાવવાનો હુકમ કરીએ છીએ.

જો તોહોમતવાળીને ગુનેહગાર ઠરાવવામાં આવે તો બીજી બાબતોની સાથે પ્રથમની તપાસ અને ગુનહો બન્યો ત્યાર પછી જે મુદત ગએલી છે તે મુદત જડજ બેશક વીચારમાં લેસે.

———

ફોજદારી અપીલ.

તા૦ ૧૬ એપ્રીલ સને ૧૮૮૬

મી૦ જષ્ટીશ મતુસામીઆયર અને મી૦ જષ્ટીશ પાર્કર સાહેબોની રૂબરૂ.

કોટલનાડ અરજદાર વીરૂધ મુથાયા વીગરે અપીલના પ્રતીવાદી.

જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૦—ફો. કા. ચ. ની રીતીના

કાયદાની કલમ ૪ (અ) કલમ ૨૫૦—જાનવરના પ્રવેશ આકટ પ્રમાણે ગેરકાયદે જાનવર પકડવામાં આવેલું હોય તો તે ફો. કા. ચ. ની રીતીનાં કાયદાના હેતુ પ્રમાણે ગુનહો નથી.

જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૦ પ્રમાણે ફરીઆદ દાખલ કરવા ઉપરથી માજીસ્ત્રેટે તોહોમતવાળાને નીરદોશ ઠરાવ્યો. અને તેમના અભીપ્રાયમાં આવ્યું કે તે ફરીઆદ ઇજાકારક છે. તેથી ફરમાવ્યું કે ફરીઆદીએ તોહોમતવાળાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે કંપનશેશન આપવું.

ઠરાવવામાં આવ્યું કે જે કૃત્ય બાબત ફરીઆદ કરવામાં આવી છે તે ફો. કા. ચ. ની રીતીના કાયદા પ્રમાણે ગુનહો નથી. માટે કંપન શેશન અપાવવાનો જે હુકમ છે તે કાયદેસર નથી.

પાનું ૭૭૪ સને ૧૮૮૫ ના નંબર ૭૦ના કામમાં ફો. કા ચ. ની રીતીના કાયદાની કલમ ૨૫૦ પ્રમાણે ટંકાશીના બીજા વરગના માજીસ્ત્રેટે તોહોમતવાળાને કંપનશેશન આપવાનો હુકમ કરેલો તે રદ કરવાને સદરહુ કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે આ અરજી કરેલી છે. તે કામમાં કોટાલનાડ પીલાઇએ મુથાયા પીલાઇ વીગરે ઉપર જાનવરના પ્રવેસ આકટની કલમ ૨૦ પ્રમાણે ગેરકાયદે જાનવર પકડયા બાબત ફરીઆદ કરેલી છે.

માજીસ્ત્રેટે તોહોમતવાળાને નીરદોશ ઠરાવી ફરમાવ્યું કે ફરીઆદીએ તે તોહોમતવાળાઓને કંપન શેશન આપવું કારણ કે તે ફરીઆદ નહી જેવી છે.

અરજદાર તરફથી ગો૦ વેંકટબરને પીચી વીરૂત્ર અંકાંપાનો ઠરાવ બતાવ્યો. અપીલના પ્રતીવાદીઓ તરફથી સુબ્રામાનીયાઆયર.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યેઃ—

અમારા અભીપ્રાયમાં આવે છે કે ગેરકાયદે જાનવર પકડવામાં આવે તે ફો. કા. ચ. ની રીતના કાયદાના હેતુ પ્રમાણે ગુન્હો નથી. માટે કંપનસેશન અપાવવાનો હુકમ અમે રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે નાણાં પાછાં આપવાં.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ અપ્રેલ સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ કરનાન અને મી૦ જસ્ટીસ મતુસામીઆયર

સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ વીગાણ્ણા,

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૯

બીજા વરગના માજીસ્તરેટે એક સખસને ચોરીનો ગુનેહગાર ઠરાવી તે જુનો ગુનહો કરનાર હતો તે કારણથી ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૩૪૯ પ્રમાણે વધારે શીક્ષા કરવા સારૂ પહેલા વરગના માજીસ્તરેટ તરફ તેને મોકલી દીધો. પણ તેમણે તે કેદીને બીજા વરગના માજીસ્ટ્રેટ તરફ પાછો મોકલ્યો. અને ફરમાવ્યું કે તે કામ શેશન કમીટ કરવુ.

શેશન જડજે રેફરંસ કરવા ઉપરથી હાયકોરટે કમીટ કરવાનો હુકમ કાયમ રાખી ફરમાવ્યું કે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલંમ ૩૪૯ પ્રમાણેના તમામ કામો કે જે કોરટ તરફ મોકલવામાં આવેલાં હોય તે કોરટે તેનો નીકાલ કરવો જોઇએ. અને શેશન કમીટ કરવાને જે કોરટે તે કામ મોકલેલું હોય તે કોરટને પાછા મોકલવા જોઇએ નહી.

પાનું ૩૭૭ ગોદાવરીના શેશન જડજ એ. ગોલ. લીસ્ટર સાહેબે તા૦ ૩૦ મારચ સને ૧૮૮૬ ના રોજ આ કામમાં રેફરંસ કરેલું છે.

તે રેફરંસના કાગળનો ભાગ નીચે પ્રમાણે છે.—

"રાજમંદ્રીના સબ માજીસ્ત્રેટની રૂબરૂ તોહોમતવાળાને એક ઇમારતમાં ચોરી કરયા બાબત તોહોમત રાખી ગુનેહગાર ઠરાવવામાં આવ્યો હતો. પરંતુ તે ગુનેહગાર જુનો હતો તથી ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૩૪૯ પ્રમાણે તે પ્રેસીડીંગ જોઇંટ માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવ્યું.

તા૦ ૧૦ મોરચના રોજના નંબર ૧૬ ના પ્રોસીડીંગથી જોઇંટ માજીસ્તરેટે તે કામ સદરહુ સબ માજીસ્તરેટ તરફ પાછુ મોકલ્યું એવું ફરમાવીને કે તેમણે તે કામ શેશન કમીટ કરવું. અને તેથી તે હુકમ માન્ય કરીને સબ માજીસ્તરેટે તે કામ કમીટ કરયું.

જોઇંટ માજીસ્તરેટનો હુકમ બીજાં માજીસ્તરેટને તે કામ કમીટ કરવાનો હુકમ કાયદા પ્રમાણે નથી. સને ૧૮૮૨ ના નંબર ૫૦૧ ના ફોજદારી ફરી તપાસના કામમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે તે હુકમ કાયદેસર નથી. તેથા તે કમીટ કરવાનો હુકમ રદ કરવામાં આવેલો છે.

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

આ કોરટે ઘણી વખતે ઠરાવ્યું છેકે ફો. કા. ચ. ની રીતીના કાયદા ની કલમ ૩૪૫ પ્રમાણે જે માજીસ્તરેટ તરફ કામ મોકલવામાં આવેલું હોય તે માજીસ્તરેટ તે કામ મોકલનાર તરફ તે કામ પાછું મેં કલવાને મુખત્યાર નથી. પરંતુ તેનો તેમણે પોતેજ નીકાલ કરવો જોઇએ. જો જરૂર હોય તો શેશન કમીટ કરવાને તેમને અખત્યાર છે.

કેદીને પાછો મોકલી કમીટ કરવાનો હુકમ કરવો એવો માજીસ્તરેટે હુકમ કરેલો છે તેથી પરીણામે ભારે હરકત થાય છે.

અમારી નજરમાં આવે છે કે શેશન કમીટ કરવાનો હુકમ અમે મંજુર રાખી શકીએ છીએ.

તોપણ એવી અમે ઇચ્છા રાખીએ છીએ કે જે સઘળા કામો કલમ ૩૪૫ પ્રમાણે રીફર કરવામાં આવેલાં છે તે કામનો ફેંસલો જે માજીસ્તરેટને કરવામાં આવેલો છે તે સાહેબ આપશે અને જે માજીસ્તરેટે તે રેફરંશ કરયું હતું તે માજીસ્તરેટને તે કામ અને કેદી ફરીથી મોકલશે નહીં.

—— ——

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ મારચ સને ૧૮૮૫ અને તા૦ ૧૨ એપ્રીલ સને ૧૮૮૬
સર. આર્થરે જે એચ કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦
જસ્ટીસ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.
રામસામી વીરૂધ લોકનાદ.

ફોજદારી કાયદો, કલમ ૫૦૦, આબરૂને નુકશાન કરવું—ન્યુસપેપર લાયબલ—શને ૧૮૬૭ ના આકટ ૨૫ ની કલમ ૫ અને ૭—પુરાવનો બોજો સ્ટાટયુટ—૩૮ જોર્જ ૩ બાબ ૭૮ ની કલમ ૧૪ ૬—અને ૭ વીકટોરીયા ૯૬ ની કલમ ૭

હીંદુસ્થાનના ફો. કા. ની કલમ ૫૦૦ પ્રમાણે એક ન્યુસપેપરના અધીપતીએ તેમના પેપરમાં લાયબલ થાય એવું છાપીને આબરૂ લીધાને વાસ્તે તેના ઉપર ફરીઆદ ચલાવવામાં આવી તે વખતે ફરીઆદીએ સને ૧૮૬૭ ના આકટ ૨૫ ની કલમ ૫ પ્રમાણે એડીટરે પ્રશીધ કરેલું કે હું તે ન્યુસપેપરનો છાપનાર અને પ્રશીધ્ધ કરનારછું તેની પ્રશીધ થએલી કાપી પુરાવમાં રજુ કરી. માજીસ્તરેટે એડીટરના ઉપર ગુનાહની સબેતીનો ઠરાવ કરયાથી શેશન કોરટે તે ગુનાહની સાબેતીના ઠરાવને અપીલમાં રદ કરયો. એવા કારણથી કે એ એડીટર એ લાયબલનો લખનાર હતો એમ

વાતો તે પ્રશીધ કરવાને તેણે પરવાનગી આપી હતી એવો પુરાવો નહોતો.

ઠરાવવામાં આવ્યું કે એથી વીરૂધ સાબેતીની ગેરહાજરીમાં જે પ્રશીધ કરવામાં આવેલું છે તે એડીટરે પ્રશીધ કરેલું છે એવું પ્રથમદરશનીક પુરાવ છે.

વળી ઠરાવવામાં આવ્યું કે જો એ લાયબલ તેની ગેરહાજરીમાં પ્રશીધ થયું છે અને તેને વીસે તે જાણતો નથી અને તેની ગેર હાજરીમાં કુશીઆર માણુસને તે ન્યુસપેપરનુ કામ થેડી મુદત કરવાને સારી મનોવૃતીથી સોંપેલું હતું એવુ સાબીત કરી શકે તો તે તોહોમતનો જોઇએ એટલો જવાબ છે.

પાનું ૩૮૭ ઈં. ફો. કા. ની કલમ ૫૦૦ તાનજોરના પેટા ટુકડીના માજીસ્તરેટ કીસ્નસામીઆયર સાહેબનો લોકનાદનના ઉપર ગુનાહની સાબેતીનો ઠરાવ સને ૧૮૮૫ ના અપીલ નંબર ૧૩ માં તાનજોરના શેશન્જ જડજ જે એ. ડેવીસ સાહેબે રદ કરયો. તેમના પ્રોશીડીંગમાં તપાસ કરવાને હી. ફોજદારી કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે અરજી કરેલી છે.

આ રીપોરટના હેતુના વાસ્તે જરૂરીઆત હકીકત હ.ય. કોરટ (કોનશ ચીફ જષ્ટીસ અને જસ્ટીસ મતુસામીઆયર)ના ફેંસલામાં બતાવેલી છે.

ફરીઆદી રામસામી પીલાઇ તરફથી ભાશ્યમ આયંગર અને દેશીકાચાર્ય.

જો કોઈ માણુસ ન્યુસપેપર પ્રશીધ કરવાને એજંટને કામે લગાડેછે તો આવો એજંટ કાંઇ પણ લાયબલ પ્રશીધ કરે તેને વાસ્તે તે માણુસ સાપરાધ રીતે જવાબદાર છે.

આ એજંટે પ્રશીધ કરયું ને તેના મુખ્યે તે કૃતનું પરીણામ કેવો થશે તે વીસેનો તેનો ઇરાદો હતો એમ ઠરાવવું જોઈએ. સરકાર તરફથી હોકીન્સ પીલીઝ ઓફધીક્રાઉન વાલ્યુમ ૨ જુ પાનું ૧૩૧ રોસકો કીમીનલ એવીડંસ પાનું ૯૭૭ માહારાણી વીરૂધ હોલબરૂક (૧) કેશરેહીંદ વીરૂધ મ્લીઓડ (૨) અને બીજા કામોમાં કરેલા ઠરાવો તકરાર કરવામાં આવી તે વખતે બતાવવામાં આવ્યા હતા.

લોકનાદન હાજર થયો નહીં.

ફેંસલો—તાનજોર જીલામાં પોરય્યર ગામમાં અઠવાડીયામાં એક વખત પ્રશીધ થતાં ક્ષત્રીયનુબાલાની ન્યુસપેપરમાં તા૦ ૨૯ ડીસંબર સને ૧૮૮૪ ના રોજ આબરૂને નુકશાન થાય એવો આરટીકલ બાહાર પાડવામાં આવ્યો હતો. તોહોમતવાળાએ કબુલ કરયું છે કે તે ન્યુસપેપરનો હું એડીટર અને માલીકછું, અને સને ૧૮૬૭ ના આકટ ૨૫ ની કલમ ૫

પ્રમાણે જે એમણે જાહેર કરેલું કે હું તે પેપરનો છાપનાર અને પ્રસીધ્ધ કરનારછુ. તેની પ્રશીધ થએલી કોપી ફરીઆદ તરફના પુરાવામાં રજુ કર વામાં વળી આવી હતી. તાનજોર ડીવીઝનના ફસ્ટ કલાસ માજીસ્તરેટે તે ના ઉપર આબરૂને નુંકસાન પોહોચાડયાના ગુનાહની સાબેતીનો ઠરાવ ક રયો અને ચાર મહીનાની આશાન કેદનો અને રૂ. ૧૦૦) દંડની શીક્ષાનો હુકમ કરયો.

અપીલમાં શેશન જડજે તે ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરયો. અને તોહોમતવાળાને નીરદોસ ઠરાવ્યો. જડજ સાહેબે માજીસ્તરેટનું એ મ કહેવું કબુલ કરયું છે કે તે પ્રશીધ કરેલી બાબત આબરૂને નુકશાન પોચાડે છે. અને તે અરજદારને લાગુ પડેછે. પણ તે સાહેબે ટીકા કરી છે કે તોહોમતવાળો તેનો લખનોર હતો એવો પુરાવો નથી. અને તે પ્રશીધ થયાની વાત તે પોતે જાતે જાણતો હતો. અથવા તો તે પ્રસીધ કરવાને પરવાનગી આપી હતી એવી કાંઇ પણ સાબેતી નથી. વળી તે સાહેબે ટીકા કરી કે ફો. કાયદાનો હેતુ દરેક માણસની જવાબદારી ઉપર છે. અને સાપરાધ ગુનહાની સબેતીના ઠરાવને પુષ્ટી આપવાને એમ બ તાવવું જરૂરનું છે કે ગુનહો થસે એવું જ્ઞાન અથવા એવો ઇરાદો હતો. તોહોમતવાળાએ પોતાના બચાવમાં કહયું છે કે હું સને ૧૮૮૪ ના ડી સંબર મહીનામાં પોરયમાં નોહોતો અને માહારી મરજીથી એક માટંડ નાદન મારી ગેરહાજરીમાં તે પેપર ચલાવતો હતો. અને બચાવ તરફના ચોથા સાક્ષી એક નારાયણ સામી પીલાઇએ તે આબરૂને નુકશાન પોહો ચાડે એવો આ આરટીકલ આપ્યો હતો અને માટંડનાદને તોહોમતવા ળાને તેની ખબર શીવાય તે પ્રશીધ કરયો. માજીસ્તરેટની નજરમાં આ વ્યું કે તોહોમતવાળાએ પોરીયરમાંથી તે ગેરહાજર હતો એ સાબીત કરવાને જે પૂરાવો રજુ કરેલો છે તે ભરૂંસો રાખવા લાયક નથી, અને આબરૂને નુકશાન પોહોચે એવો આરટીકલ લખનાર નારાયન સામી પી લાઇ નથી. અને તે આરટીકલ તોહોમતવાળાએ પોતે જાતે લખેલો છે અથવા તો કોઇએ તેની ઊશકેરણીથી લખેલો છે. જડજ સાહેબે પુરાવા સબંધી વીચાર કરયો નથી. અથવા તો તે કેટલો વજનદાર છે તે સબં ધી જુદો ઠરાવ લખ્યો નથી. ઘણું કરીને એ કારણથી કે ફરીઆદ તર ફથી એવો પુરાવો નથી કે તોહોમતવાળો ખરેખરો પ્રસીધ કરનાર છે. અથવા તો તે એના જ્ઞાનની સાથે પ્રશીધ થએલું છે. તેઉ સાહેબ પોતા ના જજમેંટમાં કહે છે કે સઘળી સુચના કરવામાં આવી છે તે એ છે કે તોહોમતવાળો સને ૧૮૬૭ ના આકટ ૨૫ ના ઇરાદાને વાસ્તે કાંયદેસર રીતે પ્રસીધ કરનાર હતો. પરંતુ તે પ્રશીધ કરવાની વાત ખરેખરી રી

તે જાણતો નહી હતો."

બેશક એ ખરૂ છે કે આબરૂને નુંકશાન કરવાને વાસ્તે કરેલો ગુના ની સાબેતીનો ઠરાવ કાયમ રાખવાને એમ બતાવવું જોઇએ કે ખરી રીતે તોહોમતવાળાએ પ્રશીધ કરેલું છે કારણ કે હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં એ ગુનાની વાખ્યા આવી રીતે આપેલી છે—"કોઇ માણુસ શબ્દો બોલીને અથવા તો વાંચવામાં આવે એવા ઇરાદાવાળા શબ્દોથી નુંકશાન કરે એવા ઇરાદાવાળો આરોપ અથવા તો આવો આરોપ આવા માણુશ (અમુક બતાવેલ કામમાં બતાવ્યા શીવાય) ની આબરૂને નુંકશાન પોહોચાડશે એવું જાણવાથી અગર એવું માનવાને કારણુ હોવાથી કોઇ માણુશના ઉપર આરોપ મુકે અથવા તો પ્રશીધ કરે તે માણુશ આબરૂને નુકશાન પોહોચાડયાનો ગુનેહગાર છે." પણુ સને ૧૮૬૭ ના આકટ ૨૫ ની કલમ ૭ ના ઠરાવોમાં જે ઠરાવ્યું છે કે ગમે તે કાયદેસર પ્રોશીડીંગ દીવાની અને તેગજ ફોજદારી હોય તેમાં જાહેર ખબર જેની અંદર જે માણુસનું નામ આપેલું હોય કે સદરહુ માણુસ વખતે વખતે નીકળતા ચોપાનીયાના દરેક ભાગનો (જાહેર ખબરના જે શબ્દો હોય તે પ્રમાણે) છાપનાર અને પ્રશીધ કરનાર હતો જેનુ નામ જાહેર ખબરમાં કહેલા નામની સાથે જોડાયેલુંજ હસે તો આ જાહેરનામાની સાબીત થએલી કોપી રજુ થાય તો તે માણુસની વીરૂધ છે એમ ઠરાવ (એથી ઉલટું સાબીત ના હોય તો) થવો જોઈએ એ જડજ સાહેબે ધ્યાનમાં લીધું નથી.

નહી જાણુવામાં આવેલા માણુસોના ન્યુશપેપરો છાપવાથી અને પ્રસીધ કરવાથી થતું નુંકસાન અટકાવવાના ઈરાદાને વાસ્તે ૩૮, જોર્જ ૩ બાબ ૭૮ ની કલમ ૧૪ જેમ કરવામાં આવી હતી તે માફક આ આકટ કરવામાં આવ્યો હતો. આવી જાહેર ખબરમાં ભાગ લેનાર માણુસોથી વીરૂધ દીવાની અને ફોજદારી પ્રોશીડીંગો સેહેલાઇથી ચાલે એવો તે ઠરાવનો ઇરાદો છે અંગરેજી સ્ટેટયુટની રેફરંન્સની બાબતમાં રાજા વી૦ હાર્ટના કામમાં આ ઇરાદાને વાસ્તે, જેમ જસ્ટીશ બેલીએ ટીકા કરી છે, તેવી રીતે એ આકટમાં ઠરાવ્યું છે કે જાહેર ખબર કરવી અને માજીસ્તરેટના રૂબરૂ સહી કરવી અને હુકમ કરયો કે જાહેર ખબરની સાબીત થયેલી કોપી રજુ કરવામાં આવે તો દરેક માણુશ જેણે એમાં સહી કરી છે તેના વીરૂધ પૂરાવાના વાસ્તે બસ થશે કે તે છાપનાર અગર પ્રશીધ કરનાર હતો અને જે પેપરમાં લાયબલ છે તે પેપરનો પ્રશીધ કરનાર (જાહેર ખબરના શબ્દો હોય તે પ્રમાણે) હતો એવી શરતથી

કે તેનુ નામ જાહેર ખબરમાં કહેલા પેપરના નામની સાથે જોડાએલું છે અને વળી એથી ઉલટું સાબેત થયું નહોતું.

પ્રશીધ કરયાના પુરાવાની અંદર જાહેર ખબરનો સમાવેશ કરવાનો ઇરાદો હતો. અને તેથી જાહેર ખબરમાં બતાવેલો લાયબલતે પ્રશીધ કરનાર માણુસ છે તે ખરી રીતે પ્રશીધ કરનાર માણુશ નહોતો એવું બતાવવાનો તોહોમતવાળાને માથે જુમો નાંખવાનો ઇરાદો રાખેલોછે. તોહોમતવાળાએ પ્રશીધ કરયાનો પ્રથમ દરશનીક પુરેવોએ ડેકલરેશનં હતું અને જો એથી ઉલટો પુરાવ રજુ કરવામાં આવેલ હોત તો અથવા એથી ઉલટો રજુ કરેલો પુરાવો ખરો નહોત તો, એતું જે ગાજીસ્તરેટે આ કામમાં ઠરાવ્યું છે તે પ્રમાણે એ ગુનાની સાબેતીનો ઠરાવ ચાલવાને નીશ્ચયકારક થયું છે.

અરજદાર તરફથી એમ તકરાર કરવામાં આવી હતી કે એ લાયબલ તેના ગ્નાન સીવાય પ્રસીધ કરૂવામાં આવ્યું હતું એટલુંજ તોહોમતવાળાએ બતાવવું બસ નથી, પણ તેણે વળી વધારે આગાડી જવું જોઇએ અને સાબીત કરવું જોઇએ કે મારી સાવચેતાઈ અને જોઇતી કાળજી નહી હોવાને લીધે તે પ્રશીધ થયું છે એમ નથી ૬ અને ૭ વીકટોરીઆ બાબ રકમ ૮૬ કલમ ૭ ના ઉપર અમારૂ ધ્યાન ખેંચવામાં આવ્યુ હતું. મહારાણી વી૦ હોલબરૂકના કામના ઠરાવમાં જષ્ટીશ લસ સાહેબે એમ બતાવ્યું હતું કે ઇંગ્લાંડના સામાન્ય કાયદા પ્રમાણે કોઇ એક ન્યુસપેપરનો માલીક તેના પેપરમાં માહીતીથી અગર માહીતી શીવાય, લાયબલ પ્રશીધ કરવામાં આવે તો તેને વાસ્તે તે ન્યુશપેપરનો માલીક સાપરાધ રીતે જવાબદાર છે અને સ્ટેટયુટ ૬ અને ૭ વીકટોરીયા બાબ૮૬ કરવામાં કાયદા બાંધનારનો ઇરાદો સામાન્ય કાયદાનું જોર ઓછું કરવાનો હતો, અને જ્યારે એક માણુશ બીજા માણુસને કાયદેસર કામ કરવાને કામે લગાડે ત્યારે એ માણુસ તેને કાયદા વીરૂધ, કામ કરવાને અખ્તીઆર આપતો નથી પણ કાયદેસર કામ કરવાના અખ્તીઆર છે એવા અનુમાનનો ફાયદો તે માલીકને આપવાનો ઇરાદો હતો, અને તે હેતુને વાસ્તે એ સ્ટયુટમાં ઠરાવેલું છે કે એ લાયબલ તેના અધીકાર, કબુલત અથવા ગ્નાન, શીવાય પ્રશીધ થયું છે એ તે માલીકે સાબીત કરવું એ વ્યાજબી છે અને સાવચેતી અગર કાળજી નહીં હોવાથી એ પ્રશીધ થયું નથી.

સારાંશમાં એ માલીક તેના પેપરમાં લાઇબલ પ્રશીધ થવાને વાસ્તે ઇંગલંડના સામાન્ય કાયદા પ્રમાણે શાપરાધ રીતે જવાબદાર જે કારણોથી

હતો તે સ્ટેટયુટોએ ફરવી નાંખ્યા છે પણ એમ ઠરાવ કરી શકતા નથી કે તે સ્ટેટયુટના ઠરાવો આ દેશને લાગુ પડે છે. હીંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે આબરૂને નુકશાન કરયાનો તોહોમતવાળો ગુનેહગાર છે કે નહી તે આપણે ઠરાવવું જોઇએ. અમારી નજરમાં આવે છે કે જો તોહોમતવાળાએ સારી મનોવૃતીથી તેની ગેર હાજરીમાં લાયક માણુસને તેનુ ન્યુસપેપર ચલાવવાનું કામ થોડી મુદતને વાસ્તે શોંપ્યું હતું એવું તોહોમતવાળાએ બતાવ્યું હોય આ દેશમાં અને એ લાઇબલ તેની શતા કબુલત અથવા તેના જ્ઞાન શીવાય પ્રશીધ કરયું હતું જો તોહોમતવાળાએ બતાવ્યું તો આ દેશમાં તોહોમતને જોઇતા જવાબ છે એવું અમારી નજરમાં આવે છે તોપણ સને ૧૮૬૭ ના આકટ ૨૫ નો અમલનો અરથ જડજ સાહેબે ખોટો કરયો છે તેથી તે સાહેબનો નીરદોશ ઠરાવ્યાનો હુકમ અમે રદ કરીએ છીએ અને હુકમ કરીએ છીએ કે તોહોમતવાળાએ રજુ કરેલો પુરાવો ધ્યાનમાં લેવાને તેઉ સાહેબે તે ફાઇલ ઉપર અપીલ પાછી દાખલ કરવી અને ઉપર ટીકા કરી છે અને તે ઉપર વીચારો બતાવ્યા છે તે પ્રમાણે અપીલનો નીકાલ કરવો.

ફોજદારી અપીલ.

તા૦ ૮ જાનેવારી સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ પાર્કર સાહેબની રૂબરૂ.

ગુલામ મહમદ શેરીફ ઉદુલાના કામમાં.

ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો, કલમ ૧૫૭—

જડજ પોતાના બેંચ ઉપર બેશી શબ્દ બોલેલા તે વીશે તેમના ઉપર ફરીઆદ ચલાવવાની મંજુરી.

એક દાવાની તપાસની દરમીઆનમાં સાક્ષીની તેની આબરૂ જાય તેવા શબ્દો જડજે કહેલા એવો જડજ ઉપર આરોપ રાખવામાં આવેલો હતો.

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૫૭ પ્રમાણે મંજુરી શીવાય માજીસ્તરેટ ફરીઆદ સાંભળી શકતા નથી. એવું ઠરાવવામાં આવ્યું.

પાનું ૪૩૯ કોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત જણાય છે.

અરજદાર તરફથી, આકટીંગ એડવોકેટ જનરલ મી૦ શેપર્ડ.

જસ્ટી પાર્કર સાહેબઃ—મદ્રાસની સ્માલકાજ કોરટના ત્રીજા જડજ મી૦ પોનુસામી પીલાઇએ અરજદારને ગેરીઆત થાય તથા તેનુ અપમાન થા

થાય તે પરમાણે કહેલું તે વીશે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૦ અને ૫૦૪ પ્રમાણે તે અરજદારની ફરીઆદ આરોપ રાખવાની હતી તે ફરીઆદ સાંભળવાને બ્લાક ટાઉનના પ્રેસીડેનસી માજીસ્તરેટને હુકમ કરવો જોઈએ. એવી આ અરજી કરવામાં આવેલી છે. ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૯૭ પ્રમાણે સરકારની અગર હાયકોરટની મંજુરી નહી હોવાના કારણથી તે ફરીઆદ સાંભળવાને પ્રેસીડેનસી માજીસ્તરેટે ના પાડી હતી

સ્મોલકાઝ કોરટના જડજની રૂબરૂ એક કામની તપાસ ચાલતી હતી તેથી તેઉની રૂબરૂ અરજદાર સાક્ષી તરીકે હતો, અને તે દરમીયાનમાં જડજે જે શબ્દો કહેલા કહેવામાં આવેલા છે તે બાબત ફરીઆદ કરવામાં આવેલી છે. સરકાર તરફથી એડવોકેટ જનરલે તકરાર કરી છે કે તે શબ્દો જડજે સરકારી નોકર તરીકે વાપરયા નથી. માટે ફો૦ કા૦ ચ૦ ની રીતોના કાયદાની કલમ ૧૯૭ પ્રમાણે મંજુરીની જરૂર નથી. કેસરેહીંદ વીરૂધ લક્ષ્મણ સખારામ, વામનહરી. અને બાલાજી કીશનનો ઠરાવ એવું દેખાડવાને બતાવવામાં આવેલો હતો કે સરકારી નોકરે કરેલા કલ્ય શીવાય કે ફરીઆદ ચલાવવાને જે કત્યો બાબત મંજુરીની જરૂર છે તે કત્યો ખાસ અરથના હોવા નહી જોઇએ. એવી તકરાર કરવામાં આવી છે કે જે શબ્દો બાબત ફરીઆદ કરવામાં આવેલી છે તે શબ્દો હરકોઇ સખશ સરકારી નોકર હોય કીંવા નહી પણ જો તે વાપરે તો એક સરખી રીતે ગુસ્સો ઉતપન થાય તેવા છે. જે ફેંસલો બતાવવામાં આવેલો છે તે જુના સને ૧૮૭૨ ના આકટ ૧૦ નો કલમ ૪૬૬ ઉપર બતાવેલો છે. પછી જો કે તેના શબ્દો જુદા છે તોપણ તે હાલના કાયદાની કલમ ૧૯૭ ના જેવા વાસ્તવીક રીતે છે,

વળી કલકતા હાયકોરટનો જે એવો ઠરાવ છે કે જુના કાયદામાં આવી કલમ હતી તે પીનલકોડના બાબ ૯ માં બતાવેલા ગુનહા સબંધી ફકત હતી. તે ઠરાવ બતાવવામાં આવેલો છે પરંતુ મુંબાઇ હાયકોરટે તે કબુલ કરયો નથી એવું ઠરાવીને કે તે કલમ એક સરખી રીતે બાબ ૧૧ માં કલમ ૨૧૭—૨૨૩ માં બતાવેલા ગુનહાઓનેજ લાગુ થાય છે. પ્રીનશેપ સાહેબે ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની ટીકા કરેલી છે. તેની સાતમી આવૃતીના પાને ૨૨૬ મે આ ઠરાવો બતાવવામાં આવેલા છે. તોપણ મુંબાઇ હાયકોરટે કબુલ કરયું કે નીયમ તરીકે સરકારી નોકરે કરેલા કત્યો અગર નહીં કરેલા કત્યો જેથી ગુનહા થતા હોય તે સબંધી કલમ ૧૯૭ મી છે.

કોરટની બહાર જડજ કામ કરનાર જડજ તરીકે બેઠેલા ના હોય અગર ખરી રીતે કામ કરતા ના હોય તે વખતે આબરની બેરીતત

થાય તેવા શબ્દો તે વાપરે તો ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની ક લમ ૧૯૭ પ્રમાણે કાંઇ મંજુરીની જરૂર નથી એમ ખુલું જણાય છે. પરંતુ જો તે શબ્દો એકાદા કામની તપાસની દરમીઆનમાં જડજે વાપરયા હોય તો જુદી હકીકત થાય છે. એમ અમારી નજરમાં આવેછે. તે વખતે તેઉ સરકારી હોદ્દાને લીધે કામ કરતા હોય છે માટે તપાસની દરમીઆનમાં જે શબ્દો તેમણે વાપરયા હોય તે ખાનગી રાહે તેઉ વાપરી શકે નહી એમ જણાય છે. માટે જે શબ્દો બોલવામાં આવ્યા છે તે જડજ તરીકે બોલવામાં આવ્યા છે અને ખાનગી સખશ તરીકે બોલવામાં આવ્યા નથી. માટે તે બોલવાથી કાંઇ ફોજદારી ગુનહો બનતો હોય તો તે ગુનહો જડજ તરીકે કરેલો છે.

રકોટ વીરૂધ સ્ટાન્સ ફીલ્ડના કામમાં એકસચેકરની કોરટે જે ફેંસલો આપેલો છે તે ઉપરથી આ પ્રમાણે છે એ ખુલું જણાય છે. માટે અમારે ઠરાવવું જોઇએ કે મંજુરી શીવાય ફરીઆદ સાંભળવાને પ્રેસીડેન્સી માજીસ્તરેટને હકુમત નહીં હતી. સબબ તે અરજી અમે કાહાડી નાંખીએ છીએ.

—⁂—

ફોજદારી અપીલ.

તા૦ ૧ સપટેંબર સને ૧૮૮૬

મી૦ જસ્ટીસ બ્રંડટ સાહેબની રૂબરૂ.

મહારાણી કેશરેહીંદ વીરૂધ અહમદ.

ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૫૧૭, ૫૨૦,

જે કામમાં ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે હુકમ કરવામાં આવેલો હોય તે કામમાં તે હુકમ ઉપર અપીલ કરવામાં આવેલી ના હોય તોપણ અપીલ કોરટ તે હુકમની ફરી તપાસ કરી શકેછે.

પાનું ૪૪૮ દક્ષીણ મલબારના સેશન જડજ એફ. એમ. વીલકીનશને આ કામમાં હાયકોરટમાં રેફરંસ કરેલું છે.

જડજે કામની હકીકત નીચે પ્રમાણે કહેલી છે.

"એક અહમદના ઉપર એક સોનાની સાંકળી ચોરયાનો આરોપ રાખવામાં આવ્યો હતો. માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે ફરીઆદીએ તે સોનાની સાંકળી એક બાવો કે જે તેણીનો યાર હતો તેને આપેલી છે. એવા કારણથી કે તોહોમતવાળો પણ તે ફરીઆદીને ગેર જતો હતો તેના ઉપર જુઠો આરોપ રાખી શકાય. તેથી તે તોહોમતવાળાને

તેમણે નીરદોશ ઠરાવ્યો. પરંતુ સોનાની સાંકળી જ્વેરીઆદીને પાછી આપવાનો હુકમ કરયો.

"અમે અરજ મંજુર કરીએ છીએ કે તેઉનો આ હુકમ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૧૭ ના ઠરાવથી વીરૂધ છે. તે કામમાં અપીલ કરવામાં આવીનથી. માટે કલમ ૫૨૦ ના ઠરાવ પ્રમાણે બે કારણોથી એટલે માજીસ્ટ્રેટનો હુકમ કાયદેસર નથી. અને કલમ ૫૧૭ પ્રમાણે અપીલ કોરટને તે હુકમો બંધ રાખવાને તથા તે દુરસ્ત કરવાને અગર તેમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને અપીલ કરયા નહી છતાં તે કરવાનો અખત્યાર છે કે નહી એ વીશે અમને શક છે. માટે અમે હાયકોરટનો હુકમ માગીએ છીએ"

કાંનસલ રાખવામાં આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

ફેંસલા થએલા છે.—કેસરેહીંદ વીરૂધ જોગેસર મોચી અને કેશરેહીંદ વીરૂધ નીલંબર બાબુના કામમાં એવો શવાલ હતો કે ઠરાવ ઉપર અપીલ કરવામાં આવેલી ના હોય તોપણ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે અપીલ ચાલે છે કીંવા નહી અને તે વીશે હાકારમાં ઠરાવવામાં આવેલું છે. એવા કારણથી કે કલમ ૫૨૦ માં અપીલ કોરટ એવા શબ્દો વાપરેલા છે તે શબ્દો જે અપીલ કોરટની રૂબરૂ અપીલ ચાલુ હોય તેનેજ લાગુ છે એમ વાંચવાના નથી. અને અમારી નજરમાં આવે છે કે આ કામ પેહેલા વરગના માજીસ્તરેટના ઠરાવો ઉપર સાધારણ રીતે જે કોરટમાં અપીલ થાય છે. તે સેશન કોરટ છે એમ તે કલમના શબ્દો ઉપરથી પ્રુકત રીતે જણાયછે માટે તે સુવાલનો નીકાલ કરવાને શેશન કોરટને અખત્યાર હતો. પેહેલા વરગના માજીસ્તરેટે કરેલો હુકમ રદ કરવો જોઈએ તે વીસે વળી અનપુરણાબાઇના કામનો ઠરાવ લાગતો છે અને તેમાં એવું બતાવવામાં આવેલું છે કે ન્યાયના કારણસર જે સખસોના કબજામાંથી મીલકત લેવામાં આવેલી હોય અને તે મીલકત સબંધી ગુનહો થએલો છે અથવા એકાદો ગુનહો કરવામાં તે મીલકતનો ઉપયોગ કરવામાં આવેલો છે એવું કોરટના અભીપ્રાયમાં આવે નહીં ત્યાં સુધી તે મીલકત સાધારણ નીયમો પ્રમાણે તે સખસોને પાછી સોંપવાને કોરટો બંધાએલા છે.

આ કામમાં તોહોમતવાળાએ કાંઇ ગુનહો તે કંઠી સબંધી કરેલો નથી અને તે નીરઅપરાધી હતો. અને તેણે તે કંઠી કોઇ રીતે વાપરી નથી એવો ઠરાવ કરવામાં આવેલો છે.

તોપણ માજીસ્તરેટને એમ માલમ પડેલું જણાય છે કે ઓરત કાળીએ તથા ફરીઆદ તરફના સાક્ષીઓમાંના એક સાક્ષી તેણીના યાર બાવાએ તોહોમતવાળાને ખોટી રીતે ગુનેહગાર ઠરાવવાના કારણસર તે કંઠી વાપરી હતી એમ અંદેસો રાખવાને અગર માનવાને તેમને કારણ હતુ. જો ખરી રીતે તે પ્રમાણે હોય તો ગુનહો અગર ગુનહા થએલો જણાય છે. અને તે કંઠી ગુનેહ કરવામાં વાપરેલી હતી. માટે આ બાબત અમે ઠરાવ કરતા નથી. પણ તે કારણથી અમે કહીએ છીએ કે માજીસ્તરેટ એમ કહી શકે કે તેમણે કલમ ૫૧૭ પ્રમાણે હુકમ કરેલો છે પરંતુ જો તે પ્રમાણે હોય તો ઓરત કાળીને તે કંઠી પાછી આપવાનો હુકમ કરવામાં આવેલો છે તે બરોબર નથી એ નકી છે.

તોપણ ખરી રીતે તેમણે બેશક એવો હુકમ કરેલો છે કે તે કંઠી તે ઓરત કાળીને આપવી. ફકત એટલા કારણથી કે તેમના અભીપ્રાયમાં તે તેણીની છે એમ આવેલું છે માટે ફરી તપાસમાં હાથ ઘાલવાને પુકત કારણો છે એમ કહેવાને અમે તઇઆર થયા નથી. જો ફરીઆદી કાળી અને તેના યાર બાવાએ અહમદના વીરૂધ ખરી રીતે જુઠી હકીકત બનાવી જુઠા પુરાવનો ઉપયોગ કરયો હોય તો તે કંઠી રોકવાના કરતાં બીજી વધારે યોગ્ય શીક્ષા કરવાનું સાધન છે.

વાલ્યુમ ૧૦ મું

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ સપટેમબર સને ૧૮૮૬.

મી૦ જસ્ટીશ ગ્રાન્ટ સાહેબની રૂબરૂ.

રંગાયા વીરૂદ્ધ મહમદઅલી.

ફો૦ કા૦ ચ૦ રીતીના કાયદાની કલમ ૪૮૮.

ખોરાકી પોશાકીના હુકમનો અમલ કરવાને અરજ કરવામાં આવી હતી. અને તે હુકમ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૮ પ્રમાણે કરવામાં આવેલો હતો. તેમાં જો તોહોમતવાળો એમ સાબીત કરે કે ખોરાકી પોશાકીનો દાવો છોડી દેવામાં આવેલો છે તો માજીસ્ટ્રેટ તે હુકમનો અમલ કરવાને બંધાએલા નથી.

પાનું ૧૩. તા૦ ૧ લી ડીસેમ્બર સને ૧૮૮૫ ના રોજ પ્રેશીડેન્સી માજીસ્તરેટ શી. રામચંદ્ર યાર સાહેબે મહમદઅલ્લીએ રંગામાને ત્રણ અનોરસ છોકરાંની ખોરાકી પોશાકી સારૂં દર માસે રૂ. ૫) આપવાનો હુકમ કરેલો હતો.

તા૦ ૧૪ જુલાઈ સને ૧૮૮૬ ના રોજ મહમદઅલીએ તેજ માજીસ્તરેટને આજ હુકમ રદ કરાવવાને અરજ કરી. એવા કારણથી કે તા૦ ૧૬ મી જાન્યુઆરી સને ૧૮૮૬ ના રોજ રંગાગાને મેં રૂ. ૬૦) આપી તેની ફારકતી લીધેલી છે. અને તે ફારકતીથી તેણીએ કબુલ કર્યું છે કે ખોરાકી પોશાકી બાબત બીજો દાવો રાખવો નહીં. માજીસ્ટ્રેટે ઠરાવ્યું કે આ કામનો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૯ માં સમાસ થતો નથી. અને મહમદઅલીને જો તે હુકમનો અમલ કરવાને રંગામાએ કોરટને અરજ કરી હોય તો આ ફારકતીની તકરાર કરવી એ યોગ્ય રસ્તો હતો,

તા૦ ૨૬ મી જુલાઈના રોજ આકટીંગ ચીફ પ્રેશીડેનશી માજીસ્તરેટ (ડબલ્યુ એમ. શાર્નેલીબ) સાહેબને રંગામાએ એવી ફરીઆદ કરી કે તા૦ ૧ લી ડીસેમ્બર સને ૧૮૮૫ ના હુકમ પ્રમાણે રૂ. ૫) આપવાને મહમદઅલીએ કસુર કરી છે.

માજીસ્ટ્રેટે તરત તે ખર્ચ, સાથે આપવાનો હુકમ કર્યો.

આ હુકમ વીરૂધ્ધ મહમદઅલ્લીએ હાયકોરટમાં અરજી કરી.

આકટીંગ ચીફ પ્રેશીડેનશી માજીસ્તરેટે આ કામના કાગળો મોકલતાં કહ્યું છે કે પ્રથમનો કરેલો હુકમ અમલ કરવા સારૂં તે પ્રોશીડીંગ

અમે ચલાવેલું છે, અને ખોરાકી પોશાકીના હુકમથી જો મહમદઅલી નારાજી થએલો હોય તો તે રદ કરવાને હાયકોરટને તેણે અરજી કરવી જોઇતી હતી. અગર કલમ ૪૮૫ પ્રમાણે અરજ કરવી જોઇતી હતી પણ તેવી અરજી કરવામાં આવેલી નથી.

મહમદઅલી તરફથી મી૦ ડનહીલ.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

આ કામમાં જેવી હકીકત બતાવવામાં આવેલી છે તે હકીકત પ્રમાણે ખોરાકી પોસાકીનો હુકમ રદ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદામાં સ્પષ્ટ ઠરાવ નથી, પરંતુ તે ઓરતને પોતાની ખોરાકી પોશાકી તથા તેણીના તથા અરજદારના અનૌરસ છોકરાંની ખોરાકી પોશાકી બદલ ઉચક રકમ મળેલી હોય તો તે ખોરાકી પોશાકીનો હુકમનો અમલ કરવાને માજીસ્ત્રેટ વ્યાજબી રાહે ના કહી શકે છે એ ખુલ્લુ છે. એટલુંજ નહીં પણ તેનો અમલ કરે તો તે ખોટું છે. અરજદારનું કહેવું સાચું છે કે જુઠું તે વીસે અલબત્ત અમે કાંઇ જાણતા નથી. જે નાંણા તેણીને તેણીના પાસે નાહાનામાં નાહાનું છોકરૂં છે તે સુદ્ધાંતની ખોરાકી પોશાકી બદલ આપેલાં કહેવામાં આવેલાં છે તે જો તેણે કબુલ કરેલાં હોય તો તે છોકરાંની ખોરાકી પોશાકી લેવાને તે ઓરતનો હકક નથી. પરંતુ જો તે પ્રમાણે ના હોય તો અને અરજદારના કહેવા પ્રમાણે બાકીની ગોઠવણ શાબેત થએલી હોય તો ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૯ પ્રમાણે ફકત તે નાહાના બાળકની ખોરાકી પોશાકી મળે તે પ્રમાણે તે ખોરાકી પોશાકીની રકમ ઓછી કરવી જોઇએ.

ચીફ માજીસ્તરેટનો તે હુકમ રદ કરવામાં આવે છે અને તેમને ફરમાવવામાં આવે છે કે કાયદાની યોગ્ય રીતી પ્રમાણે અરજદારની અરજીનો નીકાલ કરવો. ચીફ માજીસ્ત્રેટે જે એવો વીચાર કરેલો છે કે જે હુકમ અસલ કરવામાં આવેલો તેનો ફરીથી વીચાર કરાવવા સારૂ અરજદારે અરજી કરેલી નથી તે તેમની ભુલ છે. આવી અરજી પ્રેશીડેનશી માજીસ્ત્રેટ મી૦ રાંમચંદર યારને કરવામા આવેલી હતી, અને તે માજીસ્તરેટે એવો હુકમ કરેલો હતો કે આ ખોરાકી પોશાકીના હુકમનો અમલ કરવાને તે ઓરત ફરીથી અરજ કરે તો તે વખતે તે હુકમનો વીચાર થઇ શકે છે.

ફોજદારી અપીલ.

તા૦ ૨૮ સપટેમ્બર સને ૧૮૮૯.

મી૦ જષ્ટીસ પાર્ક સાહેબની રૂબરૂ.

એગરી વીરૂધ્ધ વાદકાશી કાંગાની.

સને ૧૮૫૯ નો આકટ ૧૩—હકુમત—પરરાજ્યમાં મંજુરી કરયાનો કરાર તોડવો.

વ, એ ગ. પાશેથી અગાઊથી નાણું લેઈ પરરાજ્યમાં મજુરી કરવાને કરાર કરયો. આ કરાર તોડવામાં આવ્યો તેથી વ, ઉપર સને ૧૮૫૯ ના આકટ ૧૩ પ્રમાણે ફરીઆદ કરવામાં આવી તેથી વ. ને તે રકમ પાછી આપવાનો હુકમ કરયો. અને તે આપવામાં કસુર કરે તો કેદની શીક્ષાનો તેને હુકમ કરેલો છે.

ઠરાવવામાં આવ્યું કે આ હુકમ કાયદેસર નથી.

પાનું ૨૧. ટેનકાશીના બીજા વરગના માજીસ્રેટની ફાઇલ ઉપર સને ૧૮૮૯ ના કયાલંડર નંબર ૧૦ ના કામમાં તીનેવેલીના આકટીંગ જીલ્લા માજીસ્રેટ એસ. એચ. વાઇન સાહેબે હાયકોર્ટમાં રેફરંસ કરેલું છે.

તે હકીકત નીચે પ્રમાણે કહેવામાં આવેલી છે.

"માજીસ્તરેટે ફરમાવ્યું કે સને ૧૮૫૯ ના આકટ ૧ પ્રમાણે અમુક રકમ એક સખસે આપવી અને તે આપવાને કસુર કરે તો એક માસ સખત મજુરી સાથે તેણે કેદ રેહેવું. તે શીક્ષા ભોગવવામાં આવેલી છે. તે કરાર ત્રાવણકોરના મુલકમાં કામ કરવા સબંધી હતો તે હીંદુસ્થાન માંહેના ઇંગરેજી રાજ્યની બાહાર છે, માટે જો તે કરાર ઈંગરેજી રાજ્યની અંદર કરવામાં આવેલો છે તો પણ સદરહુ આકટ લાગુ થતો નથી. (તા૦ ૧૫ ડીસેમ્બર સને ૧૮૭૬ ના રોજનું નંબર ૩૯–૪૦ નું હાયકોર્ટનું પ્રોસીડીંગ છે.)

કોંનસલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલોઃ—સને ૧૮૫૯ ના આકટ ૧૩ પ્રમાણે કરાર તોડવાથી તોહોમતવાળા ઉપર ફરીઆદ કરવામાં આવી હતી તેથી તેને અગાઉથી આપેલાં નાણું પાછાં આપવાનો હુકમ કરવામાં આવેલો હતો તે કરાર ઇંગરેજ સરકારના મુલકમાં કરવામાં આવેલો કે નહીં તે બતાવવામાં આવેલું નથી. પરંતુ કામ પરરાજ્યમાં કરવાનું હતું.

તા૦ ૧૫ ડીશેમ્બર સને ૧૮૭૬ ના રોજ નંબર ૩૯–૪૦ નું હાયકોરટનું પ્રોશીડીંગ છે તેવું આ કામ છે. તે કામમાં એવું બતાવવામાં આ

વેલું હતું કે ઠરાર ઈંગરેજ સરકારના મુલકમાં કરવામાં આવેલો હતો. માટે તેમાં કરેલો હુકમ કાયદેસર નથી.

સબબ બીજા વર્ગના માજીસ્ત્રેટનો હુકમ રદ કરવો જોઈએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ સપટેમ્બર સને ૧૮૮૬.

મી૦ જસ્ટીસ કરનાન અને મી૦ જસ્ટીસ પાર્કર સાહેબોની રૂબરૂ.

વેરનીદેના કામમાં.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૭—ચોરીની મીલકતની વ્યવસ્થા કરવી—ગાય ચોરાયેલી—ચોરી થઈ તે વખતે વાછડુ ગર્ભમાં નહીં હતું તેની વ્યવસ્થા માજીસ્ત્રેટે ચોરના ઉપર ગુનાની શાબેતીનો ઠરાવ કરતી વખતે કરેલી.

આર ની ગાય ચોરાયેલી હોવાથી દોઢ વરસ ગયા પછી ચોરના ઉપર ગુન્હાની શાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો હતો. ચોરી થયા પછી ૭ મહીને વી એ તે ગાય વેચાતી લીધી હેને પોતાના કબજામાં હતી ત્યારે વાછડુ અવતર્યું હતું. વી. એ આર. ને તે ગાય અને વાછડું આપી દેવું એવો હુકમ માજીસ્ત્રેટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે કરયો હતો.

ઠરાવવામાં આવ્યું કે ચોરી થઈ તે વખતે એ વાછડાનો ગર્ભ નહીં રહ્યો હોવાથી એ વાછડુ આપવાનો હુકમ ગેરકાયદ છે.

પાનું ૨૫. નીલગીરીસના જીલ્લા માજીસ્તરેટ એલ આર. બરોસ સાહેબે હાયકોર્ટને કામ મોકલેલું છે.

એ કામની હકીકત નીચે પ્રમાણે કહેવામાં આવી છે:—

"તા૦ ૩ ફેબરવારી સને ૧૮૮૬ ના રોજ પહેલાં આશરે દોઢ વરસ ઉપર રંગસામીની એક ગાય ચોરાઈ હતી અને કુનુરના સેકન્ડ ક્લાસ માજીસ્તરેટની ફાઈલમાં કેલંડર નંબર ૫૩ ના કામના બીજા શાક્ષી મી૦ એ. સ્ટોન હાઉસને એ ગાય ચોરે વેચી હતી. તે પછી ઘણે ઠેકાણે એ ગાય ગઈ અને છેવટે ૨૦ રૂપીએ વેરનીદેએ તે વેચાતી લીધી. મી૦ વેરનીદેના આસરે એક વરશ સુધીનાં કબજાની અંદર તે ગાયને વાછડું અવતર્યું હતું. ઉપર કહેલાં કેલંડરના કામમાં એક મીકેરયલના ઉપર ગાય ચોરયાના ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આવ્યો હતો

અને તે ગાય અને વાછડુ રંગસામીને આપી દેવું, એવો હુકમ માજી-સ્ટ્રેટે કરયો અને જો મી૦ કેઅલ્લનો કરેલો દંડ લેવો જોઇએતો બદલા તરીકે વેરનીદેને ૨૦ રૂપીઆ આપવા જોઇએ એવો હુકમ કરયો.

સને ૧૮૮૬ ના ફોજદારી ફરી તપાસના નંબર ૧૮૦ ના કામના તા૦ ૭ એપ્રીલ સને ૧૮૮૬ ના રોજના પ્રોસીડીંગમાં આ પાછલો હુકમ હાયકોરટે રદ કરયો. મી૦ વેરનીદે જે તે ગાય અને વાછડાથી જુદો પ-વાને ઘણા નારાજી હતા તે કોઇ બાદુર જીલ્લામાં પટ્ટીકુંબીગાં તે ગાય અને વાછડાને લઇ ગયા હોય એમ માલમ પડે છે. તા૦ ૨૦ મે ૧૮૮૬ ને રોજ સેકન્ડ કલાસ માજીસ્તરેટે મી૦ વેરનીદેને લખ્યું કે જો તમે તે ગાય અને વાછડુ સોંપી નહીં દયો તો કાયદેસર કરેલા અમારા(માજીસ્ટે-ટના) હુકમોનો અમલ નહીં કરવાને વાસ્તે જીલ્લા માજીસ્ટેટને તમારા વાસ્તે અમે રીપોર્ટ કરીશું, અને વધારામાં એવું લખ્યું કે આટલું બધું કરવાને અમારે ઘણા દીલગીર થવું જોઇએ અને તે માટે બીલકુલ ઢીલ વગર એ મીલકત સોંપી દેવાની અમે તમને સલાહ આપીએ છીએ."

મી૦ વેરનીદેએ પોતાની અરજીમાં કહ્યું કે તા૦ ૧ લી જુનને રોજ મારી તકરાર છતાં મારા કબજામાંથી તે ગાય અને વાછડુ લઇ જવા-માં આવેલાં હતાં અને પોતાની અરજને વાસ્તે કારણો બતાવે છે કે સે-કન્ડ કલાસ માજીસ્ટેટનો હુકમ રદ કરવો, અને તે ગાય અને વાછડુ મને પાછાં અપાવવાં. વાછડું તો ગમે તેમ થાય તો પણ વેરનીદે પાસેથી નહીં લેવું જોઇતું હતું એમ અમારી નજરમાં આવે છે. જે વખતે ચો-રી થઇ ત્યારે એ વાછડુ હયાત હશે નહીં તેમજ વળી તે વાછડાનો ગર્ભ ગાયને હશે નહીં અને તે માટે એ વાછડુ ચોરીની મીલકત નથી.

શેકન્ડ કલાસ માજીસ્ટ્રેટ સાહેબનો હુકમ ફક્ત ગાયને લાગુ પાડી તેમાં ફેરફાર કરવો જોઇએ એમ અમારી ધ્યાનમાં આવે છે.

સરકાર તરફથી એકટીંગ પબ્લીક પ્રોસીક્યુટર (મી૦ પાઉએલ.)

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—એ ચોરીની મીલકતતો કાંઇ પણ એ વાછડું નહોતું. ચોરી થઇ ત્યારે ખરી રીતે એ વાછડાનો ગા-યને ગર્ભ પણ હતો નહીં. તે માટે એ વાછડુ સોંપાવવાને કાંઇ પણ કાયદેસર હુકમ થઇ સકે નહીં. હુકમનો જેટલો ભાગ વાછડાને લાગુ પડે તેટલો રદ કરેલો છે. બાકીનો હુકમ કાયમ રાખવો જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૨ તથા ૧૩ સપટેમ્બર સને ૧૮૮૬.

મી૦ જષ્ટીશ કરનાન અને મી૦ જષ્ટીશ બ્રેંડટ સાહેબોની રૂબરૂ.

કેસરેહીંદ વીરૂધ નારાયણસામી.

આર્મી આકટ સને ૧૮૮૧ (૪૪ અને ૪૬ વીકટોરીઆ બાબ ૫૮) ની કલમ ૧૫૬.

સને ૧૮૮૧ ના આર્મી આકટ (૪૪ અને ૪૫. વીકટોરીઓ. બાબ ૫૮) ની કલમ ૧૫૬ પ્રમાણે કોઈ સખસ સોલજર પાસેથી લશકરી સ ણુગાર ગીરોમાં રાખે તો તે શીક્ષાને પાત્ર થાય છે.

ઠરાવવામાં આવ્યું કે હીંદુસ્થાનમાં એક શીપાઇ પાસેથી એક બીલોહ ગીરો રાખે તો તે સખસને સને ૧૮૮૧ ના આર્મી આકટની આ કલમ લાગુ થાય છે.

પાનું ૧૦૮. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે એક નારાયણસામી પીલાઇ- ના ઉપરની ફરીઆદ ત્રીચીનાપોલીના આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટ એચ. આર. પારગર સાહેબે કાહાડી નાંખ્યાનો હુકમ કરેલો તે હુકમ વીરૂધ ફો- જદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે આ અર- જી કરવામાં આવેલી છે.

આ રીપોરટના કારણસર જરૂરીઆત હકીકત જસ્ટીશ બ્રાંડટ સાહે બના ફેંસલામાં બતાવવામાં આવેલી છે.

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ મી૦ પાવલ.

તોહોમતવાળા તરફથી કોઇ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલા આપ્યા.—

જસ્ટીશ કરનાન સાહેબઃ—સને ૧૮૬૯ ના આકટ ૫ માં દેશી ફો- જને સારૂ હીંદુસ્થાનની "આરટીકલસ ઓફ વોર" છે તેમાં જે સખસ તે "આરટીકલસ ઓફ વોર" ને તાબે ના હોય તેને કાંઈ પલટણના દે- શી સોલજરનો પોશાક અથવા બીલોહ વીગેરે સાનમાં રાખવાની મનાઇ કરવામાં આવેલી હોય એવો કાંઇ ઠરાવ નથી.

કલમ ૪૭ થી સોલજરે ગીરો વીગેરે મુકવું નહીં એવી મનાઇ ક- રવામાં આવેલી છે અને તેનું કૃત્ય શીક્ષા કરવા લાયક છે એમ ઠરાવવા- માં આવેલું છે.

તે આકટ હીંદુસ્થાનની દેશી ફોજને ફકત લાગુ થાય છે.

સને ૧૮૮૧ ના આર્મી આકટ (૪૪ અને ૪૫ વીકટોરીઆ બાબ ૫૮) બાદશાહી આકટ છે માટે તેમાં ખાસ અપવાદ કરવામાં આવેલો નથી. તેથી તે આકટ રેગ્યુલર ફોજને લાગુ થાય છે અને રેગ્યુલર ફોજ એ શબ્દમાં કલમ ૧૯૦ ની પેટા રકમ ૮ થી માહારાણી સાહેબની હીંદુસ્થાનની ફોજનો સમાશ થાય છે. કલમ ૧૮૦ ની પેટા રકમ ૨ (એચ) માં ઠરાવવામાં આવ્યું છે કે તે આકટનો ૨ જો ભાગ માહારાણી સાહેબની હીંદુસ્થાનની ફોજને લાગુ થતો નથી. માટે બાતલ કરયા શીવાય તે તમામ આકટ હીંદુસ્થાનની ફોજને લાગુ થાય છે.

સને ૧૮૮૧ ના આકટની કલમ ૧૯૦ ની પેટા રકમ ૬ માં ઠરાવવામાં આવ્યું છે કે જે કોઈ સખસ "આરટીકલશ ઓફ વેર" ને તાબે હોય તે સખસને સોલજર એવો શબ્દ લાગુ થાય છે.

માટે તે દેશી સોલજરને પણ લાગુ થાય છે. કલમ ૧૫૬ માં કલમ ૧૯૦ ના મચકુર વીરૂધ કાંઈ નથી. માટે સોલજર શબ્દ તે બેઉ કલમોમાં છે તે કલમ ૧૯૦ પ્રમાણે બધા સોલજરોને લાગુ થાય છે. સને ૧૮૭૯ અને સને ૧૮૮૧ ના આકટો મતલબમાં મળતા છે અને તેનો એકઠો અર્થ કરવો જોઈએ. પાછળના આકટમાં નવો ઠરાવ કલમ ૧૯૦ નો કરવામાં આવેલો છે અને તે પ્રથમના આકટથી કોઇ રીતે વીરૂદ્ધ અગર અનુંસરતો ના હોય તેવો નથી. તેમ જો કે તે સખશો આફીસરો, સોલજરો. અગર લશકરના નોકરો નથી તેઓને કલમ ૧૫૬ થી બેશક અસર કરે છે તો પણ સને ૧૮૮૧ ના આકટની કલમ ૧૮૦ ની પેટા રકમ ૨ પ્રમાણે માહારાણી સાહેબના હીંદુસ્થાનના લશકરમાં જે અમલદારો અગર સોલજરો હોય તેમને તેથી અસર થતો નથી.

માટે જીલ્લા માજીસ્ટ્રેટે ફરીઆદ કાહાડી નાંખ્યાનો હુકમ કરેલો છે તે રદ કરવો જોઇએ, અને કામની ફરી તપાસ કરવી જોઇએ.

જસ્ટીશ બ્રાંડટ સાહેબઃ—તા૦ ૨૪ નવેમ્બર સને ૧૮૮૫ ના રોજ ત્રીચીનાપોલીના જીલ્લા માજીસ્ટ્રેટે એક દુકાનદાર ઉપર એક શીપાઇનો બીલોહ ગીરો રાખ્યા બાબત ગુન્હાનો આરોપ રાખેલો તે વીશેની ફરીઆદ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે કાહાડી નાંખવામાં આવી, કારણ કે તે ફરીઆદ સને ૧૮૮૧ ના આર્મી આકટ તથા સને ૧૮૬૭ ના આકટ ૭ મા પ્રમાણે હતી.

બરોબર આ વાજબીના કામમાં જીલ્લા માજીસ્ટ્રેટની જગોએ આગળ થઇ ગએલા માજીસ્ટ્રેટે તપાસ કરેલો હતો અને તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવેલો હતો એમ જણાય છે.

જીલ્લા માજીસ્ટ્રેટે કહ્યું છે કે જે કારણો તેમણે બતાવેલાં તે પ્રમાણે તેમના અભીપ્રાય મુજબ તેમણે આખરે જે ઠરાવ કરેલો છે તે ખરો હોવાને બદલે ખોટો હોવાનો ઘણો સંભવ છે.

તેમણે જે નીશ્ચે કરેલો છે તેનાં કારણો એવાં છે કે કાયદા કરનારે તે કૃત્ય ગુન્હો છે એવું ઠરાવવાને ઇરાદો રાખેલો હોય એમ ખુલ્લી રીતે જણાતું નથી. અને સોલજર શબ્દ આર્મી આકટની કલમ ૧૫૬ માં વાપરવામાં આવેલો છે તેમાં દેશી સોલજર અગર માહારાણીના હીંદુસ્થાનના લશકરના શીપાઇનો સમાસ થતો નથી. અને પાછળથી જે ઠરાવ કરવામાં આવેલો છે તેનાં કારણો એવાં બતાવેલાં છે કે તે આકટની કલમ ૧૮૦ માં ઠરાવવામાં આવેલું છે કે હીંદુસ્થાનના દેશી લોકો માહારાણીની હીંદુસ્થાનની ફોજમા હોય તેવા સોલજરો સબંધી લશકરી કાયદાને હરકત થાય અગર અસર થાય તેવું તે આકટમાં કાંઇપણ નથી. અને હીંદુસ્થાનના "આર્ટીકલ ઓફ વોર" માં ઠરાવવામાં આવ્યું છે કે એક શીપાઇની કોરટમાં રસલ થએલી હોય તો તે કોરટ શીક્ષા કરે છે. તથા તે આરટીકલોના તાબાના બીજા કોઇ સખસોને લડાઇમાં અગર સામાન્ય રીતે સારી ચાલને લીધે બીલોહ મળેલો હોય તે ગીરો મુકે તો તે બાબત તે કોરટ શીક્ષા કરી શકે છે. અને તેની સાથે જે સખસ અમલદાર, સોલજર અગર લશકરનો નોકર ના હોય તે જાણી જોઇને એકાદા શીપાઇનો બીલોહ ગીરો રાખે તો તેમાં સને ૧૮૮૧ ના આર્મી આકટની પેઠે કાંઇ શાક્ષાનો ઠરાવ નથી. માટે એવો સવાલ ઉત્પન્ન થાય છે કે સને ૧૮૮૧ ના આર્મી આકટ પ્રમાણે એક શીપાઇ પાસેથી બીલોહ ગીરો રાખ્યા બાબત એકાદા સખસને શીક્ષા કરવામાં આવેલી હોય તો હીંદુસ્થાનમેં "આર્ટીકલસ ઓફ વોર," પ્રમાણે તે કૃત્ય શીક્ષાને પાત્ર નથી. અને માહારાણી સાહેબની હીંદુસ્થાનની ફોજમાં જે સોલજરો હીંદુસ્થાનના દેશી નથી. તેમની બાબતમાં હીંદુસ્થાનનો લશકરી કાયદો છે તેને અસર થતો નથી. માટે આર્મી આકટની કલમ ૧૮૦ ની પેટા રકમ ૨ ની રકમ અ. અને બ, પ્રમાણે શીક્ષા કરવામાં આવે તો તે કાયદા વીરૂદ્ધ છે કે કેમ.

નાથડબી વીરૂદ્ધ જાફર હુસેનના કામમાં ઠરાવવામાં આવેલું છે કે સને ૧૮૮૧ ના આર્મી આકટની કલમ ૧૪૫ ની રકમ ૧ લીમાં એવો કોઇ ઠરાવ નથી કે જેથી માહારાણી સાહેબના હીંદુસ્થાનના લશકરના સોલજરોને તે કલમ લાગુ થાય નહીં, માટે રકમ ૨ પણ તેને લાગુ થાય છે. વીગરે વીચાર કરી તેઉ સાહેબે જીલ્લા માજીસ્ટ્રેટનો હુકમ રદ

કરયો અને તેમને ફરમાવ્યું કે તે ફરીઆદ તમણે પોતાની દાખલ ઉપર પાછી લેઈને યોગ્ય રીતે તેનો વીચાર કરવો.

ફોજદારી અપીલ.

તા૦ ૧૦ તથા તા૦ ૨૯ ડીસેંબર સને ૧૮૮૬.

મી૦ જસ્ટીશ મત્તુસામીઆયર અને મી૦ જસ્ટીશ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

રતન મુદાલી.

પીનલકોડની કલમ ૨૯૫–૨૯૭—પુજાની જગો અપવીત્ર કરવી—કબરસ્થાનમાં પ્રવેશ.

એક મુસલમાન ફકીરની કબરની આસપાસ વરંડો વાળેલો હતો તેની અંદર એક ઓરત સાથે એક હીંદુ ર. એ સંભોગ કરયો. તેથી તેને હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૯૫ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો.

ઠરાવવામાં આવ્યું કે તે જગો પુજાની જગો તરીકે વાપરવામાં આવતી હતી. અગર બીજી રીતે પવીત્ર હતી એવું શાબેત કરવામાં આવે નહીં ત્યાં સુધી તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી. માટે સદરહુ કાયદાની કલમ ૨૯૭ પ્રમાણે ગુનહાની શાબેતીનો ઠરાવ કરવોજ જોઇએ.

પાનું૦ ૧૯૬. ચીંગલપટના આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટ જી. સી. જાહાનસન સાહેબે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટના હુકમ સારૂં આ કામમાં પુછેલું છે.

આ રીપોર્ટના કારણસર કામની હકીકત કોરટના ફેંસલાઓ ઉપરથી જણાય છે.

કોંનસલ રાખવામાં આવ્યા નથી.

જસ્ટીસ બ્રાંડટ સાહેબઃ—એક મુસલમાન ફકીરની કબરને મુસલમાન ધર્મના કેટલાક લોકો માનતા હતા તે કબરના વરંડામાં અથવા તેના એક ખુણામાં એક ઓરત સાથે તોહોમતવાળાએ સંભોગ કરયો છે એવો ઠરાવ કરવામાં આવ્યો છે તે કબુલ કરવો જોઈએ.

હીં૦ ફો૦ કા૦ ની કલમ ૨૯૫ પ્રમાણે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે. અને તેને ત્રણ માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરવામાં આવેલી છે. જીલ્લા માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે પેહેલા વર્ગના ટુકડીના માજીસ્ટ્રેટે ગુન્હાની સાબેતીનો ઠરાવ કરેલો છે

તે કાયદા પ્રમાણે ચાલી શકે એવો નથી એવા કારણથી કે (૧) તે જગો કોઇ વરગના લોકો પવીત્ર ગણતા હતા એવો કામમાં જોઇતો પુરાવ નથી. (૨) અપમાન કરવાનો ઇરાદો સાબેત થએલો નથી. એટલુંજ નહીં પણ તે કૃત્ય જે વખતે કરવામાં આવ્યું તે વખતનો અને જે હકીકતથી કરવામાં આવ્યું તે વખતનો પુરાવ છે તે ઉપરથી તે ઇરાદો નહીં હતો એમ થાય છે. (૩) કોઇ વરગના લોકો તે કૃત્ય પોતાના ધર્મને અપમાન ભરેલું છે. એમ ગણશે તેવો સંભવ છે. એવી તોહોમતવાળાની માહીતી હતી કે નહીં તે વીશે ઓછામાં ઓછું શક ભરેલું તો છેજ. જીલ્લાના માજીસ્તરેટે જે એવો વીચાર કરેલો છે કે તે કૃત્ય રાતના નવ વાગે કરવામાં આવ્યું તેથી અને તે હકીકત ફકત દૈવ્ય યોગ્યે માલમ પડી તેથી તે અપમાન કરવાનો ઇરાદો રહેતો નથી. અને જે જગો પશંદ કરવામાં આવેલી હતી તે ઉપરથી વ્યાજબી રાહે ફકત એટલું અનુમાન થઇ શકે છે કે તોહોમતવાળાએ એવી વ્યાજબી ઉમેદ રાખી હતી કે હું મારો આવેશ સંતોશ પમાડી શકીશ અગર તે એમ સમજેલો હતો કે મારી આ હકીકત જાણવામાં આવશે નહીં તે સાથે અમે મળતા છીએ. વળી અમારા અભીપ્રાયમાં આવે છે કે ફો૦ કા૦ ની કલમ ૨૯૫ માં જે શબ્દો વાપરવામાં આવેલા છે તેના હેતુ પ્રમાણે કોઇ વરગના સખસો તે જગો પવીત્ર ગણતા હતા. તે વીશે જોઇતો કાયદેશર પુરાવ નથી. તેમ જો તે કૃત્ય માલમ પડશે તો આ સખશોના ધર્મનું અપમાન થશે એવી માહીતી હતી એમ કાયદેશર રીતે અનુમાન થઇ શકતું નથી.

જે વસ્તુઓ માન્ય અને પ્રતીષ્ટાની છે અને જે પવીત્ર ગણાય છે તેમાં ભેદ છે અને તે સ્વછંદી રીતનો નથી. જેમકે પેહેલી બાબતના દ્રષ્ટાંત તરીકે અમે કબરસ્થાનની જગો બતાવી શકીએ છીએ. (ખ્રીસ્તી દેવળોના રીવાજ પ્રમાણે જે જગા ખાસ રીતે પવીત્ર કરવામાં આવેલી હોય છે તે પ્રમાણે તે ખરી રીતે પવીત્ર કરવામાં આવેલી નથી હોતી.) કારણ કે દેવની પુજા કરવાની જગો અગર દેવ કીંવા ગાદી જે જગોએ રાખવામાં આવેલી હોય તેનાથી તે જુદી છે અને આવો વીચાર કાયદા કરનારે પોતાના લક્ષમાં રાખેલો જણાય છે. કારણ કે કલમ ૨૯૫ માં પાછલા વરગની વસ્તુઓ તથા જગાઓની વ્યવસ્થા કરવામાં આવેલી છે. અને કલમ ૨૯૭ માં વીશેશે કરીને કબરસ્થાન તથા મરણની કીયા કરવાને સારૂ રાખેલી જગો જેમકે મડદાં ડાટવાની જગોમાં પ્રવેશ કરવામાં આવે તે વીશેની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

હવે આ જગો ખાસ રીતે પવીત્ર કરવામાં આવેલી નથી. એ વી-

ફી અમારી રૂબરૂ કાંઇ પુરાવ નથી. તોપણ અમારા જાણવામાં છે કે મુસલમાનો જે વાડીઓમાં તથા વરંડાઓમાં પોતાના ઘરડાઓને અગર પવીત્ર માણુસોને દફન કરેલા હોય ત્યાં બંદગી કરવાને સારૂ જાયછે. અને વખતે વખતે મરનારની યાદગીરી કાયમ રાખવાને જાયછે એ અસાધારણ વાત નથી તોપણ આ જગો તે પ્રમાણે વાપરવામાં આવતી હતી એવો કાંઇ પુરાવ નથી. માટે તે રીવાજ અમે ન્યાની રૂઇએ લક્ષમાં રાખી શકતા નથી.

સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે એવાં કાંઇ કારણ નથી કે જે ઉપરથી એમ ઠરાવી શકાય કે તોહોમતવાળો,પોતાનું કૃત્ય કરવાથી કોઇ સખસોના ધર્મનું અપમાન થશે એવો સંભવ હતો. એમ તેણે જાણવુંજ જોઈતું હતું.

તોપણ બેશક કબરસ્થાનની જગોમાં પ્રવેશ કરવામાં આવ્યો હતો એમાં કાંઇ પણ શક નથી. તેથી સવાલ એ છે કે આ પ્રમાણે પ્રવેશ કરવાથી કોઇ સખસોના મનને દુખ થશે એમ તોહોમતવાળો જાણતો હતો. એવું ઠરાવવું જોઈએ કે નહીં અને તે વીશે અમારા અભીપ્રાયમાં આવે છે કે જે લોકોની વચમાં તોહોમતવાળો રહેતો હતો તે લોકોના સામાન્ય વીચાર અને રીવાજની તેને જોઇતી માહેતી હતી એમ ઠરાવવુંજ જોઇએ. અને વખતે કોઇ સખશનું તેમાં ખાસ હીત નથી અગર તે કૃત્ય વીરૂધ કોઇને ગુસ્સો થવાનો નથી. અને એ વીશે ફરીઆદ કરવાનો નથી. અગર તેનું તે કૃત્ય બાહાર પાડવાનો સંભવ નથી, તે કારણથી તેને માફી થઇ શકતું નથી. તેની હકીકત માલમ પડેલી હતી અને જે બીના સાબેત થએલી છે તે પ્રમાણે મન દુખાવવાનો સંભવ થાય તેવા સખસો હતા પોતાનો વીશય સંતોશ પમાડવાના નીશ્ચયથી જાણી બુજીને બેદરકારી અને બીજાઓની લાગણી ગણુગારવામાં આવેલી નથી. પરંતુ જો તેનું કૃત્ય બાહાર પડે તો તેનો પરીણામ કેવો થાય તે સમજ રાખવામાં આવી નથી અને જે આસપાસનો વીચાર કરવો જોઇએ તે કરવાને તે નીષ્ફળ ગએલો છે. માટે તેને કલમ ૨૯૭ પ્રમાણે ગુન્હેગાર યોગ્ય રીતે ઠરાવી શકાય છે, અને કલમ ૨૯૫ ને બદલે કલમ ૨૯૭ પ્રમાણે ગુનેગાર ઠરાવવાથી તોહોમતવાળાને કાંઈ હરકત થવાની નથી. માટે કલમ ૨૯૭ પ્રમાણે અમે તેને ગુન્હેગાર ઠરાવી કલમ ૨૯૫ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ કરવામાં આવેલો છે તે રદ કરીએ છીએ.

શીક્ષાની બાબતમાં અમારી નજરમાં આવે છે કે તે વધારે છે. કારણ કે કાંઇ નીશ્ચે ઇરાદો હતો એમ માલમ પડેલું નથી. સબબ અમારી નજરમાં આવે છે કે એક માસ કેદની શીક્ષા સખત મજુરી સાથ જ

શ થાત. માટે હુકમ કરીએ છીએ કે તે મુદત પુરી થએ તોહોમતવાળા ને જેલમાંથી છોડી દેવો જોઇએ.

જસ્ટીશ મતુસામીઆયર સાહેબ:—આ કામમાં તોહોમતવાળો એક હીંદુ છે તેણે ગયા અકટોબર માશની તા૦ ૫ મીના રોજ એક ફકીરની કબરની આસપાસના વરંડામાં રાતના નવ વાગે એક ઓરત શાથે તેણે સંભોગ કરયો. જીલ્લા માજીસ્તરેટના વીચારમાં આવ્યું છે કે તોહોમતવાળાએ જે જગો પસંદ કરેલી છે તે તેણે રાતના નવ વાગે પોતાનું કૃત્ય કોઇને માલમ પડશે નહીં એવો સંભવ છે એમ ગણી તેણે તે પસંદ કરેલી હતી અને પોતાના ગામના મુસલમાનોના ધર્મને અપમાન કરવાનો તેનો ઇરાદો નહીં હતો. અને આ અભીપ્રાય શાથે પણ અમે મળતા છીએ. જો કે તે તોહોમતવાળાનો અસલ ઇરાદો એક જગોએ પોતાનું કૃત્ય માલમ પડે નહીં તે પ્રમાણે પોતાના વીશયને સંતોશ પમાડવાનો હતો. તોપણ જો તે કૃત્ય માલમ પડે તો તે મુસલમાનો પવીત્ર કરે, તેમના ધર્મનું અપમાન થાય અગર તેમના મનને દુખ થાય એવો સંભવ છે એમ તે જાણતો નહીં હતો એવું અમે કહી શકતા નથી. તોપણ એ કબર બંદગીની જગો તરીકે વાપરવામાં આવતી હતી. અગર કોઇક અમુક વસ્તુ પવીત્ર ગણવામાં આવતી હતી. તે અપવીત્ર કરવામાં આવેલી છે એવું બતાવવાનો કાંઇ પુરાવ નથી. માટે કલમ ૨૯૫ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ ચાલી શકતો નથી. પરંતુ અમારી નજરમાં આવે છે કે જે હકીકત માલમ પડી છે તે પ્રમાણે કલમ ૨૯૭ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ ચાલી શકે છે. તોહોમતવાળાએ કબરસ્થાનની જગોમાં પ્રવેશ કરયો હતો અને તે જાણતો હતો કે જો માહારૂ કૃત્ય માલમ પડશે તો તે મુસલમાનોના મનને દુખ થવાનો સંભવ છે. માટે અમારી નજરમાં આવતું નથી કે જો તેનું એવું માનવું હતું કે માહારૂં કૃત્ય ઘણું કરીને માલમ પડશે નહીં તેથી કાંઇ તફાવત થાય છે. તોપણ શીક્ષાનો હુકમ કરવામાં તે બાબત બેશક સારી પેઠે વીચારમાં લેઇ શકાય છે. માટે અમે કલમ ૨૯૭ પ્રમાણે ગુન્હાની સાબેતીનો ઠરાવ કરીએ છીએ અને મી૦ જસ્ટીશ બ્રાંડટ સાહેબે બતાવ્યું છે તે પ્રમાણે શીક્ષા કમી કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૭ ડીસંબર સને ૧૮૮૬.

મી૦ જસ્ટીશ મતુસામીઆયર અને મી૦ જસ્ટીશ બ્રાંડટ

સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂધ બોડાપા.

સને ૧૮૭૮ ના હથીઆર આકટની કલમ ૫ અને ૧૯.

બ ની પાસે સને ૧૮૭૮ ના હથીઆર આકટ પ્રમાણે એક જામગીરીની બંદુકનો પરવાનો હતો. પણ તે બંદુક પાછળથી તેણે બીજી રીતની કરી. તેથી તેને તે આકટની કલમ ૧૯ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો. કારણકે તે પરવાનાથી બીજી રીતની બંદુક રાખવાને તેને પરવાનગી આપવામાં આવેલી નહીં હતી.

ઠરાવવામાં આવ્યું કે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી.

પાનું ૧૩૧ કડાપાના આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટ જી. સ્ટોકસ સાહેબે ફો૦ કા૦ ય૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ કામમાં રેફરંસ કરવામાં આવેલું છે.

તે કામની હકીકત જીલ્લા માજીસ્તરેટે નીચે પ્રમાણે કરેલી છેઃ—

"તોહોમતવાળા ઉપર એવો આરોપ રાખવામાં આવેલો છે કે જે પરવાનો તેણે રજુ કરેલો છે તે પરવાનો જામગરીવાળી બંદુક બાબતનો છે. પરંતુ તેના કબજામાં તોટીવાળી બંદુક છે. તોહોમતવાળાએ એવો બચાવ આપ્યો છે કે હાલ માહારા કબજામાં જે બંદુક છે અને જે વીશે આ સવાલ ઉતપન થએલો છે તેજ બંદુક તે પરવાનો લેશી વખતે માહારી પાસે હતી. પરંતુ સુગમતાના કારણસર પરવાનો લીધા પછી તે જામગીરીની બંદુકનો ફેરફાર કરીને મેં તોટીવાળી બંદુક કરી છે.

"તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવતાં તે ઠરાવના કાયદેસરપણા વીશે જોઇંટ માજીસ્તરેટને શક રહયા વીના રહ્યું નથી. તેમની નજરમાં સ્પષ્ઠ આવ્યું છે કે જે પરવાનો રજુ કરવામાં આવેલો છે તે તકરારી બંદુકની બાબતમાં આપવામાં આવેલો હતો. માહારી નજરમાં આવે છે કે તે ગુન્હાની સાબેતીના ઠરાવના કાયદેશર પણા વીશે શક ભરેલું છે માટે આ કામ હાય કોરટનો હુકમ થવા સારૂં મોકલું છું"

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ મી૦ પાવલ.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યોઃ—

સવાલ એવો છે કે સને ૧૮૭૮ ના હથીઆર આકટની કલમ ૧૯ ના ઠરાવ વીરૂદ્ધ તોહોમતવાળાની પાસે કાંઇ હથીઆર હતું કે નહીં, એ-

ટલે જેવી રીતનું અને જે દરજ્જાનું હથીઆર રાખવાને તે કલમથી પ-રવાનગી આપવામાં આવેલી છે. તેવું તેની પાસે હથીઆર હતું કે નહીં. દરજ્જાની બાબતમાં કાંઈ સવાલ નથી. તે દેખીતી રીતે હથીઆર વીગ-રેની સંખ્યા અગર જથા સબંધી છે કે જે બાબત પરવાનો આપવામાં આવેલો છે અને રીતીની બાબતમાં તે બંદુક જામીનગીરીની હતી તે તો-ટીવાળી કરવામાં આવી તે કારણથી તે કબજામાં હોવાને લીધે પરવાનાથી મળતું રક્ષણ બંધ થતું નથી. કલમ ૫ માં રીતી શબ્દ વાપરવામાં આવેલો છે. તે જે સરતોથી હથીઆર બાબત પરવાનો આપવામાં આવે-લો છે તે સરતો સબંધી છે એમ અમને જણાય છે. એટલે તે કેવી રીતે રાખવું અને વાપરવું અને જે વખતે જરૂર પડે તે વખતે રજુ ક-રવું તે વીશેની તે સરતો છે. તે આકટમાં છોડવાના જુદા જુદા હથી-આરોની બાબતમાં કાંઇ ભેદ બતાવવામાં આવેલો નથી અને પ્રશીષ્ટ બે જોતાં માલમ પડશે કે જુદાં જુદાં હથીઆરોની બાબતમાં જે ભેદ ગણવામાં આવેલો છે તે જુદી જુદી બંદુકોની બાબતમાં ગણવામાં આ-વેલો નથી. માટે અમારે ઠરાવવું જોઇએ કે તે ગુનહાની શાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે બરોબર નથી માટે તે અમે રદ કરીએ છીએ અને ફર-માવીએ છીએ કે જો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો તે તોહોમ-તવાળાને પાછો આપવો.

એવી સુચના કરવામાં આવી છે કે તે આકટની કલમ ૫ માં એવું ઠગાવવામાં આવ્યું છે કે કોઇ સખસે પરવાના શીવાય કાંઇ હથીઆર બનાવવો નહીં, તેમાં ફેરફાર કરવો નહીં, અગર તે વેચવું નહીં, અગર વેચવાને સારૂં તે રાખવો નહીં, અગર વેચવા માંડવું નહીં, માટે તે ઠરાવ પ્રમાણે તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવી શકાતો હતો અને હાલ પણ ઠરાવી શકાય છે. તોહોમતવાળાએ જે હકીકત કહેલી છે તે જોતાં અમને માલમ પડે છે કે તેણે પ્રથમ એમ કહેલું છે કે જામગરીવાળી બંદુક હતી તે તોટીવાળી કરેલી છે. સાચી વાત છે કે પાછળથી તેણે એ વા શબ્દો વાપરેલા છે કે "મેં તે ફેરફાર કરીને તોટીવાળી બંદુક કરી" પરંતુ તે હકીકત તમામ વાંચતાં અમે કહી શકતા નથી કે તેણે પોતે તેમાં ફેરફાર કરયો એવો તેનો ઇગરાદો છે માટે જે ગુન્હા બાબત તેને ખુલાસો પુછવામાં આવેલો છે તેથી જુદા ગુન્હા બાબત તેને ગુન્હેગાર ઠરાવવાને અમે તઇયાર થયા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૮૭.

મી૦ જસ્ટીશ બ્રાંડટ અને મી૦ જસ્ટીશ પારકર સાહેબોની રૂબરૂ.

વેકંટચાલા પીલાઇ વીગેરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫—રજીષ્ટર આકટની કલમ ૪૧—રજીષ્ટ્રારની મંજુરી—રજીસ્ટર કરાવેલું વુઇલ જુઠું બનાવ્યા બાબત તપાસ કરતાં પહેલાંની સરત.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ ના હેતુ પ્રમાણે સને ૧૮૭૭ ના રજીષ્ટર આકટની કલમ ૪૧ મુજબ કામ કરનાર સબ રજીસ્ટ્રાર તે એક કોરટ છે.

પાનુ ૧૫૪ તાંનજોરના આકટીંગ શેશન જડજ જે. એ. ડેવીસ સાહેબે આ રેફરંસ કરેલું છે.

આ કામમાં પાંચ સખસોના ઉપર ખોટું વીલ બનાવવાને વાસ્તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૬૭ પ્રમાણે શીક્ષા થઇ શકે છે એવા તોહોમત ઉપર તપાસ ચલાવવાને કમીટ કરેલા છે.

સદરહુ વીલ જે ખોટું કહેવામાં આવેલું છે તે રજીસ્ટર આકટની કલમ ૪૧ પ્રમાણે માયવીરંમના સબ રજીસ્ટ્રારને એ વીલ ખરૂં છે એવી ખાતરી થયા પછી તે યોગ્ય રીતે રજીસ્ટર કરાવેલુ છે.

કમીટ કરવાને વાસ્તે કેદીના વકીલે હરકત કરેલી છે એવા કારણથી કે રજીષ્ટર આકટની કલમ ૪૧ પ્રમાણે ચાલતા સબ રજીસ્ટરાર એક કોરટ છે અને ફો. કા. ચ. નીરીતના કાયદાની કલમ ૧૯૫ ના ઠરાવની રૂકમ (શી) પ્રમાણે આ ગુનાહની સુનાવણી કોરટ કરી શકે તે પેહેલાં તે ઉ સાહેબનો ફરીઆદ ચલાવવાની મંજુરીનો હુકમ જોઇએ છીએ અને આવી મંજુરી આ કામમાં આપેલી જણાતી નથી.

ફો. કા. ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૭ માં ઠરાવ્યું છે કે કોઇ ઠરાવ, શીક્ષા અથવા હુકમ વીગેરે કલમ ૧૯૫ માં ઠરાવ્યા પ્રમાણે મંજુરી નહી આપેલી હોવાથી ફેરવાશે નહી, તે અપીલના અથવા ફરી તપાસના પ્રોશીડીંગમાં અથવા તો જયારે બાબ ૨૭ પ્રમાણે મંજુરીને વાસ્તે શીક્ષાના હુકમો મોકલેલા હોય તે વખતે ફકત લાગુ પડે છે. અને તે વાસ્તે અહીંઆં તે લાગુ પડતી નથી. જે હરકત લેવામાં આવેલી છે તે કમીટીંગ માજીસ્તરેટની રૂબરૂ લેવામાં આવેલી હોય એમ જણાય છે. પણ તેજ સાહેબે તે લક્ષમાં લીધી નથી. ફો. કા. ચ. ની રીત

ના કાયદાની કલમ ૧૯૫ ની રકમ (સી) ના અરથ પ્રમાણે સને ૧૮૭૧ ના રજીસ્ટર આકટની કલમ ૪૧ પ્રમાણે ચાલતા સબ રજીસ્ટરાર એક કોરટ છે કે નહી એ ફકત નીસ્ચય કરવાનો સવાલ છે.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કોરટ સબ્દની વાખ્યા આપેલી નથી. અને તે શક પડે તેવી ભાશામાં વાપરેલો છે. કેટલેક ઠેકાણે જાતી કો ન્યાયની રૂઇનો અખત્યાર તેનો અરથ થાય છે અને બીજે ઠેકાણે જગ્યા એવો તેનો અરથ થાય છે. કોઇ પણ કોરટમાં ચાલતું પ્રોશીડીંગ તે કલમ ૧૯૫ માં તેનો આ બીજો અરથ થાય છે. અને કલમ ૩૫૨ માં ઠરાવ્યું છે કે જે જગ્યામાં કોઇ પણ ગુનાહની તપાસ કરવાના અથવા તો ચલાવવાના ઇરાદાથી ફો. કોરટ કરવામાં આવે છે તે ખુલ્લી કોરટ સમજવી જોઇએ. તેની સાથે મુકાબલો કરો તોપણ કલમ ૪ ની છેલી રકમમાં ઠરાવ્યું છે કે સઘળા શબ્દોને વાકયો જે અહીંઆં વાપરવામાં આવ્યા છે અને હીંદુસ્થાનના ફોજદારી કાયદામાં જેની વાખ્યા આપેલી છે અને જેની અહીંયાં પહેલી વાખ્યા આપેલી નથી તેનો અરથ તે કાયદાથી અનુક્રમે જે કરેલો છે તે સમજવો જાઇએ.

પણ ફોજદારી કાયદામાં કોરટની કાંઇ પણ વાખ્યા આપેલી નથી કલમ ૨૦ માં ન્યાયની કોરટની વાખ્યા છે. પણ એ શબ્દ ખુલી રીતે કોરટ શબ્દના જેવો નથી. કારણ કે કલમ ૧૯ ના ઉદાહરણ (ડી)માં જડજની વાખ્યાથી કલમ ૨૦ માં આપેલી વાખ્યા જેવી છે તેથી એમ ઠરાવ્યું છે કે કોઇ તોહોમત જેમાં માજીસ્તરેટને તપાસ થવાને વાસ્તે બીજી કોરટમાં કમીટ કરવાનો ફક્ત અખત્યાર છે તે તોહોમતના સબંધમાંજ કોઇ માજીસ્તરેટ હુકુમતનો અમલ કરે છે તે જડજ નથી. જો બીજી કોરટ એ શબ્દો ઉપરથી એમ ફક્ત રીતે નીકળતુ નથી કે આવો માજીસ્તરેટ પોતેજ કોરટ છે તો ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૬ જેમાં સઘળા માજીસ્તરેટોને કોરટ તરીકે ઠરાવેલા છે તે જોવાથી શક દુર થાય છે અને તેજ કાયદાની કલમ ૫૦૬ પ્રમાણે તપાસ ચલાવવાને વાસ્તે કમીટ કરવાનો તે અખત્યાર તેમનેજ છે અથવાતો તેમને આપી શકાયછે. તેટલા વાસ્તે જો કે માજીસ્તરેટ જ્યારે પહેલી તજવીજ કરે છે તે વખતે ન્યાયની કોરટો નથી. પણ તેઓ કોરટો છે અને તે ઉપરથી એમ નીકળે છે કે તે શબ્દો એક સરખા નથી.

કોરટ શબ્દની વાખ્યાને વાસ્તે બીજે ઠેકાણે શોધતાં અમને જનરલ કલોઝાઝ આકટમાં કાંઇ માલમ પડતુ નથી. પણ સને ૧૮૭૨ ના પુરાવ આકટમાં એક અમને માલમ પડે છે તેમાં કલમ ૩ માં કોરટ સબ્દની એવી વાખ્યા આપી છે કે પંચ શીવાયના જડજો અને મા

ઈસ્તરેરો અને જે સખસોને કાયદેસર રીતે પુરાવ લેવાને અખ્તીઆર છે તેમાં સમાવેશ થાય છે. કલમ ૩૩ અને ૩૫ રુ ખાસ અખ્તીઆર છે તે શીવાય સને ૧૮૭૭ ના રજીસ્ટ્રાર આકટની કલમ ૬૩ પ્રમાણે કોઇ સબ રજીસ્ટ્રારને સામાન્ય રીતે અખ્તીઆર મળેલા છે. ફો. કા. ચ. ની રીતીના કાયદાના અરથ પ્રમાણે કોઇ સબ રજીસ્ટ્રાર એક કોરટ છે એવો કલકતા હાયકોરટે ઠરાવ કરેલો છે. સરધરીલાલના કામનો ઠરાવ જુઓ.

"શને ૧૮૭૨ નો ફો. કા. ચ. ની રીતીનો કાયદો જે વખતે ચાલુ હતો તે વખતે આ ઠરાવ કરવામાં આવેલો હતો. તોપણ તે કાયદામાં હાલના કાયદાની પ્રમાણે વાખ્યાઓની બાબતમાં પીનલકોડ બતાવવામાં આવેલો નહી હતો. તોપણ આ બાબતમાં પીનલકોડમાં કાંઇ નથી એમ અમે બતાવેલું છે સબબ તે ઠરાવના બળવાનપણાને હરકત થાય તેવું તેમાં કાંઈ નથી.

"જયારે કોઇ અમુક આકટના કારણસર કોરટ શબ્દની વાખ્યા કરવામાં આવેલી ના હોય અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદામાં અગર પીનલકોડમાં અગર જનરલ કલોઝ આકટમાં બીજી કાંઇ વાખ્યા કરવામાં આવેલી ના હોય ત્યારે અમારી નજરમાં આવે છે કે પુરાવ આકટ સામાન્ય રીતે લાગુ થાય છે. માટે તે આકટમાં કોરટ શ.બ્દ ની જે વાખ્યા કરવામાં આવેલી છે. તે વાખ્યા પ્રમાણે કોરટ એ શબ્દનો સાધારણ રીતે અરથ થાય છે. એમ કાયદો કરનારનો ઇરાદો છે એવું માનવું જોઇએ.

"એવો જવાબ દઇ શકાય છે કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે કાયદા કરનારનો હેતુ સબ રજીસ્ટ્રારો અગર રજીષ્ટ્રારો કોરટ તરીકે છે એવો ખુલી રીતે નથી. જો તેમ ના હોત તો ફકત અમુક કામોમાં તેઓને તે પ્રમાણે ગણવા જોઇએ એમ કાયદો કરનારાઓ ઠરાવત નહીં (ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૮૩ થી રજીષ્ટ્રાર અકટની કલમ ૮૪ ની છેલી રકમ દુરસ્ત કરવામાં આવી છે અગર ગરભીત રીતે રદ થએલી છે તે જુઓ.) પરંતુ તા૦ ૧૨ મે સને ૧૮૮૧ ના રોજ નંબર ૯૬૨ ના પ્રોશીડીંગમાં મદ્રાશ હાયકોરટે રજીષ્ટ્રારોની બાબતમાં આ શક વીશે વીચાર કરેલો છે. (વેરર્સ કામીનલ રૂલીંગસ પાનું ૩૯૯—૪૦૧) અને તેમાં ઠરાવવામાં આવ્યું છે કે રજીસ્ટરાર આકટની કલમ ૮૪ ઘડતી વખતે કાયદા કરનારાઓનો હેતુ જે કામો બાબત હતો તે કામો સીવાય ફો. કા. ચ. ની રીતીના કાયદા પ્રમાણે રજીસ્ટ્રાર એક કોરટ છે.

"ગમે તેમ હોય પણ અમે કલકતા હાયકોરટના ઠરાવથી એવું ઠરાવવાને બંધાએલા છીએ કે ફો. કા. ચ. ની રીતીના કાયદા પ્રમાણે સબ રજીષ્ટ્રાર એ એક કોરટ છે અને તે પ્રમાણે કલમ ૧૯૫ ની રકમ (ઇ) મુજબ આ ફરીઆદ ચલાવવાને તેમની મંજુરીની જરૂર નથી. કારણ કે કલકતાના સદરહુ ઠરાવ વીરૂધ મદ્રાશ હાયકોરટનો એકે ઠરાવ નથી.

"પરંતુ વળી એવી તકરાર કરવામાં આવી છે કે જયારે સબ રજીષ્ટ્રાર બીજા પક્ષકારોએ રજુ કરેલા વીલો રજીષ્ટર કરવાની બાબતમાં રજીષ્ટ્રાર આકટની કલમ ૪૧ પ્રમાણે ચાલતા હોય ત્યારે સદરહુ બતાવેલા મદ્રાશ હાયકોરટના ઠરાવ પ્રમાણે પણ તે સબ રજીષ્ટ્રારને કોરટ ગણવા જોઇએ. સદરહુ પ્રોશીડીંગમાં તે હાયકોરટે ઠરાવ્યું છે કે રજીષ્ટ્રાર આકટની કલમ ૭૩—૭૪ અને ૭૫ પ્રમાણે રજીષ્ટ્રાર કામ કરતા હોય ત્યારે તે એક જડજ છે. માટે પીનલકોડના હેતુ પ્રમાણે તે ન્યાયની કોરટ છે. અને હાલ એવી તકરાર કરવામાં આવી છે કે સાધારણ દસ્તાવેજોની બાબતમાં હાયકોરટના કેહેવા પ્રમાણે સબ રજીષ્ટ્રાર એક કામ કરનાર અમલદાર છે. તોપણ વીલની બાબતમાં તેઉને રજીષ્ટ્રાર આકટની કલમ ૪૦ અને ૪૧ પ્રમાણે રજીષ્ટ્રારને જેવો અખ્તીઆર છે તેવો અખ્તીઆર છે. સાધારણ દસ્તાવેજના ખરાપણાની બાબત જયારે તકરાર કરવામાં આવે ત્યારે સબ રજીષ્ટ્રારને આગળ ચાલવાને અખ્તીઆર નથી. તેમને તો રજીષ્ટર કરવાની ના કહેવાની છે. પરંતુ વીલની બાબતમાં રજીષ્ટ્રાર આકટ પ્રમાણે તેમને વધારાનો અખ્તીઆર આપવામાં આવેલો છે. તેઉ પૂરાવ જોઇ તે દસ્તાવેજ સાચો છે કે નહી એ વીશે ઠરાવ કરી શકેછે. માટે રજીષ્ટ્રાર જો એક જડજ અને કોરટ આકટની તે કલમ ૪૧ પ્રમાણે કામ કરતા હોય તો તર્કથી વીચાર કરતાં કલમ ૭૩ અને ૭૪ પ્રમાણે કામ કરતી વખતે તે જડજ અને કોરટ છે અને તેજ પ્રમાણે સબ રજીષ્ટ્રાર પણ છે. આ તકરાર ઘણી વજન ભરેલી છે એમ અમારી નજરમાં આવે છે માટે સબ રજીષ્ટ્રાર જેમ આ કામમાં રજીષ્ટર આકટની કલમ ૪૧ પ્રમાણે કામ ચલાવતા હતા તેમ કામ ચલાવે ત્યારે તે એક કોરટ છે. અને તેથી ફરીઆદ ચલાવવાને તેમની મંજુરીની જરૂર છે એવું ઠરાવવાને આ એક બીજુ અગર વધારાનું કારણ છે.

સબબ ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૯૫ પ્રમાણે કમીટ કરવાનો હુકમ રદ કરવાના કારણસર આ કામ અમે હાયકોરટમાં મોકલીએ છીએ."

તોહોમતવાળા તરફથી બાશીયમ આયંગર.

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ મી૦ પાવલ.

કોરટનો ફેંસલો જષ્ટીશ પાર્કર સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે કોરટ એ શબ્દ ફકત હીં. ફો. કાયદામાં ન્યાયની કોરટની જે વાખ્યા બતાવેલી છે તેનેજ લાગુ થાય છે એમ નથી. ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૬ નો ખુલ્લો હેતુ છે કે બીજા કાયદા પ્રમાણે સ્થાપેલી કોરટો અને કાયદા કરનારાએ ન્યાયની કોરટનું વરણન વધારે મરીયાદાની સાથે કરેલું છે તેના કરતાં સામાન્ય રીતે કોરટ શબ્દ વાપરવાને યોગ્ય ધારેલું છે સબ રજીષ્ટ્રારને હીંદુસ્થાનના રજીષ્ટર આકટના ભાગ ૮ પ્રમાણે અમુક બાબતોની ખાતરી કરવા સારૂ પુરાવ લેવાને કાયદેસર રીતે અખ્તીઆર આપેલો છે માટે સને ૧૮૭૭ ના આકટ ૩ની કલમ ૪૧ પ્રમાણે જયારે તેઓ કામ કરતા હોય ત્યારે હીંદુસ્થાનના પુરાવ આકટના હેતુ પ્રમાણે તે એક કોરટ છે. એક કામમાં સબ રજીષ્ટ્રારને અમુક દસ્તાવેજ રજીષ્ટર કરવો જોઈએ કે નહી તેનો નીરણય કરવાનો હતો. તેથી તેમની રૂબરૂ પુરાવમાં તે દસ્તાવેજ આપવામાં આવેલો હતો. માટે તે કામના પક્ષકારે જે ગુનહો કરેલો કહેવામા આવેલું હોય તે ગુનહાની તપાસ કરતાં પહેલાં ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૧૯૫ પ્રમાણે તેમની મંજુરીની જરૂર છે એમ અમને જણાય છે.

તે જડજે એવો રીપોર્ટ કરેલો છે કે તમામ તોહોમતવાળાઓ તે પ્રોશીડીંગના પક્ષકારો હતા માટે કમીટ કરવાનો હુકમ રદ કરવામાં આવ્યો છે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ જાનેવારી સને ૧૮૮૭

સર આર્થર જે એચ કોલીન્સ નાઇટ ચીફ જષ્ટીશ, મી૦ જષ્ટીશ કરનાંન; મી૦ જષ્ટીશ મતુસામીઆયર, મી૦ જષ્ટીશ બ્રાંડટ અને મી૦ જષ્ટીશ પાર્કર સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ વેકંટ શાગાદુ વીગરે.

ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૩૩—પીનલકોડની કલમ ૬૫—દંડ વસુલ આપવાને કસુર કરવાથી કેદ—

ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૩૩ પ્રમાણે દંડ વસુલ આપવાને કશુર કરવાના કારણસર હીં. ફો. કા. ની કલમ ૬૫ માં ઠરાવેલી શીક્ષા કરતાં વધારે શીક્ષા કરવાને માજીસ્ટ્રેટને અખ્તીઆર આપવામાં આવેલો નથી. માહારાણી વીરૂધ મહમદ સાહેબના કામનો ઠરાવ

ઇન્ડીયન લો રીપોરટ મદ્રાસ વાલ્યુમ ૧ ને પાને ૨૭૭ મે છે તે સને ૧૮૮૧ માં રદ કરવામાં આવ્યો છે.

પાનુ ૧૬૫ ક્રીસ્નાના આકટીંગ જીલા માજીસ્ત્રેટ જે થોમસન શાહેબે ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે,

ડી. ફો. કા. ની કલમ ૫૧૦ પ્રમાણે વેકંટશ ગાદુ તથા બીજા ચાર સખસોને દારૂ પીઈને જાહેરાંત જગોએ ઇજા કરવા બાબત મંગળગીરીના બીજા વરગના માજીસ્ત્રેટે ગુનેહગાર ઠરાવેલા હતા. તોહોમતવાળાઓમાંથી ત્રણ તોહોમતવાળાઓને બાર કલાક આસાન કેદ અને દરેકના રૂ ૫) દંડ કરેલા છે. અને તે દંડ આપવાને કશુર કરે તો બે દીવશ આશાન કેદની સીક્ષા કરેલી છે તથા બીજા બે સખસોને દરેકના રૂ ૩) દંડ કરેલા છે અને તે આપવાને કશુર કરે તો દરેકને બે દીવશ આશાન કેદની શીક્ષા કરેલી છે.

જીલા માજીસ્ત્રેટે આ કામ મોકલેલું છે એવા કારણથી કે તે ગુનહા બાબત વધારેમાં વધારે શીક્ષા ચોવીશ કલાક આસાન કેદની છે. માટે દંડ બદલ છ કલાક કરતાં વધારેની જે કેદની શીક્ષા કરવામાં આવેલી છે તે પીનલકોડની કલમ ૬૫ અને ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૩૩ પ્રમાણે કાયદા વીરૂધ છે.

આ કામ જષ્ટીશ મુતુસામીઆયર તથા જષ્ટીશ બ્રાંડટ સાહેબોએ ફુલબેંચ તરફ મોકલ્યું.

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ મી૦ પાવલ ફુલબેંચે નીચે પ્રમાણે ઠરાવ કરયો

ફેંસલો:—માહારાણી વીરૂધ મહમદ સાહેબના કામનો ઠરાવ સને ૧૮૮૧ માં ફુલબેંચનો રીપોટ થયા વીનાનો ફેંસલો કે જે વેરશે ક્રીમીનલ ડાઇજેષ્ટના પાને ૩૩૫ મે પ્રશીધ કરવામાં આવેલો છે તેથી રદ કરવામાં આવ્યો છે.

અમે આ પાછલા ફેંસલા પ્રમાણે ચાલીએ છીએ:—

હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ દરબાના કામનો ઠરાવ પણ જુઓ.

માટે આ કામ ડીવીઝન બેંચ તરફ નીકાલ કરવા મોકલવુ જોઇએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧ મારચ સને ૧૮૮૭

મી૦ જષ્ટીશ કરનાંન અને મી૦ જષ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

મહારાણી વીરૂધ કેશરેહીંદ વીરૂધ પોનુ રાંગમ.

પીનલકોડની કલમ ૨૪—૨૭૮—સહ હીસેદારે મજીયારી મીલકત ની કરેલી ચોરી.

સહહીસેદાર મજીયારા કબજામાંથી મજીયારી મીલકત લેઇ પોતાનો જુદો કબજો કરે તો તે સહ હીસેદારે તે મજીયારી મીલકતની ચોરી કરી થઇ શકેછે.

પાનુ ૧૮૬ ઉત્તર આરકટના જીલા માજીસ્ત્રેટ ડબલ્યું. એચ. ગ્લેની સાહેબે ફો૦ કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામ મોકલેલું છે.

કામની હકીકત નીચે પ્રમાણે કહેવામાં આવેલી છેઃ—

"તોહોમતવાળો પોનું રાગામ એક અઢાર વરસની ઉમરનો છોકરો છે તેણે પોતાના બાપની માંડી અગર દુકાનમાંથી બાપની અણજાણતામાં એક ગાડી લીધી અને તે વેચી અને તેની ઉપજનો ઉપીયોગ કરયો તેણે આ બધું કબુલ કરેલું છે. પરંતુ પેહેલી એવી તકરાર કરીજે કે હું મહારા બાપ સાથે અવીભકતાછુ અને તે ગાડીનો મજીયારો માલેકછું અને બીજી એવી તકરાર કરી કે તે ગાડી લેઈ જવાનુ કારણ એ હતું કે મહારા બાપે બીજુ લગન કરેલું છે અને તેમને (તોહોમતવાળાને) અગર મહારી માને ખોરાકી પોશાકી આપતો નથી. તે ગાડીમુજે ઉપજેલુ તેનો એક ભાગ મહારા નીરવાહને સારૂ રાખી બાકીનો ભાગ મહારી માને મોકલેસો છે તેમ તેણે કહેલું છે.

"બીજા વરગના માજીસ્તરેટે આ તમામ કહેવાના કારણસર તોહોમતવાળાના શબ્દો કબુલ કરી ઠરાવ્યું કે તે તોહોમતવાળાએ શુધ બુધીવાળા હકના દાવાથી તે કરેલું જણાય છે. માટે તેને છોડી દેવામાં આવે છે."

કાંનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

બીજા વરગના માજીસ્તરેટનો ફેંસલો તથા હુકમ બરોબર નથી કુટંબનો એક સખશ સહભાગીયો હોય તેમ છતાં જો તે મજીયારા કબજામાંથી મજીયારી મીલકત લેઇ પોતાનો આગવો કબજો કરે તો તેણે

ચોરી કરી થાય છે:—હીં. ફો. કાયદાની કલમ ૩૭૯ ઉપર વેરર્સ ક્રીમીનલ રૂલીંગ્શને પાને ૧૫૪ મે જે ઠરાવો છે તે જુઓ.

માટે નીરદોશનો ઠરાવ રદ કરવામાં આવે છે અને માજીસ્તરેટને ફરમાવવામાં આવે છે કે હીં. ફો. કાયદાની કલમ ૩૭૮ માં ચોરીની વાખ્યા છે તે ઉપર લક્ષ રાખી તે કામનો ફરીથી તપાસ કરવો અને તે કરવામાં કલમ ૨૪ માં બદદાનતથી એવો શબ્દ છે તે ઉપર પણ લક્ષ રાખવું.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ મી મારચ તથા તા૦ ૧ લી અપરેલ સને ૧૮૮૭

મી૦ જષ્ટીશ સર આર્થર જે એચ કોલીન્શ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ પાર્કર સાહેબોની રૂબરૂ.

મીલડે વીગરેના કામમાં.

પીનલકોડની કલમ ૧૦૩ અને ૪૯૪—દેશી ખ્રીસ્તી—વટલાએલો પાછો આવેલો તેણે કરેલું લગ્ન.

અ પોતાની નહાની ઉમરમા રોમન કયાથોલીક દેવળમાં ખ્રીસ્તી થઇ હતી પણ પાછળથી તે પાછી હીંદુ ધર્મમાં પોતાના કુટંબ સાથે આવી અને એક હીંદુ સાથે પરણી. તેણીના હીંદુ ધણીએ પછળથી તેણીને દુર કરી અને કહયું કે તે ખ્રીશ્તી થએલી હતી એવું હું જાણતો હોત તો હું તેને પરણત નહીં પછી તે અ ને ફરીથી રોમન કયાથોલીક દેવળમાં દાખલ કરવામાં આવી અને એક પાદરીએ એક રોમન કયાથોલીક સખશ સાથે તેણીના હીંદુ ધણીની હયાતીમાં પરણાવી.

ઠરાવવામાં આવ્યું કે તેણીનું તે હીંદુ સાથેનું લગન તેણીએ ખ્રીસ્તી લગન કરયું તે વખત કાયમ અને બળવાન હતું માટે તેણીએ એક ધણી હયાત છતાં તે ધણીની પરવાનગી વીના તેણીએ બીજો ધણી કરયો તે બાબત તે ગુનેહગાર છે. અને તે ગુનહામાં બ એ મદદ કરી. તે બાબત તે બ ગુનેહગાર છે. લોપેઝ વીરૂધ લોપેઝ (ઇન્ડીયન લો રીપોર્ટ ૧૨ કલકતા પાનું ૭૦૬) નો વીચાર કરવામાં આવેલો છે.

પાનુ ૨૧૮ કામની હકીકત બાબત તકરાર નથી અને તે શેશન જડજે નીચે પ્રમાણે બતાવી છે:—

"દશ વરસ ઉપર જે દુશકાલ પડેલો હતો તે વખતે પહેલી તોહોમતવાળી ઇરસી એક નાહાની વયની છોકરી હતી અને તેણીને તેણીના માબાપ પોતાના ગાંમ પોલુકાનંમ તીરૂવાના મલાઇ તાલુકામાં છે ત્યાંથી

તીરુવાનમ તાલુકામાં અલાઉ ગામમાં લેઇ ગયા હતા. ત્યાંહા તેઓને બીજા લોકોની સાથે તે જગોના પાદરીએ રોમન કયાથોલીક દેવળમાં ખ્રીસ્તી કરવામાં આવ્યા. આ બાબત શુમારે સને ૧૮૭૭ ની શાલમાં થએલી હતી. સને ૧૮૮૫ માં તે ઇરસી પાહીઆ જાતની હતી તેથી તે ન્યાતના રીવાજ પ્રમાણે તથા ખ્રીસ્તી નહી તેવા ધર્મની ક્રીયા પ્રમાણે તેણીને પહેલા સાક્ષી સુબાન સાથે પરણાવી તે પોતાના ધણીની સાથે શુમારે એક માસ રહી અને તે મુદતની દરમીઆનમાં તે ધણીના ધર્મ પ્રમાણે તે ચાલી. તેઓને જુદાં તરત પડવાનું કારણ માલુમ પડતું નથી. સુબાંનને એવું માલુમ પડેલું કે તેણીને એક વખત ખ્રીસ્તી કરવામાં આવેલી હતી તેથી તે જુદાં પડે એમ બની શકે. ગમે તેમ હોય પણ તે હાલ કહે છે કે હું ઠગાયેલો છું, અને તે હકીકત હું જાણુતો હોત તો હું તેણીની સાથે પરણુત નહીં. અને બીજો તોહોમતવાળો રોમન કયાથોલીક પાદરી મી૦ મીલડે જે કોરટમાંછે તેમણે તેઓની વચમાં પાછળથી જયારે સમાધાન કરવાને અજમાવ્યું ત્યારે શુબાંને તેણીને પાછી લેઇ જવાની ના પાડી એવા કારણથી કે તે ખ્રીસ્તી છે અને તેણે તેણીના બીજા લગનના ખરચના રૂ ૨૦) આપવાને પણ કબુલ કરેલું છે.

"સપટેંબર સને ૧૮૮૬ માં એક ખ્રીસ્તી નામ થેરીશીનું દેઇ તે ઇરસીને ઝ.ચારી નામના ખ્રીસ્તીને રેવરંડ મી૦ મીલડે પરણાવી હતી. જો તેણીનું લગન બળવાન હોય તો, તે એક ધણી છતાં તેણીએ બીજો ધણી તે પહેલા ધણીની રજા વીના કરયો તે બાબત ગુનેહગાર છે, અને તે ગુનહો કરવામાં તે પાદરીએ મદદ કરયા બાબત તે ગુનેહગાર છે.

અરજદારે તરફથી મી૦ ગ્રાંટ અને લેગે ટડાકાના ચીયરનો એક તરફી ઠરાવ, ગોપાલકીંગ વીરૂધ, ધંગારી, મુંબાઇ સરકાર વીરૂધ જીંગા અને વેસ્ટ ક્રીમીનલ રૂલીંગ્શ આરૂની પાનું ૨૧૬ બતાવ્યા.

સરકાર તરફથી ગુનહાની સાબેતીના ઠરાવના આધારમાં સરકારી વકીલ મી૦ પાવલે વળી માહારાણી વીરૂધ શભુર ઘુનો ઠરાવ બતાવ્યો.

આ અરજી ઉપરથી જે બીજી તકરારો કરવામાં આવેલી છે તે આ રીપોટના કારણુસર કોરટના ફેંસલા ઉપરથી જણાય છે.

ફેંસલો:—પેહેલી તોહોમતવાળી ઇરસીને પીનલકોડની કલમ ૪૯૪ પ્રમાણે પોતાના ધણી સુબાનની હયાતીમાં લગ્ન કરયા બાબત ગુનેહગાર ઠરાવેલી છે અને બીજો તોહોમતવાળો એક રોમન કયાથોલીક પાદરી છે તેને તેણીએ સદરહુ ગુનોહ કરયો તેમાં મદદ કરયા બાબત ગુનેહગાર ઠરાવેલો છે.

સને ૧૮૭૭ માં ઇરશી એક નાહાની છોકરી હતી. અને તેણીને

પોતાના માબાપ શાથે રોમન કયાથોલીક દેવળમાં ખ્રીસ્તી કરવામાં આવેલી હતી. પરંતુ તેણીના બાપના મરણ પછી તે કુટંબ પાછું હીંદુ ધર્મમાં આવ્યું અને પારીયાનાથના રીવાજ પ્રમાણે તે ઇરસીને એક સુબાન સાથે પરણાવી. કેટલીક મુદત તેઓ એકઠાં રહયાં ત્યાર પછી સુબાને તે ખ્રીસ્તી થએલી હતી તે કારણથી તેણીને દુર કરી. અને ત્યાર પછી સને ૧૮૮૬ માં તેણીને રોમન કયાથેલીકના દેવળમાં બીજા તોહોમતવાળાએ દાખલ કરી અને એક રોમન કયાથોલીક ખ્રીસ્તી જાહચારી સાથે પરણાવી એવી હકીકત માલમ પડેલી છે.

શેશન જડજે ઠરાવ્યું કે તે ઇરશી અને સુબાનની વચેનું લગ્ન દેસી વટલાએલા સખસોના લગ્ન તુટવા બાબતનો સને ૧૮૮૬ નો આકટ ૨૧ મો છે તે પ્રમાણે તુટેલું નથી. અને તે લગ્ન જાહચારીની સાથે ખ્રીસ્તી લગ્ન જે તારીખે ઇરસીએ કરયું તે તારીખે બળવાન હતું માટે બેઉ તોહોમતવાળા ગુનેહગાર ઠરવાને પાત્ર છે પરંતુ તેઉ સાહેબે ફકત નામની શીક્ષા કરી એવા કારણથી કે કાયદાના ભુલ ભરેલા વીચારથી તેઓ વટલેલા છે.

જે કારણોથી આ ગુનહાની સાબેતીનો ઠરાવ ફરી તપાસમાં ફેરવવાને અમારી પાશે માગવામાં આવલું છે તે એ છે કે:—

(૧) ઇરશી અને સુબાનની વચમાં પારીયા લગ્ન થએલું છે તે કાયદેસર રીતે રદ બાતલ છે.

(૨) જો તે બળવાન હોય તોપણ રોમન કયાથોલીક દેવળના મુખ્ય નીયમ પ્રમાણે તે તુટવા લાયક હતું અને તે કાયદેસર રીતે તુટેલું છે એમ અનુંમાન કરવું જોઇએ.

પેહેલા કારણ વીશે એવી તકરાર કરવામાં આવી છે કે તે ઇરશી ફરીથી હીંદુ ધર્મમાં બીલકુલ ગએલી નથી. અને તેથી હીંદુસ્થાનના ખ્રીસ્તી લગ્નના આકટ (સને ૧૮૭૨ નો ૧૫ મો) ની કલમ ૪ પ્રમાણે તેણીનું સુબાન સાથેનું લગ્ન રદ બાતલ છે. પરંતુ એવો પુષ્કળ પુરાવ છે કે જે ઉપરથી તે જડજ એવું ઠરાવવાને હકદાર થાય કે તે કુટંબ પોતાના ગામમાં પાછું ગયું ત્યાર પછી તે તેઓ પાછળ હીંદુ ધર્મમાં ગએલા હતા માટે અમારે ઠરાવવું જોઇએ કે તે ઇરસી અને સુબાનનું લગ્ન બળવાન લગ્ન છે.

બીજો શવાલ એવો છે કે જે ખ્રીસ્તી લગ્ન કહેવામા આવેલું છે. તે લગ્નની તારીખે સદરહુ લગ્ન કાયદેસર રીતે તુટેલું હતું કે નહી મી. લીંગ તકરાર કરેછે કે રોમન કયાથેલીકના નીયમ પ્રમાણે તે તુટવા લાયક હતું અને તે તુટેલું છે એ વીશે કામમાં જો કે કાંઇ પુરાવ નથી તોપ

ણ કાયદેસર અનુંમાન થઇ શકેછે કારણ કે તે લગ્ન કરવામાં આવેલું છે. અને તે કરતાં પેહેલાં જે જરૂરીઆત બાબતો પાળવાની છે તે પ્રમાણે યોગ્ય રીતે પાળવામાં આવેલું છે.

આ કામમાં અમારો સ્પષ્ટ રીતે અભીપ્રાય થાય છે કે આવું કાંઇ અનુંમાન થતું નથી. અમારી રૂબરૂ જે હકીકત છે તે હકીકતને એવો નીયમ લાગુ કરવાને અરજ કરવામાં આવી છે કે એક વખત લગ્ન સાબેત થયું એટલે જો વીરૂધ્ધ પુરાવ ના હોય તો તે લગ્ન કાયદા પ્રમાણે થએલું હતું. એવું અનુંમાન થાય છે. જયારે પ્રથમનું સાબેત થએલું લગ્ન બળવાન હતું ત્યારે તે લગ્ન કેવી રીતે થએલું તે વીશે કાંઇ અનુમાન થઇ શકતું નથી. આવા કામમાં પ્રથમનું લગ્ન બળવાન રીતે તુટેલું છે. એ બતાવવાનો તદન બોજો બચાવ ઉપર છે.

પછી (૧) સુબાન અને ઇસ્સીની વચે થએલું લગ્ન રોમન 'કયાથોલીકના નીયમ પ્રમાણે તુટી શકેછે. અને (૨) ખરી રીતે તે તુટેલું છે તે સાબેત કરવાને પુરાવ દાખલ કરવો જોઇએ એમ અમારી પાસે માગેલું છે અને જે એવી તકરાર કરવામાં આવી છે કે આવા પક્ષકારોને ઇંગરેજી સ્ટાટયુટના નીયમો લાગુ થતા નથી. પરંતુ જે વરગના તેઓ છે. તે વરગના રીવાજના નીયમો તેને લાગુ થાય છે. માટે મનાઇ કરેલી જે પાદરી છે તે પાદરીની અંદર રોમના દેવળના નીયમ પ્રમાણે જે સખસોની વચમાં લગ્ન થએલું હોય તે બળવાન થઇ શકેછે. તે તકરારની પુષ્ટીમાં લોપેઝ વીરૂધ લોપેઝનો ઠરાવ અમને બતાવવામાં આવેલો છે.

આવા કામમાં તકરાર કરનાર પક્ષકારોમાંનો એક પક્ષકાર સુબાન છે તેને રોમન કયાથોલીક દેવળના રીવાજ પ્રમાણેના નીયમો કોઇ:દીવશ લાગુ થએલા નથી. માટે સદરહુ ઠરાવમાં બતાવેલો નીયમ આ કામને લાગુ થઇ શકતો નથી. તે ધર્મના નીયમો પ્રમાણે સુબાન પોતાની ઓરતથી બાતલ થઇ શકતો નથી. માટે આ બાબત વીશે પુરાવ લેવો તે લાગતો નથી.

પછી એવી તકરાર કરવામાં આવી છે કે દેસી વટલાએલા સખશોના લગ્ન તુટવાના આકટ (સને ૧૮૬૬ નો ૨૧ મો) રોમન કયાથોલીકને લાગુ થતો નથી. અને ગવરનર જનરલ ઇનકાઉન્સીલના કરેલા આકટોના અમલમાંથી રોમન કયાથોલીકને હમેશાં માફી આપવામાં આવેલી છે. આ તકરારની પુષ્ટીમાં તે આકટની કલમ ૩૪ અને હીંદુસ્થાનના ખ્રીસ્તી લગ્નના આકટ (સને ૧૮૭૨ નો ૧૫ મો) ની કલમ ૬૫ અમને બતાવ

વામાં આવેલી છે.

અમુક હકીકત તથા અમુક કામ ચલાવવાની રીતી પ્રમાણે જે દેશી સખસો ખ્રીસ્તી થએલા હોય તેમને ધર્મના કારણથી તેમની ઓરતો એ અગર ધણીઓએ ત્યાગ કરેલા હોય અગર નાકબુલ કરેલા હોય તેમના લગ્નો કાયદેસર રીતે તુટવાનો સને ૧૮૬૬ ના આકટ ૨૧ નો હેતુ છે. અને તે આકટની કલમ ૩૪ માં ઠરાવવામાં આવ્યું છે કે કોઇ દેશી વટલાએલો સખશ રોમન કયાથોલીક ધરમમાં ગએલો હોય અને તેનું લગ્ન રોમન કયાથોલીક દેવળના નીયમો, ક્રીયાઓ, અને રીવાજો પ્રમાણે જો કરવામાં આવેલું હોય તો તે લગ્ન નાબુદ છે એવું ઠરાવવાને આ આકટમાં કાંઇ પણ નથી. તે કલમથી તે આકટમાં ઠરાવેલી કામ ચલાવવાની રીતી બાબત રોમન કયાથોલીક થએલા સખસોને માફી આપવામાં આવેલી નથી. માટે એક'દી ઓરતનો ધણી કાયમ હોય તેમ છતાં તેણીને રોમન કયાથોલીક પાદરી પરણાવે તો તે કાયદેસર નકી નથી.

સને ૧૮૭૨ ના આકટ ૧૫ ની કલમ ૬૫ માં જે ઠરાવવામાં આવેલું છે તે એ છે કે તે આકટના છઠા ભાગ પ્રમાણે રોમન કયાથોલીક ખ્રીસ્તીઓની વચમાં લગ્ન ગંભીર રીતે થતું નથી. એટલે તે આકટ પ્રમાણે જે સખસોને રજા આપવામાં આવેલી છે તે સખસે આપેલા સરટીફીકેટથી થતું નથી. તે કાયદામાં આ ફેરફાર કરવાનો હેતુ ફકત એ છે કે રોમન કયાથોલીકો પોતાના દેવળની ક્રીયાઓ પ્રમાણે પોતાના પાદરી પાસે ફકત પોતાના લગન કરાવી શકે છે. અને મનાઇ કરેલી પાદરીઓ બાબત કાંઇ પણ કહેવામાં આવેલું નથી. લોપેઝ વીરૂધ લોપેઝ જુઓ. પરંતુ જે સ્ત્રી દેશના કાયદા પ્રમાણે બીજાની ઓરત હોય તે સ્ત્રીનું બીજા સાથે લગન કરવાને રોમન કયાથોલીક પાદરીને કાંઇ ખપ્તીઆર આ ઉપરથી થતો નથી એ નકી છે.

માટે ગુનહાની સાબેતીનો ઠરાવ બરોબર છે એ વીશે અમને કાંઇ પણ શક નથી. સબબ આ અરજી કાહાડી નાંખીએ છીએ.

ફોજદારી અપીલ.—ફુલબેંચ

તા૦ ૧૩ અક્ટોબર સને ૧૮૮૬ તથા તા૦ ૨૯ અપ્રેલ સને ૧૮૮૭

સર આર્થર જે એચ. કોલીન્સ નાઈટ ચીફ જષ્ટીશ મી૦ જષ્ટીશ કરનલ, મી૦ જષ્ટીશ મતુસામીઆયર, મી૦ જષ્ટીશ બ્રાંડટ અને મી૦ જષ્ટીશ પાર્કર સાહેબોની રૂબરૂ.

મહારાણી કેશરેહીંદ વીરૂધ સેખ બીહારી વીગેરે.

ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૯૫—ફરીઆદ ચલાવવાની મંજુરી—તોહોમતવાળાને નોટીશ.

પ્રથમ તોહોમતવાળાને નોટીશ આપ્યા વીના ફરીઆદ ચલાવવાની મંજુરી આપવામાં આવેલી હોય તેટલા ફક્ત કારણથી જુઠી ફરીઆદ કરવા બાબતના ગુનહાની સાબેતીનો ઠરાવ ગેરકાયદે થતો નથી.

એકાદા ગુનહાની ફરીઆદ ચલાવવાને મંજુરી આપવામાં આવે તે ન્યાયની રૂઇનું કામ છે માટે જે પક્ષકારને તેથી હરકત થાય તેને પ્રથમ સાંભળીને કાયદેસર પુરાવ ઉપરથી ઠરાવ કરવો જોઇએ. જે કામોમાં પોલીસના રીપોટ ઉપરથી અશલ ફરીઆદ માજીસ્ત્રેટે કાહાડી નાંખી હોય તો માજીસ્ત્રેટને પોતાના ફેંસલાના આધારમાં પોતાની રૂબરૂ કાંઇ પણ કાયદેસર પુરાવ નથી હતો. તોપણ જે કામોમાં માજીસ્ત્રેટ ફરીઆદીને તપાશી તથા પુરાવ સાંભળીને તોહોમતવાળાને નીરદોશી ઠરાવે અગર છોડી દે અને પછી ફરીઆદીને નોટીશ આપ્યા શીવાય તેના ઉપર જુઠી ફરીઆદના આરોપ બાબત ફરીઆદ ચલાવવાને પરવાનગી આપવામાં આવે તો તે પરવાનગી ખોટી રીતે આપવામાં આવી છે એમ કહી શકાતું નથી.

પાનું ૨૩૨. સને ૧૮૮૬ ના નંબર ૨૨૬ અને ૨૩૪ ના ફોજદારી ફરી તપાસનો અખત્યાર.ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે વાપરતાં હાય કોરટે લીધેલો છે.

સને ૧૮૮૬ ના નંબર ૧૨ ના કયાલંડરના કામમાં જુઠો આરોપ રાખ્યાનું તોહોમત દક્ષણ કયાનેરાના જીલ્લા માજીસ્ત્રેટે સને ૧૮૮૬ ના ફોજદારી ફરી તપાસના નંબર ૨૨૬ ના કામમાં કાહાડી નાંખેલું હતું એવા કારણથી કે તોહોમતવાળાને પોતાની હકીકત શાબેત કરવાનો લાગ આપ્યા વીના પોલીશના રીપોર્ટ ઉપરથી દક્ષણ કયાનેરાના ડીપ્યુટી માજીસ્ત્રેટે તોહોમતવાળા ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપેલી છે.

સને ૧૮૮૬ ના ફરી તપાસ નંબર ૨૩૪ ના કામમાં બેહારીના

શેશન જડજ જે. ડી. ગોલ્ડીંગહામ તોહોમતવાળાના ઉપર જુઠો આ-રોપ રાખ્યા બાબતનું તોહોમત રાખવામાં આવેલું તે બાબત તેને નીર-દોશ ઠરાવેલો છે, એવા કારણથી કે ફરીયાદ ચલાવવાને કાયદેસર રીતે મંજુરી આપવામાં આવી નથી. કામની 'હકીકત' નીચે પ્રમાણે કહેવામાં આવી છે:—

"કેદીઅણના ઉપર હરીકબા વીના ગામના માજીસ્રેટની રૂબરૂ તથા કુડલીધીના બીજા વરગના માજીસ્રેટના ઉપર એક માધવરાવ વીગેરેના ઉપર એવો જુઠો આરોપ રાખેલો હતો કે તેઓએ મારૂં ઘર ફોડી તે ઘરમાંથી કેટલીક ગીલકત ચોરી લેઇ ગયા છે એવું તોહોમત રાખવામાં આવેલું હતું. તા૦ ૨૪ સપટેમ્બરના રોજ તોહોમતવાળાએ ગામના મા-જીસ્તરેટની રૂબરૂ સદરહુ આરોપ મુકેલો હતો. તેમણે તાલુકા માજીસ્રેટ તરફ તે મોકલી દીધો, અને તાલુકા માજીસ્રેટે તે કામ પોલીસ તરફ મોકલ્યું. તે મોકલેલો આરોપ તા૦ ૧૮ અકટોબરના રોજ પોલીસે તે માજીસ્રેટ તરફ મોકલી એવું કહેલું છે કે તે કામ જુઠું છે, માટે ફરીઆ-દીના ઉપર ફરીઆદ ચલાવવાની મંજુરી તેમણે માગી. એક બીજું જુદું કામ કે જેમાં માધવરાવે ફરીઆદી તથા તેણીના દીકરા અને ભાઇના ઉપર હુમલો કરયાનો આરોપ રાખ્યો હતો તેનો નીકાલ કરતાં સુધી થો-ભીને તા૦ ૫ નવેમ્બરના રોજ તે માજીસ્તરેટે તોહોમતવાળાની હકીકત લીધી અને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ મી પ્રમાણે તા૦ ૮ નવેમ્બરના રોજ એક પ્રોશીડીંગ લખી તેણીના ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૧ પ્રમાણે જુઠો આરોપ મુકયા ના તોહોમતની ફરીવાદ ચલાવવાને મંજુરી આપેલી છે.

શેશન જડજે પોતાના ફેંસલામાં સરકાર વી૦ કરીમદાદ, કેસરે-હીંદ વી૦ સાલીકરોય, કેસરેહિંદ વી૦ ભવાની પ્રસાદ, રામાસાંમી વી૦ માહારાણી કેસરેહીંદ અને માહારાણી કેસરેહીંદ વી૦ ગંગારામના ઠરાવો બતાવી તેનો વીચાર કરેલો છે.

તાંજોરના જીલ્લા માજીસ્રેટ જે. બી. પેનીંગટન સાહેબે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે સને ૧૮૮૬ ના ફરી તપાસ નંબર ૨૪૨ નું કામ હાયકોરટનો હુકમ થવા સારૂં મો-કલેલું છે.

તેમાં હકીકત નીચે પ્રમાણે કહેવામાં આવી છે:—

"પાદુકોટા તાલુકામાં ઉંજીઆ વીદુથીના એક વેંકટચાલા તેવને કાવીરાણુ વીદુથી તથા બીજા છ સખસોના ઉપર તા૦ ૧૫ જાન્યુઆરી સને ૧૮૮૫ ના રોજ તીરૂવોનમના સ્ટેશન હાઉસ ઓફીસરની રૂબરૂ

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૭ અને ૩૮૦ પ્રમાણે ઘર ફો- ડવા બાબત ચોરી કરયા બાબતનો આરોપ રાખેલો હતો. તે સ્ટેશન હા- ઉસ ઓફીસરે તપાસ કરીને તે કામ તા૦ ૩ ફેબરૂઆરી સને ૧૮૮૫ ના રોજ તે કામ જુઠું છે એમ કરી પાદુકોટા તાલુકાના બીજા વર્ગના માજી સ્ટ્રેટ તરફ મોકલી દીધું અને ફરીઆદીના ઉપર તેણે જુઠા આરોપની ફરીઆદ કરયા બાબત કામ ચલાવવાને મંજુરી માગી. તા૦ ૨૧ ફેબર- વારી સને ૧૮૮૫ ના રોજ ફરીઆદીને તપાસીને માજીસ્તરેટે તે ફરીયાદ સાચી માની નહીં અને તેજ તારીખે ફરીઆદી ઉપર કામ ચલાવવાની પરવાનગી બાબત કાંઈ હુકમ નહીં કરતાં તે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૦૩ પ્રમાણે કાહાડી નાંખી. તા૦ ૧૭ ફેબર- વારી સને ૧૮૮૫ ના રોજ તાલુકા માજીસ્ત્રેટની રૂબરૂ તોહેમતવાળાઓ માંના એક વીરણે પાદુકોટાની ટુકડીના માજીસ્તરેટની રૂબરૂ વંકટચાલા તેવન વીગરે ઉપર ખોટી રીતે કેદ કરયા બાબત તથા તીરૂવેનમના સ્ટેશન હાઉસ ઓફીશરની રૂબરૂ જુઠા આરોપની ફરીઆદ કરયા બાબત ફરીઆદ કરયાના આરોપની ફરીઆદ કરી. પેટા ટુકડીના માજીસ્ત્રેટે તે ફરીઆદની તપાસ કરી શાક્ષીઓની શાહેદી સાંભળી હીંદુસ્તાનના ફોજ- દારી કાયદાની કલમ ૩૪૨ અને ૨૧૧ પ્રમાણે ખોટી કેદ અને જુઠી ફરીઆદનું તોહોમત રાખ્યું. અને બચાવ તરફની હકીકત સાંભળી શીરૂ કરી. તેટલાં તે એક બીજી જગોએ ગયા અને તેમની જગોએ આસીસ્ટંટ માજીસ્તરેટ મી૦ શીપમે આવ્યા અને તેમણે તા૦ ૧૫ મી અકટોબર સને ૧૮૮૫ ના રોજ તે કામ કાહાડી નાંખ્યું. પછી અમે તે કામના કાગળો મંગાવ્યા, અને તા૦ ૧૪ નવેમ્બર સને ૧૮૮૫ ના રોજ પ્રોસી- ડીંગ લખી તેમાં લખેલા કારણોની વધારે તપાસ કરવાનો હુકમ કરયો. એ માહારાણી કેસરેહીંદ વીરૂધ ગંગારામના કામનો ઠરાવ અમે જોયો તે પહેલાં આ પ્રોસીડીંગ ચલાવવામાં આવેલું હતું. તા૦ ૩ ડીસેમ્બર સને ૧૮૮૫ ના રોજ પાદુકોટાના બીજા વરગના માજીસ્ત્રેટે તે ફરીઆદ ચ- લાવવાની પરવાનગી આપવાને ના કહી, એવા કારણથી કે અસલ ફરી- આદીએ જે આરોપ મુકેલો તે શાબેત કરવાને તેને લાગ આપવામાં આ- વ્યો નથી. તા૦ ૨૯ જાન્યુઆરી સને ૧૮૮૬ ના રોજ આસીસ્ટંટ માજીસ્ત્રેટે મને રીપોર્ટ કરયો કે બીજા વર્ગના માજીસ્ત્રેટે મંજુરી આપવાને ના પાડી છે, અને માહારાણી કેસરેહીંદ વીરૂધ ગંગારામના કામમાં કરે- લો ઠરાવ જોઇને એવું જાણવાને માગેલું છે કે સબ માજીસ્ત્રેટે જીલ્લા મા- જીસ્ત્રેટને તે અસલ કામ ફરીથી ચલાવવાને અરજ કરવી જોઈએ કે અ- સલ કામના પ્રતીવાદીને કેહેવું જોઇએ કે તેણે તે અરજી કરવી. અમારી

નજરમાં આવે છે કે આ કામ રીતસર કાહાડી નાંખવામાં આવેલું છે. અને જ્યાંહાં સુધી કામ ચલાવવાને કોઇ બળવાંન કારણ છે એવું જણાય નહીં અને તે કામના તમામ કાગળો તથા તે જોડના કામો મંગાવવામાં આવે નહીં ત્યાંહાં સુધી વધારે તપાસ કરવાનો અમે વ્યાજબી રાહે હુકમ કરશે એમ થતું નથી. કામના કાગળો મંગાવવાનો આ કાગળ પોહોચતાં પહેલાં વખતે આસીસ્ટંટ માજીસ્ત્રેટે અલ્હાબાદ હાયકોરટનો સદરહુ ઠરાવ જોઈને તા૦ ૧૦ ફેબરવારી સને ૧૮૮૯ ના રોજ મંજુરીની ખાંમીના કારણથી તે કામ કાહાડી નાંખેલું હતું. અને (તા૦ ૨ અને તા૦ ૯ ફેબરવારી સને ૧૮૮૯ ના રોજ) અસલ ફરીઆદની તપાસ કરી ફરીઆદીના શાક્ષી લીધા. (પણ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૭ મી પ્રમાણે જીલ્લા માજીસ્ત્રેટના હુકમ વીના) અને ત્યાર પછી અસલ ફરીઆદી તથા બીજા કેટલાકના ઉપર ફરીયાદ ચલાવવાને મંજુરી આપી.

સરકારી વકીલે (મી૦ શેપર્ડ) નીચેના ફેંસલાઓમાં ઠરાવો બતાવ્યાં છે તે શીવાય ગેર મોહનશીંગ વી૦ અશ્તાફઅલ્લી, ચકરદાર પોટી, અબદુલ હસન અને કેસરેહીંદ વીરૂધ ભવાની પ્રસાદના ઠરાવો બતાવેલા છે.

જષ્ટીશ મત્તુસામીઆયર સાહેબઃ—આ કામોમાં જે સવાલોનો ઠરાવ કરવાને અમને પુછવામાં આવેલું છે તે એ છે કે તોહોમતવાળાને પ્રથમ નોટીશ આપ્યા વીના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ મી પ્રમાણેના ગુન્હાની ફરીઆદ ચલાવવાની મંજુરી માજીસ્ત્રેટ આપવાને મુખત્યાર છે કે નહીં. ફરીઆદ ચલાવવાને મંજુરી આપવી એ ન્યાયની રૂઈનું કામ છે, એમાં કાંઇ શક્ક રહી શકતો નથી. માટે તેના સબંધમાં ચલાવેલું કામ તે ન્યાયની રૂઇનું પ્રોશીડીંગ છે. એવું ઠરાવવામાં આવેલું છે કે જે અધીકારીએ કલમ ૧૯૫ પ્રમાણે મંજુરી આપેલી હોય અથવા આપવાને ના કહેલી હોય તે અધીકારી જે અધીકારીને તાબે હોય તે અધીકારી તે મંજુરી આપી શકે છે અથવા રદ કરી શકે છે. માટે માજીસ્તરેટના હુકમ ઉપર અપીલ ચાલી શકે છે, અને તેમાં ન્યાયની રૂઇના જે પુરાવ ઉપરથી ન્યાયની રૂઇએ અભીપ્રાય બાંધી શકાય તેવો પુરાવછે. એવી પ્રથમથી ધારણા થાયછે. વળી કાંઇ પણ ન્યાયની રૂઇનું કામ જે પક્ષકારને હરકત થાય તે પક્ષકારને સાંભળી કાયદેસર રીતે ફેંસલો આપવામા આવેલો ના હોય તો, કંઇ કલ્લ ન્યાયની રૂઇનુ નથી. હેમનચદ્ર રાય વી૦ પ્રતાપચંદ્રદાશ અને ગીરધારી મંડલના કામમાં વીચારવામાં આવ્યું છે તે પ્રમાણે કામદા કરનારનો ઇરાદો ખાંનગી

સખસને ફરીઆદ ચલાવવાની પરવાનગી આપવી જોઇએ, એવાછે તે માજીસ્ટ્રેટને જે અરજ કરવામાં આવે તે અરજ સારૂં પાકુ કારણ છે કે ફકત તે તોહોમતવાળાને હરકત કરવાનો અથવા તેનો જે આગળ કાંઇ કાયદેસર કામ ચલાવવાનો હક્ક હોય તેમ કરતાં તેને અટકાવવાને કરેલી છે તે માજીસ્તરેટને જોવાનું છે. અને તે ઇરાદાનો સંતોષકારક રીતે અમલ જ્યાંહાં સુધી નીશબત રાખનાર પક્ષકારને આગળથી સંભળાવવામાં ના આવે ત્યાંહાં સુધી થઇ શકતો નથી. તે કામના પ્રકાર ઉપરથીજ જણાય છે કે કાયદેસર પુરાવ ઉપરથી અને સબંધવાળા પક્ષકારને સાંભળવાનો લાગ આપીને મંજુરી આપવી જોઇએ કીંવા નહીં એ વીશે અભીપ્રાય બાંધવો જોઇએ. જે કામોમાં માજીસ્ટ્રેટ ફરીઆદીને તપાસે અને પુરાવ સાંભળે અને પછી તોહોમતવાળાને નીરદોશ ઠરાવે કે છોડી દે તો એવી તકરારને માટે કારણ છે કે જે સરતો ઉપર બતાવવામાં આવી છે તે પ્રમાણે વાસ્તવીક રીતે ચાલવામાં આવેલું છે, અને જો કે તે મંજુરી બાબત અરજ કરયા પછી કાંઈ નોટીશ કાહાડવામાં આવી નથી, તો પણ તે મંજુરી અઘટીત રીતે આપવામાં આવી છે, એમ કહી શકાતું નથી. પરંતુ આવી હકીકત છતાં પણ સામા પક્ષકારને અરજ પ્રમાણે તે મંજુરી શા વાસ્તે આપવી નહીં જોઇએ તેનું કારણ બતાવવાને નોટીશ આપવામાં આવી હોય અને જે તકરાર તેની તરફથી કરવામાં આવે તે સાંભળીને તેનો નીરણય કરી તે આપવામાં આવે અથવા નહીં આપવામાં આવે તો તે કાંઇ ખોટું નથી.

પરંતુ જે કામોમાં માજીસ્ટ્રેટ પોલીસના રીપોર્ટ ઉપરથી અસલ ફરીઆદ કાહાડી નાંખે છે તે કામોમાં તેમને અભીપ્રાય બાંધવાને પોતાની રૂબરૂ કાંઇ કાયદેસર પુરાવ નહી હતો.

જે પોલીસ અમલદારે રીપોર્ટ કરેલો હોય તે પોલીશ અમલદારનો અભીપ્રાય માજીસ્ટ્રેટના અભીપ્રાયને બદલે રખાવવો એ બરોબર નથી. માટે જે પક્ષકારને નીસબત હોય તે પક્ષકારના ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી શા વાસ્તે આપવી નહીં જોઇએ તેનું કારણ બતાવવાની નોટીશ કાહાડવી જોઇએ અને જરૂર હોય તો જે કારણ બતાવવામાં આવે તે કારણની પુષ્ટીમાં માજીસ્ટ્રેટે પુરાવ સાંભળવો જોઈએ. માટે કલમ ૫૩૭ ના ઠરાવ પ્રમાણે ઉપરી કોરટ જો એમ ન કહે કે મંજુરી આપવાથી કાંઇ ગેરઇનસાફ થએલો નથી. તો સદરહુ પ્રમાણે કરવામાં આવેલું ના હોય તો તે મંજુરી નાબુદ થાય છે એવું કહેવામાં આવેલું છે કે કલમ ૧૯૫ પ્રમાણે પ્રથમથી નોટીશ આપવાને ખુલ્લી રીતે જરૂર નથી. પણ એટલું યાદ રાખવું જોઇએ કે તે કલમ પ્રમાણે પ્રોસીડીંગ ચલાવવામાં

આવે તે ન્યાયની રૂહનું કામ છે. માટે જો તોહોમતવાળાને માજીસ્ટ્રેટની રૂબરૂ થએલી તપાસ અગર તજવીજ ચાલતાની દરમ્યાનમાં સાંભળવાનો લાગ આપેલો ના હોય તો તેને સાંભળવાનો લાગ આપવોજ જોઈએ એવો ઈરાદો છે એમ અનુમાન થઈ શકે છે. આ કલમ ઉપરથી માજીસ્તરેટની રૂબરૂ થએલી તપાસ અગર તજવીજમાં પરીણામે ફરીઆદ કાહાડી નાંખવામાં આવેલી હોય તો તે શબંધી મંજુરી આપવામાં આવી છે અગર નહીં એવી ધારણા પ્રથમથી થઈ શકે છે એમ જણાય છે.

ચીફ જસ્ટીશ સાહેબ:—અમે મળતા આવીએ છીએ.

જસ્ટીશ પારકર સાહેબ:—અમે મળતા આવીએ છીએ.

જષ્ટીશ કરનાંન સાહેબ:—શેશનજડજનો ફેંસલો (ફોજદારી ફરી તપાસ નંબર ૨૩૪) છે તે ઉપરથી જણાય છે કે તોહોમતવાળાએ પેહેલી જુઠી ફરીઆદ માધવરાવના ઉપર ગામના માજીસ્તરેટની રૂબરૂ કરી અને બીજી પોલીસ રૂબરૂ કરી, અને ત્રીજી બીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ કરી, અને તેઉ સાહેબે તે ફરીઆદ પોલીસ તરફ રીપોર્ટ કરવા સારૂં મોકલેલી હતી. તે મોકલતાં પેહેલાં તેમણે ફરીઆદીને તપાસેલો હતો એવું કહેવામાં આવલું નથી. તા૦ ૧ લી આકટોબરના રોજ તે કામ જુઠું છે એવું પોલસે રીપોર્ટમાં તેમને બતાવ્યું અને ફરીઆદ ચલાવવાને મંજુરી માગી. તે થયા પછી અને મંજુરી આપતાં પહેલાં માજીસ્ત્રેટે એક કામ (શને ૧૮૮૫ ના નંબરે ૧૦૨) કે જે માધવરાવના ઉપર આ કામમાં આરોપ રાખવામાં આવેલો છે તેના ઉપર તથા તેના દીકરા ઉપર હુમલ્લાનો આરોપ રાખવામાં આવેલો હતો તેની સુનાવણી કરી. તા૦ ૫ નવેંબરના રોજ માજીસ્ત્રેટે તોહોમતવાળાની (ફરીઆદીની) હકીકત લીધી. અને તા૦ ૬ નવેમ્બરના રોજ તોહોમતવાળાના ઉપર જુઠી ફરીઆદ કરયા બાબત ફરીઆદ ચલાવવાને કલમ ૧૯૫ પ્રમાણે મંજુરી આપી તોહોમતવાળાને શેશન કમીટ કરવામાં આવ્યો. શેશન જડજે ઠરાવ્યું કે તે મંજુરીનો હુકમ રદ બાતલ છે. કારણ કે તપાસ કરયા શીવાય તોહોમતવાળાને નીરદોશ ઠરાવી પોલીસના રીપોરટ ઉપરથી તે હુકમ કરવામાં આવેલો છે.

આ કામ ફરી તપાસમાં આ કોરટની રૂબરૂ આવેલું છે. તા૦ ૫ નવંબરના રોજ માજીસ્ત્રેટની રૂબરૂ તોહોમતવાળાએ જે હકીકત આપેલી છે તેની વીગત કેવી છે તે માલમ પડતું નથી. પરંતુ મંજુરીનો હુકમ કરતાં પહેલાં તે આપવી જોઈએ કે નહીં અને જુઠી ફરીઆદનો ગુન્હો કરેલો હતો કે નહીં તે વીશે હકીકત પ્રમાણે ખાતરી કરવાની જરૂર છે. માટે તેવી ખાતરી કરવાને માજીસ્તરેટની નજરમાં આવેલું માટે તે કાર-

ખુસર માજીસ્તરેટે તે તપાસ કરેલો છે એ વીશે અમને કાંઇ શક નથી. તેમણે ફક્ત તે પોલીશના રીપોટ ઉપરથી કરેલું નથી. જો તે પ્રમાણે કરેલું હોય તો પોલીશના રીપોટના ફક્ત આધાર ઉપરથી તેમનો કરેલો હુકમ કાયદેસર નથી. એમ ઠરાવવુંજ જોઇએ. સામાસામી વીરૂદ્ધ માહારાણી કેસરેહીંદના કામમાં સરકાર વીરૂદ્ધ કરીમદાદ અને ગોપાળખાનકના ઠરાવો મંજુર રાખવામાં આવેલા છે માટે તેમાં ઠરાવેલા નીયમ સાથે અમ તદન મળતા છીએ.

માજીસ્તરેટે ફક્ત પોલીસ રીપોટ ઉપરથી મંજુરી આપેલી હોય તો તે કાયદા પ્રમાણે મંજુરી નથી. એમ અમને જણાય છે માજીસ્તરેટની રૂબરૂ જે હકીકત સાબેત થએલી હોય તે ઉપરથી તેમને પોતાની સમજ માફરી નક્કી કરવાનું છે કે તે કામમાં મંજુરી આપવી જોઇએ કે નહીં. જ્યારે એક માજીસ્તરેટ જે તોહોમતવાળાના ઉપર ફરીઆદ ચલાવવાને પાછળથી મંજુરી આપી શકાય. તેની હકીકત સાંભળીને એકાદા કામની સુનાવણી કરી નીકાલ કરે તો માજીસ્તરેટે મંજુરીનો હુકમ કરતાં પહેલાં આવા કામમાં નોટીશ આપવાની જરૂર છે એમ અમારી નજરમાં આવતું નથી. આ વીચાર અમારા સમજવા પ્રમાણે કેસ્નાનંદદાસ વીરૂધ હરીએરાના કામમાં કલકતાના ફુલબેંચે કરેલો છે. અને તે શહરકુ બતાવેલા બીજા કામોના ઠરાવથી વીરૂધ નથી.

જસ્ટીશ બ્રાંડટ સાહેબ—તે ઠરાવો એક બીજાવીરૂધ છે એમાં કાંઇ શક નથી. સને ૧૮૮૪ માં કલકત્તા હાય કોરટના ડીવીઝન બેંચે અબીલાકસીગ વીરૂદ્ધ ખુબલાલના કામનો ઠરાવ કરેલો છે તેમાં શેશન જોડ જે જે ઠરાવ (ફોજદારી ફરી તપાસ નંબર ૨૩૪ ના કામમાં) બતાવેલો છે તે સાથે એવું ઠરાવવામાં આવેલું છે કે જે કામમાં ગુન્હો બનેલો કહેવામાં આવેલું હોય તે કામનું પ્રોશીડીંગ પુરૂ થયા પછી ફરીઆદ ચલાવવાને મંજુરી મળવાને જ્યારે અરજ કરવામાં આવે ત્યારે તે મંજુરી નોટીશ આપ્યા શીવાય આપવી નહીં જોઇએ. પરંતુ સને ૧૮૮૫ માં તેજ કોરટના ફુલબેંચે એક મત થઇ જે કામમાં ગુન્હો કહેવામાં આવેલો હોય તે ગુન્હો જે કોરટની રૂબરૂ થએલો હોય તે કોરટ મંજુરી આપે તે વીશે તે ઠરાવ પ્રમાણે ચાલવાને ના કહેલી છે.—ક્રીસ્નાનંદદાસ વીરૂધ હરીએરા ગીરધારી મંડળના કામમાં એવો વીચાર કરવામાં આવેલો છે કે પ્રોશીક્યુટરના ઉપર તપાસ ચલાવવાને અસલ તોહોમતના કામમાં ન્યાયની રૂઇએ તપાસ કરવાનો તેને પ્રથમ લાગ આપ્યા શીવાય હુકમ કરવો એ ખરેખર રીતી નથી. માટે જે મંજુરી આપવામાં આવેલી છે તે ફુલ અખત્યાર યોગ્ય રીતે વાપરયા શીવાય આપેલી છે.

તો પણ અમારી રૂબરૂ એવો સવાલ નથી કે જે સખશના ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપવાને માગવામાં આવેલું હોય તે મંજુરી શા વાસ્તે આપવી નહીં જોઇએ. તેનું કારણ બતાવવાનો લાગ આ પત્રાને એક કામમાં અગર તમામ કામોમાં કોરટે કુલ અખત્યાર બરોબર રીતે વાપરેલો છે કે નહીં પરંતુ અમારી રૂબરૂ એવો શવાલ છે કે આ પ્રમાણે નહીં કરવાથી ગુન્હાની સાબેતીનો ઠરાવ અગર કમીટ કરવાનો હુકમ કાયદા વીરૂધ છે કે નહીં.

કેટલીક વખતે કેટલાક કામોમાં કે જેમાં નોટીશ આપવાની જરૂર હોય છે તે વીશે ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૬ અને ૪૩૭ માં સ્પષ્ટ ઠરાવ કરવામાં આવેલો છે માટે તેનો ઘટતો વીચાર કરયા શીવાય આ સવાલનો નીરણય કરવો નહીં જોઇએ.

પરંતુ જે મરીયાદાઓ બતાવવામાં આવેલી છે તે મરીયાદાઓની સાથે જે નીયમો ઉપરથી જસ્ટીશ કરનાંન અને જસ્ટીશ મતુસામીઆયર સાહેબોએ ફેંસલા આપેલા છે તે નીયમોના આધારથી તે સવાલનો નીરણય કરવો જોઇએ. તેમાં અમે કાંઇ નાખુશ નથી. દેખીતું છે કે કેટલાક કામોમાં જો નોટીશ આપવામાં આવેલી ના હોય તો ભારે ગેરઇનસાફ થાય. અને બીજા કેટલાક કામોમાં કોરટ તે મંજુરી આપે છે તે આપતી વખતે તેમની રૂબરૂ એવી હકીકત હોય છે કે જે ઉપરથી ન્યાયની રૂઇએ નીર્ણય થઇ શકે અને નોટીશ આપીને વધારે તપાસ અવશ્ય કરીને કરવાની જરૂર નથી હતી માટે સામાન્ય નીયમો પ્રમાણે તે વીશે ઠરાવ કરવાને હરકત નથી એમ અમને જણાય છે. આ નીયમો પ્રમાણે જે કોરટ મંજુરી આપે અગર આપવાને ના કહે તે કોરટની રૂબરૂ નીર્ણય કરવાને કાયદેશર પુરાવા હતો કે નહીં તે જોવાની જરૂર છે કારણ કે કલકતા હાયકોરટે એવો વીચાર કરેલો છે કે કીસનાનંદદાંસ વીરૂધ હરીબેરાના કામમાં જે પ્રકારના કામોનો વીચાર કરવામાં આવેલો છે તે પ્રમાણે અમે મળતા છીએ. અને બીજી બાજુ તરફ જે કામમાં ફકત પોલીસને પુછવા ઉપરથી પોલીસે રીપોર્ટ કરેલો હોય તે ઉપરથી અસલ ફરીઆદ કાહાડી નાંખેલી હોય તેમાં તે મંજુરી આપવી અગર નહીં આપવી તેનો નીર્ણય કરવાને કાયદેશર કારણો છે એમ કહી શકાતુ નથી.

પછી કોરટે નીચે પ્રમાણે હુકમ કરયો.

સને ૧૮૮૬ ના ફોજદારી ફરી તપાસ નંબર ૨૩૪ ના કામમાં કરીમદાદના કામમાં બતાવેલા કારણોથી તપાસ કરયા શીવાય તોહોમતવાળાને નીરદોશ ઠરાવવાનો શેશન જડજે હુકમ કરેલો છે.

તોહોમતવાળા ઉપર જે ગુન્હા બાબત આરોપ રાખવામાં આવેલો

તે ગુન્હા વીશે મંજુરી નહીં આપવાના કારણથી અગર તે આપેલી મંજુરી નાબુદ હોવાના કારણથી તપાસ કરવાને કોરટને અટકાવ થએલો છે એમ ધારીએ તોપણ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કા૦ કલમ ૨૧૫ માં ઠરાવેલું છે કે મુખત્યાર માજીસ્ત્રેટે કલમ ૨૧૩ અગર ૨૧૪ પ્રમાણે કમીટ કરવાનો હુકમ કરેલો હોય તે ફકત હાયકોરટ રદ કરી શકે છે અને તે ફકત કાયદાની તકરાર ઉપરથી કરી શકે છે. (કલમ ૫૩૨ માં ઠરાવ્યા પ્રમાણે ગેરશીરસ્તે કમીટ કરવામાં આવેલું હોય તે શીવાય કે જે આ કામને લાગુ નથી) માટે શેશન જડજે તે કમીટ કરવાનો હુકમ આ કોરટના હુકમ સારૂ મોકલવો જોઇતો હતો એવા કારણથી કે જે કારણો તોહોમતવાળાને નીરદોશ ઠરાવવાને તેમણે બતાવેલાં છે તે કારણો તે પ્રમાણે કરવાનાં છે.

કામના કાગળો ઉપરથી આ કામની હકીકત જે જણાય છે તે નીચે પ્રમાણે છે:—

એક હેડકોન્સટેબલ વીગરેના ઉપર જુઠી ફરીઆદ કરયા બાબતનું તોહોમત રાખી એક બમાવાને બેરારીની શેશન કોરટમાં કમીટ કરવામાં આવી હતી સદરહુ હેડકોન્સટેબલ વીગરે ઉપર તે તોહોમતવાળીએ જે અસલ આરોપ રાખેલો તે એવો હતો કે તેઓએ તેણીનું ઘર ફાડયું અને તેમાંથી કેટલીક મીલકત ચોરી લેઇ ગયા અને તે તોહોમત શેશન જડજના ઠરાવ્યા પ્રમાણે હરીકબાવીના ગામના માજીસ્તરેટની રૂબરૂ કુડલીગીના પોલીશ ઇનસપેકટરની રૂબરૂ અને કુડલીગીના બીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ મુકવામાંઆવેલું હતું અને કયારે અને કેવી રીતે તે પોલીસ ઈન્સપેકટરની રૂબરૂ તે આરોપ રાખવામાંઆવેલો તે જણાવું નથી. અને તે બાબત અગત્યની નથી. વધારે ખુલાસો કરવામાં આવેલો છે તે પ્રમાણે જણાયછે કે ગામના માજીસ્ત્રેટની રૂબરૂ તે આરોપ રાખવામાં આવેલો હતો અગર તેમને તે બાતમી આપવામાં આવેલી હતી અને તેમણે તે બાબત તાલુકાના માજીસ્તરેટ તરફ મોકલી દીધી, અને તે તાલુકા માજીસ્ત્રેટે પોલીસ તરફ મોકલી. પોલીસે તોહોમતનો કાગળ મોકલીને કહ્યું છે કે તે તોહોમત જુઠું છે માટે ફરીઆદી ઉપર કામ ચલાવવું જોઈએ એવી સૂચના કરેલી છે. અને તેથી તેણીના ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપવામાં આવી પરંતુ જે કામમાં હેડકાનસ્ટેબલના ઉપર ફરીઆદીએ તથા તેણીના દીકરાએ તથા ભાઈએ જુલમજ્ઞાનો આરોપ રાખેલો હતો અને જેમાં તપાસ થયા પછી તોહોમતવાળાને નીરદોશ ઠરાવવામાં આવેલો હતો તે કામનો નીકાલ થતાં પહેલાં અને તે ઓરત બસાવાની બીજી હકીકત લીધા પછી તે

મંજુરી આપવામાં આવેલી હતી એવી હકીકત છતાં બસાવાના ઉપર ફરીઆદ ચલાવવાની જે મંજુરી આપવામાં આવેલી છે તે કાયદા વીરૂદ્ધ નથી.

માટે શેશન જડજે નીરદોશનો હુકમ કરેલો છે તે રદ કરવો જોઇએ. પરંતુ તે હુકમ કરયા પછી જે લાંબી મુદત ગએલી છે તેનો વીચાર કરતાં તથા તે દરમ્યાનમાં જે પ્રોશીડીંગો ચલાવેલાં હોય તે જોતાં અમારી નજરમાં આવે છે કે ફરી તપાસ કરવાનો હુકમ કરવો નહીં જોઇએ.

સને ૧૮૮૬ ના નંબર ૨૧૬ ના ફરી તપાસના કામમાં જીલ્લા માજીસ્તરેટે ફરીઆદ ચલાવવાની મંજુરી નહી આપવાને જે હુકમ કરેલો છે. તે જે નીયમો લાગુ કરવા લાયક અમે ઠરાવેલા છે. તે નીયમો પ્રમાણે છે માટે તેમાં કાંઇ હાથ ઘાલવાની જરૂર નથી.

સને ૧૮૮૬ ના નંબર ૨૪૨ ના ફરી તપાસના કામમાં બીજા વરગના માજીસ્તરેટે વીરણુ ઉપરનુ ઘર ફોડયાનુ તોહોમત કાહાડી નાંખેલું છે પરંતુ ફરીઆદી ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપેલી નથી. વીરણે પ્રથમના ફરીઆદી ઉપર ખોટી રીતે કેદ તથા જુઠો આરોપ રાખ્યા બાબત પેટા હુકડીના માજીસ્તરેટની રૂબરૂ ફરીઆદ કરી હતી અને તે માજીસ્તરેટે મંજુરી વીના જુઠા આરોપનું વીરણુ ઉપર તોહોમત રાખ્યું હતું. પછી તે માજીસ્તરેટની બદલી થઇ અને મંજુરીની ખામીના કારણથી વીરણુના ઉપરનુ તોહોમત સદરહુ માજીસ્તરેટની જગોએ આવેલા માજીસ્તરેટે કોહાડી નાંખ્યું. તા૦ ૧૪ નવેંબર સને ૧૮૮૫ ના રોજ જીલ્લા માજીસ્તરેટે આસીસ્ટંટ માજીસ્તરેટને હુકમ કરયો કે સંપુરણ રીતે તપાસ કરવો. પરંતુ પાછળથી તેમને એવો વીચાર કરવાનું કારણ જણાયું કે તે તપાસ કરવાનો હુકમ અમારે કરવો જોઇતો નહીં હતો. અને જે કારણો તેમણે બતાવેલાં છે તે પ્રમાણે તેઉ બરોબર છે. સને ૧૮૮૬ ના જાનેવારી માસમાં આસીસ્ટંટ માજીસ્તરેટે જીલ્લા માજીસ્તરેટને રીપોર્ટ કરયો કે બીજા વરગના માજીસ્તરેટે મંજુરી આપવાને ના કહેલી છે. જીલ્લા માજીસ્તરેટ તે બાબતનો વીચાર કરતા હતા તે દરમીઆનમાં વીરણુ ઉપરનો જુઠી ફરીઆદ કરયાનો આરોપ કાહાડી નાંખવામાં આવ્યો. એવા કારણથી કે કાંઇ મંજુરી આપવામાં આવેલી નથી પરંતુ કલમ ૪૩૦ પ્રમાણે જીલ્લા માજીસ્તરેટનો કાંઇ હુકમ થયા શીવાય અશલ કામની તેમણે તપાસ કરી. અને ફરીઆદીના સાક્ષીઓ તપાશી ફરીઆદી ઉપર કામ ચલાવવાને મંજુરી આપી. ખુલું છે કે જીલ્લા માજીસ્તરેટે વધારે તપાશ કરવાને જે હુકમ કરેલો તે તેમના પોતાના બતાવેલા કારણો પ્રમાણેજ કાયદા વીરૂધ છે. માટે આસીસ્ટંટ માજીસ્તરેટ

ની કરેલી તપાસ તથા મંજુરીનો હુકમ અખ્તીઆર વીનાનો છે અને કાયદા વીરૂધ છે. બીજી કાંઇ મંજુરી આપવામાં આવી નથી. માટે તા. ૧૦ ફેબરવારી સને ૧૮૮૬ ના રોજ આસીસ્ટંટ માજીસ્તરેટે જે મંજુરીનો હુકમ કરેલો છે તે રદ કરવો જોઇએ. સબબ આ બાબતમાં વધારે હુકમ કરવાની જરૂર છે એમ અમારી નજરમાં આવતું નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ ફેબરવારી તથા તા૦ ૧૮ માર્ચ સને ૧૮૮૭

સર આર્થર જે એચ કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીશ, મી૦ જસ્ટીશ કરનાંન અને મી૦ જસ્ટીશ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

માહારાણી કૈસરેહીંદ વીરૂધ કોટાયા વીગેરે.

પીનલકોડની કલમ ૨૨૧-૩૭૮-૩૭૯ —ચોરી— જંગમ મીલકત.

એક ગામની આકાર ઠરાવ્યા વીનાની જમીનના ભાગમાંથી કેટલાંક ગાડાં માટી કાંઇ અખત્યાર અગર હક વીના અખોદીને તરત લેઇગયો. ઠરાવવામાં આવ્યું કે તે આ ચોરીનો ગુન્હેગાર નથી.

પાનું ૨૫૫ કીશનાના આકટીગ જીલ્લામાજીસ્તરેટ આર ડબલ્યુ. વેલ્ડ સાહેબે ફો. કા. ચ રી. ના કાયદાની કા. ૪૩૮ મી પ્રમાણે હાયકોરટનો હુકમ થવાસારૂ આકામ મોકલેલુંછે.

કામની હકીકત નીચે પ્રમાણે કેહેવામાં આવી છે:—

"અમુક જમીનના ભાગમાંથી કેટલાંક ગાડાં માટી લેઇ જવા બાબત બેઉ તોહોમતવાળાઓને હિં. ફો. કાયદાની કા. ૩૭૯ મી પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હાના ગુન્હેગાર ઠરાવેલા છે"

તોહોમતવાળાઓ હાજર થયા નથી.

સરકાર તરફથી સરકારી વકીલ મી૦ પોવલ.

ગુનહાની સાબેતીના ઠરાવના આધારમાં જે તકરારો ગુજારવામાં આવી છે તે આ રીપોટના કારણુસર કોરટના ફેંસલા ઉપરથી પુકત રીતે જણાય છે.

કોરટના મત એક સરખા જુદા જુદા થએલા છે તેથી કે.રટે ફોજદારી કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૨૯ મી પ્રમાણે નીચે પ્રમાણેના અભીપ્રાયો લખવામાં આવેલા છે:—

ચીફ જસ્ટીશ કોલીન્સ સાહેબ:—તોહોમતવાળાઓને હિં. ફો. કાયદાની કલમં ૩૭૯ મી પ્રમાણે ચોરીના ગુનેહગાર ઠરાવી દરેકના ૨ રૂ. દંડ કરવામા આવેલા છે.

હકીકત નીચે પ્રમાણે છેઃ—

અમારે વારમગામની હદ ઉપર કેટલીક આકાર ઠરાવ્યા વીનાની પડતર જમીન છે. આ જમીનના એક ભાગમાંથી તોહોમતવાળાઓ કેટલાંક ગાડાં માટી ભરી લેઇ ગયા કલમ ૩૭૮ મીમાં ઠરાવ્યું છે કે

જે માણુશ કોઇ સખશના કબજામાંથી તે સખશની રજામંદી સીવાય કાંઇ જંગમ મીલકત બદદયાનતથી લેવાનો ઇરાદો કરીને તે મમાણે લેવા સારૂ તે મીલકતને ખસેડે તે માણુસે ચોરી કરી એમ સમજવું.

"જંગમ મીલકત" એ શબ્દો વડે જમીન તથા જમીનને ચોટેલી વસ્તુ અથવા જમીનને ચોટેલી વસ્તુ જોડે જાથુ જોડાયલી વસ્તુ શીવાયની કોઇ પણ પ્રકારની સહકાર મીલકત શમજવી.

તોહોમતવાળાને જમીનથી જુદી પડેલી કોઇ ચીજની ચોરી કરયા બાબત ગુનેહગાર ઠરાવ્યા નથી, પણ તે જમીનની માટીની ચોરી કરયા બાબત ગુનેહગાર ઠરાવવામાં આવેલા છે. પરંતુ જે બાબત ઠરાવ મહારાણી વી૦ તામાશ તાયાના કામમાં કરવામાં આવેલો છે તે જો કે બેશક કાયદાનો સારો નીયમ છે, તોપણુ આ બાબતથી તે ઘણો જુદો છે.

અમારા અભીપ્રાયમાં આવે છે કે ચોરીનો આરોપ ચાલી શકતો નથી. માટે ગુનહાની સાબેતીનો ઠરાવ ફેરવવો જોઇએ અને તોહોમતવાળાઓને દંડ પાછો આપવો જોઈએ.

જષ્ટીશ બ્રાંટ સાહેબઃ—સરકાર તાબાની કેટલીક પડતર જમીનના ભાગમાંથી તોહોમતવાળાઓ કેટલાંક ગાડાં માટી ખોદી લેઇ ગયા. તોહોમતવાળાઓનો તે જમીન ઉપર કાંઇ હક નહી હતો. અને એવું માલુમ પડેલું છે કે તેઓ બદદયાનતથી પોતાના ખાનગી ઉપીયોગ સારૂ અને તે લેઇ ગએલી મીલકત ઉપર પોતાનો હક નહીં છતાં કાયદા વીરૂધ સાધનથી પોતાને ફાયદો મેળવવાને સારૂ લેઇ ગએલા છે એમ માલુમ પડેલું છે.

નીયમ એવો છે કે "કામન લાં" પ્રમાણે જે વસ્તુઓ સ્થાવર મીલકત જેવી અને જાગીરનો ભાગ હોય તેની ચોરી થઇ શકતી નથી. માટે હિં. ફો. કાયદામાં બતાવેલી વાખ્યા પ્રમાણે ચોરીને લાગુ થતો નથી.

(વળી ૫ મદ્રાશ હા. કો. રી. એ ૫૭૬ જુઓ.) વળી મહારાણી વી૦ તાંમા ગંટાયાના કાંમમાં આ બાબત જે કાયદાનો નીયમ સમજાવવા આવ્યો છે જે વસ્તુઓ સ્થાવર મીલકતથી જુદી પડી જંગમ થાય તે ફોડેલા પથરો, ક્ષણીજ પદાર્થો, લોઢું અથવા એકઠું કરેલું મીઠું અગર જે કાટનાં લાકડાં જમીન ઉપર ઉગેલાં હોય અને ઇમારતો બાંધેલી હોય તેને લાગુ પાયછે. અને આવી અગત્યની વસ્તુઓની તથા કી

કરી માટી, રેતી જે જમીનમાંથી ખોદી જમીનનું અથવા પૃથવી જુદી પાડેલી હોય તેમાં અમે ભેદ બતાવી શકતા નથી. તેમ અમને જણાય છે તે પ્રમાણે તે જુદી પાડવામાં અને લેઇ જવામાં કાંઇ વાર લાગેલી નથી તેમાં કાંઇ અગત્યનું નથી.

હિ. ફો૦ કાયદાની કલમ ૨૨ મીમાં જંગમ મીલકતની વાખ્યા કરવામાં આવી છે. તેમાં "જમીન તથા ચીજો જમીન સાથે વળગેલી છે અથવા જે વસ્તુ જમીન શાથે જોડાએલી છે તેની કાયમ વળગેલી ચીજો શીવાયની દરેક આકારવાળી વસ્તુઓનો સમાશ કરવામાં આવ્યો છે" પરંતુ કલમ ૩૭૮ મીના ખુલાશામાં જે વસ્તુઓ જમીન સાથે જયાંહાં સુધી વળગેલી છે ત્યાંહાં સુધી ચોરી થવા લાયક થતી નથી, પણ એ જુદી પાડવામાં આવે એટલે થાય છે.

પૃથ્વીમાંથી અગર જમીનમાંથી ખશેડવામાં આવે તે પેહેલાં તે જમીન તરીકે કહી શકાય છે, પરંતુ "જમીન" ની ચોરી થતી નથી. પરંતુ જમીનથી જુદી પડેલી માટીની થાયછે. માટે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ કાયદા પ્રમાણે નથી એવુ ઠરાવવાને અમે તઇઆર થએલા નથી. તે પ્રમાણે નીયમ કેહેતાં, કાયદા પ્રમાણે અમારો અભીપ્રાય થાયછે કે જે જમીનમાં માટી હોય તે જમીનથી તે માટી જુદી પાડવામાં આવે એટલે ચોરી થઈ શકેછે, માટે અમે ફરી તપાસમાં હાથ ઘાલવાને ના પાડીએ છીએ.

સદરહુ અભીપ્રાયોની સાથે આ કામ ફો કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૯ મી પ્રમાણે જષ્ટીશ કરનાર સાહેબે રજુ કરેલું છે તેમણે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે:—

ફેંસલો:—કાંઇ પણ અખત્યાર અથવા હક વીના એક ગામની આકાર વીનાની જમીનના ભાગમાંથી તોહોમતવાળો કેટલાંક ગાડાં માટી ખોદી લેઇ ગએલો છે. તેને હિં. ફોજદારી કાયદાની કલમ ૩૭૮ ના ઠરાવ પ્રમાણે ગુનેહગાર ઠરાવી કલમ ૩૭૯ મી પ્રમાણે શીક્ષાનો હુકમ કરેલો છે.

અમારી નજરમાં આવે છે કે હકીકત પ્રમાણે હિ. ફો. કાયદાની કલમ ૩૭૮ મી પ્રમાણે ગુનહો થતો નથી. કારણ કે જે મીલકત લેઇ જવામા આવી છે તે સદરહુ કાયદાની કલમ ૨૨ અને ૩૭૮ મી પ્રમાણે જંગમ મીલકત નથી. તે કાયદાની કલમ ૨૨ મીમાં કહેલું છે. કે.

"જંગમ મીલકત" એ શબ્દો વડે જમીન તથા જમીનને ચોટેલી વસ્તુ અથવા જમીનને ચોટેલી વસ્તુ સાડે જાગું જોડાયલી વસ્તુ શીવાય

ની કોઇ પણ પ્રકારની સહકાર મીલકત સમજવી.

કલમ ૩૭૮ ના આ દ્રષ્ટાંતમાં એક ઉગતા ઝાહાડનો દાખલો આપેલો છે એવી રીતે તે ઝાડ આ બદદયાનતથી લેઇ જવાના ઇરાદાથી જુદુ પાડે અને તે લે એટલે ચોરી તેણે કરી થાય છે. હિં. ફો૦ કાયદાની કલમ ૨૨ અને ૩૭૮ મીમાં અને કલમ ૩૭૮ મીના ૧ લા ખુલાશામાં અમુકજ મીલકત જમીન સાથે વળગેલી હોય તેની ચોરી થઇ શકે એવુ બતાવેલુ છે. આ દ્રષ્ટાંતમાં જો કે તમામ જોઈએ તેટલી હકીકત નથી, તોપણ તે ઉપરથી ખુલી રીતે સમજાવવામાં આવેલું છે કે જે મીલકત ચોરી થાય તેવી હોય તે જમીનથી જુદી અને જમીન હોવી નહી જોઇએ. આ કામમાં તોહોમતવાળો જમીનનો જે ભાગ હતો તેજ જુદી પાડી લેઇ ગએલો છે (અને જમીન સાથે મળી ગએલું લેઈ ગએલો નથી.)

ઇંગલાંન્ડના "કામન લા" માં ચોરી બાબત જે ઠરાવ છે તેમાં કેટલોક ફેરફાર કરી કલમ ૨૨ અને કલમ ૩૭૮ મી ઘડવામાં આવીછે.

કામન લા પ્રમાણે ચોરી ફક્ત જંગમ મીલકતની થઇ શકે છે. પરંતુ જે જંગમ મીલકત સ્થાવર મીલકત જેવી હોય તો, જમીન ઉપર ઉગેલા અનાજ અને ઘાસ્તી અગર ઝાડ ઉપરના ફળની અગર ઉગતા ઝાડની ચોરી થઇ શકતી નથી, પરંતુ તેમાંનુ એક જો માલેક કાપે તો કાપેલી ચીજની ચોરી થઇ શકેછે.

કેટલાક સ્ટાટયુટમાં ઠરાવવામાં આવેલું છે કે જો કોઇ સખશ તેવી વસ્તુ ચોરવાના ઇરાદાથી ચોરે અગર જુદી પાડે તો તેને ચોરીનો ગુનેહગાર ઠરાવી શકાય છે.

૫ મદ્રાશ હા. કો. રી. અપીલ બાજુના" ૩૬ મે જે ઠરાવ છે તે એક ઝાડની ચોરીનો હતો, અને તેનો કલમ ૩૭૮ મીમાં ખુલી રીતે સમાશ થાય છે.

માહારાણી વી૦ તામા ઘંટાયાના કામમાં જે બાબત બતાવવામાં આવેલી છે તે એવી છે કે જે હકીકત માલુમ પડેલી છે તે પ્રમાણે તે રેફરંસમાં જે મીઠું બતાવવામાં આવેલું છે તે તોહોમતવાળાએ લીધેલું તેનો સરકારનો કાયદેસર કબજો હતો કીંવા નહીં.

તે મીઠું જમીનમાંથી સ્વભાવીક રીતે ઉતપન થએલું હતુ અને તે જમીન ઉપર બાજેલું અને તે જમીન સાથે વળગેલું હતું તે પ્રમાણે તે કામમાં કોરટે તે નીમક ગણીને જેમ જમીન ઉપર ઉગતુ ઘાસ, અનાજ, ફળ અને ઝાડ જમીન સાથે વળગેલાં જેમ હોય છે અને તે લેઇ

જવામાં આવે છે તેમ તે કલમ ૨૨ અને ૩૭૮ મીના હેતુની અંદર છે એમ ઠરાવવામાં આવેલું છે. જે એવો નીયમ છે કે જો પથર ફોડી કાહાડવામાં આવે અગર ક્ષણીજ પદાર્થ અગર જમીનના ભાગમાંથી માટી ખોદી કાહાડવામાં આવે તો તે પ્રમાણે ફોડેલા પથર અથવા ખોદી કાહાડેલી વસ્તુ તે માટીથી જુદી થાય છે તે જંગમ મીલકતની સ્થીતી જેવી જંગમ મીલકત હિં. ફો. કાયદાની કલમ ૨૨ અને ૩૭૮ મી પ્રમાણે થતી નથી.

જમીનનો માલેક જમીનનો ભાગ અથવા જમીન સાથે વળગેલી વસ્તુ જુદી પાડી તેના રૂપમાં ફેરફાર કરી શકે છે, અને પછી તે જુદી પાડેલી વસ્તુ જંગમ મીલકત થાય છે. ક્ષણીજ પદાર્થો અને પથર જે માલેકે ફોડીને કાહાડેલા હોય અને ઝાડો તથા બીજી ઉપજ માલેકે જમીનથી જુદી પાડી હોય તો તે હમેશાં જંગમ મીલકત તરીકે ગણવામાં આવે છે. માટે માલેકે ખોદી કાહાડેલી માટી જે ખશેડીને વાપરવાને ઈરાદે જુદી રાખેલી હોય તે જંગમ મીલકત તરીકે શાવાસ્તે ગણવી નહી જોઇએ તેનું કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી.

પરંતુ જો એકાદો સખશ જમીન સાથે વળગેલી વસ્તુ જુદી પાડે અને તે તરત લેઇ જાય તો તેવું લેઇ જવું કામન લા પ્રમાણે ચોરી નથી.

તેમજ કલમ ૩૭૮ મીના બીજા દ્રષ્ટાંતમાં જમીન સાથે વળગેલી વસ્તુઓનો ખુલાસો એવી રીતે થાય છે કે જે કૃત્યથી તે જુદું પાડવાનું થાય છે તે ચોરી થાય છે.

પરંતુ જે કામમાં ચોર પથર અથવા ક્ષણીજ પદાર્થ ફોડી કહાડે અગર જમીનમાંથી માટી ખોદી કાહાડે તે કામ બાબત કલમ ૩૭૮ મીમાં ઠરાવ કરવામાં આવ્યો નથી.

અમારા સમજવા પ્રમાણે ચોરીના ગુનહાની સાબેતીનો ઠરાવ રદ કરવો જોઇએ અને તે પ્રમાણે અમે હુકમ કરીએ છીએ. જો દંડ વસુલ આપવામાં આવ્યો હોય તો તે પાછો આપવો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૯ નવેંબર સને ૧૮૮૬ તથા તા૦ ૧૨ મી જુન સને ૧૮૮૭

મહારાણી કૈશરેહીંદ વી૦ રંગી વીગરે.

ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૩૪૨, ૬૬૪—સાક્ષી એ પ્રત્યંતરી પુરાવ વીનાની આપેલી સાહેદી ખેંચી લેવી—તોહોમતવાળા ને પુછ પરછ કરવી—કબુલતો.

અ અને બ ઉપર બ ના ધણી ક નું ખુન કરયાનો આરોપ ગ વામાં આવ્યો. બ નો ધણી ગુમ થયો ત્યાર પછી થોડાક દીવશે બ એ કહયું હતું કે મારો ધણી ગુજરી ગએલો છે. એવો કાંઇક પુરાવ હતો અને ક ની કબરસ્થાનની જગો ઓળખવામાં આવેલી છે તેની નજીકમાં કેટલાંક હાડકાં, ખોપરી અને કેટલાંક કપડાં માલમ પડયાં હતાં બ એ તા૦ ૪ જુનના રોજ એવી મતલબની હકીકત કહેલી કે ક ને એક બગીચામાં હું ફોસલાવી લેઇ ગઇ હતી અને અ કે જે મહારો યાર હતો તેણે તે ક ને મહારા હાથમાં મારી નાંખેલો છે તે ગામના મુનશફે લખી લીધેલી છે. અને તે હકીકત કમીટ કરનાર માજીસ્ટ્રેટે શવાલો પુછેલા તેના જવાબમાં અને પાછળથી સેશન કોરટની રૂબરૂ વારંવાર વધારે જોરથી વાગતવાર તે કહેલા છે. તેણીને મોતની સીક્ષાનો હુકમ કરવામાં આવ્યો ત્યારપછી તેણીએ હાયકોરટમાં અપીલ કરી. અને અપીલમાં તેણીએ પોતાની પ્રથમની શરુની હકીકત પાછી ખેંચી લીધી. અને હમેશાંની રીત પ્રમાણે પોલીસે મહારા ઉપર જુલમ કરેલો છે એવો આરોપ રાખ્યો કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂ અ એ હકીકત કહેલી એવા મતલબની કે ક ના બનેવી અરજ ઉપરથી ક ની લાશની મેં વ્યવસ્થા કરવામાં મદદ કરી હતી. પરંતુ તે હકીકત શેશન કોરટની રૂબરૂ તેણે નાકબુલ કરેલીછે પરંતુ તે હકીકતની પુષ્ટીમાં માજીસ્ટ્રેટની રૂબરૂ તે આપેલી બનેવીની બે જુબાનીઓ છે તોપણ તે જુબાનીઓ તેણે શેશન કોરટની રૂબરૂ ના કબુલ કરેલી છે.

ઠરાવવામાં આવ્યું કે અ ને ગુનેહગાર ઠરાવેલો છે તે બરોબર નથી. અને (જસ્ટીશ પાર્કર સાહેબ વીરૂધ પડયા) બ ને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે તેપણ બરોબર નથી.

જસ્ટીશ હરનાંન સાહેબ— બીજા કેદીએ તમામ કબુલતની હકીકતો આપેલી તે પાછી ખેંચી લીધેલીછે માટે આ કોરટના ઠરાવો પ્રમાણે લગતેં હરજગે અને તે પાછી ખેંચી લીધેલી કબુલતોમાં જે હકીકત કહેલીછે તે મુદાની બાબતમાં પુષ્ટી થાય એવો સ્વતંત્ર ભરૂશા લાયક પુરાવછે કે નહી તે જોવા સારૂ પુરાવ તપસાવાની જરૂરછે. જો આવો પ્રત્યંતરી પૂરાવ

ન હોયતો બીજા કેદીની એક બીજાની વીરૂધ કહેલી હકીકતો કાયમ રહેછે. અને તેમાંની કેઈ હકીકત સાચી ને વીશે શક રહેછે. માટે તે કેદીની વી રૂધ નીરભય ભરેલી રીતે તે કબુલતવાળી હકીકત ઉપર ભરૂશો રાખી શકાતો નથી.

મળતો વીચાર—શેશન કોરટની રૂબરૂ સાક્ષી પુરતાની પ્રથમની જુબાની ખેંચી લે તો તેજ નીયમ પ્રમાણે ચાલવુ જોઇએ.

જષ્ટીશ કરનાંન સાહેબઃ—ફો. કા. ચ. રી. ના. કાયદાની કલમ ૩૬૪ પ્રમાણે તોહોમતવાલાને તપાસવાનોછે ને કલમ ૩૪૨માં બતાવેલાં હેતુ ની શાથે તપાસવાનોછે. એટલે તેના વીરૂધ જે હકીકત જણાતી હોય તે હકીકતનો તે ખુલાસો કરી શકે અને તે ગુન્હેગારછે એવી ફરીયાદ તરફની હકીકત બતાવવાને સારૂ તેની પુરવણી કરવાની નથી.

પાનું ૨૯૫ આકામમાં બીજા કેદી ઉપર મોતની શીક્ષાનો હુકમ કરવામાં આવેલો તેથી તે મંજુર થવાસારૂ કીરસનાના શેશન જડજે આ કામ હાયકોરટમાં મોકલેલુછે. અને પેહેલા તથા બીજા કેદીઓએ પોતાને કરેલી શીક્ષાના હુકમો ઉપર અપીલ કરેલીછે.

આ કામમાં જે ઘણીજ અગતપના કાગલોછે તેમાં તા૦૪ જુનના રોજ ગામના મુનસફની રૂબરૂ બીજા કેદીઓએ કબુલત વાળી હકીકત કહેલી તેની પદસ્તનો અ નીશાનનો કાગળછે તા૦૬ જુનના રોજનો જે નીશાનનો કાગલછે, જે ૨ નીશાનનો કાગ ળ તા૦૧૪ જુનના રોજનો જે ૩ નીશાનનો કાગલ અને તા૦૧૫ જુનના રોજનો. જે ૪ ના. તા૦૨૫ ઓગષ્ટના રોજનો જે ૫ નીશાનનો કાગલ એ રીતે તમામ કાગલો બીજા કેદીએ બેજવાડાના બીજા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલતવાળી હકીકતો કહેલી તે બાબતનાછે, પરંતુ એ તમામ હકીકતો ખુશીથી કહેવામાં આવેલીછે એમ લખી લેવામાં આવેલી નથી માજીસ્ટ્રેટે ઘણા શવાલો પુછેલા તેના જવાબ કેટલીક કબુલતો આપેલીછે અને તે તમામ દફરહ્. કેદીઓ પોલીસના પેરામા હના તે વખતે આપેલીછે, વળી શેશન કોરટમાં બીજા કેદીએ પોતે ગુન્હામાં આવે તેવી હકીકત કહેલીછે અને તે હાયકોરટમાં છેવટ તેણે અપીલ દાખલ કરી પ્રથમની તમામ હકીકતો ખેંચી લીધેલીછે.

અપીલવાળા તરફથી મી. કરનાન—

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ મી. પાવલ.

કામની હકીકત તથા તંકરારો જે કરવામાં આવેલી તે આ રીપોરટના કારણસર કોરટના ફેંસલાઓ ઉપરથી પુકતરીને જણાયછે.

જે કોરટની રૂબરૂ (ચીફ જસ્ટીસ કોલીન્સ અને જસ્ટીસ પ્ર.કૈર

સાહેબે.] આ અપીલ પેહેલી સુનાવણી ઉપર આવેલી તેમણે નીચે પ્રમાણે ફેંસલા આપેલા છે.—

ચીફ જસ્ટીસ કોલીન સાહેબઃ— અમારા અભીપ્રાયમાં આવ્યું છે કે પેહેલા કેદી મીરસરીના વીરૂધ જે પુરાવ છે તે તેને ગુન્હેગાર ઠરાવવાને બસ નથી. અને તેના વીરૂધની હકીકત બાબત સરકારી વકીલ વધારે આગ્રહ કરતા નથી. માટે ગુન્હાની સાબેતીનો ઠરાવ ફેરાવવો જોઇએ અને મીરસરીને છોડી દેવે. જોઇએ.

બીજી કેદીઆણુ રંગીના વીરૂધ જે હકીકત છે અને જેને મોતની શીક્ષા કરવામાં આવેલી છે તેનાથી પેહેલા કેદીની હકીકત ઘણી જુદીછે.

જે માણસનું ખુન કરવામાં આવેલું કહેવામાં આવેલું છે તે તેણીનો ધણી હતો. તેઓ ઘણા વરસથી જુદા રહેતા હતા અને તે રંગી ઘણી વ્યભીચાર ભરેલી રીતીએ મીરસરીની સાથે તર્કટ ચલાવતી હતી એવો મજબુત પુરાવ છે. એવુ કહેવામાં આવેલું છે કે તે રંગીના ધણી વેંકટ સામીનું ખુન તા૦ ૨૨ મી મે સને ૧૮૮૫ ના રોજ કરવામાં આવેલું છે. અને ફરીઆદ તરફનો ચોથો સાક્ષી જે બીજા કેદીનો બાપ થાય છે. તેણે કહયું છે કે વેંગટસામી તાલગાતર રહેતો હતો અને તે તાલગાતર પોતાની ઓરતને સમજાવીને લેઈ જવાની આશાથી તેઓ રતવાસરગાં રહેતી હતી ત્યાં આવ્યો હતો. અને તે તારીખના અરસામાં વેંકટસામી અને રંગી એકઠાં રહેતાં હતાં અને કીસ્નાંના કીનારા સુધી તે બેઉ સાથે ચાલતા જતા હતા. એવું તેણે જોયું હતું તથા ત્યાર પછી કેટલીક મુદતે બીજી કેદીઅરણુ રંગી એકલી પાછી આવી અને તેણીએ કહયું કે મહારા ધણીને મેં કહયું કે તે ગામમાં બે બચ્ચાંને દુખ આપું છું. માટે ત્રણ દીવસ પછી હું આવીશ અને તે ઉપરથી તે ધણી ગુમ થઇ ગયો. અને તે વખતે એ ધણી ચગંતીપાંડુ નામની જગો જે તાલગાતર કે જ્યાં તેનો ધણી રહેતો હતો તેના રસ્તા ઉપરછે. ત્યાં હતો. એવી હકીકત તેણીએ તેને પુછવાથી કહેલી. એવો પુરાવ છે. બીજી કેદીઅણુ તથા તેણીનો ધણી આ વખતના અરસામાં એકઠા હતા તે વળી ફરીઆદ તરફના પાંચમા સાક્ષીએ કહેલું છે. તેણીના ધણી સાથે તેણીને મુલાકાત થઇ ત્યારથી ત્રીજે દીવસે તે પોતાના છોકરાંને લેઇને બીજી કેદીઅણુ તાલગાતર ગએલી હતી. ફરીઆદ તરફનો ત્રીજો સાક્ષી રંગી તથા વેંગટ સામીની દીકરી છે. તેણીએ કહયું છે કે માહારી માના મોટા ભાઇઓ જયારે તાલગાતર આવ્યા ત્યારે તેઓ માહારા બાપને વાલર લેઈ ગયા એવું કહીને કે અમે તારી ઓરતને મોકલીશું અને

તે વખતે છેવટ મેં માહારા બાપને જોયો હતો. આ સાક્ષી વળી પોતાની જુબાનીમાં કહેછે કે માહારા બાપે વાલર જવાને તે જગો છોડી. બાદ. પછી કાંઇક નવ દીવસે માહારી મા રંગી પાછી આવી હતી. તે વખતે મે તેણીને પુછ્યું કે માહારો બાપ ક્યાં છે. ત્યારે તે બીજી કેદીઅણે એક પીતલના વાસણથી મને મારવા માંડી અને કહયું કે તારો બાપ ખાડામાં પડયો છે. જુન માસમાં વેંગટ સામીની બાબત તપાસ કરવામાં આવી. એક માણસ નામે બદન સાહેબને શક ઉપરથી પકડવામાં આવ્યો. અને તેણે ઘણી મુદત પેરામાં રહયા પછી પોતે તથા પેહેલા કેદીએ વેંગટ સામીની લાશ એવી રીતે દાટી હતી તેનો હેવાલ બતાવ્યો. અને તા૦ ૧૫ મી જુનના રોજ તે બીજા વરગના માજીસ્તરેટને ધારેલી દાટવાની જગોએ લેઇ ગયો. અને ત્યાં હાડકાં, માંઉશ, કાંબળીના કડકા વીગરે માલમ પડયું હતું. તોપણ એમ જણાય છે કે કોન્સટેબલ કે જે સાતમો સાક્ષી છે તેણે તથા ગામના મુનશફે જે આ જગો દાટવા તરીકે વાપરવામાં આવતી હતી. ત્યાં તા૦ ૩ જી જુનના રોજ શોધ કરયો. અને બે ખોપરીઓ તથા બે હાડકાં તથા કામળીના કડકા વીગરે ત્યાં માલમ પડેલું હતું. બદન સાહેબે શેશન જડજની રૂબરૂ પોતાની કહેલી પ્રથમની તમામ હકીકત પાછી ખેંચી લીધી અને કહયું કે પોલીશે તે હકીકત કહેવાને મને ઉશકેરેલો હતો.

જયારે રંગીને પકડવામાં આવી ત્યારે તેણે લાંબી હકીકત કહેલી છે તેમાં તેણીએ કહયું છે કે પેહેલા કેદીએ મહારા ધણીને ફોસલાવીને મહારી સાથે સંભોગ કરવાના હેતુથી એક બાગમાં લેઇ ગયો. અને તે વખતે તેણીનો ધણી તેણીના કહેવા પ્રમાણે તેણીના ઉપર બેઠેલો હતો. એટલામાં પેહેલો કેદી પીછળના ઝાહાડવામાંથી આવ્યો. અને એક મોટી લાકડીથી તેણીના ધણીના માંથા ઉપર માર મારયો. અને બીજે ઘા મારતાં માથુ ફુટી ગયું અને મગજ બહાર આવ્યો. આવી ઘણી ખરી હકીકત તેણીએ પોતાની શેશન કોરટમાં તપાસ ચાલી ત્યારે શેશન જડજની રૂબરૂ કહેલી છે. અને ખુલું છે કે જો તેણીની કબુલતો માનવાની હોય તો પેહેલા કેદીની સુચના ઉપરથી તથા પેહેલો કેદી તેને મારી નાંખે તે કારણસર તે પોતાના ધણીને બાગમાં લેઇ ગઇ હતી. બીજા કેદીએ હાયકોરટમાં અપીલની અરજી કરેલી છે તેમાં તેણે કહયું છે કે જે ખુન કહેવામાં આવેલું છે તે વીશે હું કાંઇ જાણુતી નથી અને હું તથા પેહેલો કેદી ગુનહામાં ભાગીએ તેવી હકીકત કહેવાને પોલીશે મને ચીડાવેલી હતી.

આવી હકીકત છતાં આ ઓરતને ગુનેહગાર ઠરાવવી એ નીરભય નથી એમ અમારા અભીપ્રાયમાં આવે છે. પ્રથમ તો વેગટસામી ખરી રીતે મરણ પામેલો છે એવી પુરાવ ઉપરથી એવી અમારી ખાત્રી થતી નથી. શેશન જડજે તા૦ ૧૧ સપટેંબર સને ૧૮૮૬ ની રોજ શેશન જડજે જે હકીકત હાયકોરટને લખી મોકલેલીછે તેમાં તેમણે કહયું છે કે "તે (વેગટ સ્વામી) હજુ હયાત હોય એગ ઘણું અસંભવીત છે, અને જો કે તેમણે તે ઓરતનેં મોતની સીક્ષા કરી છે તોપણ તેમણે ભલામણ કરી છે કે આવી બીના બની શકે (એટલે વેગટ સ્વામી હયાત માલુમ પડે) તે વીચારમાં લેવી જોઇએ અને જે શીક્ષા તરીકે પાછી રદ થાય નહી તેવી સીક્ષાના પણ થઇ શકે."

વેંગટ સ્વામી અને રંગીની દીકરીઓમાંની એક દીકરીને માજીસ્ટેટની રૂબરૂ બોલાવવામાં આવી છે, પરંતુ સેશન જડજની રૂબરૂ તેને બોલાવવામાં આવી નથી, અને તેણીએ જુબાની આપી છે કે મારા માબાએ કેટલાક છોડની પાસે સુઇ રહેલા અને તેમાંના એકે મારા બાપનું ગળું એક છરીથી કાપ્યું. તેણીએ કહયું છે કે" તેણે જેમ બકરૂ કાપે તેમ તેને કાપીને મારી નાંખ્યો છે" વળી તેણે કહયું છે કે આ હકીકત જે કહેવામાં આવી છે તે જુઠી કહેલી હતી, કરણ કે મારા દાદા અને કાકાએ તેમ કહેવાનું કહેલું હતું.

ત્રીજી સક્ષી તે દીકરીઓમાંની એક બીજી દીકરીએ જેઇની કીમત રાખી સોગન ઉપર કહેલું છે કે દફન કરવાની જગામાંથી જે ખોપરીઓ ખોદી કાહડવામાં આવેલી છે, તેમાંની એક મારા બાપની છે, કારણ કે "હું તેના માંથામાંથી જુઓ કાહાડતી હતી.' વળી તેણીએ સોગન ઉપર કહેલું છે કે "તે હડકાં મારા બાપનાં છે.

વેગંટ સ્વામીની ખોપરી તરીકે જે ખોપરી ઓળખવામાં આવી છે તે જે વખતે માલુમ પડી તે વખતે (સક્ષીઓ તે પ્રમણે કહે છે) તેના બે કડકા થએલા હતા બીજી કેદીઅણે પોતાની કબુલાતવાળી હકીકતમાં કહેલું છે કે પેહેલા કેદીએ તેણીના ધણીનું માથુ તોડી નાંખેલું છે તોપણ જે "ગાપોથીકરી" એ મેં તપાસેલું છે તે કહે છે કે મારા અભીપ્રાય પ્રમાણે મોત થયા પછી તે ભાગી નાખવામાં આવેલું છે, અને તે બાબત અમારા સમજવા પ્રમાણે પોતાનાં તે અભીપ્રાયના સારા કારણો બતાવેલાં છે.

આ કામને તમામ પુરાવ સંભાળી ભરેલા વીચારમાં લેતાં અમે કહી શકતા નથી કે પેહેલા કેદીએ જે કહેલું છે કે પોલીસે બીજી કેદી

કાણુમે તેણીએ શુ કહેવું જોઇએ તે શીખવતાં મેં સાંભળેલુંછે તેની રૈશંશય રીતે જુઠુંછે, અનેજે કબુલતે બાબત બીજુ કેદીઆણના વીરૂધ ઇરૈશા રાખવામાં આવ્યોછે તે સાચીછે કારણકે તેણીના ભાઇયો તે તોહ્મતીછે એમ કેહેવામાં આવેલુંછે તેમના ઉપર તે ગુન્હાનો આરોપ ના રેહે તે પ્રમાણે તેમને બચાવવાની ઉમેદથી તેણે તે કબુલતો આપેલી હોય. પરંતુ જે શેશન જડજે આકામની તપાસ કરેલીછે અને શક્ષીઓને સાંભળેલાછે અને તેમની ચાલ ચલગત જોએલીછે તેમની બધા કરતાં એવી શુચનાછે કે જે માણુસનું ખુન થએલુ ધારવામાંછે તે માણુસ કોઇક વખતે હયાત માલુમ પડે માટે કાયદા પ્રમાણે જે છેવટમાં છેવટ શીક્ષાછે તેનો અમલ કરવો નહી જોઇએ માટે તે કેદીને નીરદોશ ઠરાવ્યા શીવાય બીજો કાંઇ ઇલાજ આગારો રહેલો નથી.

જસ્ટીસ. પારકરશાહેબઃ— આકામમાં ગયા મે માસની તા૦૨૨મીના રોજ અગર તે અરસામાં એક વેંગટસ્વામીનું ખુન કરવા બાબત અપીલવાળાઓ મીરસપી અને રંગીને ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે આ કામમાં જે બીજી કેદીઅણ રંગી છે એ મરનારની ઓરત છે અને પેહેલો કેદી જે સખશની સાથે તે બીજી કેદીઅણ વ્યભીચાર ચલાવતી હતી તે છે.

પુરાવ ઉપરથી માલમ પડેછે કે મરનાર અને તેની ઓરત ત્રણ અગર ચાર વરસથી જુદાં રેહેતાં હતાં. તે મરનાર તાલગાતર ગામમાં પોતાની એક દીકરી અને દીકરાને લેઈ રહેતો હતો. અને રંગીવાલર કે જયાં તેણીના ભાઇઓ રહેતા હતા ત્યાં પોતાના નાનાં છોકરાં લેઇને રહેતી હતી. મરનાર વખતે વખતે વાલર જતો હતો પણ તેને પોતાના સાળાઓ સાથે સારો બનાવ નહીં હતો.

ફરીઆદ તરફની હકીકત એવી છે કે વેંગટસામી તાલગાતર છોડી પોતાના શાળાઓની સાથે મે મહીનામાં કોઇ દીવસે ગએલો હતો. પરંતું કેઇ તારીખે ગએલો હતો એ નકી કરવામાં આવેલું નથી. પરતુ તેવામાં કાંઇક ત્યાંનો તેહેવાર હતો તે ઉપર નજર રાખી તે તારીખ નકી કરવાને કોશીશ કરવામાં આવેલી છે અન પછી તે પાછો આવ્યો નથી. તા૦ ૨૧ મી મેના અરસામાં રંગી તેના વીના તલગાતર પાછી આવી. અને તે વખતે તે કયાં છે તેની તપાસ ચાલતી હતી. તેણીએ કહયું કે મે તેને એકલો પાછો આવવા દીધો હતો. પરંતુ તેણીના જવાપો અંદેસા ભરેલા ગણવામાં આવ્યા અને તેણીના ધણીના ભાઇ ગોપાકુનૈ વેંગટસામિ ગુમ થએલો તે બાબતની ખાતરી થએલી નહીં હતી. બીજી કેદીઆણને વયરમાં કાસ કેદમાં રાખવામાં આવી હતી ત્યાં ગામના સો

કે તેણીને લેઇ ગયા હતા તથા ગોપાંડુ તથા અમાંલુ જે તેણીની મોટી દીકરી છે તે તપાસ કરવાને વાસ્તે ગયા હતા તા૦ ૨ જી જુનના રોજ વાસ્તે વેંગટસામીના પતાનો તપાસ કરવાને સારૂ પોલીસ અને ગામના માણસો સ્તરેક શોધ કરતા હતા. કારણ કે ગોપાડુ અને તેણી દીકરીઓએ કહ્યું હતું કે એક ખુન થએલું છે કીસ્નાનદીના તળીઆના કીનારાની નજીક દાટવાની જગો છે. ત્યાં એક ખાડામાં બે ખોપરીઓ, પગના હાડકાં, હાથે વીગેરેના કડકા તા૦ ૩ જુનના રોજ ગામના મુનશફને અને નંબર ૪૦ ના પોલીસ કોનસટેબલને (શાતમા સાક્ષીને) માલમ પડયા હતા અને તેની સાથે કામળાના કેટલાક કકડા અને બે લુગડાંના કડકા અમાલુએ પોતાના બાપના છે એમ ઓળખ્યા હતા. તેજ તારીખે પંચથી તપાસ કરવામાં આવી. અને પંચોએ એવો રીપોટ કરેલો છે કે તે લાશના ભાગો વેંગટસામીના છે. અને તે વેંગટસામી મારથી મરણ પામેલા જણાય છે. અને રંગીના ભાઇઓ શુધાંત સાત સખસો ઉપર તે ગુન્હા વીસે શક રહેછે.

ગંગાના (બીજા સાક્ષી) જે, ગામનો મુનશફ છે તેમણે પંચાતનામું કરેલું છે. અને તેણે જુબાની આપી છે કે રંગી તે વખતે હાજર હતી. અને તેણીને પોલીસ વીગરેએ રજુ કરી હતી. અને તેણીએ મહારી રૂબરૂ તેજ વખતે ત્યાં કબુલ કરેલું છે કે મહારા ધણીને મહારા દેખતાં પેહેલા કેદી મીરસરીએ માર મારી મારી નાંખેલો છે. તેમણે એવી હકીકત કરી છે કે નીશાંન બ વાળી હકીકત તે વખતે તે ઓરતે કહેલી છે. અને તે મેં લખી લીધેલી છે તેમાં તેણીએ કબુલ કરેલું છે કે મીરસરી મહારા ધણીને મારી નાંખી શકે તે સારૂ હું મહારા ધણીને ફોસલાવીને બાગમાં લેઇ ગઇ હતી. અને પેહેલો કેદી એક ઉભા રહેવાની જગોએ ઉભેલો હતો. અને પ્રથમથી અમે જે ગોઠવણ કરેલી હતી. કે તેને નીશો કરાવવો તે નીશો કરાવીને તે પેહેલા કેદીએ મહારા ધણીને સદરહુ ગોઠવણ પ્રમાણે મારી નાખ્યો.

તોપણ આ હકીકત તા૦ ૪ જુનના રોજની છે. અને જો કે ગંગાના કહેછે કે તેણે તે, તા૦ ૩ જીના રોજ સરૂ કરી હતી અને તા૦ ૪ થીએ પુરી કરેલી છે. (અશલ જે હકીકત આપેલી તેની સાફ નકલ ખરી રીતે બ નીશાનનો કાગળ છે.) માટે આ બાબતમાં તે સાચું કહેતો નહીં હતો એમ માનવાને કારણ છે. પોલીસ કાનસટેબલ એચ. નાબાયા (સાતમો સાક્ષી) ની સાહેદી ઉપરથી અમને માલમ પડે છે કે પચાતનામું થયું તે વખતે રંગી હાજર નહી હતી અને બીજે દીવશે

એટલે તા૦ ૪ થી જુનના રોજ વાયર કે જ્યાં પોલીશ સ્ટેશનમાં તે હતી. ત્યાંથી તેને બોલાવવામાં આવેલી હતી. અને પંચાતનામામાં તે થતાં પેહેલાં તેણીએ હકીકત કહેલી છે એવો કાંઇ ઇસારો નથી. તે ઉપરથી તે હકીકત તે વખતે કહેલી નહી હતી તે વીસેનો ઘણું કરીને નકી પુરાવ થાય છે. પંચાતનામામાં તે બાબત કાંઇ છે નહી તે વીશે ગંગાના એવો ખુલાસો આપે છે કે રંગીએ જે કહેલું તે સાચું નહી હતું એમ હું માનતો હતો. અને તેથી તેણીની દીકરીઓએ જે કહેલું કે તેણીના ભાઇઓ ઉપર શક છે. તે મેં લખી લીધેલું છે, પરંતુ પંચાતનામા વખતે રંગી હાજર હતી. એવું અશલ ચોકશાઇ વીના કહેવામાં આવેલું તે છુપાવવાને સારૂ ઘણું કરીને આ હકીકત કહેવાય છે.

તોપણ નકી છે કે રંગીએ જે હકીકત કહેલી છે (નીશાંન બ વાળી) તે તા૦ ૪ થી જુનના રોજ કહેલી હતી. અને તે એક રીપોરટ સાથે (ક નીશાનવાળો) બેજવાડાના બીજા વરગના માજીસ્તરેટ તરફ મોકલેલી છે અને તે રીપોરટ ઉપર તા૦ ૮ મી જુનના રોજની પોહોંચ્યા તારીખ ઉપર માજીસ્તરેટની સહીનુ નીશાંન છે.

કેવી હકીકતથી બ નીશાંનવાળી હકીકત લેવામાં આવેલી અને કઇ તારીખ લેવામાં આવેલી તેનુ વરણન કરવામાં ચોકશપણું નથી. માટે જો તે દસ્તાવેજો ઉપર ફકત આધાર રાખવામાં આવેલો હોય તો રંગી વીરૂધના જે પુરાવનો આધાર કબુલતો ઉપર છે તે પુરાવ અમારે લક્ષમાં રાખવો જોઇતો નહી હતો. પરંતુ તે પ્રમાણે નથી. ત્યારપછી બે દીવશે તા૦ ૬ થી જુનના રોજ વયરમાં નઝવીદના બીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ ફો૦ કા૦ ચુ૦ની રીતીના કાયદાની કલમ ૧૬૪ પ્રમાણે રંગીએ આપેલી એક કબુલત લખી લેવામાં આવેલી છે અને તે વધારે વીગતવાર તા૦ ૧૪ મી જુનના રોજ બેજવાડાના બીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ તેણીએ ફરીથી કરેલી છે વળી તા૦ ૧૫. જુનના રોજ તેણીએ તે કબુલત આપી હતી. તે વખતે જે જગોએ ખુન થએલું તે જગો માજીસ્તરેટને બતાવ્યા પછી બે હકીકતો તેણીએ કહેલી છે. તેમાં એક વાલરમાં અને બીજી જે જગોએ ખાસ માલમ પડેલી ત્યાં કહેલી છે. ત્યારપછી બે માસ કરતાં વધારે મુદતે એટલે તા૦ ૨૫ મી અને તા૦ ૨૮ મી અગષ્ટના રોજ તે વાત તેણીએ ફરીથી કહેલી છે. તેમ જે વખત શેશનમાં તપાશ ચાલી તે વખતે તે કાંઇ જુદું બોલી નથી પેહેલ વેહેલુ આ કોરટમાં જ્યારે તેણીએ અપીલ કરી. (મોતની શીક્ષા કરયા પછી) ત્યારે તેણીએ પોતાની પ્રથમ કહેલી હકીકતો પાછી ખેં-

ચી લીધી છે અને હમેશાંની રીતી પ્રમાણે પોલીશના ઉપર જુલમ ક
રયાનો આરોપ રાખ્યો છે.

તા૦ ૧૩ મી જુનના રોજ દશમા સાક્ષી એક પોલીશ કોનસટેબ
લ મહમદઅલીએ પેહેલા કેદી મીરસફીને શીકંદરાબાદમાં પકડયો હતો.
એનજવાડાના બીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ તા૦ ૧૮ મી અગષ્ટના
રોજ તેણે એવી હકીકત કહી હતી કે વેંગટસામીના શાળા બદનસાહેબ
ની અરજ ઉપરથી વેંગટસામીની લાશની વ્યવસ્થા એક ખાડાની અંદર
કરવાને મેં મદદ કરી હતી. પરંતુ વેંગટશામીનું મોત કેવી રીતે થયું તે
વીશેની માહેતી નથી એમ તેણે કહેલુંછે. શેશનમાં તેણે આ હકીકત ના
કબુલ કરેલી છે. એવું કહીને કે તે વખત હું શરીરે સારો નહી હતો.
અને મેં શું કહેલું હતું તેની મને યાદ નથી. તેણે પોતાની અપીલના
અરજીમાં એવી તકરાર કરી છે કે દુશમનાઇથી મારા ઉપર આ તોહોમ
ત મુકવામાં આવેલું છે.

બીજી કેદીઅણુના વીદવાન કાંનસીલે અમારી રૂબરૂ એવી તકરા
ર કરી છે કે વેંગટસામીનું મોત થએલું છે એવું જોઇતા પૂરાવથી સા
બેત થએલું નથી અને તે કારણથી કોઇ સખશને તેના ખુન બાબત
ગુનેહગાર ઠરાવવો એ નીરભય નથી. શેશન જડજે જે એવું વીચારેલું છે
કે ખાડામાંથી લાશના જે ભાગો માલમ પડેલા તે ઓળખ્યા બાબતનો
પૂરાવ વેંગટસામીની લાશના ભાગો છે એમ નીશ્ચયથી અમે ઠરાવી
શકીએ એવો બસ નથી. તે સાથે અમે તદન મળતા છીએ પરંતુ વેંગટ
સામીના મોતના પુરાવનો આધાર ફકત તે લાશના ભાગો ઉપર છે એ
મ નથી. બીજા કેદીની શેશન્સમાં પાછી ખેંચી લીધા વીનાની હકીકત છે
કે તેણીના ધણીનુ ખુન કરવામાં આવેલું છે અને તેની લાશ તે ખાડા
માં દાટેલી હતી અને વળી પેહેલા કેદીની માજીસ્તરેટની રૂબરૂ તેવીજ
મતલબની હકીકત છે પછી તે ખુન થયાની હકીકત વીશે તે બેઉના ક૦
હેવામાં તફાવત પડેછે તેની ચીંતા નહી. તે શીવાય બદન સાહેબની સા
ક્ષી છે અને તે ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૨૮૮ પ્રમાણે
પુરાવમાં વ્યાજબી રાહે સેસન જડજે દાખલ કરેલીછે માટે તે વેંગટસા
મી સાચી રીતે મરણ પામેલો છે. અને તેની લાશ તે ખાડામાં દાટવામાં
આવી હતી. એ વીશે વ્યાજબી રાહે શક પહે તેવો હકીકત પ્રમાણે કાંઇ
પુરાવ નથી. બીજા સખસોને પણ ત્યાં દાટવામાં આવેલા છે. માટે અ૦
મુક ખોપરી અને હાડકાં જે કોરટની રૂબરૂ રજુ કરવામાં આવેલા છે
તે વેંગટસામીનાં છે કે નહીં એ કેહેવું તદન દેખીતી રીતે અશક્ય છે.

પછી એવી તકરાર કરવામાં આવી છે કે બીજી કેદીઅણે જુદી જુદી કબુલતો કરેલી છે. અને તે ખુશીથી કરેલી નહી હોય અને જે જગોએ તે ઉભી રહેલી તે જગો અને ત્યાં કેટલું અજવાળું હતું વીગરે બાબત જે જુદી જુદી હકીકતો કહેવામાં આવેલી છે તેમાં જુજ તફાવત છે તે અમને બતાવવામા આવેલો છે. જુદી જુદી વખતે થોડોક દરમ્યાન વખત ગયા પછી તે કેદીઅણે સાત કરતાં ઓછી હકીકતો કહેલી નથી. અને તેમાંની કેટલીક બીજાઓના કરતાં વધારે વીગતવાર છે. માટે જો તેમાં એક અગર બે બાબતો વીશે વીરૂધપણું તેમાં માલમ પડી ન શકે તો તે અચંબો પામવા લાયક થાય. પરંતુ જે વાત કહેવામાં આવેલી છે તેના મુખ્ય મતલબને હરકત થાય એવી તેમાંની એક બતાવવામાં આવી નથી. એવી સુચના કરવામાં આવી છે કે રંગીએ પોતાના ભાઇઓ કે જે ખરેખરા ગુન્હેગારો છે તેમને બચાવવાને સારૂં તેણીએ જુઠી હકીકત કહેલી હોય પરંતુ જો તેમ હોય તો જે હકીકતથી પોતાના ઉપર વધારે ગુન્હો આવી પડે તેવી તે ભાગ્યેજ હકીકત શોધી કાહાડે. ગામના અધીકારીઓએ પહેલ વહેલાં તેણીના ભાઇઓના ઉપર શક રાખવાને ગોપાડુ જોઇતી રીતે તઈઆર હતો એ દેખીતુ છે. માટે ખુલ્લું છે કે જે શક તેઓના ઉપર પ્રથમ રાખવામાં આવેલો હતો તે બીજી કેદીઅણુની પોતાની કહેલી હકીકત ઉપરથી દુર થએલો છે પુરાવ ઉપરથી એમ જણાય છે કે મરનાર પોતાના શાળાઓના કહેવાથી બાહાર ગયો હતો. અને તે સાળાઓ એવા આતુર હતા કે જેમ બને તેમ તેણીની તથા પહેલા કેદીની વચમાં જે દોસ્તી હતી તે તુટે અને તે પોતાના ધણીની સાથે તાબેગાતરે જાય. અને તેવી સુચના ચોથા શાક્ષી રામસ્વામી ગાડુની સાહેદી ઉપરથી જણાય છે. તે મરનાર તેઓના બોલાવવા ઉપરથી ત્યાં ગયો હતો. માટે જ્યારે ગોપાડુને એમ માલમ પડ્યું કે તેના ભાઇઓ જતા રહેલા છે. ત્યારે તેઓના ઉપર શક રાખવાને ગોપાડુને સ્વભાવીક રીતે ઉશકેરણી થાય.

બીજી કેદીઅણે જે હકીકત કહેલી છે કે માહારો ધણી માહારી સાથે સરકારી બાગ તરફ આવેલો હતો. અને હું એકલી પાછી આવી હતી. તે વાત રામસ્વામી ગાડુની સાહેદી ઉપરથી સાબેત થાય છે.

આ તમામ પુરાવ ઉપરથી તથા શેશનની તપાશમાં રંગીની કહેલી હકીકત ઉપરથી અમારા અભીપ્રાયમાં આવે છે કે પોતાના ધણીને મારી નંખાવવાના કારણસર ફોસલાવીને બાગમાં લેઇ ગએલી હતી. એવું જડજે ઠરાવેલું છે તે વ્યાજબી છે. માટે તેણીને ગુન્હેગાર ઠરાવવામાં આવી છે તે બરોબર છે.

પહેલા કેદી મીરસરીની બાબતમાં સરકારી વીકલાત વકીલે કબુલ કરેલું છે કે કામમાં જે પુરાવ દાખલ થએલો છે તે ઉપરથી તેના ઉપર ગુન્હાની સાબેતીનો ઠરાવ ભાગ્યેજ ચાલી શકે તેવો છે. રંગીની કહેલી હકીકતોનો એવો પુરાવ નથી કે જે ઉપરથી તે શખસને ગુન્હેગાર ઠરાવી શકાય, અને બદન સાહેબ કોઈ રીતે તેમાં ગુંથાએલો છે એવો તેના ઉપર શક રહેવાથી તેને દસ દીવસ પેરામાં રાખવામાં આવ્યો. ત્યારપછી તેણે જે જુબાની આપેલી છે અને જે તેણે પાછી ખેંચી લીધેલી છે. તે શીવાય તે સખશના વીરૂધ બીજુ કાંઈ નથી. પહેલા કેદીની તા૦ ૨૮ મી અગસ્ટ સને ૧૮૮૦ ના રોજની જે હકીકત છે તેમાં તે ખુન કરવામાં હતો. એવી કાંઈ કબુલત તેની નથી. માટે તેનીબાબતમાં અમારી નજરમાં આવે છે કે ગુન્હાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ ફેરવવો જોઈએ.

બીજી કેદીઅણુની જે હકીકતો પોતાની બાબતમાં છે તે કબુલ કરતાં તેણીએ ખુનની સુચના કરી હતી એમ અમારી નજરમાં આવતુ નથી અને એમ બની શકે તેવું છે કે તેણીએ જે કસ કર્યું તે પોતાના ધારની ઇરસ્યા અને ગુસો થાય તેની થોડી ઘણી દેશતથી કરેલું હોય જે કબુલત તેણીને ગુન્હેગાર ઠરાવવામાં આવી ત્યાંસુધી કાયમ રાખેલી છે તે તેણીના ઉપર કરેલો અટકાવ દુર કરવામાં આવ્યો ત્યારપછી તરત આપેલી છે. જે એવી શુચના કરવામાં આવેલી છે કે રંગીની સાથે પ્રથમથી મસલત કરયાવીના તે બાગમાં તે રંગીને તથા તેણીના ધણીને પહેલા કેદીએ અચંબો પમાડયો. અને તે ધણીને મારી નાખ્યો તે ઉપર કાંઈ વજત રાખી શકાય એમ અમારી નજરમાં આવતું નથી. તે કેદી અણે કામ ચાલતાના દરમીઆનમાં કોઇપણ વખતે આવો જવાબ આપ્યો નથી. અને તેણીએ પહેલા કેદીની સાથે પોતાને દોસ્તી હતી તે કબુલ કરવાને આંચકો ખાધો નથી. પણ જો તે વાત સાચી હોત તો તે તકરાર પોતાના લાભમાં કરવાને ભાગ્યેજ ચુકત.

પરંતુ તેણીએ પોતાના યારની દેસતથી તે કરેલું હોય એમ બની શકે તેવું છે. માટે તે ઉપર લક્ષ રાખતાં અમે મોતની શીક્ષા મંજુર રાખતા નથી. માટે તે શીક્ષાના હુકમમાં કમી કરી હયાતી સુધીની સમુદ્રપારની સીક્ષા કરીએ છીએ.

પેહેલા કેદી મીરસરીને છોડી દેવો જોઈએ.

બીજી કેદીઅણુની હકીકત ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૭૮ ના ઠરાવ પ્રમાણે જસ્ટીસ કરનાન સાહેબ તરફ

ગોઠવવામાં આવી અને તેઉ સાહેબે નીચે પ્રમાણે ફેંસલો આપેલો છે:—

બે કેદીઓ મીરસંગી અને કુપાઇ રંગીને વેંગટસામી કે જે તે બીજી કેદીઅણુનો ધણી થાય તેનું તા૦ ૨૨ મી મે સને ૧૮૮૬ ના રોજ અગર તે અરસામાં ખુન કરવા બાબત ફોજદારીના શેશન જડજે ગુન્હેગાર ઠરાવેલા છે. અમારે ફક્ત વીચાર કરવાનો એટલો છે કે બીજી કેદીઅણુ અપીલ કરેલી છે તેણીને ગુન્હેગાર ઠરાવવામાં આવેલી છે તે બરોબર છે કે નહીં.

મુખ્ય સવાલો એ છે કે:—

૧ વેંગટસામી મરણ પામેલો છે તે સાબેત થએલું છે કે નહી.

૨ બીજી કેદીઅણુ જે કબુલાતવાળી હકીકતો કહેલી છે. અને જે અપીલ પાછી ખેંચી લેવામાં આવેલી છે. તે કામની હકીકત પ્રમાણે અને તેમાં જે પુરાવ છે તે પુરાવ ઉપરથી તેણીના ધણીનું ખુન કરવામાં આવ્યું હતું અને તે ગુન્હામાં તે સામેલ હતી. એવું ઠરાવવાને સંતોશકારક પુરાવ છે કે નહી.

પુરાવ ઉપરથી એમ જણાય છે કે વેંગટસામી (એરાકાળી જાતનો) મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો અને કેટલાંક વરસો ઉપર બીજી કેદીઅણુ સાથે પરણેલો હતો. અને તેણીથી તેને ચાર છોકરા થએલાં હતાં. અને કેટલાંક વરસોથી તે બીજી કેદીઅણુ સાથે તાલંગાતર ગામમાં રહેતો હતો. અને ચાર વરસ ઉપર તે પોતાના બાબાને ના એક ખાલી ઘરમાં પોતાના ધણી સાથે બે છોકરાં મુકીને વાલુર ગામમાં ગએલી હતી. અને પોતાની સાથે બીજાં બે છોકરાં લેઇ ગએલી હતી,

ફરીઆદ તરફનો ચોથો શાક્ષી બીજી કેદીઅણુનો ભાઇ છે. તેણે કહેલું છે કે તેણીનો ધણી વાલુરમાં તેણીના ઝુપડામાં આવ્યો હતો. અને તેઓને સારો બનાવ હતો. અને ત્યાં તે સમારે ત્રણ દીવશ રહયો. અને તેણે આ સાક્ષીને કહયું હતું કે માહારી ઓરત આવવાને કહે છે માટે હું તેણીને માહારી સાથે પાછી લેઇ જઇશ અને કુરાતરે જઇશ.

આ સાક્ષીએ કહયું છે કે તે ધણીએ તે ઝુપડામાં પોતાની ઓરતની સાથે કાંઇક વાત કરેલી હતી. અને તે પોતાની ઓરત સાથે બાહાર ગયો. અને કીરનાના કીનારા સુધી જઇને કહયું કે હું પાછો આવીશ તે વખત દીવા બતીની વખત હતી. તે કેદીઅણુ આઠ વાગે પાછી આવી ત્યારે તે શાક્ષીએ તેણીને પુછ્યું કે તારો ધણી કયાં છે અને તેના જવાબ

માં તેણીએ કહયું કે મેં મહારા ધણીને કહયું કે હું ત્રણ દીવસમાં તેની સાથે તે ગામ જઈશ તેથી તે ગુસ્સે થઇને ગયો. તે સાક્ષી કહે છે કે ત્રીજા દીવસ પછી તે પોતાનાં છોકરાંને લેઇને તે ગામ છોડી તાલગા તર ગઇ એમ જણાય છે કે તા૦ ૩૧ મી મે ના રોજ તેણીએ વશરના સ્ટેશન હાઉસ ઓફીસરની રૂબરૂ હકીકત કહેલી છે. અને તે પુરાવમાં રજુ કરવામાં આવેલી છે અને તે એવી મતલબની છે કે તેણીના ભાઇ ઓ તેણીના ધણીને વાસરમાં પંદર દીવસ અગાઉથી લાવેલા હતા અ ને દશ દીવસ પહેલાં તેણીના ભાઇઓને અને તેણીના ધણીને કજીયો થ એલો હતો. અને તે જતો રહયો. અને તે ઓરત પોતાનો ધ- ણી તાલગાતરમાં છે એમ ધારીને પરમ દહાડે તાલગાતરમાં આવી પહોચી પણ તે પોતાનો ધણી ગુજરી ગએલો છે કે કોઇ ઠેકાણે ગએલો છે તે જાણુતી નહી હતી અને તેણીના ભાઇઓએ તેણીના ધણીને મારી નાખેલો નથી. તેણીની દીકરી અમાલુ એ તે સ્ટેસન ઓફીસરની રૂબરૂ કહેલું છે કે જયારે બીજી કેદીઅણ તે ગામ આવી ત્યારે તેણીએ કહયું હતું કે તેણીનો ધણી આવશે અને તે મરણ પામેલો નથી. અમાલુએ શેશનમાં પોતાની જુબાનીમાં કહયું છે કે બીજી કેદીઅણ તે ગામ આવી પહોંચી ત્યારે તેણીની દીકરીએ તેણી ના ધણી બાબત પુછયું ત્યારે તેણીએ જવાબ દીધો કે તારો બાપ તો એક ખાડામાં સડે છે. આઠમો સાક્ષી ક ગોપાડુ કે જે અમાલુનો કાકો થાય છે. તેણે શેશન કોરટની રૂબરૂ પોતાની હકીકતમાં તેવીજ હકીક ત કહી છે.

અમાલુની બાબતમાં સ્ટેશન ઓફીસરની રૂબરૂ તેણીએ આવી હ કીકત કહેલી નથી. અને સદરહુ બતાવેલી હકીકતના વીરૂધ તે છે.

ક. ગોપાડુની બાબતમાં અમાલું કહે છે કે તેણે તથા તેણીએ બીજી કેદીઅણના ભાઇઓ ઉપર એવો શક હતો કે તેમણે તેને મારી ના ખેલો હશે તે ઉપરથી તેમના ઉપર ફરીયાદ કરી હતી. હાલ ક. ગોપાડુ એ તથા લક્ષ્મીદેવી-એક બીજી દીકરી છે તેણીએ સ્ટેશન ઓફીસરને ફરી યાદ કરેલી છે. લક્ષ્મીદેવીએ કહેલુ છે કે મારા માંમાઓએ મારા દેખ તાં મારા બાપને જમીન ઉપર નાંખી દીધો અને મારા મામા લક્ષ્મીગા- ડુએ તેનું ગળુ કાપ્યું. તા૦ ૨૮ મી અગસ્ટ સને ૧૮૮૬ ના રોજ તે- ણીએ માજીસ્તરેટની રૂબરૂ પોતાની જુબાનીમાં કહેલું છે કે તેજ ક. ગોપાડુ મારો કાકો છે તેણે મને કહેલું હતું કે મારા માંમાએ મારા બાપને મારી નાંખ્યો છે એમ મારે કહેવું. માજીસ્ત્રેટની રૂબરૂની તેજ જુ

બાનીમાં તેણીને સ્ટેશન ઓફીસરની રૂબરૂ'ની' પોતાની જુબાની તદન ખોટી છે એમ કબુલ કરવાની ફરજ પડેલી હતી. લક્ષ્મીરૂની અથવા આ બાલુ અથવા કે. ગોપાલુની કહેલી હકીકત ઉપર કાંઇ ભરૂસો રાખી શકાતો નથી.

તા૦ ૩૧ મી મે સૂધી જે ફરીઆદ બીજી કેદીઅણુના ભાઇઓ વીરૂધ કરવામાં આવેલી તે ફકત એવી હતી કે તેણીના ધણીને મારી નાંખવામાં આવેલો છે. પરંતુ બીજી કેદીઅણે તે વાત ઇનકાર કરી હતી. તા૦ ૩૧ મી મેના રોજનો સ્ટેશન ઓફીશરનો રીપોર્ટ જુઓ. કે. વેંગટસ્વામીની બાબતમાં તા૦ ૨ જુનના રોજ સુધીમાં કાંઇ બાતમી મેળવવામાં આવી નથી અને તેની લાશ માલુમ પડી નથી તેમ છતાં પોલીસે બીજી કેદીઅણુને તથા તેણીની દીકરીઓને તથા તેણીના દીયર અગર જેઠ કે. ગોપાલુને વાલર આણેલાં હતાં, એમ બીજા શાક્ષી ગામના મુનશીફ ની શાહેદી ઉપરથી જણાય છે. આ શાક્ષી કહે છે કે તેણીનાં છોકરાં રોતાં હતાં, અને કેહેતાં હતાં કે ખુન કરવામાં આવેલું છે. પછી તે શાક્ષીએ ગામમાં તથા બાળવાની તથા દાટવાની ગામમાં જગો છે ત્યાંહાં રેતમાં નદીની નજીકમાં શોધ કરયો, અને તા૦ ૩ જી જુનના રોજ સાતમા સાક્ષી એક કોનસ્ટેબલ નામાયાને તે પોતાની સાથે લેઇ ગયો અને તેણે પોતાની લાકડીથી ખોપરીના તથા હાડકાના કડકા તથા વાળના કડકા, ગોચી, લંગોટી વીગરે ખોદી કાહાડયું, અને તે દીકરીઓએ કહ્યું કે આ ચીજો અમારા બાપની છે, અને બીજી કેદીઅણે કહયું કે "હા." તેણે કહ્યું કે કેટલુંક માંસ હાડકાંની શાથે વળગેલું હતું, અને તે લાશ સુમારે પંદર દીવશથી ત્યાંહાં હતી એમ જણાતું હતું અને મોટાં હાડકાં ત્યાંહાં તમામ બાજુએ વીખરાએલાં હતાં. કોનસ્ટેબલ સાતમો શાક્ષી છે તેણે કહેલું છે કે તેઓએ સમશાંનમાં એટલે બાળવાની તથા દાટવાની જગોએ શોધ કરેલો હતો. અને એક ખાડો ખોદવામાં આવેલો હતો, અને તેઓને બે ખોપરીઓ, પગના હાડકાં અને હાથના ત્રણ કડકા વીગરે લુગડાંના કડકા તથા બીજા કપડાં તેમાંથી માલુમ પડેલાં હતાં. આ બે શાક્ષાઓ એટલે મુનશીફ અને કાનસ્ટેબલ કહે છે કે પછીથી ઇનસ્પેકટર આવેલા હતા, પરંતુ જો કે કેટલાંક કપડાં અને હાડકાં માલુમ પડેલાં હતાં તો પણ ખાડો સંપુર્ણ રીતે ખોદવામાં આવેલો નહીં હતો. બીજી કેદીઅણના ધણીની કામળીના કડકા વીગેરે કપડાં માલુમ પડેલાં તે ઓળખ્યાની બાબતમાં કેટલાક શાક્ષીઓ તપાસ્યામાં આવેલા છે, પરંતુ પુરાવ ઉપરથી જણાય છે. તેવી જાતની ચીજો ત-

મામ "ચેરકલાઓ" વાપરે છે, અને તે શાક્ષીઓએ ઓળખવાને કાંઈ ખાસ કારણ બતાવેલું નથી. બીજી કેદીઅણના ધણીએ પેહેરેલી વસ્તુઓ પ્રમાણે ઓળખવા બાબતનો જે પૂરાવ છે તે ઉપર કાંઈ ભરૂષો રાખી શકાતો નથી. બીજી કેદીઅણની દીકરીઓ તથા તેઓના કાકાએ કહયું છે કે તે ખોપરીઓમાંની એક ખોપરી બીજી કેદીઅણના ધણીની હતી. તે દીકરીઓમાંની એક દીકરીએ કહયું છે કે તેનું માથુ ગોળ હતુ, અને હું તેના માથામાંથી જુઓ કાહાડતી હતી તેથી હું જાણું છું. વેંગટસામીનુંજ આ માથુ હતું એ વીશે કાંઇ સંતોષકારક પુરાવ નથી. જે જગોએ તે ખોપરી તથા હાડકાં માલમ પડેલાં તે ગામની બાળવાની તથા દાટવાની જગો હતી. માટે આવી લાશો ઘણું કરીને ત્યાં માલમ પડે. તા૦ ૩ જુન સને ૧૮૮૬ ના રોજ પંચાતનામું થયું હતું અને પંચનો રીપોર્ટ પુરાવમાં રજુ કરવામાં આવેલો છે બીજી બાબતોની સાથે તેમાં લખવામાં આવેલું છે કે કાંઇ લાશ માલમ પડી નથી પણ હાડકાં માલમ પડયાં હતાં. વળી દીકરી અમાળુએ જે હકીકત કહેલી છે તે તથા બીજી કેદીઅણના ભાઈ ક. ગોપાડુએ કહેલી હકીકત છે તે દાખલ કરવામાં આવી છે. તે એવી મતલબની છે કે બીજી કેદીઅણના ભાઇઓએ તેણીના ધણીને મારી નાખેલો છે. વળી તેમાં એવું લખેલું છે કે એક સખસ મારથી મરણ પામેલો તેનાં તે હાડકાં છે. પરંતુ લાશ નહીં હતી અને પંચ લાશ ઓળખી શકયા નથી. તે પંચાતનામું તા૦ ૩ જી જુનના રોજ સહી કરવામાં આવ્યું છે. મુનસફ કહે છે કે બીજી કેદીઅણું પંચાતનામા વખત હાજર હતી, પણ પચોએ તેણીને તપાસેલી નથી અને તેણે કહ્યું છે કે પંચાતનામું થયા પછી, બીજી કેદીઅણે માહારી રૂબરૂ હકીકત કહેલી હતી તે મેં તા૦ ૩ જુનના રોજ લખી લીધેલી છે પરંતુ પોલીશના કહેવાથી તે કરેલું નથી. વળી મે કહે છે કે બીજે દીવસે એટલે તા૦ ૪ જુનના રોજ એક નકલ કરીને બીજી કેદીઅણને વંચાવેલી હતી અને તે ઉપર તેણીએ સહી કરેલી છે. અને તે બ નીશાનનો કાગળ છે. તે બ. નીશાનના કાગળમાં બીજી કેદીઅણુ પોતાના ધણીના ખુનમાં સામેલ હતી એવું બતાવેલું છે. તે હકીકત કેવી રીતે કહેવામાં આવી અગર શા વાસ્તે કહી, અગર કેવી હકીકતથી કહી તે ફરીઆદ તરફથી સમજાવવામાં આવ્યું નથી. જે શાબેત થએલું છે તે ફકત એટલુંજ છે કે બીજી કેદીઅણને પંચની રૂબરૂ પોલીસ લાવ્યા હતા. અને તા૦ ૩ જુનના રોજ પંચાતનામું થયા પછી તેણીએ જે હકીકત કહેવામાં આવેલી છે, અને જેની નકલ નીશાન બ. ની છે, અને જે ઉ-

૫૨ તા૦ ૪ ના રોજ તેણીએ સહી કરેલી છે તેની અસલ હકીકત રજુ કરવામાં આવી નથી. તા૦ ૪ સુધી તેણીને પકડવામાં આવી નહીં હતી એમ કહેવામાં આવેલું છે. બીજી કેદીઅણે તે હકીકત કહી તે તે પહેલાં તેણીના ભાઇઓ વીરૂદ્ધ જે કહેવામાં આવેલું હતું તે તેણીના જાણવામાં હતું. તે હકીકત અને પાછળની હકીકતો જે નીશાનની એક થી તે પાંચ સુધી છે તેમાં તે ખુનમા ગુંથાએલી હતી એમ બતાવેલું છે, અને તે તા૦ ૩ જુનના રોજ જે હકીકત કહેલી છે તેના વીરૂધ છે. શેશનમાં ઠરાવ કરી મોતની શીક્ષા કરતાં પહેલાં બીજી કેદીઅણુ જો કે તે હકીકતોને વળગી રહેલી હતી. તો પણ તેણીએ આ કોરટમાં અપીલમાં કહેલું છે કે મેં પોલીશની ખાએશથી તે હકીકત કહેલી છે કારણ કે પોલીસે મને ઘણી ચીડવેલી હતી અને તે હકીકતો સાચી નથી.

ફરીઆદ તરફની જે હકીકત બીજી કેદીઅણુના વીરૂધ છે તેનો આધાર આ હકીકતો ઉપર તથા બદન સાહેબે તા૦ ૧૪ અને તા૦ ૧૫ જુન અને તા૦ ૨૯ મી આગસ્ટના રોજ માજીસ્ટ્રેટની રૂબરૂ જે જુબાની આપેલી છે તેથી મુખ્યત્વે કરીને તે હકીકતોની પુષ્ટી થએલી ધારવામાં આવેલું છે તે ઉપર તથા બીજો હવે પછી જે પુરાવ બતાવવામાં આવેલો છે તે ઉપર છે. તા૦ ૪ જુન સને ૧૮૮૯ ના રોજ બ. નીશાનની હકીકતમાં બીજી કેદીઅણે જે કહેલું છે કે હું મારો ધણી જ્યાં રેહેતો હતો ત્યાં રહેતી હતી અને તે વાલર આવ્યો હતો, અને આગળ બતાવ્યા પ્રમાણે મેં તેની સાથે નાશી જવાનું કબુલ કરયું હતું. આટલે સુધી તેણીના કહેવા ઉપર કાંઈ શકક રાખવાનું કારણ નથી તો પણ તેણીએ બ નીશાનની હકીકતમાં કહ્યું છે કે મારાહરે પેહેલા કેદીની સાથે વ્યભીચારનો સબંધ હતો અને પ્રથમ ત્રણ અગર ચાર વખત મારો ધણી વાલર આવ્યો તે વખતે પેહેલા કેદીએ મને એવી ધારતી આપી હતી કે હું તેને મારી નાખીશ અને છેવટે તે આવ્યો તે પ્રસંગે પેહેલા કેદીએ ગામની નજીક સરકારનો બાગ કહેવાય છે ત્યાં મારા ધણીને અંધારૂં થયા પછી લઇ જવાને મને ફોસલાવી અને કહયું કે તે મારા ધણીને મારી નાખશે. તેણીએ કહ્યું છે કે પહેલા કેદીએ પાંચમો શાક્ષી તાડી વેચનાર વીરામાં છે તેની સાથે બીજી કેદીઅણના ધણીને તાડી તથા અરક આપવાની ગોઠવણ કરી હતી, અને તેને ફોસલાવીને બાગમાં લેઇ જવાનો હતો. તેણીએ કહયું છે કે સદરહુ કબુલત પ્રમાણે મેં તથા મારા ધણીએ વીરામાની દુકાનમાં તાડી પીધી, અને બીજી કેદીઅણુ પોતાના ધણીને સાંજરે સરકારના બાગમાં લાવી અને અમે ત્યાં ઇસુ

હતાં. અને જેવો તે મારી સાથે સંભોગ કરતો હતો તેવામાં પેહેલો કેદી જે ઝાડની પછવાડે હતો તે આવ્યો અને મારા ધણીની ગરદન ઉપર બે ધનપુટ એક લાંબી લાકડી મારી તેથી મારો ધણી મારી એક બાજુએ પડી ગયો અને પેહેલા કેદીએ મારા ધણીના માથા ઉપર બીજો ઘા મારયો તેથી તેનું માથુ ફુટી ગયું, અને બીજો ઘા મારયો અને તે મરણ પામ્યો. અને હું ઘેર ગઇ અને સવારમાં પરોઢીએ પેહેલો કેદી આવ્યો અને મને કહ્યું કે તેણે તથા પેહેલા શાક્ષી બદન સાહેબે તેની લાશ દાટી છે, પણ ક્યાં દાટી છે તે કહેવાને ના કહી

તા૦ ૬ જુન સને ૧૮૮૬ ના રોજ બીજી કેદીઅણે જે હકીકત બીજા વરગના માજીસ્ત્રેટની રૂબરૂ કહેલી તે કબુલત તરીકે નીશાન જે, ની દાખલ કરવામાં આવી છે, તેમાં તેણીએ જે. બી. નીશાનના કાગળમાં જે કહેલું છે તેજ મતલબમાં કહેલું છે. પરંતુ તેણીએ વધારામાં એવું કહેલું છે કે મારો ધણી મારી જોડે સંભોગ કરતો હતો તે દરમીઆનમાં પહેલો કેદી આવતાં પાંદડાંનો અવાજ થયો, તેથી મારા ધણીએ પુછયું કે શું છે, અને તેથી મેં કહયું કે વખતે ડુકર હશે, અને પેહેલા કેદીએ મને એવી ધાસ્તી આપી કે જો તુ તારા ધણીને મેં મારી નાંખ્યો એવું કોઇને કહીશ તો હું તને કતલ કરી નાંખીશ. અને પેહેલા કેદીના શાળાએ એક કામળી વીગરે ઘરમાથી આણેલું હતું, અને એક ખાડો ખોદી તેમાં મારા ધણીને દાટયો હતો, અને તેણીએ તેના ધણીને કેઇ જગોએ 'મારી નાખવામાં આવ્યો તે જગો પોલીશને બતાવેલી છે.

વળી બીજી કેદીઅણે તા૦ ૧૪ જુનના રોજ હકીકત એજવાડાના બીજા વરગના માજીસ્ત્રેટની રૂબરૂ કહેલી હકીકત નીશાન જે. વાળી છે, અને તેઉએ તે હકીકત ખુશીથી તેણીએ કહેલી એવું સર્ટીફીકટ આપેલું છે. માજીસ્ત્રેટે એવો સવાલ પુછયો કે "તારો ધણી કયારે અને કયાંહાં મરણ પાસ્યો." ત્યારે તે હકીકત ઉપરથી એમ તેના જવાબમાં બતાવેલું જણાય છે કે પ્રથમની હકીકતોમાં જે છે તેજ તેણીએ ફરીથી કહેલુ હતું. તે ફરીથી કહેલી હકીકતના બે પાનાં છાપેલાં છે. પછી માજીસ્ત્રેટે બીજા ચૌદ સવાલો તેણીને કરેલા જણાય છે. અને તેણીએ તેના જવાબો દીધા છે તેનાં છાપેલાં બે પાનાં છે.

વળી તા૦ ૧૫ જુનના રોજ તેણીએ હકીકત જે. નીશાનની વા૦ લરમાં તેજ માજીસ્ત્રેટની રૂબરૂમાં કહેલી છે તે નીશાન જે. ૩ વાળી છે અને તેને મથાળે "ગુન્હાની રચના" એવા શબ્દો લખેલા છે. આ હકીકત ખુશીથી કહેવામાં આવી હતી એવું શર્ટીફીકટ આપવામાં આવેલું

નથી. પરંતુ તેની વીગત શેશન જડજે કબુલત તરીકે વાપરેલી છે. શી. રૂઆતમાં એવા સવાલો છે કે,—"તમારા ધણી કયાડા વેંગટ સ્વામીએ તાડી તથા અરક, કયાંહાં પીધો અને તે તથા તમે તે જગોથી સરકારી મા[illegible] કેવી રીતે આવ્યાં? તમે કયાંહાં સુતાં? તમારો ધણી કેવી રીતે બેઠો હતો? મીરશરી કેવી રીતે આવ્યો અને તેણે કેવી રીતે તારા ધણીને મારયો? તમારો ધણી કેવા રીતે નીચે પડી ગયો?" આ બધા સવાલોનો જવાબ દેતાં પહેલાં તે એકજ વખતે સાથે પુછવામાં આવ્યા હતા. તે માજીસ્રેટે તેણીને પુછેલું છે કે જે જગોએ ગુન્હો બન્યો ત્યાંહાં લોહીના ડાઘ કેમ નથી? તેણીએ જવાબ દીધો કે પહેલો કેદી કેહેતો હતો કે મેં તે લોહી નાંખ્યા છે, અને વરશાદ પણ પડેલો હતો. પછી તે માજીસ્રેટે પહેલા દીવસની જે હકીકત તેણીનો ધણી તેણીની સાથે સુતો હતો તે દરમીઆનમાં પાંદડાં ખખડયાં હતાં, અને તેણીએ પોતાના ધણીને તે ડુક્કર છે એવું કહેલું હતું, અને તેણે પુછયું કે શું જે આવે છે તે ડુક્કર છે અગર તમે શું જુઓ છો અને કોહો છો?" તે બતાવી છે. તેના જવાબમાં તેણીએ કહ્યું છે કે પહેલા કેદીએ મને કહયું કે હું આવીશ અને તારા ધણીને મારી નાંખીશ. અને જો પાંદડાં ખખડે તો તારે તારા ધણીને કેહેવું કે વખને ડુક્કર આવે છે. પછી તે માજીસ્રેટે તેણીને પુછયું કે તારે તથા તારા ધણીને ઘેર સુધ રહેવાને સુગમ હતું કે નહીં. તેણીએ જવાબ દીધો કે સુગમ નહીં હતું કારણ કે મારા ભાઇઓ મારા તે ઝુંપડામાં રેહેતા હતા. આ બાબતમાં ચોથો શાક્ષી છે કે તે પોતાના બાપના ઝુંપડામાં રહેતી હતી અને તેણીના ભાઇઓ બીજી જગોએ રેહેતા હતા. જેવી હકીકત લેવામાં આવી છે તેવી લખી લીધા પછી માજીસ્રેટે કહેલું છે કે અમે બીજી કેદીઅણને બીજા સવાલો બધા મળીને છ અથવા આઠ પુછયા હતા, અને પછી તેમણે કહેલું છે કે "મેં તે કેદીઅણને મારી રૂબરૂ જવા દીધી અને જે જગોએ ખુન થયું તે જગાની પછવાડે અમે જાતે ગયા," અને ત્યાર પછી તેમણે જે તેણીએ કરેલું અને કહેલું તે લખી લીધું છે.

વળી તા૦ ૧૫ જુનના રોજ બીજી કેદીઅણે તેજ માજીસ્રેટની રૂબરૂ જે ૪ નીશાનવાળી હકીકત કહેલી છે. તે હકીકતને મથાળે "જે જગાએ તે લાશ દાટવામાં આવેલી તે જગા" એવું લખેલું છે. તે માજીસ્રેટે તેણીને એવું પુછેલું જણાય છે કે "જે ચાકુ લુગડું અને બીજી વસ્તુઓ દાટવાની જગાએથી જમીનમાંથી ખોદી કાહાડવામા આવી છે, તે કોની છે?" અને તેનો જવાબ તેણીએ આપ્યો કે તે મારા ધણીનાં છે,

અને જે વખતે તેને મારી નાંખવામાં આવેલો તે વખતે તે તેણે પેહેરેલો હતો.

વળી તેજ માજીસ્ત્રેટે તા૦ ૨૫ ઓગષ્ટ સને ૧૮૮૬ ના રોજ બીજી કેદીઅણને જે વખતે પહેલા કેદીને કોરટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો હતો ત્યારે પુછ્યું હતું અને તેણી હકીકત નીશાન જેપ વાળી કહેલી છે તે દેખીતી રીતે પેહેલા કેદીની વીરૂધની હકીકત છે. તા૦ ૨૫ ઓગષ્ટના રોજ પહેલા કેદીની રૂબરૂમાં જે હકીકત કહેવામાં આવીછે તે શીવાય જે કબુલતો તેઓને કેમ રજુ કરવામાં આવ્યાં છે તે બાબત, અગર તે આપવાને બીજી કેદીઅણે મરજી બતાવી હતી કે નહીં, અગર તેણીને માજીસ્ત્રેટે બોલાવી હતી કે પોલીસે રજુ કરી હતી તે વાશે કેવી હકીકતથી આપવામાં આવેલી છે તે વીશે ફરીયાદ તરફથી કાંઇ ખુલાસો કરવામાં આવ્યો નથી શેશનજડજની રૂબરૂ જે તેણીએ હકીકત કહેલી છે તે શીવાય બીજી બધી હકીકતો કહેલી વખતે તે પોલીસના પહેરામાં હતી.

બીજી કેદીઅણે કરેલી કબુલતો તેણીએ ખેંચી લીધીછે, માટે આ કોરટના ઠરાવો પ્રમાણે તે પુરાવ તપાસતો અને જોવું કે મુદ્દાની બાબતમાં જે કબુલતોવાળી હકીકતો ખેંચી લેવામાં આવીછે તે જોઈએ તેટલી બાબતને પૂરતી કરવાને સ્વતંત્ર પુરાવ છે કે નહીં જો આવો પ્રસંતરી પુરાવ ના હોય ત્યારે બીજી કેદીઅણની એક બીજા વીરૂધ કહેલી હકીકતો રેહેછે તેમાં કાંઇ હકીકત શાચી તે વીશેનો શક રેહે છે માટે તે કબુલતોવાળી હકીકતો ઉપર તે કેદીઅણની વીરૂધ નીરભયતાથી ભરૂસો રાખી શકતો નથી. કબુલતો વાળી હકીકતો ઉપરથી ચાલતા પહેલાં આવો પ્રસંતરી પુરાવની જરૂર હોવાનું ખાસ કારણ આ કામમાં છે કારણ કે તે બીજી કેદીઅણે પોતાના ધણીની ગેરહાજરી બાબત જે હકીકતો તા૦ ૨ જુન સુધામાં કહેલી છે તે કબુલતોવાળી હકીકતોથી જુદી છે વળી ફરીયાદ તરફના એક શાક્ષીએ ઓછામાં ઓછી જુઠી શાક્ષી બીજાની માહીતીના સાથે આપલી છે અને એવો આરોપ રાખયો છે બીજી કેદીઅણના ભાઇઓએ તે બીજી કેદીઅણના ધણીને મારી નાંખયો છે અને તે હકીકત બીજી કેદીઅણની કહેલી હકીકતની પહેલાંની છે. આ કેસસેમાંના એક આસેશરે એવી સુચના કરેલી છે કે બીજી કેદીઅણે જે હકીકત કહેલી છે તે તેણીએ પોતાના ભાઇઓને બચાવવાને કહેલી હોય વળી તેણીએ કહેલુ છે તે હકીકતો મેં પોલીશના કહેવાથી કહેલી છે. જે૦ ૨, જે ૩, અને જે૦ ૪, નીશાનવાળી હકીકતોમાં તપાસ કરવાનાં ઞુબે ફરી તપાસ કરવાનાં કારણો બતાવવામાં આવલાં નથી. પરંતુ ફરી તપાશ કરતાં જે ૪ નીશાની હકીકત વધારાની અસાધારણ હકીકત

લાવવામાં આવી છે અને પ્રથમ પાંદડાં ખખડયાની બાબતને કહેવામાં આવ્યું છે તેમા એવું વધારવામાં આવેલું છે કે આવી બીના પ્રથમથી બીજી કેદીઆણના કહેવા પ્રમાણે પહેલા કેદીએ ધારેલી હતી અને જો બીજી કેદીઅણનો ધણી તે વીશે તપાસ કરે તો તેના ખુલાસાનો બંદોબસ્ત કરેલો હતો.

હવે બીજી કેદીઅણની હકીકતોને પુષ્ટી કરતાં જે બાબતો કહેવામાં આવી છે તે અમે જોઈએ છીએ.

પહેલી હકીકત કહયા પછી તે કેદીઅણે પાછળથી તે મતલબની એટલે તપાસમાં કબુલત વાળી જે કહેલી છે તે સુધાંતની કહેલી છે તે પ્રથમની હકીકતને પુષ્ટી કરના છે એમ કબુલ કરી શકાતુ નથી. વળી જે હેતુથી તે કેદીને પહેલી કબુલત વાળી હકીકતો કહેવાને લલચાવવામાં આવી છે તેથી જે પાછળથી જે હકીકત કહેલી છે તે કહેવાને તે લલચાઇ હોય આ કોરટમાં અપીલમાં જયારે તેણીએ તે તમામ કબુલતવાળી હકીકતો ખેંચી લીધી ત્યારે તે હેતુથી તે કેદીને વધારે વાર હરકત થએલી રહેતી નથી.

બીજી કેદીઅણે કહેલું છે કે મારા ધણીનું માથુ ભાગી નાંખવામાં આવેલું હતું તેને જે ખોપરી રજુ કરવામાં આવી છે તેના ભાગેલા બે કડકા છે તેથી કાંઇ પુષ્ટી મળે છે. પરંતુ આપોથી કેરીબ્રાહન કહે છે કે તે ખોપરી જીવ ગયા પછી તુટેલી છે, અને હયાતીની અંદર તુટેલીનથી એમ મારૂ માનવું છે. વળી તે ખોપરી બીજી કેદીઅણના ધણીની છે એમ બીલકુલ ઓળખવામાં આવી નથી બીજી કેદીઅણનો ધણી ગુમ-થએલો તે જે એવી હકીકત (સાબેત થયા વીનાની) કહેવામાં આવી છે કે તે મરણ પામેલો છે. તેને કાઇ રીતે પુષ્ટી કરતી નથી. આગળ કોઇ વખતે લાંબી મુદત સુધી તે સખશ ગેરહાજર રેહેલો નથી. તેટલી હકીકતથી તે હજુ હયાત નથી એ વીશે કાંઇ પુરાવ થતો નથી. તે ભાઇ, સાળાઓ, અને વેંગટસ્વામીનાં બે છોકરાં કહે છે કે તે મરણ પામેલો છે, પરંતુ આ ફકત ધારણા છે. તે મરણ પામેલો છે એવો કાયદેસર કોઇ પુરાવ નથી. તાડી વેચનાર વીરામાએ જે શાક્ષી આપેલી છે તેની બાબતમાં જો કે તેણીએ પોતાની શીવી તપાસમાં કહયું છે કે પેહેલા કેદીએ તેણીને બતાવ્યું હતું કે તે બીજી કેદીઅણને તથા તેણીના ધણીને તાડી આપવી અને તેણીને આપવામાં આવી હતી અને તેણીએ તે પ્રમાણે કરેલું છે તોપણ ઉલટ તપાસમાં તેણીએ કહેલું છે કે તે તહેવારનો દીવસ હતો અને ઘણા લોકો આવ્યા હતા અને બાજા કાઇને તે દીવસે તાડી મળી હોય તેનાં નામ તે દેઇ શકતી નથી અને બીજી કેદી

અણુની સાથે જે સખસ આવેલો હતો તે તેણીનો ધણી હતો તે પણ તે કહી શકતી નથી. અને તેને તે શાક્ષી કબુલ કરે છે કે ઓળખતી નહી, પરંતુ તેઓની વચમાં જે વાત ચીત થએલી તે ઉપરથી મને મા લુમ પડયું હતું કે તે ધણી ધણીઆણી હતાં. આ શાક્ષીએ તા૦ ** જુન સુધી પોતાની બાતમી આપી નથી. ઘણા લોકોમાં આ બે માણસો એ તાડી લીધી હતી એમ તે યાદ રાખે એ ઘણું અસંભવીત છે. તે ણીએ કહેલું છે કે બીજી કેદીઅણુના ધણીને હું ઓળખતી નથી, અને બે સખસોમાં તે એક હતો કે નહીં તે હું કહી શકતી નથી પરંતુ જો તેણીની યાદદાસ્ત બરોબર હોય તો તે ગુન્હાની બાબતમાં કાંઇ અગ ત્યની બાબતમાં તેણીની શાહેદીથી કાંઇ પુષ્ટી થતી નથી બીજી કેદીઅણુ ના કહેવા પ્રમાણે તે બીજી કેદીઅણુ અને તેણીનો ધણી બાગમાં ગયાં નહીં હતાં. તે સાથે તેણીની શાક્ષી અનુસરતી છે.

બદન સાહેબે જે હકીકત કહેલી છે તે વીશે—તેણે બે હકીકતો ક હેલી છે તેમાં એક તો માજીસ્ટ્રેટની રૂબરૂ બ નીશાનવાળી તા૦ ૧૪ જુનના રોજ અને બીજી તા૦ ૧૫ જુનના રોજ કહેલી છે તા૦ ૧૪ મી જુનના રોજની હકીકતમાં બદન સાહેબે કહેલું છે કે પેહેલો કેદી તે શાક્ષીને ઘેર તકરારી રાત્રે સાડાઆઠ વાગતાં આવ્યો હતો અને કહયું હ તું કે મારે તથા વેંગટસ્વામીને લડાઇ થઈ હતી, અને વેંગટસ્વામીને મા રી નાંખવામાં આવેલો છે, માટે તે લાશ છુપાવવા જો તે શાક્ષી મદદ ન હીં કરે તો તે પહેલો કેદી મુશકેલીમાં આવી પડશે. અને પેહેલો કેદી તે શાક્ષીના ઘરમાંથી એક કપડું તથા કાગળી લાવ્યો અને સરકારના બા- ગમાં ગયો અને બીજી કેદીઅણુને મળીને કહયું અને પેહેલા કેદીએ તે વેંગટ સ્વામીની લાસ બાંધી અને તે પૈહેલા કેદીએ તથા આ શાક્ષી કીશનાની રેતમાં ૫૦ અથવા ૬૦ વાર તે લાશને લેઇ ગયા અને એક લાકડીથી રેત ખોદીને પેહેલા કેદીએ તે લાશ દટી. તા૦ ૧૫ જુનના રોજ જે હકીકત કહેવામાં આવી છે તેના મથાળા ઉપરથી જણાય છે કે "જે જગાએ તે લાશ દાટવામાં આવી હતી તે જગાની નજીક" બ- દન સાહેબે જે હકીકત પહેલે દીવશે કહેલી તેજ હકીકત ફરીથી કહેલી હતી, અને જે ફૃત્યમાં તે સામેલ હતો તે ફૃત્ય જે જગાએ કરેલું તે જગાએ તેણે બતાવ્યું છે. તે હકીકત સાથે માજીસ્ટ્રેટે જે લખાણ કરેલું છે તે પુરાવ નથી.

તા૦ ૨૬ અગષ્ટ સને ૧૮૮૬ ના રોજ પહેલાં કેદીને માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરવામાં આવ્યો ત્યારે બદન શાહેબને તપાસવામાં આવેલો

છે, અને તેની તા૦ ૧૪ તથા તા૦ ૧૫ જુનના રોજની જુબાનીઓ વાંચી બતાવવામાં આવી અને તે શાક્ષીએ કહેલું છે કે તેમાં કહેલી હકીકત સાચી છે, અને તે જુબાનીઓ આપેલી છે તે આપવાને મને કોઈએ શીખવ્યું નથી. તો પણ તપાસ ચાલતાની દરમીઆનમાં બદન સાહેબે કહેલું છે કે આ જુબાનીઓ સાચી નથી અને પોલીસ તરફના દબાણથી આપવામાં આવી છે. આ જુબાનીઓ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૮૮ પ્રમાણે શેશન કોરટે તપાસની અંદર વાંચેલી છે, અને તે કલમ પ્રમાણે સેશન જડજને જે કુલ અખત્યાર આપવામાં આવેલો છે તે તેમણે વાપરેલો છે. જો કે તે જડજને કેટલોક શક અને મુશકેલી લાગી હતી તો પણ તેમણે માનેલું છે કે તે જુબાનીઓમાં જે છે તે ખરૂં છે, અને આ શાક્ષીએ શેશનમાં જે શાક્ષી આપેલી છે તે સાચી નથી. માટે હવે એવો સવાલ ઉત્પન્ન થાય છે કે જે જડજે આ જુબાનીઓના સાચાપણા વીશે ભરૂસો રાખેલો છે તે બાજબી છે કે નહીં, અને તેમને જે કુલ અખત્યાર છે તે તેમણે યોગ્ય રીતે વાપરેલો છે કે નહીં? શેશન્સ કોરટમાં તપાસ ચાલતાં બદન સાહેબે કબુલ કરેલું છે કે મેં આ હકીકતો વીગતવાર કહેલી છે, અને તેણે કહેલું છે કે તે જુબાનીઓમાં જે મેં કહેલું છે તે એટલા કારણથી કે પોલીસે તે કહેવાને મને કહયું હતું; પરંતુ આ વાત તેણે માજીસ્ટ્રેટને કહી નથી.

ઉલટ તપાસ કરતાં તેણે કહેલું છે કે "વેંગટસ્વામીના ખુનના કામમાં પોલીશે મને કાચી કેદમાં રાખ્યો. તેઓએ શક ઉપરથી મને પકડયો. હું પોલીશના પેહેરામાં નવ દીવશ હતો." "ખુનની બાબતમાં જે હું જાણતો હઉં તે કહેવાને મને કહયું હતું. મેં કહયું કે હું કાંઇ જાણુ તો નથી, અને મારી ચાલ બાબત તજવીજ કરવી જોઇએ, પોલીશે કહયું કે તમારે કહેવું જ જોઇએ અને તારે કહયા વીના ચાલી શકે તેવું નથી. જો તમે તમારા રાજા પહેલા કેદીની વીરૂધ નહી બોલો તો, અમે તારાં છોકરાંને લેઇને કાચી કેદમાં પુરીશું." તેઓએ કહયું કે જો હું તેના વીરૂધ બોલીશ તો તેઓ મને છોડી દેશે અને સાક્ષી તરીકે મને રાખશે, અને જો હું નહીં બોલુ તો, મારા ઉપર તેઓ આરોપ રાખસે. માજીસ્ટ્રેટની રૂબરૂ મેં જે કહેલું છે તે સાચુ નથી. તે શબ્દો જેવા મને કહેવાને કહેલા હતા તેવા તે શબ્દો મેં કહેલા છે." મે તેશીલદારને જુદી જુદી જગાએ બતાવી છે, અને દરેક જગોએ પોલીશે તે પ્રમાણે કહેવાને કહેલું હતુ એમ કહીને બતાવી હતી. પોલીસે મારા ઉપર ઘાતકીપણું વાપરેલુ છે."

ફરી તપાસ—"પોલીસે હાથથી મને મારયો હતો. કાંઇ નીશાન નથી. મેં તેશીલદારને ફરીઆદ કરી નહી હતી. ફરીઆદ કરવી નહી એવું મને કહેવામા આવ્યું હતું." પોલીશને ફરીથી મને સોંપવામાં આવશે એવી બીકને લીધે મેં માજીસ્ટ્રેટને ફરીઆદ કરી નહી. તેઓએ પાંચ દીવશ મને વયરમાં રાખ્યો, અને ત્રણ દીવશ વાલરમાં રાખ્યો, વાલરમાં સ્ટેશન નથી. જેમાં દારસઇઅદઅલીની ચોકી ત્યાંહાં છે. તેઓએ મને ત્યાંહાં રાખ્યો હતો. તેસીલદાર વાલર આવ્યા પછી એક દીવશ પછી મને તેઓએ છોડયો. મને છોડી દેવામાં આવ્યો તે પેહેલાં તેશીલદારે મારી જુબાની લીધી હતી જે દીવશે મારી જુબાની લેવામાં આવી તે દીવશની પછી મને છોડવામાં આવ્યો હતો. તેઓ મને મારશે એવી દેહેશતથી મેં તે તા૦ ૨૬ અગસ્ટના રોજ કહેલું નહી હતું. જે વખતે મારી સાહેદી લેવામાં આવી તે વખતે પોલીશ હાજર હતા. તમે બધા પરમેશ્વર અહીંયાં છો માટે હું આ રીતે કહુછું."

શેશન્સ કોરટમાં બદન સાહેબે પોતાની જુબાનીમાં કેટલીક હકીકત કહેલી છે અને તે ઉલટાવવામાં આવી નથી એટલે કે તેને પકડવામાં આવેલો હતો અને પોલીશના પેહેરામાં રાખવામાં આવ્યો હતો (પોલીશના કબજામાં તે આઠ અગર નવ દીવશ સુધી હતો) અને તા૦ ૧૫ અથવા તા૦ ૧૬ જુનના રોજ તેણે જુબાની આપી પછી તેને છોડવામાં આવ્યો હતો, અને જ્યારે તેણે આ જુબાનીઓ તથા તા૦ ૨૬ અગષ્ટના રોજની જુબાની આપી ત્યારે પોલીશ કોરટમાં હાજર હતા અને બેશક તેની જુબાનીઓ પોલીશ સાંભળતા હતા. તેને પોલીશના પેહેરમાંથી છોડવામાં આવ્યો તે વખતની બાબતમાં તેણે જુબાનીઓ આપેલી છે તે સાથે મળતી છે. પરંતુ તેણે જે કહેલું છે તે કરવાને ફરજ પાડવામાં આવી હતી એ બાબતની સાબેતી નથી. તોપણ તે ઉપરથી એમ જણાય છે કે જયારે પોલીશને તેની તરફથી સોગન ઉપરની હકીકત મળી ત્યારે તેની પાછળથી જરૂર નહી હતી નવ દીવશ કેદ રાખ્યા પછી તણે જુબાની આપી હતી, અને જો તેણે તે પાછી ખેંચી લીધી હોત તો, તેના ઉપર ફરીઆદ ચાલી શકત. તા૦ ૨૬ અગષ્ટના રોજ તેણે પોતાની સાહેદી ફરીથી આપેલી છે તેના ખુલાશામાં તેણે કહેલું છે કે ફરીથી મને પોલીશ તરફ મોકલવામાં આવે અગર મને માર મારવામાં આવે તેવી દેહેશત લાગેલી છે. શેશન્સ કોરટમાં ચડતા દરજાના અધીકારી તથા આશેસરોની હજુર તે હતો એવું તેને માલુમ પડયું અને તેથી દેખીતી રીતે પોલીશની ધાસ્તીમાંથી છુટો થએલો હતો, અને તેણે કહેલું છે કે મેં તે વખતે સાચું કહેલું છે.

બેશક જે કામોમાં સાક્ષીઓ પોતાની પ્રથમની હકીકત ઇનકાર કરવાને પસંદ કરતા હોય તે તમામ અગર ઘણા ખરા કામોમાં સદરહુ વીચારો લાગુ થઈ શકેછે. મુશકેલી છે એ છે કે તે સાક્ષીની હકીકતોમાં કેઇ હકીકત સાચી છે. સાક્ષીના કેહેવા ઉપરથી અમુક રીતે વરતવામાં આવે અને તે હકીકતોમાંની કેઇ હકીકત ઉપર ભરૂંસો રાખવો તે વીશેની જવાબદારી ઘણી ભારેછે, માટે તેણે જુઠા સોગન લીધેલા એમ હોવું જોઇએ. આવા કામોમાં કોરટે જે રીતી પસંદ કરેલી છે કે તેમાંની એકે હકીકતમાં જે મુદ્દાની બાબત હોય તે વીશે સ્વતંત્ર રીતનો પ્રત્યંતરી પુરાવ ના હોય તો તેમાંની એકે ઉપર ભરૂંસો રાખવો નહી એ રીતીજ ફક્ત નીરભય છે. મહારાણી સાહેબ વી૦ અમાનુલાના કામમાં મી૦ જષ્ટીશ ગોરીશ સાહેબે કહેલું છે કે તે નીયમ આવા કામને લાગુ પાય છે. તેઓએ કહયું છે કે "જયારે માજીસ્ટ્રેટની રૂબરૂ તોહોમતવાળાને હાજર રાખી પુરાવ ગુજારવામાં આવેલો હોય અને તે પુરાવ પ્રમાણીક અને સાચો છે એમ માનવાને ખાસ. અને અમુક કારણ હોય. અને તે પુરાવની પુષ્ટીમા જડજની રૂબરૂ કેટલોક સ્વતંત્ર પુરાવ હોય ત્યારે તે પુરાવ ઉપર જડજ પોતાના ફેંસલાનો આધાર રાખી શકેછે. આ કામમાં એવું કાંઇ પણ નથી. ખરી રીતે એકે એવી વારતવીક હકીકત નીશ્ચયકારક રીતે સાબેત થએલી નથી કે જે ઉપરથી ભરૂંસાથી એમ જડજ કહી શકે કે અમારી રૂબરૂ જે રજુ કરવામાં આવેલું છે તેના વીરૂધ માજીસ્ટ્રેટની રૂબરૂ આપેલો પુરાવ સાચો છે.

હવે જો એવી શુચના કરવામાં આવેલી હોય કે બદન સાહેબે જે દાટવાની તથા ગુંનહાની જગા કહેવામાં આવેલી છે તે બતાવેલી છે. તથા તેણે કાંમળી તથા 'કપડું' ઓળખેલું છે તે પ્રત્યતરી પુરાવ છે તો તેનો જવાબ એ છે કે આ જગાઓ તથા કાંમળીના કડકા વીગરે માજીસ્ટ્રેટને તથા પોલીશને પણ બતાવવામાં આવેલા હતા, અને તે બદન સાહેબે આપેલી બાતમી ઉપરથી માલુમ પડેલા નથી. બદન સાહેબ કહેછે કે જે પોલીસના 'પેહેરામાં હું હતો તે પોલીશના ફરમાવવાથી મેં તે બતાવેલા છે. વેંગટસ્વામી હયાત અગર મરણ પામેલો માલુમ પડેલો નથી તે હકીકત હજુ તે હયાત છે તે સાથે અનુસરતી છે. બાકરઅલી વીગેરેની સાહેદી જે કાંમળી અને લુગડાના કડકા તથા બીજી ચીજો જે ખાડામાંથી ખોદી કાહાડેલી તે કાંઇ અમુક સખશના છે એમ ઓળખવાંના મતલબની છે તે બીલકુલ બસ નથી. શેશન કોરટમાં બદન સાહેબે જે જુબાની આપેલી છે તે કરતાં તેણે માજીસ્ટ્રેટની રૂબરૂ જુબાની આપેલી

છે તે ઉપર વજન વ્યાજબી રહે રાખવાને બદન સાહેબની જુબાનીને પુષ્ટી થાય તેવો કંઇ સ્વતંત્ર અને સંતોષકારક પુરાવ કાંઇ પણ અમારા જોવામાં આવી શકતો નથી માટે માજીસ્ત્રેટની રૂબરૂ બદન સાહેબે જે જુબાની આપેલી છે ને તેમાં કહેલી હકીકત ઉપર નીરભયતાથી ભરૂશો રાખી શકાય અથવા બીજી કેદીઅણે જે કબુલતો તથા જુબાનીઓ આપેલી અને પાછી ખેંચી લીધી છે તેનો પ્રત્યંતરી પુરાવ થાય એમ અમારી નજરમાં આવતું નથી.

જે નીશ્ચે કરવાને અમે બંધાએલા છીએ એવું અમારા શમજવામાં આવેછે તે એ છે કે વેંગટસામી મરણ પામેલો છે એ વીશે કાંઇ શક ન રહે અગર જો તે મરણ પામેલો હોય તો તેનું મોત કરવામાં બીજી કેદીઅણ કોઇ રીતે ગુંથાએલી હતી એમ સાબેત થએલું નથી. માટે બીજી કેદીઅણની બાબતમાં, જે ગુનહાની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ કરવામાં આવેલો છે તે ફેરાવવા જોઇએ.

તા૦ ૧૪ મી જુન સને ૧૮૮૬ના રોજ જે. આંકની કબુલત વાળી હકીકતો લખી લેવામાં આવેલી છે તે શાવાસ્તે, લેવામાં આવી હતી તેનો બીજા વર્ગના માજીસ્ત્રેટે કાંઇ ખુલાસો આપ્યો નથી. બીજી કેદીઅણે કબુલતવાળી હકીકત, નીશાંન બ વાળી તા૦ ૪ જુનના રોજ અને જે. ૧ નીસાંનની કબુલત તા૦ ૬ જુનના રોજ આપેલી હતી. તા. ૧૪ મી જુનના રોજ જે હકીકત આપેલી છે તે નીસાન બી અને જે. ૧ વાળી હકીકતોમાં કહેલી તમામ બાબતો સબંધી છે. માજીસ્તરેટે ઘણા શવાલો પુછેલા છે તેથી જે જવાબ થાય છે તે ઉપરથી તેંણીના વીરૂધ કાંઇ હકીકતો માલમ પડેલી તેનો ખુલાસો કરવાને ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૩૪૨ પ્રમાણે તોહોમતવાળી શકતીવાન નથી. પરંતુ તેથી વીરૂધ તે સવાલો અને જવાબોથી બીજી કેદીઅણે પોતાની વીરૂધ પ્રથમ જે હકીકત કહેલી તેમાં પુરવણી થવાને તથા તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવવાનેં થતું હોય એમ જણાય છે. જે શવાલો પૂછવામાં આવ્યાછે તેમાં એવો શવાલ છે કે તેંણીને પોતાના ધણીને બાગમાં લાવવાને તેણીનો સો ઇરાદો હતો તે જુઓ. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૨ પ્રમાણે તે કલમમાં બતાવેલાં કારણસર જરૂરીઆત શવાલો પુછવાને માજીસ્તરેટને અખત્યાર હતો. કલમ ૩૬૪ માં જે તપાશ બતાવવામાં આવીછે તે કલમ ૩૪૨ માં જે હેતુ બતાવવામાં આવેલો છે તે હેતુની સાથે છે. એક તરફી વીરભદ્ર ગાડના કામમાં તથા હુસન બક્ષના કામમાં અને બીજા કામમાં ઠરાવવામાં આવ્યું છે કે જે તોહોમતવાળાને શવાલો પુછવાનો અખત્યાર સોંપવામાં આવેલો છે તે બારીક તપાસ કર

રયા પછી તોહોમતવાળાને પોતે ગુન્હામાં આવે એવી કબુલતો કરવી પડે તેવો અખત્યાર આપવામાં આવેલો નથી. તેજ માજીસ્ટ્રેટે બીજી કેદીઅ ણને તા૦ ૧૫ મી જુનના રોજ તપાસવામાં આવેલી હતી—નીશાંન જે. ૪ જુઓ—અને બીજી વખતે તેજ દીવશે તપાશેલીછે—નીશાંન જે. ૪ જુઓ આ તપાસોમાંથી એકે તપાસ કબુલત છે એવું સરટીફીકેટ આપેલું નથી અગર તેવો મતલબની નથી. આવી તપાસ શા વાસ્તે કરવામાં આવી હ તી તેનો ખુલાસો આપવામાં આવેલો નથી. આ તપાશો બીજી કેદીઅણ ને પોતાના વીરૂધ જે કાંઇ હકીકત માલમ પડતી હોય તેનો તે ખુલા- સો-આપી શકે તે સારૂં કરવામાં આવેલી હતી એમ જણાતું નથી. એ તપાસો ઉપરથી તેંણીને ગુન્હામાં આવે તેવી કબુલતો કરવી પડેલી છે— ગુનહાની જગોએ લોહીના દાગા કેમ નહીં હતા તે શવાલ તથા પાંદડાં ખખડયા બાબતનો શવાલ અને તારા ધણીને તે જખમ થતાં જોયો તો કે નહીં. તે શવાલ અને વળી તેંણીને તથા તેંણીના ધણીને તેંણીના ઝુંપડામાં સંભોગ થાય તેવી સુગમતા હતી કે નહીં તે શવાલ જુઓ. વ ળી નીસાંન જે. ૪માં જે શવાલો છે તે જુઓ. આ શવાલોના જે જવા બો છે તે સાચા હોય તો તેંણીના વીરૂધ ફરીઆદ તરફની જે હકીકત છે તેને ખુલ્લી રીતે પુષ્ટી કરવાને તથા તે ગુન્હેગાર છે એમ બતાવવાને થાય છે. તેણીએ કબુલત આપી ત્યાર પછી તેંણીને તપાશી તથા ગુન્હા ની જગોએ તથા ધારેલી દાટવાની જગોએ તેણીને આણી એ વીશે ખુ લાસાની જરૂર છે.

ફોજદારી અપીલ.

તા૦ ૮ જુલાઇ સને ૧૮૮૭

સર આર્થર જે એચ. કોલીન્સ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ પાર્કર સાહેબોની રૂબરૂ.

મહારાણી કેશરેહીંદ વીરૂધ જોગાયા.

પીનલકોડ—સને ૧૮૬૦ નો આકટ ૪૫ ની કલમ ૫૦૪—સુલેહનો ભંગ ઉશકેરવાનો ઇરાદો.

અ એ બ ને એટલે દરજે ગાળો દીધેલી કે જેથી બે મારામારીમાં આવી પડે.

ઠરાવવામાં આવ્યું કે અ એ બ ને એવો ગુસ્સો કરેલો હતો કે શાધારણ હકીકત પ્રમાણે સુલેહનો ભંગ થાય માટે પીનલકોડની કલમ ૫૦૪ પ્રમાણે તે ગુનેહગાર છે.

પાનું ૭૫૭   ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૩૯ પ્રમાણે ગંજામના આકટીંગ શેશન જડજ જે થામસ ન સાહેબે હાયકોરટનો હુકમ થવા સારૂ આ કામનો રીપોરટ કરેલોછે.

તોહોમતવાળાને ચીકાકોલના બીજા વરગના માજીસ્રેટે પીનલકોડ ની કલમ ૫૦૪ પ્રમાણે ગુનેહગાર ઠરાવેલો છે. તેણે ગંજામના મુખ્ય આશીસ્ટંટ માજીસ્તરેટને અપીલ કરી. તેથી તેમણે તેને નીરદોશ ઠરાવ્યો એવું વીચારીને કે તે હોમતવાળાએ ફરીઆદીને ગાળો દીધી તેથી તે ઘણી ધાસ્તીમાં પડેલો હતો. માટે તોહોમતવાળાએ તે અપમાન કરવાથી સુલેહનો ભંગ થાય અગર કાંઈ ગુનહો કરવામાં આવે એવો સંભવ નહી હતો.

શેશન જડજે પીનલકોડની કલમ ૫૦૪ પ્રમાણે આરોપ સાબેત ગણવાને સારૂ આ કામ મોકલેલું છે, એવા વીચારથી કે તેમના અભીપ્રાય પ્રમાણે જે ગુસ્શો ઉતપન કરવામાં આવેલો છે તે શામા પક્ષકારે કબુલ કરવો જોઇએ એવી જરૂર નથી.

કાનશલ રાખવામાં આવ્યા નથી.

કોરટે નીચે પ્રમાણે હુકમ કરયો.

તોહોમતવાળાને ઇરાદા પૂરવક ફરીઆદીને ગુસો લાગે તે પ્રમાણે એવો ગુસો થવાનો સંભવ છે એવો ઇરાદો રાખીને અગર તેવો સંભવ છે એમ જાણીને સુલેહનો ભંગ થાય તેવું અપમાન કરેલું હતું એમ ગુનહેગાર ઠરાવવામાં આવેલો છે,

અપીલમાં આ ફેંસલો ફેરવવામાં આવેલો હતો. એવા કારણથી કે ફરીઆદી એવી થરથરાટવાળી ધાસ્તીમાં હતો કે, તે ગુસાથી સુલેહનો ભંગ થવાને સંભવીત થઇ શકે તેવું નહી હતું.

અમે શેશન જડજ સાથે ગળતા છીએ કે સાધારણ હકીકત પ્રમાણે જે અપમાન ભરેલા ગુસાથી સુલેહનો ભંગ થાય તે બાબત કાયદા પ્રમાણે શીક્ષા થવા લાયક છે અને તે ગુનહેગાર પોતાના કત્યોના પરીણામમાંથી ગુસાનો ઇરાદો રાખવામાં આવેલો તે રીતીનો ગુસો કબુલ કરતાં તે અપમાન પામેલો સખશ ઘણો ડરી ગયો હતો તે કારણથી બચતો નથી.

અમે તે નીરદોશનો ઠરાવ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તે અપીલની ફરીથી સુનાવણી કરવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૮૭.

સર. ચાર્લસ એ. ટરનર. નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ હચીન્સ સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ અને સુબા વીગેરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫—ફરીઆદ ચલાવવાની મંજુરી—સને ૧૮૭૭ ના રજીષ્ટર આકટ ૩ ની કલમ ૬૪—સબ રજીસ્ટ્રારે જુઠો બનાવટનો દસ્તાવેજ નોંધેલો.

પાનું ૩. કોઈંબાટોરના આકટીંગ શેશન જડજે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાઇકોરટના હુકમ સારૂં આ કોરટમાં રીપોર્ટ કરેલો છે.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૬૭ પ્રમાણે જુઠો દસ્તાવેજ બનાવ્યા બાબતની ફરીઆદ છે. તે દસ્તાવેજ કાંગાયામના સબ રજીસ્ટ્રારે રજીષ્ટર કરેલો છે, પરંતુ કોઇ દીવાની, ફોજદારી, અથવા રેવન્યુ કોરટમાં ફાઇલ કરવામાં આવેલો નથી. આકટીંગ જોઇન્ટ માજીસ્ટ્રેટે ઠરાવ્યું છે કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ મી પ્રમાણે તે સબ રજીસ્ટ્રારની મંજુરી લીધી નથી, માટે અમને તે ફરીઆદ સાંભળવાની હકુમત નથી.

"ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૫ ની રકમ (સી.) માં ઠરાવવામાં આવ્યું છે કે "જ્યારે આવો ગુન્હો કોઇ પક્ષકારે કોઇ કોરટમાં આવા કામમાં પુરાવમાં આપેલા દસ્તાવેજ સબંધી કરેલો હોય ત્યારે પ્રથમ મંજુરી લીધા વીના કોઇ કોરટે તેવા ગુન્હાની તપાસ કરવી નહીં." માટે સવાલો એ છે કે (૧) સબ રજીસ્ટ્રાર એ કોરટ છે કીંવા નહીં? (૨) અને કોઇ કામમાં તે દસ્તાવેજ પુરાવમાં આપેલો છે કીંવા નહીં."

"આકટીંગ જોઇન્ટ માજીસ્ટ્રેટ બતાવે છે કે જુના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા (સને ૧૮૭૨ ના આકટ ૧૦) ની કલમ ૪૬૭ મી મુજબ તે ગુન્હો દીવાની અથવા ફોજદારી કોરટમાં થએલો હોવો જોઇએ, પણ હાલના કાયદાની કલમ ૧૯૫ મી ઘણી બેહોળી છે. પુરાવા આકટની કલમ ૩ માં "કોરટ" શબ્દની વાખ્યા છે. તે પ્રમાણે તેઓએ ઠરાવ્યું છે કે સબ.રજીસ્ટ્રાર તે "કોરટ" છે, કારણ કે તેમને કાયદા પ્રમાણે પુરાવ લેવાનો અખત્યાર છે.

"નંબર ૪૯૨ નું તા૦ ૧૨ મે એ સને ૧૮૮૧ ના રોજનું કાયદા-

રટનું પ્રોસીડીંગ છે. (વેરના ફોજદારી ઠરાવ પાનું ૪૦૦ જુઓ.) તેમાં ઠરાવવામાં આવ્યું છે કે રજીસ્ટ્રાર તે રજીષ્ટર આકટની કલમ ૭૩, ૭૪ અને ૭૫ પ્રમાણે કામ કરે ત્યારે તે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૬૫ મી પ્રમાણે "કોરટ" છે. પરંતુ સબ રજીસ્ટ્રાર નથી. તે ઠરાવની તારીખે હીંદુસ્તાનનો પુરાવ આકટ અમલમાં હતો. માટે તે આકટની કલમ ૩ માં કોરટ શબ્દની વાખ્યા છે. તે જડજોના ધ્યાનમાં હતી એમ ધારવુંજ જોઈએ. તેમાં જડજોએ બતાવ્યું છે કે રજીષ્ટાર તે જડજ છે, કારણ કે તેઉ પક્ષકારોની વચેના સવાલ કે જે દસ્તાવેજ તેમની રૂબરૂ રજુ કરવામાં આવેલો છે તે લખી આપવામાં આવેલો છે કે નહીં તેનો નીરણય કરે છે. "રજીષ્ટર કરનાર અમલદારની ફરજની વાખ્યા હીંદુસ્થાનના ૨ જા આકટની કલમ ૩૪ મીમાં બતાવવામાં આવી છે. પુરાવ આકટની કલમ ૩ ના અરથ પ્રમાણે સબ રજીસ્ટ્રાર તે કોરટ છે, એમ ધારીએ તો પણ તેમની રૂબરૂ કોઈ કામમાં તે દસ્તાવેજ પુરાવામાં આપેલો છે, એમ કહી શકાય તે વિશે અમને શક છે. તે સબ રજીષ્ટારને અમુક બાબતો વિશે તપાસ કરવાની છે. જો તે દસ્તાવજ લખી આપ્યાની બાબત ઇનકાર કરવામાં આવે તો પછી તે પછી ખરીરીતે લખી આપવામાં આવેલો હોય કીંવા નહીં, પણતેઉ રજીષ્ટર કરી શકતા નથી. પરંતુ તે પોતાની રૂબરૂ જે પક્ષકારો હોય તે ખરા પક્ષકારો છે કે નહીં તે બાબત સાક્ષીઓ તપાશી શકે છે. (કલમ ૩૫) પણ બીજી બાબત તપાશી શકતા નથી. માટે તે દસ્તાવેજ સબંધી કાંઈ પુરાવ તેઉ લેઇ શકતા નથી. માટે તેમની રૂબરૂ કાંઇ કામમાં તે દસ્તાવેજ પુરાવામાં આપવામાં આવ્યો હતો, એમ કહી શકાય તે વિશે અમને શક રેહેછે.

"આ કારણોથી અમારી નજરમાં આવે છે કે તે ફરીઆદ સાંભળવાને સબ રજીસ્ટ્રારની મંજુરીની જરૂર નથી; પણ આ બાબત એક ન્યાયની છે માટે હાઇકોરટનો હુકમ થવા આ બાબત અમે પુછીએ છીએ."

તોહોમતવાળા તરફથી રામરાવ.

કોરટે (ચીફ જષ્ટીશ ટરનર અને જસ્ટીશ હચીન્સ સાહેબો) નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

ફેંસલો:—સબ રજીસ્ટ્રાર તે કોરટ નથી.

કેટલાક કારણોસર એવું ઠરાવવામાં આવ્યું છે કે "ન્યાયની રૂઇના કામો" એ શબ્દોમાં રજીષ્ટર કરનાર અમલદારોની રૂબરૂના કામોનો સમાસ થાય છે, એટલે કે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૧૯

ના હેતુમાં તે કામો લાવવાનો સમાસ થાય છે; અને તેવાજ બીજા કાર ણોસર એવું ઠરાવવામાં આવેલું છે કે રજીસ્ટ્રાર કોરટ છે, અને સબ રજીસ્ટ્રાર કોરટ ગણવાની નથી, એટલે રજીસ્ટ્રારને તીરસ્કાર બાબત શીક્ષા કરવાનો અખત્યાર આપવા સારૂં આ ઠરાવોથી રજીષ્ટર કરનાર અ મલદારો એ સામાન્ય રીતે કોરટ થાય એગ નથી, અને બીજી બાજુ તરફ આવા અમલદારોને જો કાયદા કરનારાઓએ કોરટ ગણેલા હોય તો તે કાંઇ જરૂરનું નથી માટે જોઇન્ટ માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવામાં આવ્યો છે. અને તેમને ફરમાવવામાં આવે છે કે તેમણે તે ફરીઆદ ચલાવવી.

—

ફોજદારી અપીલ.

તા૦ ૨૩ ઓગષ્ટ સને ૧૮૮૭.

મી૦ જસ્ટીશ કરનાન અને મી૦ જષ્ટીશ પ્રાનટ.

માહારાણી કેયસરેહીંદ વિ૦ ઈગાક વીગેરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૬૧, ૧૬૭— ૧૭૦, ૩૪૪—પોલીસના જાપતામાં કેદીઓને પાછા મોકલવા.

પાનું ૯૮. કડાપાના આકટીંગ જીલ્લા માજીસ્તરેટ જી. સ્ટોકસ સાહેબે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે હાઈકોરટના હુકમ સારૂં આ કામમાં રીપોર્ટ કરેલો છે.

તે કામમાં નિચે પ્રમાણે રીપોર્ટ કરવામાં આવ્યો છેઃ—"આ ડાકાઇટીના કામો છે. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૬૭ પ્રમાણે પંદર દિવસો સુધી તે કેદીઓને પાછા મોકલવામાં આવ્યા હતા. બીજી વધારે મુદત સુધી વધારે પુરાવ એકઠો કરવાને તેમને પાછા મોકલવા સારૂં પોલીસે અરજ કરી. પરંતુ તા૦ ૨૨ નવેમ્બર સને ૧૮૮૩ ના રોજના નંબર ૩૦૯૨ ના સરકારના હુકમ સાથે હાઇકોરટનો ઠરાવ આવેલો તેના આધારથી વધારે મુદત પાછા મોકલવાને સબ માજીસ્ટ્રેટે ના પાડી, અને કેદીઓને છોડી મુકવાનો હુકમ કરયો. સદરહુ ઠરાવ ઇન સાફના કારોબારને ઘણો ભયંકર અને જરૂર વિનાનો છે, અને ઘટતા માનની સાથે તે ઠરાવ કાયદાની ભુલ ભરેલી ચુકથી કરવામાં આવેલો છે, એમ અમારી નજરમાં આવે છે, માટે હું આ રેફરંસ કરૂં છું.

"આ ત્રણ ડેકાઇટીઓ કરવામાં આવેલી છે, પેહેલી ઉતર. આરકાટ જીલ્લામાં ચંદ્રગીરી તાલુકામાં કાલરમાં થએલી છે, બીજી પેલામ

પટે તાલુકામાં શીરોંગારાજા પાલીયમ ગામમાં એટલે રાજમપેટથી રાજ કોટીના રસ્તા ઉપર થએલી છે. અને ત્રીજી કડાપા જીલ્લામાં મદનપોલ તાલુકામાં ધાટલુમાં થએલી છે. પેહેલો ગુન્હો બન્યો ત્યાંથી બીજો કેટલેક દુર બન્યો તે અમે કહી શકતા નથી. પરંતુ રસ્તે અને રેલ થઈને ટુંકામાં ટુંકી ત્રણ દિવસ કરતાં ઓછી મુસાફરી તો ભાગ્યેજ થઇ શકે ત્રીજો ગુન્હો બન્યો ત્યાંથી બીજે રસ્તે સીતેર માઇલ દુર બનેલો છે. પેહેલા કામમાં જે સખસો ઉપર હુમલો કરવામાં આવેલો છે તે કરનુલના રેહેવાશીઓ મદ્રાશ જતા હતા. બીજામાં વાયલપાડ તાલુકામાં પરવાળાના વેહેપારીઓ છે અને તેઓનાં ઘરો ધાટલુમાં ગુન્હો બન્યો ત્યાંથ જેટલાં દુર છે તેટલાં દુર છે. ત્રીજામાં તેઓ મદનપાલે જે ધાટલુની નજી છે ત્યાંના રેહેવાશીઓ છે."

"સદરહુ કામમાં ચોરેલી મિલકત તોહોમતવાળાના કબજામાં માલમ પડી તેથી જાણમાં આવેલા છે. તે કેદીઓને કાહીરી તાલુકામાં એક જગોએ ધાટલુથી સુમારે પચાસ માઇલ દુર મીલકત સાથે પકડવામાં આવેલા છે એમ હું માનું છું. જે ઠરાવ ઉપર હું લક્ષ માગુ છું તેનો પરીણામ એવો થાય છે કે મીલકતના માલીકને લાવી તેની પાસે પોલીસે તે મીલકત ઓળખાવવી, અને તે ગુન્હો બન્યા બાબત તથા કેદીઓને ઓળખ્યા બાબત પુરાવ એકઠો કરવો, અને તે કામ પંદર દીવસની અંદર તઈયાર કરવું. પરંતુ સદરહુ કામોમાં એકદમ દેખીતું છે કે આ તદન અશકય છે. અને જે કોઇને ડેકાઇટીના કામોનો પત્તો લગાડવાનું જાણવામાં છે; તેઓ જાણે છે કે જો તે ગુન્હો ઘણી હુંશીયારીથી કરવામાં આવેલો ન હોય તો દેઢ માસની અંદર ઘણી મુદતના પુરાવ એકઠો કરવો એ અશકય છે, તો પણ જ્યાં સુધી પુરાવ એકઠો કરવામાં આવેલો ન હોય ત્યાં સુધી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે તો હોમતનો કાગળ રજુ કરી શકાતો નથી. માટે જો માજીસ્ટ્રેટો પંદર દીવસ કરતાં વધારે મુદત કેદીઓને પાછા મોકલે તેમને હુકમત નથી. જો કેદીઓ પકડવામાં આવેલા હોય તે કેટલાક વરસો સુધી જો ફરીથી પકડાય નહીં તો તેમણે પણ નકી છોડી દેવા જોઇએ."

હાલ જે કેહેવાની હું મરજી રાખું છું તે જે વિદ્વાન જડજોએ તે ઠરાવ કરેલો છે, તેઓને ઘટતું માન આપીને હું કહુંછું. માગ અભિપ્રાય પ્રમાણે તે ઠરાવ દેખીતો ખોટો છે. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૬૭ અને ૩૪૪ ના મૂકાબલા ઉપરથી તે કરવામાં આવેલો છે. ઘટતા માનની સાથે હું અરજ કરૂં છું કે જે એવા શબ્દો છે કે વખતે વખતે પંદર દીવસ કરતાં વધારે નહીં તેનો બરોબર

અર્થ જે એવા શબ્દો હોય છે કે એક વખતે પંદર દીવસ કરતાં વધારે નહીં, તેનો જેવો અર્થ થાય છે તેવો થાય છે. જુના કાયદામાં જે ખામી હતી અને ઇલાજ હતો તેનો આપણે વીચાર કરીએ તો તે પ્રમાણે કરવાને તેઓનો ઇરાદો છે એમાં કાંઇ મને શક રેહેનો નથી. પ્રથમનાં ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની તેવીજ કલમ ૧૬૭ હતી તેમાં કેટલી મુદ્દત સુધી કેદીઓને પાછા મોકલવા તે વિશે કાંઇ મુદત ઠરાવવામાં આવેલી નહીં હતી. પણ પરિણામ એવો થયો હતો કે મુંબાઇમાં એક માજીસ્ત્રેટે એવું ઠરાવ્યું હતું કે તે અનીયમીત મુદ્દત સુધી પાછા મોકલી શકે છે. સુરકપા વલદ ધાડુના કામમાં ફરી તપાસમાં હાઇકોરટે ઠરાવ્યું છે કે આ કામમાં હાલના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૪ ને મળતા નીયમ પ્રમાણે ચાલવાનું છે. હું અરજ કરૂં છું કે આવી રીતની હકીકતની બાબતમાં કાયદાનો ખરો અર્થ કરી નીયમ પ્રમાણે બરોબર અર્થ એવા થાય છે કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૬૭ વધારવાથી કાયદા કરનારે કાયદો ફેરવવાનો ઇરાદો રાખ્યો નથી, પરંતુ તેનો ખુલાસો કરવાનો ઇરાદો રાખ્યો છે.

હું નમ્રતા પુર્વક અરજ કરૂં છું કે ફોજદારી કામ ચલાવવાની રીતીનો કાયદો મંજુર થતાં પેહેલાં જે વાદ વીવાદ ચાલેલો છે તે પ્રમાણે આ વીચાર છે. અસલ તે બીલનો મુસદો કરવામાં આવેલો તેમાં વાપરેલા શબ્દ એવા હતા કે પંદર દીવસ કરતાં વધારે બધાએ મળીને એવું જેવામાં આવશે. પણ બધાએ મળીને એવા શબ્દો શીલેકટ કમીટીએ કાહાડી નાંખેલા છે. અને તેઓએ પોતાના રીપોરટમાં કહ્યું છે કે તે કલમ એવી રીતે ફેરવવામાં આવેલી છે કે જેથી હાલ જેવો કાયદો છે તેવોને તેવો રહે.

કેદીઓ તરફથી કોઇ હાજર નથી.

સરકાર તરફથી આકટીંગ સરકારી વકીલ (મી પાવલ.)

આ કામના રીપોરટને સારૂં કોરટના ફેંસલા ઉપરથી કામની બીજી હકીકત તથા તકરારો પુખ્ત રીતે જણાય છે.

જસ્ટીશ કરનાનઃ—તા૦ ૨૩ આકટોબર સને ૧૮૮૩ ના રોજનો ઠરાવ આડમીશન કોરટમાં બીરાજતા જડજે કરેલો છે તે નીચે પ્રમાણે છે.—

"જે અધીકારીએ પુછેલું છે તે બરોબર છે. કલમ ૧૬૭ નો અર્થ એવો છે કે ૧૪ મા બાબ પ્રમાણે પોલીસની રૂબરૂ ચાલતા કામમાં તમામ મળીને પંદર દીવસ કરતાં વધારે મુદત એટલે એક અગર વધારે વખત પાછા મોકલવામાં આવેલા હોય તે સુધાંત પંદર દિવસ કરતાં વ

ધારે મુદત પાછા મોકલી શકાતા નથી.

"બાબ ૨૪ ની કલમ ૩૪૪ ગી પ્રમાણેના કામમાં ઘણો વધારે અખત્યાર દરેક વખતે પંદર દિવસ કરતાં વધારે નહીં એવો પાછા મો કલવાની બાબતમાં આપેલો છે, તે કલમોની વચમાં મૂકાયલો ઘણો ખુલ્લો છે.

તા૦ ૨ અને ૬ ઠી સપટેંબર સને ૧૮૮૬ ના રોજ ત્રીજા કલા-સના માજીસ્ટ્રેટે બે કામોમાં એવું લખેલું છે કે કેદીઓ વીરૂધ પંદર દીવસ પાછા મોકલવાની મુદત તે તારીખે પુરી થએલી છે, અને પંદર દીવશ કરતાં વધારે મુદત પાછા મોકલવાને સારૂ કલમ ૧૬૭ પ્રમાણે આપવા ને સારૂ અમને અધીકાર નથી. માટે કેદીઓને છોડવાનો હુકમ કરીએ છીએ.

આકટીંગ જીલ્લા માજીસ્ટ્રેટે સદરહુ ઠરાવોનો વીચાર કરવાને પુછેલું છે. એવા કારણથી કે કલમ ૧૬૭ પ્રમાણે વખતે વખતે પંદર દીવસ ક રતાં વધારે એક વખતે પાછા મોકલવાને માજીસ્ટ્રેટને અખતીઆર નથી. અમારી નજરમાં આવે છે કે સને ૧૮૮૩ નો ઠરાવ બરોબર છે. મા૦ જીસ્ટ્રેટ વખતે વખતે પાછા મોકલે પરંતુ તે પાછા મોકલવાની તમામ મુ-દત પંદર દીવસ કરતાં વધારે થવી નહીં જોઇએ. કલમ ૧૬૭ માં પંદર દીવસ એવા શબ્દો છે તે પછી એક વખતે એવા શબ્દો નથી. કાયદામાં જ્યાં પંદર દીવસ કરતાં વધારે એક વખતે પાછા મોકલવાનો હુકમ થઇ શકે એવો ઇરાદો રાખવામાં આવેલો છે ત્યાં કાયદામાં તે પ્રમાણે સ્પષ્ટ રીતે કહેલું છે. (કલમ ૩૪૪ ની બીજી રકમ અગર વીશેશ ઠરાવ જુઓ) કલમ ૧૬૭ પ્રમાણે જે કેદીઓનેપાછા મોકલવાનો અખતીયાર આપવામાં આવેલોછે. તે જે કામમાં પોલીસે તપાસ કરી અને તજવીજ શરૂ કરવાની હો ય તેમાં આપવામાં આવેલોછે કલમ ૧૬૭ થી વખતેવખતે પાછા મોકલવાને સારમાજીસ્ટ્રેટને કુલ અખતીઆર આપવામાં આવેલો છે.(પોતાના કારણો લખીને) પણતે કુલ અખતીઆરના અમલની પંદર દીવસની હદ બાંધ વામાં આવેલી છે. પોલીશ તપાસ કરે તે દરમીઆનમાં માજીસ્ટ્રેટની રૂબ રૂ પુરાવ હમેશાં રજુ કરવામાં આવતો નથી, કારણ કે તજવીજ સરૂ થએલી નથી હતી કલમ ૧૬૭ નો અરથ જો એવો હોય કે તે માજીસ્ટ્રે ટ તકરાર કરે તે પ્રમાણે છે. તો માજીસ્ટ્રેટની રૂબરૂ કેદીને રજુ કરવા માં આવે અગર તેઓ કાંઇ પુરાવ લે તે પેહેલા કેદી કેટલાક મહીના સુ ધી કેદમાં હતો, એમ તેમને માલમ પડી શકે. આવો અરથ કરવાથી ઘ ણી તદન જરૂર વીનાની હરકત ઉતપન્ન થાય. કારણકે કલમ ૧૭૦ થી જો પુરાવ અગર અંદેશો રાખવાનું યોગ્ય કારણ હોય તો તોહોમતવાળાને પો

લીશના રીપોર્ટ ઉપરથી જે ગુન્હાનો તપાસ કરવાને માજીસ્તરેટને અખ્ત્યાર હોય તે ગુનાહ બાબત તેમની તરફ તોહોમતવાળાનેમોકલવા સારૂ પોલીસને અખત્યાર આપવામાં આવેલો છે. પછી કલમ ૩૪૪મીમાં તપાસ બંધ કરી કેદીને પાછા મોકલવા સારૂ યોગ્ય માજીસ્ટ્રેટને તેમાં બતાવેલું કારણુ બતાવવા સારૂ અરજ થઇ શકે છે.

કલમ ૩૪૪ પ્રમાણે પાછા મોકલવાને સારૂ કારણુ બતાવવાનું છે. પણુ કલમ ૧૬૭ પ્રમાણે માજીસ્ટ્રેટને એવો કુલ અખ્તીઆર આપવામાં આવેલો છે કે તેમણે પોતાના કારણો લખી જીલા માજીસ્ટ્રેટને નોટીશ આપવી. દેખીતી રીતે પોલીશ અમલદારના વીચારમાં આવ્યું છે કે તોહોમત રાખવાને સારૂ કારણુ છે પણુ તોહોમતના કાગળના સાક્ષીઓ સારૂ પાંચ દીવશ પાછા મોકલવા સારૂ તેમણે માગેલું છે.

કલમ ૧૭૦ પ્રમાણે કેદીને મોકલવામાં આવ્યો નથી. દેખીતી રીતે ત્રીજા વરગના માજીસ્ટ્રેટને પોલીશના રીપોરટ ઉપરથી ચાલવાને અખ્તીઆર નહી હતો, અને કલમ ૩૪૪ પ્રમાણે હુકમ કરવને તેને અખ્તીઆર નહી હતો. ગમે તેમ હોય પણુ તે પાછા મોકલવા બાબતની અરજ કલમ ૧૬૭ પ્રમાણે છે, અને કલમ ૩૪૪ પ્રમાણે નથી અને માજીસ્ટ્રેટ સાથે મળતા નથી અને હુકમ કરતા નથી.

જસ્ટીશ પાર્કર સાહેબઃ—ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૬૭ મુજબ કરેલા હુકમ પ્રમાણે તોહોમતવાળાને પોલીશના કબજામાં રાખેલો છે, અગર માજીસ્ટ્રેટ બીજા કોઈના કબજામાં રાખવાને યોગ્ય ધારે તો રાખી શકાય છે. સાધારણુ રીતે બેશક તેને પોલીશના કબજામાં રખાય છે.

આ પ્રમાણે જે રાખવામાં આવે છે તે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૪૪ પ્રમાણે જે રાખવામાં આવે છે તેથી તદન જુદુ છે.

તે કલમ પ્રમાણે તો કેદીઓની તપાસ ચાલતી હોય ત્યારે તેમને કબજામાં રાખવાને કાયદા કરનારે ઠરાવેલું છે.

પેહેલા કામમાં માજીસ્ટ્રેટની રૂબરૂ તપાસને સારૂ અગર કમીટ કરવાના હેતુથી તપાસ કરવા સારૂ તોહોમતવાળાને રજુ કરેલો નથી પરંતુ જો બની શકે અગર તેમ નહી તો તપાસ ચલાવવાને પોલીશ શકતીવાન થાય તે સારૂ રજુ કરવામાં આવેલો છે.

કાયદા કરનારનો ઇરાદો કલમ ૬૧ અને કલમ ૧૬૭ લક્ષમાં રાખતાં તથા સાધારણુ રીતે ઇનસાફ સારૂ જે જોઇએ તે લક્ષમાં રાખતાં એવો છે કે તોહોમતવાળાને મુખ્તીઆર માજીસ્તરેટની રૂબરૂ તપાસ કરવાને અગર કમીટ કરવાને જેમ બને તેમ જલદીથી રજુ કરવો જોઇએ.

માણેકરામ વી૦ મહારાણી સાહેબ તોહોમતવાળાને પકડ્યાની તારીખથી શોળ દીવશની અંદર પૂરાવ મળી શકે નહીં. એવાં કામો હોય પણ તે કામો ઘણા કવચિત હોય માટે જેટલો પુરાવો મળી આવે તેટલો પૂરાવ મુખ્તીઆર માજીસ્તરેટની રૂબરૂ તજવીજ અગર તપાસ થવા સારૂ રજુ કરવો જોઇએ. પછી ફો. કા. ચ ની રીતીના કાયદાની કલમ ૩૪૪ પ્રમાણે માજીસ્તરેટને હદ વીનાનાં કામ બંધ રાખવાને અખ્તીઆર છે. (પણ તોહોમતવાળાને એક વખતે પંદર દીવશ કરતાં વધારે મુદત પાછો મોકલવો નહી જોઈએ.) કારણ કે તપાસ અગર તજવીજ શરૂ કરતા પેહેલાં વધારે પુરાવ જોઇએ. તે સારૂ જો વધારે મુદત આપવામાં આવે તો તે મળી શકે તેવું હોય અને જો તેવો પુરાવ ન હોય અને તેવો મળવાનો સંભવ છે એવું બતાવવામાં ના આવે તો તોહોમતવાળાને વધારેવાર કબજામાં રાખવો નહી જોઇએ. જો પાછળથી કાંઇ પુરાવ મળી આવે તો તેને ફરીથી પકડવાને અટકાવ નથી,

કલમ ૧૬૭, ૩૪૪ સાથે વાંચતાં અને સદરહુ વીચારો લક્ષમાં લેતાં મારા કામના વિદ્વાન ભાગીઆએ જે અભીપ્રાય આપેલો છે તે સાથે અમે મળતા છીએ.

ફોજદારી ફરી તપાસ.

મી૦ જષ્ટીશ સ્ટ્રેટ અને મી૦ જષ્ટીશ બ્રોડહર્સ્ટ સાહેબોની રૂબરૂ.

મહારાણી કેસરેહીંદ વી૦ ઝોરશીંગ.

(પીનલકોડ) સને ૧૮૬૦ ના આ૦ ૪૫ માની કલમ ૩૮૦, ૪૫૪—ચોરી કરવાને સારૂ ઘર ફોડવુ—ચોરી—જુદા જુદા ગુનાની સાબેતીના ઠરાવો અને શીક્ષાના હુકમો—ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૫—૨૩૫—રીવાજ—ફરી તપાસ—ફો. કો. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮—શેશન જડજે હુકમો કરેલા તે બાબત માજીસ્તરેટે કરેલું રેફરંસ.

બાનું.૧૪૬ નીચે બતાવેલી હકીકતથી ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ રેફરંસ કરવામાં આવ્યું છે. ઇટાવાના જોંઇટ માજીસ્ટ્રેટની રૂબરૂ એક કામ સુનાવણી ઉપર હતું. તેમાં તેઉ સાહેબે એક ઝોરસીંગ ઉપર પેહેલો એવો આરોપ રાખ્યો હતો કે તારીખ ૧૭ મી સપટેંબર સને ૧૮૮૭ ના રોજ અગર તે અરસામાં લાલારામ વાણીઆની દુકાન ચોરી કરવાને સારૂ ફોડી, અને તેથી

હી. ફો. કા. ની કલમ ૪૫૪ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનો કરયો. અને બીજો એવો આરોપ રાખ્યો કે તા૦ ૧૭મી સપટેબંર સને ૧૮૮૭ નારોજ અથવા તે અરસામાં તે લાલારામ વાણીઆના ઘરમાંથી એક આનાની કોડીઓની ચોરી કરી, અને તેથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૮૦ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનો કરયો. દુકાનના બારણા અગાડી જે ટટી બાંધેલી તે કુદીને ઝોરસીંગ દુકાનમાં પેઠો, તે તેણે કબુલ કરયુ. અને વળી કબુલ કરયુ કે મોંહેથી ચોરી કરી. જોંઇટ માજીસ્ટ્રેટના જોવામાં આવ્યું કે તોહોમતવાળો આગળ ત્રણ વખત ગુનેગાર ઠરેલોછે, અને તેને. ૭ દીવસ કેદની, ૨૦ ફટકા અને બે વરસ કેદની શીક્ષા થએલીછે. અમે તોહોમતવાળા ઉપર. હી. ફો. કા. ની કલમ ૪૫૪ અને ૩૮૦ પ્રમાણે બે જુદા જુદા ગુના કરેલા છે. અને તેને જુદી જુદી શીક્ષા કરવામાં આવે તો તે કાયદેસરછે. (મહારાણી કેશરેહીંદ વી૦ સખારામ ભાણુના કેસનો ઠરાવ જુઓ.) માટે આ તોહોમતવાળાની સેશન કોરટમાં તપાસ થવા સારૂ તેને કમીટ કરવાને કંઇ પણ જરૂર હોય એવું અમારી નજરમાં આવતું નથી. માટે ફો. કા ચ. ની રીતીના કાયદાની કલમ ૩૫ ના ઠરાવ પ્રમાણે આ કામની અમે વ્યવસ્થા કરીએ છીએ,

કેદીને છોટ ફો. કા. ની કલમ ૪૫૪ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવ્યો હતો. માટે અમે તેને ફોજદારી કાયદાની કલમ ૪૫૪ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવીએ છીએ. અને બે વરસની સખત મજુરી સાથે કેદ અને ૩૦ ફટકાની શીક્ષા કરીએ છીએ. અને વળી અમે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૩૮૦ પ્રમાણે તેને ગુનેહગાર ઠરાવીએ છીએ. અને તેને બે વરસની સખત મજુરી સાથ કેદની શીક્ષા કરીએ છીએ. અને તેમાં ૩ મહીના સુધી એકાંત તે ભોગવે "પેહેલી શીક્ષા ભોગવી રહયા પછી બીજી શીક્ષા સરૂ થાય" કેદીએ સેશન કોરટમાં અપીલ કરી, અને તેથી શેશન કોરટે તે અપીલની વ્યવસ્થા કરતાં કહ્યું છે કે:—"જોઇન્ટ માજીસ્ત્રેટે જે એમ કહેલું છે કે આવા કામમાં જુદા જુદા ગુનાહ ઠરાવવા તે કાયદેસર છે તે મુંબાઇ હાયકોરટે ઠરાવેલું છે તે ખરૂં છે. પરંતુ તેવાજ કેસમાં અલ્લાહાબાદ કોરટે કલમ ૩૮૦ પ્રમાણેની શીક્ષા રદ કરેલી છે. (મહારાણી કેસરેહીંદ વી૦ અભુજીઆનું કામ જુઓ.) આપણી હાયકોરટના ઠરાવ પ્રમાણે કરવાને અમે પસંદ કરીએ છીએ. તેથી કલમ ૩૮૦ મી પ્રમાણેના ગુનાનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ રદ કરીએ છીએ. તોહોમતવાળાએ પેહેલું તોહોમત કબુલ કરેલું છે. અને ૪૫૪ મી કલમ પ્રમાણેના ગુનાના ઠરાવમાં હાથ ઘાલવાને કંઇ કારણ બતાવવામાં આવ્યું નથી. જો કે આ ગુનોહ નહી જેવો છે. તોપ

ણુ અપીલવાળો પ્રથમ ત્રણુ વખત ગુનેહગાર થયો છે. માટે જે શીક્ષા. નો હુકમ છે તે સખત નથી. ઇટાવાના માજીસ્તરેટે કોરટ રજીષ્ટ્રાર પત્ર લખ્યો, જેમાં ઉપર કહેલી હકીકત લખી જણાવી. પોતાનો અભીપ્રાય એવો બતાવ્યો છે કે શેશન કોરટે એ શીક્ષાનો હુકમ દુરસ્ત કરેલો છે. પણુ તે શીક્ષા જોઇએ એટલી નથી. અને એવી શુચના કરી છે કે જોઇન્ટ માજીસ્તરેટે મુંબાઇ હાઇકોરટનો હાલમાં ચાલુ સને ૧૮૮૨ નો ફો. કા. ચ. ની રીતીના કાયદાના ૧૦ મા આકટ પ્રમાણેનો ઠરાવ તે પ્રમાણે જે સીક્ષાઓ કરેલી છે. તેનો ફરીથી હુકમ થવો જોઇએ.

મી૦ જષ્ટીશ બ્રાઉેહરટ સાહેબ (હકીકત કહ્યા પછી કહ્યુ કે:)— ઇડીઅન લા રીપોરટના અલ્હાબાદના બીજા વોલ્યુમના ૬૪૪ મે પાને જે ફેંસલો આપેલો છે તે તથા મી૦ સ્ટ્રેટ સાહેબે ૧૮૮૦ ના જાન્યુઆરી મહીનાની ૧૯ મી તારીખે કરેલો છે. અને આ વખતે ફો. કા. ચ. ની રીતીનો કાયદો સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો હતો. તેઉ સાહેબે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૮૦ અને ૪૫૭ પ્રમાણે એક વેપારમાંથી ઉતપન થતા ગુનાઓને વાસ્તે ગુનાનો ઠરાવ અને સીક્ષાનો હુકમ તદન ગેરવ્યાજબી રહે છે એમ ઠરાવ્યું નથી. પણુ એમ ઠરાવ્યું છે કે સાહાઇ અને સુગમતાને સારૂ કોઈ મોટા ગુનો સાબેત થએલો હોય. તેમાં ગુનાનો ઠરાવ અને શીક્ષાના હુકમ ઉપર ધ્યાન આપવું એ વધારે સારૂ છે. એવું અમારા જાણુવામાં છે કે આવોજ વિચાર કલકતા હાઇકોરટની ફુલબેંચે મહારાણી વી૦ રામચરણુ કેસના કામના ફેંસલામાં કર્યો હતો. ગથળું નિચે પ્રમણે છે:—

"કેદીને માજીસ્તરેટે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમો ૪૫૬ અને ૩૮૦ પ્રમાણે બે જુદા જુંદા ગુનાઓનો ગુનેહગાર ઠરાવ્યો હતો. અને બે ગુનાને વાસ્તે સજા કરવામાં આવી હતી. અપીલમાં સેશન જડજને એમ માલુમ પડયું કે જે ગુનો સાબેત થએલો છે તે ૪૫૭ મી કલમ પ્રમાણેનો છે. તેથી કલમ ૪૫૭ અને ૩૮૦ ના ગુનાઓની ફરીથી તપાસ કરવાનો હુકમ કરયો. તેઊ સાહેબે એવું ઠરાવ્યું કે ફરીથી તપાસ થવી નહીં જોઇએ. પણુ ૩૮૦મી કલમ પ્રમાણે જે ગુનાની સાબેતીનો ઠરાવ અને સીક્ષાનો હુકમ છે તે રદ થવો જોઇએ.

"ચીફ જષ્ટીશ પીકાક સાહેબે એક ફેંસલો આપેલો છે. જેમાં તેઉં સાહેબને બીજા વિદવાંન જડજો મળેલાં છે. તેમાં કહ્યું છે કે માજીસ્તરેટે હવેથી વધારે કાળજી રાખવાને ચેતવણી આપવી જોઇએ. અને એક મોટા ગુનાના ભાગ કરી જુદા જુદા ગુનાહ ઠરાવવા નહી જોઇએ."

ઉપર જે ફેંસલો મુંબાઇ હાઇકોરટનો બનાવેલો છે. તે તથા મી૦ જસ્ટીશ બર્ડવુંડ, અને મી૦ જસ્ટીશ જાર્ડીન સાહેબોએ સને ૧૮૮૭ ના ફેબરૂઆરી મહીનાની ૨૫ મી તારીખે આપેલો છે. એટલે હાલનો ફો૦ કા૦ ચ. ની રીતીનો સને ૧૮૮૨ નો આ૦ ૧૦ મો અમલમાં આવ્યો ત્યારથી તે કાયદામાં જે ફેરફાર સદરહુ વિદ્વાન જડજોએ બતાવેલા છે, તે કરવામાં આવ્યા છે. કલમ ૨૩૫ મીની રકમ ૧ લીના દ્રષ્ટાંત ક ઉપરથી જણાય છે કે "જો અ દહાડે બ ની સ્ત્રી સાથે વ્યભીચાર કરવાના ઇરાદાથી ઘર ફોડે. તો અ ઉપર હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૪ અને ૪૯૭ મી પ્રમાણેના ગુનાના જુદા જુદા આરોપ રાખી તેને ગુનેહગાર ઠરાવી શકાય છે."

અમારી નજરમાં આવે છે કે જોઈંટ માજીસ્તરેટ તે જોરશીંગને ચોરી કરવાને સારૂ ઘર ફોડયા બાબત તથા ચોરી બાબત તપાસ કરી ગુનેહગાર ઠરાવી શકતા હતા, અને ફોજદારી કાયદાની કલમ ૪૫૪ ની પેહલી રકમ પ્રમાણે તે ઘર ફોડયા બાબત બે વરશ સખત મજુરી સાથેની શીક્ષા અને તેજ કાયદાની કલમ ૩૭૯ મી પ્રમાણે ચોરી કરયા બાબત બે વરશ સખત મજુરી સાથે કેદની શીક્ષા તેને કરી શકતા હતા, એમાં કાંઇ શક નથી. વળી અમારા અભિપ્રાયમાં આવે છે કે શીક્ષાઓ જેવી કરવામાં આવી છે તે પ્રમાણે કાયદા વીરૂધ નથી, પરંતુ અમારા અભિપ્રાય પ્રમાણે સારામાં સારો રસ્તો પસંદ કરવાનો એ છે કે હમેશાં આવા કામોમાં જે પસંદ કરવામાં આવે છે. એટલે કે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૪—૭૫ પ્રમાણે સેસન્સ કોરટમાં તપાસ થવા સારૂ તોહોમતવાળાને કમીટ કરવો. જો કે અમારા વીચારમાં આવે છે કે માજીસ્તરેટ જુદી જુદી શીક્ષા ફોજદારી કાયદાની કલમ ૩૭૯—અથવા ૩૮૦ અને ૪૫૪ મ ની દરેક કલમ પ્રમાણે કાયદેસર રીતીએ બે વરસ સખત મજુરી સાથે કેદ અને દંડની શીક્ષા કરી શકે છે, તોપણ અમારી નજરમાં આવે છે કે તેજ કલમો પ્રમાણે જો સેસન જડજ આવા કામની તપાસ કરે તો ગમે તે હકીકત હોય પણ ચોરી કરવાના ઇરાદાથી ઘર ફોડયાની બાબત કલમ ૪૫૪ મીના પાછલા ભાગ પ્રમાણે દસ વરસની કેદની શીક્ષા અને ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૩૮૦ મી પરમાણે એક ઇમારતમાં ચોરી કરયા બાબત ચાર વરસ કેદની શીક્ષા વ્યાજબી રાહે તેઉ કરી શકતા નથી, કારણ કે આવો ઇરાદો કાયદો કરનારનો હોય એમ બની શકે તેવું નથી. એમ અમને જણાય છે, ફોજદારી કાયદાની કલમ ૪૫૪ અને ૪૫૭ મી

પ્રમાણે શીક્ષા કરવા લાયક જે ગુના કરવામાં આવે છે તે કલમ ૪૫૪ મી પ્રમાણે દીવસે કરવામાં આવે તે અને ૪૫૭ મી કલમ પ્રમાણે રત્રે કરવામાં આવે છે તે શીવાય તે એકને એકજ ગુનાહ છે. દરેક ક લમના પાછલા ભાગમાં ઠરાવવામાં આવ્યું છે કે જો જે ગુનો કરવાનો ઇરાદો હોય તે ચોરીનો હોય તો કેદની મુદત ત્રણ અને પાંચ વરસથી તે દશ અને ચઉદ વરસ સુધી વધારી શકાય છે. ચોરી કરવાના ઇરાદા બાબત જ્યાં સુધી છુપી રીતે ઘર પ્રવેશ કરવામાં અથવા ઘર ફોડવામાં નઆવે ત્યાં સુધી શીક્ષા થવા લાયક થતી નથી. કાયદા કરનારાઓએ કોઇ દિવસ એવું સ્વપનામાં પણ ધારયું નથી કે ઘરમાં પ્રવેશ કરનાર અગર ઘર ફોડનાર વધારાની સાત અને નવ વરસ કેદની શીક્ષાને ફકત તેણે ચોરી કરવાનો ઇરાદો રાખવાથી પાત્ર થાય એ દેખીતું છે તે કલમોમાંની દરેક કલમોની છેવટનો ભાગ દેખાતી રીતે જેવો ઘડવામાં આવેલો છે. તે પ્રમાણે ઘરમાં પ્રવેશ કરનારા અને ઘર ફોડનારા કે જેમણે ફકત ચોરી કરવાનો ઇરાદો રાખ્યો, એટલુંજ નહી પણ ખરી રીતે તે ગુનોહ કરયો હોય તેઓનો તેમાં સમાશ થાય છે. ઘરમાં પ્રવેશ કરનારા અગર ઘર ફોડનારને તેણે ચોરી કરવાનો ઇરાદો રાખ્યાના કારણથી કલમ ૪૫૪ ના પાછલા ભાગ પ્રમાણે દશ વરસથી વધારેની શીક્ષા કરવી અને વળી કલમ ૩૮૦ પ્રમાણે એકાદી ઇમારતમાં ચોરી કરયા બાબત ચાર વરસ કેદની અથવા બીજી કોઇ સીક્ષા કરવી"તેથી અર્થાર્થ રીતે તેના તે જ ગુનાહ બાબત તેને બેવડી શીક્ષા કરવામાં આવી થાયછે. માટે એ ઘણુંજ ગેરવ્યાજબી છે. અમે "ઉપર બતાવ્યું છે તે પ્રમાણે એટલે ફોજદારી કાયદાની કલમ ૪૫૪ અને ૭૫ પ્રમાણે ઝોહોરશીંગને સેશન્સ કોરટમાં કમીટ કરી પોતાનો ડહાપણુ ભરેલો અખતીઆર જોઇંટ માજીસ્ટ્રેટે વાપરયો હોત તો આ રેફરંસ કરવાને કાંઇ પણ કારણ રેહેત નહીં. મહ.રાણી કેસરેહીંદ વી૦ શેરશીંગના કામમાં અમારા ભાઇ સ્ટ્રેટ સાહેબે જે કારણો લખેલાં છે, તે કારણોથી અમારા વિચારમાં આવે છે કે મા જીસ્તરેટના ઉપરી અમલદારે સેશન્સ જડજે અપીલમાં હુકમ કરેલો હોય તે ઉપર આવો રેફરંસ કરવો. તે અઘટડ ભરેલો છે અને દુરસ્ત નથી. અને જયારે ઘણી ખાસ હકીકત હોય ત્યારેજ ફકત આવા રેફરંસ થઇ શકેછે. અને કામની તમામ હકીકત ધ્યાનમાં લેતાં આ કામમાં ફરી તપાસમાં હાથ ઘાલવાને જરૂર હોય એમ અમારી નજરમાં આવતું નથી.

જસ્ટીસ સ્ટ્રેટ સાહેબઃ—અમે અમારા ભાઇ પ્રોડહરર્ટ સાહેબના

વીચાર સાથે તદન મળતા છીએ કે આ કામ એવું નથી કે જેમાં અ ગ્રારે હાથ ઘાલવો જોઇએ માજીસ્તરેટને તેવી ખબર આપવી.

ફુલબેંચ

તા૦ ૨૦ ડીસેંબર સને ૧૮૮૭

સર જોહોન એજ નાઇટ ચીફ જસ્ટીસ મી૦ જસ્ટીસ સ્ટ્રેટ, મી૦ જસ્ટીસ બ્રાડેહર્સ્ટ. મી૦ જસ્ટીસ ટાયરલ અને મી૦ જસ્ટીસ મહમુદ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ ઇમામઅલ્લી વીગરે

સને ૧૮૬૦ નો આકટ ૪૫ (પીનલકોડ) ની કલમ ૨૯૫—હરકોઇ વરગના સખસોએ પવીત્ર ગણેલો હેતુ—જાહેરાંત જગ્યાએ ગાય મારવી.

પાનું ૧૫૦ આ કામમાં બે મુસલમાનો, ઇમામઅલી અને અમીરૂદીનને સાહાજાનપુરના માજીસ્તરેઠ મી૦ ઇ. ટી. લોએલ સાહેબે ફોજદારી કાયદાની કલમ ૨૯૫ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનોહ (હરકોઇ વરગના સખસોએ પવીત્ર ગણેલી વસ્તુ નાશ કરી.) કરયાના ગુનેહગાર ઠરાવેલા છે અને દરેકને રૂ. ૨૫) દંડ કરેલા છે. એવું માલમ પડે છે કે તા૦ ૩૦ અગસ્ટ સને ૧૮૮૭ના રોજ જાહેરાંત રસ્તાથી થોડાક વારના છેટે લોકોની નજરે પડે તે પ્રમાણે દરેક તોહોમતવાળાએ એક ગાય મારી. માજીસ્ત્રેટના અભીપ્રાયમાં આવ્યું છે કે પીલહાર કસબામાં જાનવરો મારવાનાં બે મકાનો છે, અને ત્યાં ગાયો મારવામાં આવે છે. અને મુસલમાન લોકોના મકાનની અંદર તે મારવાનો રીવાજ છે. અને જે રસ્તાની નજીકમાં કેદીઓએ ગાયો મારી છે તે રસ્તે થઇને હીંદુઓ વારવાર જાય આવે છે. અને તેઓ ગાય મારતાં જુએ અગર રસ્તાની બાજુએ તે મુએલી માલમ પડે તો તેઓને ઘણોજ કંટાળો અને દુઃખ થવું જોઇએ. પણ આગળ હીંદુઓની કાંઇ ફરીઆદ થયા વિના તે જગ્યોએ ગાયો મારવામાં આવેલી હતી. કેદીઓએ સાહાજાનપૂરના શેશન જડજને તે માજીસ્તરેટના હુકમની ફરી તપાસ કરવાને અરજ કરી. તેથી સેશન જડજે નીચે પ્રમાણે હુકમ કરી ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે તે કામમાં હાઇ કોરટને પુછ્યું.

"અમીરૂદીન અને ઇમામઅલ્લી તીલાહારના મુસલમાન રેહેવાશીઓ અરજદાર છે. ઇદને દહાડે પોતાના ધરમના રીવાજ પ્રમાણે ધોરી રસ્તાથી ચાર પાંચવારની અંદર તેઓએ એક ગાય મારી. પીનલકોડની કલમ ૨૯૫ પ્રમાણે તીલાહારમાં રેહેનાર હીંદુઓએ પવીત્ર ગણેલી વસ્તુ

એટલે એક ગાયનો નાશ કરયા બાબત તેઓને ગુનેહગાર ઠરાવવામાં આવે છે એમ અમારા અનુમાનમાં આવે છે.

" આ કલમ પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ ચાલી શકેછે એવું અમે ઠરાવીએ તે વીશે શક છે. તે કારણે રાખતાં પણ અમારી નજરમાં આવે છે કે નીચેના કારણેથી તે હુકમ બરાબર નથી.

૧ નીચેની કોરટે કબુલ કરયું છે કે આ જગ્યાએ આગળ ગાયો મારવામાં આવેલી હતી અને તે વીશે કાંઇ પણ દાદ મળવાને નીરાશ થઇ હીંદુઓની કાંઇ પણ ફરીઆદ નહી હતી. એવું માનવાને મજબુત કારણ છે માટે તે રીવાજથી આ વાત મંજુર થએલી છે.

૨ જે જગ્યાએ તે ગાય મારવામાં આવી તેની નજદીકમાં કાંઇ હીંદુઓને રહેવાનું મકાન નથી. આસપાસના મુસલમાનોને રહેવાનાં મકાનો છે, અને કોઇ હીંદુ તે રસ્તે થઇને જાય તો તેના મનને અગર તેના ધરમના વીચાર પ્રમાણે તેને બહુ લાગે પણ આ પ્રમાણે બન્યું હતું એમ માનવાને કાંઇ કારણ નથી.

૩ અરજદારનો આ પ્રમાણે કોઇના મનને અગર આસ્તાને ખોટુ લગાડવું એવો હેતુ હતો એમ સાબેત થએલું નથી. હીંદુઓ અને મુસલમાનોની વચમાં જે ખેંચીને સબંધ છે તે પ્રમાણે તેણે પોતાનો હક્ક ઇઆને રીવાજ ૨વટની મરીઆદા સુધી અમલમાં આણેલો છે. પરંતુ પહેલાં જે જગ્યાએ તેવો નાશ કરવામાં આવેલો તેજ જગ્યાએ તે નાશ કરવાથી કાયદાના કાંઇ નીયમ વીરૂધ તેણે એવી રીતે કર્યું હોય કે જેથી તેના ઉપર ફોજદારી રાહે ફરીઆદ ચાલે એમ અમારી નજરમાં આવતું નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૪ સપટેંબર સને ૧૮૮૭

સર આર્થર જે. એમ કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીસ અને
મી૦ જસ્ટીસ પાર્ક સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ શીવાન વીગરે.

સને ૧૮૮૨ ના મુદ્રાસના જંગલના આક્ટ નીયમ ૭ અને ૧૨—
વગે પાડેલાં ઝાડોનાં પાંદડાં ખસેડવામાં આવે તે કાંઇ ગુનોહ નથી.

પાનુ ૧૯૯ દક્ષિણ કાનેરાના સેશન જડજ એ. ડબલ્યુ વેસ્ટ સાહેબે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૩૮ મી પ્રમાણે આ કામમાં પુછેલું છે.

કોરટ (ચીફ જસ્ટીસ કોલીન્સ તથા ચીફ જસ્ટીસ પાર્કર) ના ફેંસલા ઊપરથી આ રીપોર્ટના કારણુસર જરૂરીઆત હકીકત જણાઇ આવે છે.

કોનશલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલો—આ રેફરંસમાં સેશન જડજે જે સવાલ ઉતપન કરેલો છે તે ઘણો સાર્વજનીક અગત્યનો છે, આ કોરટના ખાસ હુકમ ઉપરથી પબ્લીક પ્રાશીકયુટરને જે નોટીસ આપવામાં આવી છે તેમ છતાં તેમને હાજર થવાને ગોઠવણ કરવામાં આવી નથી, તે વીશે અમને આશ્ચરય લાગ્યા વિના રહેતું નથી.

અપીલમાં તોહોમતવાળાના ગુનાહની સાબેતીનો ઠરાવ ડેપ્યુટી માજીસ્ટ્રેટે બાહાલ રાખેલો છે, એવું વીચારીને કે તેઓએ ખાતરના કારણુસર વરગણી કરેલી ઝાડોના છોડ તથા પાંદડાં કાપ્યાનો ગુનોહ કરયો છે જો પુરાવ ઉપરથી એમ સાબેત થએલું હોત કે વરગણી કરેલાં ઝાડોના દાંડો કાપ્યાનો ગુનોહ કરવામાં આવેલો છે તો, ગુનાની સાબેતીનો ઠરાવ દેખીતી રીતે ચાલત. પરંતુ અમારા જોવામાં આવે છે કે તોહોમતવાળાને બીજા વરગના માજીસ્ટ્રેટે અલાયદી રાખેલી નહી તેવી જમીન માંહેના વરગણી કરેલાં ઝાડોનાં પાદડાં કાપ્યાનો ગુનેહગાર ઠરાવેલો છે, અને તે પુરાવ ઊંપરથી જણાય છે કે તેઓએ જે કરેલું છે તે બધામાં પાંદડાં ખસેડવાને કરેલું છે, અને છોડ કાપવાને કાંઇ કહેલું નથી. રૂલ ૧૯ માં (જે તોડયા બાબત તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે.) ઠરાવવામાં આવ્યું છે કે કોરાણે રાખેલી અગર નહી રાખેલી જમીનમાંના કોઇ ઝાડની છાલના અથવા પાંદડાં કોઇ સખસ કાપે, લપેટે, નીશાન કરે, મુળમાંથી કહાડે, બાળે અગર તેથી જુદાં પાડે અગર બીજી રીતે તે ઝાડને નુકશાન કરે તો તે કાયદા વીરૂધ છે. પરંતુ આ મનાઇ છે તે રૂલ ૭—૯ અને દસમામાં જે હક, અપવાદો અને જે બાબત અલગ રાખવામાં આવી છે તેની જવાબદારી સાથે છે. રૂલ ૭ માં ઠરાવવામાં આવ્યું છે કે તમામ અલાયદી રાખ્યા વીનાની જમીન ગામના લોકો કાંઇ પણ નહી આપતાં ઢોર ચરાવવાનો હક અગર ઝાડ કાપવાનો, અને કાટ તથા બીજી જંગલની નીપજ બળતણ સારૂ અથવા ખેતી કીંવા ખાનગી કારણ તેમાં ફેરફાર કરવાનો, તે ખસેડવાનો, (અલાયદા અને વરગણી કરેલાં ઝાડો શીવાય) હક ભોગવે છે, તે ભોગવે. એટલું અવલોકન કરવાનું છે

કે કલમ ૭ મામાં "આશ્રયમાં રાખેલાં અગર વરગણી કરેલાં ઝાડો શીવાય" એવા શબ્દો છે તે ફકત ઝાડ કાપવાં, તેમાં ફેરફાર કરવા અને ખસેડવા સબંધી છે, અને બળતણ સારૂ અથવા ખેતી અથવા ઘરના ખાનગી ખરચ સારૂ તેમ કરવામાં આવે તે સબંધી નથી.

જે ઝાડો ઉપરથી પાંદડાં તોડવામાં આવ્યાં છે, તે ઝાડોને નુકશાન થાય તે પ્રમાણે તોડવામાં આવ્યાં છે. તે બાબતનો કોઇ ઠરાવ નથી. અને જ્યારે તે બે કલમો એકઠી વાંચવામાં આવે, ત્યારે ફકત તે વર્ગણી પાડેલાં ઝાડો ઉપરથી પાંદડાં ખસેડવામાં આવેલાં હોય તેથી ને કલમો વિરૂધ કરવામાં આવ્યું થતું નથી, વર્ગણી કરેલા ઝાડોના છોડવા કાપ્યા બાબત તોહોમતવાળો ગુનેહગાર છે એમ સમજીને ડીપુટી માજીસ્તરેટે ગુનાની સાબેતીનો ઠરાવ બહાલ રાખેલો છે, પરંતુ આ ગુનાનો આરોપ તેમના ઉપર રાખવામાં આવ્યો નથી. માટે અમે આ હુકમ રદ કરીએ છીએ અને ફરમાવીએ છીએ કે તેની સુનાવણી અપીલવાળાઓને તથા માંગલોરના પબ્લીક પ્રોશીક્યુટર એ રીતે બેઉને નોટીશ આપી ફેરીથી કરવી,

ફોજદારી અપીલ.

તા૦ ૧૩ સપટેંબર સને ૧૮૮૭

સર આર્થર જે એચ. કોલીન્સ નાઇટ ચીફ જષ્ટીશ અને મી૦ જષ્ટીશ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

મહારાણી કેશરેહીંદ વી૦ બશાવા.

ફો૦ કા૦ ચ૦ ના રીતીના કાયદાની કલમ ૨૫૦—૨૬૨—હેરાન કરવા લાયક ફરીઆદ—કંપન સેશન.

પાનું ૧૪૨ સને ૧૮૮૭ ના નંબર ૨ ની ફોજદારી ફરી તપાસની અરજી ઉપરથી કોઇમટોરના સેશન જડજ ડબલ્યુ એચ ગ્રાન્ટેમ સાહેબના હુકમની ફરી તપાસ કરવાની ફો૦ કા૦ ચ૦ ની રીતીના કાયદાની કલમ ૪૩૫ મી પ્રમાણે હાઇકોરટને અરજ કરવામાં આવી છે.

નીલગીરીના હેડ આશીસ્ટંટ માજીસ્રેટે સંક્ષેપ તપાસ કરીને કરાર તોડયા બાબતની ફરીઆદ કહાડી નાંખેલી છે, અને તેઉના અભિપ્રાયમાં આવ્યું છે કે તે ફરીઆદ નહી જેવી અને દંભકારી છે. તેથી તેમનું હુકમ કરયો કે ફરીઆદીએ તોહોમતવાળાને રૂ ૫૦) કંપન સેશન તરીકે આપવા.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૨૫૦ ગી સં-ક્ષેપ રીતે તપાસને લાગુ નથી. એવા વિચારથી અથવા પુરાવ દાખલ કરવા લાયક નથી, માટે ફરી તપાસમાં કંપનશેશન બાબતનો હુકમ શેશન જડજે રદ કરયો.

ફરીઆદી તરફથી મી૦ શા.

કોરટ (મી૦ જસ્ટીશ કોલીન્સ અને જષ્ટીશ બ્રાંઉટ સાહેબો) ના ફેંસલા ઉપરથી આ રીપોર્ટના કારણુસર હકીકત તથા તકરાર પુખ્ત રીતે જણાય છે.

ફેસલો:—એક બસાવા મેસ્ટ્રી ફરીઆદીએ અરજી આપવાથી નીલ-ગીરીના ડીવીઝનલ (હેડ આસીસ્ટંટ) માજીસ્ત્રેટની ફાઇલ ઉપરના સને ૧૮૮૬ ના ક્યાલંડર નંબર ૧૦૧ ના કામમાં કોઇમબટોરના શેશન જ-ડજે સદરહુ માજીસ્ત્રેટનો જે એવો હુકમ કરેલો હતો કે તે બસાવા મેસ્ટ્રી એ એક જોરાના ઉપર કરાર તોડવાનો આરોપ રાખેલો હતો, પણ તે તુચ્છ અને ઇજાકારક ફરીઆદ હોવાના કારણથી તે બસાવાએ તે જોગ-ને કંપનશેશન તરીકે રૂ ૫૦) આપવા, તે હુકમ તા૦ ૩૧ માર્ચ સને ૧૮૮૭ ના રોજ રદ કરયો.

આ ઉપરથી આ કોરટથી ફરીઆદીને એવો હુકમ કરવામાં આવ્યો કે શેશન જડજના કરેલા હુકમ વિરૂધ કારણ બતાવવું.

કાયદાના કીયા ઠરાવ પ્રમાણે માજીસ્ત્રેટનો હુકમ શેશન જડજે રદ કરેલો છે તે કેહેવામાં આવેલું નથી, અને તે હુકમ ચાલી શકે છે. એવી તકરાર કરવામાં આવી નથી. શેસન જડજે જે હુકમ કરેલો છે તે હુકુમત વિના કરેલો છે, એમ કરી અમારે તે હુકમ રદ કરવો જોઈએ, તેથી અસલ હુકમે કમનસેસન અપાવવા બાબતનો પ્રાછો કાયમ થયોછે, અને તે હુકમ રદ કરવાને અમારી પાસે માગવામાં આવેલું છે, એવા કારણથી કે તે કામ સંક્ષેપ રીતે તપાસવામાં આવેલું છે, માટે માજી-સ્તરેટને કલમ ૨૫૦ મી પ્રમાણે કંપનશેશન અપાવવાને હકુમત નહીં હતી. કારણ કે કંપનસેશન અપાવવાની બાબત છે, તે વાસ્તવીક કાયદાનો ભાગ છે, અને સે કાયદાના બાબ ૨૨ ની કલમ ૨૬૧ મીમાં ઠરાવ્યુંછે કે સમન્સના કામો બાબત કામ ચલાવવાની રીતી ઠરાવવામાં આવી છે. (બાબ ૨૦.) તે પ્રમાણે સમન્સના કામોમાં સંક્ષેપ રીતે તપાસમાં ચા-લવું, તેથી ફકત કામ ચલાવવાની રીતીને હરકત થાય છે. અમે આ તકરાર ચલાવવાને પરવાનગી આપી શકતા નથી. અમોને એમ દીસેછે કે કલમ ૨૬૨ મીથી સમન્સના કામો સંક્ષેપ રીતે તપાસવામાં આવે તેને કલમ ૨૫૦ મીના ઠરાવો લાગુ થાય છે, અને તમામ કામો કે જેમાં

સંક્ષેપ રીતે તપાસ કરવામાં આવ્યો હોય કીંવા નહીં પણ જેમાં માજીસ્તરેટ નિરદોશ ઠરાવે અને વળી તેઉનો અભીપ્રાય એવો થાય કે તે ફરીઆદ નહીં જેવી અને ઇજાકારક છે તો તેઉ કંપનશેશન અપાવી શકે છે.

એવી સૂચના કરવામાં આવી છે કે કાયદા કરનારનો ઇરાદો એવો હોઇ શકતો નથી કે બીજા અને ત્રીજા વર્ગના જે માજીસ્તરેટના કોઇ તપાસના ઠરાવ ઉપર અપીલ ચાલે છે, તે માજીસ્તરેટને તોહોમતવાળાને અપીલ કરવાનો અખત્યાર આપ્યા વિના કંપનશેશન અપાવવાનો અખત્યાર મળવો જોઇએ. માટે તે કાયદાના જે ઠરાવો અમે બતાવ્યા છે તેનો અમલ કરવાને આ કારણથી અમે ના પાડી શકતા નથી. કારણ કે જ્યારે તે ઠરાવો એકઠા વાંચવામાં આવે અને તેમનો યોગ્ય રીતે અર્થ કરવામાં આવે ત્યારે તેનો તે અમલ કરવો જાઇએ, એમ અમારી નજરમાં આવે છે, અને અમે ઠરાવીએ છીએ કે જે કામોની સક્ષેપ રીતે તપાસ કરવામાં આવી હોય તેને કલમ ૨૫૦ મી લાગુ થાયછે. ફરી તપાસને માટે અરજી હમેશાં થઇ શકે છે, અને જ્યારે છેવટના કામો હોય ત્યારે પેહેલા વરગના માજીસ્ત્રેટો રૂ. ૫૦) નો દંડ કરે છે, માટે જે અસલ હુકમથી કંપનશેશન અપાવવામાં આવ્યું છે. તે હુકમ રદ કરવાને કાંઇ કારણ અમારા જોવામાં આવતું નથી. ફરીઆદીએ આફીડેવીટ દાખલ કરેલા છે, તેમાં કેટલીક હકીકત કેહેવામાં આવી છે. તે એવી મતલબની છે કે ગાગો પુરાવ લેવામાં આવ્યો નથી. પરંતુ તે હકીકત ઉપરથી ચાલવાને અમે ના કહીએ છીએ, કારણ કે માજીસ્ત્રેટના દફતરના કાગળો લક્ષમાં લેતાં તે ઉપરથી જણાય છે કે જેવો પુરાવ હતો, તેવો લેવામાં આવ્યો છે અને ઠરાવ લખવામાં આવ્યો છે.

માટે કંપનશેશન અપાવવાનો હુકમ કાયમ રેહેછે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૩ સપટેંબર સને ૧૮૮૭.

મી૦ જસ્ટીશ મતુસામીઆયર અને મી૦ જસ્ટીશ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂધ માલા.

પીનલકોડની કલમ ૪૦૩, ૪૨૯—દેવની અપરણ કરેલો પોઠીયો.

પાનું ૧૪૫ ફો૦ કા૦ ચ૦ રી૦ ના કાયદાની કલમ ૪૩૫ મી પ્રમાણે આ કામ હાઇકોરટે સુનાવણી ઉપર લીધું.

કોર્ટ—(જસ્ટીશ મતુસામીઆયર અને જસ્ટીશ બ્રાંડટ સાહેબો:)

ના ફેંસલા ઉપરથી આ રીપોટના કારણસર જોઇતી હકીકત જણાય છે.

કાંનસલ રાખવામાં આવ્યા નથી.

ફેંસલો—આ.રા જીલ્લામાં પેરીઆ કુલમના બીજા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂં આ કામમાં બે સખશો ઉપર એક જાનવર જેનું વરણન માજીસ્ટ્રેટે "કૂઆમીઅમાનના દેવળનો પોહીગો" એમ કરેલું છે. તેની ચોરી અને બીગાડ અને સાપ્રાધ ખોટો ઉપ્યોગ કરયાનો આરોપ રાખવામાં આવ્યો છે.

તે ચોરી સબંધીમાં માજીસ્ટ્રેટે કાંઇ ઠરાવ લખેલો નથી, પણ તોહોમતવાળાને ગુનેગાર ઠરાવેલો છે એવી બે તકરારોમાંથી કે પીનલકોડની કલમ ૪૨૯ અને ૪૦૩ પ્રમાણે તેણે તથા બીજાઓએ તે પોડીયાને ધુંસણથી લંગડો કરી તેને મારી નાંખ્યો અને કાપ્યો તેના ભાગ લેઇ જવાની દરમીઆનમાં તેઓ પકડાયા એમ જણાય છે.

તે માજીસ્ટ્રેટે તે કામ ડીવીઝન માજીસ્ટ્રેટ તરફ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૪૯ પ્રમાણે મોકલ્યું, એવા અભીપ્રાય સાથે કે જે શિક્ષા કરવાને તેઉ મુખતીઆર છે. તેના કરતાં તે ગુના બાબત વધારે શીક્ષા કરવાની જરૂર છે. ડીવીઝન માજીસ્ટ્રેટે તે ગુનાની સાબેતીનો ઠરાવ કાયમ રાખી દરેકને ચાર માસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી.

આપીલમાં સેશન જડજે તે ગુનાની સાબેતીનો ઠરાવ રદકરયો અને તે હોમતવાળાને ત્રણ માસ શીક્ષા ભોગવ્યા બાદ તેને છોડી મુકવામાં આવ્યો. માંહારાણી કેસરેહીંદ વી૦ બેધુના કામનો ઠરાવ કરવામાં આવ્યો છે. એટલે કે હીદુઓના ધર્મના રીવાજ પ્રમાણે આખલાને છુટો મુકયો અને તે જનાવર ઉપરથી અસલ માલેક પોતાનું માલેકપણું છોડી દીધું ત્યારે તે ચોરી થવાની ચીજ થઇ શકિત નથી, અને એવો અભીપ્રાય થએલો છે કે તે પ્રમાણે જે જાનવર છોડી દેવામાં આવેલું હોય અને જાનવરના આગળના માલેકે છોડી દીધેલું હોય અને એક મંદિરમાં અરપણ કરેલું હોય અગર જોડેલું હોય તેમાં કોઇ નીયમ પ્રમાણે મુદ્દાનો ભેગ થઇ શકતો નથી. તે લક્ષમાં રાખતાં, પણ વધારે આનાકાની કરયા વિના જડજે ઠરાવ્યું નથી કે અમારી રૂબરૂ જે આખલો છે તે જે ગુન્હા સબંધી તોહોમતવાળાઓને ગુન્હેગાર ઠરાવેલા છે. તે આખલો તે ગુન્હાની બાબત થઇ શકતો નથી.

ફરી તપાસમાં હાથ ઘાલવાને જરૂર છે એમ અમારી નજરમાં આવતું નથી. શેશન જડજના સદરહુ અભીપ્રાય સાથે અમે મળતા છીએ તોહોમતવાળાએ ત્રણ માસ સખત મજુરી સાથે કેદની જે ગુન્હા સાબે

તે ઠરાવ્યા છે તે કારણસર શીક્ષા ભોગવી છે.

અમે કહીએ છીએ કે સદરહુ બતાવેલા બે દાખલા એોમાં અગત્યનો ભેદ છે.

અમારા અભીપ્રાય પ્રમાણે ડીવીઝનલ માજીસ્તરેટે જે એમ ઠરાવ્યું છે કે મંદિરના આખલા સાધારણ રીતે ભમતાં જાનવરો છે, અથવા આ આખલો બધે ફરતો ફરે છે.

જો પુરાવા ઉપરથી એમ માલુમ પડે કે તે જાનવર છુટું મંદિરમાં અરપણ કરયા પછી અને ખરી રીતે અથવા અનુમાનીક રીત પ્રમાણે ઠરેલું અરપણ કબુલ કરયા પછી કાંઇ પણ દાબ વિના તે જાનવર છુટું રહેવા દીધું હોય તોપણ તે પ્રથમ દરશનીક રીતે મંદરની મીલકત થાય છે. જો આવા જાનવરો ભમતાં ભમતાં વખતે ખાંનગી મિલકતમાં પ્રવેશ કરી નુંકસાન કરે તોપણ કાંઇ બોલવામાં ના આવે તો તે ફકત વેહેમથી ગાંગડાના લોકો તેમને માન્ય આપેછે અને હકથી દાદ માગ્યા વીના તે બીગાડ સહન કરે છે જો શેસન્સ જડજનો કાયદાનો વિચાર બરોબર હોય તો એમ જણાય છે કે એકાદા મંદીરના ટ્રસ્ટીએ આવું મંદીરને અપરણ કરેલું જાનવર કબુલ કરયું હોત તોપણ જે નુંકસાન તેણે કરેલું હોય તે બાબત તે જવાબદાર ના થાય. જેમકે મેહેલામાં છોકરું રમતું હોય તેને નુંકશાન કરે તે તેના જાણવા પ્રમાણે ભંયંકર અથવા હમેશાં નુકસાનકારક છે, આ કેહેવું ઉપરથી જોતાંજ ચાલી સકે તેવું નથી. એકાદો શખસ એક જાનવરને હવે પછી તેના ઉપર દાબ રેહેવાની સાવધગીરી લીધા મીના તદન છુટો મુકે તો આ જાનવર જેવું નુંકસાન કરે તેથી દીવાની અથવા ફોજદારી જવાબદારીમાંથી તે છુટો છે એમ ધરવાનું નથી. આ કામમાં જે આખલો છે, તે મંદીરની મીલકત છે કીંવા નહીં તે વીશે સેસન્શ જડજે સ્પષ્ટ ઠરાવ કાંઇ લખેલો નથી. બીજો શાક્ષી જે પોતે તે મંદીરનો વહીવટદાર હું છું એમ કહેછે તેણે કહ્યુંછે કે તે જાનવર "મંદીરના આખલા" તરીકે છે. પરંતુ આ બાબતમાં સ્પષ્ટ ઠરાવ લખ્યા શીવાય અમે નકી કહી સકતા નથી કે ગુનાની સાબેતીનો ઠરાવ યોગય રીતે ફેરવવામાં આવ્યો છે, કીંવા નહીં, અને જડજના કહેવા પ્રમાણે બીજો વધારે અગત્યનો અગર વધારે ચોકસ પુરાવ મળી આવશે એ સંભવીત જણાતું નથી. માટે તે કામ જેવું છે તે પ્રમાણે એમ રાખીને આ કામના કારણસર આવા કામોમાં જે નીયમો ઉપર લક્ષ રાખવું જોઇએ તે નીયમો ઉપર અમે પુકત રીતે બતાવેલા છે.

ફોજદારી અપીલ.

તા૦ ૬ જુલાઇ સને ૧૮૮૭.

સર આરથર જે. એચ. કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જસ્ટીશ પારકર સાહેબોની રૂબરૂ.

વેંકટ વીરૂદ્ધ પરામા.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૮૮—સબોરડીનેટ માજીસ્તરેટના રીપોર્ટ ઉપરથી ખોરાકી પોશાકીનો હુકમ કરેલો તે કાયદા વિરૂધ છે.

પાનું ૧૫૯. ખોરાકી પોસાકી બાબત સને ૧૮૮૭ ના નંબર ૫ ના કામમાં વીનાગાપટ્ટમ જીલ્લાના અકટીંગ પ્રીનસીપાલ આસીસ્ટંટ માજીસ્ટ્રેટ એફ. ડી. ઓ. વુલફ્મ સાહેબના હુકમની ફરી તપાસ કરવાને ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૫ અને ૪૩૯ પ્રમાણે અરજ કરવામાં આવેલી છે.

કોરટના ફેંસલા ઉપરથી આ રીપોટના કારણસર જરૂરીઆત હકીકત જણાય છે.

પ્રતિવાદી તરફથી મી૦ મીચલ.

ફરીઆદી તરફથી સુબરામ નીયમ.

ફેંસલો:—તા૦ ૨૬ જાનેવારી સને ૧૮૮૬ ના રોજ ફરીઆદીએ અરજી રજુ કરી તે તા૦ ૨૮ મી જાનેવારીના રોજ તપાસ કરી રીપોર્ટ કરવા સારૂં બીજા વરગના માજીસ્તરેટ તરફ મોકલવામાં આવી હતી. આ ગેરશીરસ્ને હતું કારણ કે પ્રીનશીપાલ આશીસ્ટંટ માજીસ્તરેટ તે તપાસ કરવાને પોતે બંધાએલા હતા. પ્રતિવાદીએ બીજા વરગના માજીસ્ટ્રેટની રૂબરૂ મિલકતમાં પોતાના હીસ્સા ઉપર કોરટે ઠરાવેલી ખોરાકી પોશાકી ફરીઆદીને આપવા ખુશી બતાવી હતી, અને તા૦ ૨૨ મી જાનેવારીના રોજનો હુકમ દેખીતી રીતે આ હુકમ ઉપરથી કરવામાં આવેલો છે.

પ્રીનસીપલ આસીસ્ટંટ માજીસ્ટ્રેટની રૂબરૂ પ્રતિવાદીને હાજર થવાને લાગ મળેલો હતો, એવું બતાવવાને કાંઇ પણ નથી. અને તેને લાગ મળેલો નહીં હતો, એવું કામના કાગળો ઉપરથી જણાઈ આવે છે.

સબબ અમે તે હુકમ રદ કરી પ્રીનસીપાલ આસીસ્ટંટ માજીસ્ટ્રેટને ફરમાવીએ છીએ કે તે કામની સુનાવણી વધારે વાર નહીં કરતાં પોતે કરવી.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ મી સપટેમ્બર સને ૧૮૮૭.

મી૦ જસ્ટીશ મત્તુ સામીઆયર અને મી૦ બ્રંડટ સાહેબોની રૂબરૂ.

મદ્રાસ એકવીટેબલ આરશુરંસ કંપની અપીલવાળા અને મદ્રાસની મ્યુનીશીપાલ કમીટીના પ્રેશીડેન્ટ (અપીલના પ્રતીવાદી.)

મદ્રાસ મ્યુનીસીપાલ આકટનો પ્રશીસ્ટ ૧— મ્યુચુઅલ આરશુરંસ કંપનીની કર બાબતની જવાબદારી.

પાનું ૨૩૮.પ્રે શીડેનસી માજીસ્ટ્રેટ, આગળ મદ્રાસ મ્યુનીસીપાલ આકટની કલમ ૧૭૩ પ્રમાણે નીચે મુજબ હકીકત કહેવામાં આવી છે.

તા૦ ૧૦ ડીસેમ્બર સને ૧૮૮૬ ના રોજ મદ્રાસ મ્યુનીસીપાલીટી આકટ ૧ લાની કલમ ૧૯૦ પ્રમાણે મદ્રાસ એકવીટેબલ આશ્યુરંસ સોસાઇટી ઉપર મદ્રાસ મ્યુનીસીપાલેટીના પ્રેશીડેન્ટે પૃસીષ્ઠ અ ના આઇ (બ.) વરગ પ્રમાણે સને ૧૮૮૬—૮૭ ના વરશના રૂ. ૧૭૫) ટાકસ ઠરાવેલા તે ઠરાવ ઉપર સદરહુ સોસાઇટીએ સદરહુ આકટની કલમ ૧૯૨ પ્રમાણે આ અપીલ કરી છે.

તેના મુદાની તકરાર નીચેના મુદા ઉપર હતી.—

૧ સને ૧૮૮૪ ના મદ્રાસ મ્યુનીસીપાલીટી આકટ પ્રમાણે તે સોસાઇટી ટ્યાક્ષ આપવાને જવાબદાર છે કીંવા નહીં ?

૨ જો તે જવાબદાર છે તો કેટલી રકમ ઉપર એટલે તા૦ ૧ જાન્યુઆરી સને ૧૮૮૬ ના રોજ જનરલ ફંડના રૂ. ૧૬૪૪૩૯ હતા. તે ઉપર કે તેમાંથી પોલીસી હોલડરોને વેંહેંચી આપેલા રૂ. ૬૭૫૭૪૪ બાદ જતાં જે બાકી રહે તે રકમ ઉપર ?

તેમાં રેફરંસ કરનારના અભીપ્રાયમાં આવ્યું કે સે.સાઇટી જવાબદાર છે, અને સદરહુ રકમ રૂ. ૬૭૫૭૪૪) જતાં રૂ. ૯૮૮૬૬૫ બાકી રહે તે ઉપર તે ટાકસ લેવો જોઇએ. તેમાં હાઇકોરટે એવું ઠરાવ્યું છે કે મ્યુચ્યુઅલ ઈનસ્યુરંસ કંપનીના ડાયરેકટરોએ બ્યાજ સારૂ જે ફંડ મુકેલું તેથી ફાયદાને સારૂં ધંધો ચલાવ્યો થાય છે, અને વીમો ઉતરાવનારાઓએ જે પ્રીમીયમ ભરેલું તથા સદરહુ મુકેલાં નાણાંમાંથી જે નફા થાય છે, તે સને ૧૮૮૪ ના મદ્રાસ મ્યુનીસીપાલીટી આકટના પૃશીષ્ટ અ ના હેતુ પ્રમાણે તે કંપનીની પુંજી થાય છે.

—:o:—

ફોજદારી અપીલ.

ફુલબેંચ.

તા૦ ૭ સપટેમ્બર તથા તા૦ ૨૩ નવેમ્બર સને ૧૮૮૭
તથા તા૦ ૧૭ જાનેવારી સને ૧૮૮૮.

મી૦ જસ્ટીશ કરનાન, મી૦ જષ્ટીશ મતુ સામીઆયર અને મી૦
જષ્ટીશ માર્કસ સાહેબ અને મી૦ જષ્ટીસ વાલસન
સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વી૦ બેલારા.

આબકારી આકટ (મદ્રાસ) ની કલમ ૨૯, ૫૫ (ઈ)—પરવાનો લેનારને તાડી ખેંચવાનો અખ્તીઆર આપવાનો મનાઇ કરવાનો નીયમ.

મદ્રાશ આબકારી આકટની કલમ ૨૯ પ્રમાણે ગવરનર ઈનકાઉન્શીલે તા૦ ૮ ફેબરવારી સને ૧૮૮૭ ના રોજ એક નિયમ પ્રશીદ્ધ કરેલો છે તેથી એવું ઠરાવવામાં આવ્યું છે કે કોઇ પરવાનાવાળો ખાશ હકીકત શીવાય કોઇ સખશને તાડી ખેંચવાનો અખતીઆર આપી શકતો નથી.

એક પરવાનાવાળાના દીકરા બએ પોતાના બાપની પરવાનગી સાથે તાડી ખેંચી લીધી તેથી તે આકટની કલમ ૫૫ (ઇ) પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો.

તેમાં ઠરાવવામાં આવ્યું કે તે નીયમ કાયદેસર નથી, સબબ ગુન્હાની શાબેતીનો ઠરાવ બરોબર નથી.

——————

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ સપટેમ્બર સને ૧૮૮૭.

મી૦ જસ્ટીશ મતુસામીઆયર અને મી૦ જસ્ટીશ બ્રાંડટ
સાહેબોની રૂબરૂ.

જેનીંગ્સ વી૦ મદ્રાસની મ્યુનીશીપાલેટીના કમીશનરો.

સને ૧૮૮૪ ના મદ્રાસ મ્યુનીસીપાલીટી આકટની કલમ ૧૦૩—ધંધાનો અમલ કરવો—સોસાઇટીના ફંડ જમે મંડાવવો—પ્રશીદ્ધ (બ) વરગ ૧ (બ)—બેનીફીટ સોસાઇટી.

પાનું ૨૫૩. એકાદી સોસાઇટી પોતાનું ફંડ વ્યાજે મુકે તે સને ૧૮૮૪ ના મદ્રાસ મ્યુનીસીપાલેટીના આકટની કલમ ૧૦૩ પ્રમાણે ધંધો છે.

એક સોસાઇટીના અંગભુતોએ લવાજમ ભરી પોતાની વિધવા તથા છોકરાઓને પેનશન આપવાનો બંદોબસ્ત કરેલો હોય તો, સદરહુ આકટ

ના અ પૃશીષ્ટના વરગ ૧ (અ) પ્રમાણે તે "બેનીફીટ સોસાઇટી" છે.

જ્યારે મજકુર ઉપરથીજ ચોકસ રીત માલુમ પડતી ના હોય ત્યારે તે. અરથનો મજબુત નીયમ એવો છે કે તે ચોકશીની ખામી દુર કરી કાયદા કરનારનો ખરો ઇરાદો અમલમાં લાવવો.

ફોજદારી અપીલ.

તા૦ ૯ અગષ્ટ સને ૧૮૮૭.

મી૦ જસ્ટીશ કરનાન અને મી૦ જસ્ટીશ બ્રાંડટ સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વી૦ એલનરોબન.

પીનલકોડની કલમ ૩૩૦—કલ્મ પ્રમાણે કરવાની ફરજ પાડવાને એક શખશને કરેલી બાથા.

પાનું ૨૫૭.　　સને ૧૮૮૭ના ક્યાલંડર કેશ નંબર ૧૯ ના કામમાં સી. ડબલ્યુ. મારટીન સાલમના સેશન જડજે શીક્ષાનો હુકમ કરેલો તે ઉપર આ અપીલ કરેલી છે.

કે ટ—(જસ્ટીશ કરનાન અને જસ્ટીશ બ્રાંડટ સાહેબે) ના ફેંસલા ઉપરથી આ કામની હકીકત આ રીપોર્ટના કારણશર પુખ્તરીતે જણાય છે.

કેદી તરફથી કોઇ હાજર નથી.

સરકાર તરફથી આકટીંગ પબલીક પ્રોસીક્યુટર મી૦ પોયલ.

ફેંસલે:—કેદીએ પોતાની ઓરતને પોતાને ઘેર આવવાનું કહેલું તે આવવાની ફરજ પાડવાને તેણીને તેણે બાથા કરી એવો ગુન્હો હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૩૦ મી પ્રમાણે કરયો. તો પણ આ મારી નજરમાં આવતું નથી. આ પ્રમાણે કહેલું તેનો કલમ ૩૩૦ મીમાં શમાશ થાય તે તો કાંઇક મીલકત માગ્યા સબંધી છે.

તો પણ કેદીએ પોતાની ઓરતને કાપવાના હથીઆરથી હલકો ઘા કરેલો છે તેનો કલમ ૩૨૪ મીમાં શમાશ થાય છે.

માટે અમે કલમ ૩૩૦ પ્રમાણે ઠરાવેલા ગુનાની શાબેતીનો ઠરાવ ફેરાવી તેને કલમ ૩૨૪ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવીએ છીએ અને ત્રણ વરશ સખત મજુરી શાથે કેદની શીક્ષા કરીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૯મી ઓગસ્ટ સને ૧૮૮૭

મી૦ જષ્ટીશ કરનાન અને મી૦ જષ્ટીશ બ્રાંડટ સાહેબ

ઓની રૂબરૂ.

કૈશરેહીંદ વીરૂધ એલાબેયન

પીનલકોડની કલમ ૫૨૦—પોતાના કહેવા પ્રમાણે કરાવવાની ફરજ પાડવાને એકદા સખસને વ્યથા કરવી.

ઈ. બી એ પોતાની ઓરતને તેને પોતાને ઘેર પાછું આવવું જોઈએ એવી તેને ફરજ પાડવા સારૂ ખુશીપુરવક તેણીને વ્યથા કરી. તેથી તે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૩૩૦ મી પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવેલો છે.

ઠરાવવામાં આવ્યું કે તે કલમ પ્રમાણે તે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર નથી.

પાનું ૨૫૭ સને ૧૮૮૭ નાં કેલાંડર નંબર ૧૯ ના કામમાં સાલમના શેશન જડજ શી ડાલ્યુ મરટન સાહેબે શીક્ષાનો હુકમ કરેલો તે ઉપરથી આ અપીલ કરવામાં આવી છે.

કોરટના ફેંસલા ઉપરથી કામની હકીકત પુકતરીતે જણાઈ આવેછે.

કેદી તરફથી કોઈ હાજર નથી.

ફેંસલો કેદીએ પોતાની ઓરતને પોતાને ઘેર પાછા આવવાને કહેલું તે પ્રમાણે પાછા આવવાની ફરજ પાડવાને સારૂ વ્યથા કરી એમ છે. ફો. કા, ની કલમ ૩૩૦ પ્રમાણે જડજે તેને ગુનેહગાર ઠરાવી પાંચ વરસ સખત મજુરી સાથે કેદની શીક્ષા કરેલી છે. તોપણ અમારી નજરમાં આવતું નથી કે આવી માગણીનો કલમ ૩૩૦ માં સમાસ થાય છે. કારણ કે તેમાં જે માગણી છે તે દેખીતી રીતે મીલકત સબંધી છે.

તોપણ તે કેદીએ કપાય તેવા હથીઆરથી પોતાની ઓરતને એક કાપો પાડેલો છે તે કલમ ૩૨૪ પ્રમાણે છે.

કલમ ૩૩૦ પ્રમાણે ગુનાહની સાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ જે કરેલો છે તે અમે ફેરવીએ છીએ અને કેદીને કલમ ૩૨૪ પ્રમાણે ગુનેહગાર ઠરાવી ત્રણ વરશ શખત મજુરી સાથે કેદની શીક્ષા કરીએ છીએ.

ફોજદારી અપીલ

તા૦ ૨૮ મી અકટોબર સને ૧૮૮૭

મી૦ સર આર્થર જે. એચ કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીસ
અને મી૦ જસ્ટીસ પારકર સાહેબોની રૂબરૂ.

મહમદ મુસાદીઅર (અરજદાર) અને કણુજીચેક મુસલીયર વીગરે (તોહોમતવાળાઓ.)

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૪૭—એક મશીદમાં કામ કરવાના હકની તકરાર.

જે કામમાં એક મશીદમાં ધરમની ક્રીયા કરવાના હક સબંધી તકરાર હોવાથી શુલેહનો ભંગ થાય તેવો સંભવ છે એમ બતાવવામાં આવે તો માજીસ્ટ્રેટ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે મળેલો અખત્યાર વાપરી શકે છે.

પાનુ ૩૨૩ ઉતર મલબારના જોઇંટ માજીસ્ટ્રેટની એપ્રીલના ઇનચારજ એફ. ઇ. કે. વેડરબરન સાહેબે ચલાવેલું પ્રોસીડીંગની ફરી તપાસ કરવાને ફો. કા ચ. ની રીતના કાયદાની કલમ ૪૩૫ પ્રમાણે અરજી કરવામાં આવેલી છે.

માજીસ્ટ્રેટનો ફેંસલો નીચે પ્રમાણે છે તે ઉપરથી કામની હકીકત જણાય છે:—

"હીલાંડી માપીલાનો કાજી સને ૧૮૮૦ માં મરણ પામ્યો અને ત્યાર પછી બે વરસ સુધી તે કામને માટે બે ઉમેદવારો હતા.

"સને ૧૮૮૨ માં આ બે ઉમેદવારોમાંથી એક મહમદ મુસાદીયરને સરકારી કાજી તરીકે નીમ્યો અને જુમામશીદ તેના કબજામાં આપી.

બીજો ઉમેદવાર કણુજીચેક મુસલીયાર હતો તેણે સદરહુ સખસને બદલે મને કાજી નીમવો જોઇએ એવી કેટલીક અરજીઓ કરી. પરંતુ તેની અરજીઓ જીલા માજીસ્ટ્રેટે નામંજુર કરી. આ તારીખથી આજ સુધી કણુજીચેક મુસલીયાર તથા સરકારના કાજીથી જુદી પડેલી ટોળી તે કાજીથી જુદા રહેલા હતા.

તા૦ ૩ જુન સને ૧૮૮૭ ના રોજ મોઇદીનપાલી મસીદમાં એક બખેડો થયો. તે મોઇદીનપાલી મશીદમાં કણુજીચેક મુસલીયાર તરફથી જુમા ઇબાને કુતબો કરવાને કોશીશ કરવામાં આવવાથી લડાઈ થઈ બેઉ બાજુનાં પક્ષકારોને ગુનેહગાર ઠરાવવામાં આવ્યા અને નીચેની કોરટનો ઠરાવ અપીલમાં બાહાલ રાખવામાં આવેલો છે. પુરાવા ઉપરથી જણાય

છે કે મોઇદીનપાલી મશીદમાં લડાઇ થવાથી એક પાટ તથા દીવા ભાગેલા હતા.

આ કોર્ટને એમ માલમ પડેછે કે મોઇદીનપાલી મસીદમાં જુમાની કીયા કણુજીયેક મુશલીયારે કરવાને લડાઇ થવા સબંધી તકરાર હતી. અને બેઉ પક્ષકારોએ હુકમ થવાને અરજ કરેલી તેથી કલમ ૧૪૭ પ્રમાણે અરજ કરી બેઉ પક્ષકારોને સાંભળવામાં આવેલા છે. દરેક બાજુના કાંનસીલની રૂબરૂમાં કોરટે તે મશીદ તપાસેલી છે. જમા મસીદ મોટી છ૫ગાળી ઇમારત છે. અને તે સરકારના કાજીના કબજામાં છે. મોઇનદીનપાલીની મસીદ એક નાની છાજ નાખેલી ઇમારત છે અને તે જુમા મશીદથી શુમારે ૧૦૦ વાર દુર છે. નીચેની હકીકત બેઉ પક્ષકારોએ કબુલ કરેલી છે. મોઇદીનપાલીની મસીદ ખરી રીતે એક મુસાફટી મુશાલીરના કબજામાં છે. તે ઉપર સરકારના કાજીએ એવો દાવો રાખેલો છે કે કાજીના આકટ પ્રમાણે મારી નીમનોક થવાથી આ મશીદ અર્થાર્થ રીતે મહારા કબજામાં આવેલી છે.

તોપણ મુસાફટી મુશલીયારે આ મશીદમાં કામ કરવાને કણુજીયેક મુશલીયારને પરવાનગી આપેલી છે. અને કણુજીયેક મુશલીયાર કોરટજે વખતે તે મસીદમાં ગયા તે વખતે ખરી રીતે તે મશીદનો કબજેદાર હતો, જે શવાલો ઉતપન થએલા છે તે એવા છે કેઃ—

" (૧) સરકારી કાજી શીવાય કોઇ સખશ જુમાની ક્રિયા કરી શકે છે કે નહી? કાજીના આકટ પ્રમાણે સરકારી કાજીને કાજીનું કાંઇ કામ કરવાને ફકત અખત્યાર આપવામાં આવેલો છે એમ નથી એવુ જણાય છે. જુમાનુ કામ સરકારી કાજી શીવાય કોઇ પણ કરી શકે નહી એવું ઠરાવવાને અમને કાંઇ કારણ માલમ પડી શકતું નથી.

" (૨) એકજ પડોસમાં બે જુમાઓ થઇ શકે છે કે નહી, તેની તે જગેએ બે જુમાઓ થવા દેવા તે બેશક મુસલમાન રીવાજના વીરૂધ છે પરંતુ સરકારે એવું કબુલ કરેલું છે કે જ્યાં તકરાર હોય ત્યાં તે જુમાઓ થઇ શકેછે અને કેટલીક જગાએ સરકારે બે કાજીઓ કબુલ કરેલા છે. આ શવાલ વીશે અમે હાકરીમાં ઠરાવ કરીએ છીએ. કારણ કે કવીલાંડીમાં તકરારનો કાંઇ શવાલ નથી.

" (૩) મોઇદીનપાલીની મશીદ કણુજીયેક મુશલીયારના એકલાના કબજામાં છે કે નહીં.

“મોઇદીનપાલીની મસીદ મુસાકટી મુશાલીયરના કબજામાંછે અને તેણે આ જુમાની ક્રીયા કરવાને કણુજીચેકને મંજુરી આપેલી છે એમાં કાંઇ શક નથી. મુશાકટીનો જે કબજો છે તે તેણે કણુજીચેકને જે પરવાનગી આપેલી છે. તે આપવાને અમારા અભીપ્રાય પ્રમાણે બસછે.

“ (૪) સરકારી કાજીને પોતાની હકુમતની તમામ મસીદો ઉપર સામાન્ય અખત્યાર છે કે નહીં.

મારા અભીપ્રાય પ્રમાણે સરકારી કાજીને પોતાની ટુકડીમાં કાજી આકટથી કારોબારી અખત્યાર આપવામાં આવેલો નથી, છેવટે એવો શવાલ ઉતપન થએલો છે કે ત્રણ માસની અંદર કણુજીચેક મુશલીયારે તે હક વાપરયો છે કે નહી.

“તે બખેડો થયો તેને પેહેલે દીવસે (તા૦ ૨૬ મી મે) તેણે રક્ષણને માટે પોલીશને અરજ કરેલી હતી અને તે મશીદમાં પોલીસને મોકલવામાં આવેલી હતી અને તે સોગન ઉપર કહે છે કે તે દીવશે આ મશીદમાં જુમાનું કામ કરેલું છે. તેવીજ રીતે તે શોગન ઉપર કહે છે કે જયારથી જુમા મશીદની કુંચીઓ મેં આપી ત્યારથી આ મશીદમાં જુમા હું કરૂછું. તે કહે છે કે આ હરકત લેવાનું કારણ મોઇદીન પાલીની મશીદ મોટી કરવાની છે તે છે. અમારી નજરમાં આવે છે કે (૧) સરકારી કાજી તરીકેના કામ સબંધીમાં તે કાજીને કણુજીચેક મુસલીયાર જુમાનુ કામ કરે તે કરતાં અટકાવવાનો તેનો હક નથી. અને (૨) મોઇદીન પાલીની મશીદ જે મુસાકટી મુશલીયારના કબજામાં છે ત્યાં તે ક્રીયા કરવાના વહીવટમાં હાથ ઘાલવાનો તેમનો અખત્યાર નથી. માટે મુસાકટી મુસલીયારની કબુલત સાથે આ મોઇદીનપાલીની મસીદમાં જુમાનું કામ કરવાનો હક કણુજીચેક મુસલીયારનો છે. અને અમને એમ માલમ પડે છે કે તપાસ શરૂ થઇ ત્યારથી ત્રણ માસની અંદર તેણે આ હક વાપરેલો છે. માટે તે હરકત કરનાર પક્ષકાર તે કામ કરવાને અટકાવ કરે એવા હકનુ દીવાની કોરટનુ હુકમનામુ મેળવે ત્યાં સુધી મોઇદીન પાલીની મશીદમાં જુમાની ક્રીયા કરવાને કણુજીચેક મુસલીયારને પરવાનગી છે એવો હુકમ અમે કરીએ છીએ.”

આ હુકમ બાબત નીચેના કારણોથી મહમદ મુસલીયારે હરકત લીધી:—

(૧) ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૧૪૭ લાગુ થતી નથી. કારણ કે શમજાય તેવી સ્થાવર મીલકતની ઉપર કાંઇ ચીજ કરવાના અગર કરતાં અટકાવવાના હક સબંધી તકરાર નથી.

(૨) આ તપાસ સરૂ થયાં પેહેલાંની રૂતુમાં તે હકનો અમલ કરવામાં આવ્યો નથી માટે માજીસ્ટ્રેટે તે હુકમ કરવામાં ભુલ કરેલી છે.

(૩) માજીસ્ટ્રેટની રૂબરૂ જે પુરાવ ગુજારવામાં આવેલો તે તમામ લેવાને તેઓ નીશફળ ગએલા છે.

અરજદાર તરફથી શંકરાન નાયર.

કણુજીયેક મુસાલીયરકુતરફથી દેશીક આચારી આર. કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

ફો. કા. ય. ની રીતીના કાયદાની કલમ ૧૪૭ આ કામને લાગુ થતો નથી. એમ અમે ઠરાવી શકતા નથી.

મોઈદીનપાલીની મશીદમાં એટલે સમજાય તેવી સ્થાવર મીલકતમાં ધરમની સેવા કરવાના હક સબંધીની તકરારથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું બતાવવામાં આવ્યું છે અને માજીસ્ટ્રેઠના અભીપ્રાયમાં આવ્યું છે કે તે હક છે. અને તજવીજ શરૂ થતાં પેહેલાં તરણ માસ ની અંદર તે હકનો અમલ કરવામાં આવ્યો છે.

મોઇદીનપાલીની મશીદ મુશાકટી મુશાલીયરના કબજામાં છે એમ માલમ પડે છે અને વળી તેની કબુલતની સાથે કણુજીયેક મુશાલીયરે તે ધરમની સેવા કરેલીછે એમ જણાય છે.

અરજદાર સરકારે નીમેલો કાજી છે તે એવો દાવો કરેછે કે અમુક હકની અંદર ધરમની નોકરી કરવાને મને એકલાને અખત્યાર આપેલો છે. પરંતુ સને ૧૮૮૦ ના આકટ ૧૨ માં એવો હક આપ્યા બાબત કાંઇ નથી એમ અમારી નજરમાં આવે છે માટે જો તે હક હોય તો કાયદા પ્રમાણે આ કારણસર રેગ્યુલર દાવો કરી તે હક ઠરાવવો જોઇએ.

માજીસ્ટ્રેટનો હુકમ કાયદેસર જણાય છે અને તેમની રૂબરૂ કાંઇ વધારે પુરાવો આપવા માંડેલો હતો એમ બતાવવાને અમારી રૂબરૂ કાંઇ ણુ નથી.

અમે હાથ ઘાલવાને ના પાડીએ છીએ અને આ અરજી કાહાડી નાંખીએ છીએ.

સબબ તે પ્રમાણે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી અપીલ.

તા૦ ૨૦ અકટોબર સને ૧૮૮૭

સર આરથર જે. એચ. કોલીન્સ નાઇટ ચીફ જષ્ટીશ તથા મી૦ જષ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ

માહારાણી કેસરેહીંદ વીરૂધ મોતીરૂલાંડી.

સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટની કલમ ૬૧—ચેક પોચ્યાની કબુલતના કાગળ ઉપર સ્ટાંપ નહી તે ગુનહો છે.

મ એ એકસો રૂપીઆ પોચ્યાની કબુલત એક કાગળથી કરી તે કાગળ ઉપર સ્ટાંપ લગાડવામાં આવ્યો નહી હતો.

ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૯ ના હીંદુસ્થાનના સ્ટાંપ આકટની કલમ ૬૧ પ્રમાણે મ ને ગુનેહગાર ઠરાવવામાં આવેલોછે તે બરોબરછે.

પાનું ૩૨૯ ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૩૯ પ્રમાણે આ અરજી કરવામાં આવેલી છે.

સને ૧૮૭૯ ના હીંદુસ્થાનના સ્ટાંપ આકટની કલમ ૬૧ પ્રમાણે મદુરાના આકટીંગ જોઇંટ માજીસ્ટ્રેટ સી. એચ. મુનશીએ તોહોમતવાળાને ગુનેહગાર ઠરાવી રૂ. ૧૦૦) નો ચેક પોચ્યાની કબુલત સ્ટાંપ લગાવ્યા શીવાય કાગળમાં કરી તેથી તેના રૂ. ૨૫ દંડ કરવામાં આવેલા છે.

જે કારણોથી આ અરજી કરવામાં આવેલી છે તે નીચે મુજબ છે.

(૧) તોહોમતવાળાએ લખેલા કાગળને નીચેની કોરટે પોહોચ ગણેલી છે તે બરોબર નથી.

(૨) માગ્યા પછી તોહોમતવાળાએ ફરીઆદીને સ્ટાંપવાળી પોહોચ આપેલી છે.

(૩) માગતાં પહેલાં સ્ટાંપવાળી પોહોચ આપવાને બંધાએલો નહી હતો.

તોહોમતવાળા તરફથી બાલાજીરાવ તથા રાજારામ રાવ.

સરકાર તરફથી પબ્લીક પ્રાશીકયુટર મી૦ પાવલ.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો,

અમારા અભીપ્રાયમાં આવે છે કે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર છે સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટ ૧ લાની કલમ ૩ ની રકમ ૧૭ માં એવી વાખ્યા કરવામાં આવેલી છે કે કોઇ ચેક અગર પ્રામેશરી નોટ કોઇ ચીઠી અગર ખુઆદ લખીને પેહોચ્યાની કબુલત કરી હોય તે પોહોચ છે.

પ્રશીસ્ટ ૧ લાની આરટીકલ ૫૨ પ્રમાણે કાંઇ નાણું અગર બીજી

મીલકત જેની રકમ અગર કીંમત રૂ. ૨૦ કરતાં વધારે હોય તેની પોહોચ ઉપર ૦—૧—૦ ની સ્ટાંપની જરૂર છે (ખાસ રીતે માફી કરવામાં આવી હોય તે શીવાય) અને ચેક એ ખુલી રીતે મીલકત છે. કલમ ૫૮ પ્રમાણે રૂ. ૨૦ કરતાં વધારે રકમની ચેકની પોહોચ હોય અને જો તેની પોહોચ માગવામાં આવે તો તે યોગ્ય સ્ટાંપવાળી રસીદ આપી પોહોચ કરી આપવી જોઇએ. અમારી રૂબરૂ જે કામ છે તેમાં રૂ. ૧૦૦) નો ચેક તોહોમતવાળાને મોકલવામાં આવ્યો હતો. અને તે પોહોચ્યાની બાબત તેણે નીચેના શબ્દોથી કબુલ કરેલો છે. "તમારો રૂ. ૧૦૦ નો ચેક પોહોચ્યો છે." આ દસ્તાવેજ સને ૧૮૭૯ ના આકટ ૧ લાની કલમ ૬૧ પ્રમાણે રૂ. ૦—૧—૦ના સ્ટાંપ સાથેનો જોઇએ એ વીશે અમને કાંઇ શક નથી. માટે અરજી કાહાડી નાંખવામાં આવી છે.

સરકાર તરફથી.

તા૦ ૧૮ અપરેલ સને ૧૮૮૮

મી૦ જસ્ટીસ કરનાન સાહેબની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂધ વેંકટ પાઠી અને બીજા ચાર સખસો.

ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૮૯—જવાબ દેવાનો પ્રાશીક્યુટરનો હક.

સરકાર તરફથી કામ ચાલતાંની દરમીઆનમાં અને તોહોમતવાળાને તપાસ્યા પહેલાં તોહોમતવાળાએ દસ્તાવેજી પૂરાવ રજુ કરેલો હતો.

ઠરાવવામાં આવ્યું કે ફો. કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૯ પ્રમાણે સરકારનો જવાબ દેવાનો હક હતો.—માહારાણી કેસરેહીંદ વીરૂધ ગીરીસચંદર બાનરજી (ઇ. લા. રી. ૧૦ કલકતા પાનું ૧૦૨૪) ના ઠરાવથી જુદા પડવામાં આવ્યું.

પાનું ૩૩૫ આ કામમાં તોહોમતવાળા ઉપર સરકારના કારખાનામાં જે નીમક ભરેલું તે વેચીને તથા તે વેચાણમાંથી ઉપજેલી રકમનો ખોટો ઉપયોગ કરીને સરકારને ઠગવાને મસલત કરવા બાબત જુદા જુદા આરોપો રાખવામાં આવેલા છે. સરકાર તરફથી સાક્ષીઓ તપાસતાંની દરમીઆનમાં તે કારખાના સબંધી ચોપડામાં કેટલીક રકમો હતી. તે સાબેત કરી તે નીશાન કરી પુરાવમાં રજુ કરવામાં આવેલી છે. ઉલટ તપાસમાં કેટલાંક તોહોમતવાળાઓએ પોતાની તરફથી તે ચોપડામાંની કેટલીક રકમો નીશાન કરી પુરાવમાં વાપરવાને માગેલું હતું. એથી તે રકમો ઉપર નીસાન કરી સરકાર તરફના સાક્ષીઓએ જીરી

ને તે રકમો વાંચી બતાવેલી છે સરકાર તરફનું કામ બંધ થતાં તોહો મતવાળાઓએ પોતાના કાનશલની મારફતે કહ્યું કે અમારો કોઇ સાહેદી બોલાવવાનો ઇરાદો નથી. માટે પ્રાશીકયુટરે તે કામની હકીકત સારાંસમાં કહી બતાવવી જોઇએ એવો અમે દાવો રાખીએ છીએ.

પબલીક પ્રાસીકયુટરે (મી૦ શાહ) એ તકરાર કરી કે મ્હારો જવાબ દેવાનો હક છે. અને તેમણે તા૦ ૧૬ અગષ્ટ સને ૧૮૮૬ ના રોજ મદ્રાશના ત્રીજા સેશનમાં મહારાણી કેશરેહીંદ વીરૂધ બાંકરાવના કામમાં જષ્ટીશ મતુસામીઆયરે ઠરાવ કરેલો છે તે ઠરાવ તથા તેવાજ ઠરાવો ચીફ જષ્ટીશ કોલીન્સ સાહેબે મહારાણી કેશરેહીંદ વીરૂધ અરૂણા ચાલા અને મહારાણી કેશરેહીંદ વીરૂધ જીગગ્યાવના કામનો ઠરાવ સને ૧૮૮૭ ના ૩ જાન મદ્રાશ શેશનમાં કરેલો છે તે બતાવ્યા.

તે.હોમતવાળા તરફથી મી૦ વેડરબર્ન, મી૦ રામસ્વામી રાજુ, આણંદ ચારલું, શાડા ગોપા ચારીયાર અને નામાયાચેતી સામાવાળા તરફથી એવી તકરાર કરવામાં આવી છેકે તોહોમતવાળાને જે પુરાવનો ઉપીયોગ કરવાનો હતો તે તમામ પ્રાસીક્યુટરે સાંભળેલો છે. માટે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૮૯ પ્રમાણે જવાબ દેવાનો તેનો હક નથી. મહારાણી કેશરેહીંદ વીરૂધ ગીરશચંદર બાનરજીએ હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ કાળીપ્રસનોદાસ તથા મહારાણી કેશરેહીંદ વીરૂધ ગીરશચંદર બાનરજી.

જષ્ટીશ કરનાંન સાહેબે ચીફ જષ્ટીશ કોલીન્સ તથા જષ્ટીશ મતુસામીઆયર સાહેબના ઠરાવો પ્રમાણે ચાલીને ઠરાવેલું છે કે તોહમતવાળાએ પુરાવ ગુજારેલો છે માટે પ્રાશીકયુટરનો જવાબ દેવાનો હક છે.

ફોજદારી અપીલ.

તા૦ ૧૫ ડીસેંબર સને ૧૮૮૭.

સર આર્થર જે. એચ. કોલીન્સ અને મી૦ જષ્ટીશ મતુસામીઆયર સાહેબોની રૂબરૂ.

ખાદરખાનના કામમાં.

સને ૧૮૭૧ ના જાનવરના પ્રવેસ આકટ ૧ લાની કલમ ૨૨—કંપનશેશન.

સને ૧૮૭૧ ના ૧ લા આકટની કલમ ૨૨ પ્રમાણે કરેલા હુકમ ઉપર અપીલ ચાલતી નથી.

પાનુ ૩૫૯ કડાપાના આકટીંગ શેશન જડજ એ. એફ. કાકેર્સ સાહેબે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે આ કામમાં રેફરંશ કરેલું છે.

કામની હકીકત તે જડજે નીચે પ્રમાણે કહેલી છે:—

જાનવરના પ્રવેશ આકટની કલમ ૨૨ પ્રમાણે કમ્પન સેશન તરીકે રૂ ૩૫) આપવા.ને એક ખાદરખાનને બીજા વરગના માજીસ્ત્રેટે હુકમ કરેલો છે ખાદરખાંને અપીલ કરી. તે ઉપરથી જોઇંટ માજીસ્ત્રેટે તે અપીલ દાખલ કરી. અને તે હુકમ ગુનહાની સાબેતીના ઠરાવ બાબતનો છે માટે તે ફેરાવ્યો શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું કે અપીલ ચાલતી નથી.

ખાદરખાંન જાતે હાજર છે.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

બીજા વરગના માજીસ્તરેટે સને ૧૮૭૧ ના ૧ લા આકટની કલમ ૨૨ પ્રમાણે જે હુકમ કરેલો છે તે ઉપર અપીલ ચલતી નથી. એમ અમારા અભીપ્રાયમા આવે છે. માટે જોઇંટ માજીસ્તરટે અપીલમાં જે હુકમ કરેલો છે તે અમે રદ કરીએ છીએ. અને બીજા વરગના માજીસ્તરેટનો હુકમ અમે કાયમ રાખીએ છીએ.

———

ફોજદારી અપીલ

તા૦ ૫ જુલાઇ સને ૧૮૮૮

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ વીલકેસન સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ સબાપાટી.

પીનલકોડની કલમ ૪૭૧—જુઠા બનાવેલા દસ્તાવેજનો ઉપયોગ કરવો—તેની સાંથ ઉચાપત કરેલી રકમના આધારમાં એક જુઠી પોહોંચ બનાવવી.

એક પોસ્ટ માસ્તરે અમુક નાણાંની રકમનો ખોટો ઉપયોગ કરયો. અને તે નાણાં જે સખસને મળવા જોગ હતાં તેની સહીની એક પોહોચનો જુઠો દસ્તાવેજ બનાવ્યો. તેને હીં. ફો. કા. ની કલમ ૪૭૧ પ્રમાણે જુઠા દસ્તાવેજ બનાવ્યાનો ઉપયોગ કરયા બદલ ગુનેહગાર ઠરાવેલો છે. એવી તકરાર કરવામાં આવેલી છે કે જુઠો દસ્તાવેજ બનાવવામાં આવેલો નથી. કારણ કે જે પોહોચ બનાવવામાં આવેલી છે તે ઉચાપતના આધારને માટે છે:—

હીં. કેસરેહીંદ વીરૂધ જીવાનંદ (ઈ. લા. રી. ૫ અલહાબાદ પાનું ૨૨૧)

ઠરાવવામાં આવ્યું કે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબર છે.

એક દેણદાર પોતાનું દેવું આપવાની જવાબદારીમાંથી બચવાને માટે જુઠી ફારગતી બનાવેતો તે પોતાની બદદાનત છુપાવવાને તે જુઠો દસ્તાવેજ બનાવવાનો ઇરાદો રાખેલો હોય તેથી તે જુઠો દસ્તાવેજ બનાવ્યાનો ગુનેહગાર નથી એમ કહી શકાતુ નથી.

પાનુ ૪૧૧ સને ૧૮૮૭ ના ક્યાસંડર નંબર ૪૮ ના કામમાં તાનજોરના શેશન જડજ જે. એ. ડેવીસ સાહેબે શીક્ષાનો હુકમ કરેલો છે તે ઉપર આ અપીલ કરવામાં આવી છે.

સેશન કોરટને જે હકીકત માલુમ પડી છે તે નીચે પ્રમાણે છે:—

કેદી અમુક જગાનો પોસ્ટ માસ્તર હતો. તેથી તેને સીલોનથી એક સુબ્રામાન્યમને રૂ. ૧૫ આપવાને મનીઆરડરથી પોસ્ટમાસ્તર તરીકે મળેલા હતા. તા૦ ૨૦ જાનેવારી સને ૧૮૮૭ ના રોજ તે કેદીએ પોતાના ચોપડામાં પોતાને નામે તે રકમ જમે કરી અને તા૦ ૨૦ જાનેવારીના રોજની સુબ્રામાન્યમની સહી હોય તેવી પોહોચ લેઇ તે રકમ આપવામાં આવેલી એવું સરટીફીકેટ આપવામાં આવ્યું સુબ્રામાન્યમને તે નાણાં પોરટ તરફના અધીકારીઓની તરફથી ફરીઆદ કરવામાં આવી ત્યાર પછી સુધી મળેલાં નહી હતાં, એમ સાબેત થએલું છે. કોરટના અભીપ્રાયમાં આવ્યું કે તે કેદીએ તે નાણાનો ખોટો ઉપયોગ કરેલો છે, અને સદરહુ વસુલને પુસ્ટી આપવાને તેણે એક જુઠી પોહોચ બનાવેલી છે; આને ઉઘાપત સાબેત થાય છે તેથી તે કેદીએ તે પોહોચનો બદદયાનતથી ઉપયોગ કરેલો છે.

તે કેદી તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે જો તે પોહોચ જુઠી હોય તો, તે કેદીનો ગુનોહ છુપાવવાને કરેલી છે માટે તે જુઠો બનાવેલો દસ્તાવેજ નથી. હીંદુસ્થાનના કેશરેહીંદ વીરૂધ ફતે (ઇ. લા. રી. અલ્હાબાદ ૫ ૨૧૭) અને તે કેદીની જગાએ થનાર સખસે તે પોહોચ હેડ ઓફીસમાં મોકલેલી છે, માટે તે કેદીએ તેનો ઉપયોગ કર્યો નથી.

તે કેદીને હીં. ફો. કાયદાની કલમ ૪૦૯ અને ૪૭૧ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવ્યા, અને ત્રણ વરસ સખત મજુરી સાથે કેદની તથા રૂ. ૧૫ દંડની શીક્ષા તેને કરવામાં આવી.

અપીલવાળા તરફથી સારાગોપા ચારયાર.

સરકાર તરફથી પબલીક પ્રાશીક્યુટર (મી૦ પોવલ.)

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો:—

કેદી થોડી મુદત ઉપર ઓરાયનદમાં પોસ્ટ માસ્તર હતો, અને તેને (૧) જે દસ્તાવેજ જુઠો બનાવેલો કહેવામાં આવ્યો છે તેનો ઉપયોગ કરયા બાબત, અને (૨) શાપ્રાધ વિસ્વાસઘાત કરયા બાબત ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે. પેહેલા આરોપની બાબતમાં એવી તકરાર કરવામાં આવી છે કે જે પોહોચ જુઠી બનાવેલી ઠરાવેલી છે તે સરકારને ખોટી રીતે નુકશાન કરવાના ઇરાદાથી બનાવવામાં આવી નથી, તેમ સરકારને ઠગવાના ઇરાદાથી બનાવવામાં આવી નથી, પરંતુ જો તે કેદીએ બનાવેલી હોય તો નાણાંની ઉચાપત છુપાવવાના ઇરાદાથી ફકત તે બનાવવામાં આવી છે. એવી તકરાર કરવામાં આવી છે કે આવા ઇરાદાથી કાયદા પ્રમાણે જુઠો દસ્તાવેજ બનાવ્યાની હકીકત થતી નથી, અને હીંદુસ્થાનના કેસરેહીંદ વી૦ ફત્તે અને હીંદુસ્થાનના કેસરેહીંદ વી૦ જીવાનંદના કામના ઠરાવો અમને બતાવવામાં આવેલા છે.

શેશન જડજના અભીપ્રાયમાં આવ્યું છેકે તે ઠરાવો લાગુ નથી. કારણ કે આ કામમાં એવું બતાવવામાં આવેલું નથી કેતે ઉચાપત કરયા પછી જુઠો દસ્તાવેજ બનાવવામાં આવેલો હતો. જુઠો દસ્તાવેજ અને શાપ્રાધ રીતે ખોટો ઉપયોગ એક સાપરાધ વ્યવહારના ભાગો છે એ વીશે અમને શકક નથી. જુઠો દસ્તાવેજ બનાવ્યાની વાખ્યા લક્ષમાં રાખતાં જુઠો દસ્તાવેજ થયો નથી એમ અમે ઠરાવી શકતા નથી. જેને નાણાં મળવાનાં હતાં તેને મળ્યાની કબુલત તે પોહોચમાંછે એવું ખોટુ સમજાવવાનો ફકત ઇરાદો હતો એમ ખોટો ઉપયોગ કરવા ઉપરથી અમારા અભીપ્રાયમાં ફકત એટલું જણાયછે કે તેને પોતાને ખોટી રીતે ફાયદો મેળવવાનો ઈરાદો હતો. જે દેણદાર પોતાનું દેવું આપવાની જવાબદારીમાંથી બચવાને ખોટી ફારગતી બનાવે તે પોતાનો અપ્રમાણીક હેતુ તેથી છુપાવવાને તે બનાવવામાં ઇરાદો રાખ્યો હોય તે ઉપરથી તે જુઠો દસ્તાવેજ બનાવ્યાનો ગુન્હેગાર નથી એમ કહી શકાતુ નથી.

ગુણુ દોશ ઉપરથી અપીલ કાહાડી નાંખવામાં આવી.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ જુલાઇ સને ૧૮૮૮.

મી૦ જસ્ટીશ મતુસામીઆયર તથા મી૦ જસ્ટીશ પાર્કર
સાહેબોની હજુર.

માહારાણી કેસરેહીંદ વી૦ કુટી વીગેરે.

પીનલકોડની કલમ ૨૨૪—ફોજદારી કામ ચલાવવાની રીતીના કાય

દની કલમ ૫૯, ૨૩૫, ૫૩૫, અને ૫૩૭—ચોરને પકડવો—ખાં-
નગી સખસને પકડવામાંથી બચાવવો—ગેરશીરસ્તે કામ ચ-
લાવવાની રીતી.

હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૨૨૫ મી પ્રમાણે ગુન્હાની શાબતીના ઠરાવને પુષ્ટી કરવાને જે પેહેરામાંથી ગુન્હેગાર નાશી ગએલો હોય તે પેરો પોલીશવાળાનો હોવો જોઇએ, એવી જરૂર નથી. તે પેહેરો એવો હોય કે તે કાયદા પ્રમાણે ઠરાવેલો હોય તો બસ છે.

આટે ઠરાવવામાં આવ્યું કે ખાનગી સખસે એક સખસને ચોરી કરતાં પકડેલો હોય તેના પહેરામાંથી તે નાશી જાય તો તે પણ ગુન્હો છે.

એક માજીસ્તરેટે ચોરી બાબત અ ને બ અને ક એ અ ને પેહેરામાંથી નસરાવ્યો તે બાબત તપાસ કરી અને તે અ. બ. અને ક ની એકઠી તપાસ કરી.

અ એ અપીલ કરી અને બ અને ક એ જુદી અપીલ કરી.

માજીસ્ટ્રેટે આ રીતે કામ ચલાવેલું તે બાબત પોતાની અપીલની અરજીઓમાં કાંઇ હરકત લીધી નથી.

ફરી તપાસમાં ઠરાવવામાં આવ્યું કે તે ગુન્હાની શાબેતીના ઠરાવો કાયમ રહી શકે છે.

પાનું ૪૪૧.　　કોદીઅક્કનલ, બીજા વર્ગના માજીસ્ટ્રેટની રૂબરૂ સને ૧૮૮૮ ના કયાલંડર નંબર ૬ ના કામમાં કાલમંગાલમના ઉપર ચોરીનો આરોપ રાખવામાં આવેલો હતો, અને કયાલંડર નંબર ૭ ના કામમાં કુટીચેટી તથા બીજા બે સખસો બાલમંગાલમને કાયદેસર પેહેરામાંથી નશરાવ્યો એવો આરોપ રાખવામાં આવ્યો હતો. તે માજીસ્ટ્રેટે તે બેઉ કામોની તપાસ એકઠી કરી અને એક તપાસમાં તમામ તોહોમતવાળાઓને ગુન્હેગાર ઠરાવ્યા. બે અપીલો કરવામાં આવી. એક બાલમંગાલમે અને બીજી બીજા બે કેદીઓએ કરેલી છે. એક કે અપીલવાળાએ (જેઓની તરફથી એકજ વકીલ હતો) પેતાની અપીલની અરજીમાં માજીસ્ટ્રેટે જે રીતે કામ ચલાવ્યું છે તે વીશે હરકત લીધી નથી. માદુરાના જોઇન્ટ માજીસ્ટ્રેટે (સી. એચ. મુનસી) તે બાલમંગાલમની અપીલ કાહાડી નાંખી, પરંતુ કેદીઓ (નંબર ૨૧ ની અપીલના અપીલવાળાઓ) ના ઉપર જે ગુન્હાની શાબેતીના ઠરાવો કરવામાં આવેલા તે ફેરાવ્યા, એવા કારણથી કે પીનલકોડની કલમ ૨૨૫ ના હેતુ પ્રમાણે કાયદેસર પેહેરામાંથી નશવું તેમાં તનો જે ખાનગી સખસે ચોરને ચોરી કરતાં પકડેલો હોય તે સખસના પેહેરામાંથી ચોર નાશી જાય તેનો સમાસ થતો નથી.

મદુરાના જીલ્લા માજીસ્ટ્રેટે હાયકોરટમાં તે કામમાં રેફરંસ કરયું, એવો અભીપ્રાય થવાથી કે નંબર ૨૧ ના કામમાં નીરદેશનો ઠરાવ કરવામાં આવેલો છે તે કાયદેસર નથી, અને વળી બીજા વર્ગના માજીસ્ટ્રેટે જે રીતીએ કામ ચલાવેલું છે તે પણ કાયદેસર નથી.

તોહોમતવાળો હાજર નથી.

સરકાર તરફથી મી૦ વેડરબર્ન.

ફરીઆદીને પહેરામાં રાખવામાં આવ્યો હતો તે કારદેસર હતું. વેર. પાનું ૧૨૫. કામ ચલાવવાની રીતી કાયદા વીરૂધ છે, પરંતુ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૭ લાગુ થાય છે. તે કામનો કલમ ૫૨૦ મીમાં સમાસ થતો નથી. અને કેદીઓને હરકત થએલી નથી. (વળી કલમ ૨૩૯ જુઓ. પરંતુ મહારાણી કેસરેહીંદ વી૦ મેદીસીંગનો ઠરાવ જુઓ).

કે.રટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

નંબર ૨૫ ના કામમાં અપીલવાળાને ગુન્હેગાર યોગ્ય રીતે ઠરાવવામાં આવેલો છે, અને જોઈન્ટ માજીસ્ટ્રેટે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ તથા શીક્ષાનો હુકમ બાહાલ રાખેલો છે તે હુકમમાં હાથ ઘાલવાને કાંઈ કારણ અમારા જોવામાં આવતું નથી. તો પણ નંબર ૨૧ ની અપીલમાં જે હુકમ કરવામાં આવેલ છે તે ચાલી શકનો નથી. નંબર ૨૧ ના અપીલવાળાઓએ જ્યારે નંબર ૨૫ ના અપીલવાળાને નસાડ્યો ત્યારે તે નંબર ૨૫ નો અપીલવાળો કાયદેસર પહેરામાં અમારા અભીપ્રાય પ્રમાણે હતો. હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૨૨૫ પ્રમાણે ગુન્હાની શાબેતીના ઠરાવના આધારમાં પોલીસ અમલદારનો પહેરો તે નાસવામાં હોવો જોઈએ, એમ અમારી નજરમાં આવતું નથી. તે પહેરો કાયદા પ્રમાણે મંજુર રાખેલો છે તે બસ છે તે બેઉ કામોના કેદીઓની એકઠી તપાસ કરવી તે જો કે ગેરસીરસ્તે છે, તો પણ તે ગેરસીરસ્તે થવાથી તેઓને હરકત થએલી છે એમ ધારવાને કાંઈ કારણ અમારા જોવામાં આવી શકતું નથી. અમે નંબર ૨૧ ની અપીલમાં જોઈન્ટ માજીસ્ટ્રેટનો કરેલો હુકમ રદ કરીએ છીએ, અને ફરમાવીએ છીએ કે સદરહુ લખાણની બાબતમાં તે અપીલની ફરીથી સુનાવણી કરવી.

અપીલ નંબર ૨૫ માં જે હુકમ કરવામાં આવેલો છે તેમાં હાથ ઘાલવાને અમે ના પાડીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૮ જુલાઇ સને ૧૮૮૮.

મી૦ જષ્ટીશ મત્તુસામીઆયર અને મી૦ જષ્ટીશ પાર્કર સાહેબોની રૂબરૂ.

માહારાણી કૈસરેહીંદ વી૦ મોનુ વીગરે.

ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪, ૧૫૧ (અ) ૨૦૦, ૫૩૦, અને ૫૩૭, રેવન્યુ અધીકારી-તરફથી યાદદાસ્ત આવવા ઉપરથી ફરીઆદીને તપાસ્યા વીના ત્રીજા વર્ગના માજીસ્ત્રેટે કામની તપાસ કરેલી.

એક રેવન્યુ અધીકારીએ અમુક સખશના ઉપર પોતાના કાહાડેલા શમન્સનું અપમાન કરયા બાબતનો આરોપ રાખી યાદદાસ્ત ત્રીજા વરગના માજીસ્ત્રેટ તરફ મોકલેલી હતી. તે ઉપરથી ત્રીજા વરગના માજીસ્ત્રેટે પીનલકોડની કલમ ૧૭૪ મી પ્રમાંણે તોહોમતવાળાને તપાશી ગુન્હેગાર ઠરાવેલો છે જીલ્લા માજીસ્ત્રેટે તે કામમાં રેફરંશ કરયું છે. એવા કારણથી કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ ફો. કા. ચ. રી. ના કાયદાની કલમ ૫૩૦ (ક) પ્રમાંણે બરોબર નથી.

ઠરાવવામાં આવ્યું કે જો કે કલમ ૨૦૦ મી પ્રમાણે ફરીયાદીને સોગન ઉપર તપાસવામાં આવ્યો નથી તોપણ કલમ ૪ ના હેતુ પ્રમાણે તે યાદદાસ્ત ફરીયાદી છે. માટે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ બરોબર નથી.

પાનું ૪૪૩ દક્ષણ કયાનેરાના જીલ્લા માજીસ્ત્રેટ એમ. એચ. વાઇનં સાહેબે આ કામમાં રેફરંસ કરેલું છે.

હકીકત નીચે પ્રમાણે કહેવામાં આવી છે:—

" પીનલકોડની કલમ ૧૭૪ મી પ્રમાણે બે સખશોને સમન્શનું અપમાન કરયા બાબત ગુન્હેગાર ઠરાવવામાં આવેલા છે.

" બેલતાન ગાદીના ડીપુટી તેશીલદારની યાદદાસ્ત ઉપરથી ઉપીના જ ગાદીના ત્રીજા વરગના માજીસ્ત્રેટે આ કાંમની તપાસ કરેલી છે.

" ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૫૧ મી પ્રમાણે માજીસ્ત્રેટને ફોજદારી કામની તપાસ કરવાનો જે અખત્યાર છે તે ફક્ત (અ) ફરીઆદ (બ) પોલીસ રીપોર્ટ અને (ક) બાતમી થવા શક ઉપરથી સાંભળવાનો અખત્યાર છે. માટે તેમણે જે રીતે કામ ચલાવેલું છે તે કાયદા વીરૂધ નથી. માટે તેમણે ચલાવેલું પ્રોશીડીંગ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૦ પ્રમાણુ રદ બાતલ છે.

" કાંઈ ગેર ઇનસાફ થયો છે એમ અમારી નજરમાં આવતું નથી પરંતુ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૩૭ માં શરૂઆતમાં "આ પેહેલાં જે ઠરાવો કરવામાં આવેલા છે તે ઠરાવોની શાયે" એવા શબ્દો છે. તે આ બાબતની ઉપરની કલમો કે જેમાં કલમ ૫૩૦ મી પણ છે તે સબંધી છે એમ અમે માનીએ છીએ. માટે કલમ ૫૩૭ મી તે કામને લાગુ થતી નથી એમ અમે ભરૂસો રાખીએ છીએ. વળી માહારાણી કેસરેહીંદ વીરૂદ્ધ ચંદીસીંગના કામનો ઠરાવ અમે જોવાના હતા. કલમ ૫૩૭ થી ભુલ્યો રહી ગએલી બાબનો અગર ગેરસીરસ્તે થએલું તે દુરસ્ત કરવાનો ઇરાદો રાખવામાં આવેલો છે અગર જે તદન ગેરકાયદે થએલું હોય તે દુર થાય છે એમ અમારી નજરમાં આવતું નથી. પરંતુ મદ્રાસ હાયકોરટે આ તકરારી સવાલ બાબત કલકત્તા હાય કોરટે સને ૧૮૮૭ ના નંબર ૪૯૫ ના ફોજદારી ફરી તપાસના કામમાં ઠરાવ કરતાં પહેલાં જુદી રીતે ઠરાવેલું છે. માટે હું અરજ કરૂં છું કે આ કામ હાયકોર્ટનો હુકમ થવા સારૂં મોકલવું જોઇએ.

તોહોમતવાળા હાજર નથી.

સરકાર તરફથી મી૦ વેડરબર્ન.

તે યાદદાસ્ત ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪ ના હેતુ પ્રમાણે ફરીઆદ છે. તેમાં કહ્યું છે કે એક રેવન્યું અમલદારે સમન્સ કાહડેલો તે પ્રમાણે ચાલવાને તોહોમતવાળાએ કસુર કરી છે. માટે માજીસ્ટ્રેટને અરજ કરવામાં આવે છે કે તે વીશે કામ ચલાવવું. કલમ ૨૦૦ પ્રમાણે ફરીઆદીને સોગન ઉપર તપાસવામાં આવ્યો નથી. પરંતુ કલમ ૫૩૭ માં આ ગેરશીરસ્તે થયા બાબત કાંઇ પણ કહ્યું નથી. સબબ તે ભુલનો કલમ ૫૩૭ ના હેતુમાં સમાસ થાય છે.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

તેસીલદાર તરફથી ત્રીજા વરગના માજીસ્ટ્રેટ તરફથી લખેલી હકીકત મળેલી છે. એવા હેતુંથી કે તોહોમતવાળાએ ગુન્હો કરયો છે. માટે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા પ્રમાણે તેઉ કામ ચલાવે. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪ અને ૧૯૧ એકઠી વાંચતાં અમારી નજરમાં આવે છે કે તે હકીકત હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૪ પ્રમાણે શીક્ષા થવા લાયક ગુન્હો બને તેવી હકીકતની ફરીઆદ છે તેસીલદારને કલમ ૨૦૦ પ્રમાણે તપાસવો રહી ગએલો છે તે ફકત કામ ચલાવવાની રીતીની ભુલ છે તે ગેરસીરસ્તે થવાથી તોહોમતવાળાને કાંઇ હરેકત થએલી નથી. માટે ફોજદારી કામ ચલાવ-

વાની રીતીના કાયદાની કલમ ૫૩૭ પ્રમાણે ફરી તપાસમાં હાથ ઘાલવાને અમે ના પાડીએ છીએ.

ફોજદારી અપીલ.

તા૦ ૧૧ તથા તા૦ ૨૪ અપ્રેલ શને ૧૮૮૯.

સર આર્થર જે. એચ. કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીશ અને મી૦ જષ્ટીશ શેપર્ડ સાહેબોની રૂબરૂ.

મંજાયા વીરૂદ્ધ સેસાસેટો.

પીનલકોડની કલમ ૫૦૦—શાક્ષીએ કહેલી હકીકત—કુલ હકક

એક સખસ ફોજદારી હકુમતવાળી કોરટની રૂબરૂ શાક્ષી તરીકે શાક્ષી આપતો હતો તે વખતે પોતાની ઉલટ તપાસના અંદર અમુક હકીકત કહી તેથી બીજા સખસની આબરૂને નુકશાન પેહોચાડયું એમ તેને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૦ પ્રમાણે ગુનહેગાર ઠરાવેલો હતો.

ઠરાવવામાં આવ્યું કે તે ગુન્હાની શાબેતીનો ઠરાવ બરોબર નથી.

શાક્ષીની કહેલી હકીકતો હકકવાળી છે. માટે તે જો જુઠી હોય તો તેના ઉપર જુઠા સોગનનું તોહોમત રાખી શકાય છે. અને આબરૂને નુંકશાન પોહોચાડયા બાબતનું તાહોમત રાખી શકાતું નથી.

પાનું ૪૭૭ દક્ષણ કયાનેરાના શેશન જડજ જે, ડબલ્યુ, વેસ્ટ સાહેબે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૪૩૯ પ્રમાણે આ કામમાં રેફરંસ કરેલું છે.

સને ૧૮૮૭ ના કયાલંડર નંબર ૧૦૬ ના કામમાં કયાનેરાના હેડ આસીસ્ટંટ માજીસ્તરેટ મીરશુજાત અલ્લીખાંને અરજદારને ગુનહેગાર ઠરાવી પીનલકોડની કલમ ૫૦૦ પ્રમાણે રૂ. ૧૫) દંડ કરેલો છે.

શેશન જડજે કામની હકીકત નીચે પ્રમાણે કહેલી છે.

અરજદારની તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે જે આબરૂને નુંકશાન પોહોચડયાની વાત કહેવામાં આવી છે તે બાબતના શબ્દો કંદાપુરના ત્રીજા વરગના માજીસ્તરેટની રૂબરૂ સાક્ષી તરીકે જુબાની આપતાં મારી ઉલટ તપાસમાં કઢાવવામાં આવેલા છે, માટે તે હકીકત હક વાળી છે.

"એસક આવો કાયદો ઈંગલાંડમાં છે. શીમન પી૦ નેષરકલીફ, અને ગોરીન વી૦ ડોનેલી ચીફ જસ્ટીશ કોકબર્ન સાહેબે પાને ૭૬ મે કહેલું છે કે "કીયો આધાર ધણુંજ છે તે વીશે જો કાંઇ હોય તો, તે

સાક્ષીએ પોતાની તપાસની દરમીઆનમાં જે કાંઇ કહેલું હોય તેટલી બા બતમાં તે હકવાળો છે," તે પ્રમાણે છે. તેણે જે કહેલું છે તે લાગુ હકીકત અથવા લાગુ નહી તેવી હકીકતથી તે હકને ભરકત થએલી નથી. અને જે સવાલ ખરી રીતે તકરારી બાબતને લાગુ નથી તે સવાલ થઇ શકે છે, અને હમેશાં પુછવામાં આવે છે. અને ગોરીન વી૦ ડોનલીના કામ માં જસ્ટીશ રીવ્ડ સાહેબે કહેલું છે તે પ્રમાણે "જે સખસોની બાબત માં આબરૂને હાંની પોહોચે એવી હકીકત કહેવામાં આવી હોય તેમને હ રકત થાય, પરંતુ દરેક સખસના હીતને વધારે ચડતા દરજાનું જે હીત સારવજનીક ન્યાયનું છે તેને તાબે રાખવામાં આવેલું છે, કારણ કે તેવો ન્યાય કરવાને સાક્ષી જે સાહેદી આપે તેના પરીણામની બાહીક વીના તે શાહેદી આપવાને સ્વતંત્ર હોવો જોઇએ"

આ બાબતમાં હિંદુસ્તાનની કોરટનો કોઇ ઠરાવ અમને માલમ પડી શકયો નથી. પરંતુ હેદે વી૦ બાદરીના કામમાં જે આબરૂ બાબત ફરીયાદ કરવામાં આવી હતી તે કોરટમાં એક ચાલતા દાવા સબંધી ત્રીજા પક્ષકારે કોરટમાં અરજી આપેલી હતી તેમાં તે બે આબરૂ કરતા હકીકત હતી. માટે વીદવાન જડજોએ કહેલું છે કે જો "તેઓ (અરજ દારો) તે દાવામાં હકથી અરજ કરતા હોય તો, પછી તેમાં કહેલી હ કીકત દવેશબુધીવાળી હોય કીંવા નહી પણ જે સુનીતીથી પક્ષકાર અથ વા સાક્ષીની કહેલી હકીકતનું રક્ષણ કરવાનો નીયમ છે તે નીયમથી તેમ નું રક્ષણ થાય છે" અને આ નીયમના આધારમાં ઉપર બતાવેલો શીમ ન વી૦ નેષરકુલીફનો ઠરાવ બતાવવામાં આવ્યો છે.

"સદરહુ આધારો વીશે આ કામ દાયકોરટનો વીચાર તથા હુકમ સારૂ અમે મોકલીએ છીએ."

તોહોમતવાળો હાજર નથી.

ફરીયાદ તરફથી નારાયણરાવ.

કોરટનો ફેંસલો ચીફ જસ્ટીશ કોલીન્સ સાહેબે નીચે પ્રમાણે આપ્યો:—

અમારા અભીપ્રાયમાં આવે છે કે તે અરજદારને (તોહમતવાળો) આબરૂને હાની કર્યા બાબત ખોટી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે. અરજદારે એક સખશ નામે સેસાશેઠીના ઉપરે આરોપ રાખેલો હતો તે- થી તેની સાક્ષી તરીકે ઉલટ તપાસ કરવામાં આવી હતી. અને તે દર- મીયાનમાં તોહમતવાળામાંના એક તોહમતવાળાએ સવાલ પુછેલો તેના જ વાબમાં તેણે કહેલું કે શેસાશેઠી "નાદાવર નથી અને તે પોતાના કુટું- બનો અંગભુત નથી "તે ઉપરથી શેસાસેઠીએ અરજદાર ઉપર ,હી૦ ફો૦

કા૦ ની કલમ ૫૦૦ પ્રમાણે આબરૂને નુકશાન કરયા બાબત આરોપ રાખ્યો. અને હેડ આસીસ્ટંટ માજીસ્ટ્રેટના અભીપ્રાયમાં આવ્યું કે અરજદારે સફાઈ પ્રમાણે જવાબ આપેલોછે તેથી શેસારોહીની આબરૂને નુકશાન થએલું છે માટે તેને ગુન્હેગાર ઠરાવી રૂ ૧૫) દંડ કરયો અને રૂ ૨—૧૧—૦ ખર્ચના અપાવ્યા. એવા અભીપ્રાયથી કે જો તે આરજદાર તે જવાબો જુઠા છે એમ જાણુતો ના હેય તોપણ તે સાચા છે એમ જાણતો નહીં હતો. અને જે હકીકતથી તે બાબત કહેવામાં આવેલી છે તે હકીકત ઉપરથી કાયદેસર અને ખરી રીતે સુદ્ધ અંતઃકરણ બીલકુલ નહીં હતું એમ જણાય છે. સીમન વિરૂદ્ધ નેધર કલીફના કામમાં ચીફ જસ્ટીશ કોકબર્ને સાહેબે જે વિચારો બતાવેલા છે તે તથા ગોરીન વિરૂધ દુનેલીના કામમાં જષ્ટીસ ફીલ્ડ સાહેબે જે વિચારો બતાવેલા છે તે જે સુનિતીથી દરેક સખશનું હીત ચડતા દરજાનું હીત જે સાર્વજનીક ન્યાયનું છે. અને આ કોર્ટનું છે તેને આધીન રહે છે એવો હીંદ વિરૂદ્ધ બોદીના કામમાં નીયમ ઠરાવેલો છે તેને લાગુ કરીએ છીએ. તેમાં તે જડજોએ કહેલું છે કે સુનીતિના નીયમથી એકાદા સાક્ષીએ કહેલી હકીકત દ્વેષબુદ્ધિ વાળી હોય કીંવા નહીં પરંતુ તે સાક્ષી વિરૂદ્ધ જે ઇલાજ થાય તે વિશે તેનું રક્ષણ થાય છે. અમારી નજરમાં આવે છે કે જો ફોજદારી કાયદો અમલમાં લાવતાં હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૫૦૦ પ્રમાણે કામ ચલાવવામાં આવે તો તેજ નીયમને લાગુ થાય છે. જો અરજદારે જુઠી શાક્ષી આપી હોય.તો તેને તે ગુન્હા બાબત શીક્ષા થઇ શકે છે માટે અમે ઠરાવીએ છીએ કે તે અરજદારને ખોટી રીતે આબરૂંને નુંકસાન કરયા બાબત ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે સબબ અમે તે ગુન્હાની સાબેતીનો ઠરાવ રદ કરીએ છીએ કે દંડ તથા ખરચ જો વસૂલ આપવામાં આવેલું હોય તો તે અરજદારને પાછું આપવું.

જસ્ટીશ શેપરડ સાહેબ—ચીફ જસ્ટીશ સાહેબે જે એવો વીચાર કરેલો છે કે તોહોમતવાળાને ખોટી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવેલો છે. તે સાથે અમે મળતા છીએ. અને બાબુ ગણેસ વીરૂધ મગનીરામના કામમાં જુડીશીયલ કમેટીએ જે મજબુત રીતે જે એવો અભીપ્રાય બતાવ્યો છે કે શાક્ષીઓ જે હકીકત કહે તે સબંધી જુઠા શોંગનના તોહોમત શીવાય જે પરીણામ થાય તેમાંથી તે છુટા છે તે અભીપ્રાય ફકત અમે બતાવીએ છીએ આ અભીપ્રાય નુંકસાનીના દીવાની દાવા સબંધી બતાવવામાં આવેલો હતો પંરંતુ તેથી કાંઇ તફાવત થતો નથી. એમ અમને જણાય છે જો તે નીયમનું કારણ એવું હોય કે તે સારવજનીક બા

બત અને ન્યાયના કારોબારના માટે શાક્ષી શોગન ઉપર ન્યાયની કોરટમાં સાહેદી આપે તો તેમને નુકશાની બાબતના દીવાની દાવાથી હરકત થસે એવી બીક તેમની નજરમાં રહેવી નહીં જોઇએ તો સુનીતી પ્રમાણે અમે આગળ બતાવ્યું છે તે મુજબ જુઠા શોગનની ફરીઆદ શીવાય બીજી ફરીઆદી ચાલવાની તેઓને ધારતી રહેવી નહીં જોઇએ.

——❧——

ફોજદારી અપીલ.

તા૦ ૪ સપટેંબર સને ૧૮૮૮

મી૦ જસ્ટીસ મતુસામીઆયર અને મી૦ જસ્ટીસ પાર્કર

સાહેબોની રૂબરૂ.

માહારાણી કેશરેહીંદ વીરૂધ પોતાડુ.

પીનલકોડની કલમ ૨૨૪—ફો. દા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૯—કાયદેસર પેરામાંથી નાશી જવું.

તોહોમતવાળાને ચોરી કરતાં પકડવામાં આવ્યો અને ગામના માજીસ્ટ્રેટને સોંપવામાં આવ્યો તેથી તેમણે ગામના નોકરોના કબજામાં રાખીને પોલીસ સ્ટેશનમાં તેને મોકલી દીધો. તોહોમતવાળો રસ્તામાં નાશી ગયો. તેથી તેને પીનલકોડની કલમ ૨૨૪ પ્રમાણે ગુનેહગાર ઠરાવવામાં આવ્યો. અપીલમાં તે ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરવવામાં આવ્યો એવા કારણથી કે તે પેરો કાયદેસર નહી હતો

ઠરાવવામાં આવ્યું કે તે ગુનાહની સાબેતીનો ઠરાવ બરોબરછે. ફો. દા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૯ પ્રમાણે ખાનગી સખસ ચોર ચોરી કરતાં પકડે તેને નજીકમાં નજીકના પોલીસ સ્ટેશનમાં મોકલવાની જરૂર છે, માટે એક નોકરના પેરામાં તે ગુનેહગારને મોકલવામાં આવેલોછે તેથી સદરહુ ઠરાવ પ્રમાણે બરોબર ચાલવામાં આવ્યું છે.

પાનું ૪૮૦ ફો. દા. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૪૩૮ પ્રમાણે કીસ્નાના શેશન જડજ જી. ટી. મેકેનજી સાહેબે આ રેફરંસ કરેલું છે.

કામની હકીકત નીચે પ્રમાણે બતાવવામાં આવેલી છે.

" તોહોમતવાળો એક જગોએથી ચોરી કરતો હતો તે દરમીઆનમાં તેને પકડવામાં આવ્યો. તેથી તેને પકડીને ગામના માજીસ્ટ્રેટને સોંપ્યો. કરનામે એક રીપોટ લખ્યો અને ગામના માજીસ્તરેટે તે રીપોટની સાથે તોહોમતવાળાને પોલીસ સ્ટેશન ઉપર લઇ જવો એવો ગામના બે નોકરો ઉપર હુકમ કરયો, રસ્તામાં જતાં તે ગામના નોકરોના પેરામાંથી

તે નાશી ગયો. રીપાલ તાલુકાના માજીસ્ટ્રેટે તોહોમતવાળાને પીનલકોડની કલમ ૩૭૯ અને ૨૨૪ પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યો. જોઈંટ માજીસ્તરેટે ચોરીના ગુનહાની સાબેતીનો ઠરાવ કાયમ રાખ્યો. પરંતુ કાયદેસર પેરા- માંથી નાશી ગયા બાબત ગુનાહની સાબેતીનો ઠરાવ ફેરવ્યો. માહારાણી વીરૂધ બોજી ગાનના કામમાં ગામના નોકરોએ એક સખસને ચોરીના શક ઉપરથી પકડેલો હતો તેથી તેમાં હાય કોરટે કરેલા ઠરાવ ઉપર જોઈંટ માજીસ્તરેટે આધાર રાખેલો છે આ કામમાં કલમ ૫૯ પ્રમાણે પકડવામાં આવેલો તે કાયદેસર છે અને કેદીને ગામના માજીસ્તરેટ તરફ મોકલવામાં આવેલો છે. પરંતુ જોઈંટ માજીસ્ટ્રેટ તે પ્રમાણે કબુલ કરતા નથી અને કહે છે કે "આ કામ બરોબર હાલના કામને લાગુ થાય છે." તેને પકડવાની બાબત કલમ ૫૯ પ્રમાણે કાયદેસર હતી. અને ગામના નેકરોના પેરામાં તે કેદીને પોલીસ સ્ટેશન ઉપર લઈ જવામાં આવતો હતો તેથી તે કાયદેસર પેરો હતો એમ કબુલ કરવું જોઈએ કે કલમ ૫૯ પ્રમાણે ફકત જે સખસે ગુનહો જોયો હોય અને ગુનેહગારને પકડીને પોલીસ સ્ટેશનમાં લઈ જવો તેવો તે સખસને અખત્યાર આપવામાં આવેલો છે અને અને કલમ ૪૨ પ્રમાણે કોઈ બીજો સખસ તેને મદદ કરે તેને વ્યાજબી રાહે તે અખતીઆર નથી. પરંતુ આ પ્રમાણે સખતાઈથી કાયદાનો અરથ કરવામાં આવેતો વીચીત્ર પરીણામો થાય. આ કામમાં જે સાક્ષીએ તોહોમતવાળાને વાછડુ ચોરતાં જોએલો તે સાક્ષીની ઉમર બતાવવામાં આવેલી નથી. પરંતુ તે ફકત એક છોકરો હોવો જોઈએ. જયારે તેણે મદદ માગી ત્યારે ત્રણ માણસો તેની મદદે આવ્યા અને જો કે કાયદામાં આવી મદદ વીસે સ્પષ્ટ પરવાનગી આપવામાં આવેલી નથી તોપણ હમેશાં તે રીતે બને છે સબબ હું અરજ કરૂંછું કે એકાદો ખાનગી સખસ કલમ ૫૯ પ્રમાણે ગુનેહગારને પકડે તો તે પછી બીજા ખાનગી સખસો કેદીને પોલીસ સ્ટેશન ઉપર કાયદેસર રીતે લઇ જઈ શકે છે. "

"વળી આ કામમાં જે સખસે ગુનેહગારને પકડેલો તે સખસ ગામના માજીસ્તરેટની રૂબરૂ તેને લઈ ગયો હોત તો કાયદા પ્રમાણે ગામના માજીસ્તરેટનો અખત્યાર છે અને તે હલકી ચોરીના કામોનો તપાસ કરી શકે છે આ કામમાં ગામના માજીસ્તરેટે ઠરાવ્યું હતું કે તે કામ તાલુકાના બીજા વરગના માજીસ્તરેટની તરફ તપાસ થવા સારૂ મોકલવું તેથી તોહોમતવાળાને એક રીપોટ સાથે ગામના નોકરોના પેરામાં મોકલવામાં આવેલો હતો આ હમેશાંની રીતી છે અને જોઈંટ માજીસ્તરેટે જે એવું

ઠરાવેલું છે કે તે કાયદા વીરૂધ છે તે ઠરાવ જો બરોબર હોયતો તેથી ગા મના માજીસ્તરેટોના ઉપયોગી ગુણને ઘણી હરકત થાય.

"હાય કોરટે ઠરાવેલું છે કે ગામનો માજીસ્તરેટ એક માજીસ્તરેટ છે માટે તેમને સમન્શ મોકલવા જેવો લગતો અખત્યાર છે પછી કાયદામાં આવા અખત્યાર વીશે સ્પષ્ટ રીતે બતાવવામાં આવેલું ના હોય તેની ચીંતા નહી. હું અરજ કરછુ કે આવા જે કામમાં ચોરને કાયદેસર રીતે પકડવામાં આવેલો હોય અને તેને મોકલવામાં આવેલો હોય તો તે કેદીને પેરામાં પોલીસ સ્ટેશન તરફ મોકલવાને તેમને અખત્યાર છે."

કાંનશલ હાજર નથી.

કોરટે નીચે પ્રમાણે ફેંસલો આપ્યો.

શેશન જડજે ઠરાવ્યું છે કે તોહોમતવાળો જે પેરામાંથી નાઠો તે પેરો કાયદેશર હતો તે સાથે અમે મળતા છીએ.

તોહોમતવાળાને જે શખસે તેને ચોરીનો ગુનોહ કરતાં જોએલો તેણે તેને પકડેલો હતો માટે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૫૯ પ્રમાણે તે પકડવું કાયદેશર હતુ સબબ કાંઇ પણ ગેરવ્યાજબી ઢીલ કરયા શીવાય તે પકડેલા શખશો એક નોકરના અગર ગામના નોકરના કબજામાં પોલીશ અમલદાર તરફ તેને મોકલવામાં આવે તેથી તે બરોબર થાય છે, ફક્ત શક અગર બાતની ગણના ઉપરથી ખાનગી શખશ એકાદા શખશને પકડે તે પકડતાં અટકાવવાનો ઇરાદો છે અને જે શખસે તેને પકડેલો હોય તે સખશે પોતે તેને પોલીશ સ્ટેશન ઉપર લેઈ જવો એવું તેને કાંઇ બંધન નથી. અશલ પેરો જારી હતો અને તે પુરો થએલો નહી હતો. આ કમ માહારાણી વીરૂધ બોજીગનના ઠરાવથી જુદુ છે સને ૧૮૮૮ ના નંબર ૧૪ ના ફરી તપાસના કામમાં જોઇંટ માજીસ્તરેટે છોડી દેવાનો હુકમ કરેલો છે તે અમે રદ કરીએ છીએ પરંતુ જે મુદત ગએલી છે તે ઉપર લક્ષ રાખતાં કાંઇ આગળ કામ ચલાવવાને અમે ફરમાવુતા નથી.

ફોજદારી અપીલ.

તા૦ ૯ જાનેવારી સને ૧૮૮૮

સર. આર્થર જે. એચ. કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ વીલકીસન સાહેબોની રૂબરૂ.

માહારાણી કેસરેહીંદ વીરૂધ વાયથીલીંગા વગરે.

રજીસ્ટર આકટ સને ૧૮૭૭ ના આકટનો કલમ ૮૨, ૮૩—ફો. કા.

ચ. ની રીતના કાયદાની કલમ ૧૯૫—મંજુરી.

પાનું ૫૦૦ સને ૧૮૭૭ ના હીંદુસ્થાનનો રજીસ્ટર આક્ટ છે તે ની કલમ ૮૨ માં સમાસ થતા ગુનાઓ બાબત તથા સબ રજીસ્ટરારને રજુ કરેલો તથા તેમણે રજીસ્ટર કરેલો દસ્તાવેજ જુઠો બનાવ્યાનો આરોપ અમુક સખસો ઉપર રાખવામાં આવેલો હતો. સબરજીસ્ટ્રારે તજવીજ કરયા વીના તે સાથે સબંધ રાખનારા સખસો ઉપર ફરીઆદ ચલાવવાને પરવાનગી આપી તે ઉપરથી શેશન જડજે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે હાય કોરટમાં તે કામ મોકલ્યું એટલા કારણથી કે તે કમીટ કરયાનો હુકમ રદ કરવો જોઇએ કારણ કે કાયદેસર રીતે પરવાનગી આપવામાં આવેલી નથી.

ઠરાવવામાં આવ્યું કે જુઠો દસ્તાવેજ બનાવ્યાની બાબતમાં કાંઇ પરવાનગીની જરૂર નથી, અને ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૫ મીનો ઠરાવ લાગુ નથી.

પાનું ૫૦૦ તાનજોરના આકટીંગ શેશન જડજ જે. એ. ડેવીશ સાહેબે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૪૩૮ ના ઠરાવ પ્રમાણે આ કામ હાયકોરટમાં મોકલેલું છે.

કાંગની હકીકત કોરટના ફેંસલામાં બતાવવામાં આવી છે.

તોહોમતવાળા તરફથી કાલીયાના રામાયર

સરકાર તરફથી બાતાબાભી રામાયર

ફેંસલો:—તાનજોરના આકટીંગ શેશન જડજે ફો. કા. ચ. ની રીતીના કાયદાની કલમ ૨૧૫ મી પ્રમાણે હાઇકોરટને આપેલો અખત્યાર વાપરીને તથા શેશન કોરટની રૂબરૂ અમુક સખસોને કમીટ કરવાનો હુકમ રદ કરવાને અરજ કરેલી છે, એવા કારણથી કે ફરીઆદ ચલાવવાને કાયદેસર મંજુરી આપવામાં આવેલી નથી. ચાર સખસોને સેશન કોરટમાં નીચેના આરોપોથી કમીટ કરવામાં આવેલા છે (૧) નંબર ૧ અને ૪ ના તોહોમતવાળાઓ ઉપર જુઠા સોગન (૨) નંબર ૨ અને ૩ ના તોહોમતવાળાઓ ઉપર જુઠો દસ્તાવેજ સાચો છે એમ ઉપીયોગ કરયા બાબત (હિં. ફો. કાયદાની કલમ ૪૭૧ અને ૧૦૯) (૩) નંબર ૨ અને ૩ ના તોહોમતવાળાઓ ઉપર સબ રજીસ્ટ્રારની રૂબરૂ જુઠો વેશ ધારણ કરવામાં મદદ કરયા બાબત (સને ૧૮૭૭ ના આ૦ ૩ ની કલમ ૮) અને (૪) નંબર ૨ અને ૩ ના તોહોમતવાળાઓ ઉપર સબ રજીસ્ટ્રારની રૂબરૂ જુઠી હકીકત કહેવા બાબત કમીટ કરવામાં આવેલા છે.

જે દસ્તાવેજ જુઠો બનાવ્યો કહેવામાં છે તે તા૦ ૭ જાન્યુઆરી સને ૧૮૮૭ ના રોજ લખી આપેલો હોય તેવો છે. તે રજીસ્ટર કરવા

આપવામાં આવેલો હતો, અને તેજ માસની તા૦ ૨૩ મીના રોજ રજી ષ્ટર કરવામાં આવ્યો છે. તે દસ્તાવેજ ફરીઆદ તરફના પેહેલા સાક્ષી (અમીરથા થામલ) એ નંબર ૧ ના તોહોમતવાળા (વાઇથીલીંગા) ને લખી આપેલો છે અને તેણીએ પોતાની જમીન રૂ ૧૫૦૦) ની જાગીનગીરી દાખલ ગીરો લખી આપેલી છે. નંબર ૨ ના તોહોમતવાળો તે દસ્તાવેજ લખનાર છે. અને નંબર ૩ અને ૪ ના તોહોમતવાળા તે ઉપર સાહેદી કરનારા તથા ઓળખનારા સાક્ષીઓ છે. તાહોમતવાળા ઉપર ફરીઆદ ચલાવવાને મંજુરી આપવા અમીરથા થામલે અરજ કરવા ઉપરથી સબ રજીસ્ટ્રારે નીચેનું પ્રોશીડીંગ લખેલું છે" તે દસ્તાવેજ રજીષ્ટર કરવામાં આવેલો છે, માટે તે બાબત કાંઇ ઇલાજ અમે લેઇ શકતા નથી. તોપણુ તે સાથે સબંધ રાખનારા સખસો ઉપર ફરીઆદ ચલાવવાને અરજદારને મંજુરી આપવામાં આવી છે' મહારાણી ડેશરેડીંદ વી૦ શેખખીઆરીના ઠરાવના આધારથી સેશન જડજના અભીપ્રાયમાં આવેછે કે સબ રજીષ્ટ્રારે કાંઇ પુરાવ લીધો નથી અને મંજુરી આપતા પેહેલાં કાંઇ તપાસ કરવામાં આવી નથી, માટે તે કમીટ કરવાનો હુકમ કાયદેસર નથી.

જે ફકત ગુનહાઓ બાબત રજીષ્ટર કરનાર અમલદાર ફરીઆદ ચલાવવાને મંજુરી આપી શકેછે તે આકટ (સને ૧૮૭૭ ના ૩ જા) ની કલમ ૮૨ મીમાં બતાવવામાં આવેલા છે સબ રજીસ્ટ્રારની રૂબરૂ કહેલી હકીકત બાબત તથા જુઠો વેશ ધારણ કરવામા મદદ કરયા બાબત નંબર ૨ અને ૩ ના તોહોમતવાળાઓ ઉપર ફરીઆદ ચલાવવાને જો સબ રજીસ્ટ્રારની મંજુરીની જરૂર હોય તો તેવી મંજુરી આપવામા આવી છે. ગોપીનાથ વીરૂધ કડીપસીંગના કલકતા હાય કોરટના ફુલબેચે ઠરાવેલું છે કે કલમ ૮૨ મી પ્રમાણે આરોપ રાખતાં પહેલાં સબરજીસ્ટ્રારની મંજુરીની જરૂર નથી. જે જુઠો બનાવેલો દસ્તાવેજ કહેવામાં આવેલો છે તે કોઇ કોરટમાં પૂરાવમાં આપવામાં આવ્યો નથી, માટે ફો. કા. ચ. ની રીતના કાયદાની કલમ ૧૯૫ મી લાગુ થતી નથી આ કારણોથી અમે તે કમીટ કરવાનો હુકમ રદ કરવાને ના પાડીએ છીએ, અને ફરમાવીએ છીએ કે કાયદા પ્રમાણે શેશન જડજે તે કામની સુનાવણી કરી નીકાલ કરવો.